સંસ્કૃત વિવરણ અને ગુર્જર
ભાવાનુવાદ સમન્વિત

# જૈન તર્કભાષા



✣ ગ્રંથકાર ✣

**મહોપાધ્યાય શ્રી યશોવિજય મ.**

✣ વિવરણ અને ભાવાનુવાદ ✣

મુનિ ઉદયવલ્લભવિજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ
ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રીયશોવિજયેભ્યો નમઃ
શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખર-
જગ-મેઘવલ્લભવિજયસદ્ગુરુભ્યો નમઃ

*સંસ્કૃત વિવરણ તથા ગુર્જર ભાવાનુવાદ સમન્વિત*

# જૈન તર્કભાષા

ગ્રન્થકાર

**મહોપાધ્યાય શ્રીયશોવિજયજી**

વિવરણ તથા ભાવાનુવાદ

**મુનિ ઉદયવલ્લભવિજય**

પ્રકાશક

**દિવ્યદર્શન પ્રકાશન ટ્રસ્ટ**

**પ્રકાશન : વિ.સં.૨૦૫૩**

*ન્યાયવિશારદ સ્વ.પૂ.આ.ભગ. શ્રીવિજયભુવનભાનુસૂરીશ્વરજી ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રારંભ દિન- કા.વ.૬*

**દ્વિતીય સંસ્કરણ : વિ.સં.૨૦૬૧**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્થિક સહયોગ

**શ્રી મંડપેશ્વર રોડ જૈન સંઘ**

(બોરીવલી પશ્ચિમ) મુંબઈ

પ્રકાશક / પ્રાપ્તિસ્થાન

**દિવ્યદર્શન પ્રકાશન ટ્રસ્ટ**

**કુમારપાળ વી. શાહ**
૩૬, કલિકુંડ સોસાયટી,
ધોળકા, ૩૮૭૮૧૦ (જિ.અમદાવાદ)

**ભરતકુમાર ચતુરદાસ શાહ**
૮૬૮, કાળુશીની પોળ
અમદાવાદ-૩૮૨૪૮૦

મૂલ્ય : રૂા. ૧૦૦/-

પ્રથમ સંસ્કરણ : વિ.સં.૨૦૫૩ | દ્વિતીય સંસ્કરણ : ૨૦૬૧

*મુદ્રક : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ*

૫૮, પટેલ સોસાયટી, જવાહર ચોક, મણિનગર, અમદાવાદ-૮.
ટે.નં.૦૭૯-૩૦૯૧૨૧૪૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાન

મંડપેશ્વર રોડ, બોરીવલી (પશ્ચિમ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકનું પ્રકાશન

ગ્રન્થકારોની પંક્તિમાં અગ્રગણ્ય સ્થાને બિરાજમાન મહામહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજ ! તેમના ગ્રન્થો સામાન્યથી દુરવગાહ હોવાથી તે ગ્રન્થો ઉપર ટીકા-ટિપ્પણ-વિવરણ જેવું કંઈક હોય તો અધ્યેતાઓને સરળતા રહે અને તેમાં પણ ભાવાનુવાદ દ્વારા પ્રાથમિક વિદ્યાર્થીઓને પણ ગ્રન્થ સરળ બને છે. માટે સ્વ. ગુરુદેવ ન્યાયવિશારદ પૂ.આ. ભગવંત શ્રી**વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા પોતાના આશ્રિત સમર્થ શ્રમણોને આ અંગે ખાસ પ્રેરણા કરતા. તેના ફળસ્વરૂપે આજ સુધીમાં દિવ્ય દર્શન ટ્રસ્ટના અન્વયે આવા અનેક ગ્રન્થો પ્રકાશિત થઈ ચુક્યા છે.

પ્રસ્તુત છે **જૈનતર્કભાષા.** પૂ. મુનિરાજ શ્રી ઉદયવલ્લભવિજયજી મ.સા. એ આ ગ્રન્થ ઉપર એક સુંદર સંસ્કૃત વિવરણ તથા ગુર્જર ભાવાનુવાદનું આલેખન કર્યું. તેનો વ્યાપક ઉપયોગ થતા તેને **પુનઃ પ્રકાશિત** કરતા અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ. **શ્રી મંડપેશ્વર રોડ શ્વે. મૂ.જૈન સંઘે** (બોરીવલી પશ્ચિમ) **મુંબઈ** પોતાના જ્ઞાનનિધિમાંથી પ્રસ્તુત પ્રકાશન માટે લીધેલ લાભ પણ પ્રશંસનીય છે. પ્રસ્તુત પ્રકાશનથી જિજ્ઞાસુવર્ગ ઘણો જ લાભાન્વિત થશે એ વાત નિ:શંક છે.

**દિવ્યદર્શન ટ્રસ્ટ વતી,**
**કુમારપાળ વી. શાહ**

## હર્ષોદ્ગાર

*પ્રાચીન, ભવ્ય અને નયનરમ્ય શ્રી આદિનાથ પ્રભુનું તીર્થસદશ વિશાળ જિનાલય...*
*વિરાટ પ્રવચનખંડ, આયંબિલ શાળા, ભક્તિખંડ, સ્નાત્રખંડ સાથેનું વિશાળ ધર્મસંકુલ...*
*વિશાળ શ્રાવિકા ઉપાશ્રય... સૂત્ર સ્વાધ્યાયથી ધમધમતી પાઠશાળા...*

આવા વિવિધલક્ષી વિશાળ ધર્મધામમાં બોરિવલી ઉત્તર-પશ્ચિમ વિભાગમાં વિસ્તરેલો જૈન સંઘ સુંદર આરાધના કરે છે. અનેક પૂજ્ય ગુરુભગવંતોના અમારા શ્રીસંઘ ઉપર અસીમ ઉપકારો છે.

તેમાંય, અમારા શ્રીસંઘમાં વિ.સં.૨૦૪૯નું યશસ્વી ચાતુર્માસ કરનારા પૂ.ગણિવર્ય શ્રી **મુક્તિવલ્લભવિજયજી** મ.સા., પૂ.મુનિરાજશ્રી **ઉદયવલ્લભવિજયજી** મ.સા. આદિ એટલે અમારા શ્રીસંઘ સાથે અત્યંત આત્મીયભાવે સંકળાયેલું શ્રમણવૃન્દ ! જેમની પ્રેરણા, માર્ગદર્શન અને શુભાશીષ અમને હંમેશા ખૂબ ઉપકારક બન્યા છે...

તે શ્રમણવૃન્દના જ **તપસ્વીરત્ન પૂ.મુનિરાજશ્રી મેઘવલ્લભવિજયજી મ.સા.ની વર્ધમાન તપની ૧૦૦મી** ઓળીની દીર્ઘ તપસ્યા જ્યારે પૂર્ણાહૂતિને આરે છે ત્યારે તે તપની હાર્દિક અનુમોદના સાથે અમારા શ્રીસંઘના જ્ઞાનનિધિમાંથી પ્રસ્તુત ગ્રન્થ પ્રકાશનનો લાભ મળતા અમે હર્ષ અનુભવીએ છીએ.

લિ. **શ્રી બોરીવલી મંડપેશ્વર રોડ શ્વે.મૂ.જૈન સંઘ વતી,**
**રસિકલાલ કે. શાહ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्री चिन्तामणिपार्श्वनाथाय नमः

महामहोपाध्याय श्री यशोविजयेभ्यो नमः

श्रीप्रेम-भुवनभानु-जयघोष-धर्मजित्-जयशेखरसूरि-जग-मेघवल्लभविजयसद्गुरुभ्यो नमः

# प्रास्ताविकम्

મૃત્યુ પછી પણ દાયકાઓ અને સૈકાઓ સુધી પોતાના કાર્યો અને કૃતિઓ દ્વારા અમર રહી જનારી વિરલ વિભૂતિઓની પ્રથમ પંક્તિમાં મહોપાધ્યાય **શ્રીયશોવિજયજી** મહારાજાનું નામ નિશ્ચિત રીતે આવે. ત્રણ સૈકાઓ પૂર્વે થઈ ગયેલી એ પુણ્યમૂર્તિ જિનશાસનમંજુષાનું એક ઝગમગતું ઝવેરાત છે. તેમના ગ્રન્થોનો બહુભાગ તો કાળના ખપ્પરમાં હોમાઈ ગયો પણ જે ગણતરીના ગ્રન્થો ઉપલબ્ધ છે, તેને જોતા પણ અલભ્ય ગ્રન્થો પ્રત્યે લુબ્ધ બની જવાય છે. તેમના રચેલા તમામ ગ્રન્થોના માત્ર ગ્રન્થાગ્રમ્ પણ જો મળી જાય તો તેમના જીવનપર્યાયના દિવસો સાથે સરખાવવાથી પ્રતિદિન કેટલા સેંકડો શ્લોકોની તેઓ સરેરાશ રચના કરતા હશે તેનો રસપ્રદ અંદાજ કાઢી શકાય. શાસ્ત્રસર્જન દ્વારા તેમણે તેમના અનુગામી સંઘ ઉપર કરેલા ઉપકારનું વર્ણન કરવા તેમના શાસ્ત્રો જેટલું જ બીજું લખાણ કદાચ કરવું પડે.

તેઓશ્રીના જીવનકથન અંગેની ઘણી માહિતીઓ અનેક સ્થળોએ ઉપલબ્ધ છે. એક રીતે તેમના રચેલા શાસ્ત્રો એ જ તેમનું ખરું ચરિત્ર છે. તેમની પ્રતિભા સર્વતોમુખી હતી તે વાતનો અનુભવ તેઓશ્રીના રચેલા ગ્રન્થોની સૂચિ જોતા જ સહજ થઈ જાય છે. તર્કગ્રન્થો, કાવ્યગ્રન્થો, અલંકાર-છંદ વિષયક ગ્રન્થો, કર્મપ્રકૃતિટીકા, આગમ-અધ્યાત્મ-યોગ વિષયક ગ્રન્થો, પ્રકરણ ગ્રન્થો, આચારવિષયક ગ્રન્થો. કોઈ વિષયક્ષેત્ર એવું બાકાત રહેવા પામ્યું નહીં હોય જ્યાં તેઓશ્રીએ નોંધપાત્ર પ્રદાન ન કર્યું હોય. તેમાંય ક્યાંક ખંડનાત્મક, ક્યાંક પ્રતિપાદનાત્મક, તો ક્યાંક અદ્ભુત સમન્વયાત્મક શૈલી.. તેઓશ્રીના ગ્રન્થોની એક વિશેષતા એ છે કે અન્યકર્તૃક ગ્રન્થો કરતા સરખામણીમાં અધ્યેતાને તે કઠિણ લાગે. તેનું કારણ એ છે કે દાર્શનિક વિષય એ તેઓના ગ્રન્થોનો મુખ્ય અભિધેય રહેતો. વળી, 'શબ્દસંકોચ અને અર્થગાંભીર્ય' આ તેમની દરેક કૃતિની, દરેક પંક્તિની ખાસિયત છે. પરિમિતપદપ્રયોગથી જ પ્રભૂતપદાર્થોનું પ્રગટીકરણ, એકાદ મન્તવ્યનું નિરસન કરતા આનુષંગિક રીતે જ 'एतेन' ઇત્યાદિ પદથી અનેક મતાંતરોનું નિરસન સૂચિત કરી દેવાની જબરી હથોટી, પ્રાક્તન ગ્રન્થોની પંક્તિઓના રહસ્યાર્થને ખોલીને એમાં કંઈક સ્વકીય અભિનવ ઉન્મેષની પ્રસાદી ભેળવીને સુલલિત અને રસાળ રજુઆતશૈલી દ્વારા પદાર્થને તાંબુલ જેવો સ્વાદુ બનાવવાની પ્રચંડ પ્રતિભા, પૂર્વાચાર્યોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાક્ષિપાઠોને અનેક જગ્યાએ ટાંકીને ઠોસ રજુઆત કરવાની અનોખી કળા... આ બધી તેમના ગ્રન્થોની લાક્ષણિક વિશેષતાઓ છે, જે પ્રસ્તુત ગ્રન્થમાં પણ જોવા મળે છે.

**ગ્રન્થવિષયવિચાર :**

પદાર્થનિર્ણય માટે અતીવ ઉપયોગી બનતા ત્રણ તત્ત્વો, પ્રમાણ-નય-નિક્ષેપને પ્રસ્તુત ગ્રન્થના ત્રણ પરિચ્છેદમાં આવરી લેવાયા છે. ગ્રન્થકારશ્રીના અન્યગ્રન્થોની અપેક્ષાએ આ ગ્રન્થ સરળ લાગે ખરો પણ દાર્શનિક વિષયનો અને મહામેધાવી મહોપાધ્યાયજીનો આ ગ્રન્થ ખરો ને ! તેથી ક્લિષ્ટતા પણ રહેવાની જ. ટૂંકમાં કહીએ તો ગ્રન્થને અનતિકઠિન કહી શકાય. ગ્રન્થની શૈલી જોતા પ્રાથમિક જિજ્ઞાસુઓને જૈનતર્કની પરિભાષાનો સ્પષ્ટ બોધ કરાવવો ગ્રન્થકારને અભિપ્રેત હોય એમ સ્પષ્ટ જણાય છે અને માટે જ પ્રચંડ પ્રતિભાશાળી હોવા છતાં પણ પ્રસ્તુત ગ્રન્થમાં મુખ્યત્વે પૂર્વના ગ્રન્થોમાં ગુંથાયેલા પદાર્થોને જ વીણી વીણીને વણી લેવામાં આવ્યા છે. વિશેષાવશ્યકભાષ્ય (બૃહદ્વૃત્તિ) અને સ્યાદ્‌વાદરત્નાકર એ બે વિરાટકાય મહાગ્રન્થોના આધારે અને લગભગ એ જ ક્રમથી અહીં પ્રરૂપણા કરાઈ છે. પ્રત્યક્ષ પ્રમાણના અધિકારમાં થયેલું જ્ઞાનપંચકનું પ્રતિપાદન અને નિક્ષેપપરિચ્છેદમાં થયેલું નિક્ષેપનું નિરૂપણ મહદંશે ભાષ્યને અનુસરતું જણાય છે. જ્યારે પરોક્ષપ્રમાણના પાંચ પ્રભેદોની પ્રરૂપણા, નયપરિચ્છેદમાં સાત નયો-નયભાસોનું નિરૂપણ જાણે કે સ્યાદ્વાદરત્નાકરના જ અમુક વિભાગોનો સંક્ષેપ કે સારોદ્ધાર લાગે. પાછી રજુઆતની વિશેષતા તો જુઓ ! ઉક્ત બન્ને આકર ગ્રન્થોમાં પાનાઓમાં જે કહેવાયું છે તે અહીં પંક્તિઓમાં પ્રતિબિંબિત થયેલું લાગે અને બન્ને આકર ગ્રન્થોમાં પંક્તિઓમાં જે કહેવાયું છે તે અહીં પદોમાં જ પકડાયેલું લાગે. ઘડીભર લાગે કે આજની 'શોર્ટ-હેન્ડ'ની સંક્ષિપ્તલેખનકલા ઉપાધ્યાયજી ભગવંતના ગ્રન્થોની અર્થગાંભીર્યપૂર્ણ શબ્દસંકોચ શૈલી આગળ પાણી ભરે છે. સાથે સ્થળે સ્થળે પોતે પોતાની અનોખી તાર્કિક પ્રતિભાનો પરચો પણ ચખાડયો છે. દા.ત. (૧) અન્યતરાસિદ્ધ હેતુની સ્વતંત્ર હેત્વાભાસતા સામે સ્યાદ્વાદરત્નાકરમાં જે સમાધાન (પૃ. ૧૦૧૮) અપાયું છે, તેને પણ પ્રસ્તુતમાં પૂર્વપક્ષરૂપે રજુ કરીને ગ્રન્થકારે અલગથી સમાધાન આપ્યું છે. (૨) 'एकान्तनित्यं अर्थक्रियासमर्थं न भवति, क्रमयौगपद्याभावात्' આ સ્થળે એકાંતનિત્યપદાર્થને પક્ષ બનાવાયો છે. જૈનમતે તો તેવો કોઈ પદાર્થ જ પ્રસિદ્ધ નથી. આવા સ્થળે ગ્રન્થકારે પક્ષની પ્રસિદ્ધિ જે કરી બતાવી છે તે દાદ માંગી લે તેવી છે. બીજા પણ કેટલાક આવા સ્થળો ગ્રન્થમાં ખાસ સમજવા લાયક છે.

વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજીના વચન 'प्रमाणनयैरधिगमः' (तत्त्वा. ૧/૬) દ્વારા જણાય છે કે વસ્તુતત્ત્વનું સ્વરૂપ પ્રમાણ/નયથી જણાય છે. વસ્તુનું જ્ઞાન, પ્રમાણ-નય ઉભયાત્મક હોઈ શકે, જ્યારે વસ્તુનું પ્રતિપાદન તો નયાત્મક જ હોય છે. કારણ કે વસ્તુના સર્વઅંશોને એક સાથે જાણી લેવા હજુ સંભવિત છે પણ વસ્તુના દરેક અંશોની એક સાથે વિવક્ષા કરીને તત્તદંશપ્રાધાન્યેન પ્રતિપાદન કરવું સંભવિત નથી. આથી જ તો સપ્તભંગીમાં ચોથો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવક્તવ્યનામક ભંગનો નિવેશ કરાયો છે. આમ નય જૈનદર્શનનું પ્રધાન લક્ષણ છે. સાત નયોની આવી અદ્‌ભુત વ્યવસ્થા અન્યત્ર દુર્લભ છે. નયપરિચ્છેદમાં ગ્રન્થકારે સાતે નયોનું સુંદર વિવેચન કર્યું છે. નયોનું સ્પષ્ટીકરણ પ્રાચીન અનેક ગ્રન્થોમાં ઉપલબ્ધ છે. સૂત્રકૃતાંગસૂત્ર, સ્થાનાંગસૂત્ર, ભગવતીસૂત્ર, આદિ અંગસૂત્રો ઉપરાંત અનુયોગદ્વાર, આવશ્યકનિર્યુક્તિ, વિશેષાવશ્યકભાષ્ય, ન્યાયાવતાર, સ્યાદ્વાદમંજરી, દ્વાદશારનયચક્ર, પ્રવચનસારોદ્ધાર, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, સંમતિતર્ક, તત્ત્વાર્થસૂત્ર, તેનું ભાષ્ય તથા અનેક વૃત્તિઓ, અનેકાંતજયપતાકા, અનેકાંતવાદપ્રવેશ, રત્નાકરઅવતારિકા, પ્રમાણનય-તત્ત્વાલોકાલંકાર, નયકર્ણિકા વગેરે સંખ્યાબંધ ગ્રન્થોમાં આ વિષયની છણાવટ થઈ છે. આ તો શ્વેતાંબરીય શાસ્ત્રોની વાત થઈ, દિગંબરીય અનેક ગ્રન્થોમાં પણ નયોનું વિવેચન ઉપલબ્ધ છે. અનેક પ્રાચીન ગ્રન્થો હોવા છતાં પણ પ્રસ્તુત ગ્રન્થકારે નવ્યશૈલીમાં નયવિષયક અનેક ગ્રન્થોની રચના કરી છે. નયપ્રદીપ એ પ્રાથમિક જિજ્ઞાસુઓને નયવિષયક જાણકારી આપતો ગ્રન્થ છે. તેના કરતા કંઈક અધિક જિજ્ઞાસાવાળાઓ માટે પ્રસ્તુત ગ્રન્થનો નયપરિચ્છેદ પર્યાપ્ત છે. આના કરતા પણ અધિકઅધિકતર જિજ્ઞાસાવાળા માટે નયરહસ્ય, અનેકાન્તવ્યવસ્થા, તત્ત્વાર્થના ૧લા અધ્યાયની ટીકા, નયોપદેશ વગેરે ગ્રન્થો ઉપલબ્ધ છે. નયપરિચ્છેદમાં ગ્રન્થકારે નયવિષયક પર્યાપ્ત વિવેચન પૂરું પાડ્યું છે.

નિક્ષેપ જેવા આગમિક પ્રમેયનું દાર્શનિક પ્રમેય જેવું રોચક અને તર્કપુરસ્સર નિરૂપણ એ કદાચ પ્રસ્તુત ગ્રન્થકારની એક વિરલ ભેટ કહેવાય. ટૂંકમાં, આગમિક અને દાર્શનિક પ્રમેયોનો સુભગ સમન્વય સાધીને આપણી સમક્ષ પધારેલો ગ્રન્થરાજ છે જૈનતર્કભાષા.

**વિવરણ વિશે કંઈક** - મહોપાધ્યાયજીનો ગ્રન્થ, અને વિવરણ હું લખું ! અસંભવ ! પણ ભકતામર સ્તોત્રની છટ્ઠી ગાથાએ મને ચાનક લગાડી અને પૂજ્યોની કૃપાના પ્રભાવે જે લખાયું તે પ્રગટ થાય છે. સળંગ ટીકા પણ નહીં અને વિષમપદટિપ્પણ પણ નહીં એવું આ વિવરણ છે. કેટલેક સ્થળે અન્યાન્ય ગ્રન્થોના સંદર્ભોના આધારે કંઈક 'ननु'...,'न च...' કર્યું છે, ક્યાંક તારવણીઓ કાઢી છે, ક્યાંક મૂલસ્થ પંક્તિનો વિસ્તાર કર્યો છે. શ્રીવિશેષાવશ્યકભાષ્ય (મલધારી વૃત્તિ), શ્રીવાદિદેવસૂરિકૃત પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર સ્વોપજ્ઞ વૃત્તિ (સ્યાદ્વાદ રત્નાકર), કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યકૃત પ્રમાણમીમાંસા, શ્રીસિદ્ધસેન-દિવાકરસૂરિકૃત ન્યાયાવતાર (વૃત્તિ), મહો. કૃત નયરહસ્ય વગેરે મુખ્ય આધાર બન્યા. આ ગ્રન્થોએ અહીં સાચા કલ્યાણમિત્રની ગરજ સારી છે.

સ્વકીય સ્વાધ્યાય, અર્થધારણા એ વિવરણ પાછળનું એક અગત્યનું કારણ છે. (वक्तुरनन्तरं प्रयोजनमेतत् ।) ગ્રન્થની પંક્તિઓ અને તેના પ્રતિપાદ્ય પ્રમેયોને સ્પષ્ટ રીતે સમજવામાં સરળતા કરી આપવામાં અધ્યેતાઓને આ વિવરણ લેશતઃ પણ સહાય કરે એ પણ ભાવના ખરી. (श्रोतुरनन्तरं प्रयोजनमेतत् ।) પ્રસ્તુત ગ્રન્થ ઉપર પૂ.આ.શ્રી લાવણ્યસૂરિકૃત ટીકા (રત્નપ્રભાવૃત્તિ) રચાયેલી છે. તદુપરાંત, પં. સુખલાલે પ્રસ્તુત ગ્રન્થના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંદર્ભો વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ-સ્યાદ્વાદરત્નાકર વગેરે ગ્રન્થોમાં જ્યાં મળે છે તેનો સંગ્રહ કરતી તાત્પર્યસંગ્રહા વૃત્તિ પણ રચી છે. વિવરણ કરવામાં ક્યાંક ઉક્ત બે ટીકાઓ પણ સહાયક બની છે. મૂળ ગ્રન્થનો ગુર્જર ભાવાનુવાદ પણ સાથે જ છે.

**कृतं जानामि** - તર્કની જ પરિભાષામાં વાત કરીએ તો જ્ઞાન થવામાં વિષયવિધયા પદાર્થને પણ જો કારણ કહેવાય છે. ઘટનાશ પ્રત્યે પ્રતિયોગિવિધયા ઘટ પણ જો કારણ કહેવાય છે, તો પ્રસ્તુત ગ્રન્થ રચીને મને સ્વાધ્યાય-સર્જનની એક અપૂર્વ તકની ભેટ ધરનારા **મહો. યશોવિજયજી** મહારાજનો સૌપ્રથમ ઉપકાર માનું છું.

- પોતાના જીવનના અંતિમ દિવસો દરમ્યાન પ્રસ્તુત ગ્રન્થ ઉપર વિવરણ+ભાવાનુવાદ લખવા હાર્દિક શુભાશીષ પાઠવી મને ઉપકૃત અને ઉલ્લસિત કરનારા સ્વ. ગુરુદેવ ન્યાયવિશારદ વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આ.ભગ. શ્રીમદ્વિજય**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા...
- વિ.સં. ૨૦૫૨ ના ચાતુર્માસ દરમ્યાન સાબરમતી (રામનગર)માં જેઓશ્રીએ સતત કૃપાવૃષ્ટિ કરીને સંયમ અને જ્ઞાનવૃદ્ધિ માટે પ્રોત્સાહિત કરીને પ્રસ્તુત કાર્યમાં જોમ પુર્યું છે તે સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ.ભગ.શ્રીમદ્વિજય**જયઘોષસૂરીશ્વરજી** મહારાજા...
- દેવલોકની અટારીએથી પણ જાણે સતત મારા આત્મહિતની કાળજી કરનારા સહજાનંદી સ્વ.પૂ.આ.ભગ. શ્રીમદ્વિજય **ધર્મજિતસૂરીશ્વરજી** મહારાજા...
- સૂરિમન્ત્રના અજોડ સાધક અને સદાના પ્રેરણાસ્ત્રોત પૂ.આ.ભગ. શ્રીમદ્વિજય **જયશેખરસૂરિ** મહારાજા...
- સંસારકૂપમાંથી ઉગારનારા અને પરમોપકારી ગુરુદેવ પૂ.પં.શ્રી**જગવલ્લભવિજયજી** મહારાજા...
- દિલ દઈને અધ્યયન કરાવનારા તથા પ્રસ્તુત વિવરણ+ભાવાનુવાદને મહદંશે સંશોધિત કરી અને અત્યંત ઉપકૃત કરનાર સાત્ત્વિક-તાર્કિક વિદ્યાગુરુવર્ય શ્રી**અભયશેખરવિજયજી** ગણિવર્ય...
- વાત્સલ્યપ્રદાન દ્વારા સતત શુભયોગોમાં જોડનારા પરમોપકારી-તપસ્વી-ગુરુદેવ (ગૃહસ્થપણે પિતાજી) પૂ.મુનિરાજ શ્રી**મેઘવલ્લભવિજયજી** મહારાજા...
- સદાના પ્રોત્સાહસ્રોત કલ્યાણમિત્ર પૂ.મુનિરાજ શ્રી **મુક્તિવલ્લભવિજયજી** મહારાજા તથા પ્રસ્તુત કાર્યમાં સ્તુત્ય સહાય કરનારા લઘુબંધુમુનિવર શ્રી **હૃદયવલ્લભવિજયજી...**

અને અનેક રીતે સહાયક બનેલ સહુ કોઈનો ઋણી છું.

પૂજ્યોની પરમપાવની કૃપાની જ એકમાત્ર નીપજરૂપે તૈયાર થયેલા સંસ્કૃત વિવરણ અને ગુર્જર ભાવાનુવાદમાં કોઈને ક્યાંય પણ ક્ષતિ જણાય તો તેનું પરિમાર્જન કરવા વિનમ્ર પ્રાર્થના છે.

- **મુનિ ઉદયવલ્લભવિજય**

વિ. સં. ૨૦૫૩, જ્ઞાનપંચમી, સાબરમતી (રામનગર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# जैनतर्कभाषाविषयानुक्रमः


| विषयः | पृष्ठम् |
|---|---|
| **१. प्रमाणपरिच्छेदः** | (१-१७३) |
| १. प्रमाणसामान्यस्य लक्षणनिरूपणम् | २ |
| २. प्रत्यक्षं लक्षयित्वा सांव्यवहारिक-पारमार्थिकत्वाभ्यां तद्विभजनम् | २९ |
| ३. सांव्यवहारिकप्रत्यक्षस्य निरूपणम्, मतिश्रुतयोर्विवेकश्च | ३० |
| ४. मतिज्ञानस्य अवग्रहादिभेदेन चातुर्विध्यप्रकटनम् | ३३ |
| ५. व्यञ्जनावग्रहस्य चातुर्विध्यप्रदर्शने मनश्चक्षुषोरप्राप्यकारित्वसमर्थनम् | ३७ |
| ६. अर्थावग्रहस्य निरूपणम् | ४५ |
| ७. ईहावायधारणानां क्रमशो निरूपणम् | ५३ |
| ८. श्रुतज्ञानं चतुर्दशधा विभज्य तन्निरूपणम् | ६३ |
| ९. पारमार्थिक प्रत्यक्षं त्रिधा विभज्य प्रथममवधेर्निरूपणम् | ६९ |
| १०. मनःपर्यवज्ञानस्य निरूपणम् | ७२ |
| ११. केवलज्ञानस्य निरूपणम् | ७५ |
| १२. परोक्षं लक्षयित्वा पञ्चधा विभज्य च स्मृतेर्निरूपणम् | ७८ |
| १३. प्रत्यभिज्ञानस्य निरूपणम् | ८२ |
| १४. तर्कस्य निरूपणम् | ९४ |
| १५. अनुमानं द्वेधा विभज्य स्वार्थानुमानस्य लक्षणम् | १०८ |
| १६. हेतुस्वरूपचर्चा | १०९ |
| १७. साध्यस्वरूपचर्चा | ११७ |
| १८. परार्थानुमानस्य प्रतिपादनम् | १३२ |
| १९. हेतुप्रकाराणामुपदर्शनम् | १४६ |
| २०. हेत्वाभासनिरूपणम् | १५३ |
| २१. आगमप्रमाणनिरूपणम् | १६० |
| २२. सप्तभङ्गीस्वरूपचर्चा | १६२ |
| **नयपरिच्छेदः** | (१७४-२०८) |
| २३. नयसामान्यलक्षणम् | १७४ |
| २४. द्रव्यार्थिक-पर्यायार्थिकनयनिरूपणम् | १७७ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| विषयः | पृष्ठम् |
|---|---|


| | |
|---|---|
| २५. नैगमनयनिरूपणम् | १७८ |
| २६. सङ्ग्रहनयनिरूपणम् | १८३ |
| २७. व्यवहारनयनिरूपणम् | १८४ |
| २८. ऋजुसूत्रनयनिरूपणम् | १८५ |
| २९. शब्दनयनिरूपणम् | १८६ |
| ३०. समभिरूढनयनिरूपणम् | १८९ |
| ३१. एवम्भूतनयनिरूपणम् | १९० |
| ३२. अर्थ-शब्द-अर्पित-अनर्पितनयानां निरूपणम् | १९३ |
| ३३. व्यवहार-निश्चयनय निरूपणम् | १९४ |
| ३४. ज्ञान-क्रियानयनिरूपणम् | १९५ |
| ३५. नयानां विषयविचारः | १९८ |
| ३६. नयाभासनिरूपणम् | २०२ |
| **निक्षेपपरिच्छेदः** | २०९-२४५ |
| ३७. निक्षेपसामान्यलक्षणम् | २०९ |
| ३८. नामनिक्षेपनिरूपणम् | २१२ |
| ३९. स्थापनानिक्षेपनिरूपणम् | २१३ |
| ४०. द्रव्यनिक्षेपनिरूपणम् | २१८ |
| ४१. भावनिक्षेपनिरूपणम् | २२० |
| ४२. नामादित्रयाणाम् भेदप्रदर्शनम् | २२१ |
| ४३. नामादित्रयाणाम् वस्तुत्वसिद्धिः | २२३ |
| ४४. निक्षेपाणां नयेषु योजना | २२९ |
| ४५. जीवविषये निक्षेपाः | २३६ |
| ४६. ग्रन्थकर्तुः प्रशस्ति | २४३ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# विवरणविषयानुक्रमनिर्देश


| विषय | पृष्ठांक |
|---|---|
| **प्रमाणपरिच्छेदविवरणम्** | (१-१७३) |
| मङ्गलश्लोकाः | १ |
| मूलस्थमङ्गलश्लोकेऽतिशयचतुष्टयोद्धाटनम् | २ |
| प्रमाणपदस्य पूर्वनिपातरहस्यम् | ३ |
| प्राचीन-नव्यनैयायिककृतप्रमाणलक्षणखण्डनम् | ४ |
| बौद्ध-मीमांसकीयप्रमाणलक्षणनिराकरणम् | ५ |
| दर्शनस्य प्रमाणकोटिबहिर्भावस्थापनम् | ६ |
| विपर्यय-संशयस्वरूपद्योतनम् | ७ |
| अनध्यवसाय-अर्थावग्रहयोः भेदप्रदर्शनम् | ८ |
| ज्ञानस्य स्वप्रकाश्यत्वसिद्धिः | ११ |
| अवग्रहादीनां क्रमसापेक्षः प्रमाणफलभावः | १२ |
| केवलस्य सुखफलकत्वे मतद्वयसमन्वयः | १३ |
| प्रमाणफलविभागप्रदर्शनम् | १४ |
| कर्तृकरणयोरेकान्तभेदवादनिरसनम् | १६ |
| इन्द्रियभेदप्रभेदनिरूपणम् | १९ |
| उपयोगस्य व्यापारत्वकल्पनायाः निराकरणम् | २१ |
| बौद्धसम्मतप्रत्यक्षलक्षणखण्डनम् | २९ |
| नैयायिक-मीमांसक-साङ्ख्योक्तप्रत्यक्ष-लक्षणखण्डनम् | ३० |
| मतिश्रुतयोर्विवेकः | ३१ |
| अवधेः श्रुताननुसारित्वस्योपपदानम् | ३३ |
| नन्दिसूत्रप्रामाण्याद् व्यञ्जनावग्रहे ज्ञानमात्रायाः सिद्धिः | ३४ |
| घ्राणेन्द्रियस्य प्राप्यकारित्वसिद्धिः | ३७ |
| श्रोत्रेन्द्रियमप्राप्यकारीति | ३९ |
| बौद्धमतनिराकरणपूर्वं श्रोत्रप्राप्यकारित्वप्रसिद्धिः | ४१ |
| चक्षुर्मनसोरप्राप्यकारित्वसिद्धिः | ४३ |

| विषय | पृष्ठांक |
|---|---|
| अर्थावग्रहलक्षणार्थः | ४५ |
| नैश्चयिकार्थावग्रहस्य दर्शनरुपत्वप्रतिपादनम् | ५३ |
| ईहायाः संशयभिन्नत्वोपपत्तिः | ५४ |
| ईहायाः उपचरितप्रामाण्यप्रतिपादनम् | ५५ |
| ईहा-तर्कयोः भेदोपपादनम् | ५५ |
| अवग्रहादीनां क्रमव्यवस्थारहस्यम् | ६० |
| अवग्रहादीनां भेदाभेदप्रतिपादनम् | ६२ |
| अक्षपदार्थविनिश्चयः | ६४ |
| अक्षरश्रुतत्रैविध्यम् | ६५ |
| द्रव्यश्रुतस्य स्तोतव्यत्वप्रदर्शनम् | ६६ |
| लब्ध्यक्षरस्य परोपदेशजत्वाभावप्रदर्शनम् | ६६ |
| उच्छ्वसितादेरेव द्रव्यश्रुतत्वे रूढि-तर्कप्रदर्शनम् | ६९ |
| अवधिना क्षेत्रकालग्रहविचारः मनः पर्यवदर्शननिषेधविचारः | ७३ |
| मनसः कैवल्यजनने सामर्थ्याभावप्रतिपादनम् | ७६ |
| केवलिनः कवलाहारव्यवस्थापनम् | ७७ |
| स्मृतिलक्षणविचारः चिन्तामणिकारमतनिरासश्च | ७९ |
| स्मृतिप्रामाण्ये उदयनाचार्यमतखण्डनम् | ८० |
| स्मृतिप्रामाण्ये भाट्टमतनिरसनम् | ८१ |
| स्मृतिप्रामाण्ये जयन्तभट्टमतापाकरणम् | ८१ |
| प्रत्यभिज्ञानकारणसद्भावस्थापनम् | ८४ |
| प्रत्यभिज्ञानविषयव्यवस्थापनम् | ८५ |
| प्रत्यभिज्ञाने प्राभाकरमतापनयनम् | ८६ |
| प्रत्यभिज्ञानस्यातिरिक्तप्रमाणत्वस्थापनम् | ८८ |
| सादृश्यादेः प्रत्यभिज्ञानग्राह्यत्वसाधनम् | ९० |
| तर्कप्रमाणेन वाच्यवाचकभावग्रहे प्रक्रियाप्रदर्शनम् | ९८ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| विषय | पृष्ठांक |
|---|---|
| तर्कप्रामाण्ये बौद्धमतखण्डनम् | १०२ |
| तर्कस्य स्वतन्त्रप्रमाणत्वस्थापनम् | १०६ |
| बौद्धसम्मतहेतुत्रैरुप्यखण्डनम् | ११० |
| नैयायिकल्पितहेतुपञ्चरुपतानिराकरणम् | ११५ |
| अप्रतीतादिसाध्यविशेषणानां स्वार्थपरार्थानुमानापेक्षया व्यवस्थापनम् | ११७ |
| व्याप्तिग्रहकाल-अनुमितिकालापेक्षया साध्यस्वरूपभेदद्योतनम् | १२२ |
| विकल्पसिद्धधर्मिणः प्रसिद्धौ पथदर्शनम् | १२८ |
| उभयसिद्धहेतोरेव परार्थानुमानाङ्गत्वव्यवस्थापनम् | १३७ |
| परार्थानुमानेऽवयवसङ्ख्याने दार्शनिकानां मन्तव्यानि | १४२ |
| अवयवप्रयोगेऽनेकान्तप्रदर्शनम् | १४४ |
| अकिञ्चित्करहेत्वाभासस्य पक्षाभासेऽन्तर्भावप्रदर्शनम् | १५५ |
| शब्दपौद्गलिकत्वसिद्धिः | १५८ |
| सप्तभङ्गीलक्षणप्रदर्शनम् | १६१ |
| आद्यभङ्गद्वय-तृतीयभङ्गकयोर्भेदप्रदर्शनम् | १६३ |
| **नयपरिच्छेद-विवरणम्** | (१७४-२०८) |
| प्रमाणनयभेदप्रदर्शनम् | १७४ |
| नयसप्तकेऽशेषाभिप्रायान्तर्भावप्रदर्शनम् | १७५ |
| नयसामान्यलक्षणपदकृत्यं | १७६ |
| नैगमनयमतप्रदर्शनम् | १७८ |
| व्यञ्जनपर्याय-अर्थपर्यायव्याख्यानम् | १८२ |
| सङ्गहनयमतोपवर्णनम् | १८२ |
| व्यवहारनयमतप्रदर्शनम् | १८३ |
| ऋजुसूत्रनयमतवर्णनम् | १८६ |
| शब्दनयानां साधारणमतवर्णनम् | १८६ |
| शब्दनयमतावेदनम् | १८८ |
| समभिरूढमतप्रदर्शनम् | १८९ |
| एवम्भूतनयमतोपवर्णनम् | १९० |
| समभिरूढैवम्भूतयोः भेदप्रदर्शनम् | १९० |
| ज्ञान-क्रियानयवक्तव्यता | १९५ |
| शब्दस्य ऋजुसूत्रादल्पार्थताप्रतिपादनम् | १९९ |
| स्वतन्त्रसामान्यविशेषपदार्थवादनिराकरणम् | २०२ |
| अद्वैतवादखण्डनम् | २०३ |
| आत्मसिद्धिः | २०४ |
| परमाणुसिद्धिः क्षणिकवादोपमर्दनं च | २०५ |
| क्षणिकवादस्याऽऽपेक्षिकः स्वीकारः | २०६ |
| शब्दनयाभासनिरूपणम् | २०७ |
| **निक्षेपपरिच्छेदविवरणम्** | (२०९-२४५) |
| प्रमाण-नय-निक्षेपक्रमरहस्यद्योतनम् | २०९ |
| निक्षेपसाफल्यव्युत्पादनम् | २१० |
| नामनिक्षेपलक्षणार्थकथनम् | २१२ |
| नाम्नो यावत्कथिकत्वोक्तेः प्रायोवचनात्मकत्वं | २१४ |
| स्थापनानिक्षेपलक्षणार्थकथनम् | २१६ |
| द्रव्यनिक्षेपलक्षणार्थप्रदर्शनम् | २१८ |
| द्रव्यक्रियाविचारः | २१९ |
| भावनिक्षेपलक्षणार्थकथनम् | २२० |
| नामादीनां वस्तुत्वोपपादनम् | २२४ |
| नामादीनां भावाविनाभूतत्वप्रतिपादनम् | २२६ |
| सर्ववस्तुनो नामादिचतुष्टयात्मकत्वव्यवस्थापनम् | २२८ |
| ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वमते सूत्रविरोधप्रदर्शनम् | २३३ |
| निक्षेपचतुष्टयस्य सर्वव्यापिताविमर्शः | २३६ |
| प्रशस्तिः | २४२ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગુર્જર ભાવાનુવાદ વિષયપૃષ્ઠાંકનિર્દેશ


| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| મંગલશ્લોકનો વિશેષાર્થ | ૧ |
| પ્રમાણનું સામાન્યલક્ષણ | ૪ |
| લક્ષણમાં જ્ઞાનપદનું પ્રયોજન | ૫ |
| લક્ષણગત વ્યવસાયિ પદની સાર્થકતા | ૭ |
| સંશય-વિપર્યય-અનધ્યવસાયનું સંક્ષિપ્તસ્વરૂપ | ૮ |
| લક્ષણગત સ્વ-પરપદની સાર્થકતા | ૯ |
| મીમાંસકમતે જ્ઞાન નિત્યપરોક્ષ છે | ૧૦ |
| ન્યાય-વૈશેષિક મતે જ્ઞાનનું સ્વરૂપ | ૧૧ |
| જૈનમતે જ્ઞાન સ્વપ્રકાશ્ય છે | ૧૨ |
| સ્વરૂપદર્શક વિશેષણો પણ અપેક્ષાએ સાર્થક છે | ૧૨ |
| પ્રમાણ-ફળ વચ્ચે કથંચિદ્ અભેદ છે | ૧૫ |
| ઉપયોગેન્દ્રિય એ જ પ્રમાણ છે | ૧૮ |
| લબ્ધીન્દ્રિયપ્રામાણ્યવાદનું નિરસન | ૨૧ |
| શક્તિપ્રમાણવાદીને પ્રાભાકરમતપ્રવેશાપત્તિ | ૨૩ |
| પ્રમાણના બે ભેદ | ૨૪ |
| વિશેષણ અને ઉપલક્ષણ વચ્ચે તફાવત | ૨૬ |
| પરોક્ષ શબ્દના વ્યુત્પત્તિ અને પ્રવૃત્તિનિમિત્ત | ૨૭ |
| સાંવ્યવહારિક અને પારમાર્થિક પ્રત્યક્ષ | ૨૭ |
| સાંવ્યવહારિક પ્રત્યક્ષ વસ્તુતઃ પરોક્ષ છે | ૨૮ |
| સાંવ્યવહારિક પ્રત્યક્ષના બે ભેદ | ૨૯ |
| જ્ઞાનમાં શ્રુતાનુસારિતાનું સ્વરૂપ | ૩૧ |
| વ્યંજનાવગ્રહનું નિરૂપણ | ૩૩ |
| વ્યંજનાવગ્રહમાં જ્ઞાનરૂપતાની સિદ્ધિ | ૩૪ |
| વ્યંજનાવગ્રહના ચાર ભેદ | ૩૭ |
| ચક્ષુ-મનમાં અપ્રાપ્યકારિત્વની સિદ્ધિ | ૩૮ |
| અર્થાવગ્રહનું નિરૂપણ | ૪૫ |
| તેણં સદ્દેતિ... એ નન્દિસૂત્રનો તાત્પર્યાર્થ | ૪૫ |
| અર્થાવગ્રહ વિશે કેટલાકના મન્તવ્યનો નિરાસ | ૪૮ |
| અર્થાવગ્રહમાં વિશેષગ્રહણ માની શકાય નહીં | ૫૦ |
| ક્ષિપ્રાદિ અવગ્રહભેદો તત્ત્વતઃ અપાયના છે | ૫૧ |
| નિશ્ચય-વ્યવહારની અપેક્ષાએ અવગ્રહના બે ભેદ | ૫૨ |
| ઈહાનું નિરૂપણ | ૫૪ |
| અપાયનું સ્વરૂપ | ૫૫ |
| ધારણાનું સ્વરૂપ | ૫૬ |
| અપાય-ધારણાનો વ્યુત્પત્તિલભ્ય અર્થ માનનારના મતનો નિરાસ | ૫૭ |
| અવગ્રહાદિના ક્રમનું નિરૂપણ | ૬૦ |
| મતિજ્ઞાનના ૨૮ તથા ૩૩૬ પ્રભેદ | ૬૨ |
| શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ | ૬૪ |
| અક્ષરશ્રુતનું નિરૂપણ | ૬૪ |
| અનક્ષરશ્રુતનું નિરૂપણ | ૬૬ |
| સંજ્ઞિ-અસંજ્ઞિ-સમ્યક્-મિથ્યાશ્રુતનું નિરૂપણ | ૬૮ |
| સાદિ-અનાદિ-સપર્યવસિત-અપર્યવસિતશ્રુતનું નિરૂપણ | ૬૮ |
| ગમિક-અગમિક-અંગપ્રવિષ્ટ-અનંગપ્રવિષ્ટશ્રુતનું નિરૂપણ | ૬૯ |
| પારમાર્થિક પ્રત્યક્ષનું નિરૂપણ | ૬૯ |
| અવધિજ્ઞાનના ૬ પ્રકાર | ૭૦ |
| મનઃપર્યવજ્ઞાનનું નિરૂપણ | ૭૨ |
| કેવળજ્ઞાનનું નિરૂપણ | ૭૫ |
| કેવળજ્ઞાનનો કવલાહાર સાથે અવિરોધ | ૭૭ |
| પરોક્ષ પ્રમાણ-સ્મૃતિમાં પ્રામાણ્યની સિદ્ધિ | ૭૮ |
| સ્મૃતિ અંગે ગંગેશ ઉપાધ્યાયના મતનું ખંડન | ૭૯ |

| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| સ્મૃતિ અંગે ઉદયનાચાર્યના મતનું નિરસન | ૮૦ |
| પ્રત્યભિજ્ઞાનનું નિરૂપણ | ૮૨ |
| પ્રત્યભિજ્ઞાનમાં સ્વતંત્ર જ્ઞાનાત્મકતાની સિદ્ધિ | ૮૩ |
| પ્રત્યભિજ્ઞાનમાં સ્વતંત્ર પ્રમાણત્વની સિદ્ધિ | ૮૭ |
| સાદશ્યમાં પ્રત્યભિજ્ઞાનવિષયત્વની સિદ્ધિ | ૯૦ |
| ઉપમાન સ્વતંત્ર પ્રમાણ નથી | ૯૧ |
| તર્કપ્રમાણનું નિરૂપણ | ૯૪ |
| સકલવ્યક્તિનું ઉપસ્થાપન તર્ક વિના અશક્ય | ૯૬ |
| વાચ્ય-વાચકભાવનું ગ્રહણ પણ તર્કથી | ૯૮ |
| સંબંધગ્રહણ વિના તર્ક પ્રવર્તી શકે | ૧૦૧ |
| સવિકલ્પક જ્ઞાન પણ પ્રમાણ | ૧૦૨ |
| તર્ક પ્રમાણસહકારી છે | ૧૦૫ |
| તર્ક સ્વતંત્ર પ્રમાણ છે | ૧૦૬ |
| અનુમાન પ્રમાણનું નિરૂપણ | ૧૦૮ |
| હેતુના સ્વરૂપનું નિરૂપણ | ૧૦૯ |
| બૌદ્ધસંમત હેતુત્રૈરૂપ્યનું ખંડન | ૧૦૯ |
| ‘અંતર્વ્યાપ્તિથી જ પક્ષનું ભાન થાય’નું ખંડન | ૧૧૩ |
| નૈયાયિકસંમત હેતુની પંચરૂપતાનું ખંડન | ૧૧૪ |
| સાધ્યના સ્વરૂપનું નિરૂપણ | ૧૧૭ |
| વિપરીત-અનધ્યવસિત વસ્તુ પણ સાધ્ય બની શકે | ૧૧૮ |
| ‘अनिराकृत’-‘अभीप्सित’ વિશેષણો અંગે સ્પષ્ટતા | ૧૧૯ |
| વ્યાપ્તિગ્રહકાળ અને અનુમિતિકાળની અપેક્ષાએ સાધ્યનું ભિન્ન સ્વરૂપ | ૧૨૧ |
| ધર્મીની પ્રસિદ્ધિ પ્રમાણ, વિકલ્પ કે તદુભયથી થાય | ૧૨૩ |
| વિકલ્પસિદ્ધધર્મી વિશે બૌદ્ધમતનું ખંડન | ૧૨૪ |
| વિકલ્પસિદ્ધધર્મી વિશે નૈયાયિકમતનું ખંડન | ૧૨૭ |
| વિકલ્પસિદ્ધધર્મી વિશે વિશેષ વિમર્શ | ૧૨૮ |

| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| વિકલ્પસિદ્ધધર્મીની પ્રસિદ્ધિ ખંડશઃ જ થાય | ૧૩૧ |
| પરાર્થાનુમાનનું નિરૂપણ | ૧૩૩ |
| પક્ષવચન વિશે અનેકાંત | ૧૩૫ |
| પરાર્થાનુમાનનાં પરાભિમત લક્ષણનું ખંડન | ૧૩૬ |
| બે પ્રકારે હેતુપ્રયોગ | ૧૪૨ |
| પરાર્થાનુમાનમાં દૃષ્ટાંતાદિના ઉપન્યાસ વિશે અનેકાન્ત | ૧૪૩ |
| હેતુવિભાગ-વિધિસાધક વિધિરૂપ હેતુના ૬ પ્રકાર | ૧૪૬ |
| નિષેધસાધક વિધિરૂપ હેતુના ૭ પ્રકાર | ૧૪૯ |
| વિધિસાધક નિષેધરૂપ હેતુના ૫ પ્રકાર | ૧૫૧ |
| નિષેધસાધક નિષેધરૂપ હેતુના ૭ પ્રકાર | ૧૫૨ |
| હેત્વાભાસ પ્રરૂપણા | ૧૫૩ |
| અન્યતરાસિદ્ધમાં હેત્વાભાસતાની સિદ્ધિ | ૧૫૪ |
| ‘વિરુદ્ધ’ હેત્વાભાસનું નિરૂપણ | ૧૫૬ |
| ‘અનૈકાન્તિક’ (વ્યભિચારી) હેત્વાભાસનું નિરૂપણ | ૧૫૬ |
| અકિંચિત્કરહેતુની હેત્વાભાસતાનું નિરાકરણ | ૧૫૮ |
| ‘બાધ’ની હેત્વાભાસતાનું નિરાકરણ | ૧૫૯ |
| સત્પ્રતિપક્ષની સ્વતંત્ર હેત્વાભાસતાનું નિરાકરણ | ૧૫૯ |
| સ્વતંત્ર આગમપ્રમાણનું નિરૂપણ | ૧૬૦ |
| આપ્તનું લક્ષણ | ૧૬૧ |
| સપ્તભંગીને અનુસરતા આગમમાં જ તાત્ત્વિક પ્રામાણ્ય | ૧૬૨ |
| સપ્તભંગીનું સ્વરૂપ | ૧૬૩ |
| સપ્તભંગીના સકલાદેશ-વિકલાદેશ સ્વભાવનું નિરૂપણ | ૧૬૭ |
| ક્રમ અને યૌગપદ્યનું સ્વરૂપ | ૧૬૮ |
| કાલાદિ આઠનું સ્વરૂપ | ૧૬૮ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| પર્યાયાર્થિક નયે કાલાદિ આઠનું સ્વરૂપ | ૧૭૧ |
| **નય પરિચ્છેદ** | **૧૭૪-૨૦૮** |
| નયનું સામાન્ય લક્ષણ | ૧૭૫ |
| દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નય વિભાગ | ૧૭૮ |
| ઋજુસૂત્રનય વિશે બે મત | ૧૭૯ |
| નૈગમ નય | ૧૮૦ |
| સંગ્રહનય | ૧૮૧ |
| વ્યવહાર નય | ૧૮૩ |
| ઋજુસૂત્ર નય | ૧૮૫ |
| શબ્દ નય | ૧૮૬ |
| સમભિરૂઢ નય | ૧૮૯ |
| એવંભૂત નય | ૧૯૦ |
| અર્થ-શબ્દ નયો તથા અર્પિત-અનર્પિત નયો | ૧૯૪ |
| વ્યવહાર-નિશ્ચયનય | ૧૯૪ |
| જ્ઞાન-ક્રિયા નય | ૧૯૬ |
| નયોના વિષયમાં ન્યૂનાધિકતાનો વિચાર | ૧૯૮ |
| નયાભાસ નિરૂપણ | ૨૦૧ |
| **નિક્ષેપ પરિચ્છેદ** | **૨૦૯-૨૪૫** |
| નિક્ષેપ સામાન્યનું લક્ષણ | ૨૦૯ |
| નિક્ષેપની સફળતા તથા પ્રકારો | ૨૧૦ |
| નામનિક્ષેપનું નિરૂપણ | ૨૧૨ |
| સ્થાપનાનિક્ષેપનું નિરૂપણ | ૨૧૬ |
| દ્રવ્યનિક્ષેપનું નિરૂપણ | ૨૧૭ |
| અનુપયોગ-અવિધિથી કરાતી ક્રિયા પણ દ્રવ્યક્રિયા | ૨૧૯ |
| ભાવનિક્ષેપનું નિરૂપણ | ૨૨૦ |
| નામ-સ્થાપના-દ્રવ્યનિક્ષેપો વચ્ચે અભેદની શંકા-પૂર્વપક્ષ | ૨૨૦ |
| નામાદિ ત્રણ વચ્ચે ભિન્નતાની સિદ્ધિ-ઉત્તરપક્ષ | ૨૨૧ |
| નામાદિ ચારે નિક્ષેપોમાં કથંચિદ્ ભાવરૂપતાની સિદ્ધિ | ૨૨૩ |
| નિક્ષેપોની નયો સાથે યોજના | ૨૨૯ |
| ઋજુસૂત્રનય મતે નિક્ષેપચતુષ્કસ્થાપન | ૨૩૦ |
| સંગ્રહ-વ્યવહારનય મતે નિક્ષેપચતુષ્કની સિદ્ધિ | ૨૩૪ |
| જીવ પદાર્થ વિશે નામાદિ નિક્ષેપની સંયોજના | ૨૩૬ |
| નામાદિ નિક્ષેપચતુષ્ટયની સર્વવ્યાપિતાના ભંગની શંકા અને તેનું સમાધાન | ૨૩૮ |
| જીવના દ્રવ્યનિક્ષેપ અંગે મતાન્તરો અને તેનું નિરાકરણ | ૨૩૯ |
| ગ્રન્થકારની પ્રશસ્તિ | ૨૪૩ |
| પરિશિષ્ટ ૧ | ૨૪૬ |
| પરિશિષ્ટ ૨ | ૨૪૭ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આપની કૃપાની નીપજ... આપના ચરણે
## સ્મરણાંજલિ સહ સમર્પણ

### હે ન્યાયવિશારદ પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ
### શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા !

આપના નામની આગળ 'સ્વર્ગસ્થ' વિશેષણ ભલે લાગે...

પરંતુ...

- ♦ શિબિરોથી ઘડાયેલા હજારો યુવાનોની ધબકતી ધર્મચતેના રૂપે આજે ય આપ જીવંત છો.
- ♦ સેંકડો શ્રમણોની સુવિશુધ્ધ સંયમચર્યા અને અદ્ભુત શાસનસેવાની સુરમ્ય સૌરભ રૂપે આજે ય આપ મહેંકો છો.
- ♦ દિવ્યદર્શનમાંથી નીતરતી સંવેગ અને વિરાગની અમૃતધારા રૂપે આજે પણ આપ મોજૂદ છો.
- ♦ આપના શતાધિક પ્રકાશનોમાં ઝળહળતી નિર્મળ ધર્મજ્યોત રૂપે આપ આજે પણ ઉપસ્થિત છો.
- ♦ સકલ સંઘના હીર, ખમીર અને કૌશલ્યના પ્રાણાધાર તરીકે આજે ય આપનું અસ્તિત્વ અનુભવાય છે.

જ્યારે આપના સ્મૃતિમંદિરની પ્રતિષ્ઠાનો મહા-મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે 'ન્યાયવિશારદ' એવા આપશ્રીને ન્યાયના વિષયના જ આ ગ્રન્થ-વિવરણને સમર્પિત કરતા ધન્યતા અનુભવું છું.

- ચરણરજ ઉદયવલ્લભવિજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિનમ્ર વન્દનાંજલિ

હે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ !

આ બધાએ તો આપના સ્વર્ગારોહણની ત્રિશતાબ્દિ ઉજવી દીધી, અને, મેં તો આપને ગ્રન્થોના ન્યાયાલયમાં એક કુશળ ધારાશાસ્ત્રીની અદાથી કુમતનાં સિદ્ધાન્તોનો જડબેસલાક રદીયો આપતા નજરોનજર જોયા હતા...

મને લાગે છે કે -

ચિતાની જવાલાઓ મા શારદાના અશ્રુપ્રવાહની ભીષણ જલધારાથી શમી ગઈ હશે અને આપ ગ્રન્થાગારોની રેશમી પોથીઓમાં ભરાઈ ગયા હશો. ગમે તે હોય-

પણ, આપને મૃત કોણ કહે ?

અને, એક વાત પૂછું ?

જેની ગંધમાત્રથી કુવાદીઓ મૂર્છિત થઈ જાય તેવા એ વેધક ગ્રન્થો આપે શું કલોરોફોર્મની શાહીથી લખ્યા હતા ? અને, જેને ગાતા ગાતા આંખોમાંથી ભક્તિભીની અશ્રુધારા સહજ નીતરી પડે તે સંવેદક સ્તવનાઓ આપે ટીયરગેસની શાહીથી તો નહોતી લખીને ?

આપના ગ્રન્થોના પ્રત્યેક શબ્દમાંથી નીતરતા શાસનરાગના ચોળમજીઠ રંગથી રંગાઈને, આપની સ્તવનાઓમાંથી ઝરતા મધુર પરમાત્મ-પ્રણયને આસ્વાદીને, અને, આપે અવધારેલા મા શારદાના અપાર અનુગ્રહને અભિનંદીને... આપની બેજોડ બુદ્ધિ પ્રતિભાના અને સ્વ-પરશાસ્ત્ર-મર્મજ્ઞાતાના દસ્તાવેજી પુરાવા જેવા અદ્વિતીય ગ્રન્થરત્નોને વિનમ્ર વન્દનાંજલિ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

महामहोपाध्यायश्रीयशोविजयकृता

# ॥ जैनतर्कभाषा ॥

## १. प्रमाणपरिच्छेदः ।

**ऐन्द्रवृन्दनतं नत्वा जिनं तत्त्वार्थदेशिनम् । प्रमाणनयनिक्षेपैस्तर्कभाषां तनोम्यहम् ॥**

### विवरणम्

नत्वा जिनं गुरुं चैव, संस्मृत्य चाऽथ शारदाम् ।
विव्रियते क्वचित् किञ्चित्, तर्कभाषा यथामति ॥१॥
न्यायवैशारदा ग्रन्था, विवृत्याः खलु तादृशैः ।
कुतो मेऽल्पधियो यत्नो, ग्रन्थेऽस्मिन्नुचितिं भजेत् ॥२॥
तथाप्यनुग्रहं प्राप्य, पूज्यानां तद्बलाद् भृशम् ।
स्वप्रमुदेऽर्थधृत्यै च, प्रयास इत्यदोषता ॥३॥

इह हि न्यायाचार्यादिबिरुदविभूषितमहामहोपाध्याय**श्रीयशोविजयगणी आवश्यकभाष्यस्याद्वादरत्नाकरादि**ग्रन्थानुसारेण प्रमाणादिप्रमेयप्रतिपादनपरं प्राथमिकजिज्ञासूनां विशेषोपकारकं जैनतर्कभाषाख्यग्रन्थं विरचितवान्। स च सङ्क्षिप्तोक्तिकतयाऽल्पाक्षर-महार्थकग्रन्थकोटिप्रविष्टत्त्वाद् दुर्बोधं दुर्मेधसामिति किञ्चित् क्वचिद् विव्रियते। ग्रन्थकारकृतमङ्गलादिप्रतिपादनपरेयम् गाथा - **ऐन्द्रवृन्दमिति** - इन्द्र-

### ગુર્જર ભાવાનુવાદ

શ્રેયસ્કર કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ થાય એ માટે ગ્રન્થની શરૂઆતમાં ઈષ્ટદેવનમસ્કારાદિરૂપ મંગલ કરવાની પ્રણાલિકા શિષ્ટપુરુષોમાં પ્રવર્તમાન છે. એ જ રીતે પ્રસ્તુત ગ્રન્થની શરૂઆતમાં પણ ગ્રન્થકારશ્રી પ્રથમ શ્લોક દ્વારા મંગલ કરે છે.

**શ્લોકાર્થ** :- ઈન્દ્રના સમુદાય દ્વારા નમન કરાયેલા અને (જીવાદિ) તત્ત્વભૂત અર્થની દેશના આપવાના સ્વભાવવાળા એવા શ્રીજિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને હું (યશોવિજય) પ્રમાણ, નય અને નિક્ષેપ વડે તર્કભાષાની રચના કરૂં છું.

*** મંગલ શ્લોકનો વિશેષાર્થ ***

સામાન્યથી કોઈ પણ મંગલ શ્લોકમાં શ્રી તીર્થંકર પરમાત્માના ચાર મૂળ અતિશયોને વિષય બનાવીને પરમાત્માની સ્તવના/વંદના કરાતી હોય છે. પ્રસ્તુત શ્લોકમાં પણ પરમાત્માના ચાર મૂળ અતિશયોને સ્પષ્ટ કે ગર્ભિત રીતે જણાવાયા છે.

'ऐन्द्र' 'इन्द्रस्य सम्बन्धि इति ऐन्द्रं, ऐन्द्रं च तद् वृन्दं चेति ऐन्द्रवृन्दं' આવા વિગ્રહ પ્રમાણે એવો અર્થ નીકળે છે કે ઈન્દ્રોના સમૂહ દ્વારા શ્રી જિનેશ્વર પરમાત્મા નમસ્કૃત થયા છે. શ્રી જિનેશ્વર પરમાત્માના કલ્યાણકાદિ અવસરે એક સાથે તે અનેક ઈન્દ્રો પોતાના અતિ વિશાળ દૈવી પરિવાર સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तत्र-स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम् स्वम् आत्मा ज्ञानस्यैव स्वरूपमित्यर्थः, परः तस्मा-**

सम्बन्धिवृन्दप्रणतं, अनेन पूजातिशयः प्रकटितः, यस्य पुरुषविशेषस्येन्द्रादिसमूहनतिकर्मत्वं तस्यान्यनृनाथादिपूजनीयत्वं **कैमुतिकन्याया**गतमेवेति। यद्यपि 'इन्द्रवृन्दनतमि'त्यादिनापि निरुक्तार्थलाभस्तथाप्यैंकारानुधावनं स्वकीयेष्टसिद्धसारस्वतमन्त्रस्मरणलाभार्थं ज्ञेयम् । अनेनाविरतत्वेऽपि श्रुतदेवताया स्मरणीयता स्तवनीयता च ज्ञापिता, मिथ्यात्वापादनं तु सिद्धान्ताचरणोभयोत्तीर्णमेव । ज्ञानावरणीयक्षयोपशमप्रसाधकत्वेन तत्स्मरणादिकं नानुचितं **'सुअदेवये'**त्यादि वचनप्रामाण्यात् ।

**नत्वेति** - नमस्कारं नमस्कार्यावधिकस्वापकर्षबोधानुकूलव्यापाररूपं कृत्वा, अनेन मङ्गलमभिहितं, जिननमस्कारस्य परममङ्गलरूपत्वात्। **'जिनमिति'** - क्षीणमोहनीयकर्मा भवस्थकेवली, तस्यैव तत्त्वार्थ-देशकत्वोपपत्तेस्तम्, अनेनाऽपायापगमातिशयः प्रद्योतितः, 'जयति रागादिशत्रूनि'ति जिनपदव्युत्पत्तेः। जिनपदमत्र विशेष्यताकलितं, ऐन्द्रवृन्दनतमित्यादिविशेषणद्वयवृत्तिविशेषणताख्यविषयतानिरूपकत्वात्, अपायापगमातिशयप्रतिपिपादयिषायां तु तदेव विशेषणताक्रान्तम्, तथा च विवक्षाभेदबलेन विशेष्यता-

સાથે પૃથ્વીતલ ઉપર આવીને પરમાત્માની સ્તવના-ભક્તિ કરે છે. બાહ્ય ઋદ્ધિ, વૈભવ, બળ વગેરેની અપેક્ષાએ દેવો-ઈન્દ્રો મનુષ્યો કરતા ઘણા ચડિયાતા છે અને તેવાઓથી પણ જે નમસ્કૃત છે તે મનુષ્યાદિ દ્વારા તો સુતરાં નમસ્કૃત હોય જ એવો અર્થ **'કૈમુતિક ન્યાય'**થી સિદ્ધ થાય છે. શ્રી જિનેશ્વર પરમાત્માના આ વિશેષણપદથી પરમાત્માના **પૂજાતિશય**નું દ્યોતન કરાયું છે. યદ્યપિ 'इन्द्रवृन्दनतं' કહે તો પણ પૂજાતિશયનું દ્યોતન થઈ શકતું હતું. પરંતુ જે સારસ્વતમન્ત્રથી ગ્રન્થકારને અપૂર્વસિદ્ધિ પ્રાપ્ત થઈ છે તે સારસ્વત બીજમન્ત્ર 'ऐंकार' ની પણ ગ્રન્થારંભમાં કૃતજ્ઞભાવે સ્મૃતિ કરવી એ પ્રસ્તુત ગ્રન્થકારશ્રીના ગ્રન્થોની એક લાક્ષણિકતા છે. માટે સ્વ-ઈષ્ટ અને સ્વસિદ્ધ એવા સારસ્વત મન્ત્રનું સ્મરણ પણ અંતર્ગત રીતે થઈ જાય એ હેતુથી **'ऐन्द्रवृन्दनतं'** એવો પ્રયોગ કર્યો છે.

**'नत्वा'** - શ્રી જિનેશ્વર પરમાત્માને નમીને ગ્રન્થનો પ્રારંભ કરાયો છે. નમસ્કાર એટલે પરોત્કાર્ષાવધિકસ્વાપકર્ષબોધાનુકૂલવ્યાપાર. આમ, 'નત્વા' પદથી શ્રીજિનેશ્વર પરમાત્માની સમક્ષ ગ્રન્થકારે પોતાના અપકર્ષને વ્યક્ત કર્યો છે. વળી, 'क्त्वा' પ્રત્યય દ્વારા નમસ્કારમાં ગ્રન્થરચના કરતા પૂર્વકાલીનત્વ જણાય છે તેથી જિનનમનપૂર્વક જ ગ્રન્થરચનાનો પ્રારંભ કરવો ગ્રન્થકારને ઈષ્ટ છે એ વાત પણ 'क्त्वा' પ્રત્યયથી વિદિત થાય છે.

**'जिनं'** - 'જયતિ રાગાદિશત્રૂનિતિ જિનઃ' એવી 'જિન' પદની વ્યુત્પત્તિ હોવાથી જિનપદથી (= વિશેષ્યપદથી) પરમાત્માનો **અપાયાપગમાતિશય** જણાવાયો છે.

**'तत्त्वार्थदेशिनं'** - અહીં इन् પ્રત્યય શીલાર્થક ('સ્વભાવ' અર્થમાં) છે. તેથી ઉક્ત વિશેષણપદનો અર્થ આવો થશે. - 'જીવાદિ તત્ત્વભૂત અર્થોની દેશના આપવાના સ્વભાવવાળા'. આથી જણાય છે કે શ્રીજિનેશ્વર પરમાત્મા કૈવલ્યપ્રાપ્તિ બાદ પ્રતિદિન તાત્ત્વિક દેશનાઓ આપવાના સ્વભાવવાળા હતા.

**કૈમુતિક ન્યાય :** 'તારા માટે હું પ્રાણ પણ આપી દઉં, ધનની તો વાત જ શું કરવી ?' અહીં 'किमुत धनम्' પ્રયોગ થાય. આ રીતે किमुत પદથી જે સંગ્રહી લેવાય તે કૈમુતિકન્યાયથી સંગૃહીત થયેલું જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**दन्योऽर्थ इति यावत्, तौ व्यवस्यति यथास्थितत्वेन निश्चिनोतीत्येवंशीलं स्वपरव्यवसायि ।**

विशेषणतोभयाक्रान्तमेतत् । '**तत्त्वार्थदेशिनमिति**' - जीवादितत्त्वानामर्थं तत्त्वभूतानर्थान् वाऽनेकान्तादीन् देशितुं शीलमस्येति, तम्, अनेन वचनातिशयः साक्षात्प्रकटितः, ज्ञानपूर्वकत्वनियमाद् वचनरचनाया ज्ञानातिशयोऽप्याविष्कृतः ।

'**प्रमाणनयनिक्षेपैरि**'**ति** - अनेन अभिधेयाभिधानं कृतं सम्बन्धाधिकारिप्रयोजनाऽवगमस्तु स्वबुद्धयां कर्तव्य इत्यनुबन्धचतुष्टयकथनं। यद्यपि नयशब्दस्याऽल्पस्वरत्वात् द्वन्द्वे पूर्वनिपातः प्राप्नोति तथापि *'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' (तत्त्वार्थ १-१)* इत्यत्र ज्ञानपदादल्पाच्तरादपि दर्शनपदस्य बह्वचोऽभ्यर्हिततया पूर्वं प्रयोगदर्शनात् *'लघ्वक्षराऽसखीदूत - स्वराद्यदल्पस्वरार्च्यमेकं* **(सिद्धहै. सू.३-१-१६०)** इत्यनुशासनबलाच्च प्रमाणस्याभ्यर्हिततया पूर्वनिपातः । '**तर्कभाषामिति**' - ग्रन्थाभिधानमेतत्

શ્રી તીર્થંકર પરમાત્મા પ્રતિદિન દિવસના પ્રથમ અને ચરમ પ્રહરમાં દેશના આપતા હોય છે. આ રીતે ભગવાન્ મહાવીર દેવે પોતાના સાધિક ૩૨ વર્ષના કેવળપર્યાયમાં લગભગ ૨૨ હજાર જેટલી દેશનાઓ આપી. આયુષ્યના છેલ્લા ૨ દિવસ શેષ રહેતા સળંગ સોળ પ્રહરની દેશના આપી હતી. આ બધી હકીકતો જોતા અહીં પ્રયુક્ત થયેલ શીલાર્થક इन् પ્રત્યય સાર્થક છે. વસ્તુમાત્રમાં અનેકાન્તાત્મકતાની પ્રરૂપણા કરવી એ જ અહીં 'દેશનામાં તાત્ત્વિકતા' છે. આવી તત્ત્વભૂતઅર્થોની દેશના અન્ય કોઈ દર્શનના પ્રણેતાઓ આપી શક્યા નથી, માત્ર શ્રી જિનેશ્વર પરમાત્મા જ આવી દેશના આપી શક્યા છે માટે માત્ર શ્રી જિનેશ્વર પરમાત્મા જ તત્ત્વાર્થદેશી હોવા સિદ્ધ થાય છે. તેનાથી પરમાત્માનો '**વચનાતિશય**' જણાવાયો છે. વળી, વચનપ્રયોગ કરતા પૂર્વે વાક્યાર્થજ્ઞાન હોવું આવશ્યક છે. માટે જે તત્ત્વભૂત અર્થોની દેશના આપતા હોય તેઓમાં અપૂર્વકોટિનું જ્ઞાન પણ હોય જ. આથી આ જ વિશેષણપદ દ્વારા અર્થાપત્તિથી શ્રીજિનેશ્વર પરમાત્માનો '**જ્ઞાનાતિશય**' પણ દર્શાવાયો છે. આ રીતે 'जिनं' એ વિશેષ્યપદથી અપાયાપગમાતિશય અને શેષ બે વિશેષણ પદોથી અન્ય ત્રણ મૂળ અતિશયો, એમ ચારે ય મૂળ અતિશયો આ મંગલશ્લોકના પૂર્વાર્ધ દ્વારા જ દર્શાવાયા છે. શ્લોકના ઉત્તરાર્ધમાં અભિધેયનું કથન કરાયું છે.

**प्रमाणनयनिक्षेपैः** - પ્રમાણ, નય અને નિક્ષેપનું નિરૂપણ આ ગ્રન્થમાં કરાશે. આ પદથી ગ્રન્થના વિષયવસ્તુને પ્રગટ કરેલ છે. **પ્રશ્ન :** વ્યાકરણના નિયમાનુસાર દ્વન્દ્વ સમાસમાં અલ્પસ્વરી શબ્દ પૂર્વમાં આવે માટે 'નય' પદ પહેલા આવવું જોઈએ પરંતુ અહીં 'પ્રમાણ' પદ પૂર્વમાં શા માટે મૂક્યું ? **ઉત્તર :** વસ્ત્વંશગ્રાહી નય કરતા વસ્તુનો સંપૂર્ણ બોધ કરાવનારૂં હોવાથી પ્રમાણ અભ્યર્હિત (અધિક પૂજ્ય) છે માટે અહીં સમાસમાં પ્રમાણને અગ્રસ્થાન મળ્યું છે. ગ્રન્થપ્રારંભમાં અભિધેય, સંબંધ, અધિકારી અને પ્રયોજન આ ચાર વસ્તુ જણાવાય છે. આને અનુબન્ધચતુષ્ટય કહેવાય છે. શ્લોકના પૂર્વાર્ધમાં મંગલ કર્યા બાદ ઉત્તરાર્ધમાં સાક્ષાત્ કે ગર્ભિત રીતે આ અનુબન્ધચતુષ્ટયનું જ્ઞાપન કરાયું છે. પ્રમાણ, નય અને નિક્ષેપ આ ત્રણ વિષયોનું આ ગ્રન્થમાં નિરૂપણ કરાશે એવું કહેવા દ્વારા અભિધેયનું સાક્ષાત્ કથન કર્યું. પ્રમાણાદિ રૂપ વિષયની સાથે પ્રસ્તુત ગ્રન્થનો પ્રતિપાદ્ય-પ્રતિપાદકભાવ, બોધ્યબોધકભાવાદિ રૂપ સંબંધ જાણવો. પ્રતિપાદ્ય વિષયના અર્થી જિજ્ઞાસુઓ એના અધિકારી સમજવા એવો ફલિતાર્થ પણ આ જ પદથી જણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**'तनोमी'ति**-विस्तारयामि **'अहमिति'** साक्षात्कर्तृनिर्देशः।

तत्र **'स्वपरव्यवसायिज्ञानं प्रमाणमिति'** 'यथोद्देशं निर्देश' इति कृत्वा प्रथमं तावत्प्रमाणं निरूपयति, 'मानाधीना मेयसिद्धिर्मानसिद्धिश्च लक्षणादिति प्रथमत एव तल्लक्षणमभिदधाति, तत्रापि सामान्यलक्षणपूर्वकत्वाद् विशेषलक्षणस्यादौ तत्सामान्यलक्षणमेवाह **तत्रेत्यादिना** = प्रमाणादीनां मध्य इत्यर्थः ।

यद्यपि प्रमाणसामान्यलक्षणानि नानादर्शनप्रसिद्धान्यनेकशो वर्तन्ते, किन्तु परमार्थतोऽलक्षणान्येव तानि। तथाहि - अर्थोपलब्धिहेतुः प्रमाणमिति **यौगाः**, यदुक्तं *'उपलब्धिहेतुः प्रमाणमिति'* **(न्या.सू.भा.-२-१-११) तच्च न सम्यक्**, प्रमातृप्रमेययोरपि नेत्राञ्जनशरीराहारादीनाञ्च व्यवहितानामप्यर्थोपलब्धौ हेतुत्वेन प्रामाण्यप्रसङ्गात्, साक्षाद्धेतुत्व एवाभ्युपगम्यमाने हि न ज्ञानाद्व्यतिरिक्तं किञ्चित्प्रमाणमिति त्वग्रे व्यक्तीभविष्यति । **एतेन** *'अव्यभिचारिणीमसंदिग्धामर्थोपलब्धिं विदधती बोधाबोधस्वभावा सामग्री* (कारकसाकल्यं) *प्रमाणमि*'ति यदवादि कारकसाकल्यप्रामाण्यवादिना **जयन्तभट्टेन न्यायमञ्जर्याम्**

---

**तर्कभाषां तनोम्यहम् → तन्** ધાતુને વર્તમાન આખ્યાતપ્રત્યય मि લગાડીને 'तनोमि' ક્રિયાપદ બન્યું. અત્યારે તો ગ્રન્થકાર મંગલાચરણ કરી રહ્યા છે. 'તર્કભાષા' ગ્રન્થનો આરંભ તો હવે થવાનો છે છતાં પણ ભવિષ્યત્ અર્થબોધક આખ્યાતનો પ્રયોગ ન કરતા વર્તમાન આખ્યાતનો પ્રયોગ કેમ કર્યો ? એવો પ્રશ્ન યદ્યપિ ઊભો થઈ શકે છે છતાં પણ **'वर्तमानसमीपे वर्तमानवद् वा'** એ ન્યાયથી એકદમ નિકટના ભવિષ્યમાં થનારા કે ભૂતકાળમાં થયેલા કાર્ય માટે વર્તમાનકાલિક પ્રયોગ થાય તો તે અસાધુપ્રયોગ ગણાતો નથી. આમ આ વાક્યથી એકદમ નિકટના ભવિષ્યમાં જ ગ્રન્થરચના કરવાની ગ્રન્થકારની પ્રતિજ્ઞા સૂચિત થાય છે. (શ્રોતાના મનમાં સાવધાનતાની સિદ્ધિ કરવા માટે આવું પ્રતિજ્ઞાવાક્ય પણ આવશ્યક છે.) અથવા તો, મંગલ શ્લોક પણ ગ્રન્થનો જ એક ભાગ ગણી લઈએ તો તે ગ્રન્થ કરતા કાંઈ સર્વથા ભિન્ન હોતો નથી એટલે એ દૃષ્ટિએ મંગલ શ્લોકનો પ્રારંભ એ જ ગ્રન્થનો પણ પ્રારંભ છે માટે આ રીતે ગ્રન્થરચના હવે વર્તમાનકૃતિ બની જતી હોવાથી તેને જણાવવા વર્તમાન આખ્યાતનો પ્રયોગ કર્યો છે એવું અર્થઘટન પણ થઈ શકે છે.

### * પ્રમાણનું સામાન્ય લક્ષણ *

'यथोद्देशं निर्देशः' → 'જે ક્રમથી વિષયનો નામનિર્દેશ કર્યો હોય તે જ ક્રમથી નિરૂપણ કરાય છે' એ નિયમ પ્રમાણે સૌપ્રથમ પ્રમાણના નિરૂપણનો આરંભ કરાય છે. કોઈ પણ તત્ત્વની વ્યાખ્યા કરવી હોય ત્યારે સામાન્ય રીતે 'तत्त्वभेदपर्यायैः व्याख्या' ના નિયમ પ્રમાણે વ્યાખ્યા કરાય છે. 'તત્ત્વ' એટલે તે વિવક્ષિત તત્ત્વનું અસાધારણ સ્વરૂપ (લક્ષણ). અહીં પણ સૌપ્રથમ પ્રમાણનું લક્ષણ બતાવાય છે. આગળ પ્રમાણના ભેદ-પ્રભેદો બતાવાશે ત્યારે તેના વિશેષલક્ષણો પણ ત્યાં જ કહેવાશે. સૌપ્રથમ તો પ્રમાણનું સામાન્ય લક્ષણ જણાવે છે -

સ્વ અને પરનો યથાર્થ નિશ્ચય કરાવનાર જ્ઞાન એ પ્રમાણ છે. અહીં 'સ્વ' પદ જ્ઞાનના પોતાના સ્વરૂપનો વાચક છે. (જ્યાં જે અર્થ પ્રતિપાદ્ય હોય ત્યાં તે અર્થના સ્વરૂપના વાચક તરીકે 'સ્વ' શબ્દનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अत्र दर्शनेऽतिव्याप्तिवारणाय ज्ञानपदम्। संशयविपर्ययानध्यवसायेषु तद्वारणाय व्यवसायिपदम्।**

- **तदप्यपास्तं**, सामग्र्या अव्यवहितकरणत्वायोगात् । *'अविसंवादिज्ञानं प्रमाणमि*ति **बौद्धाः**, **(प्रमाणवा. २-१)**, **तदपि न**, **बौद्ध**मते हि प्रत्यक्षानुमाने द्व एव प्रमाणे, यदुक्तं **धर्मकीर्तिना न्यायबिन्दौ** *'द्विविधं सम्यग्ज्ञानं, प्रत्यक्षमनुमानं चेति'* तत्र न तावत्प्रत्यक्षस्याविसंवादित्वं, तस्य निर्विकल्पकतया स्वविषयनिश्चायकत्वाभावात्, नाप्यनुमानस्य, **बौद्ध**मतेन तस्याप्यपारमार्थिकसामान्यविषयकतया पारमार्थिकप्रामाण्याभावात् । **'अनधिगतार्थाधिगन्तृत्वं प्रमाणमिति' तु भाट्टाः यदुक्तं** - *'अनधिगततथाभूतार्थनिश्चायकं प्रमाणमिति'* **(शास्त्रदीपिका-) तदप्यव्यापकं**, तैरेव प्रमाणतयाभिमतेषु धारावाहिकज्ञानेष्वनधिगतार्थाधिगन्तृत्वाभावात् । उत्तरोत्तरक्षणविशिष्टानामर्थानामधिगन्तृत्वेनाद्दोष इति **चेत्**, स्वीक्रियतां तर्हि तथाभूतार्थग्राहिण्याः स्मृतेरपि प्रमाण्यमिति यत्किञ्चिदेतत् । अन्यान्यापि यान्यविचारितरमणीयानि प्रमाणसामान्यलक्षणानि, तत्खण्डन-प्रकारश्च **स्याद्वादरत्नाकरादितो**ऽवसातव्यः। एवं परकीयलक्षणनिरसनपूर्वकं हि प्ररूप्यमाणं स्वकीयलक्षणं साधिमानमाधत्ते, सङ्क्षेपार्थबुबोधयिषुत्वाद् ग्रन्थकृतोऽन्यत्र खण्डितत्वाच्च परकीयलक्षणानाम्, ग्रन्थकृताऽत्र तन्निरासायासो न कृत इति ध्येयम्।

यथोक्तं प्रमाणसामान्यलक्षणं हि **श्रीवादिदेवसूरिकृतं**, तस्यैवानुवादे कृते प्रकृतग्रन्थस्य प्राक्तनग्रन्थानुसारिता प्रदर्शिता भवति, अत्र 'प्रमाणमि'ति लक्ष्यनिर्देशः शेषस्तु लक्षणांशस्तत्रापि ज्ञानपदं विशेष्यताक्रान्तम् 'स्वपरव्यवसायी'ति तु विशेषणत्वकलितम् । आत्मभूतं हीदं लक्षणं । **अयमत्राभिप्रायः** द्विविधं हि लक्षणं, आत्मभूतमनात्मभूतञ्च, आत्मभूतं यथा 'वह्नेरौष्ण्यं', अनात्मभूतं यथा 'दण्डो देवदत्तस्य', स्वपरव्यवसायित्वस्य ज्ञानमात्रस्वाभाव्यादात्मभूतमिदं लक्षणमिति ज्ञेयम् ।

**'अत्र दर्शनेऽतिव्याप्तिवारणाय ज्ञानपदमिति' → ननु** दर्शनस्य प्रमाणालक्ष्यत्वं तस्यानिश्चाय-

---

પ્રયોગ થાય છે. પ્રસ્તુત લક્ષણવાક્યમાં મુખ્યરૂપે (અર્થાત્ વિશેષ્યરૂપે) જ્ઞાનની વાત કરાઈ છે તેથી અહીં 'સ્વ' શબ્દ જ્ઞાનના સ્વરૂપને જણાવે છે) જ્યારે કોઈ પણ જ્ઞાન થાય ત્યારે તે કોઈને કોઈ વિષયનું જ થાય છે. નિર્વિષયક કોઈ જ્ઞાન હોતું નથી. માટે અહીં 'પર' શબ્દ જ્ઞાનથી પર=અન્ય એવા અર્થનો (વિષયનો) વાચક છે. એકલું જ્ઞાન કે એકલો વિષય ક્યારે ય પ્રતીત થઈ શકે નહીં, બન્નેની સાથે જ પ્રતીતિ થાય છે. સ્વ અને પરનું પ્રકાશન કરવું એ જ્ઞાનનું અસાધારણ સ્વરૂપ છે. જ્ઞાન દ્વારા થતું પ્રકાશન જ્યારે યથાર્થનિશ્ચયાત્મક હોય ત્યારે તે જ્ઞાન વ્યવસાયિ કહેવાય છે. સ્વ અને પરનું વ્યવસાયિ (= યથાર્થ નિશ્ચય કરાવનાર) જ્ઞાન એ જ પ્રમાણ છે.

ઉક્ત લક્ષણવાક્યમાં, 'પ્રમાણ' પદથી લક્ષ્યનિર્દેશ અને શેષ પદોથી લક્ષણ નિર્દેશ થાય છે. લક્ષણાંશમાં પણ 'જ્ઞાન' પદ એ વિશેષ્ય પદ છે અને 'સ્વપરવ્યવસાયિ' પદ એ તેનું વિશેષણ પદ છે. લક્ષણગત દરેક પદોની સાર્થકતા પૂરવાર કરવા ગ્રન્થકાર લક્ષણવાક્યનું પદકૃત્ય કરે છે.

### * લક્ષણમાં 'જ્ઞાન'પદનું પ્રયોજન *

વસ્તુના સામાન્ય અંશનું ગ્રહણ કરનાર 'દર્શન'માં અતિવ્યાપ્તિ ન આવે એ માટે અહીં 'જ્ઞાન' પદ મૂક્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कतयाभिहितं, सामान्यमात्रनिश्चायकतया वा? प्रथमपक्षस्तु न रमणीयः, व्यवसायिपदेनैव एतदर्थलाभसम्भवेन ज्ञानपदवैयर्थ्यापत्तेः। द्वितीयपक्षकक्षीकारे हि कथं सन्मात्रगोचरस्य नैश्चयिकार्थावग्रहस्य मतिज्ञानोपयोगान्तर्गतत्वेन प्रामाण्यं ग्रन्थकृदुक्तं व्यवस्थास्यतीति **चेत्? श्रूयताम्**, व्यवहारानङ्गतयैव दर्शनस्य प्रमाणसामान्यलक्षणालक्ष्यत्वमुक्तमिति प्रतिभाति, यतोऽग्रे 'समीचीनो = बाधारहितो व्यवहारः = प्रवृत्तिनिवृत्तिलोकाभिलापलक्षणः संव्यवहारस्तत्प्रयोजनकं सांव्यवहारिकमिति' सांव्यवहारिकप्रमाणव्युत्पत्तिर्ग्रन्थकृतैवाभिधास्यते, ततश्च ज्ञायते यत्संव्यवहाराङ्गं भवति तदेव प्रमाणत्वेनेष्टं ग्रन्थकृतः। दर्शनस्य हि सामान्यमात्रविषयकत्वेन व्यवहारानङ्गत्वं, उक्तञ्च **स्याद्वादरत्नाकरे** *'ज्ञानमिति प्रमाणस्य विशेषणमज्ञानस्वभावस्य व्यवहारानङ्गस्य सन्मात्रगोचरस्य स्वसमयप्रसिद्धस्य दर्शनस्य, सन्निकर्षकारकसाकल्यादेश्च नैयायिकादिपरिकल्पितस्य प्रमाण्यप्रतिषेधार्थमुपन्यस्तम्'*। उक्तञ्च **श्रीगुणरत्नसूरिभिरपि षड्दर्शनसमुच्चयटीकायां**- *'अत्र ज्ञानमिति विशेषणमज्ञानरूपस्य व्यवहारमार्गानवतारिणः सन्मात्रगोचरस्य स्वसमयप्रसिद्धस्य दर्शनस्य, सन्निकर्षादेश्चाचेतनस्य नैयायिकादिकल्पितस्य प्रामाण्यपराकरणार्थमिति* (पृ.३११), तस्माद् व्यवहारानङ्गतया संव्यवहारप्रयोजनकत्वरूपं सांव्यवहारिकप्रामाण्यं तत्र न संभवतीति ज्ञायते। कथं तर्हि सन्मात्रविषयकस्य नैश्चयिकार्थावग्रहस्यापि प्रामाण्यमुपपद्येत? इष्टा च तत्र प्रामाण्योपपत्तिर्ज्ञानभेदत्वेन तस्योक्तत्वादिति **चेत्, सत्यम्**, दर्शनावग्रहयोः सामान्यविषयकत्वसाम्येऽपि पर्यन्तेऽपायात्मक-विशेषनिर्णयदर्शनाद् नैश्चयिकार्थावग्रहस्य उपचरितं प्रामाण्यमुपपद्यते, दर्शने तदभावात् तदभाव इति भाव्यते। **वस्तुतो** व्यवहारिकार्थावग्रहस्य असङ्ख्येयसमयमानस्य विशेषविषयकत्वमप्यभिहित-

---

ग्रन्थकारे 'ज्ञान' पदनी सार्थकता माटे आपेला आ हेतु उपरथी तेओश्रीना केटलाक विशेष अभिप्रायो पण जणाय छे. बोध एटले उपयोग. तेना बे भेद छे. (१) वस्तुना सामान्यअंशनुं ज प्रधानपणे प्रकाशन करे ते दर्शनोपयोग (२) वस्तुना विशेषधर्मोनुं ज प्रधानपणे प्रकाशन करे ते ज्ञानोपयोग. अहीं 'दर्शन' ने प्रमाण मानवुं ग्रन्थकारने ईष्ट नथी. अर्थात्, तेने लक्ष्य कोटिमां लेवुं ग्रन्थकारने अभिप्रेत नथी ए वात 'अतिव्याप्तिवारणाय' पदथी जणाय छे. हवे ए जोवानुं रहे के दर्शनने प्रमाण न मानवा पाछळ कारण शुं छे ? दर्शन ए निश्चायक नथी माटे अप्रमाण छे ? के पछी मात्र सामान्यांशनुं ज प्रधानपणे प्रकाशन करे छे माटे अप्रमाण छे ? जो दर्शन ए निश्चायक न होय तो तो 'व्यवसायि' (= यथार्थ निश्चायक) पदथी ज तेमां अतिव्याप्तिनुं वारण संभवतु हतुं, पृथक् 'ज्ञान' पदनी जरूर रहेती नहोती. परंतु अहीं 'ज्ञान' पदथी अतिव्याप्तिनुं वारण करायुं छे ते एम सूचवे छे के यथार्थनिर्णय तो दर्शन द्वारा पण थई शकतो होवो जोईए. परंतु ए मात्र सामान्यधर्मविषयक ज होय छे अने वस्तुनो स्पष्ट बोध सामान्यधर्मना निर्णयथी थई न शके माटे दर्शनने प्रमाण तरीके गणवामां आव्युं नथी, आवुं मानवुं योग्य लागे छे. (**स्याद्वादरत्नाकर** ग्रन्थमां **श्री वादिदेवसूरि** महाराजे 'ज्ञान' पदनी सार्थकता अन्य रीते पण जणावी छे. न्यायादिदर्शनकारो ईन्द्रियार्थसन्निकर्षने प्रमाण माने छे. **न्यायमंजरीकार जयंतभट्ट** कारकसाकल्य (=कारण सामग्री) ने प्रमाण कहे छे. जैन दर्शन प्रमाणे तो प्रमाण हंमेशा ज्ञानात्मक ज होय छे. सन्निकर्षादि बधा जडरूप, अज्ञानात्मक छे तेथी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मेवाऽऽगमे, वक्ष्यते चात्रापि, ततश्च मुख्यवृत्त्या तस्यैव प्रामाण्यमिति ध्येयम् ।

व्यवसायिपदसार्थक्यमुपपादयति **'संशयविपर्ययानध्यवसायेषु तद्वारणाय व्यवसायिपदमिति'** → व्यवस्यति = यथावस्थिततत्वेन निश्चिनोतीत्येवं शीलं यत्तद् व्यवसायीति । अत्र यथावस्थिततत्वेनेति पदेन विपर्ययविघटनं, निश्चिनोतीतिपदेन संशयानध्यवसायप्रतिक्षेपः, तथा च यथार्थज्ञानमेव प्रमाणमिति फलितं। ग्रन्थान्तरीयप्रमाणसामान्यलक्षणेषु शब्दभेदे सत्यपि बहुशोऽयमेवार्थः पर्यवसितो भाति, यदुक्तं तार्किकाग्रणीभिः **श्रीसिद्धसेनदिवाकरसूरिभिः** *'प्रमाणं स्वपराभासि, ज्ञानं बाधविवर्जितम्'* **(न्यायाव.१)** *'प्रमाणं स्वार्थ-निर्णीतिस्वभावज्ञानमि'***ति सम्मतिटीकाकृद्भिश्च,** (पृ.५१८) *'सम्यगर्थनिर्णयः प्रमाणमिति'* **च श्रीहेमचन्द्रसूरिभिः प्रमाणमीमांसायां** (सूत्र १-१-२)। **इदमत्राधिकम्** - प्रत्यक्षज्ञानस्य यन्निर्विकल्पकतया प्रामाण्यं पर्यकल्पि ताथागतैः तन्निराकरणार्थमपि व्यवसायिपदं ज्ञेयम् ।

अत्र प्रसङ्गतः संशयादीनां स्वरूपमभिधीयते → अतस्मिंस्तद्ग्रहः समारोप उच्यते । तस्य तिस्रो विधा विपर्ययसंशयाऽनध्यवसायभेदात्, वस्तुन्यविद्यमानतया विपरीताया एकस्या एव कोटेः निश्चयनं विपर्यय उच्यते, यथा शुक्तिकायामविद्यमानस्य रजतत्वस्य, यदुक्तं **प्रमाणनयतत्त्वालोकालङ्कारे** *'विपरीतैककोटि-निष्टङ्कनं विपर्यय इति'* **(१-१०)** *'यथा शुक्तिकायामिदं रजतमिति'* **(१-११)**

उल्लिख्यमानानिश्चितस्थाणुत्वपुरुषत्वाद्यनेकांशकं सम्भाव्यमानकोटिसाधकासम्भाव्यमानकोटिबाधक-प्रमाणाभावाद् विधौ प्रतिषेधे वा असमर्थं यज्ज्ञानं तत् संशय उच्यते, यदुक्तं- **प्र.न.तत्त्वा.**→ *'साधक*

---

'જ્ઞાન' પદથી અન્યસંમત આ બધાનો વ્યવચ્છેદ થાય છે. એવું સ્યાદ્વાદરત્નાકરમાં જણાવાયું છે.)

**✻ લક્ષણગત 'વ્યવસાયિ'પદની સાર્થકતા ✻**

'स्वपरप्रकाशकं ज्ञानं प्रमाणं' આવું લક્ષણ બનાવે તો શું વાંધો આવે ? એવી શંકા થઈ શકે છે પરંતુ અહીં 'પ્રકાશક' ને બદલે 'વ્યવસાયિ' પદ મૂકવા પાછળ પણ ગ્રન્થકારનું વિશેષ પ્રયોજન છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાય પણ જ્ઞાનરૂપ હોવાથી સ્વપરના પ્રકાશક તો છે જ. તેથી સંશયાદિમાં લક્ષણ અતિવ્યાપ્ત થઈ જાય પરંતુ 'વ્યવસાયિ' પદથી આ અતિવ્યાપ્તિનું વારણ કરાયું છે. 'વ્યવસાયિ' શબ્દ વિ + અવ + સો ધાતુ પરથી બન્યો છે. 'विशेषेण = संशयादिनिराकरणेन अवसीयते वस्तु अनेन इति व्यवसायः' આવી વ્યુત્પત્તિથી 'વ્યવસાયિ' પદ સંશયાદિમાં ઘટી શકતું નથી કારણ કે સંશયાદિમાં યથાર્થ નિર્ણય હોતો નથી. (અહીં એક બીજી વાત પણ જણાય છે. 'સ્વપરવ્યવસાયાત્મકં જ્ઞાનં પ્રમાણં' આવું લક્ષણ કરે તો પણ ઉક્ત બધી આપત્તિઓનું વારણ થવું સંભવે છે તો પછી 'વ્યવસાયિ' પદ, અર્થાત્ इन् પ્રત્યયની જરૂર શું છે ? એવો પ્રશ્ન થવો સહજ છે. પરંતુ इन् પ્રત્યય સુધી પહોંચીને ગ્રન્થકાર એમ કહેવા માંગે છે કે સ્વપરનો વ્યવસાય એટલે કે સ્પષ્ટ બોધ એ તો ફળસ્વરૂપ છે. એ જેનાથી થાય એવું ફળથી કથંચિદ્ ભિન્ન જ્ઞાન, એ જ અહીં પ્રમાણ તરીકે અભિપ્રેત છે. આમ પ્રમાણ અને ફળજ્ઞાન વચ્ચેનો ભેદાભેદ જણાવવા इन् પ્રત્યય છે.)

અહીં પ્રસંગોપાત્ત સંશયાદિનું સ્વરૂપ જોઈ લઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*बाधकप्रमाणाभावादनवस्थितानेककोटिसंस्पर्शि ज्ञानं संशय इति'* (१-१२) *यथाऽयं स्थाणुर्वा पुरुषो वेति* (१-१३) अत्र 'साधकबाधकप्रमाणाभावाद्' इत्येतावदंशेन संशयस्य कारणमभिहितं, इतरांशस्तु संशयस्यासाधारणस्वरूपद्योतनपरः ।

विशेषोल्लेखि ज्ञानमध्यवसाय उच्यते, तस्मादन्योऽस्पष्टविशिष्टविशेषज्ञानमात्रमनध्यवसाय उच्यते यथा गच्छतः कस्यचिदन्यत्राऽऽसक्तचित्तस्य पुंसस्तृणस्पर्शज्ञानं। यदुक्तं **प्र.न.तत्त्वा** - *'किमित्यालोचनमात्र-मनध्यवसाय इति'* (१-१४) *'यथा गच्छत्तृणस्पर्शज्ञानमिति'* (१-१५)। अन्यत्राऽऽसक्तचित्ततया हि न तस्यैवंजातीयमेवंविधनामकं वा वस्तु मया स्पृष्टमिति विशेषोल्लेखः समस्ति, केवलं किमपि मया स्पृष्टमित्येतावन्मात्रकमेव ज्ञानं तत्रोदेति। 'अनध्यवसाय' इत्यत्र नञोऽल्पार्थकत्वं बोध्यम्, न त्वात्यंतिकनिषेध-परत्वमन्यथा ज्ञानपदेनैव तद्व्यावृत्तिसंभवे व्यवसायिपदेन तद्व्यावृत्तिप्रदर्शनानुपपत्तेः। **नन** यद्येतादृशमनध्यवसाय-स्वरूपमभ्युपगम्यते तदा को नाम प्रतिविशेषोऽनध्यवसायार्थावग्रहयोरर्थावग्रहस्यापि सामान्यमात्रगोचरतयै-वाभिध्यास्यमानत्वादिति **चेत्, अत्रोच्यते**, आकाराभेदेऽपि फलभेदकृतः प्रतिविशेषोऽत्र सम्भवी, किमित्यालोचनमात्रज्ञानं यदीहादिरूपवक्ष्यमाणक्रमेण निश्चयात्मकमपायाऽऽख्यज्ञानं जनयति तदा तदेव किमित्यालोचनमात्रज्ञानमर्थावग्रह उच्यते, यदि च न तं जनयति तदाऽनध्यवसाय इति ब्रूमः।

## * સંશય-વિપર્યય-અનધ્યવસાયનું સંક્ષિપ્ત સ્વરૂપ *

**પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** ગ્રન્થમાં સંશયાદિનું જે સ્વરૂપ જણાવ્યું છે તે રીતે અહીં જણાવાય છે. 'साधकबाधकप्रमाणाभावादनवस्थितानेककोटिसंस्पर्शिज्ञानं संशयः, यथा-अयं स्थाणुर्वा पुरुषो वेति (सूत्र-१/१२, १३)

વિવક્ષિત વસ્તુનું સાધક કે બાધક પ્રમાણ ન મળવાથી અનેક કોટિ વચ્ચે ઝુલતું (દોલાયમાન) જ્ઞાન તે સંશય. દા.ત. કોઈ માણસને સંશય પડ્યો કે 'આ સામે દેખાય તે સ્થાણું (ઝાડનું ઠુંઠું) હશે કે પુરુષ હશે ?' આ જ્ઞાન સ્થાણુત્વ અને પુરુષત્વ એ બે કોટિઓ વચ્ચે ઝુલતું છે. હવે જો સામે દેખાતી તે વસ્તુમાં હલનચલન જણાય તો આ હલનચલનનું દર્શન એ પુરુષત્વ સાધક અને સ્થાણુત્વબાધક પ્રમાણ બને એટલે પુરુષનો નિર્ણય થઈ જાય. અથવા તો સામે દેખાતી વસ્તુ પરથી પક્ષીઓનું ઉડ્ડયનાદિ દેખાય તો એ સ્થાણુત્વસાધક અને પુરુષત્વબાધક પ્રમાણ બને તેથી સ્થાણુનો નિર્ણય થઈ જાય. પરંતુ જો બેમાંથી એકે ય કોટિ (અંશ)નું સાધક કે બાધક એક પણ પ્રમાણ ન મળે તો બન્ને કોટિઓ અનિર્ણીત જ રહે અને એ બન્ને અનિર્ણીત કોટિઓ વચ્ચે જ્ઞાન ઝોલા ખાતું જ રહે. સાધકબાધકપ્રમાણાભાવ એ સંશયનું કારણ છે અને અનવસ્થિત (અનિર્ણીત) અનેકકોટિસંસ્પર્શિત્વ એ સંશયનું અસાધારણ સ્વરૂપ છે.

विपरीतैककोटिनिश्चयनं विपर्ययः, यथा शुक्तिकायामिदं रजतमिति (सूत्र-१/१०, ११) વસ્તુમાં વિપરીતકોટિનો નિશ્ચય થવો તે વિપર્યય. દા.ત. શુક્તિકા (છીપલા) ને વિશે આ ચાંદી છે એવું જ્ઞાન. દૂર પડેલા છીપલાને તડકામાં ચમકતું જોઈને કોઈને ચાંદીનો ભ્રમ થઈ શકે છે. કેટલીક વાર કોઈને દોરડામાં સર્પનો વિપર્યય થઈ જાય. વિપરીત નિશ્ચયાત્મક જ્ઞાન તે વિપર્યય. ('તદ્વતિ તત્પ્રકારકં જ્ઞાનં' એ પ્રમાણનું લક્ષણ છે. જેમ કે ઘટત્વવતિ (ઘટે) ઘટત્વપ્રકારક જ્ઞાન. અતદ્વતિ તત્પ્રકારક જ્ઞાન એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वपरेति पदद्वयमुपपादयन्नाह स्वपरेति **स्वरूपविशेषणार्थमुक्तमिति → अयम्भावः** द्विविधं हि विशेषणं व्यावर्तकं, स्वरूपद्योतकञ्चेति। तत्र व्यभिचारादिदोषवारकतयाऽऽद्यं सार्थकं, अन्त्यञ्च परिचायकतयैवोपयुज्यते, ज्ञानमात्रस्य स्व-परोभयाऽवभासकत्वात्। स्वपरेतिपदद्वयस्य ज्ञानस्वरूपमात्रोपरञ्जन-प्रयोजनकतया न वस्तुतः प्रमाणलक्षणाङ्गत्वमिति फलितार्थः। अत एव सम्यगर्थनिर्णस्य प्रामाण्यं

---

વિપર્યય (ભ્રમ)નું લક્ષણ છે. જેમ કે રજતત્વાભાવવતિ (છીપલામાં) રજતત્વપ્રકારકજ્ઞાન)

किमित्यालोचनमात्रमनध्यवसायः, यथा गच्छत्तृणस्पर्शज्ञानमिति (सूत्र-१/१४,१५) વસ્તુના વિશેષધર્મોના ઉલ્લેખથી શૂન્ય 'કંઈક' એવા આલોચનમાત્રરૂપ જ્ઞાનને અનધ્યવસાય કહેવાય છે. દા.ત. રસ્તે ચાલતા કોઈ માણસને આજુબાજુમાં ઉગેલા ઘાસનો સ્પર્શ થયો પરંતુ તે માણસનું ચિત્ત અન્યત્ર ઉપયુક્ત હોવાથી 'અમુક નામની અમુક વસ્તુ મને સ્પર્શે છે' આવા વિશેષ ઉલ્લેખ વિનાનું, પણ 'કંઈક સ્પર્શે છે'નો અનુભવ જે થતો હોય તેને અનધ્યવસાય કહેવાય છે.

**પ્રશ્ન :** અનધ્યવસાયનું જો આવું સ્વરૂપ માનીએ તો અર્થાવગ્રહ અને અનધ્યવસાય વચ્ચે શું ભેદ રહેશે ? અર્થાત્, બન્ને એકરૂપ થઈ જવાની આપત્તિ આવશે. કારણ કે અર્થાવગ્રહનું સ્વરૂપ પણ આવું જ બતાવ્યું છે.

**ઉત્તર :** યદ્યપિ બન્નેનું સ્વરૂપ સમાન જણાય છે. છતાં પણ, એટલો ભેદ પાડી શકાય કે જ્યારે તાદૃશ આકારનું જ્ઞાન આગળ જઈને અપાયરૂપ નિશ્ચયાત્મક જ્ઞાનને ઉત્પન્ન કરે તો તેને અર્થાવગ્રહ કહેવાય અને જો તે જ્ઞાન આગળ જઈને કોઈ જ્ઞાનને ઉત્પન્ન ન કરે તો તે અનધ્યવસાય જાણવો.

**પ્રશ્ન :** આમ તો 'न अध्यवसायः इति अनध्यवसायः' આવા વિગ્રહ દ્વારા જ્ઞાનાભાવને જ અનધ્યવસાય કહેવાય એ પ્રસિદ્ધ છે પરંતુ પ્રસ્તુતમાં કરાયેલા અર્થ પ્રમાણે 'અનધ્યવસાય' પદનો અર્થ જ્ઞાનાભાવ થતો નથી.

**ઉત્તર :** અહીં 'અલ્પ' અર્થમાં 'નञ्' લાગ્યો છે. જેમ અત્યલ્પ ધનવાળાને નિર્ધન કહેવાય છે તે રીતે પ્રસ્તુતમાં 'अल्पः अध्यवसायः यत्र स अनध्यवसायः' એવો અર્થ પણ સંગત છે.

વ્યવસાયાત્મક જ્ઞાનમાં વસ્તુના યથાર્થસ્વરૂપનો નિશ્ચયાત્મક બોધ થાય છે. સંશયાદિ ત્રણે જ્ઞાનરૂપ હોવા છતાં પણ વ્યવસાયાત્મક નથી. સંશયજ્ઞાન તો દોલાયમાન હોવાથી ત્યાં વસ્તુનો નિર્ણય જ નથી. વિપર્યયજ્ઞાન યદ્યપિ નિશ્ચયાત્મક છે ખરૂં પરંતુ યથાર્થનિશ્ચય ત્યાં પણ નથી. અનધ્યવસાયમાં વસ્તુના વિશેષધર્મોનો નિર્ણય નથી માટે વ્યવસાયાત્મકતા ત્રણેમાં ઘટી શકતી નથી. તેથી 'વ્યવસાયિ' પદથી સંશયાદિ ત્રણેનો વ્યવચ્છેદ થાય છે.

## * લક્ષણગત 'સ્વ-પર' પદની સાર્થકતા *

આમ તો જે કોઈ પણ જ્ઞાન હોય તે સ્વ-પર ઉભયનું વ્યવસાયિ જ હોય છે. એકલું સ્વવ્યવસાયિ કે પરવ્યવસાયિ કોઈ જ્ઞાન હોતું જ નથી માટે આમ તો 'સ્વ-પર' પદો ન મૂકતા 'વ્યવસાયિજ્ઞાનં પ્રમાણં' એટલું જ માત્ર લક્ષણ કરે તો પણ તે પર્યાપ્ત છે. છતાં પણ, અન્યદર્શનીઓના મતનો નિરાસ કરવા માટે 'સ્વ-પર' પદ મૂક્યાં છે. જૈનદર્શન માટે તો એ બન્ને પદો માત્ર સ્વરૂપદર્શક જ છે એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परोक्षबुद्ध्यादिवादिनां मीमांसकादीनाम्, बाह्यार्थापलापिनां ज्ञानाद्यद्वैतवादिनां च मतनिरासाय व्यवस्थापयता **श्री-हेमचन्द्रसूरिणोक्तं प्रमाणमीमांसायां** *'स्वनिर्णयः सन्नप्यलक्षणमप्रमाणेऽपि भावात्'* (सूत्र १-१-४) इति न स्वपरेतिपदद्वयं वस्तुतो लक्षणघटकमिति स्थितम् । **किञ्च**, वस्तुस्वरूपद्योतनपरस्यापि विशेषणस्य परसंमतमिथ्यावस्तुस्वरूपव्यावर्तनक्षमत्वेन श्रोतुः सम्यग्वस्तुस्वरूपे स्थैर्यापादकत्वादपि महत्साफल्यम् । अनयैव युक्त्या प्रक्रमे स्वपदेन ज्ञाने नित्यपरोक्षत्वं **मीमांसक**संमतं, एकात्मसमवेतज्ञानान्तरवेद्यत्वं **नैयायिक**संमतं निराक्रियते ।

**मीमांसकास्ता**वदित्थं स्वमतं वर्णयन्ति यत्- 'ज्ञानं स्वसंविदितं न भवति स्वात्मनि क्रियाविरोधात्'। न ह्यतीवपटुरपि नटबटुः स्वकीयस्कन्धमधिरोढुं क्षमः, न च वृक्षोच्छेदेऽपि लब्धप्रसारा खड्गधारा स्वं छेत्तुमाहितव्यापारेति न परमाणुस्वरूपमपि प्रकाशयज्ज्ञानं स्वं ज्ञापयितुमलम् । **तदविचारितरमणीयम्**, यतः किमुत्पत्तिः स्वात्मनि विरुद्ध्यते ज्ञप्तिर्वा ? यद्युत्पत्तिस्तुष्यतु भवान्, अस्माकमपि हस्तमेलापोऽत्र,

---

સૂચિત કરવા માટે ગ્રન્થકારે 'स्वरूपविशेषणार्थमुक्तम्' એવું કહ્યું છે. તેમ છતાં પણ આ બે પદોથી જે રીતે અન્યમતનિરાસ થાય છે તે જોઈએ.

મીમાંસકો જ્ઞાનને પરોક્ષ માને છે. વસ્તુને પ્રકાશિત કરનારૂં પ્રત્યક્ષ જ્ઞાન પણ પોતે તો પરતઃ જ જણાય છે એવી તેમની માન્યતા છે. તેમની આ માન્યતાનું નિરસન કરવા માટે લક્ષણમાં 'સ્વ' પદ મૂક્યું છે. જ્ઞાન 'પર' ની જેમ 'સ્વ'નું પણ નિશ્ચાયક છે. એવું 'સ્વ' પદ મૂકીને જણાવવા દ્વારા મીમાંસક મતનું નિરસન કરાયું છે.

બૌદ્ધના યોગાચાર, માધ્યમિક, સૌત્રાન્તિક અને વૈભાષિક એમ ચાર મુખ્ય ભેદો છે. તેમાંથી યોગાચાર (જ્ઞાનાદ્વૈતવાદી) મત જ્ઞાનભિન્ન ઘટ-પટાદિ કોઈ પણ વસ્તુને સ્વીકારતો નથી. તેમના મતે ઘટાદિ પણ જ્ઞાનના જ આકારવિશેષો છે. ઉક્તલક્ષણવાક્યમાં 'પર' પદ મૂકીને જ્ઞાનથી અન્ય-પર વસ્તુ છે કે જે જ્ઞાનનો વિષય બને છે એવું કહેવા દ્વારા જ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધ (યોગાચાર) મતનું ખંડન કરાયું છે. ગ્રન્થકારે અહીં 'જ્ઞાનાદ્યદ્વૈતવાદિનામ્' પદમાં 'આદિ' શબ્દ વાપર્યો છે તેથી જણાય છે કે યોગાચારમતના નિરસન ઉપરાંત પણ બીજા કેટલાકોના મતનું ખંડન તેમને અભિપ્રેત છે. એક માત્ર પરબ્રહ્મને જ સત્ય માનીને શેષ ઘટપટાદિ તમામ પદાર્થોને અસત્ કહેનારા બ્રહ્માદ્વૈતવાદી વેદાન્તમતનું, સમસ્ત જગત્‌ને શબ્દમય કહેનારા શબ્દદ્વૈતવાદી (ભર્તૃહરિ) મતનું પણ આ 'પર' શબ્દથી ખંડન કરાયું છે. ઉપલક્ષણથી એ પણ સમજી લેવું કે શૂન્યવાદી માધ્યમિકમતનું 'સ્વ' અને 'પર' એ બન્ને પદો દ્વારા ખંડન થાય છે.

### * મીમાંસકમતે જ્ઞાન નિત્યપરોક્ષ છે *

'સ્વ' શબ્દથી મીમાંસક-નૈયાયિક આદિની માન્યતાઓનું ખંડન કરાયું છે. અહીં પ્રસંગતઃ તેઓની માન્યતાઓને સંક્ષેપથી જાણી લઈએ. મીમાંસકો જ્ઞાનનું પ્રત્યક્ષ માનતા નથી. અર્થાત્, જ્ઞાનને સ્વપ્રકાશ માનતા નથી. તેમની પ્રક્રિયા પ્રમાણે જ્યારે જ્ઞાનથી ઘટનું પ્રત્યક્ષ થાય ત્યારે ઘટમાં 'જ્ઞાતતા' નામનો પર્યાય ઉત્પન્ન થાય છે. ઘટમાં રહેલા આ જ્ઞાતતાપર્યાયનું પ્રત્યક્ષ થાય છે. ઘટમાં જ્ઞાતતા તો જ ઉત્પન્ન થઈ શકે. જો ઘટનું જ્ઞાન થયું હોય. તેથી જ્ઞાતતાલિંગક (કાર્યલિંગક)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञानस्य ज्ञानावारककर्मक्षयक्षयोपशमान्यतरजन्यत्वाभ्युपगमेन अभेदप्रत्यासत्त्या ज्ञानकर्तृकज्ञानकर्मकक्रियाया अनभ्युपगमात्। यदि ज्ञप्तिः, कोऽत्र विरोधः प्रकाशात्मनैव प्रदीपस्य यथोत्पत्तिस्तथैव ज्ञानस्यापि। न हि घटं प्रकाशयन् प्रदीपः स्वप्रकाशे प्रदीपान्तरमपेक्षते, ज्ञानेऽपि किमिति न स्वीक्रियते। न ह्यप्रकाशितः प्रदीपः परप्रकाशनसमर्थः, ज्ञानेऽपि तुल्यमेतत्। **ननु** यदि ज्ञानं स्वमपि प्रकाशयति तर्हि किमिति स्वविषयकज्ञानमिति न व्यवहारो दृश्यतेऽपि तु घटादिविषयकतयैव स सम्प्रवर्तत इति **चेत्**, **अयमत्र विवेकः** ज्ञानस्य स्वप्रकाश्यत्वेऽप्यकर्मकस्यैव तस्य चकासनान्नैतादृग्व्यवहारो, यथा न 'प्रदीप स्वं प्रकाशयती'ति व्यवहारोऽपि। विवक्षाविशेषतः क्वचित्तादृग्व्यवहारः स्यादपि, यथाऽत्रैव प्रमाणलक्षणव्याख्यायामेव ज्ञानस्य स्वप्रकाश्यत्वप्रतिपत्तये वक्तुं पार्यते यद् 'ज्ञानं स्वं प्रकाशयति', विवक्षाधीनत्वात् कारकाणामित्थमप्यदोष इति ध्येयम्।

**यौगास्तु** → ज्ञानं स्वान्यप्रकाश्यं प्रमेयत्वात्, घटवत्। **एतदप्यचारु**, अनैकान्तिकत्वात्, ईश्वरीयज्ञानस्य नित्यतया स्वान्यप्रकाश्यत्वाभावात्। ईश्वरीयज्ञानभिन्नत्वेन हेतोर्विशेषणाददोष इति **चेत्**, तर्ह्येकं सन्धित्सतोऽन्यत् प्रच्यवते- कालात्ययापदिष्टदुष्टदन्दशूकदष्टत्वाद् दिवंगता भवदीययुक्तिकामधुक्। तथाहि- विवादास्पदं ज्ञानं स्वसंविदितं, ज्ञानत्वात्, ईश्वरज्ञानवदिति विरोध्यनुमानबाधितत्वेन पक्षस्य

---

અનુમાનથી ઘટનું જે જ્ઞાન થયેલું હતું તેની અનુમિતિ કરાય છે. આ રીતે વિષયનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે અને એ જ્ઞાન પોતે જ્ઞાતતાલિંગકઅનુમાનથી જણાય છે. આમ મીમાંસકો જ્ઞાનને નિત્યપરોક્ષ માને છે. (મીમાંસકમતના મુખ્ય ત્રણ ભેદો છે. (૧) કુમારિલભટ્ટનો મત અહીં જે જણાવ્યો તે પ્રમાણે જાણવો. (૨) પ્રભાકર મિશ્ર જ્ઞાનને સ્વવ્યવસાયી માને છે. (૩) મુરારિ મિશ્ર જ્ઞાનને અન્ય અનુવ્યવસાય જ્ઞાનથી વેદ્ય માને છે તેથી ન્યાય - વૈશેષિક મતને આ મત મળતો આવે છે. પ્રસ્તુતમાં તો લક્ષણગત 'સ્વ' પદથી કુમારિલભટ્ટ અને મુરારિમિશ્રના મતનું ખંડન કરાયું છે. મુરારિમિશ્રનો મત ન્યાય-વૈશેષિક મતને મહદંશે મળતો આવે છે તેથી અહીં તેનો મત પૃથક્ જણાવ્યો નથી. ન્યાયાદિમત જે વક્ષ્યમાણ છે તે પ્રમાણે સમજી લેવું.)

## * ન્યાય-વૈશેષિકમતે જ્ઞાનનું સ્વરૂપ *

નૈયાયિકો જો કે મીમાંસકોની જેમ જ્ઞાનને પરોક્ષ માનતા નથી, કિન્તુ પ્રત્યક્ષ જ માને છે. પરંતુ તેઓ પણ જ્ઞાનને સ્વપ્રકાશક તો નથી જ માનતા, પરતઃ પ્રકાશ્ય જ માને છે. ઘટનું જ્ઞાન થાય તે પછી 'घटज्ञानवानहं' અર્થાત્, 'મને ઘટનું જ્ઞાન થયું છે' એવું માનસ પ્રત્યક્ષ થાય છે જેને તેઓ અનુવ્યવસાયજ્ઞાન કહે છે. પહેલું જ્ઞાન વ્યવસાયાત્મક હોય છે. જેમ ગમે તેવી તીક્ષ્ણ સોય પણ પોતાને તો ન જ ભેદી શકે, ગમે તેવી કુશળ નર્તકી પણ પોતાના ખભા ઉપર તો ન જ ચડી શકે, તેમ ગમે તેવું જ્ઞાન પણ પોતાને તો ન જ જણાવી શકે, માત્ર ઘટાદિરૂપ વિષયને જ જણાવી શકે. તે જ્ઞાન તો બીજા જ્ઞાનથી જ જણાય. વૈશેષિકની માન્યતા પણ લગભગ આવી જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स्वपरेति स्वरूपविशेषणार्थमुक्तम् । ननु यद्येवं सम्यग्ज्ञानमेव प्रमाणमिष्यते तदा किमन्यत् तत्फलं वाच्यमिति चेत्ः, सत्यमः, स्वार्थव्यवसितेरेव तत्फलत्वात् । नन्वेवं प्रमाणे स्वपरव्यव-**

बाधितं त्वदनुमानमिति यत्किञ्चिदेतत्। विस्तरार्थिना त्वाकरादिग्रन्था अवलोकनीयाः।

प्रमाणफलं दर्शयन्नाह '**स्वार्थव्यवसितेरेव तत्फलत्वादि**'ति → प्रमाणस्य फलं हि द्विविधं प्रोक्तं- आनन्तर्येण पारम्पर्येण चेति। आनन्तर्येण तावत्सकलप्रमाणानामज्ञाननिवृत्तिः फलं। प्रथमसमयादेवाशेषार्थप्रकाशनसमर्थस्य केवलज्ञानस्य प्रतिसमयमज्ञाननिवृत्तिः कथं सम्भवतीति तु न शङ्कनीयं, द्वितीयादिसमये तदनभ्युपगमे तदा केवलिनोऽकेवलित्वापत्तेः। नवरं प्रथमसमयेऽज्ञाननिवृत्तिः प्रथमसमयविशेषणा, तदनन्तरं तु द्वितीयादिसमयविशिष्टेति विशेषोऽपीति न फलाभावलक्षणो दोषः।

पारम्पर्येण केवलवर्जं शेषप्रमाणानां चोपादानहानोपेक्षाबुद्धयः फलम्। **प्रमाणमीमांसाया**मवग्रहादीनां पूर्वोत्तरक्रमसापेक्षतयाऽपि सापेक्षः प्रमाणफलभावः प्रतिपादितः यदुक्तं- '*अवग्रहादीनां वा क्रमोपजननधर्माणां पूर्वं पूर्वं प्रमाणमुत्तरमुत्तरं फलम्*' (१-१-३७)। **तथा च तद्वृत्तिः** '*ततश्चेहाफलापेक्षयाऽवग्रहः प्रमाणम्, ततोऽपीहा प्रमाणमावायः फलम्, पुनरवायः प्रमाणं धारणा फलम्, ततोऽपि स्मृतिः प्रमाणं प्रत्यभिज्ञानं फलम्, ततोऽपि प्रत्यभिज्ञा प्रमाणमूहः फलम्*। ततोऽप्यूहः प्रमाणमनुमानं फलमिति प्रमाणफलविभागो द्रष्टव्यः'। केवलज्ञानस्य तावदौदासीन्यं व्यवहितं फलं। साक्षात् समस्तार्थानुभवेऽपि

### * જૈનમતે જ્ઞાન સ્વપ્રકાશ્ય છે *

મીમાંસક, ન્યાય, વૈશેષિકાદિની ઉક્ત માન્યતાઓ સાચી નથી કારણ કે વાસ્તવમાં જ્ઞાન સ્વ-પર ઉભયનું નિશ્ચાયક હોય છે. પ્રદીપના દૃષ્ટાન્તથી આ વાતનું સમર્થન થાય છે. જેમ પ્રદીપ એ ઘટ-પટાદિ વસ્તુઓને પ્રકાશિત કરે છે તેમ સ્વયં પણ પ્રકાશિત થઈ જાય છે, તેના પ્રકાશન માટે અન્ય પ્રદીપની આવશ્યકતા રહેતી નથી. તેમ જ્ઞાન પણ અર્થની સાથે સ્વયં પણ પ્રકાશિત થઈ જ જાય છે, તેના માટે જ્ઞાનાંતરની આવશ્યકતા માનવી યુક્તિસંગત નથી. મીમાંસકાદિની ઉક્ત માન્યતાઓના નિરસન માટે અને જ્ઞાનના સ્વપ્રકાશ્યત્વની સિદ્ધિ માટે જૈન દર્શન અનુમાન પ્રમાણ આપે છે → 'ज्ञानं स्वव्यवसायि परव्यवसायित्वान्यथाऽनुपपत्तेः प्रदीपवत्' જે સ્વને ન જણાવી શકે તે પરને પણ ન જ જણાવી શકે. પરને તે જ જણાવી શકે કે જે સ્વને પણ જણાવતો હોય, જેમ કે પ્રદીપ. આ રીતે સિદ્ધ થાય છે કે દરેક જ્ઞાન સ્વ-પર ઉભયનું નિશ્ચાયક હોય જ છે.

### * સ્વરૂપદર્શક વિશેષણો પણ અપેક્ષાએ સાર્થક છે *

જૈનદર્શન પ્રમાણે તો જ્ઞાનમાત્ર સ્વ-પર ઉભયનું વ્યવસાયી છે. પછી લક્ષણાંશમાં સ્વ-પર પદો ન મુકતા માત્ર 'व्यवसायिज्ञानं प्रमाणं' આટલું જ લક્ષણ કરે તો પણ પર્યાપ્ત છે. છતાં અહીં 'સ્વ-પર' શબ્દો જ્ઞાનનું સ્વરૂપ જણાવવા દ્વારા અન્યમતે જ્ઞાનનું જે સ્વરૂપ મનાયું છે તેને મિથ્યા જણાવવા મૂકાયા છે. એટલે આમ તો આ સ્વરૂપદર્શક વિશેષણો જ થયા. તાત્પર્ય એ છે કે સામાન્યથી વિશેષણો બે પ્રકારના હોય છે. (૧) વ્યાવર્તક વિશેષણઃ લક્ષ્યથી અલક્ષ્યોને જુદા પાડી દે એવા વિશેષણો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हानोपादानेच्छाद्यभावान्मध्यस्थवृत्तिता ह्यत्रौदासीन्यपदार्थः। यद्यपि **श्रीसिद्धसेनदिवाकरपादैः** सुखमपि केवलज्ञानफलत्वेन प्रतिपादितं, तदुक्तं - तत्कृत**न्यायावतारे** - 'केवलस्य सुखोपेक्षे (गाथा २८), इति, तथापि **श्रीवादिदेवसूरिपादैः** सुखमुपेक्ष्य उपेक्षाया एव केवलं केवलज्ञानफलत्वं स्पष्टमुक्तं **स्याद्वादरत्नाकरे**, तथाहि - *"ननूपेक्षावत्सुखस्यापि फलत्वं वक्तुमुचितमन्यथा 'केवलस्य सुखोपेक्षे' इति पूर्वाचार्यवचनविरोधो दुष्परिहर इति चेत्, सत्यम्, किन्तु न सहृदयक्षोदक्षमोऽयं केवलज्ञानस्य सुखफलत्वपक्ष इत्युपेक्षितमस्माभिः। सुखस्य हि संसारिणि सद्वेद्यकर्मोदयफलत्वम्, मुक्ते तु समस्तकर्मक्षयफलत्वं प्रमाणोपपन्नं न पुनर्ज्ञानफलत्वम्। ततः सूक्तं 'पारम्पर्येण केवलज्ञानस्य तावत्फलमौदासीन्यमिति* **(स्या.रत्ना.)**"

इत्थञ्चैतद् विषये यद्यपि मतद्वयं तथापि केवलज्ञानस्य सुखफलकत्वपक्षस्तु ज्ञानसुखाभेदनयावलम्बी, तदितरस्तु तद्भेदनयावलम्बीति नयभेदाश्रयणेन न कश्चिद्विरोधः। ज्ञानसुखाभेदस्तु **सम्मतिवृत्तौ न्यायसूत्रीय**प्रत्यक्षलक्षणखण्डनावसरे प्रतिपादित एव *'सुखादेर्ज्ञानरूपत्वानतिक्रमात्, अन्यथा आह्लादाद्यनुभवो न स्यात्, तद्ग्राहकस्यापरस्यानुभवस्यानवस्थादिदोषतो निषिद्धत्वात्'* इत्यादिना विस्तरतः। **किञ्च**, स्वसंविदितत्वसाम्यमपि ज्ञानसुखयोः तदभेदपक्षे प्रमाणतयाऽवतरति। **किञ्च**, यथा हि सुखमदृष्टविशेषजन्यं तद्वद् ज्ञानमपीति[1]। इदञ्च छाद्मस्थिकज्ञानसुखापेक्षया, तदतीतावस्थायां यथा केवलज्ञानं नादृष्टविशेषजं तद्वत् तत्रत्यं सुखमपि तादृशमेवेति। अत एवोक्तं **न्यायावतारवृत्तौ** सुखस्य केवलज्ञानफलत्वं व्याख्यायता **श्रीसिद्धर्षिगणिना** *'सुखं वैषयिकसुखातीतपरमाह्लादानुभव'* **इति**। इत्थञ्च नयभेदकृतो भेदः केवलज्ञानफलत्वे द्रष्टव्य इत्यलं प्रासङ्गिकेनाथ प्रस्तुतं प्रस्तुमः।

स्वार्थव्यवसितेरेव तत्फलत्वादित्यादिना प्रकृतग्रन्थकृता प्रमाणस्याव्यवहितं सामान्यफलमेवाभिहितम्। अत्र स्वात्मक एवार्थः = स्वार्थस्तस्य व्यवसितिरिति स्वार्थव्यवसितिरित्येवं कर्मधारयपूर्वकषष्ठीतत्पुरुष एवाऽऽदरणीय, न तु 'स्वं चार्थश्चेति स्वार्थौ', इति द्वन्द्वपूर्वकं षष्ठीतत्पुरुषः, अनुपदमेव वक्ष्यमाणस्य शङ्काग्रन्थस्य 'नन्वेवं प्रमाणे स्वपरव्यवसायित्वं न स्यात्, प्रमाणस्य परव्यवसायित्वात् फलस्य च स्वव्यवसायित्वादित्याकारकस्याऽनुत्थितिप्रसङ्गात्।

---

દા.ત. 'नीलो घटः' અહીં ઘટનું 'नील' એવું વિશેષણ રક્તાદિ અન્ય ઘટની વ્યાવૃત્તિ (બાદબાકી) કરે છે તેથી 'नील' પદ એ ઘટનું વ્યાવર્તક વિશેષણ છે. (૨) સ્વરૂપદર્શક વિશેષણઃ આ વિશેષણ કોઈની વ્યાવૃત્તિ કરતું નથી પણ લક્ષ્યનું યથાર્થ સ્વરૂપ જણાવી દે છે. દા.ત. 'नीलः काकः' કાળો કાગડો. અહીં કાગડામાં રક્તાદિ અન્ય કોઈ વર્ણ સંભવતા નથી કે જેની વ્યાવૃત્તિ આ 'नीलः' પદથી થાય, તેથી અહીં 'नील' પદ એ માત્ર સ્વરૂપદર્શક છે. વ્યાવર્તક વિશેષણ લક્ષ્યથી અલક્ષ્યનો ભેદ પાડે છે તેથી તે લક્ષણને અતિવ્યાપ્ત બનતું અટકાવી શકે, પરંતુ સ્વરૂપદર્શક વિશેષણ તો માત્ર લક્ષ્ય વસ્તુનું સ્વરૂપ જ જણાવે છે માટે આવા વિશેષણો કાંઈ અતિવ્યાપ્ત્યાદિ દોષોના વારક બનતા નથી.

**પ્રશ્ન :** જો સ્વરૂપદર્શક વિશેષણો કોઈ દોષોને દૂર કરવા સમર્થ ન હોય, તો પછી આવા

---

१. क्षयोपशमजन्यमित्यर्थः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ननु** स्वव्यवसायित्वस्य प्रमाणफलत्वप्रतिपादने स्वपरव्यवसायित्वस्य प्रमाण-फलत्वं प्रतिपादयतः प्राक्तनग्रन्थस्य विरोधः स्यात्, तथा चोक्तम् - **प्रमाणनयतत्त्वालोके** *'स्वपरव्यवसितिक्रियारूपाज्ञाननिवृत्त्याख्यं फलं तु साध्यं प्रमाणनिष्पाद्यत्वादिति'* (६/१६), **सौगत**मतप्रवेशापत्तिश्च स्यात्, तेषां मते प्रमाणफलयोरभिन्नत्वादिति **चेत्, न,** अभिप्रायापरिज्ञानात्, यद्यपि ज्ञानं स्वं परं चोभयं प्रकाशयति तथापि तदीयं स्वमात्रप्रकाशनं फलकोटौ साक्षान्निपतति। स्वमात्रप्रकाशनोक्तावपि, वस्तुतो ज्ञानात्मकस्य स्वप्रकाशनस्य स्वविषयविषयकत्वान्यथानुपपत्त्या परप्रकाशनगर्भितत्वमपि, 'विषयनिरूप्यं हि ज्ञानं, ज्ञानवित्तिवेद्यो विषय' इति न्यायात्पर्यवस्यति। **इदमत्र तात्पय** - अज्ञाननिवृत्तिरेव प्राक्तनग्रन्थोक्तं सामान्यफलं, अज्ञाननिवृत्तिश्चार्थज्ञाततताव्यवहारप्रयोज्या, अर्थज्ञाततताव्यवहारश्च स्वव्यवसायनिबन्धन एवेति स्वव्यवसितौ सत्यां परव्यवसायस्यार्थादेव लभ्यत्वेन परव्यवसितेः साक्षात् फलत्वाभिधानं ग्रन्थकृता नाऽऽदृतम् गौरवादेवेति, अर्थतस्तु तदपि स्वीकृतमेव किन्तु स्वरूपमात्रविशेषणार्थमुपयुज्यमानत्वेन साक्षात् फललक्षणाङ्गत्वेन न निविष्टमिति ध्येयम्। ग्रन्थकर्तुरयमभिप्रायोऽग्रेतनेन **'ज्ञानाभावनिवृत्तिस्त्वर्थज्ञाततताव्यवहारनिबन्धनस्वव्यवसितिपर्यवसितैव सामान्यतः फलमिति द्रष्टव्यमि'ति** ग्रन्थेन स्फुटीभविष्यति। केवलं शब्दभेदस्याकिञ्चित्करत्वेन नात्रप्राक्तनग्रन्थविरोधः। यथा च न **सौगत**मतप्रवेशापत्तिस्तथा चाग्रे स्फुटीभविष्यति। **ननु** तथापि पूर्वाचार्यीयग्रन्थविरोधापत्तिर्दुर्वारैव, तथाहि- *'फलमर्थप्रकाशः'* **(प्र.मी.१/१/३४)** इत्यनेन तत्राऽर्थसंवेदनम् प्रमाणफलमभिहितमत्र तु स्वप्रकाशनं तथोच्यत इति कथं न तद् विरुद्ध्येत इति **चेत्, न, प्रमाणमीमांसायां** स्वव्यवसायस्य संशयादिज्ञानसाधारण्येनोपेक्षितत्वादेवाऽनिवेशस्तथा चोक्तम् तत्रैव - *'स्वप्रकाशनं सन्नप्यलक्षणं, अप्रमाणेऽपि भावात्'* **(प्र.मी.१/१/३)** इत्यर्थप्रकाशकज्ञानमात्रे स्वप्रकाशकत्वस्य नियमतः सद्भावे सत्यप्यप्रमाणज्ञानेऽपि तस्य सद्भावादुपेक्षितं तद्। **इदञ्चात्र सूक्ष्ममीक्षणीयं**- स्वप्रकाशनांशस्त्वशेषज्ञानस्य प्रमात्मक एव, अर्थप्रकाशनांश एव हि भ्रमादिसम्भवादतो यथार्थज्ञान एव प्रामाण्यमिच्छताऽर्थनिर्णय एव प्रामाण्याप्रामाण्यविकल्पसम्भवात्तत्रैव फलत्वमप्येष्टव्यम्। इत्थमेव *'सम्यगर्थनिर्णयः प्रमाणम्'* **(प्र.मी. १/१/२)** इत्यत्र सम्यक्पदसार्थक्यसम्भवात्। इत्थञ्चात्रापि प्रमाणफलाभेदसिद्धेरक्षततया केवलं शब्दभेद एवायातः स चाकिञ्चित्कर इत्युक्तं प्रागिति न पूर्वाचार्यीयग्रन्थविरोधः।

---

વિશેષણોની સાર્થકતા શું ?

**ઉત્તર :** યદ્યપિ સ્વરૂપદર્શક વિશેષણો કોઈ અતિવ્યાપ્ત્યાદિ દોષોને દૂર કરવા સમર્થ નથી છતાં પણ અન્ય રીતે આ વિશેષણોની સાર્થકતા સિદ્ધ કરી શકાય છે. કેટલાક લોકો કોઈ વિવક્ષિત વસ્તુના મિથ્યા અયથાર્થ સ્વરૂપને માની બેઠા હોય અથવા વસ્તુના યથાર્થ સ્વરૂપ અંગે નિર્ણયવાળા ન હોય તો આ સ્વરૂપદર્શક વિશેષણો તે વસ્તુના યથાર્થસ્વરૂપને જણાવવા દ્વારા કેટલાકના સંશય, વિપર્યયાદિને દૂર કરી શકે છે. (આ અપેક્ષાએ એમ કહી શકાય કે સ્વરૂપદર્શક વિશેષણો પણ મિથ્યાસ્વરૂપનું વ્યાવર્તન કરતા હોવાથી કંઈક અંશે વ્યાવર્તક પણ બને છે. માટે આવા સ્વરૂપદર્શક વિશેષણો પણ સાર્થક છે. પ્રમાણના સામાન્ય લક્ષણનું પદકૃત્ય અહીં પૂર્ણ થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सायित्वं न स्यात्, प्रमाणस्य परव्यवसायित्वात् फलस्य च स्वव्यवसायित्वादिति चेत्, न,**

प्रमाणफलयोरभेदमुपपादयन्नाह - '**प्रमाणात्कथंचिदभेदेन तदुपपत्ते**'**रिति** → प्रमाणफलयोः उक्तदिशा भेदेऽपि ज्ञानरूपतयाऽभेदस्यापि सद्भावेन फलस्य स्वव्यवसायित्वे, तदभिन्नत्वात् प्रमाणस्यापि स्वव्यवसायित्वम्, एवं प्रमाणस्य परव्यवसायित्वे फलस्यापि परव्यवसायित्वमित्येवं तयोर्द्वयोरपि स्वपरव्यवसायित्वोपपत्तिः। प्रमाणफलाभेदोपदर्शनार्थमेव **प्रमाणमीमांसायां** सम्यगर्थनिर्णयं प्रमाणं ब्रुवता ग्रन्थकारेण तदेव (अर्थप्रकाशनमेव) हि फलतयाप्युपन्यस्तम्। **ननु** प्रमाणफलाभेदे सति सदसत्पक्षभाविदोषाः स्युर्यतोऽभेदे ह्येकमेव स्याद्, द्वयोः सत्त्वेऽभेदव्याघातात्। तथा च भवन्मते यदि फलात् प्रमाणस्य भेदः स्यात् तदा फलस्य साध्यत्वेनासत्त्वात् प्रमाणस्याप्यसत्त्वप्रसङ्गः, असच्च न करणं भवति, सिद्धस्यैवाङ्गीकारात्। तथा, प्रमाणात्फलस्याभेद इति यदि कथ्यते तर्हि प्रमाणस्य सत्त्वात् फलमपि सदेव स्याद्, विद्यमानस्य च न फलत्वं, साध्यस्यैव फलत्वाभ्युपगमादिति प्रमाणफलाभेदपक्षस्तु न युक्तियुक्त इति **चेत्? तन्न**, यतः **प्रमाणमीमांसाकृन्**मतमित्थं वर्तते - एकैव हि ज्ञानक्रिया स्वाश्रयभेदमाश्रित्य क्वचित् प्रमाणसञ्ज्ञां क्वचिच्च फलसंज्ञामश्नुते। कर्तृस्था ज्ञानक्रिया प्रमाणमभिधीयते कर्मस्था खलु सा फलं भण्यते। **इदमत्र तात्पर्यम्** - प्रमातृगतमपि ज्ञानं विषयत्वसम्बन्धेन प्रमेयनिष्ठं, ज्ञानस्य प्रमेयनिष्ठत्वविवक्षायां हि तत्फलमुच्यते, प्रमातृनिष्ठत्वविवक्षायां खलु तदेव प्रमाणमभिधीयते यदुक्तं **प्रमाणमीमांसायाम्** - *'कर्मस्था क्रिया फलं, कर्तृस्था प्रमाणम्'* **(प्र.मी.सूत्र १/१/३५,३६)** तथा च **तद्वृत्तिः** *'कर्मोन्मुखो ज्ञानव्यापारः फलम्, कर्तृव्यापारमुल्लिखन् बोधः प्रमाणमिति'*। **किञ्च**, न

### * પ્રમાણ-ફળ વચ્ચે કથંચિદ્ અભેદ છે *

**પૂર્વપક્ષ :** તમે સ્વ-પરના યથાર્થ નિશ્ચયાત્મક જ્ઞાનને જ પ્રમાણ કહો છો તેનો અર્થ એ થયો કે તમે સમ્યગ્જ્ઞાનને જ (સત્યબોધને જ) પ્રમાણ માનો છો. આવું યથાર્થ જ્ઞાન એ તો પ્રમારૂપ છે. તેને જ જો તમે પ્રમાણ કહેશો તો પછી પ્રમાણથી ભિન્ન એવું તેનું ફળ શું માનશો ? પ્રમાના કરણને પ્રમાણ કહેવાય છે અને તે પ્રમાણના ફળને પ્રમા કહેવાય છે. આમ કરણ અને ફળ વચ્ચે ભેદ સ્પષ્ટ છે જેમ કે કુહાડીરૂપ કરણ અને છેદનક્રિયારૂપ ફળ વચ્ચે ભેદ છે. ન્યાયાદિ મતે તો ઘટાદિના પ્રત્યક્ષજ્ઞાનની ઉત્પત્તિમાં ચક્ષુ આદિ ઇન્દ્રિયો કરણ છે (અર્થાત્, તે ઇન્દ્રિયોને પ્રત્યક્ષપ્રમાણ કહેવાય છે) અને ઘટાદિવિષયકજ્ઞાન તેનું ફળ (પ્રમા) છે. ઇન્દ્રિય અને જ્ઞાન વચ્ચે ભેદ તો સ્પષ્ટ જ છે. તમે (જૈનો) જ્યારે જ્ઞાનને જ પ્રમાણ માનો છો ત્યારે તેનું કોઈ ફળ પણ હોવું જ જોઈએ. તે ફળ શું છે ?

**ઉત્તરપક્ષ :** તમારી વાત સાચી છે. પ્રમાણ અને ફળ વચ્ચે કંઈક ભેદ હોવો જોઈએ અને અહીં તે છે પણ ખરો. ઘટાદિવિષયકજ્ઞાન એ પ્રમાણ છે અને ઘટજ્ઞાનથી પોતાનું (જ્ઞાનનું) સ્વરૂપ જે જણાય તે ફળજ્ઞાન છે.

**પૂર્વપક્ષ :** જો આવું માનશો તો પછી પ્રમાણમાં સ્વપરવ્યવસાયિત્વ નહીં રહે કારણ કે પ્રમાણ એ પરવ્યવસાયિ બનશે અને ફળ એ સ્વવ્યવસાયિ બનશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कथञ्चिदभेदेन तदुपपत्तेः । इत्थं चात्मव्यापाररूपमुपयोगेन्द्रियमेव प्रमाणमिति स्थितम्, न ह्यैकान्तिकाभेदः प्रमाणफलयोर्जैनमते किन्तु भेदानुविद्ध एव। **तथाहि** - कर्मस्थकर्तृस्थक्रिययोः प्रमाणफलात्मकयोरेकज्ञानगतत्वेनाभेदः, प्रमाणफलभावात्तु भेद इति भेदाभेदरूपः प्रमाणफलभावः स्याद्वादमबाधितमनुपतति इति **प्रमाणमीमांसावृत्त्य**नुसारिणी दिक्। **किञ्च**, प्रमाणज्ञानं फलज्ञानं चैतदुभयमपि प्रमात्रभिन्नमेव **जैन**मत इति एकप्रमात्रभिन्नतयाऽपि प्रमाणफलयोः कथञ्चिदभेद उपपद्यते। **न च** तथा सति कर्तृ-करणभावविरोधस्तस्य भेदनियतत्वात् वर्धकि-वासीनिष्ठ कर्तृकरणभाववदिति **वाच्यम्**, दृष्टान्तस्य वैषम्यात्, वासी हि बाह्यं करणं, ज्ञानं चान्तरं तत्कथमनयोः साधर्म्यम्, न च कुत आयातमेतद् द्वैविध्यं करणस्येति शङ्कनीयं, **यदाहुः लाक्षणिकाः** *'करणं हि द्विविधं ज्ञेयं बाह्यमाभ्यन्तरं बुधैः, यथा लुनाति दात्रेण मेरूं गच्छति चेतसा'* इति। तदा हि स्याद् दृष्टान्तसाधर्म्यं यदि हि किञ्चित्करणमान्तरमेकान्तेन कर्तुर्भिन्नमुपदर्श्यते, न च तथाविधमस्तीति यत्किञ्चिदेतत्। **किञ्च**, बाह्यकरणगतो धर्मः सर्वोऽप्यान्तरे नैव योजयितुं शक्योऽन्यथा दीपेन चक्षुषा देवदत्तः पश्यति इत्यत्रापि दीपादिवत् चक्षुषोऽप्येकान्तेन देवदत्तस्य भेदः स्यात्। अस्त्विति **चेत्**, लोकप्रतीतिविरोधव्याधिग्रस्तो भविष्यति भवानिति मौनमेव स्थातव्यम्। **अपि च**, साध्यविकलोऽपि वासीवर्धकिदृष्टान्तः। 'काष्टमिदमनया वास्या घटयिष्य' इत्येवंविधपरिणामपरिणत एव तां गृहीत्वा तं घटयति। तथा परिणामे च वास्यपि काष्ठघटने व्याप्रियते पुरुषोऽपि इत्येवंविधैककार्यसाधकत्वमाश्रित्याऽ-भेदोप्युपपद्यत एव वासीवर्धक्योरित्यस्ताचलं गतो भवतः कर्तृकरणैकान्तभेदभानुः। एवमात्माऽपि 'विवक्षितमर्थमनेन ज्ञानेन ज्ञास्यामी'ति ज्ञानग्रहणपरिणामवान् सन् ज्ञानात्मकव्यापारात्मना व्यवस्यति, ततश्च ज्ञानात्मनोरुभयोरपि

**ઉત્તરપક્ષ :** નૈયાયિકાદિની જેમ જૈનો વ્યવસાયાત્મક અને અનુવ્યવસાયાત્મક એવા બે જ્ઞાનને જૂદા માનતા નથી પણ એક જ જ્ઞાન વિષયને પણ જણાવે છે અને સ્વને પણ જણાવે છે એમ માને છે. 'अयं घटः' એવા જ્ઞાનકાળે 'घटमहं जानामि' એવા ઉલ્લેખવાળું જ્ઞાન હોતું નથી અને જો એવું હોય તો બે જુદા જ્ઞાન માનવા પડે. વસ્તુતઃ, 'अयं घटः' એ જ જ્ઞાન, ઘટને પણ જણાવે છે અને સ્વને પણ જણાવે છે. ઘટને જણાવે છે એ અંશમાં એ પ્રમાણ છે અને સ્વને જણાવે છે એ અંશમાં એ પ્રમા (ફળ) છે.

**પૂર્વપક્ષ :** જો તમે આવું માનશો તો પછી 'પ્રમાણ એ સ્વ-પર ઉભયનું વ્યવસાયિ હોય છે' એવું તમારું કથન ઊડી જશે કારણ કે આ રીતે તો પ્રમાણ એ માત્ર પરપ્રકાશક જ બને છે અને ફળ એ માત્ર સ્વપ્રકાશક બને છે. તેથી તમે કરેલું પ્રમાણલક્ષણ જ ઊડી જશે.

**ઉત્તરપક્ષ :** તમારી શંકા બરાબર નથી. ન્યાયાદિ મતની જેમ અમે જૈનો પ્રમાણ અને ફળ વચ્ચે અત્યંત ભેદ માનતા નથી. કિન્તુ, ભેદાભેદ માનીયે છીએ. પ્રમાણ અને ફળજ્ઞાન બન્ને એક જ આત્મા સાથે તાદાત્મ્ય ધરાવે છે. તેથી પ્રમાણ અને ફળજ્ઞાન વચ્ચે અભેદ જણાય છે. તેથી સ્વપ્રકાશક ફળથી કથંચિદ્ અભિન્ન હોવાના કારણે પરપ્રકાશક એવું પ્રમાણજ્ઞાન પણ સ્વપ્રકાશક છે જ અને, પરપ્રકાશક એવા પ્રમાણજ્ઞાનથી કથંચિદ્ અભિન્ન હોવાથી સ્વપ્રકાશક એવું ફળજ્ઞાન પણ પરપ્રકાશક છે જ. જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संवित्तिलक्षणैककार्यसाधकत्वमाश्रित्या भेदोऽप्युपपद्यत एवेति। **किञ्च**, यथा सर्प आत्मानमात्मना वेष्टयतीत्यत्राभेदे कर्तृकरणभावस्तद्वदत्रापीति दीप्रं प्रकाशते भेदाभेदवादभास्वान्। इत्थञ्च सिद्धे प्रमाणफलयोर्भेदानुविद्धाभेदे **सौगत**पक्षोऽप्येकान्तेन प्रमाणादभिन्नं फलं प्रतिपादयन् प्रत्याख्यातो भवति। तथा च तत्सिद्धान्तः- *'उभयत्र तदेव ज्ञानं प्रमाणफलमधिगमरूपत्वात्', 'उभयत्रेति = प्रत्यक्षेऽनुमाने च तदेव ज्ञानं प्रत्यक्षमनुमानलक्षणं फलं कार्यम्, कुतः? अधिगमरूपत्वादिति परिच्छेदरूपत्वात्, तथाहि- परिच्छेदरूपमेव ज्ञानमुत्पद्यते। न च परिच्छेदादृतेऽन्यद् ज्ञानफलं, भिन्नाधिकरणत्वादिति सर्वथा न प्रत्यक्षानुमानाभ्यां भिन्नं फलमस्ति'* (**दिङ्नागविरचितन्यायप्रवेशे पृ.७, हरिभद्रसूरिकृतान्यायप्रवेशवृत्तौ-पृ.३६**) **एतच्च न समीचीनं**, एकान्ताभिन्नयोः सहोत्पत्तिकत्वनियमात्, सहोत्पत्तिकयोश्च सव्येतरगोविषाणवत् हेतुफलभावविरहात्। **किञ्च**, हेतुफलभावस्य सम्वन्धरूपतया द्विष्ठत्वनियमः, स च क्षणक्षयैकदीक्षितेन **सौगतेन** साधयितुमशक्यस्ततश्च कथं 'अयं हेतुरिदं फलमि'ति प्रतिनियता प्रतीतिः? एकस्य ग्रहणेऽप्यन्यस्याग्रहणे तदसम्भवात्। *'द्विष्ठसम्बन्धसंवित्तिर्नैकरूपप्रवेदनात्, द्वयोः स्वरूपग्रहणे सति सम्बन्धवेदनं'* इति वचनात्। यदपि **धर्मोत्तरेण**

---

તો એક જ છે પણ તેના બે કાર્યો જુદા જુદા છે અને કાર્યભેદના કારણે એનું એ જ જ્ઞાન પ્રમાણ પણ કહેવાય છે અને ફલરૂપ પણ કહેવાય છે. દીપકના દૃષ્ટાન્તથી આ વાત વધુ સ્પષ્ટ થાય છે. પોતાના પ્રકાશ દ્વારા દીપક જેમ પરપ્રકાશક બને છે તેમ સ્વયં પ્રકાશ્ય પણ બને જ છે. અને તેમ છતાં દીપક એક જ છે એવું જણાય પણ છે. આ જ રીતે પ્રસ્તુતમાં પણ પ્રમાણ અને ફળ વચ્ચે પણ ભેદાભેદ જાણવો.

(**વિશેષ :** અહીં ગ્રન્થકારે સ્વવ્યવસાયને ફળ કહ્યું એટલે જ પ્રમાણનું સ્વ-પરવ્યવસાયિત્વ લક્ષણ ઊડી જવાની શંકા થઈ. તદુપરાંત, **શ્રીવાદિદેવસૂરિ** મહારાજના મન્તવ્ય સાથે વિરોધ આવવાની શંકા થઈ શકે છે કારણ કે **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**માં તેઓશ્રીએ ફળનું પ્રતિપાદન આ રીતે કર્યું છે. → स्वपरव्यवसितिक्रियारूपाज्ञाननिवृत्त्याख्यं फलं तु साध्यम्, प्रमाणनिष्पाद्यत्वात् (सूत्र ६/१६) સ્વ-પરના વ્યવસાયની ક્રિયારૂપ જે અજ્ઞાનનિવૃત્તિ એ જ અહીં ફળ છે કે જે પ્રમાણથી નિષ્પાદ્ય છે. હવે અહીં તો સ્વ-પરવ્યવસાયને જ ફળ કહેવાયું છે. જ્યારે પ્રસ્તુત ગ્રન્થકારે માત્ર સ્વવ્યવસાયને ફળ કહ્યું છે. પરંતુ તેમ છતાં, અહીં કોઈ વિસંવાદ નથી. તે આ રીતે → **શ્રીવાદિદેવસૂરિ** મ. એ અભેદનયને પ્રાધાન્ય આપીને ઉપરોક્ત વિવક્ષા કરી છે જ્યારે પ્રસ્તુત ગ્રન્થકારની વિવક્ષામાં ભેદનયની પ્રધાનતા છે. પ્રસ્તુત ગ્રન્થકારનો અહીં એવો અભિપ્રાય જણાય છે કે → પરપ્રકાશકત્વ વિના સ્વપ્રકાશકત્વ અનુપપન્ન હોવાથી ફળજ્ઞાનમાં સ્વપ્રકાશકત્વ કહેવા માત્રથી પરપ્રકાશકત્વ તો અર્થાપત્તિથી જ જણાઈ જાય છે. પછી સ્વ-પર ઉભયવ્યવસાયને સાક્ષાત્ ફળ તરીકે કહેવાનું ગૌરવ શા માટે કરવું ? માટે તેમણે માત્ર સ્વવ્યવસાયને જ ફળરૂપે જણાવ્યું છે. બાકી કથંચિદ્ અભેદ હોવાથી ફળજ્ઞાનમાં પણ સ્વ-પર ઉભયવ્યવસાયિત્વ પ્રસ્તુત ગ્રન્થકારને પણ સંમત જ છે. ગ્રન્થકારનો આવો અભિપ્રાય, આગળની 'ज्ञानाभावनिवृत्तिस्त्वर्थज्ञातताव्यवहारनिवन्धनस्वव्यवसितिपर्यवसितैव सामान्यतः फलमिति द्रष्टव्यम्' આ પંક્તિથી પણ સ્પષ્ટ થાય છે. આ રીતે બન્ને ગ્રન્થકારો પ્રમાણ ફળ વચ્ચે ભેદાભેદ માને જ છે. જૈન મતે જ્ઞાન તો આત્માનો સ્વભાવ મનાય છે તેથી આત્માથી તે કથંચિદ્ અભિન્ન છે. વળી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ह्यव्यापृत आत्मा स्पर्शादिप्रकाशको भवति, निर्व्यापारेण कारकेण क्रियाजननायोगात्, मसृणतूलिकादिसन्निकर्षेण सुषुप्तस्यापि तत्प्रसङ्गाच्च ।**

*'अर्थसारूप्यमस्य प्रमाणम्, तद्वशादर्थप्रतीतिसिद्धेः'* इति **न्यायबिन्दुसूत्रं** विवृण्वता भणितम् - *"नीलनिर्भासं हि विज्ञानं यतस्तस्माद् नीलस्य प्रतीतिवरसीयते, येभ्यो हि चक्षुरादिभ्यो ज्ञानमुत्पद्यते, न तद्वशात् तज्ज्ञानं =नीलस्य संवेदनं शक्यतेऽवस्थापयितुं नीलसदृशं त्वनुभूयमानं नीलस्य संवेदनमवस्थाप्यते। न चात्र जन्यजनकभावनिबन्धनः साध्यसाधनभावो येनैकस्मिन् वस्तुनि विरोधः स्यादपि तु व्यवस्थाप्यव्यवस्थापकभावेन। तत एकस्यैव वस्तुनः किञ्चिद्रूपं प्रमाणं किञ्चिद्रूपं च प्रमाणफलं न विरूद्ध्यते। व्यवस्थापनहेतुर्हि सारूप्यं तस्य ज्ञानस्य, व्यवस्थाप्यं च नीलसंवेदनरूपम्"* इत्यादि। **तदप्यसारम्**, एकस्य निरंशज्ञानक्षणस्य व्यवस्थाप्यव्यवस्थापकत्वलक्षणस्वभावद्वयायोगात्, व्यवस्थाप्यव्यवस्थापकभावस्यापि सम्बन्धरूपत्वेन द्विष्ठत्वादेकस्मिन्नसम्भवाच्च। न च सारूप्यमस्य प्रमाणमधिगतिः फलमिति सर्वथा तादात्म्ये सिद्ध्यति, अतिप्रसङ्गात्, स्वभावभेदाभ्युपगमे हि सर्वथा तादात्म्यव्याघातादिति यत्किञ्चिदेतत्। **तथा चोक्तम्** - *"न तुल्यकालः फलहेतुभावः हेतौ विलीने न फलस्य भावः"* इति **(अन्ययोगव्यवच्छेद द्वात्रिंशिकायां श्लो.१६)**

एवं च समूलमुन्मूलिते प्रमाणफलयोरेकान्ताभेदपक्षे **यौगाभिप्रे**[illegible] एकान्ततद्भेदपक्षोऽपि निराकर्तव्यस्तयोरेकप्रमातृतादात्म्येन तदभिन्नाभिन्नस्य तदभिन्नत्वनियमतः कथञ्चिदभेदव्यवस्थितेः। प्रमाणतया परिणतस्यैवात्मनो फलतया परिणतिप्रतीतेः, य एव प्रमिमीते स एवोपादत्ते, परित्यजति, उपेक्षते चेति सकलव्यवहारिभिरस्खलितं प्रत्यभिज्ञानात्, इतरथा स्वपरयोः प्रमाणफलव्यवस्थाविप्लवः प्रसज्येत इत्यलम्।

**विद्यानन्दीयमतं** दूषयितुमुपन्यस्यति **'केचित्तु'** इति → *'इन्द्रियमिन्द्रलिङ्गमिन्द्रदृष्टमिन्द्रसृष्टमिन्द्रजुष्टमिन्द्रदत्तमिति वा* (५-२-९६) **पाणिनी**सूत्रेण इन्द्रेण = कर्मणा सृष्टानि = इन्द्रियाणि नामकर्मोदयनिमित्तत्वादिन्द्रियाणाम्। इन्द्रस्य = आत्मनो लिङ्गानि वेन्द्रियाणि, तानि च द्विविधानि द्रव्यभावभेदात्,

---

પ્રમાણજ્ઞાન રૂપે પરિણત થયેલ આત્મા જ ફળજ્ઞાનરૂપે પરિણત થાય છે. તેથી એકપ્રમાતૃતાદાત્મ્યેન પ્રમાણ અને ફળજ્ઞાન વચ્ચે અભેદ જણાય છે. હા, આ અભેદ બૌદ્ધો માને છે તેવો ઐકાન્તિક નથી પણ કથંચિદ્ ભેદથી અનુવિદ્ધ અભેદ છે. પ્રમાણ અને ફળની પ્રતીતિ સાધ્ય-સાધનભાવે થાય છે અને સાધ્ય-સાધનભાવ સર્વથા અભિન્ન વસ્તુઓ વચ્ચે હોય નહીં તેથી પ્રમાણ અને ફળ વચ્ચે કથંચિદ્ ભેદ પણ માન્ય જ છે. આ રીતે પ્રમાણ અને ફળજ્ઞાન વચ્ચે ભેદાનુવિદ્ધ અભેદ સિદ્ધ થાય છે.)

### ❋ ઉપયોગેન્દ્રિય એ જ પ્રમાણ છે ❋

આ રીતે, 'પ્રમાણ-ફલ ઉભયાત્મક એવું એક જ સ્વ-પરવ્યવસાયી જ્ઞાન પ્રમાણ છે' એટલું સિદ્ધ થયે છતે આત્માના વ્યાપારરૂપ ઉપયોગેન્દ્રિય એ જ પ્રમાણરૂપે સિદ્ધ થાય છે એમ માનવું પડશે.

નૈયાયિક-વૈશેષિકાદિ ચક્ષુ આદિ ઇન્દ્રિયોને પ્રમાણ કહે છે પણ તે ઇન્દ્રિયો તો જડ (અજ્ઞાનાત્મક) છે. જ્યારે જૈનમતે જ્ઞાન એ જ પ્રમાણ બને છે માટે જૈનો ચક્ષુ આદિ ઈન્દ્રિયોને પ્રમાણ માનતા નથી. વળી, ઈન્દ્રિયોને પ્રમાણ ન માનવા પાછળ બીજું એ પણ કારણ છે કે ચક્ષુ આદિ એ જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**केचित्तु** -

"ततोऽर्थग्रहणाकारा शक्तिर्ज्ञानमिहात्मनः ।

करणत्वेन निर्दिष्टा न विरुद्धा कथञ्चन ।।१।।" (तत्त्वार्थश्लोकवा० १.१.२२)

तत्र द्रव्येन्द्रियं निर्वृत्तीन्द्रियोपकरणेन्द्रियभेदाद् द्विधा, **यदाह वाचकवर्यः** *'निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम्'* (**तत्त्वार्थ**. १-१७) तत्र निर्वृत्तिः संस्थानरूपा बाह्याभ्यन्तरभेदेन द्विधा। तत्र बाह्या निर्वृत्तिर्मनुष्यशशाङ्कादेर्नानारूपा, अन्तर्निर्वृत्तिस्तूत्सेधाङ्गुलासङ्ख्येयभागप्रमितशुद्धात्मप्रदेशावच्छिन्न-कदम्बपुष्पाद्याकारमांसगोलकरूपा, उपकरणेन्द्रियं तद्गतशक्तिविशेषः। द्रव्यत्वव्यपदेशोऽत्राऽप्राधान्यार्थको ज्ञेयो, यथा '**अङ्गारमर्दको द्रव्याचार्य**' इति, तद्वदप्रधानमिन्द्रियं द्रव्येन्द्रियं। व्यापारवत्यपि तस्मिन् सन्निहितेऽपि चाऽऽलोकप्रभृतिनि सहकारिपटले भावेन्द्रियं विना रूपाद्युपलब्ध्यसिद्धेः। भावेन्द्रियमपि द्वेधा लब्धीन्द्रियोपयोगेन्द्रियभेदाद् **यदाह** *'लब्ध्युपयोगौ भावेन्द्रियम्,* (**तत्त्वार्थ** १-१८) इति लब्धीन्द्रियञ्चाऽऽवारककर्मक्षयोपशमरूप एव, **यदुक्तं प्रकृतग्रन्थकृता** - *"लम्भनं लब्धिः। का पुनरसौ? ज्ञानावरणक्षयोपशमविशेषः। अर्थग्रहणशक्तिर्लब्धिः"* (**लघी.स्ववि**. १-५)

उपयोगेन्द्रियं स्वपरव्यवसायिज्ञानात्मकमात्मनोऽर्थोपलब्धिक्रियाजनने व्यापाररूपम्। **यदुक्तं** - *'उपयोगः पुनरर्थग्रहणव्यापारः'* (**लघी. स्ववि**. १-५) इति। **तत्त्वार्थश्लोकवार्तिककृतस्तु** अर्थग्रहणशक्तिस्वरूपं लब्धीन्द्रियमेव प्रमाणतया प्रतिपन्नाः, तन्मतमुपदर्श्य प्रतिक्षिपति '**केचित्त्वि**' त्यादिना। **श्रीमता विद्यानन्देन** स्वकीयस्य शक्तिकरणत्वपक्षस्य तात्पर्यं '**ततोऽर्थग्रहणाकारा**' इत्यादिपद्यव्याख्यायामित्थं प्रकटीकृतम् -

*"नहि अन्तरङ्गबहिरङ्गार्थग्रहणरूपात्मनो ज्ञानशक्तिः करणत्वेन कथञ्चिन्निर्दिश्यमाना विरुध्यते, सर्वथा शक्तितद्वतोर्भेदस्य प्रतिहननात्।* ***ननु*** *च ज्ञानशक्तिर्यदि प्रत्यक्षा तदा सकलपदार्थशक्तेः प्रत्यक्षत्वप्रस-*

---

માટે અવ્યવહિત-પૂર્વવર્તિ નથી, કિન્તુ વ્યવહિતપૂર્વવર્તિ છે એટલે કે એ વ્યવધાનવાળાં કારણો છે. ચક્ષુ આદિથી જ્ઞાન થાય છે અને એ જ્ઞાન, અર્થનું પ્રકાશન કરે છે. 'હું જ્ઞાનથી વસ્તુને જાણું છું', 'આ વસ્તુનું સ્વરૂપ મે જ્ઞાનથી જાણ્યું'... ઈત્યાદિ અનુભવોથી સિદ્ધ થાય છે કે અહીં આત્મા એ પ્રમાતા છે. વસ્તુ પ્રમેય છે, જ્ઞાન એ જાણવાનું સાધન=કરણ=પ્રમાણ છે અને તેનાથી થતો બોધ એ પ્રમા=ફલ છે. વસ્તુ જો જ્ઞાનથી જણાતી હોય તો જ્ઞાનને પ્રમાણ કહેવું એ જ ઉચિત છે. નેત્રાદિને અર્થપ્રકાશન કરવામાં જ્ઞાનની આવશ્યકતા છે જ્યારે જ્ઞાનને, સ્વયં અસ્તિત્વમાં આવ્યા બાદ અર્થપ્રકાશન માટે અન્ય કોઈની અપેક્ષા નથી. તેથી જ્ઞાન જ પ્રમાણ છે.

**શંકા** : 'જ્ઞાન જ પ્રમાણ છે' એવું જો તમે કહેતા હો તો પછી ઉપયોગેન્દ્રિયને શા માટે પ્રમાણ કહો છો ?

**સમા.** : ઇન્દ્રિયો બે પ્રકારની છે - દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય. દ્રવ્યેન્દ્રિયના બે ભેદ છે - નિર્વૃતિ ઇન્દ્રિય, ઉપકરણેન્દ્રિય. ભાવેન્દ્રિયના પણ બે ભેદ છે. - લબ્ધીન્દ્રિય, ઉપયોગેન્દ્રિય.

નિર્વૃતિઇન્દ્રિય એટલે વિશેષ પ્રકારના પુદ્ગલોમાંથી થયેલી ઈન્દ્રિયની રચના. ઉપકરણેન્દ્રિય એટલે નિર્વૃતિ ઇન્દ્રિયમાં રહેલ અર્થગ્રહણ કરવાની શક્તિવિશેષ. (અંધવ્યક્તિની ઉપકરણેન્દ્રિય નષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*ङ्गादनुमेयत्वविरोधः। यदि पुनरप्रत्यक्षा ज्ञानशक्तिस्तदा तस्यां करणज्ञानत्वे* ***प्राभाकरमतसिद्धिः,*** *तत्र करणज्ञानस्य परोक्षत्वव्यवस्थितेः फलज्ञानस्य प्रत्यक्षत्वोपगमात्। ततः प्रत्यक्षकरणज्ञानमिच्छतां न तच्छक्तिरूपमेषितव्यं स्याद्वादिभिरिति* ***चेत्, तदनुपपन्नम्:*** *एकान्ततोऽस्मदादिप्रत्यक्षत्वस्य करणज्ञानेऽन्यत्र वा वस्तुनि प्रतीतिविरुद्धत्वेनाऽनभ्युपगमात्। द्रव्यार्थतो हि ज्ञानमस्मदादेः प्रत्यक्षम्, प्रतिक्षणपरिणामशक्त्यादि-पर्यायार्थतस्तु न प्रत्यक्षम्। तत्र स्वार्थव्यवसायात्मकं ज्ञानं स्वसंविदितं फलं प्रमाणाभिन्नं वदतां करणज्ञानं प्रमाणं कथमप्रत्यक्षं नाम?। न च येनैव रूपेण तत्प्रमाणं तेनैव फलं येन विरोधः। किं तर्हि?। साधकतमत्वेन प्रमाणं साध्यत्वेन फलम्। साधकतमत्वं परिच्छेदनशक्तिरिति प्रत्यक्षफलज्ञानात्मकत्वात् प्रत्यक्षं शक्तिरूपेण परोक्षम्। ततः स्यात् प्रत्यक्षं स्यादप्रत्यक्षम् इत्यनेकान्तसिद्धिः। यदा तु प्रमाणादभिन्नं*

---

થઈ ગઈ હોય છે. આંખનો બાહ્ય આકાર તો આપણી જેવો જ જણાતો હોય છે. પરંતુ ઉપકરણેન્દ્રિય, એટલે કે અર્થગ્રહણશક્તિ હણાઈ ગયેલી હોય છે તેથી તેને દેખાતું નથી. આ જ વાતને દૃષ્ટાન્તથી વિચારીએ તલવારથી છેદનક્રિયા થઈ શકે છે. પરંતુ (બાહ્ય આકૃતિમાં કોઈ પણ જાતનો ફેરફાર ન હોવા છતાંય) બુઠ્ઠી તલવારથી છેદનક્રિયા થઈ શક્તી નથી. કારણ કે તેની છેદન કરવાની શક્તિ હણાઈ ગઈ હોય છે. લબ્ધીન્દ્રિય એટલે આત્માની અર્થગ્રહણ કરવાની શક્તિવિશેષ. ઉપયોગેન્દ્રિય એટલે લબ્ધીન્દ્રિયની મદદથી અર્થગ્રહણ કરવામાં આત્માનો વ્યાપારરૂપ પરિણામ. આત્માનો આ વ્યાપાર જ્ઞાનાત્મક જ હોય છે. એટલે ઉપયોગેન્દ્રિય જ્ઞાનાત્મક સિદ્ધ થાય છે. પછી તેને પ્રમાણ કહેવામાં કોઈ વાંધો રહેતો નથી.

**શંકા :** આત્માનો આવો જ્ઞાનાત્મક વ્યાપાર (ઉપયોગેન્દ્રિય) માનવામાં પ્રમાણ શું છે ?

**સમા. :** વ્યાપાર વિનાનો આત્મા સ્પર્શાદિ વિષયનો પ્રકાશક બનતો નથી. કારણ કે વ્યાપાર વિનાના કારક દ્વારા ક્રિયા થઈ શકતી નથી, એટલે આત્માનો ઉપયોગ જ્યાં ભળતો હોય તે જ વિષયનો બોધ થાય. આ વાતને દૃષ્ટાન્ત દ્વારા વિચારીએ → ધારો કે કોઈ માણસ ગાડીમાં બેઠો છે. ગાડીની બારીના કાચ બંધ છે. અચાનક બહાર રસ્તા ઉપર કંઈક ધમાલ થવાથી પેલા ગાડીમાં બેઠેલા માણસનું ધ્યાન બહાર ગયું. કાચ પારદર્શક હોવાથી તેને બધું નજરે દેખાયું. ઘરે જઈને તેણે આખો પ્રસંગ અન્ય સભ્યોની સામે વર્ણવ્યો પણ ખરો. હવે ત્યારે કોઈકે પૂછ્યું કે 'તમે આ બધું ગાડીમાંથી જોયું ત્યારે બારીનો કાચ ઉપર ચડાવેલો હતો કે નહીં ? તો શક્ય છે કે એ વાતનો પેલાને પાકો નિર્ણય ન પણ હોય. જો ઈન્દ્રિયાર્થસંનિકર્ષ થવા માત્રથી જ (આત્માના ઉપયોગ વિના જ) જ્ઞાન થતું હોય તો અહીં કાચ સાથે તો નેત્રને સંનિકર્ષ પહેલા થયો છે, બહારના દૃશ્ય સાથે તો પછી થયો છે. તેથી કાચ વચ્ચે હતો કે નહીં ? એનો નિર્ણય તેને હોવો જોઈએ ને ! પણ એવું દેખાતું નથી. માટે જણાય છે કે આત્માના ઉપયોગ રૂપ વ્યાપાર વિના વિષયબોધ થઈ શકતો નથી. પાલિતાણા જઈને દાદાના ઝપાટાબંધ દર્શન કરીને આવેલા કેટલાક ભાવિકોને પૂછીએ કે 'દાદાના મસ્તકે મુગટ હતો કે નહીં?' તો જવાબ 'પાકો ખ્યાલ નથી' એવો પણ મળે છે. આ બધું સૂચવે છે કે અવ્યાપૃત એટલે કે નિર્વ્યાપાર એવો આત્મા વિષયને જણાવી શકતો નથી. પછી ભલેને ઈન્દ્રિયાર્થસંનિકર્ષ તે સમયે વિદ્યમાન હોય. જો આત્માનો વ્યાપાર માન્યા વિના જ (ઈન્દ્રિયાર્થસંનિકર્ષ માત્ર દ્વારા) અર્થબોધ માનવામાં આવે તો પછી માણસને ભર ઊંઘમાં પણ કોમળ તકિયાનો સંપર્ક હોવાથી તેના સ્પર્શાદિનું જ્ઞાન થઈ જવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इतिलब्धीन्द्रियमेवार्थग्रहणशक्तिलक्षणं प्रमाणं सङ्गिरन्ते; तदपेशलम्; उपयोगात्मना**

*फलं हानोपादानोपेक्षाज्ञानलक्षणं तदा स्वार्थव्यवसायात्मकं करणसाधनं ज्ञानं प्रत्यक्षं सिद्धमेवेति न परमतप्रवेशः, तच्छक्तेरपि सूक्ष्मायाः परोक्षत्वात्। तदेतेन सर्वं कर्त्रादिकारकत्वेन परिणतं वस्तु कस्यचित् प्रत्यक्षं परोक्षं च कर्त्रादिशक्तिरूपतयोक्तं प्रत्येयम्। ततो ज्ञानशक्तिरपि च करणत्वेन निर्दिष्टा न स्वागमेन युक्त्या च विरुद्धा इति सूक्तम्।"*

एतन्मतं प्रतिक्षिपति '**तदपेशलमि**'त्यादिना। तथा च उपयोगेन्द्रियमेव प्रमाणत्वेन वक्तुमुचितम-व्यवहितत्वात्। तथा च लब्धीन्द्रियस्य सन्निकर्षादिवदुपचारत एव प्रामाण्योपपत्तिरिति ध्येयम्।

**अथ** लब्धीन्द्रियमेवाव्यवहितत्वेन प्रमाणं, उपयोगस्य तु तद्व्यापारात्मकतया व्यवधायकत्वाभावात्। यथा हि घटोत्पत्तौ दण्डव्यापारात्मकतया चक्रभ्रमणस्य न व्यवधायकत्वं तथैव फलज्ञानोत्पत्तौ लब्धीन्द्रिय-व्यापारात्मकतया उपयोगेन्द्रियस्य न व्यवधायकत्वमिति **चेत्, अत्र ब्रूमः** - यथा हि दण्डः साक्षाच्चक्रभ्रमणे व्याप्रियते न तथा लब्धीन्द्रियं साक्षादुपयोगं जनयति, उपयोगस्योपकरणेन्द्रियप्रभवत्वात्। यदुक्तं **तत्त्वार्थवृत्तौ श्रीहरिभद्रसूरिभिः** *'निर्वृत्त्याश्रयत्वादुपकरणस्य, तत्प्रभवत्वात् श्रोत्राद्युपयोगस्य' इति। तथा - लम्भनं लब्धिः = ज्ञानावरणकर्मक्षयोपशमविशेषः, यत्संनिधानादात्मा द्रव्येन्द्रियनिर्वृतिं प्रति व्याप्रियते, तन्निर्मित आत्मनः परिणामविशेष उपयोगः'* इति **(प्र.मी.वृत्तौ)**। इत्थं च साक्षादुपयोगेन्द्रियाजनकतया न लब्धीन्द्रियस्य द्वारत्वं वक्तुमुचितं। द्वारलक्षणं चेदम् - **तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वं द्वारत्वम्**' उपयोगे लब्धीन्द्रिय-जन्यत्वाभावेन तद्द्वारत्वमपि न सम्भवति। किञ्च, दण्डो हि चक्रे भ्रमणं जनयति, लब्धीन्द्रियं त्वात्मनि स्वार्थसंवित्तियोग्यतामेवादधाति, न तूपयोगं, यदुक्तं *'तत्र लब्धिस्वभावं तावदिन्द्रियं स्वार्थसंवित्तावात्मनो योग्यतामादधद्भावेन्द्रियतां प्रतिपद्यते'* इति **(प्र.मी.वृत्तौ)**। तथा चायं क्रमोऽत्र प्रतिभाति यदुत लब्धीन्द्रियं हि निर्वृत्तिं जनयति, सत्यां च निर्वृत्तौ उपकरणोपयोगौ भवतः, निर्वृत्त्याश्रयत्वादुपकरणस्य, तत्प्रभवत्वाच्चोपयोगस्य, सत्येव चोपयोगेऽर्थबोधः। **यद्वा**, निश्चयतो हि उपयोगेन्द्रियमेव प्रमाणं, व्यवहारतो लब्धीन्द्रियमपि स्यात्, एतन्नये उपचाररस्य संमतत्वादिति दिक्। **न च** एवं सत्यागमे श्रूयमाणं लब्धीन्द्रियनिमित्तकत्वं उपयोगस्य व्याहन्येत इति **वाच्यम्**, उपयोगे जननीये लब्धेर्निमित्तत्वे मनस एव साधकतमत्वप्रतिपादनात्। यदुक्तं **इन्द्रियवादे**

---

આપત્તિ આવશે જે અનુભવબાધિત છે. માટે માનવું જ પડે વ્યાપાર વિનાના કારકથી ક્રિયા થઈ શકે નહીં. જ્ઞપ્તિક્રિયા ત્યારે જ થઈ શકે જ્યારે આત્મા વ્યાપારયુક્ત (ઉપયોગયુક્ત) હોય. એટલે ઉપયોગેન્દ્રિય એ જ પ્રમાણ તરીકે સિદ્ધ થાય છે.

### ✻ લબ્ધીન્દ્રિય પ્રામાણ્યવાદનું નિરસન ✻

**પૂર્વપક્ષ : શ્લોકવાર્તિક**માં **શ્રીવિદ્યાનન્દે** કહ્યું છે કે - આત્માની અર્થગ્રહણ કરવાની શક્તિ (=લબ્ધીન્દ્રિય) એ જ પ્રમાણ છે. કારણ તરીકે તેનો (અર્થગ્રહણ કરવાની શક્તિનો) ઉલ્લેખ કરવામાં કોઈ વિરોધ નથી. તેથી લબ્ધીન્દ્રિય જ પ્રમાણ છે.

**ઉત્તરપક્ષ :** તમારી વાત બરાબર નથી. અવ્યવહિતનિયતપૂર્વવર્તિને જ કારણ મનાય છે. તમે તો લબ્ધીન્દ્રિયને પ્રમાણ કહો છો પણ એ તો વ્યવહિત છે. જુઓ, લબ્ધીન્દ્રિયથી સીધો અર્થબોધ થતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**करणेन लब्धेः फले व्यवधानात्, शक्तीनां परोक्षत्वाभ्युपगमेन करणफलज्ञानयोः परोक्ष-प्रत्यक्षत्वाभ्युपगमे प्राभाकरमतप्रवेशाच्च । अथ ज्ञानशक्तिरप्यात्मनि स्वाश्रये परिच्छिन्ने द्रव्या-**

**प्रकृतग्रन्थकृद्भिरेव** → *'उपयोगश्च लब्धिनिमित्तो मनःसाचिव्यादर्थग्रहणं प्रति व्यापारः'* इति न लब्धेः प्रमाणत्वकल्पना उपयोगस्य च तद्द्वारत्वकल्पना न्याय्येति विचारयन्त्वत्र विचक्षणाः। **किञ्च,** चक्रभ्रमणवदुपयोगस्य द्वारत्वकल्पनयैव लब्धीन्द्रियप्रामाण्ये समर्थिते **यौगाना**मिव प्रत्यभिज्ञानोत्पत्तावपीन्द्रियाणामेव करणत्वं स्वीक्रियताम्, अनुभवस्मरणयोर्व्यापारत्वमहिम्नैव व्यवधायकत्वाभावोपपत्तिसम्भवात्। तथा चाग्रेतनप्रत्यभिज्ञाप्रामाण्यप्रतिपादनपरग्रन्थासङ्गतिः, प्रत्यभिज्ञानस्य प्रत्यक्षेऽन्तर्भावसम्भवेन **न्यायमता**नुप्रवेशः, प्रत्यभिज्ञानप्रामाण्यकथोपरतिश्चाऽऽपद्येतेति न किञ्चिदेतत्। इत्थञ्च **नैयायिका**दिपरिकल्पितसन्निकर्षादिप्रामाण्यवादवदुपचरित एवायं लब्धीन्द्रियप्रामाण्यवादः।

નથી. પણ બે વચ્ચે ઉપયોગાત્મક આત્મવ્યાપાર છે તેથી વ્યવધાન પડ્યું.

**પૂર્વપક્ષ :** લબ્ધીન્દ્રિયથી સીધો અર્થબોધ માનવામાં શું વાંધો ? પછી તો તે અવ્યવહિત કારણ બની શકે ને ?

**ઉત્તરપક્ષ :** સુષુપ્તિ આદિ અવસ્થામાં પણ આત્મામાં અર્થગ્રહણની શક્તિ તો છે જ. પરંતુ ત્યારે ઉપયોગરૂપ આત્મવ્યાપાર ન હોવાથી જ અર્થબોધ થતો નથી એ વાત અમે પૂર્વે જણાવેલી જ છે. જો લબ્ધીન્દ્રિયથી સીધો અર્થબોધ થઈ શક્તો હોત તો સુષુપ્તિ આદિ કાળે અર્થબોધ થવામાં કોણ બાધક છે ? માટે વચ્ચે આત્મવ્યાપાર તો માનવો જ પડે. તાત્પર્ય એ છે કે, સ્વ-પરવ્યવસાયિજ્ઞાન એ ઉપયોગેન્દ્રિયરૂપ છે. આત્મામાં અર્થગ્રહણ કરવાની શક્તિ તો અર્થજ્ઞાન થવાની ઘણી ક્ષણો પૂર્વે પણ વિદ્યમાન હતી જ અને તેમ છતાં ય અર્થબોધ થયો નહોતો અને ઉપયોગ પ્રવર્તતા જ પ્રમાતાને અર્થબોધ થઈ જાય છે તેથી અર્થબોધની અવ્યવહિત પૂર્વક્ષણમાં ઉપયોગ જ હાજર થયો કહેવાય અને તેથી તેને જ કરણ કહેવાય.

**સારાંશ :** અજ્ઞાનાત્મક હોવાથી દ્રવ્યેન્દ્રિય એ પ્રમાણરૂપ નથી. અવ્યવહિત કારણ રૂપ ન હોવાથી લબ્ધીન્દ્રિય પણ પ્રમાણરૂપ નથી. સ્વ-પરવ્યવસાયિજ્ઞાનાત્મક અને અવ્યવહિતકારણરૂપ હોવાથી ઉપયોગેન્દ્રિય જ પ્રમાણરૂપ છે.

**પૂર્વપક્ષ :** લબ્ધીન્દ્રિયને જ પ્રમાણ માની લઈએ અને ઉપયોગેન્દ્રિયને દ્વાર (વ્યાપાર) માની લઈએ તો પછી કોઈ વાંધો નહીં આવે. દ્વાર એ વ્યવધાનરૂપ ગણાતું નથી. જેમ ચક્રભ્રમણરૂપ વ્યાપાર દંડ અને ઘટોત્પત્તિ વચ્ચે હોવા છતાં પણ તેને વ્યવધાન પાડનાર ગણાતું નથી તેમ પ્રસ્તુતમાં પણ લબ્ધીન્દ્રિય અને અર્થબોધની વચ્ચે હોવા છતાં પણ ઉપયોગેન્દ્રિયને વ્યવધાનરૂપ નહીં ગણી શકાય.

**ઉત્તરપક્ષ :** તમારી આ દલીલ પણ પોકળ છે કારણ કે અહીં એવું લાગે છે કે દ્વાર તે બની શકે કે જે પોતાનાથી ભિન્ન એવા કરણ-ફલને ઉત્પન્ન કરે. ચક્રભ્રમણ એ દ્વાર છે કારણ કે તે પોતાનાથી ભિન્ન એવા અને દંડના ફલરૂપ એવા ઘટને ઉત્પન્ન કરે છે. એ જ રીતે પુણ્ય એ દ્વાર છે કે કારણ કે તે પોતાનાથી ભિન્ન અને દાનક્રિયાના ફળસ્વરૂપ એવા સ્વર્ગને મેળવી આપે છે. પ્રસ્તુતમાં, ઉપયોગ જો ફલજ્ઞાનથી=કાર્યથી ભિન્ન હોય તો જ તે લબ્ધીન્દ્રિયનું દ્વાર બની શકે, પરંતુ એવું નથી. કારણ કે ઉપયોગ અને ફલજ્ઞાનનો કથંચિદ્ અભેદ માનેલો છે. (આ વાતની સિદ્ધિ થઈ ગઈ છે.) તેથી લબ્ધીન્દ્રિયને પ્રમાણ માનવામાં વ્યવહિતકારણતા માનવાનો દોષ અક્ષત ઊભો જ રહે છે. તદુપરાંત, લબ્ધીન્દ્રિય સાક્ષાત્ ઉપયોગને ઉત્પન્ન કરતી નથી. પણ, માત્ર આત્મામાં અર્થબોધની યોગ્યતા ઊભી કરી આપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**र्थतः प्रत्यक्षेति न दोष इति चेत्: न; द्रव्यद्वारा प्रत्यक्षत्वेन सुखादिवत् स्वसंविदितत्वाव्यवस्थितेः, 'ज्ञानेन घटं जानामि' इति करणोल्लेखानुपपत्तेश्च; न हि कलशसमाकवलनवेलायां**

ज्ञानशक्तेः प्रत्यक्षत्वाप्रत्यक्षत्वविकल्पाभ्यां दूषयति → '**प्राभाकरमतप्रवेशाच्चे**'ति यदि च प्रमाणतयाऽङ्गीक्रियमाणा ज्ञानशक्तिः प्रत्यक्षा, तर्हि वह्न्यादिगतदाहाद्यनुकूलशक्तिरपि प्रत्यक्षा स्यात्, शक्तित्वाविशेषात्, ओमिति **चेत्**? तस्या अनुमेयत्वविरोध आपद्येत। यदि चाऽप्रत्यक्षा सा इष्यते तर्हि तस्या करणज्ञानत्वे **प्राभाकरमत**प्रवेशापत्तिश्च दुर्वारा प्रसज्येत। तन्मते करणज्ञानस्य परोक्षत्वव्यवस्थितेः फलज्ञानस्य च प्रत्यक्षत्वोपगमात्। **न च** स्वपरव्यवसितिलक्षणफलज्ञानात्कथञ्चिदभिन्नस्याऽऽत्मनः प्रत्यक्षत्वेन तदभिन्नाया अर्थग्रहणशक्तेरपि तदात्मना प्रत्यक्षत्वं सूपपादमिति **वाच्यम्**, एवं

છે. જયારે દંડ તો ચક્રમાં માત્ર ભ્રમણની યોગ્યતા ઊભી નથી કરતો, ભ્રમણને જ ઉત્પન્ન કરે છે તેથી ઉપયોગને લબ્ધિનું દ્વાર માનવું ઉચિત જણાતું નથી. આ અંગે ચોક્કસ નિર્ણય કરવા બહુશ્રુતોને વિનંતી.

### * શક્તિપ્રમાણવાદીને પ્રાભાકરમતપ્રવેશાપત્તિ *

તદુપરાંત, પ્રાભાકરમતપ્રવેશ રૂપ બીજી આપત્તિ પણ આવશે. તે આ રીતે - શક્તિ એક પરોક્ષ-પદાર્થ છે. અગ્નિમાં રહેલ દાહાનુકૂલ શક્તિ, અગ્નિની જવાળાની જેમ પ્રત્યક્ષ જોઈ શકાતી નથી. પણ, કોઈ હાથ નાંખે તો તેને દાહ થતો જોઈને કાર્યલિંગક અનુમાન કરીને અગ્નિમાં દાહાનુકૂલશક્તિ હોવાનો નિર્ણય કરાય છે. દાહશક્તિની જેમ અન્ય બધી શક્તિઓ પણ પરોક્ષ (= પોત-પોતાના કાર્યથી અનુમેય) છે. આત્મામાં અર્થગ્રહણ કરવાની જે શક્તિ છે તે પણ પરોક્ષ છે. અર્થાત્ અર્થબોધ થયો છે માટે તદનુકૂલશક્તિ આત્મામાં હોવી જોઈએ એ રીતે તેની અનુમિતિ કરાય છે. તેનાથી જે અર્થબોધ થાય છે તે તો પ્રત્યક્ષ જ છે. હવે શક્તિપ્રમાણવાદી એવા તમારા મતે કરણીભૂત શક્તિ પરોક્ષ છે અને તેનું ફળ = અર્થબોધ પ્રત્યક્ષ છે. આવું માનવાથી તો તમે પ્રભાકર (મીમાંસક) ના મતમાં પ્રવેશી જશો કારણ કે તેના મત પ્રમાણે કરણ પરોક્ષ છે અને ફળજ્ઞાન પ્રત્યક્ષ છે.

**પૂર્વપક્ષ :** તમે પ્રભાકરમતપ્રવેશની આપત્તિ જે આપો છો તેનું વારણ શક્ય છે. જુઓ - જૈનદર્શનના રહસ્યને જરા સમજો. જૈનમતમાં કોઈ પણ વસ્તુ એકાંતે પ્રત્યક્ષ કે પરોક્ષ નથી, પરંતુ અપેક્ષાએ જ પ્રત્યક્ષ કે પરોક્ષ હોય છે. આત્મામાં રહેલી અર્થગ્રહણશક્તિ પણ પર્યાયરૂપે પરોક્ષ હોવા છતાં ય દ્રવ્યરૂપે તો પ્રત્યક્ષ છે જ. તેનું કારણ એ છે કે આત્મગત આ અર્થગ્રહણશક્તિ આત્માથી કથંચિદ્ અભિન્ન છે. (કારણ કે જૈનમતે ગુણ-ગુણીનો કથંચિદ્ અભેદ માન્ય છે.) આત્માનું માનસપ્રત્યક્ષ થાય છે તે અનુભવસિદ્ધ છે અને મનથી પ્રત્યક્ષ એવા આત્માથી કથંચિદ્ અભિન્ન હોવાથી આ શક્તિ પણ દ્રવ્યાર્થતઃ (= આત્મદ્રવ્યરૂપ હોવાથી તેની અપેક્ષાએ) પ્રત્યક્ષ સિદ્ધ થાય છે. પ્રાભાકરમતે તો કરણજ્ઞાન (= નિર્વિકલ્પક-જ્ઞાન) સર્વથા પરોક્ષ છે જયારે પ્રસ્તુતમાં તો એવું નથી તેથી અમને પ્રાભાકરમતપ્રવેશની આપત્તિ આવતી જ નથી.

**ઉત્તરપક્ષ :** આ તો ત્રણ સાંધતા તેર તૂટે એવું થશે. આત્માથી કથંચિદ્ અભિન્ન એવા શક્તિ પદાર્થને તમે દ્રવ્યાર્થતઃ (= સ્વાશ્રયદ્રવ્યની અપેક્ષાએ) પ્રત્યક્ષ માન્યો - તેથી આપત્તિ આવશે. શક્તિને સ્વસંવિદિત માની જ નહીં શકાય. જેમ કે 'अहं सुखी' ઇત્યાદિ માનસજ્ઞાનથી સુખનું ગ્રહણ થાય છે તેથી સુખ પ્રત્યક્ષ છે ખરું, પરંતુ સ્વસંવિદિત કહેવાતું નથી. કારણ કે તે જ્ઞાનોપયોગથી ગ્રાહ્ય છે. તે રીતે આત્મદ્રવ્યના પ્રત્યક્ષથી ગ્રાહ્ય હોવાથી શક્તિ પણ પરતઃ સંવિદિત જ કહેવાશે. તેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**द्रव्यार्थतः प्रत्यक्षाणामपि कुशूलकपालादीनामुल्लेखोऽस्तीति ।**

**तद् द्विभेदं प्रत्यक्षं, परोक्षं च । अक्षमिन्द्रियं प्रतिगतम् कार्यत्वेनाश्रितं प्रत्यक्षम्,**

सत्यात्मवर्तीनामतीतानागतवर्तमानपर्यायाणामशेषाणामपि द्रव्यार्थतः प्रत्यक्षत्वेन ज्ञानवत्तेऽपि स्वसंविदिताः स्युः। तस्माद् यदिह स्वयमात्मानं वेत्ति तदेव स्वसंविदितमुच्यते। उपयोग एव हि तादृशो, न शक्तिः सुखादयश्च, यतो द्रव्याधिगमद्वारग्रहणाः सुखादयः पुनः उपयोगाख्यपर्यायान्तरसमधिगम्याः।

प्रतिपादितं प्रमाणसामान्यस्वरूपमथ तद्विशेषप्रतिपिपादयिषया तत्सङ्ख्यामेवादौ प्रतिजानीते **'तद्द्विभेद'**-मित्यादिना द्वौ भेदौ = विशेषौ यस्य तद् द्विभेदम्, स्वसाक्षाद्व्याप्यसामान्यद्वयप्रमाणत्ववदिति यावत्, तेन चाक्षुषादिभेदेन प्रत्यक्षस्य, स्मरण-प्रत्यभिज्ञान-तर्कानुमानागमभेदेन परोक्षस्य बहुत्वसङ्ख्यायोगित्वेऽपि

શક્તિમાં સ્વસંવિદિતત્વ ઘટશે નહીં માટે કરણને (શક્તિને) પરોક્ષ માનવું પડવાથી પૂર્વોક્ત પ્રાભાકરમતપ્રવેશાપત્તિ ઊભી જ રહેવાની. (અહીં શક્તિ અસ્વસંવિદિત થઈ જવાની જે આપત્તિ આપી છે તેની જેમ બીજી પણ એવી આપત્તિ આપી શકાય કે આત્માથી કથંચિદ્ અભિન્ન શક્તિને જો દ્રવ્યાર્થતઃ પ્રત્યક્ષ હોવાથી 'પ્રત્યક્ષ' કહેશો તો પછી આત્માના તમામ પર્યાયો પણ આત્માથી કથંચિદ્ અભિન્ન હોવાથી દ્રવ્યાર્થતઃ પ્રત્યક્ષ હોવારૂપે પ્રત્યક્ષ કહેવાશે. દ્રવ્યાર્થતઃ પ્રત્યક્ષ પદાર્થમાં પ્રત્યક્ષ તરીકેનો વ્યવહાર થતો નથી. પણ જે સ્વયં સાક્ષાત્ પ્રત્યક્ષ હોય તેવા પદાર્થો વિશે જ પ્રત્યક્ષરૂપે વ્યવહાર થાય છે. તેથી શક્તિ દ્રવ્યાર્થતઃ પ્રત્યક્ષ હોય તો પણ વાસ્તવમાં તે પરોક્ષ જ છે તેથી પ્રાભાકરમત પ્રવેશની આપત્તિ આવશે જ.)

શક્તિને પ્રમાણ માનવામાં બીજી એ આપત્તિ પણ આવે છે કે 'આનથી ઘડાને જાણ્યો' ઈત્યાદિ સ્થળે જ્ઞાનનો કરણરૂપે જે ઉલ્લેખ થાય છે તે પણ સંગત નહીં થાય. જે સ્વરૂપથી (પર્યાયાર્થતઃ) પ્રત્યક્ષ ન હોય તેનો કરણરૂપે (કરણપર્યાયરૂપે) ઉલ્લેખ પ્રત્યક્ષપ્રતીતિમાં થઈ ન શકે. મૃત્તિકાથી ઘટ અભિન્ન છે અને કુશૂલ-કપાલાદિ પણ મૃત્તિકાથી અભિન્ન છે. મૃત્તિકા પ્રત્યક્ષસિદ્ધ છે એટલે તેનાથી અભિન્ન એવા કુશૂલ-કપાલાદિ પણ દ્રવ્યાર્થતઃ પ્રત્યક્ષ છે. છતાં પણ ઘટનું પ્રત્યક્ષ કરતી વખતે દ્રવ્યાર્થતઃ પ્રત્યક્ષ એવા પણ કુશૂલ-કપાલાદિનો પ્રત્યક્ષરૂપે ઉલ્લેખ થતો નથી. એટલે કે 'હું કુશૂલ-કપાલને જોઉં છું' એવો અનુભવ થતો નથી. તેથી જણાય છે કે જે સ્વરૂપથી પ્રત્યક્ષ હોય તેનો જ પ્રત્યક્ષપ્રતીતિમાં પ્રત્યક્ષરૂપે ઉલ્લેખ થતો જણાય છે. તે ઉલ્લેખ જ સિદ્ધ કરે છે કે જ્ઞાન સ્વરૂપથી જ પ્રત્યક્ષ છે. જેમ કરણભૂત જ્ઞાન પ્રત્યક્ષ છે તેમ ફલરૂપ જ્ઞાન પણ પ્રત્યક્ષ છે તેથી કરણ-ફળ બન્ને જ્ઞાન પ્રત્યક્ષસિદ્ધ થાય છે. આથી અમારે પ્રાભાકરમતાનુસરણ પણ રહેતું નથી અને જ્ઞાનના કરણરૂપે થતા ઉલ્લેખની અસંગતિ પણ રહેતી નથી. આમ, ઉપયોગેન્દ્રિયને જ પ્રમાણ (કરણ) માનવું ઉચિત છે.

### * પ્રમાણના બે ભેદ *

પ્રમાણનું લક્ષણ જણાવ્યા બાદ હવે પ્રમાણના ભેદ જણાવે છે. પ્રમાણના મુખ્ય બે ભેદ છે. પ્રત્યક્ષ અને પરોક્ષ. અક્ષ એટલે ચક્ષુ આદિ ઈન્દ્રિયો. તેના પર જે કાર્યરૂપે આશ્રિત હોય (અર્થાત્, તેને વિશે જે ઉત્પન્ન થાય) તેને 'પ્રત્યક્ષ' કહેવાય. આ વ્યુત્પત્તિ પ્રમાણે ઈન્દ્રિયોથી જે જ્ઞાન ઉત્પન્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न क्षतिः न्यूनाधिकसङ्ख्याव्यवच्छेदफलकं हि विभागवाक्यं, अतो द्वे एव प्रमाणे, न न्यूनाधिके। **एतेन** प्रत्यक्षमेवेकं प्रमाणमिति **चार्वाकः**, प्रत्यक्षानुमानागमाः प्रमाणमिति **वैशेषिकाः**, तान्येवेति **साङ्ख्याः**, सहोपमानेन चत्वारीति **नैयायिकाः**, अर्थापत्त्या सहितं प्रमाणपञ्चकमिति **प्राभाकराः**, अभावसहभावेन षडिति **भाट्टाः वेदान्तिनश्च**, सम्भवैतिह्याभ्यामष्टौ प्रमाणानि इति **पौराणिका** इति न्यूनाधिकप्रमाण-सङ्ख्यावादिनः प्रतिक्षिप्ता ज्ञातव्याः, यदेतेषां सर्वेषां यथायथं वक्ष्यमाणभेदयोरेवान्तर्भावसम्भवादिति दर्शितं **आकरादि**ग्रन्थान्तरे व्यासतः समासतश्चात्रापि वक्ष्यते।

→ तद्द्विभेदं प्रत्यक्षानुमानप्रकारेणापि **सौगत**सम्मतेन मा बोधीति स्वाभिमतसमग्रप्रमाणभेद-प्रभेदसङ्ग्रहपरं सङ्ख्याप्रकारं नामग्रहणेनैव स्पष्टन्नाह - '**प्रत्यक्षमि**'त्यादिना।

'अक्षं अक्षं प्रति वर्तत इति प्रत्यक्षमि'ति अव्ययीभावे तु *'द्वन्द्वैकत्वाव्ययीभावौ'* (**लिङ्गानुशासन-५९**) इत्यनेन सदा नपुंसकत्वं स्यात्। अतः प्रत्यक्षपदमन्यथा व्युत्पादयति 'अक्ष'मित्यादिना 'अक्षं

---

થાય તેને પ્રત્યક્ષ કહેવાય છે.

**શંકા :** પ્રત્યક્ષ શબ્દની આવી વ્યુત્પત્તિ અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનમાં નહીં ઘટે કારણ કે આ જ્ઞાનો ઈન્દ્રિયજન્ય નથી.

**સમા. :** પ્રત્યક્ષ શબ્દની બીજી રીતે વ્યત્પત્તિ કરવાથી આ આપત્તિ ટળી જશે. ઉણાદિ ગણનો પ્રત્યય લગાડવાથી अश् ધાતુ પરથી अक्ष શબ્દ સિદ્ધ થાય છે. अश् ધાતુનો અર્થ 'વ્યાપવું' એવો થાય છે. તેથી 'જ્ઞાન દ્વારા જે સર્વ વસ્તુઓને વ્યાપે છે તે અક્ષ. અક્ષ = આત્મા. તે જીવ દ્વારા (ઈન્દ્રિયાદિ નિરપેક્ષપણે) ઉત્પન્ન થતું જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય. આ વ્યુત્પત્તિ અવધિ આદિ જ્ઞાનોમાં ઘટે છે.

**શંકા :** આ રીતે અવધિ આદિમાં વ્યુત્પત્તિની ઘટના કરવા ગયા તેમાં મતિ-શ્રુતજ્ઞાનમાં આ વ્યુત્પત્તિ નહીં ઘટે એ તો તમે ભૂલી ગયા ! કારણ કે મતિ-શ્રુત જ્ઞાન ઈન્દ્રિયજન્ય છે, માત્ર જીવ (અક્ષ) દ્વારા ઉત્પન્ન થઈ શકતા નથી. તેથી પ્રત્યક્ષ શબ્દની તમે કહેલી બન્ને વ્યુત્પત્તિઓ અવ્યાપ્ત છે. પહેલી વ્યુત્પત્તિ અવધિ આદિ જ્ઞાનમાં ઘટતી નથી, ને બીજી વ્યુત્પત્તિ મતિ-શ્રુત જ્ઞાનમાં ઘટતી નથી. તેથી પ્રત્યક્ષ શબ્દની આ બે વ્યુત્પત્તિઓ અંગે તમારી સામે વ્યાઘ્ર-તટી ન્યાય ઉપસ્થિત થયો છે. આ બેમાંથી એક પણ વ્યુત્પત્તિ એવી નથી કે જેના આધારે મત્યાદિ પાંચે જ્ઞાનોમાં 'પ્રત્યક્ષ' શબ્દનો વ્યપદેશ થાય.

**સમા. :** કોઈ વ્યાઘ્ર કે તટીથી ગભરાઈ જવાની જરા ય જરૂર નથી. આ તો બે રીતે 'પ્રત્યક્ષ' શબ્દના વ્યુત્પત્તિનિમિત્ત જ જણાવ્યા છે. 'પ્રત્યક્ષ' શબ્દનો વ્યપદેશ કંઈ આ વ્યુત્પત્તિનિમિત્તના આધારે થતો નથી, કિન્તુ 'પ્રત્યક્ષ' શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત જ્યાં ઘટતું હોય ત્યાં 'પ્રત્યક્ષ' શબ્દનો વ્યપદેશ (પ્રયોગ) થઈ શકે છે. દા.ત. → गो શબ્દની વ્યુત્પત્તિ આવી છે → 'गच्छतीति गौः' હવે આ વ્યુત્પત્તિનિમિત્ત પ્રમાણે તો ઘોડો જ્યારે ચાલતો હોય ત્યારે તેને પણ 'गौ' કહેવાની આપત્તિ (અતિવ્યાપ્તિ) આવશે અને ગાય જ્યારે બેઠી હોય ત્યારે તેને 'गौ' નહીં કહી શકવાની આપત્તિ (અવ્યાપ્તિ) આવશે. પણ આવી આપત્તિઓ વ્યાજબી ગણાતી નથી. કારણ કે તે તે શબ્દના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अथवाऽश्नुते ज्ञानात्मना सर्वार्थान् व्याप्नोतीत्यौणादिकनिपातनात् अक्षो जीवः, तं प्रतिगतं इन्द्रिय'मिति।**

पूर्वोक्ता प्रत्यक्षशव्दव्युत्पत्तिर्हि अवध्यादौ पारमार्थिकप्रत्यक्षज्ञाने न घटते इति व्युत्पत्त्यन्तरमाह '**अथवा**' इत्यादिना '**अथवा अश्नुते**'। अशौटि व्याप्तौ - (धातुपाठे-१३१४) इति वचनप्रामाण्याद् 'अश्' इति धातोः व्यापकत्वार्थकतालाभः। **इदमत्र तात्पर्यं** - सर्वेषामेवात्मनां ज्ञानं यद्यपि सकलार्थविपयकमेव तथापि स्वावारककर्मप्रतिवन्धात् स्वविपयीभूतमप्यर्थं न प्रकाशयति। यद्विपयावच्छेदेनावरणस्य क्षयोपशमः क्षयो वा सञ्जातस्तद्विपयावच्छिन्नमेवार्थप्रकाशनम्, अत एव खलु प्रतिनियतविपयकत्वव्यपदेशोऽपि ज्ञाने वस्तुतः सकलार्थविपयकेऽपि ज्ञाने प्रवर्तत, इति विषयतासम्बन्धेन ज्ञानस्य वस्तुत्वव्यापकत्वात्, ज्ञानस्य चात्मनः कथंञ्चिदभिन्नत्वेन ज्ञानात्मना सर्वार्थव्याप्तेर्घटनाद् आत्मा = अक्षः इति।

प्रत्यक्षशव्दस्य उक्तव्युत्पत्तिद्वयस्य यथाक्रमं अवध्यादौ पारमार्थिकप्रत्यक्षे, मत्यादौ चापारमार्थिकप्रत्यक्षे-

---

પ્રવૃત્તિનિમિત્તને આશ્રયીને જ તે તે શબ્દથી વ્યપદેશ થાય છે. 'ગો' શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત છે ગોત્વ (જાતિ). હવે આ ગોત્વ જાતિ ઘોડામાં નથી તેથી ગમનક્રિયાન્વિત ઘોડાને વિશે 'ગો' શબ્દનો પ્રયોગ થઈ શકતો નથી. અને બેઠેલી-ઊભેલી ગાયમાં ગોત્વ તો છે જ તેથી તેને વિશે 'ગો' શબ્દપ્રયોગ થવામાં કોઈ બાધ નથી. આ રીતે ઉક્ત આપત્તિઓનું વારણ થઈ જાય છે. આના પરથી નિશ્ચિત થાય છે કે તે તે શબ્દના પ્રવૃત્તિનિમિત્તને આશ્રયીને જ તે તે શબ્દની પ્રવૃત્તિ થાય છે.

'પ્રત્યક્ષ' શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત તો છે સ્પષ્ટતાવત્ત્વ. આ સ્પષ્ટતાવત્ત્વ, અક્ષાશ્રિતત્વરૂપ વ્યુત્પત્તિનિમિત્તથી ઉપલક્ષિત થઈને તે તે જ્ઞાનરૂપ એક અધિકરણમાં રહે છે. મતિ-શ્રુતમાં તેમજ અવધિ આદિમાં પણ સ્પષ્ટતાવત્ત્વ તો છે જ. હા, પછી એ સ્પષ્ટતા તીવ્ર-મંદભાવે તરતમતાવાળી હોઈ શકે છે. એટલે કે કોઈ પ્રત્યક્ષ સ્પષ્ટ હોય, તો કોઈ પ્રત્યક્ષ તેની અપેક્ષાએ સ્પષ્ટતર હોય, છતાં પણ સ્પષ્ટતા તો બધા જ પ્રત્યક્ષજ્ઞાનમાં રહેલી છે જ. તેથી બધા જ પ્રત્યક્ષજ્ઞાનમાં સ્પષ્ટતાવત્ત્વ નામનો એક અનુગત ધર્મ રહ્યો છે કે જે 'પ્રત્યક્ષ' શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત છે.

### * વિશેષણ અને ઉપલક્ષણ વચ્ચે તફાવત *

અહીં અક્ષાશ્રિત્વને સ્પષ્ટતાવત્ત્વનું ઉપલક્ષણ કહ્યું છે, વિશેષણ નથી કહ્યું. (અર્થાત્, ગ્રન્થકારે 'उपलक्षितं' એવો શબ્દપ્રયોગ કર્યો છે. 'विशेषितं' એવો શબ્દપ્રયોગ કર્યો નથી.) એનું પણ પ્રયોજન છે. વિશેષણ અને ઉપલક્ષણમાં ફેર છે. વિશેષણ તો હાજર હોય ત્યારે જ વ્યવહાર પ્રયોજક બને છે જ્યારે ઉપલક્ષણ તો વિદ્યમાન હોય કે ન પણ હોય તો પણ વ્યવહારપ્રયોજક બને. દા.ત. લાલ ઘડામાં રક્તવર્ણ એ વિશેષણ છે તેથી ઘડામાં લાલ વર્ણ હોય ત્યારે જ 'रक्तो घटः' એવો વ્યવહાર થાય. એ જ ઘડો પાક વગેરેના કારણે જો કાળો બની જાય તો પછી તેને વિશે 'रक्तो घटः' એવો વ્યવહાર બાધિત થઈ જાય છે. કારણ કે વિશેષણ (રક્તવર્ણ) ગેરહાજર છે. ઉપલક્ષણમાં આવું નથી. 'જો પેલો કાગડો બેઠો છે એ બારીવાળું ઘર રમેશનું છે.' અહીં કાગડો એ ઉપલક્ષણ છે એટલે પછી કાગડો ન બેઠો હોય ત્યારે પણ તે ઘરને 'રમેશનું ઘર' કહી શકાય છે. પ્રસ્તુતમાં અક્ષાશ્રિતત્વ એ ઉપલક્ષણ છે તેથી મતિ-શ્રુતજ્ઞાનમાં તે વિદ્યમાન હોય, અવધિ આદિ જ્ઞાનમાં વિદ્યમાન ન હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रत्यक्षम् । न चैवमवध्यादौ मत्यादौ च प्रत्यक्षव्यपदेशो न स्यादिति वाच्यम्; यतो व्युत्पत्तिनिमित्तमेवैतत्, प्रवृत्तिनिमित्तं तु एकार्थसमवायिनाऽनेनोपलक्षितं स्पष्टतावत्त्वमिति । स्पष्टता चानुमानादिभ्योऽतिरेकेण विशेषप्रकाशनमित्यदोषः । अक्षेभ्योऽक्षाद्वा परतो वर्तत इति**

ऽव्याप्तिमाशङ्कते '**न चैवमवध्यादौ**' । परिहारहेतुमाह '**यतो व्युत्पत्तिनिमित्तमेवैतदि**'त्यादिना । एवकारव्यवच्छेद्यं प्रवृत्तिनिमित्तं । किं तर्हि प्रत्यक्षशब्दप्रवृत्तिनिमित्तमित्याशङ्कायामाह- '**प्रवृत्तिनिमित्तञ्चे**'त्यादिना । प्रवृत्तिनिमित्तत्वञ्च वाच्यत्वे सति, वाच्यवृत्तित्वे च सति वाच्योपस्थितिप्रकारत्वं । यथा गोपदप्रवृत्तिनिमित्तं गोत्वं । तत्र गोपदवाच्यत्वं समस्ति, गोपदशक्तेर्गोत्वविशिष्टगोव्यक्तिविश्रान्तत्वस्वीकाराद्, गोपदस्य गोत्ववाचकत्वसद्भावात् । गोपदवाच्यगोव्यक्तिवृत्तित्वं, अत एव च गोपदजन्योपस्थितौ प्रकारत्वमपि अस्ति । 'गच्छतीति गौः' इत्यस्य तु व्युत्पत्तिनिमित्तत्वमात्रार्थोऽन्यथा गच्छति अश्वादौ अगच्छति च गवि गोपदप्रवृत्त्यप्रवृत्त्यापत्तेः ।

---

છતાં પણ 'प्रत्यक्ष' તરીકેનો વ્યવહાર પાંચે ય જ્ઞાનમાં નિર્બાધપણે થઈ શકે છે. બાકી, ખરેખર તો 'स्पष्टतावत्त्व' એ જ પ્રત્યક્ષનું લક્ષણ છે અને એ તો મત્યાદિ પાંચે ય માં વિદ્યમાન છે જ.

**પ્રશ્ન :** આ સ્પષ્ટતાનું સ્વરૂપ શું કહેશો ?

**ઉત્તર :** અનુમાન-આગમાદિની અપેક્ષાએ અધિકતાએ અર્થપ્રકાશન કરવું, અર્થગતધર્મોને વિશેષપણે જણાવવા એ જ પ્રત્યક્ષમાં રહેલી સ્પષ્ટતા છે. એ તો અનુભવસિદ્ધ છે કે ભડભડ બળતા જાજ્વલ્યમન અગ્નિને પ્રત્યક્ષ જોતા અગ્નિનો (તેના વર્ણાદિનો) જેવો વિશદ બોધ થાય તેવો વિશદ બોધ વહ્નિની અનુમિતિ થતા થઈ શક્તો નથી. આ રીતે દરેક પ્રત્યક્ષમાં સ્પષ્ટતારૂપ પ્રવૃત્તિનિમિત્ત ઘટમાન છે.

### ❋ 'પરોક્ષ' શબ્દના વ્યુત્પત્તિ અને પ્રવૃત્તિનિમિત્ત ❋

પ્રત્યક્ષ શબ્દની વ્યુત્પત્તિ, પ્રવૃત્તિનિમિત્ત જણાવીને હવે 'પરોક્ષ' શબ્દની વ્યુત્પત્તિ જણાવે છે. અક્ષ એટલે કે ઇન્દ્રિયોથી વ્યવહિત રહીને જે જ્ઞાન ઉત્પન્ન થાય તેને પરોક્ષ કહેવાય છે. દા.ત. ધૂમાદિને જોવા દ્વારા અગ્નિનું થતું જ્ઞાન. આ વ્યુત્પત્તિમાં 'अक्ष' શબ્દનો અર્થ ઈન્દ્રિય કર્યો છે. ઈન્દ્રિયો અનેક હોવાથી 'अक्षेभ्यः' એમ બહુવચનનો પ્રયોગ કર્યો છે. 'अक्ष' શબ્દનો અર્થ પૂર્વે 'જીવ' કરેલો તેથી એ જ અર્થને અનુસરીને બીજી વ્યુત્પત્તિ પણ જણાવે છે. 'અક્ષ એટલે કે જીવથી વ્યવહિત રહીને જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે પરોક્ષ. આ વ્યુત્પત્તિ પ્રમાણે મતિ-શ્રુતજ્ઞાન પણ પરોક્ષ કહેવાશે. કારણ કે તેમાં આત્મા સાથે સીધો સંબંધ હોતો નથી. ઈન્દ્રિયોનો વિષય સાથે સંબંધ થતા જ્ઞાન ઉત્પન્ન થાય છે. આમ 'પરોક્ષ' શબ્દના પણ વ્યુત્પત્તિનિમિત્ત બે છે, પરંતુ પ્રવૃત્તિનિમિત્ત તો એક જ છે, અને તે છે અસ્પષ્ટતા. પ્રત્યક્ષ જ્ઞાનની અપેક્ષાએ અનુમાનાદિમાં અસ્પષ્ટતા હોય છે તે સુપ્રતીત છે.

### ❋ સાંવ્યવહારિક અને પારમાર્થિક પ્રત્યક્ષ ❋

પ્રત્યક્ષના મુખ્ય બે ભેદ છે (૧) સાંવ્યવહારિક પ્રત્યક્ષ (૨) પારમાર્થિક પ્રત્યક્ષ. અહીં સૌ પ્રથમ સાંવ્યવહારિક પ્રત્યક્ષની ભેદ-પ્રભેદનિરૂપણપૂર્વક વિચારણા કરાય છે.

સંવ્યવહાર કોને કહેવાય ? તે જણાવે છે. ઈષ્ટસાધનસ્વરૂપવસ્ત્રાદિવિષયક ચાક્ષુષપ્રત્યક્ષ થતાં જ તેને લેવા માટે પ્રવૃત્તિરૂપ વ્યવહાર થાય છે. અનિષ્ટસાધન સ્વરૂપ સર્પાદિવિષયક ચાક્ષુષપ્રત્યક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परोक्षम्, अस्पष्टं ज्ञानमित्यर्थः ।**

तस्माद् यथा एकार्थसमवायिना गमनक्रियात्मकव्युत्पत्तिनिमित्तेनोपलक्षितं गोत्वमेव गोपदप्रवृत्तिनिमित्तं, तथैव एकार्थसमवायिना = स्वाधिकरणवर्तिनाऽक्षाऽऽश्रितत्वलक्षणव्युत्पत्तिनिमित्तेनोपलक्षितं स्पष्टतावत्त्वं वक्ष्यमाणलक्षणमेव तथा। व्युत्पत्तिनिमित्तस्योपलक्षणत्वकथनादव्याप्त्यादिपूर्वोक्तदोषाः परिहृता भवन्ति।

प्रत्यक्षं लक्षयित्वा परोक्षं लक्षयति '**अक्षेभ्यः**' इत्यादिना। '**अक्षेभ्यः**' इति चक्षुरादीन्द्रियेभ्यः, इन्द्रियबहुत्वाद् बहुवचननिर्देशः। '**अक्षाद्वा**' = आत्मनः सकाशाद्, व्यक्त्या भिन्नत्वेऽपि जातावेकवचनं

---

થતાં જ ત્યાંથી ખસી જવા રૂપ નિવૃત્ત્યાત્મક વ્યવહાર થાય છે. ક્યારેક કોઈને જણાવવા માટે શબ્દપ્રયોગ કરવા રૂપ અભિલાપાત્મક વ્યવહાર પણ થાય છે. આ બધો વ્યવહાર બાધારહિત, અર્થાત્ ભ્રમણાદિથી રહિત હોય તો તે વ્યવહારને સંવ્યવહાર કહેવાય છે. આવા સંવ્યવહારરૂપ પ્રયોજનવાળું, અર્થાત્ આવો સંવ્યવહાર કરાવી શકે તેવું જ્ઞાન સાંવ્યવહારિક કહેવાય છે. જેમ કે આપણું પ્રત્યક્ષ. આ પ્રત્યક્ષ અપારમાર્થિક છે.

તાત્પર્ય એ છે કે આપણું દરેક જ્ઞાન કંઈ પ્રવૃત્તિ-નિવૃત્ત્યાદિરૂપ સંવ્યવહારનું પ્રયોજક બને જ એવો કોઈ નિયમ નથી. છતાં ય તેમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ આદિરૂપ સંવ્યવહારના પ્રયોજક બની શકવાની શક્તિ તો છે જ. તેથી તે અપેક્ષાએ તેને પણ સાંવ્યવહારિક કહેવાય છે. દા.ત. અંકુરને ઉત્પન્ન કરે તેને બીજ કહેવાય છે. પરંતુ ઘણાં બીજ એવા હોય છે કે જે કોઠારમાં જ પડયાં રહે છે અને તેથી અંકુરને ઉત્પન્ન કરતા નથી. છતાં પણ અંકુરને ઉત્પન્ન કરવાની શક્તિથી યુક્ત હોવાથી તેને પણ અંકુરનું કારણ તો કહેવાય છે. તે રીતે પ્રસ્તુતમાં પણ સંવ્યવહાર માટે સ્વરૂપયોગ્ય હોવાથી દરેક મતિ-શ્રુત જ્ઞાનને સાંવ્યવહારિક કહી શકાશે.

### * સાંવ્યવહારિક પ્રત્યક્ષ વસ્તુતઃ પરોક્ષ છે *

વળી, આ સાંવ્યવહારિક પ્રત્યક્ષ વસ્તુતઃ તો પરોક્ષ જ છે, કારણ કે આ પ્રત્યક્ષ આત્મવ્યાપારથી સાક્ષાત્ સંપાદ્ય નથી કિન્તુ આત્મવ્યાપાર પછી ઈન્દ્રિયવ્યાપાર, મનોવ્યાપાર થાય અને પછી અર્થબોધ (મતિ કે શ્રુતજ્ઞાન) થાય છે. જેમ, ધૂમના જ્ઞાન માટે આત્મા વ્યાપૃત બને, પછી ધૂમજ્ઞાન થાય અને પછી વહ્નિની અનુમિતિ થાય છે. અહીં વહ્નિની અનુમિતિ પરોક્ષજ્ઞાન છે કારણ કે આત્મવ્યાપાર પછી તરત જ તે ઉત્પન્ન થતું નથી કિન્તુ વચ્ચે ધૂમનું જ્ઞાન વ્યવધાન ઊભું કરે છે. તેવી જ રીતે ઈન્દ્રિય કે અનિન્દ્રિય (મન) દ્વારા થતાં પ્રત્યક્ષજ્ઞાનમાં પણ તે તો ઈન્દ્રિયના વ્યાપારથી વ્યવધાન પડે છે. સૌ પ્રથમ આત્મવ્યાપાર, પછી ઈન્દ્રિયવ્યાપાર, પછી તે વસ્તુનું જ્ઞાન થાય છે, સાંવ્યવહારિક પ્રત્યક્ષ આ રીતે સાક્ષાત્ આત્મવ્યાપારસંપાદ્ય નથી, કિન્તુ ઈન્દ્રિય કે નોઈન્દ્રિય(મન) થી વ્યવહિત એવા આત્મવ્યાપારથી જ સંપાદ્ય છે.

વળી, અનુમિત્યાદિરૂપ પરોક્ષજ્ઞાનમાં જેમ અસિદ્ધ, અનૈકાન્તિક (વ્યભિચાર), વિરુદ્ધ એવા અનુમાનાભાસનો સંભવ છે, તેમ ઈન્દ્રિયનિમિત્તક કે મનોનિમિત્તક સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં સંશય, વિપર્યય, અનધ્યવસાયનો સંભવ છે. (જેમ કે દોરડું હશે કે સાપ ? એવો સંશય પડી શકે છે, ધૂળ ઉડતી જોઈને 'આ ધૂમ છે' એવો વિપર્યય પણ થઈ શકે છે.) અવધિ વગેરે જ્ઞાનમાં આ રીતે સંશયાદિ થતા નથી. તે કારણથી પણ સાંવ્યવહારિક પ્રત્યક્ષ એ પરમાર્થતઃ પરોક્ષ જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रत्यक्षं द्विविधं सांव्यवहारिकम्, पारमार्थिकं चेति । समीचीनो बाधारहितो व्यवहारः प्रवृत्तिनिवृत्तिलोकाभिलापलक्षणः संव्यवहारः, तत्प्रयोजनकं सांव्यवहारिकमपारमार्थिकमित्यर्थः, यथाऽस्मादादिप्रत्यक्षम् । तद्धीन्द्रियानिन्द्रियव्यवहितात्मव्यापारसम्पाद्यत्वात्परमार्थतः परोक्षमेव, धूमादग्निज्ञानवद् व्यवधानाविशेषात् । किञ्च, असिद्धानैकान्तिकविरुद्धानुमानाभासवत् संशयविपर्ययानध्यवसायसम्भवात्, सदनुमानवत् सङ्केतस्मरणादिपूर्वकनिश्चयसम्भावाच्च परमार्थतः परोक्षमेवैतत् ।**

---

ज्ञेयम्। परतः = इन्द्रियसन्निकर्षादिलक्षणव्यवधानतो वर्तते = जायत इति परोक्षं ज्ञानम्। **एतेन 'परमार्थतः परोक्षमेवैतत्'** इत्यपि व्याख्यातं द्रष्टव्यम्। **इदमुक्तं भवति** - अपौद्गलिकतयाऽमूर्तो जीवः पौद्गलिकतया च मूर्तानि द्रव्येन्द्रियमनांसि, अमूर्ताच्च पृथग्भूतं मूर्तं, ततस्तेभ्यो द्रव्येन्द्रियमनोभ्यो यन्मतिश्रुतलक्षणं ज्ञानं जायते तद् धूमादेरग्न्यादिज्ञानवत् परनिमित्तत्वात् परमार्थतः परोक्षमेव।

**इदमत्राधिकम्** - **'स्पष्टं प्रत्यक्ष'**मिति सांव्यवहारिकपारमार्थिकसाधारणं प्रत्यक्षलक्षणं। यद्यपि प्रत्यक्षसामान्यलक्षणानि तु तत्ततन्त्रोक्तानि बहूनि तथापि न हि तानि दोषरहितानि। तथा च **ताथागताः** *'कल्पनापोढमभ्रान्तं प्रत्यक्षमिति'* **(न्यायबिन्दौ)** नामजात्यादियोजनालक्षणया कल्पनयाऽपोढं = रहितं, यन्न भ्राम्यति तत्प्रत्यक्षमिति हि तदभिप्रायः। स तु स्वगृहमान्य एव, समारोपाविरोधित्वात्,

---

તદુપરાંત, સત્ય અનુમિતિમાં સાધ્યનો નિશ્ચય જેમ સંકેતસ્મરણપૂર્વક થાય છે. તેમ મતિ-શ્રુતજ્ઞાન સ્વરૂપ એવું સાંવ્યવહારિક પ્રત્યક્ષ પણ સંકેતસ્મરણપૂર્વક થાય છે. તેથી એ પરમાર્થતઃ અનુમિતિની જેમ પરોક્ષ જ છે. (**તાત્પર્ય :** કોઈ અપૂર્વ વસ્તુને જોતા જ 'આ અમુક વસ્તુ છે' એવો બોધ થઈ શક્તો નથી, કારણ કે જ્યાં સુધી તે વસ્તુનો વાચક શબ્દ ક્યો છે ? તે ન જણાય ત્યાં સુધી વાચ્યવાચકભાવગર્ભિત 'આ અમુક વસ્તુ છે' એવો બોધ શી રીતે થાય ? તેથી જણાય છે કે મતિ-શ્રુતજ્ઞાન સંકેતસ્મરણપૂર્વક થાય છે. હા, અવધિજ્ઞાની આવી કોઈ અપૂર્વ ચીજ જુએ તો તેને સંકેતસ્મરણાદિ કર્યા વગર જ 'આ અમુક વસ્તુ છે' એવો બોધ થઈ શકે છે.) આમ બન્ને પ્રકારના પ્રત્યક્ષમાં આ જ મુખ્ય ભેદ છે. તેથી અવધ્યાદિ જ પારમાર્થિક પ્રત્યક્ષ છે, સાંવ્યવહારિક પ્રત્યક્ષ એ પારમાર્થિક પ્રત્યક્ષ નથી.

### * સાંવ્યવહારિક પ્રત્યક્ષના બે ભેદ *

આ સાંવ્યવહારિક પ્રત્યક્ષના બે પ્રકાર છે.

(૧) ઈન્દ્રિયજન્યપ્રત્યક્ષ : ચક્ષુ, ઘ્રાણાદિ પાંચ ઈન્દ્રિયોથી ઉત્પન્ન થતું ચાક્ષુષાદિ પ્રત્યક્ષ એ બધું ઈન્દ્રિયજન્યપ્રત્યક્ષ કહેવાય છે.

(૨) મનોજન્યપ્રત્યક્ષ : મન એ ઈન્દ્રિય નથી અનિન્દ્રિય છે. મનથી ઉત્પન્ન થનાર માનસપ્રત્યક્ષ કહેવાય છે. આ જ મનોજન્યપ્રત્યક્ષ છે.

**શંકા :** ઈન્દ્રિયજન્ય જ્ઞાનમાં પણ મન તો વ્યાપૃત બને જ છે, તો પછી બધા જ પ્રત્યક્ષને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एतच्च द्विविधम्-इन्द्रियजम्, अनिन्द्रियजं च । तत्रेन्द्रियजं चक्षुरादिजनितम्, अनिन्द्रियजं च मनोजन्म । यद्यपीन्द्रियजज्ञानेऽपि मनो व्यापिपर्ति; तथापि तत्रेन्द्रियस्यैवासाधारणकारणत्वाददोषः । द्वयमपीदं मतिश्रुतभेदाद् द्विधा । तत्रेन्द्रियमनोनिमित्तं श्रुताननुसारि ज्ञानं मतिज्ञानम्, श्रुतानुसारि च श्रुतज्ञानम् । श्रुतानुसारित्वं च सङ्केतविषयपरोपदेशं श्रुतग्रन्थं वाऽनुसृत्य वाच्यवाचकभावेन संयोज्य 'घटो घटः' इत्याद्यन्तर्जल्पाकारग्राहित्वम् । नन्वेवमवग्रह**

विशेषाग्राहितया व्यवहारानङ्गत्वाच्च तत्र प्रामाण्याऽसम्भवात्। **एतेन**, अभ्रान्तविशेषणरहितं केवलं 'कल्पनाऽपोढं प्रत्यक्षमि'ति **दिङ्नाग**कृतप्रत्यक्षलक्षणमपि **अपास्तम्**। स्पष्टत्वकथनेन चाकस्माद्धूमदर्शनाद्वह्निरत्रेति ज्ञानं, यावान् कश्चिद्धूमवान् प्रदेशः स सर्वोऽग्निमानित्यादि व्याप्तिज्ञानं चास्पष्टमपि प्रत्यक्षमाचक्षाणः **प्रज्ञाकरगुप्ता**दिरपि प्रतिक्षिप्तः, अनुमानस्याप्येवं प्रत्यक्षतापत्त्या प्रत्यक्षमेवैकं प्रमाणं स्यात्। *'इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षं'* (**न्यायसूत्र** १/१/४) इति **नैयायिक**गृहाधीतमपि प्रत्यक्षलक्षणमवध्यादावव्यापकत्वादुपेक्ष्यम्। *'सत्सम्प्रयोगे पुरुषस्येन्द्रियाणां बुद्धिजन्म तत्प्रत्यक्षम्'* इति **मीमांसकोक्त**प्रत्यक्षलक्षणमपि न चारु, अतिव्याप्त्यनतिक्रमात्, संशयविपर्ययवुद्ध्योरपीन्द्रियसम्प्रयोगजन्यत्वेन प्रत्यक्षत्वप्रसक्तेः। *'श्रोत्रादिवृत्तिः प्रत्यक्षमिति'* ब्रुवाणाः **साङ्ख्यास्तु** प्रमाणसामान्यलक्षणे ज्ञाननिवेशेनैव बहिष्कृताः। इत्थञ्च सूक्तं '**स्पष्टं प्रत्यक्ष**'मिति स्थितं।

મનોજન્ય કેમ ન કહ્યાં ?

**સમા. :** તમારી વાત સાચી છે. બન્ને પ્રકારના સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં મનોવ્યાપાર તો હોય જ છે. તેમ છતાં પણ ચાક્ષુષાદિ પ્રત્યક્ષજ્ઞાનમાં મુખ્યરૂપે ઈન્દ્રિયો જ કારણ બને છે. ત્યાં મનની કારણતા અસાધારણ નથી. તેથી તેને ઈન્દ્રિયજન્ય જ કહ્યું તેમાં કોઈ દોષ નથી. (જેમ કે છેદનક્રિયા પ્રત્યે કુહાડીની જેમ હાથ વગેરે પણ કારણ છે જ, તેમ છતાં તે અસાધારણ કારણરૂપ નથી. કુહાડીમાં જ મુખ્ય કારણતા (અસાધારણ કારણતા) હોવાથી તેને કરણ કહેવાય છે. તેમ પ્રસ્તુતમાં પણ સમજવું.) ટૂંકમાં, જે પ્રત્યક્ષજ્ઞાન થવામાં મનોવ્યાપાર પણ હોય તે ઈન્દ્રિયજ પ્રત્યક્ષ કહેવાય અને જે પ્રત્યક્ષજ્ઞાન થવામાં મનોવ્યાપાર જ હોય તે અનિન્દ્રિયજ પ્રત્યક્ષ કહેવાય.

ઈન્દ્રિયજન્ય અને મનોજન્ય એ બન્ને પ્રત્યક્ષના પાછા બે-બે ભેદ છે.

(૧) મતિજ્ઞાન → જે જ્ઞાન ઈન્દ્રિય કે મન દ્વારા ઉત્પન્ન થતું હોય પણ શ્રુતને અનુસર્યા વિના થતું હોય તે.

(૨) શ્રુતજ્ઞાન → જે જ્ઞાન ઈન્દ્રિય કે મન દ્વારા તો ઉત્પન્ન થતું જ હોય, સાથે શ્રુતને અનુસરીને ઉત્પન્ન થતું હોય તે. (અહીં એટલો ભેદ સ્વયં સમજી લેવો કે જે મતિજ્ઞાનમાં ઈન્દ્રિય જ અસાધારણ કારણ બને તે ઈન્દ્રિયજન્ય મતિજ્ઞાન. જે મતિજ્ઞાનમાં મન જ અસાધારણ કારણ બને તે મનોજન્ય મતિજ્ઞાન. જે શ્રુતજ્ઞાનમાં ઈન્દ્રિય જ અસાધારણ કારણ બને તે ઈન્દ્રિયજન્ય શ્રુતજ્ઞાન. જે શ્રુતજ્ઞાનમાં મન જ અસાધારણ કારણ બને તે મનોજન્ય શ્રુતજ્ઞાન.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एव मतिज्ञानं स्यान्न त्वीहादयः, तेषां शब्दोल्लेखसहितत्वेन श्रुतत्वप्रसङ्गादिति चेत्; न; श्रुतनिश्रितानामप्यवग्रहादीनां सङ्केतकाले श्रुतानुसारित्वेऽपि व्यवहारकाले तदननुसारित्वात्,**

'**नन्वेवमिति**' **ननु** यदि शब्दोल्लेखसहितं श्रुतज्ञानमिष्यते, तदन्यं तु मतिज्ञानं, तदा वक्ष्यमाणस्वरूपोऽवग्रह एव मतिज्ञानं स्यात्, न पुन ईहापायादयस्तेषां शब्दोल्लेखसहितत्वात्, मतिभेदत्वेन चैते प्रसिद्धाः, अतः शब्दोल्लेखकलितत्वाद् ईहापायादिषु मतिज्ञानलक्षणस्याव्याप्तिरतिव्याप्तिर्वा श्रुतज्ञानलक्षणस्य स्यात्। न चेहादीनां साभिलापत्वेऽपि न श्रुतानुसारित्वं, तथा च नोक्तदोषावकाशः, श्रुतानुसारिण एव साभिलापज्ञानस्य श्रुतत्वादिति **वाच्यम्**, अवग्रहवदीहादीनामपि श्रुतनिश्रितत्वेनैव सिद्धान्ते प्रोक्तत्वात्। युक्तितोऽपि चेहादिषु शब्दाभिलापस्य सङ्केतकालाद्याकर्णितशब्दानुसरणमन्तरेणाऽनुपपत्तेरिति श्रुतानुसारित्वेन भवत्येव श्रुतत्वमीहादीनामिति **चेत्, न**, ईहादीनां श्रुतनिश्रितत्वोक्तिप्रयोजकं हि व्यवहारकालप्राक्कालावच्छिन्नं श्रुतपरिकर्मितमतित्वं, न तु व्यवहारकालावच्छिन्नश्रुतपरिकर्मितमतित्वम्। ईहादिकालश्च व्यवहारकालो, न हि तदानीं श्रुतानुसारित्वमेतेष्वस्ति, सङ्केतकालाद्याकर्णितशब्दपरिकर्मितमतीनां व्यवहारकाले तदनुसरणमन्तरेणापि विकल्पपरम्परापूर्वकवि-विधवचनप्रवृत्तिदर्शनात्। न हि प्राग्व्यवहारकालात् प्रवृत्तसङ्केता अधीतश्रुतग्रन्थाश्च व्यवहारकाले प्रतिविकल्पन्ते 'एतच्छब्दवाच्यत्वेनैतत् पूर्वं मयाऽवगतम्' इत्येवंरूपं सङ्केतम्, तथा 'अमुकस्मिन् ग्रन्थ एतदित्थमभिहित'मित्येवं श्रुतग्रन्थं चानुसरन्तो दृश्यन्ते, अभ्यासपाटववशात् तदनुसरणमन्तरेणाप्यनवरतं विकल्पभाषणप्रवृत्तेः। यत्र कुत्रचिच्छ्रुतानुसारित्वं, तत्र श्रुतरूपताऽनिषिद्धा एव। तस्माच्छ्रुतानुसारित्वाभावेन श्रुतत्वाभावादीहापाय-

### * જ્ઞાનમાં શ્રુતાનુસારિતાનું સ્વરૂપ *

શ્રુતાનુસારિ જ્ઞાનને શ્રુતજ્ઞાન કહ્યું છે તેથી જ્ઞાનમાં આવતા શ્રુતાનુસારિત્વનું સ્વરૂપ જણાવે છે. 'આ પદથી આ વસ્તુ જાણવી' આવી ઈચ્છાને સંકેત કહેવાય છે અને તે પદ સંકેતનો વિષય બને છે. (જેમ કે ઘટપદવિષયકસંકેત કંબુગ્રીવાદિમાન્ પદાર્થમાં થાય છે.) આપ્તપુરુષનો શબ્દ સાંભળીને, અથવા કોઈ ગ્રન્થનો શબ્દ સાંભળીને (વાંચીને) ત્યારે તે પદ અને તે પદાર્થ વચ્ચેના વાચ્ય-વાચકભાવરૂપ સંબંધનું જ્ઞાન થાય છે અને આવા વાચ્ય-વાચકભાવના જ્ઞાનપૂર્વક અંદરમાં 'આને ઘટ કહેવાય' ઈત્યાદિરૂપે જે જ્ઞાન થાય છે, તેમાં શબ્દનો કંઈક સંબંધ હોય છે. થનારા જ્ઞાન સાથે શબ્દનું સંકળાયેલ હોવાપણું એ જ તે જ્ઞાનમાં રહેલું શ્રુતાનુસારિત્વ જાણવું. (મતિજ્ઞાન થવામાં આવો શબ્દસંસર્ગ હોતો નથી.)

**શંકા :** શબ્દસંસર્ગી જ્ઞાન શ્રુતજ્ઞાન અને બાકીનું મતિજ્ઞાન એવો ભેદ સ્વીકારશો તો માત્ર અવગ્રહ જ મતિજ્ઞાનરૂપ સિદ્ધ થશે. ઈહા, અપાય, ધારણા તો શબ્દોલ્લેખવાળા (શ્રુતાનુસારી) હોવાથી શ્રુતજ્ઞાનરૂપ કહેવાશે, જ્યારે ઈહા વગેરેને તો મતિજ્ઞાનના ભેદરૂપે જણાવ્યા છે. આમ શ્રુતજ્ઞાનનું લક્ષણ અતિવ્યાપ્ત થશે. ઈહા વગેરે શ્રુતાનુસારી નથી એવું તમે કહી નહીં શકો, કારણ કે મતિજ્ઞાનના વક્ષ્યમાણ ૩૪૦ પ્રભેદોમાં શ્રુતનિશ્રિતમતિના ૩૩૬ ભેદમાં જ ઈહા વગેરે ગણ્યા છે.

**સમા. :** ઈહા વગેરે કાયમ શબ્દોલ્લેખવાળા જ હોય છે એવું નથી. ઈહા વગેરે સંકેતકાળે ભલે શ્રુતાનુસારી હોય પણ વ્યવહારકાળે શ્રુતાનુસારી હોતા નથી. તાત્પર્ય એ છે કે પદ અને પદાર્થ વચ્ચેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अभ्यासपाटववशेन श्रुतानुसरणमन्तरेणापि विकल्पपरम्परापूर्वकविविधवचनप्रवृत्तिदर्शनात् । अङ्गोपाङ्गादौ शब्दाद्यवग्रहणे च श्रुतानुसारित्वान्मतित्वमेव, यस्तु तत्र श्रुतानुसारी प्रत्ययस्तत्र**

धारणानां सामस्त्येन मतिज्ञानत्वान्न मतिज्ञानलक्षणस्याव्याप्तिः, श्रुतरूपतायाश्च श्रुतानुसारिष्वेव साभिलापज्ञानविशेषेषु सद्भावान्न श्रुतज्ञानलक्षणस्यातिव्याप्तिः। **न च** तथापि अङ्गानङ्गप्रविष्टादिषु च वक्ष्यमाणश्रुतभेदेषु मतिज्ञानभेदस्वरूपाणामवग्रहादीनां सद्भावात् सर्वस्यापि तस्य मतिज्ञानत्वप्रसङ्गात् श्रुतज्ञानलक्षणस्याव्याप्तिरिति **वाच्यम्**, 'मतिपूर्वमेव श्रुतमि'ति वचनात् प्रथमं शब्दाद्यवग्रहणकालेऽवग्रहादीनां समुपजायमानत्वात्, तेषां च श्रुताननुसारित्वेन श्रुतत्वायोगात्। यस्तु तेष्वङ्गानङ्गप्रविष्टश्रुतभेदेषु श्रुतानुसारी ज्ञानविशेषः स श्रुतज्ञानमिति नाव्याप्तिः। **एतेन**, अङ्गानङ्गप्रविष्टेषु श्रुतभेदेषु मतिज्ञानलक्षणगमनादीहादिरूपेषु मतिभेदेषु च साभिलापत्वेन श्रुतज्ञानलक्षणगमनाद् य उभयलक्षण-सङ्कीर्णतादोषः केनचिदुद्भाव्यते सोऽपि **दत्तोत्तरः**। तस्मादवग्रहापेक्षयाऽनभिलापत्वादीहाद्यपेक्षया तु साभिलापत्वात् साभिलापाऽनभिलापं मतिज्ञानमश्रुतानुसारि च, सङ्केतकालप्रवृत्तस्य श्रुतग्रन्थसम्बन्धिनो वा शब्दस्य व्यवहारकालेऽननुसरणात्। श्रुतज्ञानस्य तु साभिलापत्वं श्रुतानुसारित्वमेव च, सङ्केत-कालप्रवृत्तस्य श्रुतग्रन्थसम्बन्धिनो वा श्रुतस्य व्यवहारकालेऽवश्यमनुसरणादिति सर्वं सुस्थम्।

**ननु** श्रुतानुसारित्वमवधावतिव्याप्तं, अगृहीतसङ्केतकस्य वस्तुनोऽवधिना प्रत्यक्षत्वेऽपि तत्सङ्केतस्य श्रुतविषयत्वात्, अवधेश्च रूपिद्रव्यमात्रविषयकत्वेन सङ्केतग्राहकत्वायोगात् इति **चेत्, अत्र केचित्-**

વાચ્ય-વાચકભાવરૂપ સંબંધનું જ્ઞાન થાય એટલે કે 'આ શબ્દથી આ અર્થ જાણવો' એવું જ્યારે જણાય તે સંકેતકાળ કહેવાય છે. આ કાળે થતો અવગ્રહ શ્રુતાનુસારી જરૂર છે અને માટે આ રીતે સંકેતકાળે શ્રુતાનુસારી મતિ દ્વારા થતા હોવાથી જ તેને શ્રુતનિશ્રિતના ભેદમાં ગણ્યા છે. પરંતુ વ્યવહારકાળની વાત આખી જુદી છે. એકવાર વાચ્ય-વાચકભાવ જણાઈ ગયા પછીની અભ્યસ્તદશામાં જ્યારે પણ એ શબ્દ સાંભળે છે કે બોલે છે ત્યારે (એટલે કે વ્યવહારકાળે) શ્રુતનું અનુસરણ હોતું નથી. 'આ કંબુગ્રીવાદિમાન્ પદાર્થ 'ઘટ' શબ્દથી વાચ્ય હોવારૂપે પૂર્વે (સંકેતકાળે) મે જાણેલું.' આવા સંકેતનો સહારો લઈને કોઈ ઘટાદિ શબ્દનો વ્યવહાર અભ્યસ્તદશામાં કરતું નથી, પણ અભ્યાસની પટુતાના કારણે તે તે પદ સાંભળતા કે વાંચતા જ તે તે પદાર્થ જણાઈ જાય છે. તેથી અભ્યસ્ત દશામાં વ્યવહારકાળે ઈહા-અપાય-ધારણા એ શ્રુતાનુસારી નથી અને તેથી તે મતિજ્ઞાનરૂપ જ છે. આમ, શ્રુતજ્ઞાનના લક્ષણની અતિવ્યાપ્તિ કે મતિજ્ઞાનના લક્ષણની અવ્યાપ્તિ ત્યાં થતી નથી.

બીજી વાત, અંગ અને ઉપાંગ શાસ્ત્રોના (કે જે શ્રુતજ્ઞાનના ભેદરૂપે આગળ કહેવાશે, તેના) શબ્દો સંભળાતા તે શબ્દના જ સ્વરૂપ વિશે જે અવગ્રહાદિ થાય છે તે તો શ્રુતના અનુસરણ વિના જ થયેલ શ્રાવણપ્રત્યક્ષજ્ઞાન છે. તેથી તે (શાસ્ત્રોના શબ્દોનું) જ્ઞાન તો મતિજ્ઞાન જ છે. હા, તે પછી તે દરેક પદના સંકેતસ્મરણાદિપૂર્વક શ્રુતાનુસારી જે પદાર્થજ્ઞાન, વાક્યાર્થજ્ઞાન, મહાવાક્યાર્થજ્ઞાન અને યાવત્ ઐદંપર્યાર્થજ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન છે. ટૂંકમાં, શબ્દનું શ્રાવણ પ્રત્યક્ષ એ મતિજ્ઞાન છે અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**श्रुतत्वमेवेत्यवधेयम् ।**

**मतिज्ञानमवग्रहेहापायधारणाभेदाच्चतुर्विधम् । अवकृष्टो ग्रहः अवग्रहः । स द्विविधः व्यञ्जनावग्रहः, अर्थावग्रहश्च । व्यज्यते प्रकटीक्रियतेऽर्थोऽनेनेति व्यञ्जनम् कदम्बपुष्पगोलकादिरूपाणामन्तर्निवृतीन्द्रियाणां, शब्दादिविषयपरिच्छेदहेतुशक्तिविशेषलक्षणमुपकरणेन्द्रियम्, शब्दादिपरिणतद्रव्यनिकुरम्बम्, तदुभयसम्बन्धश्च । ततो व्यञ्जनेन व्यञ्जनस्यावग्रहो**

---

विषयनिष्ठायाः विवक्षितपदवाच्यताया अपि द्रव्यपर्यायरूपतया अवधिविषयकत्वसम्भवेन श्रुतमन्तरेणापि तद्भणनानपायात्। **वस्तुतस्तु** अगृहीतसङ्केतकवस्तुनि अन्येषां गृहीतसङ्केतकानां प्रवर्तमानं व्यवहारमवधिना दृष्ट्वा तर्कसाहाय्याद् वाच्यवाचकभावग्रहे न किमपि बाधकमुत्पश्यामः।

**'व्यज्यते'** इति → **अत्रायमभिप्रायः**, विषयेन्द्रियसम्बन्धः, उपकरणेन्द्रियं, शब्दादिद्रव्यसमूहश्च एतत् त्रितयमपि व्यञ्जनमुच्यते, नवरमाद्यद्वयं करणसाधनव्युत्पत्त्या, अन्त्यश्च व्यज्यत इति व्यञ्जनमिति कर्मसाधनव्युत्पत्त्या। ततश्चार्थत्रयलाभस्तथाहि- व्यञ्जनेन = शब्दादिलक्षणद्रव्येण सह व्यञ्जनस्य = उपकरणेन्द्रियस्य अवग्रहः = सम्बन्धो व्यञ्जनावग्रह उच्यते इति प्रथमोऽर्थः, व्यञ्जनेन = इन्द्रियेण,

---

તજ્જન્ય શાબ્દબોધ એ શ્રુતજ્ઞાન છે. (શાસ્ત્રોમાં પણ 'શ્રુતં મતિપૂર્વં' એમ કહેલું છે.) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચેનો આ ભેદ સમજી રાખવો. હવે મતિજ્ઞાનનું તેના ભેદકથનાદિપૂર્વક નિરૂપણ કરે છે.

*** વ્યંજનાવગ્રહનું નિરૂપણ ***

મતિજ્ઞાનના ચાર ભેદ છે. (૧) અવગ્રહ (૨) ઈહા (૩) અપાય (૪) ધારણા. આ દરેકનું ક્રમશઃ નિરૂપણ થશે. અપકૃષ્ટ, એટલે કે બીજા બધાની અપેક્ષાએ નિકૃષ્ટ (નિમ્નકક્ષાનું) જ્ઞાન તે અવગ્રહ. તેના બે ભેદ છે. (૧) વ્યંજનાવગ્રહ (૨) અર્થાવગ્રહ. સૌપ્રથમ વ્યંજનાવગ્રહનું વિસ્તારથી નિરૂપણ કરાય છે. પહેલા તો એ જણાવે છે કે 'વ્યંજન' એટલે શું ? અહીં 'વ્યંજન' પદના જુદી જુદી રીતે અર્થ કરીને વ્યંજનાવગ્રહના અર્થ જુદી જુદી રીતે જણાવે છે.

જેનાથી પદાર્થ વ્યક્ત કરાય = પ્રગટ કરાય છે તેને વ્યંજન કહેવાય છે. તેથી આ રીતે વ્યંજન શબ્દનો અર્થ થયો ઉપકરણેન્દ્રિય. કદમ્બપુષ્પ, ગોલક આદિ આકારવાળી અંદરની નિર્વૃતિઈન્દ્રિયમાં શબ્દાદિરૂપ પોત-પોતાના વિષયોનો બોધ કરવામાં કારણ બનનારી જે શક્તિવિશેષ રહી છે તે શક્તિવિશેષને ઉપકરણેન્દ્રિય કહેવાય છે.

ગ્રન્થકાર ઉપકરણેન્દ્રિયને, શબ્દાદિરૂપે પરિણમેલા દ્રવ્યસમૂહને અને તે બે વચ્ચેના સંબંધને, આ ત્રણેયને 'વ્યંજનાવગ્રહ' કહે છે. તેથી અહીં મધ્યમપદલોપી સમાસ સમજવો. (व्यञ्जनेन व्यञ्जनस्य अवग्रह = व्यञ्जनावग्रहः) અહીં ત્રણ રીતે અર્થ થશે.

(૧) પહેલા 'વ્યંજન' પદનો અર્થ દ્રવ્ય (શબ્દાદિ), બીજા વ્યંજન પદનો અર્થ ઈન્દ્રિય અને અવગ્રહ એટલે સંબંધ. व्यञ्जनेन सह व्यञ्जनस्य अवग्रहः એટલે अर्थेन सह इन्द्रियस्य संबंधः અર્થની સાથે ઈન્દ્રિયનો સંબંધ એ વ્યંજનાવગ્રહ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्यञ्जनावग्रह इति मध्यमपदलोपी समासः । अथ अज्ञानमयं, बधिरादीनां श्रोत्रशब्दादिसम्बन्धवत् तत्काले ज्ञानानुपलम्भादिति चेत्; न; ज्ञानोपादानत्वेन तत्र ज्ञानत्वोपचारात्, अन्तेऽर्थावग्रहरूपज्ञानदर्शनेन तत्कालेऽपि चेष्टाविशेषाद्यनुमेयस्वप्नज्ञानादितुल्याव्यक्तज्ञानानु-**

---

व्यञ्जनस्य = अर्थस्य, अवग्रहः = अव्यक्तं ज्ञानं व्यञ्जनावग्रह उच्यत इति द्वितीयोऽर्थः, व्यञ्जनेन = इन्द्रियार्थसम्बन्धेन, व्यञ्जनस्य = अर्थस्य, अवग्रहः = ग्रहणं व्यञ्जनावग्रह उच्यत इति तृतीयोऽर्थः।

**'अन्तेऽर्थावग्रहरूपज्ञानदर्शनेन'** → **इदमत्र तात्पर्यं** - यदि प्रथमसमयेऽपि शब्दादिपरिणतद्रव्यैरुपकरणेन्द्रियस्य सम्पृक्तौ काचिदपि ज्ञानमात्रा न भवेत् ततो द्वितीयेऽपि समये न भवेत्, विशेषाभावात्, एवं यावच्चरमसमयेऽपि। अतश्चरमसमये जायमानार्थावग्रहरूपज्ञानोपलम्भेन प्रथमसमयेऽपि साऽस्तीति कार्यलिङ्गकानुमानेनानुमीयते। **ननु** व्यञ्जनावग्रहवेलायां न किमपि संवेदनं संवेद्यते, तत्कथमसौ ज्ञानरूपो गीयते? **उच्यते**, अव्यक्तत्वान्न संवेद्यते, ततो न कश्चिद्दोष। यदुक्तं **नन्दिसूत्रवृत्तौ** (पृ.१६१) *"उपकरणेन्द्रियशब्दादिपरिणतद्रव्यसम्बन्धे प्रथमसमयादारभ्यार्थावग्रहात् प्राग् या सुप्तमत्तमूर्छितादिपुरुषाणामिव शब्दादिद्रव्यसम्बन्धमात्रविषया काचिदव्यक्ता ज्ञानमात्रा, सा व्यञ्जनावग्रहः, स चान्तर्मुहूर्तप्रमाणः"*। **ननु** प्रथमसमया-

---

(૨) પહેલા વ્યંજન પદનો અર્થ ઇન્દ્રિય, બીજા વ્યંજન પદનો અર્થ દ્રવ્ય, અવગ્રહ એટલે જ્ઞાન. व्यञ्जनेन व्यञ्जनस्य अवग्रहः = इन्द्रियेण अर्थस्य (अव्यक्तं) ज्ञानं = व्यञ्जनावग्रहः એટલે કે ઇન્દ્રિય દ્વારા અર્થનું (અવ્યક્ત રીતે) ગ્રહણ તે વ્યંજનાવગ્રહ.

(૩) પહેલા વ્યંજન પદનો અર્થ સંબંધ, બીજા વ્યંજન પદનો અર્થ દ્રવ્ય, અવગ્રહ એટલે જ્ઞાન. व्यञ्जनेन व्यञ्जनस्य अवग्रहः = इन्द्रियार्थसम्बन्धेन अर्थस्य ग्रहणं = व्यञ्जनावग्रह. એટલે કે આ ત્રીજા અર્થ પ્રમાણે ઇન્દ્રિય અને અર્થ વચ્ચેના સંબંધ દ્વારા પદાર્થનું જ્ઞાન તે વ્યંજનાવગ્રહ.

- 'व्यज्यते अर्थः अनेन इति व्यञ्जनम्' આવી કરણવ્યુત્પત્તિથી વ્યંજન પદનો અર્થ ઉપકરણેન્દ્રિય થાય.

- 'व्यज्यते इति व्यञ्जनम्' આવી કર્મવ્યુત્પત્તિથી વ્યંજન પદનો અર્થ શબ્દાદિરૂપ વિષય થાય.

- તે બે વચ્ચેનો સંબંધ પણ સાધનભૂત હોવાથી કરણભૂત બને છે તેથી કરણવ્યુત્પત્તિથી વ્યંજન પદનો અર્થ ઇન્દ્રિય અને અર્થ વચ્ચેનો સંબંધ પણ થાય. (અને તે સંબંધથી થતું જ્ઞાન પણ વ્યંજનાવગ્રહ કહેવાશે.) આમ જુદી જુદી રીતે વ્યુત્પત્તિઓ કરવા દ્વારા વ્યંજનાવગ્રહના ત્રણ અર્થ થાય છે. જેમાંથી એક વાર વ્યંજનાવગ્રહનો અર્થ 'સંબંધ' થાય છે અને બે વાર વ્યંજનાવગ્રહનો અર્થ અવ્યક્ત જ્ઞાન થાય છે.

### * વ્યંજનાવગ્રહમાં જ્ઞાનરૂપતાની સિદ્ધિઃ *

**પૂર્વપક્ષ :** આ વ્યંજનાવગ્રહને તમે જ્ઞાન કહો છો પણ તે તો અજ્ઞાનરૂપ જ છે કારણ કે જેમ બહેરા માણસોના કાન સાથે શબ્દોનો સંબંધ થવા છતાં પણ તેઓને કોઈ જ્ઞાન થતું નથી તેમ વ્યંજનાવગ્રહ કાળે પણ કોઈ જ્ઞાન થતું નથી. જો વ્યંજનાવગ્રહકાળે જ્ઞાન થતું હોય તો અનુભવ થાત. જેમ બધિરવ્યક્તિના કાને શબ્દસંપર્ક થવા છતાં શ્રાવણપ્રત્યક્ષરૂપ જ્ઞાન અનુભવાતું નથી અને જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मानाद्वा, एकतेजोऽवयववत् तस्य तनुत्वेनानुपलक्षणात् ।**

दिषु शब्दादिपरिणतद्रव्याणां स्तोकत्वान्न शब्दादिपरिणतद्रव्यसम्बन्धेऽपि काचिज्ज्ञानमात्रा, चरमसमये तु भविष्यति, शब्दादिरूपपरिणतद्रव्यसमूहस्य तदानीं भूयस्त्वादिति **चेत्, न,** *'प्रत्येकस्मिन् हि यन्नास्ति तद्वृन्देऽपि तथैव तद्'* इति न्यायाद् यदि स्तोकद्रव्यसम्पृक्तावव्यक्ताऽपि काचिज्ज्ञानमात्रा न समुल्लसेत् तर्हि प्रभूतद्रव्यसम्पर्केऽपि सा न भवेत्, अस्ति च चरमसमये प्रभूतद्रव्यादिसम्पृक्तौ ज्ञानं, **ततस्तत्कालेऽपि=**

અનુભવાતું ન હોવાથી ત્યાં જ્ઞાન નથી એમ જણાય છે તેમ વ્યંજનાવગ્રહ કાળે જ્ઞાન અનુભવાતું નથી અને જ્ઞાન અનુભવાતું ન હોવાથી ત્યાં જ્ઞાન નથી એમ જણાય છે. હા, વ્યંજનાવગ્રહકાળે વિષય અને ઇન્દ્રિય વચ્ચે સંબંધ ચોક્કસ છે પણ તે સંબંધ તો અજ્ઞાનાત્મક છે તેથી તેને વ્યંજનાવગ્રહ કહી ન શકાય કારણ કે તમે તો વ્યંજનાવગ્રહને અવ્યક્ત જ્ઞાનરૂપ કહીને જ્ઞાનના ભેદમાં તેની ગણતરી કરો છો. માટે વ્યંજનાવગ્રહને અજ્ઞાનાત્મક માનવો ઉચિત છે.

**ઉત્તરપક્ષ :** વ્યંજનાવગ્રહ સ્વયં જ્ઞાનાત્મક ન હોવા છતાં પણ જ્ઞાનનું કારણ છે. (ઉપાદાન છે) તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને વ્યંજનાવગ્રહને પણ જ્ઞાન કહીએ છીએ. (આ વાત વ્યંજનાવગ્રહમાં જ્ઞાનાભાવને સ્વીકારીને કરી છે. સાથે વ્યંજનાવગ્રહમાં અવ્યક્ત જ્ઞાનરૂપતા સ્વીકારીને 'यद्वा' કહીને બીજો વિકલ્પ પણ જણાવે છે.) અથવા, તો આ અંગે અન્ય રીતે પણ કહી શકાય છે. વ્યંજનાવગ્રહનો કાળ પૂરો થતા અર્થાવગ્રહરૂપ જ્ઞાન થાય છે તે તો પ્રતીત જ છે. તેથી તેની પૂર્વે, એટલે કે વ્યંજનાવગ્રહકાળે પણ અવ્યક્ત જ્ઞાન હોય છે એમ કલ્પના કરાય છે.

**શંકા :** જો વ્યંજનાવગ્રહકાળે જ્ઞાન હોય છે તો તે જણાતું કેમ નથી ?

**સમા. :** એ જ્ઞાન અવ્યક્ત કક્ષાનું હોય છે તેથી જણાતું નથી.

દરેક જ્ઞાન વ્યક્ત જ હોય એવો નિમય નથી. આ વાતને ઉદાહરણથી સમજીએ. કોઈ માણસને સ્વપ્નમાં કંઈક જ્ઞાન થાય અને તે માણસ ઊંઘમાં જ બબડવાનું કે અન્ય કોઈ ચેષ્ટા કરવાનું શરૂ કરી દે તો નિકટમાં રહેલો અન્ય માણસ તેની તે ચેષ્ટાોથી તેના અવ્યક્ત (સ્વપ્ન) જ્ઞાનનું અનુમાન કરી લેશે. સુપ્તવ્યક્તિનું જ્ઞાન અવ્યક્ત એટલા માટે છે કે ઊંઘમાં કે ઊઠ્યા પછી તેને કંઈક બબડાટ કર્યાનું કે ચેષ્ટા કર્યાનું જણાતું નથી. ચેષ્ટાઓ, વગર જ્ઞાને તો થાય નહીં. અન્યથા ઘટાદિમાં પણ ચેષ્ટા માનવી પડશે. તેથી સુપ્ત-મત્ત-મૂર્ચ્છિત વ્યક્તિઓની ચેષ્ટાના આધારે તેઓમાં અવ્યક્ત જ્ઞાનની કલ્પના કરાય છે પણ તે અવ્યક્ત હોવાથી જ્ઞાતાને જણાતું નથી. આ જ રીતે વ્યંજનાવગ્રહકાળે અર્થાવગ્રહથી અનુમેય એવું અવ્યક્ત જ્ઞાન હોય છે પણ તે અવ્યક્ત હોવાથી જણાતું નથી.

**શંકા :** 'જ્ઞાન' અને પાછું 'અવ્યક્ત' ! 'અંધકાર' અને 'પ્રકાશ' ની જેમ આ વાતમાં 'વદતો વ્યાઘાત' જણાય છે. પ્રકાશ સ્વભાવવાળાં જ્ઞાનમાં તો વ્યક્તતા જ સંભવે ને !

**સમા. :** કેમ તૈજસ દ્રવ્યો પ્રકાશસ્વભાવવાળાં હોવા છતાં પણ જો તૈજસ પરમાણું એકલો છુટો હોય તો ત્યાં તેના પ્રકાશમાં અવ્યક્તતા નથી શું ? આ જ રીતે તે જ્ઞાન પણ અત્યંત સૂક્ષ્મ હોવાથી અવ્યક્ત હોય છે અને તેથી હોય ખરૂં પણ છતાં જણાય કે અનુભવાય નહીં આવું માનવામાં કોઈ બાધ નથી.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

तस्य व्यञ्जनसम्बन्धस्य प्राक्तनेष्वपि समयेषु इति यावत् स्तोकस्तोकतरैरपि शब्दादिपरिणतद्रव्यैः सम्बन्धे काचिदव्यक्ता ज्ञानमात्राऽभ्युपेया, चरमसमयभाविज्ञानान्यथानुपपत्तेः, ततः स्थितमेतत्-व्यञ्जनावग्रहो ज्ञानरूपः, केवलं तेषु ज्ञानमव्यक्तमेव बोद्धव्यम्। एकस्य तेजोऽवयवस्य प्रकाशवत् **तनुत्वेन**=अतीवाल्पत्वेन **अनुपलक्षणात्**=स्वसंवेदनेनापि अव्यज्यमानत्वात्। बधिरादीनां पुनः स व्यञ्जनावग्रहो ज्ञानं न भवतीत्यत्राविप्रतिपत्तिरेव, तत्राव्यक्तस्यापि ज्ञानस्याभावात्। **नैयायिक**परिकल्पितनिर्विकल्पकप्रत्यक्षकल्पमेतज्ज्ञायते। तदेवं व्यञ्जनावग्रहावस्थायामव्यक्ता ज्ञानमात्रा प्रथमसमयेऽशेनाभवन्ती चरमसमये भवनान्यथाऽनुपपत्त्या **भाष्यो**क्तरीत्या

(આ વ્યંજનાવગ્રહ થતા તો અસંખ્ય સૂક્ષ્મ સમયો વીતી જાય છે. આ વાતને જૈન શાસ્ત્રકારોએ બે દૃષ્ટાન્તોથી સમજાવેલ છે. (૧) **મલ્લક દૃષ્ટાન્ત :** માટીના કોડિયામાં ક્રમશઃ એક એક જળબિંદુ ટપકતું હોય ત્યારે શરૂઆતમાં બે-ચાર જળબિંદુઓ શોષાઈ જશે. પરંતુ એ પછીના દરેક જળબિંદુથી કોડિયું ભરાતું જશે. આ રીતે કરતા કરતા કેટલાય ટીપા એમાં પડશે એ પછી કોડિયું આખું છલોછલ ભરાઈ જશે.

(૨) **પ્રતિબોધક દૃષ્ટાન્ત :** કોઈ સૂતેલા પુરુષને બૂમ પાડીને બોલાવીએ ત્યારે પહેલા સમયે તેના કાનમાં પડેલા શબ્દપુદ્ગલોથી ખાસ કંઈ અસર થતી નથી. બીજા, ત્રીજા યાવત્ સંખ્યાત સમય સુધી કાનમાં પડેલા પુદ્ગલોની બહુ અસર થતી નથી. પણ અસંખ્ય સમય સુધી શબ્દના પુદ્ગલો કાનમાં પડે ત્યારે તે ઊંઘતા પુરુષ ઉપર કંઈક અસર થાય છે. (જૈનદર્શન પ્રમાણે આંખના એક પલકારામાં અસંખ્ય સમયો વીતી જાય છે એ ખ્યાલમાં રાખવું.) એટલે કે પાંચમી-છઠ્ઠી બૂમે તેની કર્ણેન્દ્રિય શબ્દપુદ્ગલોથી પર્યાપ્ત રીતે સંબદ્ધ થઈ જશે ત્યારે તેનો વ્યંજનાવગ્રહ પૂરો થવાથી તેનું ધ્યાન ખેંચાશે. આ અસંખ્ય સમયમાં થતા વ્યંજનાવગ્રહના કાળમાં જે કાંઈ અવ્યક્ત જ્ઞાન ઉત્પન્ન થાય છે તે પણ વ્યંજનાવગ્રહ નામથી જ ઓળખાય છે. આ અવ્યક્તજ્ઞાન છેક ચરમ સમયે જ ઉત્પન્ન થાય છે એવું નથી, કિન્તુ ભૌતિક વ્યંજનાવગ્રહના પ્રથમ સમયથી જ અલ્પ અલ્પ માત્રામાં ઉત્પન્ન થતું થતું છેલ્લા સમયે પરિપૂર્ણ જ્ઞાનમાત્રારૂપે પ્રગટ થાય છે. **ભાષ્યકારે** કહ્યું છે કે જો પ્રથમ સમયે અલ્પાંશે પણ કાર્યની ઉત્પત્તિ માનવામાં ન આવે તો છેક ચરમ સમયે પણ તે કાર્ય ઉત્પન્ન થઈ શકે નહીં. (મકાન ચણતરના પ્રારંભિક દિવસે ઓછે વત્તે અંશે પણ મકાનનું ચણતર ન થાય તો અંતિમ દિવસે પણ તે મકાનનું ચણતર પૂર્ણ થશે નહીં.) **જ્ઞાનબિંદુ પ્રકરણમાં** આ વાતને **પૂ.ઉપાધ્યાયજી** મહારાજે પણ સમર્થન આપતા કહ્યું છે કે 'નિશ્ચયનયથી તો અવિકલ કારણ જ કાર્યોત્પત્તિનું વ્યાપ્ય કારણ છે. પ્રસ્તુતમાં ઉપયોગેન્દ્રિય એ જ જ્ઞાનનું અવિકલ કારણ છે અને ઉપયોગેન્દ્રિય સતેજ થવાનું કારણ ભૌતિક વ્યંજનાવગ્રહ છે. એટલે કે જે સમયથી વ્યંજનાવગ્રહ ચાલુ થાય તે સમયથી ઉપયોગેન્દ્રિયનું અસ્તિત્વ પ્રગટ થતું જાય અને આ ઉપયોગેન્દ્રિય પોતાના કાર્યભૂત જ્ઞાનને ઉત્પન્ન કરાવ્યા વિના શી રીતે રહે ? આ રીતે વ્યંજનાવગ્રહ ની શરૂઆતથી જ એકદમ અવ્યક્ત જ્ઞાનમાત્રા સિદ્ધ થાય છે એટલે અર્થાવગ્રહાત્મક જ્ઞાનનું કારણ હોવાથી વ્યંજનાવગ્રહમાં પણ જ્ઞાનરૂપતાની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન :** વ્યંજનાવગ્રહ એ સાર્વત્રિક કારણ નથી કારણ કે અપ્રાપ્યકારી (ચક્ષુ-મન) ઈન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ તો તમે માનતા નથી. તો ત્યાં અર્થાવગ્રહનું કારણ કોને કહેશો ?

**ઉત્તર :** અપ્રાપ્યકારી ઇન્દ્રિય સ્થળે તો અર્થાવગ્રહ થતા પૂર્વે ક્ષયોપશમરૂપ લબ્ધીન્દ્રિયોનો ગ્રહણાભિમુખ પરિણામ એ જ કારણરૂપ છે. અહીં એટલું સમજી લેવું કે પ્રાપ્યકારી ઇન્દ્રિયો સામાન્ય ક્ષયોપશમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स च नयनमनोवर्जेन्द्रियभेदाच्चतुर्धा, नयनमनसोरप्राप्यकारित्वेन व्यञ्जनावग्रहासिद्धेः, अन्यथा तयोर्ज्ञेयकृतानुग्रहोपघातपात्रत्वे जलानलदर्शनचिन्तनयोः क्लेददाहापत्तेः ।** रवि-

प्रतिपादिता। निश्चयनयमभिप्रेत्यैवं विवक्षिते न दोषः। एतन्नयमतेऽविकलकारणस्यैव कार्योत्पत्तिव्याप्यत्वात्। अविकलं च कारणं ज्ञाने उपयोगेन्द्रियमेव, तच्च व्यञ्जनावग्रहकाले लब्धसत्ताकं कथं न स्वकार्यं जनयेदिति **दिक्**। व्यञ्जनावग्रहस्य विषयेन्द्रियसम्बन्धरूपेणोपवर्णनं च व्यवहारतो ज्ञेयम्।

व्यञ्जनावग्रहस्वरूपमभिधायाधुना तत्प्रकारान् प्रकाशयति '**स च नयन**' इत्यादिना → **इदमुक्तं भवति** इन्द्रियार्थयोः उपश्लेषलक्षणः सम्बन्धः प्राप्यकारिष्वेव स्पर्शनरसनघ्राणश्रोत्रलक्षणेषु चतुरिन्द्रियेषु भवति, न तु नयनमनसोः। अतस्ते वर्जयित्वा शेषेन्द्रियचतुष्टयभेदाच्चतुर्विध एव व्यञ्जनावग्रहो भवति। कथमेतदेवमेवेति **चेत्, उच्यते,** ज्ञेयकृतयोः उपघातानुग्रहयोस्तेष्वेव दर्शनात्, तथाहि - कर्कशकम्बलादिस्पर्शने त्वगिन्द्रियस्य, त्रिकटुकाद्यास्वादने रसनेन्द्रियस्य अशुच्यादिपुद्गलाघ्राणे घ्राणेन्द्रियस्य, भेर्यादिशब्दश्रवणे श्रोत्रस्य च त्वक्खननाद्युपघातो भवति चन्दनादिस्पर्शने त्वगिन्द्रियस्य, क्षीरशर्कराद्यास्वादने रसनेन्द्रियस्य, कर्पूरपुद्गलाद्याघ्राणे घ्राणेन्द्रियस्य मृदुचन्द्रशब्दाद्याकर्णने श्रवणस्य च शैत्यानुग्रहो भवति।

**ननु** घ्राणेन्द्रियं प्राप्यकारि न भवति, यतो घ्राणेन्द्रियं विषयदेशं गत्वा न गन्धं गृह्णाति तथानुभवाभावात्, नापि गन्धो घ्राणेन्द्रियं प्रविशन्नुपलभ्यते, न चाभ्यामन्येनापि प्रकारेण विषयसम्पर्को घटते, अनुभूयते च निर्विवादं कर्पूरकुसुमकुङ्कुमादीनां दूरस्थानामपि गन्ध इति **चेत ? अत्रोच्यते,** स्पर्शनादिवदबाह्यकरणत्वेन घ्राणेन्द्रियं गन्धदेशं गत्वा गन्धं न गृह्णाति, किन्तु गन्धः स्वयमागत्य

દ્વારા પણ અર્થગ્રહણમાં પ્રવૃત્ત થાય છે. જ્યારે નયન અને મન એ બન્ને અર્થાવગ્રહપ્રાયોગ્ય ક્ષયોપશમની સહાય મળે પછી જ અર્થગ્રહણમાં પ્રવૃત્ત થાય છે માટે એ બન્નેનો સીધો અર્થાવગ્રહ જ થાય. અહીં વ્યંજનાવગ્રહમાં વ્યવહારથી તો ઉપચરિત જ્ઞાનરૂપતા જ જાણવી અને વાસ્તવિક અવ્યક્ત જ્ઞાનરૂપતા જે તેમાં જણાવાઈ છે તે નિશ્ચયથી જાણવી. ગ્રન્થકારનો અહીં આવો અભિપ્રાય હોય તેમ જણાય છે.)

### * વ્યંજનાવગ્રહના ચાર ભેદ *

ચક્ષુ અને મન સિવાયની ચાર ઇન્દ્રિયોના વ્યંજનાવગ્રહ હોય છે તેથી વ્યંજનાવગ્રહના ચાર ભેદ થયા. (૧) સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૨) રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૩) ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૪) શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ.

**શંકા :** ચક્ષુ અને મનના વ્યંજનાવગ્રહ કેમ નહીં ?

**સમા. :** વ્યંજનાવગ્રહમાં વિષય સાથે ઇન્દ્રિયોનો સંપર્ક થાય છે. તેથી એ પ્રાપ્યકારી ઇન્દ્રિયોમાં જ સંભવે. જે ઇન્દ્રિયો વિષયને પ્રાપ્ત (સંયુક્ત) થયા પછી જ બોધ કરાવી શકે તેને પ્રાપ્યકારી કહેવાય છે. સ્પર્શનેન્દ્રિયાદિ ચાર ઇન્દ્રિયો પ્રાપ્યકારી છે. જેમ કે, ઘટાદિ દ્રવ્યનો સંપર્ક થયા વિના તેના કઠિન કે મૃદુ સ્પર્શનો બોધ થઈ શક્તો નથી. ભાજનમાં પડેલા ભોજનનો સ્વાદ અનુભવાતો નથી પણ એ વસ્તુ રસનેન્દ્રિયથી સંપૃક્ત બને ત્યારે જ સ્વાદ અનુભવાય છે. આવું જ નાક અને કાન અંગે પણ જાણવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चन्द्राद्यवलोकने चक्षुषोऽनुग्रहोपघातौ दृष्टावेवेति चेत्; प्रथमावलोकनसमये तददर्शनात्,**

घ्राणेन्द्रियं स्पृशति, पुद्गलमयत्वेन सक्रियत्वात्, आर्हतमते गगनादीनां सक्रियत्वेऽपि तत्र यथा गमनक्रियाभावस्तद्वत् सक्रियस्यापि गन्धस्य गमनक्रिया न स्यादतस्तद्व्यावृत्त्यर्थं 'पुद्गलमयत्वं' हेतोर्विशेषणम्। यत्र पुद्गलमयत्वे सति सक्रियत्वं तत्र गमनक्रिया विद्यत एव यथा पुद्गलस्कन्धेषु। **ननु** पुद्गलमयत्वेऽपि गन्धे गमनक्रियाऽस्तीति कुतो निश्चीयते इति **चेत्,** यथा पवनपटलेनोह्यमानत्वाद् धूमो गमनक्रियावान् एवं गन्धोऽपि वायुनोह्यमानत्वात् तद्वान्। तथा संहरणतो गृहादिषु पिण्डीभवनात् तद्वदेव क्रियावान्, एवं विशेषेण द्वारादिविघाततस्तोयवत् पर्वतनितम्बादिषु च प्रतिघाताद् वायुवत् क्रियावान् गन्धः। 'अतोऽत्र गन्धः समागच्छती'ति लोकेऽप्यनुभवबलाद् व्यवह्रियते। घ्राणेन्द्रियेण सम्बद्धो गन्धः पूत्याद्युपघातमनुग्रहं वा जनयितुमलम्, नान्यथा, सर्वस्यापि तज्जननप्राप्तेरतिप्रसङ्गादिति।

**अत्र शाक्याः प्रत्यवतिष्ठन्ते-ननु** भवतु नाम घ्राणेन्द्रियस्य प्राप्यकारित्वं, ततश्च तदीयव्यञ्जनावग्रहोऽपि सिद्ध्यतु किन्तु श्रवणेन्द्रियस्य स न युक्तिक्षमः, *'चक्षुःश्रोत्रमनसामप्राप्तार्थप्रकाशकत्वमि'*त्यभिधानात्। प्राप्यकारित्वे च श्रोत्रस्य तद्विषयीभूतशब्दे दूरादिव्यवहारो न स्यात्। अस्ति चात्रा'यं दूरे शब्दः श्रूयते, निकटे वा श्रूयत' इति प्रतीतिः। अतोऽप्राप्यकारित्वमेवास्योपपन्नम्। तथा च प्रयोगः 'यो दूरादिप्रतीतिग्राह्यः स स्वग्राहकेणासन्निकृष्ट एव गृह्यते, यथा चक्षुर्ग्राह्यस्तथाविधपादपः। न चासन्निकृष्टस्य शब्दस्य ग्रहणे कथं ततः श्रोत्राभिघात इति **वाच्यम्,** भास्वररूपस्यासन्निकृष्टस्य ग्रहणेऽप्यतश्चक्षुषोऽभिघातोपलम्भाच्चक्षुषोऽपि प्राप्यकारित्वाऽऽपत्तेः। तत्र तेजस्विताऽभिघातहेतुरिति **चेत्,** शब्दे तीव्रताऽभिघातहेतुरित्यपि गृहाणेति

(**શંકા :** સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિયની જેમ ઘ્રાણેન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયમાં વિષયસંપર્ક દેખાતો નથી. દૂર પડેલા પુષ્પાદિની સુગંધ પણ અનુભવાય છે. એમ, દૂર થયેલા અવાજને સાંભળી પણ શકાય છે.

**સમા. :** અહીં પુષ્પ ભલે નાકને સ્પર્શતું ન દેખાય પણ ગંધયુક્ત પુદ્ગલો (કે જે પુષ્પમાંથી છુટા પડે છે તે) પવન દ્વારા લવાઈને નાક સાથે સંપૃક્ત થાય છે, પછી જ ગંધ અનુભવાય છે. જો અસંપૃક્ત રહીને જ ગંધગ્રહણ થઈ શકતું હોત, તો અતિદૂરવર્તી પદાર્થોની ગંધ પણ ગૃહીત કેમ ન થાય ? આ જ વાત શબ્દ માટે છે. ભાષાવર્ગણાના પુદ્ગલો કર્ણસંપૃક્ત બને ત્યારે શબ્દગ્રહણ થાય છે. આ બન્ને ઇન્દ્રિયો સાથે પુદ્ગલોનો થતો સંયોગ પ્રત્યક્ષ દેખાતો નથી છતાં ફલતઃ અનુમેય તો છે જ.)

## * ચક્ષુ અને મનમાં અપ્રાપ્યકારિત્વની સિદ્ધિ : નૈયાયિકાદિ મતનું ખંડન *

**પૂર્વપક્ષ :** ચક્ષુ અને મનને પણ પ્રાપ્યકારી માનવામાં શું વાંધો ?

**ઉત્તરપક્ષ :** ચક્ષુ અને મન પણ જો પ્રાપ્યકારી હોત તો તે બન્ને દ્વારા જે પદાર્થોનું જ્ઞાન કરાય, તે પદાર્થો દ્વારા થતા અનુગ્રહ (= ઉપકાર) કે ઉપઘાત આ બન્ને પણ બનવા જોઈએ અને તો પછી તો જલનું દર્શન કરવાથી આંખ ભીની થઈ જવી જોઈએ અને અગ્નિના દર્શનથી આંખ બળી જવી જોઈએ. એ જ રીતે જલ કે અગ્નિનું ચિંતન કરવાથી મનને પણ યથાયોગ્ય ભીનાશ કે દાહનો અનુભવ થવાની આપત્તિ આવે પણ એવું પ્રતીત નથી. તેથી ચક્ષુ અને મનને અપ્રાપ્યકારી માનવા જ ઉચિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न श्रोत्रस्य प्राप्यकारिता, ततश्च न तदीयव्यञ्जनावग्रहोऽपीति स्थितम्। **अत्रोच्यते** - प्रत्यक्षबाधितोऽयं पक्षः, कर्णप्रविष्टस्य सन्निकृष्टस्यैव शब्दस्य प्रत्यक्षेण प्रतीतेः। अत एव पिहितकर्णपटलस्य शब्दश्रवणप्रतिबन्धोऽप्युपपद्यते। **न चैवं** चक्षुषः पिधाने दत्ते न चाक्षुषप्रत्यक्षोदय इति चक्षुरपि प्राप्यकारि सिद्ध्यतीति **वाच्यम्**, चाक्षुषप्रत्यक्षेऽव्यवधानस्यापि सहकारित्वाच्चक्षुःपिधानदशायां तदभावादेव न चाक्षुषं प्रत्यक्षं, श्रोत्रेण तु व्यवहितस्यापि शब्दस्य ग्रहणे सामर्थ्यात् कर्णपिधानदशायां यदश्रवणं तद्विषयासम्पर्ककृतमेवेति। दूरादिग्राह्यत्वलक्षणो हेतुरपि गन्धेनानैकान्तिकः, सन्निकृष्टस्य गन्धस्य घ्राणेन ग्रहणेऽपि दूरादिप्रत्ययग्राह्यत्वप्रतीतेः। **न च** तथा प्रतीयमाने गन्धे दूरनिकटादिव्यवहारोऽसिद्ध इति **वाच्यम्**, सकलतनुभृतां निर्विवादं तथा प्रतीयमानत्वात्, अनुभवापलापस्य च नितान्तान्याय्यत्वात्। श्रोत्रेण सन्निकृष्टस्यापि शब्दस्य ग्रहणे तत्र दूरादिव्यवहारस्य दूरादिदेशादागतत्वेनोपपद्यमानत्वाद्, घ्राणेन्द्रियेण सन्निकृष्टस्यापि गन्धस्य ग्रहणे दूरादिदेशादागतत्वेन दूरे कुसुमपरिमल इत्यादिव्यवहारवत्। **किञ्च** यदि

---

**પૂર્વપક્ષ :** ચક્ષુ અને મનને પણ દશ્યવસ્તુ દ્વારા અનુગ્રહ કે ઉપઘાતરૂપ અસર થતી જણાય છે. સૂર્યને જોવાથી આંખમાં બળતરા રૂપ ઉપઘાત થતો જણાય છે અને ચંદ્રને જોવાથી આંખને અનુગ્રહ થતો પણ જણાય છે.

**ઉત્તરપક્ષ :** તમારી દલીલ ઉપલક દષ્ટિએ ગમી જાય પણ સહેજ વિચારતા જ તુટી પડે એવી તકલાદી છે. જો સૂર્યદર્શનથી પીડા થતી હોત તો સૂર્યને જોતાની સાથે (પ્રથમસમયથી) જ પીડા થવી જોઈએ, પરંતુ એવું નથી. થોડી ક્ષણો નિરંતર જોવાથી પીડા થાય છે અને તેમાં પણ આંખ સૂર્ય સુધી પહોંચીને ગરમીનો અનુભવ કરાવે છે એવું નથી. પણ સૂર્યના કિરણો, જે છેક આંખ સુધી પ્રસરે છે, તેની સાથે સંબંધ થવાથી આંખને ઉપઘાત થાય છે. (જેમ કે, આંખમાં તણખલું કે મરચું પડવાથી પીડા થાય તેમ. એટલે વાસ્તવમાં તો સૂર્યકિરણોથી આંખને થતી પીડા એ આંખની પ્રાપ્યકારિતાને કારણે નથી. પરંતુ આંખના સ્થાનમાં રહેલી ત્વચાની પ્રાપ્યકારિતાને કારણે છે. જુઓ ને ચન્દ્ર/સૂર્યના કિરણોની ઉષ્ણતા કે શીતલતાનો અનુભવ કરવો એ કાંઈ ચક્ષુનો વ્યાપાર થોડો છે ! ચક્ષુ તો રૂપગ્રહણ કરે. સ્પર્શગ્રહણ તો ત્વચાનો વ્યાપાર છે.)

**પૂર્વપક્ષ :** ચલો, ચક્ષુનું તો સમજ્યા. પરંતુ મનને તો તમારે પ્રાપ્યકારી માને જ છુટકો છે. કારણ કે સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે કોઈ ઈષ્ટ વસ્તુનું ચિંતન કરવાથી મનને સુખનો અનુભવ થાય છે અને અનિષ્ટ વસ્તુનું ચિંતન કરવાથી દુઃખનો અનુભવ થાય છે.

**ઉત્તરપક્ષ :** મૃત વ્યક્તિ કે નષ્ટ વસ્તુનું ચિંતન કરવાથી મનને દુઃખરૂપ ઉપઘાત થાય છે કારણ કે મનના દુઃખનું અનુમાન કરાવે તેવા શરીર દુબળું થવું, હૃદયરોગનો હુમલો આવવો (શોકના લીધે) ઇત્યાદિ બાહ્યચિહ્નો દેખાય છે. એ જ રીતે ઇષ્ટસંયોગ કે ધનલાભનો વિચાર કરવાથી મનને સુખાનુભવ રૂપ અનુગ્રહ પણ થાય છે કારણ કે મનના સુખનું અનુમાન કરાવે તેવા મોઢું મલકાવું, રોમાંચ થવા

---

૧. અહીં 'रविचन्द्राद्यवलोकने चक्षुषोऽनुग्रहोपघातौ' પદમાં યથાક્રમ અન્વય કરવા જતા તો 'રવિના અવલોકનથી અનુગ્રહ અને ચન્દ્રના અવલોકનથી ઉપઘાત' એવો અર્થ થશે જે પ્રત્યક્ષબાધિત છે તેથી પાઠક્રમથી અન્વય ન કરવો. 'पाठक्रमादर्थक्रमो बलीयान्' ન્યાયે વ્યુત્ક્રમથી અન્વય સમજવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अनवरतावलोकने च प्राप्तेन रविकिरणादिनोपघातस्य, नैसर्गिकसौम्यादिगुणे चन्द्रादौ चावलोकिते उपघाताभावादनुग्रहाभिमानस्योपपत्तेः । मृतनष्टादिवस्तुचिन्तने, इष्टसङ्गमविभवलाभादिचिन्तने च जायमानौ दौर्बल्योरःक्षतादि वदनविकासरोमाञ्चोद्गमादिलिङ्गकावुपघाता-**

श्रोत्रस्याप्राप्यकारित्वं स्यात्तदा रूप इव तद्विषये देशादिसन्देहो न स्यात्, स च 'कुतोऽपि श्रूयतेऽमुकः शब्दः' इत्याद्याकारः समस्त्येव। न च चक्षुषा पश्यत एवंविधः सन्देह उपपद्यते । प्रतिनियतदेशावच्छिन्नवस्तुविषयकसन्देहस्तु 'किञ्चिदपि दृश्यतेऽग्रे' इत्यादिरूपस्तत्रापि समस्त्येव, किन्तु न स चक्षुषः प्राप्यकारित्वसाधकः इति **सिद्धं श्रोत्रस्य प्राप्यकारित्वम्।**

स्पर्शनरसनयोः प्राप्यकारित्वं स्पष्टप्रतीतिबलादेव प्रसिद्धमिति न प्रतन्यत इति सूक्तं व्यञ्जनावग्रहो नयनमनोवर्जेन्द्रियभेदाच्चतुर्धेति ।

ઇત્યાદિ ચિહ્નો દેખાય છે. તેથી બાહ્ય વિષયો સાથે મનને સંબંધ છે અને તે સંબંધના કારણે મન પણ ત્વચા આદિની, જેમ પ્રાપ્યકારી હોવાની શંકા થાય છે. પરંતુ તે બાહ્ય શુભાશુભ વિષયોના ચિંતનથી જે સુખ કે દુઃખરૂપ અનુગ્રહ કે ઉપઘાત અનુભવાય છે તે મનને નહીં પણ જીવને જ અનુભવાય છે. આવા અનુભવમાં મન તો નિમિત્ત છે. વળી, જે સંબંધી વિદ્યમાન હોય તેની સાથે તો હજી કદાચ સંયોગ થઈ શકે પણ મન તો અતીત કે અનાગત વસ્તુઓના ચિંતન દ્વારા પણ હર્ષ કે શોક કરાવી શકે છે તો તે અવિદ્યમાન વિષયો ને મન શી રીતે પ્રાપ્ત કરી શકે ? તેથી મનને તે વિષયો સાથે સંયોગ નથી. શુભ કે અશુભ પુદ્ગલો દ્રવ્યમનરૂપે પરિણમે છે. (મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી, મનરૂપે પરિણમાવીને જીવ છોડે છે. મનરૂપે પરિણમેલા આ પુદ્ગલોને દ્રવ્યમન કહેવાય છે.) આવા દ્રવ્યમનની સહાયતાથી જીવને સુખ કે દુઃખનો અનુભવ થાય છે. જેમ કે, છાતીમાં વાયુ ભરાઈ ગયો હોય તો પીડા થાય છે અને કોઈ ઔષધથી તે વાયુનો ભરાવો દૂર થતાં શરીરમાં વાયુસંચાર પૂર્વવત્ ચાલુ થઈ જાય છે તેથી સુખનો અનુભવ થાય છે. આ સુખ કે દુઃખનો અનુભવ જેમ શરીરને નિમિત્ત બનાવીને વાસ્તવમાં તો જીવને જ થાય છે તેમ તે તે પદાર્થોનું ચિંતન મનને નિમિત્ત બનાવીને જ્યારે કરાય છે ત્યારે અનુભવાતાં સુખ કે દુઃખનો આધાર તો જીવ જ છે. તેથી આવી અનુગ્રહ કે ઉપઘાતની પ્રતીતિથી પણ મનની પ્રાપ્યકારિતા સિદ્ધ થઈ શકે તેમ નથી.

**પૂર્વપક્ષ :** સૂતેલા મનુષ્યને એવી પ્રતીતિ થાય છે કે 'મારૂં મન તો મેરુ પર્વત પર ભમી આવ્યું.' જો વિષયદેશ તરફ ગયા વિના જ મન જ્ઞાન કરાવતું હોય તો આવી પ્રતીતિ શી રીતે થાય ?

**ઉત્તરપક્ષ :** એમ તો સૂતેલા મનુષ્યને 'હું સ્વયં મેરુ પર ગયો છું' એવી પ્રતીતિ પણ થાય છે પરંતુ એ પ્રતીતિ જેમ અસત્ય છે તેમ મનના મેરુદેશગમનની પ્રતીતિ પણ અસત્ય છે. જો ખરેખર એ પ્રતીતિ સત્ય હોત, એટલે કે ખરેખર જો એ મેરુ પર ગયો હોત તો શયનસ્થાને તેનું શરીર પડેલું દૃષ્ટિગોચર ન થવું જોઈએ અને તદુપરાંત મેરુ પર રહેલા સુંદર મજાના પુષ્પોની સુંગધ માણવાથી ઉત્પન્ન થયેલા સુખનો અનુભવ થવો જોઈએ. તથા આટલી લાંબી મજલ કાપવાથી શરીરને થાકનો અનુભવ થવો જોઈએ પણ આમાનું કશું જ અનુભવાતું નથી તેથી સિદ્ધ થાય છે કે એ પ્રતીતિ અસત્ય છે.

(**પૂર્વપક્ષ :** 'मनो धावति सर्वत्र, मदोन्मत्तगजेन्द्रवत्' આવી ઉક્તિઓ મનની ગતિશીલતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**नुग्रहौ न मनसः, किन्तु मनस्त्वपरिणतानिष्टेष्टपुद्गलनिचयरूपद्रव्यमनोऽवष्टम्भेन हृन्निरुद्धवायु-भेषजाभ्यामिव जीवस्यैवेति न ताभ्यां मनः प्राप्यकारित्वसिद्धिः । ननु यदि मनो विषयं प्राप्य न परिच्छिनत्ति तदा कथं प्रसुप्तस्य 'मेर्वोदौ गतं मे मन' इति प्रत्यय इति चेत्;**

**ननु** किमपराद्धं चक्षुषा येन तदीयव्यञ्जनावग्रहोऽपि निवार्यते। चक्षुषः सन्निकर्षाभावादिति **चेत्?** आः किमिदमपूर्वमुच्यते चक्षुषः सन्निकर्षाभावादिति। अस्ति हि तत्सद्भावः, चक्षुः प्राप्यकारि व्यवहिता-प्रकाशकत्वात् प्रदीपवदित्यनुमानेन तत्सिद्धेरिति **चेत्? अत्रोच्यते**-प्रत्यनुमानबाधितोऽयं पक्षः,

જણાવવા દ્વારા પ્રાપ્યકારિતા જણાવે છે એનું શું ?

**ઉત્તરપક્ષ :** આવી ઉક્તિઓ મનની ચંચળતા જણાવે છે. અતિશીઘ્રતાથી મન વિષયાંતરસંચાર કરતું હોય છે એવું જણાવવાના તાત્પર્યવાળી જ ઉક્ત ઉક્તિઓ જાણવી. આના ઉપરથી મનની પ્રાપ્યકારિતા સિદ્ધ થઈ શકતી નથી.)

**પૂર્વપક્ષ :** સ્વપ્નમાં શ્રી તીર્થંકર પરમાત્માનો જન્માભિષેક જેણે જોયો હોય તેને ઊઠ્યા પછી તજ્જન્ય આનંદની અનુભૂતિ થાય છે. એ જ રીતે સ્વપ્નમાં પ્રયત્ન કરવા છતાં પણ ઇપ્સિચ્છત વસ્તુ ન મળ્યાનું જણાય તો ઉઠ્યા પછી પણ તજ્જન્ય વિષાદનો અનુભવ થાય છે.

**ઉત્તરપક્ષ :** સ્વપ્નજ્ઞાનથી ઉત્પન્ન થતા હર્ષ કે શોકના અનુભવને અમે મિથ્યા નથી કહેતા. પરંતુ આવી અનુભૂતિને આધારે મનમાં પ્રાપ્યકારિતા સિદ્ધ થઈ શક્તી નથી. કારણ કે ભોજનાદિનું સ્વપ્ન જોનારને હર્ષાનુભવ થવા છતાં તે ક્રિયાનું તૃપ્તિ વગેરે ફળ મળતું નથી. (સ્વપ્નનો એટલે કે કલ્પનાનો પૈસો હર્ષ આપી શકે તો ય સામગ્રી આપી નથી શકતો.) મન જો પ્રાપ્યકારી હોત તો ભોજનવિષયક સ્વપ્ન જોનારને ભોજનક્રિયાનું ક્ષુધાતૃપ્તિરૂપ ફળ મળવું જોઈએ, પરંતુ એવું ફળ મળતું નથી. તેથી મન પ્રાપ્યકારી સિદ્ધ થઈ શકતું નથી.

**પૂર્વપક્ષ :** સ્ત્રી સંપર્કાદિ ક્રિયાથી વીર્યપાત જેમ થાય છે તેમ સ્ત્રીસંપર્કાદિવિષયકસ્વપ્ન વખતે પણ તે ક્રિયાનું વીર્યપાતાદિરૂપ ફળ ત્યાં જોવા મળે છે. જો સ્ત્રી સાથે મનનો સંબંધ (વ્યંજનાવગ્રહ) ન માનો તો આવું ફળ શી રીતે જણાય ?

**ઉત્તરપક્ષ :** આવા કુસ્વપ્ન વખતે થતા વીર્યપાતાદિ તો કામસંજ્ઞા સંબંધી મનમાં ઉત્પન્ન થતા તીવ્ર અધ્યવસાયોના કારણે થાય છે. આ વીર્યપાતાદિ રૂપ ફળ કાંઈ વાસ્તવિક સ્ત્રીસંપર્ક જન્ય નથી. અન્યથા સ્વપ્નમાં જે સ્ત્રીનો સંસર્ગ થયો હોય તેને ગર્ભાધાનાદિ પણ થવા જોઈએ. (જેમ કે વાઘ કે ભૂત, પિશાચ વગેરેનું કોઈ ભયંકર સ્વપ્ન આવે તો ઊંઘમાં જ કેટલાકને પેશાબ છુટી જાય, ચીસ પાડવા માંડે, ઊઠ્યા પછી તાવ પણ ચડી જાય, આવું બધું જોવા મળે છે. આ બધું જેમ મનમાં ઉત્પન્ન થતી ભયની તીવ્ર લાગણીઓનું પરિણામ છે તેમ પ્રસ્તતુમાં કામની તીવ્ર લાગણીઓનું એ પરિણામ છે એમ સમજવું.)

**પૂર્વપક્ષ :** સ્ત્યાનર્દ્ધિ (થિણદ્ધિ)[1] નિદ્રાનો ઉદય થાય ત્યારે માણસ સાક્ષાત્ પથારીમાંથી ઊભો

૧. જૈન દર્શન પ્રમાણે નિદ્રાના પાંચ પ્રકારો છે. તેમાં પાંચમા પ્રકારની આ 'સ્ત્યાનર્દ્ધિ નિદ્રા' છે. આ નિદ્રાના ઉદય કાળે ઊંઘતા શરીર વડે જીવ દિવસે ચિંતવેલું કાર્ય કરે છે. આ 'સ્ત્યાનર્દ્ધિ નિદ્રા' ના ઉદય વખતે શરીરમાં વાસુદેવ કરતા અડધું બળ આવી જાય છે. **શ્રી આવશ્યકનિર્યુક્તિવૃત્તિ** વગેરે સ્થળે સ્ત્યાનર્દ્ધિ નિદ્રા અંગેના અનેક ઉદાહરણો અપાયેલાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**न; मेर्वादौ शरीरस्येव मनसो गमनस्वप्नस्यासत्यत्वात्, अन्यथा विबुद्धस्य कुसुमपरिमलाद्यध्वजनितपरिश्रमाद्यनुग्रहोपघातप्रसङ्गात् । ननु स्वप्नानुभूतजिनस्नात्रदर्शनसमीहितार्थलाभयोरनुग्रहोपघातौ विबुद्धस्य सतो दृश्येते एवेति चेत्; दृश्येतां स्वप्नविज्ञानकृतौ तौ, स्वप्नविज्ञानकृतं क्रियाफलं तु तृप्त्यादिकं नास्ति, यतो विषयप्राप्तिरूपा प्राप्यकारिता**

**तथाहि** - चक्षुः अप्राप्यकारी ज्ञेयकृतानुग्रहोपघाताविषयत्वात्, यन्नैवं तन्नैवं यथा घ्राणेन्द्रियं। रविकिरणादिना जायमानोपघातस्य स्पर्शनविषयत्वेन न व्यभिचारः। मनोऽपि एवमेवाप्राप्यकारि ज्ञेयकृतानुग्रहोपघाताभावात् चक्षुर्वत्। मूलत एव सुगममन्यत्। नवरं '**श्रवणाद्यवग्रहेणे**'त्यादि - अत एव बधिरादीनां स्त्यानर्द्धिनिद्रोद्रये शब्दश्रवणाभावोऽपि कल्पयितुं शक्यते।

થાય છે, ગીત વગેરે સાંભળે છે, ચાલવાની, દોડવાની, મારવાની વગેરે અનેક પ્રકારની ક્રિયાઓ કરતો પણ જણાય છે. આ બધી ક્રિયાઓ પોતે સ્વપ્નમાં જ કરી હોવાનું પોતે પાછળથી માને છે તેથી આ ગીતશ્રવણાદિનો કાળ એ સ્વપ્નકાળ જ હતો અને ત્યારે થતી પ્રવૃત્તિ તો મનના વિચારથી થાય છે. મનમાં જેનો વિચાર આવે તદનુસાર ચેષ્ટા ઊંઘતા શરીર વડે કરાતી હોય છે.જો ત્યારે મનનો વિષય સાથે સંબંધ ન હોય તો પછી ગીતશ્રવણાદિ ક્રિયાઓને મન શી રીતે કરાવી શકે?

**ઉત્તરપક્ષ :** સ્ત્યાનર્દ્ધિ નિદ્રાના ઉદયકાળે વ્યંજનાવગ્રહ તો હોય છે પણ તે મનનો હોતો નથી. કાન વગેરે ઈન્દ્રિયોનો હોય છે. (માટે જ તો બધિરને સ્ત્યાનર્દ્ધિ નિદ્રાનો ઉદય થાય અને નિદ્રાદશામાં જ ઊઠીને ગીતશ્રવણાદિમાં તે પ્રવૃત્ત થાય તો પણ તેને શ્રવણ થતું નથી. કારણ કે તેને કર્ણેન્દ્રિય વ્યંજનાવગ્રહ થયો નહોતો. જો મનના જ વ્યંજનાવગ્રહથી આ શ્રવણાદિ થતું હોત તો બધિરને પણ તે થવું જોઈએ. આથી સિદ્ધ થાય છે કે તે સમયે (નિદ્રામાં) મનનો નહીં, પણ કર્ણેન્દ્રિયાદિનો જ વ્યંજનાવગ્રહ થાય છે.)

**પૂર્વપક્ષ :** 'પોતાનું ચ્યવન થઈ રહ્યું છે એવું દેવ જાણી શક્તો નથી.' ઇત્યાદિ શાસ્ત્રવચન એવી વાત જણાવે છે કે છદ્મસ્થજીવોનો ઉપયોગ અસંખ્ય સમયોનો હોય છે અને તેના પ્રત્યેક સમયે મનોવર્ગણાના અનંતા પુદ્ગલોનું ગ્રહણ થાય છે. આ રીતે મનોદ્રવ્યરૂપ પુદ્ગલોના ગ્રહણને મનનો વ્યંજનાવગ્રહ કહેવાશે. અથવા ગૃહ્યમાણ મનોદ્રવ્યોનો જે સંબંધ થાય છે તેને વ્યંજનાવગ્રહ કહેવાશે કારણ કે ગૃહ્યમાણ દ્રવ્યને અથવા તેના સંબંધને તમે વ્યંજન કહો છો.

બીજી વાત, મન વિષયદેશમાં જતું ન હોવા છતાં પણ બીજી રીતે પણ મનના વ્યંજનાવગ્રહનું સમર્થન થઈ શકે છે. જ્યારે મન 'હૃદય' જેવી શરીરસ્થ (અતિસંબદ્ધ) વસ્તુનું જ ચિંતન કરે ત્યારે હૃદય તો શરીરસ્થ હોવાથી સંબદ્ધ જ કહેવાય. તેથી શરીરની બહાર ન નીકળવા છતાં પણ મનનો વિષય સાથેનો સંબંધ સિદ્ધ થાય છે. આ પણ મનનો વ્યંજનાવગ્રહ જ છે ને !

**ઉત્તરપક્ષ :** તમારી બન્ને શંકાઓનું ક્રમશઃ સમાધાન આપીએ છીએ. ગૃહ્યમાણ દ્રવ્યના ગ્રહણને અમે વ્યંજનાવગ્રહ કહીએ જ છીએ. પરંતુ એ વાતનું તાત્પર્ય તમારે સમજવું પડશે. ગ્રાહ્ય વસ્તુના ગ્રહણને જ વ્યંજનાવગ્રહ કહેવાય છે. મનોદ્રવ્ય (મનોવર્ગણાના પુદ્ગલો) એ ગ્રાહ્ય વસ્તુ નથી પણ ગ્રહણક્રિયાનું કરણ છે. અર્થાત્, મનોદ્રવ્યનું જે ગ્રહણ થાય છે તે ગ્રાહ્યદ્રવ્યરૂપે નહીં પણ કરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मनसो युज्येतेति ब्रूमः । क्रियाफलमपि स्वप्ने व्यञ्जनविसर्गलक्षणं दृश्यत एवेति चेत्; तत् तीव्राध्यवसायकृतम्, न तु कामिनीनिधुवनक्रियाकृतमिति को दोषः ? ननु स्त्यानर्द्धिनिद्रोदये गीतादिकं श्रृण्वतो व्यञ्जनावग्रहो मनसोऽपि भवतीति चेत्; न; तदा स्वप्नाभिमानिनोऽपि श्रवणाद्यवग्रहेणैवोपपत्तेः । ननु 'च्यवमानो न जानाति' इत्यादिवचनात् सर्वस्यापि छद्मस्थोपयोगस्यासङ्ख्येयसमयमानत्वात्, प्रतिसमयं च मनोद्रव्याणां ग्रहणाद् विषयमसम्प्राप्तस्यापि**

युक्त्यन्तरमुपदर्श्य मनसो व्यञ्जनावग्रहनिराकरणायाह '**ननु च्यवमानो न जानाती**'ति - **अयमत्राभिप्रायः 'च्यवमानो न जानाती**'ति सिद्धान्तवचनप्रामाण्यादशेषोऽपि छद्मस्थोपयोगोऽसङ्ख्येयसमयमानः प्रसिद्धः। तेषूपयोगसम्बन्धिषु असङ्ख्येयेषु समयेषु सर्वेष्वपि प्रत्येकमनन्तानि मनोद्रव्याणि मनोवर्गणाभ्यो गृह्णाति जीवः। द्रव्याणि च तत्सम्बन्धो वा प्रागत्रैव भवद्भिर्व्यञ्जनमुक्तम्। ततश्च तादृशं द्रव्यं तत्सम्बन्धो वा व्यञ्जनावग्रह इति युज्यते मनसः। यथाहि श्रोत्रादीन्द्रियेण असङ्ख्येयान् समयान्

(=ગ્રહણ) રૂપે થાય છે તેથી તેને વ્યંજનાવગ્રહ ન કહેવાય. યાદ રાખવું કે ગ્રાહ્ય વિષયરૂપે થનારા દ્રવ્યગ્રહણને જ વ્યંજનાવગ્રહ કહેવાય છે.

(**તાત્પર્ય :** જીવ પ્રતિક્ષણ ઔદારિક પુદ્ગલોનું ગ્રહણ કરી તેને શરીરરૂપે પરિણમાવે છે (જુના પુદ્ગલો છુટા પડે છે.) હવે ત્વચાથી ઘટાદિ પદાર્થનો સ્પર્શ કરતા શરૂઆતમાં વ્યંજનાવગ્રહ થાય તે વખતે ગૃહ્યમાણ ઔદારિકપુદ્ગલોનું ગ્રહણ પણ થાય છે અને તે ત્વચાદિરૂપે પરિણમે છે. તેને ત્વચાનો વ્યંજનાવગ્રહ નથી કહેવાતો કારણ કે ત્યાં ઔદારિક પુદ્ગલોનું ગ્રહણ ગ્રાહ્યવસ્તુરૂપે નથી પણ ગ્રહણરૂપે (કરણરૂપે) છે. અહીં આવું તાત્પર્ય હોય તેમ જણાય છે.)

હવે તમારી બીજી વાતનો જવાબ આપીએ. શરીરસ્થ હૃદયાદિ તો મનના સ્વ-દેશમાં જ રહેલા છે તેથી તે સંબદ્ધ હોય જ ને ! એવી તો કઈ વસ્તુ હોય કે જે સ્વ-દેશ સાથે અસંબદ્ધ હોય ? આ રીતે કાંઈ પ્રાપ્યકારિતા કે અપ્રાપ્યકારિતાની સિદ્ધિ થઈ શક્તી નથી. અન્યથા, બધું જ જ્ઞાન જીવ સાથે સંબદ્ધ હોવાથી પ્રાપ્યકારી જ કહેવાશે. તેથી જણાય છે કે બાહ્યદેશસ્થ (ભિન્નદેશસ્થ) વસ્તુની અપેક્ષાએ પ્રાપ્યકારિતા-અપ્રાપ્યકારિતાનો વ્યવહાર થાય છે.

અને કદાચ, 'तुष्यतु दुर्जनः' ન્યાયથી તમે કહ્યું તે રીતે મનની વિષયપ્રાપ્યકારિતા માની લઈએ તો પણ મનનો વ્યંજનાવગ્રહ તો સિદ્ધ નહીં જ થાય કારણ કે ક્ષયોપશમની પટુતાને લીધે પ્રથમ સમયે ચિંતનીય વસ્તુનો અર્થાવગ્રહ જ ઉત્પન્ન થઈ જાય છે. વિષયપ્રાપ્તિની ક્ષણથી જ અર્થાવબોધ પ્રવર્તવા માંડે છે. શ્રોત્રાદિ ઇન્દ્રિયોની જેમ વચ્ચે અર્થાનુપલબ્ધિકાળ હોતો નથી. એટલે અમે એવું અનુમાન પ્રમાણ આપીએ છીએ કે 'અર્થસંબંધ થયા પછી જે ઇન્દ્રિયોનો અર્થાનુપલબ્ધિકાળ હોતો નથી તેનો વ્યંજનાવગ્રહ હોતો નથી. જેમ કે, ચક્ષુ સાથે અર્થસંબંધ થયા પછી અર્થાનુપલબ્ધિકાળ હોતો નથી તેથી ચક્ષુનો વ્યંજનાવગ્રહ માન્યો નથી.'

**પૂર્વપક્ષ :** ચાલો, ક્ષયોપશમની પટુતાને કારણે મનનો સીધો અર્થાવગ્રહ જ થઈ જાય છે તેથી વિષયસંપર્ક પછી અર્થાનુપલબ્ધિકાળ ન હોવાથી તે રીતે ભલે મનનો વ્યંજનાવગ્રહ સિદ્ધ ન થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मनसो देहादनिर्गतस्य तस्य च स्वसन्निहितहृदयादिचिन्तनवेलायां कथं व्यञ्जनावग्रहो न भवतीति चेत्; शृणु; ग्रहणं हि मनः, न तु ग्राह्यम् । ग्राह्यवस्तुग्रहणे च व्यञ्जनावग्रहो भवतीति न मनोद्रव्यग्रहणे तदवकाशः; सन्निहितहृदयादिदेशग्रहवेलायामपि नैतदवकाशः, बाह्यार्थापेक्षयैव प्राप्यकारित्वाप्राप्यकारित्वव्यवस्थानात्, क्षयोपशमपाटवेन मनसः प्रथम-मर्थानुपलब्धिकालासम्भवाद्वा, श्रोत्रादीन्द्रियव्यापारकालेऽपि मनोव्यापारस्य व्यञ्जनावग्रहोत्तर-मेवाभ्युपगमात्, 'मनुतेऽर्थान् मन्यन्तेऽर्थाः अनेनेति वा मनः' इति मनःशब्दस्यान्वर्थत्वात्,**

यावद् गृह्यमाणानि शब्दादिपरिणतद्रव्याणि, तत्सम्बन्धो वा व्यञ्जनावग्रहस्तथाऽत्रापीति शङ्काग्रन्थार्थः। **तन्न** युक्तिक्षमं, न हि प्रतिसमयं गृह्यमाणौदारिकपुद्गलापेक्षया स्पार्शनो रासनो वा व्यञ्जनावग्रह इष्यते, विषयग्रहणापेक्षयैव तन्त्रे तस्येष्टत्वात्। **अयम्भावः** प्रतिसमयं यदनन्तौदारिकादिपुद्गलग्रहणं तच्छरीरनामकर्मोदयसम्पाद्यत्वान्न व्यञ्जनावग्रहः, ज्ञानावरणकर्मक्षयोपशमप्रभवत्वादवग्रहस्येति। एवं हि विषयासम्प्राप्तावपि समर्थिते मनसो व्यञ्जनावग्रहे दूषणं पश्य भङ्ग्यन्तरेण विषयसम्प्राप्त्यैव तस्य तं समर्थयन्नाह '**देहादनिर्गतस्ये**'त्यादि। शरीरादनिर्गतस्यापि = बाह्यार्थदेशमगतस्यापि स्वस्थानस्थस्यापीत्यर्थः, स्वकाये नैकट्यादतीवसम्बद्धं हृदयादिकं चिन्तयतो यो ज्ञेयेन हृदयादिलक्षणेन सम्बन्धः स एव तस्य व्यञ्जनावग्रहो भवेत्। **तदपि** नोपपत्तिमत्, यत एवं हि प्राप्यकारितायामिष्यमाणायां निःशेषमपि ज्ञानं प्राप्यकार्येव, सर्वस्यापि तस्य जीवेन सम्बद्धत्वात्। किं हि नाम तद् वस्तु यदात्मदेशेनासम्बद्धं भवेत्? ततः पारिशेष्याद् बाह्यार्थापेक्षयैव प्राप्यकारित्वाप्राप्यकारित्वचिन्ता युक्तिमती, अप्राप्तस्य प्राप्तेः संयोगपदार्थत्वात्। बाह्यार्थस्तु मनसाऽप्राप्त एव गृह्यत इति न तदीय व्यञ्जनावग्रहप्रसिद्धिः। **ननु** नित्यसंयोगस्यापि कुत्रचित् स्वीकृतत्वान्नाप्राप्तस्य प्राप्तेरेवसंयोगपदार्थत्वमिति **चेत् ? भवतु** तत्र प्राप्यकारिता, तथापि न तस्य व्यञ्जनावग्रहसम्भव इत्याह '**क्षयोपशमपाटवेने**'ति। **अयमत्र**

પરંતુ શ્રોત્રાદિ ઇન્દ્રિયોના વ્યાપાર વખતે પણ મનોવ્યાપાર તો થાય જ છે અને શ્રોત્રાદિ ઇન્દ્રિયોનો અર્થાનુપલબ્ધિકાળ છે એવું તો તમે પણ માનો જ છો. બસ, એ કાળે જ મનનો વ્યંજનાવગ્રહ છે.

**ઉત્તરપક્ષ :** તમે ગમે તેટલાં વલખાં મારો તો પણ મનનો વ્યંજનાવગ્રહ સિદ્ધ કરવામાં હજી તમને ઘણા ગ્રહો નડવાના છે. શ્રોત્રાદિનો વિષયસંપર્ક થયા પછી અર્થાનુપલબ્ધિકાળ હોય છે. પરંતુ ત્યારે મનોવ્યાપાર હોતો જ નથી. અર્થાનુપલબ્ધિકાળ રૂપ વ્યંજનાવગ્રહકાળ વ્યતીત થઈ ગયા પછી જ મનોવ્યાપાર થાય છે અને મનોવ્યાપાર થતાની સાથે જ અર્થાવબોધ અર્થાવગ્રહ થવા માંડે છે. શ્રોત્રાદિના અર્થાનુપલબ્ધિકાળે મનોવ્યાપાર જ હોતો નથી એટલે તમારી ઇષ્ટસિદ્ધિ થઈ નહીં શકે.

વળી, 'મન' શબ્દ પણ સાન્વર્થ છે. 'मनुते अर्थान् इति मनः' = પદાર્થોનું મનન (અવબોધન) કરે તે મન. અથવા તો, 'मन्यन्तेऽर्था अनेन इति मनः' = જેના વડે પદાર્થોનું મનન થાય તે મન. આ રીતે મન શબ્દની વ્યુત્પત્તિ પણ, પ્રથમ સમયથી જ મન દ્વારા અર્થાવબોધ થતો માનીએ તો જ ઘટે. જેમ કે સ્વ-અભિધેય પદાર્થોનું ભાષણ (= અર્થભાષણ) કરે તેને જ 'ભાષા' કહેવાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अर्थभाषणं विना भाषाया इव अर्थमननं विना मनसोऽप्रवृत्तेः । तदेवं नयनमनसोर्न व्यञ्जनावग्रह इति स्थितम् ।**

**स्वरूपनामजातिक्रियागुणद्रव्यकल्पनारहितं सामान्यग्रहणम् अर्थावग्रहः । कथं तर्हि**

---

**युक्तिगर्भा:** मनसो हि प्रथमसमय एवार्थावग्रहः समुत्पद्यते, न तु श्रोत्रादीन्द्रियस्येव प्रथमं व्यञ्जनावग्रहः। श्रोत्रादेर्हि क्षयोपशमापाटवेन प्रथममर्थानुपलब्धिकालसम्भवेन युक्तो व्यञ्जनावग्रहः, मनसस्तु पटुक्षयोपशमत्वाच्चक्षुरिन्द्रियस्येव अर्थानुपलम्भकालासम्भवेन प्रथममेव अर्थावग्रहः समुपजायते। न केवलं मानसज्ञाने प्रथममर्थावग्रह एव व्यापारः, किन्तु श्रोत्रादीन्द्रियोपयोगकालेऽपि मनोऽर्थावग्रहादारभ्यैव व्याप्रियते, न ततः पूर्वं व्यञ्जनावग्रहकाले, तदानीमर्थानवबोधाद्, मनस्त्वर्थावबोधरूपमेव, 'मनुतेऽर्थान् मन्यन्तेऽर्था अनेनेति वा मन' इति सान्वर्थाभिधानाभिधेयत्वात्। यथा हि स्वाभिधेयानर्थान् भाषमाणैव भाषा भवति, नान्यथा, एवं न मनसोऽनुपलब्धिकालस्तथा च न व्यञ्जनावग्रह इति स्थितम्। विस्तरार्थिना **आवश्यकभाष्यवृत्ति-स्याद्वादरत्नाकर-मार्गणाद्वारविवरणादि**-ग्रन्थाः समवलोकनीयाः।

अर्थावग्रहं लक्ष्यति '**स्वरूपनामे**'त्यादिना → ग्राह्यवस्तुनः सामान्यविशेषात्मकत्वेऽप्यर्थावग्रहेण सामान्यरूप एवार्थो गृह्यते, न विशेषरूपः, अर्थावग्रहस्यैकसामयिकत्वात्, समयेन च विशेषग्रहणायोगात्, विशेषग्रहस्याऽऽन्तर्मुहूर्तिकत्वात्। सामान्यार्थश्च कश्चिद् ग्राम-नगर-वन-सेनादिशब्दनिर्देश्योऽपि भवति, तद्व्यवच्छेदार्थं सामान्यग्रहणं विशिनष्टि **स्वरूपे**त्यादिना। आदिशब्दाज्जाति-क्रिया-गुण-द्रव्यपरिग्रहः।

---

તેમ સ્વવિષયીભૂત પદાર્થોનું મનન કરે તેને જ મન કહેવાય. આ રીતે અર્થાનુપલબ્ધિકાળ ન હોવાથી મનનો વ્યંજનાવગ્રહ નથી. વ્યંજનાવગ્રહ માત્ર ચાર ઇન્દ્રિયોનો જ છે. આ રીતે ચક્ષુ અને મનનો વ્યંજનાવગ્રહ નથી તેથી તે બન્નેની અપ્રાપ્યકારિતાની સિદ્ધિ થઈ. વ્યંજનાવગ્રહનું નિરૂપણ અહીં પૂર્ણ થયું.

## * અર્થાવગ્રહનું નિરૂપણ *

હવે ક્રમપ્રાપ્ત અર્થાવગ્રહનું નિરૂપણ કરાય છે. સૌપ્રથમ અર્થાવગ્રહનું લક્ષણ જણાવે છે. ગ્રાહ્યવસ્તુના સ્વરૂપ-નામ-જાતિ-ક્રિયા-ગુણ-દ્રવ્યરૂપ વિશેષ અંશોની કલ્પનાથી રહિત એવું જે વસ્તુના સામાન્ય અંશનું ગ્રહણ થાય તેને અર્થાવગ્રહ કહેવાય છે. **વિશેષાર્થ :** ગ્રાહ્યવસ્તુ તો જો કે સામાન્ય-વિશેષ ઉભયાત્મક હોય છે. પરંતુ અર્થાવગ્રહમાં વિશેષોનું ગ્રહણ હોતું નથી. દા.ત. એક આમ્રફળનો વિચાર કરીએ. તેના પ્રતિનિયત રૂપ-રસાદિ સ્વભાવ એટલે સ્વરૂપ, 'આમ્ર' એવો તેનો વાચક શબ્દ એટલે નામ. આમ્રત્વ વગેરે જાતિ. 'આ રૂપ પ્રીતિકર છે', 'આ ફળ પુષ્ટિકર છે' ઇત્યાદિ શબ્દને ક્રિયાપ્રધાન હોવાથી ક્રિયા કહેવાશે. પીત વગેરે ગુણ, ફળ પોતે દ્રવ્ય છે. આ બધા (= સ્વરૂપ-નામાદિ) અંશો વિશેષ કહેવાય. તે બધા જે જ્ઞાનમાં ન જણાય તેને અર્થાવગ્રહ કહેવાય.

## * 'तेणं सद्देत्ति उग्गहिए' એ નન્દિસૂત્રના પાઠનો તાત્પર્યાર્થ *

**પૂર્વપક્ષ : નન્દિસૂત્ર**માં એવો પાઠ છે કે (શબ્દને સાંભળનાર પુરુષને) 'આ શબ્દ છે એવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**'तेन शब्द इत्यवगृहीतः' इति सूत्रार्थः, तत्र शब्दाद्युल्लेखराहित्याभावादिति चेत्; न; 'शब्द'**

तत्र रूपरसाद्यर्थानां य आत्मीयचक्षुरादीन्द्रियगम्यः प्रातिस्विकः स्वभावस्तत् स्वरूपम्। रूप-रसादिकस्तु तदभिधायको ध्वनिर्नाम, रूपत्वरसत्वादिका तु जातिः। 'प्रीतिकरमिदं रूपं, पुष्टिकरोऽयं रस' इत्यादिकस्तु शब्दः क्रियाप्रधानत्वात् क्रिया। कृष्णनीलादिकस्तु गुणः। पृथिव्यादिकं पुनर्द्रव्यम्। एषां स्वरूप-नाम-जात्यादीनां कल्पना = अन्तर्जल्पाकारा तया रहितमेवार्थमर्थावग्रहेण जीवो गृह्णाति।

शङ्कते '**कथं तर्ही**त्यादिना → यथोक्तं **नन्द्य**ध्ययने *'से जहानामए केइ पुरिसे अव्वत्तं सद्दं सुणेज्जा तेणं सद्देत्ति उग्गहिए, न उण जाणइ को वेस सद्देत्ति'*[1] तदेतत् कथमविरोधेन नीयते?

અર્થાવગ્રહ થાય છે.' આ પ્રતીતિમાં શબ્દનો શબ્દરૂપે ઉલ્લેખ થયેલો જણાય છે. તમારા મતે તો શબ્દસંબંધરહિતનું એટલે કે નામાદિની કલ્પનાથી રહિતનું જ્ઞાન જ અર્થાવગ્રહ કહેવાયું છે. તેથી તમારૂ કથન નંદિસૂત્રના ઉક્ત પાઠનું વિરોધી છે.

**ઉત્તરપક્ષ :** તેણે શબ્દનો અર્થાવગ્રહ કર્યાનું તો **નંદિસૂત્ર**માં ગ્રન્થકારે કહ્યું છે ને ! પ્રમાતાને કંઈ તે વખતે શબ્દરૂપે ભાન થયું હોતું નથી. દા.ત. મયૂરને ક્યારેય નહીં જાણનારા કોઈ પુરુષે મયૂરને જોયો હોય ત્યારે અન્ય વિદ્વાન્ વ્યક્તિ જેમ એવું કહે કે 'तेन मयूरो दृष्टः' તેણે મયૂર જોયો. એ રીતે પ્રસ્તુતમાં **નંદિસૂત્રકારે** કહ્યું છે.

**પૂર્વપક્ષ :** જો એવું હોય તો 'तेन मयूरो दृष्टः' ની જેમ 'तेन शब्दोऽवगृहीतः' = તેણે શબ્દનો અવગ્રહ કર્યો એ રીતે **નંદિસૂત્રકારે** જણાવ્યું હોત. પરંતુ નંદિસૂત્રકારે તો "तेन 'शब्द' इत्यवगृहीतः" = 'આ શબ્દ છે' એવો તેણે અર્થાવગ્રહ કર્યો એવું જણાવ્યું છે. આના પરથી જણાય છે કે અહીં પ્રમાતાને શબ્દરૂપે જ ભાન થયું છે. તેથી અર્થાવગ્રહમાં જાતિ-નામોલ્લેખાદિ ન માનનારા તમને **નંદિસૂત્રના** ઉક્ત પાઠ સાથે વિરોધ આવશે એ આપત્તિ તો પાછી ઊભી જ રહે છે.

**ઉત્તરપક્ષ :** ભલે શબ્દનો તેને અર્થાવગ્રહ થાય છે તે વાત કબૂલ. પણ રૂપ-રસાદિથી ભિન્નરૂપે અને શબ્દસ્વરૂપે નિશ્ચિત હોવારૂપે તેનું ગ્રહણ ત્યાં થતું નથી. એટલા અંશમાં જ 'शब्दस्तेनावगृहीतः' એવી શાસ્ત્રપંક્તિનું તાત્પર્ય સમજવું. શબ્દસ્વરૂપે ત્યાં શબ્દનો અર્થાવગ્રહ થતો નથી કારણ કે શબ્દોલ્લેખસહિતનું જ્ઞાન (= આ શબ્દ છે એવું જ્ઞાન) અંતર્મુહૂર્ત ટકે છે. જ્યારે અર્થાવગ્રહનો કાળ તો એકસમય કહેવાયો છે. (સમય એ જૈનદર્શનમાં કાળનું સૂક્ષ્મતમ માપ છે.) વળી, આ શબ્દ છે એવા શબ્દસ્વરૂપે રૂપાદિથી ભિન્નરૂપે શબ્દના નિશ્ચયને અર્થાવગ્રહ શી રીતે કહેવાય ? કારણ કે વસ્તુનો નિશ્ચય એ તો અપાયનું સ્વરૂપ છે. તેથી અર્થાવગ્રહમાં જો શબ્દનો ઉક્ત રીતે નિર્ણય માનશો તો અર્થાવગ્રહ અને અપાયના સ્વરૂપનું સાંકર્ય થવાની આપત્તિ આવશે. કારણ કે વિશેષનો નિર્ણય તો અપાયમાં જ થાય. સામાન્યગ્રાહી અર્થાવગ્રહમાં નહીં.

**પૂર્વપક્ષ :** રૂપાદિથી ભિન્ન સ્વરૂપે અને શબ્દરૂપે થતા શબ્દના નિર્ણયને જ અર્થાવગ્રહ માનો ને! રૂપાદિથી વ્યાવૃત્તિરૂપે થયેલું હોવાથી તે જ્ઞાન જેમ વિશેષરૂપ છે તેમ શબ્દમાત્રરૂપે તે સામાન્યનું જ્ઞાન

૧. यथानामकः कोऽपि पुरुषोऽव्यक्तं शब्दं शृणुयात्, तेन शब्द इत्यवगृहीतः, न पुनर्जानाति को वैष शब्दादिरिति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इति वक्त्रैव भणनात्, रूपरसादिविशेषव्यावृत्त्यनवधारणपरत्वाद्वा । यदि च 'शब्दोऽयम्' इत्यध्यवसायोऽवग्रहे भवेत् तदा शब्दोल्लेखस्यान्तर्मुहूर्तिकत्वादर्थावग्रहस्यैकसामयिकत्वं भज्येत। स्यान्मतम् 'शब्दोऽय'मिति सामान्यविशेषग्रहणमप्यर्थावग्रह इष्यताम्, तदुत्तरम् 'प्रायो माधुर्यादयः शङ्खशब्दधर्मा इह, न तु शाङ्गर्धर्माः खरकर्कशत्वादयः' इतीहोत्पत्ते-**

इति शङ्काग्रन्थार्थः। उत्तरयति '**ने**'त्यादिना → तत्र 'शब्दोऽवगृहीत' इति सूत्रकारः प्रतिपादयति न तु प्रमाता निश्चिनोतीत्यभिप्रायः' ।

अथ विकल्पयति '**रूपरसादी**'त्यादिना। शब्दमात्रं रूपरसादिविशेषव्यावृत्त्याऽनवधारितत्वात् शब्दतयाऽनिश्चितं गृह्णाति इत्येतावतांशेन 'शब्दस्तेनावगृहीत' इत्युच्यते, न पुनः शब्दबुद्ध्या 'शब्दोऽयमि'त्यध्यवसायेन तच्छब्दवस्तु तेनावगृहीतं, शब्दोल्लेखस्य आन्तर्मुहूर्तिकत्वात्, अर्थावग्रहस्यैकसामयिकत्वादसम्भवी एवायमिति भावः। यदि पुनरर्थावग्रहे शब्दनिश्चयः स्यात्तदाऽपाय एवासौ स्यात्, विशेषनिश्चयस्यापायरूपत्वात्।

पुनरपि शङ्कते '**स्यान्मतमि**'त्यादिना → प्रथमसमय एव रूपादिव्यपोहेन सामान्यविशेषग्रहणमिति सामान्यात्मकविशेषग्रहणमित्यर्थः 'शब्दोऽयमि'ति प्रत्ययोऽर्थावग्रहत्वेनाभ्युपगम्यताम्, शब्दमात्रत्वेन सामान्यत्वात्,

કહેવાય. તેની પછી 'અહીં મધુર વગેરે શંખ શબ્દના ધર્મો હોવા ઘટે છે, નહીં કે ખર, કર્કશ એવા ધનુષ્યના શબ્દના ધર્મો' આવી વિશેષવિચારણારૂપ ઈહા થશે. આમ 'આ શબ્દ છે' આવા સામાન્ય-વિશેષાત્મક જ્ઞાનને અર્થાવગ્રહ માનો.

**ઉત્તરપક્ષ :** 'આ રૂપાદિથી ભિન્ન છે' આવો નિર્ણય થયા વિના 'આ શબ્દ છે' એવો નિર્ણય થઈ શક્તો નથી અને અન્ય પદાર્થોની વ્યાવૃત્તિના જ્ઞાનપૂર્વક જે જ્ઞાન થાય તે વિશેષના પ્રતિભાસરૂપ હોવાથી અપાય જ કહેવાય, અર્થાવગ્રહ નહીં. જો કે અહીં આવું કહી શકાય છે કે શબ્દનું જ્ઞાન એ તો સામાન્યવિષયક જ્ઞાન જ કહેવાય અને તેની પછી થનારા 'આ શંખનો શબ્દ છે' ઈત્યાદિ જ્ઞાન વિશેષવિષયક છે. તેથી સામાન્યગ્રાહી એવા 'શબ્દોઽયં' એવા જ્ઞાનને અર્થાવગ્રહ કહી શકાશે પણ એ બરાબર નથી. કારણ કે એમ તો બધા જ વિશેષગ્રાહી જ્ઞાન સ્વોત્તરવર્તી અધિક વિશેષગ્રાહીજ્ઞાન કરતા સ્તોકવિશષગ્રાહી હોવાથી સામાન્યગ્રાહી બનશે તેથી આ રીતે તો બધા જ જ્ઞાન અર્થાવગ્રહ જ બનશે. અપાયજ્ઞાનની શક્યતા જ નહીં રહે. વળી, કહેવામાં 'આ શબ્દ છે' એવા સામાન્ય-વિશેષગ્રાહી નિશ્ચયાત્મક જ્ઞાનને જો અર્થાવગ્રહ કહો તો બીજો પણ દોષ આવશે. જ્યાં સુધી શબ્દગત અન્વયધર્મો (= શબ્દત્વાદિ) નું ગ્રહણ શબ્દભિન્ન એવા રૂપ-રસાદિથી વ્યાવૃત્તરૂપે ન થાય ત્યાં સુધી 'આ શબ્દ છે' એવો નિશ્ચય (કે જેને તમે અર્થાવગ્રહ કહો છો તે) થઈ શકે નહીં. હવે શબ્દગત અન્વયધર્મોનું તદ્ભિન્નથી વ્યાવૃત્તિપૂર્વકનું ગ્રહણ ત્યારે જ થાય કે જ્યારે તાદશગ્રહણપૂર્વે વિમર્શાત્મક (= વિચારણાત્મક) 'ઈહા' નામનું જ્ઞાન થયું હોય. અજ્ઞાત પદાર્થોમાં ઈહા થઈ શકે નહીં તેથી પહેલા અર્થગ્રહણ, પછી ઈહા અને પછી જ 'આ શબ્દ છે' એવું નિર્ણયાત્મકજ્ઞાન થઈ શકે. આ ક્રમ છે. એટલે તમે જેને અર્થાવગ્રહ કહો છો તે પૂર્વે અર્થગ્રહણ માનવું પડશે. પણ તે તો વ્યંજનાવગ્રહકાળ છે જેમાં વ્યક્ત બોધ હોતો જ નથી. તેથી ઉક્ત નિશ્ચયાત્મક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**रिति; मैवम्; अशब्दव्यावृत्त्या विशेषप्रतिभासेनास्याऽपायत्वात् स्तोकग्रहणस्योत्तरोत्तरभेदापेक्षया व्यवस्थितत्वात् । किञ्च, 'शब्दोऽयम्' इति ज्ञानं शब्दगतान्वयधर्मेषु रूपादिव्यावृत्तिपर्यालोचनरूपामीहां विनाऽनुपपन्नम्, सा च नागृहीतेऽर्थे सम्भवतीति तद्ग्रहणमस्मदभ्युपगतार्थावग्रहकालात् प्राक् प्रतिपत्तव्यम्, स च व्यञ्जनावग्रहकालोऽर्थपरिशून्य इति यत्किञ्चिदेतत् । नन्वनन्तरम् 'क एष शब्दः' इति शब्दत्वावान्तरधर्मविषयकेहानिर्देशात् 'शब्दोऽयम्' इत्याकार एवावग्रहोऽभ्युपेय इति चेत्; न; 'शब्दः शब्दः' इति भाषकेणैव भणनात्, अर्थावग्रहेऽव्यक्तशब्दश्रवणस्यैव सूत्रे निर्देशात्, अव्यक्तस्य च सामान्यरूपत्वादनाकारोपयोगरूपस्य चास्य तन्मात्रविषयत्वात् । यदि च व्यञ्जनावग्रह एवाव्यक्तशब्दग्रहणमिष्यते तदा सोऽप्यर्थावग्रहः स्यात्, अर्थस्य ग्रहणात् ।**

उत्तरकालं तु 'प्रायो माधुर्यादयः शङ्खशब्दधर्मा इह घटन्ते, न तु शाङ्गर्धर्मा खरकर्कशत्वादय' इति विमर्शबुद्धिरीहा, तस्मात्, 'शाङ्ख एवायं शब्द' इति तद्विशेषस्त्वपायोऽस्तु इति शङ्काकर्तुरभिप्रायः। उत्तरयति '**मैवमि**'त्यादिना। **अशब्दव्यावृत्त्येति** रूपरसादिव्यावृत्त्येत्यर्थः। **न च** इदं शब्दबुद्धिमात्रकं ज्ञानं शब्दमात्रस्तोकविशेषावसायित्वात् स्तोकविशेषग्राहकमतोऽपायो न भवति, किन्त्ववग्रह एवायं,'शाङ्ख-

જ્ઞાનને અર્થાવગ્રહ કહેવાની વાત બરાબર નથી.

**પૂર્વપક્ષ :** 'આ શબ્દ છે' એવાં જ્ઞાન પછી 'આ કયો શબ્દ છે ? શંખનો ? કે ધનુષ્યનો ?' ઇત્યાદિરૂપ શબ્દત્વાવાન્તરધર્મવિષયક (અર્થાત્, શબ્દત્વવ્યાપ્યધર્માન્તર = શાંખત્વાદિધર્મવિષયક) ઈહા ઉત્પન્ન થાય છે. તેથી 'આ શબ્દ છે' એવા જ્ઞાનને અર્થાવગ્રહ કહેવો જોઈએ (નંદિસૂત્રમાં કહ્યું છે કે 'न उण जाणइ को वेस सद्देत्ति' = આ ક્યો શબ્દ છે તે (પ્રમાતા) જાણતો નથી.)

**ઉત્તરપક્ષ :** 'આ ક્યો શબ્દ હશે ?' એવો જે સંશય પડે છે તેમાં 'શબ્દ' એવો શબ્દપ્રયોગ તો વક્તા = સૂત્રકાર સ્વયં કરે છે. વાસ્તવિક પ્રતીતિમાં તો 'આ શું હશે' એવા આકારવાળી જ ઈહા થાય છે, 'આ ક્યો શબ્દ હશે' એવા આકારવાળી ઈહા થતી નથી. કારણ કે **નંદિસૂત્રમાં** કહ્યું પણ છે કે 'से जहा नामए केइ पुरिसे अव्वत्तं सद्दं सुणेज्जत्ति' = તે પ્રમાતા પુરુષે અવ્યક્ત શબ્દ સાંભળ્યો. આના પરથી સ્પષ્ટ ફલિત થાય છે કે અર્થાવગ્રહ એ અવ્યક્ત બોધરૂપ છે અને અવ્યક્તબોધ તેને જ કહેવાય કે જે સામાન્યબોધરૂપ હોય. અહીં માત્ર શબ્દરૂપે સામાન્યત્વ માનીને તેની પછી શાંખશબ્દાદિરૂપે વિશેષત્વ માનવાની વાત પણ બરાબર નથી. કારણ કે સૂત્રમાં અર્થાવગ્રહને અનાકારોપયોગરૂપ કહ્યો છે. (પ્રસ્તુત ગ્રન્થકારે પણ અર્થાવગ્રહના લક્ષણમાં ગ્રાહ્યવિષયના સ્વરૂપ-નામ-જાતિ આદિથી રહિત, એટલે કે સાકારતા રહિત એવા બોધને અર્થાવગ્રહ કહ્યો છે.) અનાકારોપયોગ સામાન્યમાત્રવિષયક હોય છે. તેથી શબ્દત્વરૂપે થયેલા 'આ શબ્દ છે' એવા ઉલ્લેખમાં વિશેષ અંશ જણાતો હોવાથી તેને અર્થાવગ્રહ કહી ન શકાય. જેમાં કોઈ જ વિશેષ ન જણાય, માત્ર 'કંઈક છે' એવો અવ્યક્ત સામાન્યવિષયક બોધ થાય તેને જ અર્થાવગ્રહ સમજવો. (વળી, 'को वेस सद्देत्ति' માં 'શબ્દ' એવો શબ્દપ્રયોગ તો ગ્રન્થકાર કરે છે એ વાતનું પ્રમાણ નંદિસૂત્રના જ 'अबत्तं सद्दं सुणेज्जत्ति' એ પાઠમાંથી મળે છે. જો 'અવ્યક્ત' પદ કહ્યું પછી શબ્દનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોધ શી રીતે સંગત થાય ? તેથી 'શબ્દ' પદ ગ્રન્થકારે પોતે જણાવ્યું છે.)

**પૂર્વપક્ષ :** 'અવ્યક્ત' શબ્દનો પ્રયોગ શાસ્ત્રમાં જ્યાં થયેલો જણાય તે વ્યંજનાવગ્રહ વિશે જાણવો પછી 'આ શબ્દ છે' એવો બોધને અર્થાવગ્રહ કહેવામાં કોઈ બાધ નથી.

**ઉત્તરપક્ષ :** તમે આવું માનશો તો પછી વ્યંજનાવગ્રહને પણ અર્થાવગ્રહ માનવો પડશે. કારણ કે વ્યંજનાવગ્રહમાં અર્થની પ્રતીતિ થતી નથી અને અર્થાવગ્રહમાં સામાન્યરૂપે અર્થપ્રતીતિ થાય છે. એ જ તો વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ વચ્ચેનો ભેદ છે[1]. તાત્પર્ય એ છે કે સૂત્રમાં તો વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ બન્ને જણાવ્યા છે. વ્યંજનાવગ્રહમાં અવ્યક્ત અર્થબોધ માનવાથી તેને અર્થાવગ્રહ કહેવો પડશે. કારણ કે અર્થાવગ્રહમાં બતાવ્યું છે તેથી બન્ને એકરૂપ થઈ જશે. આવી આપત્તિ ન આવે માટે અર્થાવગ્રહને આકારરહિત માનવો જ યોગ્ય છે અન્યથા સૂત્રવિરોધ આવશે.

## * અર્થાવગ્રહ વિશે કેટલાકના મન્તવ્યનો નિરાસ *

**પૂર્વપક્ષ :** સમસ્ત વિશેષ અંશોથી રહિત એવું સામાન્યજ્ઞાન તો તત્કાલોત્પન્ન બાળકને થાય કે જેને સંકેતાદિની એટલે કે વાચ્ય-વાચકભાવની કાંઈ જાણકારી જ નથી હોતી. બાકી જે વ્યક્તિ સમજણવાળો છે એટલે કે સંકેતાદિની જાણકારીવાળો છે તેને તો શબ્દ સાંભળતા જ વિશેષાંશનું જ્ઞાન થશે. આવા ગૃહીતસંકેત પુરુષની અપેક્ષાએ જ **નંદિસૂત્ર**માં 'तेन 'शब्द' इत्यवगृहीत' (तेण 'सद्दे'त्ति उग्गहिए) એવું કહ્યું છે. અર્થાત્, **નંદિસૂત્ર**માં અર્થાવગ્રહમાં જે શબ્દપ્રતીતિ જણાવી છે તે ગૃહીતસંકેત પુરુષની અપેક્ષાએ છે. આવું માની લેવાથી સૂત્રવિરોધ રહેતો નથી. (આ મત પ્રમાણે અવગ્રહ બે જાતના થયા. (૧)તત્કાલોત્પન્ન બાળકના સામાન્યમાત્રવિષયક અવ્યક્તજ્ઞાનરૂપ. (૨) વિષયોથી પરિચિત બનેલા પુરુષના સામાન્ય-વિશેષજ્ઞાનરૂપ.)

**ઉત્તરપક્ષ :** આ વાત બરાબર નથી. જો બાળક કરતા પરિચિતવિષયવાળા હોવાથી પુરુષને અર્થાવગ્રહમાં વિશેષબોધ થઈ શક્તો હોય તો પછી તેના કરતા પણ જે વિશેષ પરિચિતવિષયવાળો છે તેને તેના કરતા પણ અધિક વિશેષાંશવિષયક અર્થાવગ્રહ થશે. (અર્થાત્, 'આ શબ્દ છે' એટલા જ્ઞાનથી આગળ વધીને 'આ શંખનો શબ્દ છે' ઇત્યાદિ અધિક વિશેષાંશાવગાહી જ્ઞાન અર્થાવગ્રહકાળે થાય છે એમ માનવું પડશે.) કારણ કે લોકોના વિષયપરિચય, સંકેતજ્ઞાનાદિની બાબતમાં ન્યૂનાધિકતા (તરતમતા) તો રહેવાની જ. આ આપત્તિને તમે ઇષ્ટાપત્તિ કહીને સ્વીકારી પણ નહીં શકો કારણ કે **નંદિસૂત્ર**માં 'न उण जाणइ को वेस सद्देत्ति' = 'આ ક્યો શબ્દ છે તેને તે જાણતો નથી' આવું જે કહ્યું છે તે સર્વમાન્ય રીતે સર્વજીવો માટે કહેવાયું છે. પછી તે બાળક હોય કે પરિચિતવિષયવાળો પુરુષ હોય કે અત્યંત પરિચિતવિષયવાળો પુરુષ હોય. પુરુષ ભેદે અર્થાવગ્રહના સ્વરૂપમાં કોઈ ભેદ પાડી શકાય તેમ નથી. કારણ કે ગમે તેવી તીવ્ર મેધાવાળો પુરુષ પણ ધર્મિગ્રહણ વિના ધર્મિગત અનેકવિશેષોનું ગ્રહણ કરી શક્તો નથી. હવે જ્યારે ધર્મીનું જ ગ્રહણ થયું ન હોય ત્યારે તદ્ગત વિશેષધર્મોનું જ્ઞાન પરિચિતવિષયવાળા પુરુષને પણ શી રીતે થઈ શકે ? તેથી અર્થાવગ્રહકાળે વિશેષાંશગ્રહણ માની શકાય તેમ નથી.

૧. જો કે પૂર્વે વ્યંજનાવગ્રહમાં અત્યંત અવ્યક્ત અર્થ બોધ સ્વીકાર્યો છે. તેમ છતાં તે નિશ્ચયનયથી જાણવો. વ્યવહારનય અર્થાવગ્રહથી જ અર્થબોધની શરૂઆત માને છે અને આ મુખ્ય પ્રસિદ્ધ મત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**केचित्तु - 'सङ्केतादिविकल्पविकलस्य जातमात्रस्य बालस्य सामान्यग्रहणम्, परिचित-विषयस्य त्वाद्यसमय एव विशेषज्ञानमित्येतदपेक्षया 'तेन शब्द इत्यवगृहीत' इति नानुपपन्नमि'-त्याहुः, तन्न; एवं हि व्यक्ततरस्य व्यक्तशब्दज्ञानमतिक्रम्यापि सुबहुविशेषग्रहप्रसङ्गात् । न चेष्टापत्तिः; 'न पुनर्जानाति क एष शब्द' इति सूत्रावयवस्याविशेषेणोक्तत्वात्, प्रकृष्टमतेरपि शब्दं धर्मिणमगृहीत्वोत्तरोत्तरसुबहुधर्मग्रहणानुपपत्तेश्च ।**

**अन्ये तु 'आलोचनपूर्वकमर्थावग्रहमाचक्षते, तत्रालोचनमव्यक्तसामान्यग्राहि, अर्थावग्रह-स्त्वितरव्यावृत्तवस्तुस्वरूपग्राहीति न सूत्रानुपपत्तिः' इति तदसत्; यत आलोचनं व्यञ्जना-वग्रहात् पूर्वं स्यात्, पश्चाद्वा, स एव वा ? नाद्यः; अर्थव्यञ्जनसम्बन्धं विना तदयोगात्। न द्वितीयः; व्यञ्जनावग्रहान्त्यसमयेऽर्थावग्रहस्यैवोत्पादादालोचनानवकाशात् । न तृतीयः; व्यञ्जनावग्रहस्यैव नामान्तरकरणात्, तस्य चार्थशून्यत्वेनार्थालोचनानुपपत्तेः । किञ्च, आलोचने-नेहां विना झटित्येवार्थावग्रहः कथं जन्यताम् ? युगपच्चेहावग्रहौ पृथगसङ्ख्येयसमयमानौ**

शब्दोऽयमि'त्यादिविशेषणविशिष्टज्ञानस्यैवापायत्वं बृहद्विशेषावसायित्वादिति **वाच्यम्** अपायकथाविप्लवप्रस-

## * અર્થાવગ્રહમાં વિશેષગ્રહણ માની શકાય નહીં *

**પૂર્વપક્ષ :** આબાલગોપાલ બધા જ જ્ઞાતાઓને સૌથી પહેલા સામાન્યગ્રાહી અવ્યક્ત એવું આલોચનજ્ઞાન (નિર્વિકલ્પકજ્ઞાન) થાય છે અને એ સામાન્યજ્ઞાન પછી વિશેષજ્ઞાન થાય છે. એ વિશેષજ્ઞાનમાં જણાતો પદાર્થ, તદ્ભિન્ન અન્ય પદાર્થોથી વ્યાવૃત્તિરૂપે (ભિન્નરૂપે) જણાય છે. પૂર્વનું જ્ઞાન આલોચન છે, પછીનું જ્ઞાન અર્થાવગ્રહ છે. આવું માની લેવાથી 'तेन शब्द इत्यवगृहीतः' એ સૂત્રની અસંગતિ નહીં રહે કારણ કે અર્થાવગ્રહમાં અમે શબ્દત્વરૂપે શબ્દજ્ઞાન માન્યું જ છે.

**ઉત્તરપક્ષ :** આ વાત પણ બરાબર નથી. તમે જે આલોચનજ્ઞાનને અર્થાવગ્રહનું કારણ કહો છો તે આલોચનજ્ઞાન વ્યંજનાવગ્રહની પૂર્વે થાય છે ? તેની પછી થાય છે ? કે વ્યંજનાવગ્રહ એ જ આલોચનજ્ઞાન છે ? આ ત્રણ વિકલ્પો છે. આમાંથી પ્રથમ વિકલ્પ બરાબર નથી કારણ કે અર્થજ્ઞાન માટે શબ્દાદિ અર્થ અને કાન વગેરે ઇન્દ્રિયનો સંબંધ આવશ્યક છે. આ સંબંધ વ્યંજનાવગ્રહ પૂર્વે ઉત્પન્ન થઈ શક્તો નથી. (કારણ કે તાદૃશસંબંધ એ જ તો વ્યંજનાવગ્રહ છે.) બીજો વિકલ્પ પણ બરાબર નથી કારણ કે વ્યંજનાવગ્રહના અંત્યસમયે તો અર્થાવગ્રહ જ ઉત્પન્ન થઈ જાય છે. તેથી તે બન્નેની વચ્ચે આલોચનજ્ઞાનને કોઈ અવકાશ રહેતો નથી. હવે છેલ્લો વિકલ્પ સ્વીકારો તો તમે વ્યંજનાવગ્રહનું જ બીજું નામ પાડ્યું છે. અમે જેને વ્યંજનાવગ્રહ કહીયે છીએ તેને જ તમે આલોચનજ્ઞાન કહ્યું અને વ્યંજનાવગ્રહ તો અર્થાલોચનથી રહિત છે તેથી વ્યંજનાવગ્રહકાળે સામાન્યગ્રાહી એવું કોઈ જ્ઞાન પણ સંભવતું નથી.

વળી, તમારા મત પ્રમાણે તો 'આ શબ્દ છે' એવો શબ્દત્વરૂપે થતો નિશ્ચય એ અર્થાવગ્રહ છે. ઇહા વિના તો નિશ્ચય થઈ શક્તો નથી એવો નિયમ છે તેથી વ્યંજનાવગ્રહરૂપ આલોચનજ્ઞાન, પછીની જ ક્ષણે સીધું જ નિશ્ચયાત્મકજ્ઞાનને ઉત્પન્ન કરી ન શકે, વચ્ચે ઇહાની જરૂર પડે. આ આપત્તિમાંથી બચવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कथं घटेताम् ? इति विचारणीयम् । नन्ववग्रहेऽपि क्षिप्रेतरादिभेदप्रदर्शनादसङ्ख्येयसमयमानत्वम्, विशेषविषयत्वं चाविरुद्धमिति चेत्; न; तत्त्वतस्तेषामपायभेदत्वात्, कारणे कार्योपचारमाश्रित्यावग्रहभेदत्वप्रतिपादनात्, अविशेषविषये विशेषविषयत्वस्यावास्तवत्वात् ।**

---

ङ्गात्। उत्तरोत्तरविशेषग्राहिणामपि ज्ञानानां तदुत्तरोत्तरभेदापेक्षया स्तोकत्वादपायत्वाभावो भावनीयः।

प्रकारान्तरेण शङ्कते '**नन्वि**'त्यादिना → क्षिप्रमवगृह्णाति, चिरेणावगृह्णाति, बह्ववगृह्णाति, अबह्ववगृह्णाति, बहुविधमवगृह्णाति इत्यादिद्वादशभिर्विशेषणैर्विशेषिता मतिप्रभेदाः शास्त्रान्तरे दृश्यन्तेऽत्रापि च वक्ष्यन्त इति कथमर्थावग्रहस्यैकसामयिकत्वे क्षिप्रचिरग्रहणविशेषणमुपपद्यत इति चिरकालिकोऽप्यर्थावग्रहोऽभ्युपेयः। एवं बहु-बहुविधग्रहणमपि अव्यक्तसामान्यमात्रग्राहित्वेऽर्थावग्रहस्य दूरमुत्सारितं स्यादतो विशेषविषयकोऽप्यर्थावग्रहोऽभ्युपेय इति बहु-बहुविधादिनानाभेदापेक्षयाऽर्थावग्रहस्य क्वचित् सामान्यग्रहणं क्वचिच्च विशेषग्रहणं इत्युभयमप्यविरुद्धम् इति शङ्काग्रन्थार्थः। तमुत्तरयति 'ने'त्यादिना बहुबहुविधादिविशेषग्रहणस्य सामान्यार्थग्रहणेहाभ्यां विनाऽनुपपत्तेर्निश्चयतस्तेषामपायभेदत्वमेव युक्तम्।

---

માટે જો તમે એવો તુક્કો લગાવો કે 'ઈહા અને અવગ્રહ બન્ને એક જ સાથે ઉત્પન્ન થાય છે' તો પણ કાંઈ વળે તેમ નથી. કારણ કે અસંખ્ય સમયવાળા ઈહા અને અર્થાવગ્રહ એક સાથે શી રીતે સંભવે ? કારણ કે ઈહા એ વિમર્શાત્મક તર્કરૂપ અને અનિશ્ચયાત્મક છે. જ્યારે અર્થાવગ્રહ (તમારા મતે) નિશ્ચયાત્મક છે. એક જ વિષયના નિશ્ચય-અનિશ્ચય એક સાથે રહેતા નથી એ પણ વિચારવું રહ્યું. આમ, અર્થાવગ્રહમાં વિશેષગ્રહણ કોઈ રીતે ઘટી શકતું નથી.

### * ક્ષિપ્રાદિ અવગ્રહભેદો તત્ત્વતઃ અપાયના છે *

**પૂર્વપક્ષ :** અવગ્રહના બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર વગેરે બાર ભેદો આવે છે. તેમાં જે જલ્દીથી જણાય તેને ક્ષિપ્ર અવગ્રહ કહ્યો અને જલ્દી ન જણાય તેને અક્ષિપ્ર અવગ્રહ કહ્યો. તેથી સિદ્ધ થાય છે કે અર્થાવગ્રહનો કાળ જેમ એક સમયનો છે તેમ ચિરકાળનો (અસંખ્ય સમયનો) પણ છે. આ જ રીતે અનેક વાજિંત્રો વાગતા હોય ત્યારે 'આ શંખનો ધ્વનિ છે', 'આ વીણાનો ધ્વનિ છે'... એ રીતે પૃથક્ પૃથક્ વાજિંત્રો ના ધ્વનિનું ગ્રહણ કરી શકે તેને 'બહુ અવગ્રહ' કહ્યો છે. એમાં પણ જો તે તે ધ્વનિગત મંદત્વ-તીવ્રત્વાદિ અનેક પર્યાયોને પણ જે જાણી શકે તેને 'બહુવિધ અવગ્રહ' કહ્યો છે. આથી જણાય છે કે અર્થાવગ્રહમાં વિશેષાંશનું ગ્રહણ હોય છે. અરે ! અવગ્રહના વક્ષ્યમાણ બાર ભેદોમાં એક ભેદ છે. 'અસંદિગ્ધ અવગ્રહ'. આના પરથી એ પણ સિદ્ધ થાય છે કે અર્થાવગ્રહ નિશ્ચયાત્મક પણ હોઈ શકે છે તેથી અર્થાવગ્રહમાં સામાન્ય-વિશેષ બન્નેનું ગ્રહણ થઈ શકે છે એ વાત સિદ્ધ થાય છે. 'આ શબ્દ છે' એવો સ્પષ્ટ અર્થાવગ્રહ **શ્રીનંદિસૂત્ર**માં જણાવ્યો પણ છે. તેથી અર્થાવગ્રહ વિશેષજ્ઞાન, નિશ્ચયાત્મકતા, અસંખ્યસમયકાલીનત્વ વગેરેમાં પરસ્પર કોઈ વિરોધ જણાતો નથી.

**ઉત્તરપક્ષ :** તમારી વાત યોગ્ય નથી કારણ કે બહુ-બહુવિધ-ક્ષિપ્રાદિ ભેદો વાસ્તવમાં તો અપાયના જ છે. કારણમાં કાર્યોપચાર કરીને તેને અવગ્રહના ભેદરૂપે જણાવ્યા છે. અવગ્રહાત્મક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अथवा अवग्रहो द्विविधः नैश्चयिकः, व्यावहारिकश्च । आद्यः सामान्यमात्रग्राही, द्वितीयश्च विशेषविषयः तदुत्तरमुत्तरोत्तरधर्माकाङ्क्षारूपेहाप्रवृत्तेः, अन्यथाऽवग्रहं विनेहानुत्थान-प्रसङ्गात् । अत्रैव क्षिप्रेतरादिभेदसङ्गतिः, अत एव चोपर्युपरि ज्ञानप्रवृत्तिरूपसन्तानव्यवहार इति द्रष्टव्यम् ।**

'**अथवा**'इति - प्रथमं नैश्चयिकेऽर्थावग्रहे रूपादिभ्योऽव्यावृत्तमव्यक्तं शब्दादिवस्तुसामान्यं गृहीतं ततस्तस्मिन्नीहिते सति शब्दत्वप्रकारकनिश्चयः 'शब्द एवायमि'त्याकारकोऽपायरूपो भवति। तदनन्तरं तु 'शब्दोऽयं किं शाङ्खः शाङ्र्गो वा' इत्यादिशब्दविशेषविषयिणी पुनरीहा प्रवर्तिष्यते, शाङ्खत्वप्रकारकः 'शाङ्ख एवायं शब्द' इत्यादिशब्दविशेषविषयकोऽपायश्च यो भविष्यति तदपेक्षया प्राक्तननिश्चयोऽपायोऽपि सन्नुपचारादर्थावग्रहो भण्यते। यस्माच्च विशेषात् परतः प्रमातुस्तज्जिज्ञासा विनिवर्तते सोऽन्त्यो विशेषो ज्ञेयः। तमन्त्यं विशेषं यावद् व्यावहारिकार्थावग्रहेहाऽपायार्थं सामान्यविशेषापेक्षा कर्तव्या। **न चैवं** क्रमेण अन्त्यविशेषं यावदीहापायसन्ततेः विच्छिन्नाऽर्थावग्रहकथेति **वाच्यम्,** आद्यस्याव्यक्तस्य सामान्यमात्रगोचर-स्यैकसामयिकस्य ज्ञानस्यार्थावग्रहत्वेऽनपायात्। अयमेव च नैश्चयिको निरुपचरितोऽर्थावग्रहः। व्यावहारिकस्य तस्य तु उत्तरोत्तरेहाऽपायापेक्षया एष्यद्विशेषापेक्षयैव चोपचारनिमित्तभूतयाऽर्थावग्रहत्वमिति फलितार्थः।

કારણમાં નિશ્ચયાત્મક અપાયરૂપ કાર્યને ઉત્પન્ન કરવાની યોગ્યતા છે. આ યોગ્યતાની અપેક્ષાએ અવગ્રહમાં અપાયના સ્વરૂપને ઉપચારથી માની લઈને જ અવગ્રહના ઉક્ત ભેદો બતાવ્યા છે. આવું માનવાનું કારણ એ છે કે સૂત્રમાં અર્થાવગ્રહનો વિષય સામાન્ય છે, વિશેષ નહીં એવું જણાવાયું છે. તેથી જે જ્ઞાનનો વિષય વિશેષ ન હોય તેમાં વિશેષવિષયતા જે બતાવવામાં આવે તેને અતાત્ત્વિક (ઉપચરિત) જ માનવી પડે.

## * નિશ્ચય-વ્યવહારની અપેક્ષાએ અવગ્રહના બે ભેદ *

અથવા, ક્ષિપ્રાદિ વક્ષ્યમાણ ભેદોને ઉપચરિત ન માનતા અવગ્રહના જ અનુપચરિત ભેદરૂપે પણ નયસાપેક્ષ રીતે તેને માની શકાય છે. નિશ્ચય અને વ્યવહારનયની અપેક્ષાએ અવગ્રહ બે પ્રકારના છે. (૧)નૈશ્ચયિક અર્થાવગ્રહ (૨) વ્યાવહારિક અર્થાવગ્રહ. નિશ્ચયનયનો અર્થાવગ્રહ સામાન્યમાત્રગ્રાહી છે એટલે કે તેમાં શબ્દનું જ્ઞાન અવ્યક્ત સામાન્યરૂપે થશે. આ જ્ઞાનમાં શબ્દ, રૂપ-રસાદિથી વ્યાવૃત્તરૂપે જણાતો નથી. ત્યાર પછી 'કાનથી સંભળાયો છે માટે આ શબ્દ જ હોવો જોઈએ' ઇત્યાદિરૂપે ઈહા ઉત્પન્ન થશે. ત્યારબાદ 'આ શબ્દ જ છે ' એવો નિશ્ચયાત્મક બોધ થશે કે જેને અપાય કહેવાય છે. હા, ત્યારબાદ પણ 'આ શંખનો શબ્દ હશે કે વીણાનો ?' ઇત્યાદિ વિશેષવિષયક જિજ્ઞાસારૂપ ઈહા થશે, ત્યારબાદ 'આ અમુકનો જ શબ્દ છે' ઇત્યાદિરૂપે પુનઃ અપાય થશે. હવે અહીં, 'આ શબ્દ છે' એવો જે પ્રથમ અપાય થયો તેની પછી વિશેષ આકાંક્ષારૂપ ઈહા ઉત્પન્ન થતી હોવાથી તે પ્રથમ અપાયજ્ઞાનને વ્યવહારનયની અપેક્ષાએ અર્થાવગ્રહ પણ કહેવાય છે. તાત્પર્ય એ છે કે - જેની પછી ઈહા અને અપાય પ્રવર્તે તથા જે સામાન્યગ્રાહી હોય તેને અર્થાવગ્રહ કહેવાય. હવે પ્રથમ અપાય પછી ફરીથી વિશેષવિષયક ઈહા-અપાય પ્રવર્તે છે અને 'આ શંખનો જ શબ્દ છે'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अवगृहीतविशेषाकाङ्क्षणमीहा, व्यतिरेकधर्मनिराकरणपरोऽन्वयधर्मघटनप्रवृत्तो बोध इति** व्यावहारिकार्थावग्रहाभ्युपगमे सति पाश्चात्येहोत्थानमुत्तरविशेषग्रहणमुपर्युपरिज्ञानप्रवृत्तिरूपसन्तानेन च लोकरूढसामान्यविशेष व्यवहार एतत्सर्वं घटते, नान्यथा। एवं व्याख्यानेऽपि सूत्राविरोध उपपद्यते, *'तेन शब्द इत्यवगृहीतः'* इत्यत्र विवक्षाबलेन विशेषविज्ञानस्य सांव्यवहारिकार्थावग्रहे युज्यमानत्वात्। नवरमुपचरितत्वादस्य, मुख्यमवग्रहत्वं तु पूर्वोक्तस्यैवेति **प्रवचनवृद्धाः**।

**अत्रेदं प्रतिभाति** → व्यञ्जनावग्रहान्त्यसमय एवैकसामयिको नैश्चयिकोऽर्थावग्रह प्रादुर्भवति, स एव च द्वितीयादिसमयादारभ्य व्यावहारिकोऽर्थावग्रहोऽभिधीयते। तयोरपान्तराले समयानवकाशादेव आलोचनज्ञानपूर्वकत्वमर्थावग्रहस्य प्राक् प्रतिषिद्धं ग्रन्थकृता। तत्पूर्वकत्वमर्थावग्रहस्य ग्रन्थान्तरेषु प्रतिपादितमस्ति। तथाहि → *'विषयविषयिसन्निपातानन्तरमुद्भूतसत्तामात्रगोचरदर्शनाज्जातमाद्यमवान्तर-सामान्याकारविशिष्टवस्तुग्रहणमवग्रह इति'* (प्र.न.तत्त्वालोके २/७) *'अव्यक्तं यथास्वमिन्द्रियैर्विषयाणामा-लोचनावधारणमवग्रहः'* इति **(तत्त्वार्थभाष्ये)** *'अक्षार्थयोगे दर्शनानन्तरमर्थग्रहणमर्थावग्रह'* इति **(प्रमाण-मीमांसायम्** १/१/२६) चेत्यादि। यद्यपि एतानि व्यावहारिकार्थवग्रहलक्षणानीति समाधातुं शक्यत एव, तथापि दर्शनपूर्वकत्वमर्थावग्रहस्य यत्तत्रोक्तमस्ति तत्कथं समाधेयमिति **चेत्, अत्रोच्यते,**

---

ઈત્યાકારક દ્વિતીય અપાયની અપેક્ષાએ 'આ શબ્દ જ છે' એવો નિશ્ચયરૂપ પ્રથમ અપાય એ સામાન્યપ્રકાશક જ છે તેથી તેને વ્યવહારથી અર્થાવગ્રહ પણ કહેવાય. (આ રીતે પરસ્પર સાપેક્ષભાવે સામાન્ય અને વિશેષનો વ્યવહાર ત્યાં સુધી ચાલે કે જ્યાં સુધી જ્ઞાતાની જિજ્ઞાસા નિવૃત્ત ન થાય. દા.ત. આ શંખનો શબ્દ દેવદત્તે કર્યો હશે કે યજ્ઞદત્તે ?.... ઈત્યાદિ રૂપે અંતિમ નિશ્ચય જ્યાં થાય તે અંતિમ અપાય.) બહુ-બહુવિધ-ક્ષિપ્ર-અસંદિગ્ધ આદિ અર્થાવગ્રહના જે ભેદો બતાવ્યા છે તે બધા ભેદો આ વ્યાવહારિક અર્થાવગ્રહના જ જાણવા.

ઉત્તરોત્તર કાળમાં એક પછી એક જ્ઞાન જે ઉત્પન્ન થતા જાય છે તે જ્ઞાનપરંપરાને જ્ઞાનસંતાન કહેવાય છે. ઉત્તરોત્તર જ્ઞાનપ્રવૃત્તિરૂપ એવા આ જ્ઞાનસંતાનમાં, ઉત્તર-ઉત્તર જ્ઞાનોની અપેક્ષાએ પૂર્વપૂર્વજ્ઞાનને સામાન્ય કહેવાનો અને પૂર્વ-પૂર્વજ્ઞાનની અપેક્ષાએ ઉત્તર-ઉત્તર જ્ઞાનને વિશેષ કહેવાનો જે આપેક્ષિક સામાન્ય-વિશેષવ્યવહાર થતો દેખાય છે, તે પણ આવો વ્યાવહારિક અવગ્રહ માનવાથી જ સંગત થઈ શકે તેમ છે. જો વ્યાવહારિક અવગ્રહ માનવામાં ન આવે તો પછી પ્રથમ અપાય પછી ફરી વિશેષકાંક્ષારૂપ ઈહા ઉત્પન્ન જ ન થવી જોઈએ અને તેથી ઉત્તરજ્ઞાનીય વિશેષનું અગ્રહણ જ માનવું પડે અને પૂર્વોક્ત લોકપ્રતીત આપેક્ષિક સામાન્ય-વિશેષનો વ્યવહાર જ ઊડી જાય. તેથી વિશેષગ્રાહી (અને ઉત્તરજ્ઞાનની અપેક્ષાએ સામાન્યગ્રાહી) એવો વ્યાવહારિક અર્થાવગ્રહ માનવો જ પડે.

હા, એ વાત ખાસ ધ્યાનમાં રાખવી કે નિશ્ચયનો જે અર્થાવગ્રહ છે તેનો વિષય અવ્યક્ત સામાન્ય જ છે. કારણ કે તેની પૂર્વે કો'ક સામાન્યજ્ઞાન હોત તો તેની અપેક્ષાએ વિશેષજ્ઞાન બની શકત. પરંતુ એવું ન હોવાથી નૈશ્ચયિક અવગ્રહ તો માત્ર અવ્યક્તસામાન્યવિષયક જ છે. તેમજ નૈશ્ચયિક અવગ્રહ એક સમયનો હોય છે. જ્યારે વ્યાવહારિક અર્થાવગ્રહ અસંખ્ય સમયનો હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**यावत्, यथा 'श्रोत्रग्राह्यत्वादिना प्रायोऽनेन शब्देन भवितव्यम्' 'मधुरत्वादिधर्मयुक्तत्वात् शाङ्खादिना' वा इति । न चेयं संशय एव; तस्यैकत्र धर्मिणि विरुद्धनानार्थज्ञानरूपत्वात्,**

नैश्चयिकार्थावग्रहस्य दर्शनरूपत्वस्वीकारात्सर्वं सुस्थं स्यात्। **किञ्च,** ज्ञानस्य साकारोपयोगरूपतया स्वसंविदितत्वमस्ति, दर्शनस्य पुनर्निराकारोपयोगरूपतया न स्वसंविदितत्वम्। नैश्चयिकार्थावग्रहोऽपि निराकार एव सूत्रे प्रतिपादितः। तथा च प्रयोगः - नैश्चयिकार्थावग्रहो दर्शनरूपः उपयोगरूपत्वे सति स्वसंविदितत्वाभावात् यन्नैवं तन्नैवं यथा ज्ञानम्। घटादावतिव्याप्तिवारणार्थं सत्यन्तं हेतुविशेषणम्। निराकारत्वसामान्यमात्रागोचरत्वादिकं सर्वं दर्शनवद् नैश्चयिकार्थावग्रहेऽपि समानमेव। इत्थमेव च **श्रीहेमचन्द्रसूरि**णोक्ता दर्शनस्य अवग्रहपरिणामिकारणताऽपि उपपद्यते। तदुक्तं *'अक्षार्थयोगे सति 'दर्शनम्' = अनुल्लिखितविशेषस्य वस्तुनः प्रतिपत्तिः, तदनन्तरमिति क्रमप्रतिपादनार्थमेतत्। एतेन दर्शनस्यावग्रहं प्रति परिणामितोक्ता'* **(प्र.मी.१/१/२६ वृत्तौ)। न च** कथं दर्शनस्य प्रमाणकोटिबहिर्भावः प्रकृतग्रन्थकारसंदर्शित उपपद्येत, दर्शनस्यावग्रहरूपत्वे तस्य ज्ञानभेदत्वेन प्रमाणकोटिनिविष्टत्वादिति **वाच्यम्,** मत्यंशत्वेऽपि नैश्चयिकार्थावग्रहस्य प्रवृत्तिनिवृत्तिव्यवहाराक्षमत्वादेव न प्रमाणकोटिप्रवेशो। व्यावहारिकार्थावग्रहादारभ्यैव प्रमाणकोटिपरिगणनादिति ब्रूमः। तदेवं नैश्चयिकार्थावग्रहदर्शनयोरवैलक्षण्यं शब्दतोऽसदपि अर्थतः प्रतिभाति। **किञ्च,** विवक्षितवस्त्ववगमारम्भे छद्मस्थानां प्रथमं तावद् दर्शनोपयोग तदनन्तरञ्च ज्ञानोपयोग इत्यागमे प्रसिद्धं तदपि नैश्चयिकार्थावग्रहस्य दर्शनरूपत्वे निर्वहति, नैश्चयिकार्थावग्रहेणैव विवक्षितवस्त्ववगमारम्भात्। केवलं नैश्चयिकार्थावग्रहस्यैकसामयिकत्वं आगमप्रसिद्धं दर्शनस्य पुनरन्तमौहुर्तिकत्वमिति वैलक्षण्यमवशिष्यत इति पर्यालोच्यमिदं पर्युपासितगुरुकुलैः।

**'न चेयं संशय एवे'**ति → **नन्वनिश्चयस्वाभाव्यादीहा** संशयज्ञानान्न भिद्यत इति **चेत्, न,** संशयपूर्वकत्वादीहाया संशयाद् भेदः। अवग्रहेहयोरन्तरालेऽभ्यस्तेऽपि विषये संशयज्ञानमस्त्येव, आशुभावात्तु नोपलक्ष्यत इति पूर्वोत्तरकालभावित्वादनयोः कालकृतो भेदः। एवं स्वरूपकृतोऽपि भेदः समस्ति, संशयस्यैकस्मिन् धर्मिणि विरुद्धनानाधर्मावगाहितया दोलायमानस्वभावत्वाद्, ईहायास्तु सम्भावनाप्रत्ययस्वभावत्वात्। चलितप्रतिपत्तिरूपः संशयः, संशयितस्य प्रमातुरुत्तरकालं विशेषलिप्सायां प्रतिपतनमीहेति

જે અપાય પછી વિશેષધર્મને જાણવા માટે ઈહા અને તદુત્તરવર્તી અપાય થતા હોય તે પ્રથમ અપાય વ્યાવહારિક અર્થાવગ્રહ બને છે. જે અપાય પછી વિશેષવિષયક ઈહા-અપાય ન થાય તેને માત્ર અપાય જ કહેવાય. તે વ્યાવહારિક અર્થાવગ્રહ બની શક્તો નથી એટલું ખાસ સમજી રાખવું. આ રીતે અર્થાવગ્રહનું નિરૂપણ અહીં પૂર્ણ થયું.

## * ઈહાનું નિરૂપણ *

હવે ક્રમપ્રાપ્ત ઈહાનું નિરૂપણ કરે છે. સૌપ્રથમ ઈહાનું લક્ષણ (= સ્વરૂપ) જણાવે છે. શબ્દાદિ જે પદાર્થનો અવગ્રહ થયો હોય તે જ પદાર્થ વિશે વિશેષ આકાંક્ષા થવી તેને 'ઈહા' કહેવાય છે. 'આ કંઈક છે' એવો (નૈશ્ચયિક) અર્થાવગ્રહ થયા પછી 'આ રૂપ હશે ? કે રસ હશે ? કે શબ્દ હશે ? ના, આંખ વગેરેનો વિષય ન બનતા કાનથી સંભળાયો માટે આ શબ્દ હોવો જોઈએ' આવી સંશયપૂર્વકની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अस्याश्च निश्चयाभिमुखत्वेन विलक्षणत्वात् ।**

**ईहितस्य विशेषनिर्णयोऽवायः, यथा 'शब्द एवायम्', 'शाङ्ख एवायमिति वा ।**

सङ्क्षेपः। तदेवं व्यतिरेकधर्मनिराकरणपरोऽन्वयधर्मघटनप्रवृत्तश्चापायाभिमुख एव बोध ईहा दृष्टव्या। **न च** कथं तर्हीहायाः प्रमाणत्वं स्यात्, तस्या अपि निश्चयस्वभावत्वायोगात् तथात्वे चापायेष्वन्तर्भावात्, अनिश्चयस्वभावाया अपि तस्याः प्रमाणत्वे किमपराद्धं संशयेनेति **वाच्यम्**, निश्चयाभिमुखत्वेन तत्र प्रमाणत्वोपचारात्, परमार्थतस्तु तस्या दर्शनभेदत्वेनैव प्रतिपादनात्। तथा चोक्तं **भाष्ये** - नाणमवायधिईओ दंसणमिट्ठं जहोग्गहेहाओ'[1] (**विशे.भा.गा.५३६**) **न चैवं** *'आभिणिबोहियनाणे अट्ठावीसं हवंति पयडीओ'*[2] इत्यादिना प्रतिपादितस्य मतिज्ञानाष्टाविंशतिविधत्वस्य भङ्ग इति **वाच्यम्**, *'यतो मतिज्ञानचक्षुरादिदर्शनयोर्भेदमविवक्षयित्वा तथाप्रतिपादनेऽपि न दोष इति पूज्या व्याचक्षत'* इति **श्रीअभयदेवसूरय (व्याख्याप्रज्ञप्तिविवरणे शतक ८, उद्देशक २, पृ. ३५७)** इत्यलं प्रसङ्गेन।

ईहा च यद्यपि चेष्टोच्यते किन्तु चेतनस्य सेति ज्ञानरूपैवेति युक्तं प्रत्यक्षप्रभेदत्वमस्याः। ईहा-ऊहा-तर्क-परीक्षा-विचारणा-जिज्ञासेत्यनर्थान्तरम्। वक्ष्यमाणतर्कप्रमाणं त्रैकालिकसाध्यसाधनग्रहणपटु, अत एव च तस्य परोक्षप्रमाणत्वं, ईहा तु वार्तमानिकार्थविषया, अत एव चास्याः प्रत्यक्षप्रभेदत्वमिति व्यक्तमनयोर्भेदः।

અને નિશ્ચય તરફ ઢળતી વિશેષવિચારણા તે ઈહા. પછી 'આ શબ્દ જ છે' એવો નિર્ણય તે અપાય. આને વ્યાવહારિક અર્થાવગ્રહ પણ કહેવાય છે. ત્યારબાદ ''આ શંખનો શબ્દ હશે કે ધનુષ્યનો? ના, શબ્દમાં કર્કશતા નથી પણ મધુરતા જણાય છે તેથી આ શંખનો શબ્દ હોવો જોઈએ'' એવી ઈહા, ત્યારબાદ 'આ શંખનો જ શબ્દ છે' એવો અપાય (વ્યાવહારિક અર્થાવગ્રહ) આ રીતે જાણવું.

**શંકા :** તમે ઈહામાં અનિશ્ચયાત્મકતા જણાવો છો તો ઈહાજ્ઞાન અને સંશયજ્ઞાન બન્ને એકરૂપ થઈ ગયા. (અને જે જ્ઞાન સંશયાત્મક હોય તે પ્રમાણ કહેવાતું નથી એવું તમે સ્વયં પ્રમાણની વ્યાખ્યાના અવસરે કહી ગયા છો)

**સમા. :** ઈહા અને સંશય વચ્ચે તફાવત છે. એક જ પદાર્થમાં બે વિરોધી ધર્મો વચ્ચેની દોલાયમાન અવસ્થાને સંશય કહેવાય છે અને એ બેમાંથી સંભવિત જણાતા એક ધર્મના નિશ્ચય તરફ ઢળતી વિચારણાને ઈહા કહેવાય છે. દા.ત. 'આ દોરડું હશે કે સાપ ?' આવી વિચારણા તે સંશય. 'આ દોરડું હશે કે સાપ? કંઈક હલન-ચલન દેખાય છે માટે સાપ હોવો જોઈએ.' આવી વિચારણા તે ઈહા.

(**સ્યાદ્વાદરત્નાકર** ગ્રન્થમાં 'ઈહા એ સંશયપૂર્વક હોય છે' એમ કહીને તે બે વચ્ચે ભેદ જણાવ્યો છે. કારણ કે 'સ્વ' ક્યારે પણ 'સ્વ-પૂર્વક' ન જ હોઈ શકે. ઈહાને સંશયપૂર્વક કહેવાથી જ ફલિત થાય છે કે તે બે વચ્ચે પૂર્વોત્તરભાવ છે. તેથી તે બે વચ્ચે ભેદ સ્પષ્ટ છે.)

*** અપાયનું સ્વરૂપ ***

ઈહા પછી અપાય થાય તેથી હવે યથાક્રમ અપાયનું સ્વરૂપ જણાવે છે. જે પદાર્થના વિશેષધર્મની

१. ज्ञानमपायधृती दर्शनमिष्टं यथावग्रहेहे । २. आभिनिबोधिकज्ञानेऽष्टाविंशतिर्भवन्ति प्रकृतयः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स एव दृढतमावस्थापन्नो धारणा, सा च त्रिविधा अविच्युतिः, स्मृतिर्वासना च । तत्रैकार्थोपयोगसातत्यानिवृत्तिः अविच्युतिः । तस्यैवार्थोपयोगस्य कालान्तरे 'तदेव'**

धारणां लक्षयन्नाह **स एवे**त्यादि → **नन्वपायाविच्युत्योः** कः प्रतिविशेषः समानविषयकत्वादनयोरिति **चेत्, सत्यम्**, समानविषयकत्वेऽपि समस्ति कश्चित् प्रतिविशेषस्तथाहि - व्यावहारिकार्थावग्रहलक्षणप्राच्या-

ઈહા થઈ હોય તે જ પદાર્થના તે વિશેષધર્મનો નિર્ણય થવો તે અપાય (અવાય) દા.ત. 'આ શબ્દ જ છે' એવો નિશ્ચય (આ નૈશ્ચયિક અર્થાવગ્રહ પછીની ઈહા પછીનો અપાય છે.) 'આ શંખનો જ શબ્દ છે' એવો નિશ્ચય (આ વ્યાવહારિક અર્થાવગ્રહ પછીની ઈહા પછીનો અપાય છે.)

### * ધારણાનું સ્વરૂપ *

અપાય દ્વારા નિર્ણીત થયેલા પદાર્થમાં અમુક સમય સુધી નિરંતર ઉપયોગ ચાલુ રહે છે અને પૂર્વે થયેલો અપાય, આ નિરંતર ઉપયોગથી દૃઢ બને છે. અત્યંત દૃઢ અવસ્થાને પામેલા અપાયને જ ધારણા કહેવાય છે. આ ધારણાના ત્રણ પ્રકાર છે. અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસના. જેનો અપાય થયેલો છે તે જ વિષયમાં નિશ્ચયાત્મક ઉપયોગનું સાતત્ય જળવાઈ રહેવું તે અવિચ્યુતિ. પ્રથમ વાર થયેલો નિર્ણય અપાય છે. ત્યારબાદ એ જ વખતે 'હા, બરાબર, સ્થાણું જ છે' વગેરેરૂપે એ ઉપયોગ દોહરાય તે 'અવિચ્યુતિ' છે. આનાથી તે ઉપયોગ દૃઢ થાય છે. જેટલી વાર દોહરાય એટલી વાર એ બધા એક જ વિષયના હોવા છતાં અલગ અલગ ઉપયોગ (ધારાવાહી જ્ઞાન) હોય છે, એક દીર્ઘકાલીન જ્ઞાન નહીં. કાલાંતરે, અન્યપદાર્થનું જ્ઞાન થવું વગેરે કારણે પહેલાના પદાર્થની અવિચ્યુતિ નષ્ટ થાય છે. પણ તેના સંસ્કારો આત્મામાં પડી જાય છે. પછી, તે પહેલાના પદાર્થ વિશેના અર્થોપયોગનું આવારક જે કર્મ હતું તેનો ક્ષયોપશમ આત્મામાં પ્રગટે છે જેના દ્વારા ભવિષ્યમાં ક્યારેક ઈન્દ્રિયવ્યાપારાદિ સામગ્રીથી પુનઃ તે જ અર્થોપયોગ સ્મૃતિરૂપે પ્રગટ થાય (અર્થાત્, તે જ પદાર્થની સ્મૃતિ થાય.) આ ક્ષયોપશમરૂપવાસના (સંસ્કાર)થી થતી સ્મૃતિ એ ધારણાનો બીજો ભેદ છે. અપાયથી આત્મામાં પડી જતા સંસ્કાર, કે જે કાલાંતરે ઉદ્‌બોધક મળતા જાગ્રત થઈને સ્મૃતિરૂપ કાર્યને ઉત્પન્ન કરે છે તે સંસ્કારોને વાસના કહેવાય છે. આ ધારણાનો ત્રીજો ભેદ છે. (અહીં એક વાત સમજી રાખવી કે સંસ્કારથી સ્મૃતિ ઉત્પન્ન થતી હોવાથી જેમ સંસ્કાર એ સ્મૃતિનું કારણ છે તેમ સ્મૃતિ દ્વારા તે જ વિષયના પાછા નવા સંસ્કાર પણ ઉત્પન્ન થાય છે કે જે ભવિષ્યમાં પુનઃ સ્મૃતિ ઉત્પન્ન કરશે. આ રીતે સંસ્કાર એ સ્મૃતિનું કાર્ય પણ છે.)

**શંકા :** મતિજ્ઞાનના નિરૂપણની શરૂઆતમાં તમે તેના અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એમ ચાર ભેદો જણાવેલા જ્યારે તમે તો વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા, અપાય, અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસના એમ કુલ સાત ભેદોની પ્રરૂપણા કરી તેથી પૂર્વોક્ત વિભાગનો વ્યાઘાત થશે.

**સમા. :** વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ એ બન્નેમાં અવગ્રહત્વ નામનો અનુગત ધર્મ રહ્યો છે અને અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસનામાં ધારણાત્વ નામનો અનુગત ધર્મ રહ્યો છે. આ અનુગત ધર્મ (=સામાન્ય) દ્વારા તેના અવાન્તર વિશેષોને એક સાંકળે બાંધી શકાય છે. જેમ કે ઘટના રક્તઘટ, નીલઘટ વગેરે અનેક ભેદો હોવા છતાં પણ તે બધામાં રહેલા ઘટત્વ નામના અનુગત ધર્મ દ્વારા બધા ઘટને આવરી શકાય છે. પ્રસ્તુતમાં અવગ્રહત્વરૂપે વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ એ બન્નેનું ગ્રહણ કર્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इत्युल्लेखेन समुन्मीलनं स्मृतिः । अपायाहितः स्मृतिहेतुः संस्कारो वासना । द्वयोरवग्रहयोरवग्रहत्वेन च तिसृणां धारणानां धारणात्वेनोपग्रहान्न विभागव्याघातः ।**

**केचित्तु - अपनयनमपायः, धरणं च धारणेति व्युत्पत्त्यर्थमात्रानुसारिणः 'असद्भूतार्थ-**

---

पायानन्तरं विशेषजिज्ञासालक्षणेहा प्रवर्तते, अविच्युतावेवं नास्ति तस्यैवार्थोपयोगस्यान्तर्मुहूर्तं यावदनुवृत्तेरेवाविच्युतिपदार्थत्वादिति। अपाये विशेषजिज्ञासानिवृत्तिवैशिष्ट्यं न सम्भवति, अविच्युतौ च सम्भवतीति व्यक्तमनयोर्भेदः।

वासनां लक्षयति '**अपायाहित**' इत्यादिना → **अपायाहितः** = अविच्युतिसहकृतेनापायेनाहित इत्यर्थः, न ह्यवायमात्रादविच्युतिरहितात् स्मृतिर्भवति, गच्छत्तृणस्पर्शप्रायाणामपायानां परिशीलनविकलानां स्मृतिजनकत्वादर्शनात्। **स्मृतिहेतुः** = अतीतानुसन्धानरूपायाः स्मृतेर्हेतुः। **अयम्भावः** शुभक्रियाजन्यादृष्ट-

---

છે તેથી પૂર્વોક્ત વિભાગનો વ્યાઘાત થતો નથી.

*** અપાય-ધારણાનો વ્યુત્પત્તિલભ્યઅર્થ માનનારા મતનો નિરાસ ***

**પૂર્વપક્ષ :** વસ્તુના અસંભવિત વિશેષધર્મનો નિષેધ કરવો તેને અપાય કહેવાય અને સંભવિત વિશેષધર્મનું અવધારણ કરવું તેને ધારણા કહેવાય. દા.ત. 'આ પુરુષ નથી' એવા નિષેધને અપાય કહેવાય અને 'આ સ્થાણું જ છે' એવા અવધારણને ધારણા કહેવાય. અપાય અને ધારણા શબ્દ જ સૂચવે છે કે अपनयनं = निषेधनं = अपायः અને अवधारणं = धारणा.

**ઉત્તરપક્ષ :** તમે તો એમ કહેવા માંગો છો કે નિષેધમુખે જે નિર્ણય થાય તેને અપાય કહેવાય અને વિધિમુખે જે નિર્ણય થાય તેને ધારણા કહેવાય. પણ તમારી આ માન્યતા યોગ્ય નથી. કારણ કે વસ્તુનિર્ણય ત્રણ રીતે થઈ શકે છે. (૧) કેટલાકને વિવક્ષિત વસ્તુથી અન્ય એવા કોઈ પદાર્થના વ્યતિરેક માત્રથી વિવક્ષિત વસ્તુનો નિર્ણય થાય. દા.ત. અહીં પુરુષના હલન-ચલનાદિ ધર્મો દેખાતા નથી માટે આ સ્થાણું છે. (૨) કેટલાકને વિવક્ષિત વસ્તુનો કેવલ અન્વયથી નિર્ણય થાય, દા.ત. અહીં સ્થાણુના સ્થિરત્વાદિ ધર્મો દેખાય છે માટે આ સ્થાણું છે. (૩) કેટલાકને વિવક્ષિતવસ્તુનો અન્વય અને તદન્યનો વ્યતિરેક, આ ઉભયથી નિર્ણય થાય. દા.ત. અહીં પુરુષના હલન-ચલનાદિ ધર્મો દેખાતા નથી અને સ્થાણુના સ્થિરત્વાદિ ધર્મો દેખાય છે માટે આ સ્થાણું છે. આના પરથી જણાય છે કે 'આ સ્થાણું છે' એવો નિર્ણય ઉક્ત ત્રણમાંથી કોઈ પણ રીતે થઈ શકે છે તેમ છતાં પણ એક વાત નિશ્ચિત છે કે ત્રણમાંથી અન્યતમ રીતે થતા નિર્ણયમાં નિશ્ચયત્વ તો એકસરખું જ રહ્યું છે. તેમ છતાં જો નિષેધમુખે થતા નિર્ણયને અપાય અને વિધિમુખે થતા નિર્ણયને ધારણા કહેવાય એવું જ માનશો તો તમારે મતિજ્ઞાનના ચાર ને બદલે પાંચ ભેદ માનવાની આપત્તિ આવશે. અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા આ ચાર ભેદો તો સ્પષ્ટ છે જ. અવિચ્યુતિ જો અન્વયધર્મના અવધારણરૂપ હશે તો તેનો સમાવેશ સ્વસમાનકાલભાવી ધારણામાં થશે અને અવિચ્યુતિ જો વ્યતિરેકધર્મના અવધારણરૂપ હશે તો તેનો સમાવેશ સ્વસમાનકાલભાવી અપાયમાં થશે. વાસના (સંસ્કાર)નો સમાવેશ સ્મૃતિમાં થશે પણ બિચારી સ્મૃતિ અદ્ધર લટકતી રહેશે. તેનો સમાવેશ આમાંથી ક્યાંય થશે નહીં કારણ કે તમે તો 'આ સ્થાણું છે' એવા નિર્ણયને ધારણા અને 'આ પુરુષ નથી' એવા નિર્ણયને અપાય કહો છો પરંતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विशेषव्यतिरेकावधारणमपायः, सद्भूतार्थविशेषावधारणं च धारणा' इत्याहुः, तन्न; क्वचित्तदन्वयव्यतिरेकपरामर्शात्, क्वचिदन्वयधर्मसमनुगमात्, क्वचिच्चोभाभ्यामपि भवतोऽपायस्य निश्चयैकरूपेण भेदाभावात्, अन्यथा स्मृतेराधिक्येन मतेः पञ्चभेदत्वप्रसङ्गात् । अथ नास्त्येव भवदभिमता धारणेति भेदचतुष्टयव्याघातः; तथाहि-उपयोगोपरमे का नाम धारणा ? उपयोगसातत्यलक्षणा अविच्युतिश्चापायान्नातिरिच्यते । या च घटाद्युपयोगोपरमे सङ्ख्येयमसङ्ख्येयं वा कालं वासनाऽभ्युपगम्यते, या च 'तदेव' इतिलक्षणा स्मृतिः सा मत्यंशरूपा धारणा न भवति मत्युपयोगस्य प्रागेवोपरतत्वात्, कालान्तरे जायमानोपयोगेऽप्यन्वयमुख्यां धारणायां**

---

સ્મૃતિનો આકાર તો આ બધા કરતા વિલક્ષણ હોય છે. 'તે સ્થાણું હતું' આવો આકાર ઉક્ત બન્ને આકારો કરતા જુદો છે કારણ કે 'આ' અને 'તે' ના સ્વરૂપમાં ભેદ સ્પષ્ટ છે. તેથી અનન્યગતિકતયા તમારે સ્મૃતિને મતિજ્ઞાનના પાંચમા ભેદરૂપ માનવી પડશે. આથી ઉક્ત ભેદસંખ્યાનો વ્યાઘાત થશે.

**પૂર્વપક્ષ :** વ્યતિરેકમુખે થતો નિર્ણય તે અપાય અને અન્વયમુખે થતો નિર્ણય તે ધારણા એવી અમારી વાત માનો તો જ મતિજ્ઞાનના ચાર ભેદ સંગત ઠરશે. બાકી તમારી માન્યતા પ્રમાણે તો મતિજ્ઞાનના અવગ્રહ, ઈહા અને અપાય એ ત્રણ જ ભેદ ઘટી શકશે. ધારણા તો ઊડી જ જશે. અપાય પછી થતી ધારણાના જે ત્રણ ભેદ માનો છો તેમાંથી એક અપાયમાં અંતર્ભૂત થશે અને શેષ બે અઘટમાન બનશે. જુઓ, નિરંતર ઉપયોગરૂપ જે અવિચ્યુતિ છે તે તો અપાય જ છે કારણ કે અપાયની જેમ તે પણ નિશ્ચયાત્મક જ છે. અને કદાચ તે નિશ્ચયાત્મક અપાય વારંવાર થાય તો એટલા માત્રથી કાંઈ તેનું સ્વરૂપ બદલાઈ જતું નથી. કાળભેદે એક જ નિશ્ચય અનેકવાર થઈ શકે છે. તેથી અવિચ્યુતિ તો અપાયમાં જ સમાવિષ્ટ થઈ જશે.

અપાયથી સંસ્કાર ઉત્પન્ન થાય છે કે જે અપાય નષ્ટ થયા પછી પણ ઘણા કાળ સુધી આત્મામાં પડ્યા રહે છે. આ જ સંસ્કારને તમે વાસના નામની ધારણા કહો છો. પરંતુ, વાસના મતિજ્ઞાનના અંશરૂપ ધારણા બની શકે નહીં કારણ કે મતિજ્ઞાન તો અનુભવજ્ઞાનાત્મક છે જ્યારે વાસના એવી નથી. વળી, જ્યારે મતિજ્ઞાનના અંશરૂપ ધારણા વિદ્યમાન ન હોય ત્યારે ય વાસના તો વિદ્યમાન હોય છે. જે વર્તમાન હોય તે અતીતવસ્તુના અંશરૂપ શી રીતે હોઈ શકે ? હા, કાલાંતરે પાછો તે જ વિષયનો ઉપયોગ ઊભો થાય અને તે જો અન્વયમુખે થયો હોય તો તેને અમે ધારણા કહીશું પણ તમે તો તેને અપાયમાં જ ભેગું સાંકળી લો છો તેથી તમારા મતે ધારણા રહેતી જ નથી. ઉપયોગકાળે અન્વયમુખે થતા નિશ્ચયને ધારણારૂપે તમે સ્વીકારતા નથી (કારણ કે તમે તેને પણ અપાય જ કહો છો) અને ઉપયોગ નષ્ટ થયા બાદ તો મતિના અંશરૂપ ધારણા ઉક્ત રીતે ઘટી શકતી નથી. તેથી તમારે મતિજ્ઞાનના અવગ્રહ-ઈહા-અપાય એ રીતે ત્રણ જ ભેદ માનવાના રહેશે. ધારણારૂપ ચોથો પ્રકાર જે આગમોમાં બતાવ્યો છે, તે ન ઘટવાથી તમારે આગમવિરોધદોષ આવશે.

**ઉત્તરપક્ષ :** તમારી વાત બરાબર નથી. કારણ કે અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસના એ ત્રણે ભેદો અપાયથી ભિન્ન છે એ વાત અમે સાબિત કરી શકવા સમર્થ છીએ. જુઓ - (૧) અપાય (વસ્તુનિશ્ચય) થઈ ગયા પછી પણ ''હા, બરાબર છે, આ ઘટ જ છે''... ઈત્યાદિરૂપે અપાય જ્ઞાનની ધારા અંતર્મુહૂર્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स्मृत्यन्तर्भावादिति चेत्; न; अपायप्रवृत्त्यनन्तरं क्वचिदन्तर्मुहूर्तं यावदपायधाराप्रवृत्तिदर्शनादविच्युतेः, पूर्वापरदर्शनानुसन्धानस्य 'तदेवेदमिति स्मृत्याख्यस्य प्राच्यापायपरिणामस्य, तदाधायकसंस्कारलक्षणाया वासनायाश्च अपायाभ्यधिकत्वात् ।**

**नन्वविच्युतिस्मृतिलक्षणौ ज्ञानभेदौ गृहीतग्राहित्वान्न प्रमाणम्; संस्कारश्च किं स्मृतिर्ज्ञानावरणक्षयोपशमो वा, तज्ज्ञानजननशक्तिर्वा, तद्वस्तुविकल्पो वेति त्रयी गतिः ? तत्राद्यपक्षद्वयमयुक्तम्; ज्ञानरूपत्वाभावात् तद्भेदानां चेह विचार्यत्वात् । तृतीयपक्षोऽप्ययुक्त एव; सङ्ख्येयमसङ्ख्येयं वा कालं वासनाया इष्टत्वात्, एतावन्तं च कालं वस्तुविकल्पायोगादिति न कापि धारणा घटत इति चेत्; न; स्पष्टस्पष्टतरस्पष्टतमग्राहित्वाच्च स्मृतेः अगृहीतग्राहित्वात्,**

---

સુધી ચાલે છે તેને જ અમે અવિચ્યુતિ કહીએ છીએ. અપાય કરતા આ અવિચ્યુતિ જુદી એ રીતે પડી શકે છે કે અપાયમાં ઉત્તરોત્તર વિશેષની જિજ્ઞાસા સંભવે છે (અને તેથી જ તો તે અપાય વ્યવહારથી અર્થાવગ્રહરૂપ બને છે) જ્યારે અવિચ્યુતિમાં તે જ નિશ્ચય દઢ થયા કરે છે, તેમાં ઉત્તરવર્તિ વિશેષની જિજ્ઞાસા હોતી નથી. આવો ભેદ પ્રસ્તુત ગ્રન્થકારે જ **જ્ઞાનબિન્દુ** નામના ગ્રન્થમાં બતાવ્યો છે. (૨) આ જ રીતે સ્મૃતિ પણ પૂર્વના અપાય કરતા ભિન્ન છે. કારણ કે પૂર્વે થઈ ગયેલા અપાયકાળે તો સ્મૃતિ હતી જ નહીં અને પછી કાલાંતરે થનાર અપાયજ્ઞાન પણ નિશ્ચાયક માત્ર જ બની શકે છે પણ તેમાં 'એ જ ઘડો', 'આ તે જ ઘડો છે' ઇત્યાદિ રૂપે પૂર્વાપર અનુસન્ધાન હોતું નથી, તે તો સ્મૃતિથી જ થાય છે. તેથી સ્મૃતિ પણ અપાય કરતા અધિક છે. (અહીં 'प्राच्यापायपरिणामस्य' પદ દ્વારા ગ્રન્થકારે સ્પષ્ટતા કરી છે કે અપાય એ સ્મૃતિનું પરિણામી કારણ છે. અર્થાત્, અપાયજ્ઞાન સંસ્કારરૂપે આત્મામાં સંખ્યાત-અસંખ્યાત-કાળ સુધી અકબંધ રહીને સામગ્રીવશાત્ કાલાંતરે સ્મૃતિરૂપે ઉત્પન્ન થાય છે.) (૩) માત્ર અપાયથી સ્મૃતિ ન થઈ શકે. અપાય દ્વારા આત્મામાં તદ્વિષયક સંસ્કાર પડ્યા હોય તો જ સ્મૃતિ થઈ શકે, અને સંસ્કાર (વાસના) અપાયની દઢતાને અવલંબિત છે. અવિચ્યુતિથી સંસ્કાર પડે, માત્ર અપાયથી નહીં. તેથી સંસ્કાર એ અપાય કરતા ભિન્ન છે એ પણ સિદ્ધ થાય છે.

**પૂર્વપક્ષ :** ધારણાના ઉક્ત ત્રણે ભેદો પ્રમાણ તરીકે સ્વીકારી શકાય તેમ નથી કારણ કે અવિચ્યુતિ અને સ્મૃતિ તો ગૃહીતગ્રાહી હોવાથી પ્રમાણ નથી. જે અગૃહીતગ્રાહિ હોય તે પ્રમાણ કહેવાય. વળી, સંસ્કાર કોને કહેશો ? સ્મૃતિજ્ઞાનાવરણના ક્ષયોપશમને, સ્મૃતિજ્ઞાન ઉત્પન્ન કરવાની શક્તિને કે પછી તે વસ્તુવિષયક વિકલ્પને ? આ ત્રણ વિકલ્પો છે. એમાંથી પહેલા બે વિકલ્પ તો બરાબર નથી. કારણ કે તે બન્ને જ્ઞાનરૂપ નથી અને અહીં તો જ્ઞાનના ભેદની વિચારણા ચાલે છે. ત્રીજો પક્ષ પણ બરાબર નથી કારણ કે સંસ્કાર (વાસના) તો સંખ્યાત-અસંખ્યાતકાળ સુધી ઈષ્ટ છે. જ્યારે કોઈ વસ્તુવિષયક વિકલ્પ એટલો બધો કાળ ટકી શકે નહીં. તેથી ધારણાનો એકેય વિકલ્પ ઘટતો નથી. તેથી તમારા મતે મતિજ્ઞાનના ત્રણ ભેદ જ રહે છે.

**ઉત્તરપક્ષ :** તમારી વાતનું મૂળ જ ખોટું છે. કોણે કીધું કે અવિચ્યુતિ અને સ્મૃતિ ગૃહીતગ્રાહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स्मृतिज्ञानावरणकर्मक्षयोपशमरूपायास्तद्विज्ञानजननशक्तिरूपायाश्च वासनायाः स्वयमज्ञानरूपत्वेऽपि कारणे कार्योपचारेण ज्ञानभेदाभिधानाविरोधादिति ।**

**एते चावग्रहादयो नोत्क्रमव्यतिक्रमाभ्यां न्यूनत्वेन चोत्पद्यन्ते, ज्ञेयस्येत्थमेव ज्ञानजननस्वाभाव्यात् । क्वचिदभ्यस्तेऽपायमात्रस्य दृढवासने विषये स्मृतिमात्रस्य चोपलक्षणेऽप्युत्पलपत्रशतव्यतिभेद इव सौक्ष्म्यादवग्रहादिक्रमानुपलक्षणात् । तदेवमर्थावग्रहादयो मनइन्द्रियैः**

---

द्वारैव यथा स्वर्गावाप्तिस्तथैव अनुभवजन्यसंस्कारद्वारैव स्मृत्युत्पादः। संस्कारस्य द्वारत्वकल्पनया न काचिदनुपपत्तिः। **इत्थञ्च** वक्ष्यमाणस्मृतिप्रमाणलक्षणं 'अनुभवमात्रजन्यज्ञानमि'त्यप्युपपद्यते।

**नन्वे**तेऽवग्रहादय उत्क्रमेण व्यतिक्रमेण वा किमिति न भवन्ति, यद्वा, ईहादयस्त्रयो द्वौ एको वा किं नाभ्युपेयन्ते, यावत् सर्वेऽप्यभ्युपेयन्त इत्याशङ्कायामाह **'एते चे'**त्यादि → तत्र पश्चानुपूर्व्या भवनमुत्क्रमः, अनानुपूर्व्या भवनं व्यतिक्रमः। एताभ्यामुत्क्रमव्यतिक्रमाभ्यां तावदवग्रहादिभिर्वस्तुस्वरूपं नावगम्यते। तथा एषां मध्ये एकस्याप्यन्यतमस्य वैकल्ये न वस्तुस्वभावबोधस्ततः सर्वेऽप्यमी एष्टव्याः, न त्वेको द्वौ त्रयो वेति। ज्ञेयस्यापि शब्दादेः स्वभावस्तथैव व्यवस्थितो यदुत सर्वैरमीभिः परस्परभिन्नैरसमकालैरुत्क्रमातिक्रमरहितैश्च सम्पूर्णैर्यथावस्थितोऽवगम्यतेऽतो ज्ञेयवशेनाप्येते यथोक्तरूपा एव भवन्ति।

क्रमोऽप्यमीषामयमेव **तथाहि** → यदेव विषयविषयिसन्निपातदशायां सन्मात्रमालोचितं तदेव वर्णसंस्थानादिसामान्याकारेण पश्चादवगृहीतं सदनन्तरमनिर्धारितरूपतया संशयितं पुनः प्रतिनियतविशेषाकारेणेहितं तदनु तदेवाकाङ्क्षितविशेषाकारेणावेतं पुनर्दृढतमावस्थापन्नावायरूपतया धारितमित्यविवादं सर्वैरप्यनुभूयते।

---

છે ? સળંગ ચાલતી અપાયધારાને અવિચ્યુતિ કહેવાય છે. જેમ જેમ અપાયધારા આગળ ચાલે તેમ તેમ વસ્તુની પ્રતીતિ સ્પષ્ટ-સ્પષ્ટતર-સ્પષ્ટતમ થતી જાય. અર્થાત્, તે પ્રતીતિ ક્રમશઃ સ્પષ્ટધર્મક, સ્પષ્ટતરધર્મક, સ્પષ્ટતમધર્મક થતી જાય. આ પ્રતીતિથી ઊભા થતા સંસ્કાર (વાસના) પણ ક્રમશઃ સ્પષ્ટધર્મક, સ્પષ્ટતરધર્મક, સ્પષ્ટતમધર્મક હોય છે તેથી ભિન્નધર્મવાળા સંસ્કારોની ઉત્પાદક હોવાથી અવિચ્યુતિ એ અપાયથી ભિન્ન છે. પ્રથમપ્રવૃત્ત અપાય દ્વારા પૂર્વકાલવિશિષ્ટવસ્તુનું ગ્રહણ થાય છે. જ્યારે બીજી વારના અપાયથી અન્યકાળવિશિષ્ટ વસ્તુનું ગ્રહણ થાય છે. અર્થાત્, પૂર્વાનુભૂત વસ્તુ અને સ્મર્યમાણ વસ્તુ વચ્ચેનું એકત્વ તો પૂર્વે જણાયું નહોતું જ, તેનું ગ્રહણ તો સ્મૃતિ દ્વારા જ થાય છે. તેથી સ્મૃતિમાં પણ અગૃહીતગ્રાહિત્વ ઘટે છે. હવે રહી સંસ્કારની વાત. તે સ્મૃતિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમ રૂપ છે અથવા તો સ્મરણાત્મક જ્ઞાન ઉત્પન્ન કરવાની શક્તિરૂપ છે એટલે કે તમે દર્શાવેલા ત્રણ વિકલ્પોમાંથી પહેલા અથવા બીજા વિકલ્પને અમે સ્વીકારીએ છીએ. આવી વાસના સ્વયં ભલે જ્ઞાનરૂપ નથી. તેમ છતાં, સ્મૃતિરૂપ કાર્યનું કારણ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને વાસનાને જ્ઞાનનો ભેદ કહેવામાં કોઈ વિરોધ નથી.

### * અવગ્રહાદિના ક્રમનું નિરૂપણ *

આ અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એ ચારે ય સ્વપૂર્વ-પૂર્વના કારણ હોવાથી તેઓ આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**षोढा भिद्यमाना व्यञ्जनावग्रहचतुर्भेदैः सहाष्टाविंशतिर्मतिभेदा भवन्ति । अथवा बहु-बहुविध-क्षिप्रा-ऽनिश्रित-निश्चित-ध्रुवैः सप्रतिपक्षैर्द्वादशभिर्भेदैर्भिन्नानामेतेषां षट्त्रिंशदधिकानि त्रीणि शतानि भवन्ति । बह्वादयश्च भेदा विषयापेक्षाः; तथाहि-कश्चित् नानाशब्दसमूहमाकर्णितं बहुं जानाति-'एतावन्तोऽत्र शङ्खशब्दा एतावन्तश्च पटहादिशब्दा' इति पृथगभिन्नजातीयं क्षयोपशमविशेषात् परिच्छिनत्तीत्यर्थः । अन्यस्त्वल्पक्षयोपशमत्वात् तत्समानदेशोऽप्यबहुम् । अपरस्तु क्षयोपशमवैचित्र्याद् बहुविधम्, एकैकस्यापि शङ्खादिशब्दस्य स्निग्धत्वादिबहुधर्मान्वितत्वेनाप्याकलनात् । परस्त्वबहुविधम्, स्निग्धत्वादिस्वल्पधर्मान्वितत्वेनाकलनात् । अन्यस्तु**

क्रमेऽस्मिन्ननङ्गीकृते वस्त्ववगमाभाव एव प्राप्नोति। यतो नावगृहीतं वस्त्वीह्यते, ईहाया विचाररूपत्वादगृहीते च वस्तुनि निरास्पदत्वेन विचारायोगादित्यादावग्रहं निर्दिश्य पश्चादीहा निर्दिष्टा। न चानीहितं निश्चीयते, निश्चयस्य विचारपूर्वकत्वादिति प्रागपायादीहा निर्दिष्टा। न चापायविषयतामनीतं धार्यते, वस्तुधारणाया अर्थावधारणरूपत्वात्, तस्य च निश्चयमन्तरेणायोगादिति धारणादावपायः। ततश्च न्याय्य एष क्रम इति स्थितम्। यदुक्तं **भाष्ये** *"ईहिज्जइ नाऽगहियं, नज्जइ नाणीहियं न याऽनायं, धारिज्जइ जं वत्थु तेण क्कमोऽवग्गहाइ उ"*[१] **(विशे.भा.२९६)** लोकानुभवोऽपि तथैवेति युक्त्या श्रुत्याऽनुभूत्या चैष क्रमो न्याय्य इति सम्यक् स्थितम्। क्वचित्क्रमस्य सतोऽप्यनुपलक्षणमेषामाशूत्पादादुत्पलशतपत्रव्यतिभेदक्रमवत्। अनेनैव क्रमेणात्मनो दर्शनज्ञानावरणादेः क्षयोपशमोऽपि प्रादुर्भवति, अतोऽपि युक्त उक्तक्रमः। यथाक्रमाविर्भूतनिजकारणजन्यत्वादवग्रहादयोऽपि तथाक्रमोपेताः स्थासकोशकुशूलादिवदिति भावः। **इदमत्रावधातव्यम् →** तत्तद्द्रव्यक्षेत्रकालभावापेक्षविचित्र-तत्तत्क्षयोपशमवशात् कदाचिदालोचनमात्रं सामान्यगोचरं, कदाचिदर्थावग्रहोऽपि अवान्तरसामान्यविषयः, कदाचित्संशयोऽपि, कदाचिदीहापर्यन्तं, क्वचिदपायान्तः, कदाचित्तु धारणापर्यन्ताः सर्वेऽप्येते समुन्मीलन्तीति विशेषः। इत्थञ्चावग्रहादीनां क्रमसिद्धौ एकजीवद्रव्याविष्वग्भावेनैकत्वेऽपि परिणामविशेषात्

જ ક્રમથી ઉત્પન્ન થાય છે. તેમાં ઉત્ક્રમ (=પશ્ચાનુપુર્વી) કે વ્યતિક્રમ (=અનાનુપૂર્વી) થતા નથી ! એટલે કે ધારણા-અપાય-ઈહા-અવગ્રહ એવા ઊંધા ક્રમથી કે પછી ઈહા-અવગ્રહ-ધારણા-અપાય અથવા, અવગ્રહ, અપાય-ઈહા-ધારણા વગેરે રૂપ આડા અવળા ક્રમથી પણ તે ઉત્પન્ન થતા નથી. તદુપરાંત તેમાં ન્યૂનતા પણ હોતી નથી. એટલે કે ક્યારેક અવગ્રહ પછી ઈહા વગર સીધો અપાય જ ઉત્પન્ન થાય. આ રીતે ન્યૂનતા પણ હોતી નથી. (હા, અપેક્ષિત ક્ષયોપશમ ન હોય તો અપાય સુધી ન પહોંચાય એવું બને, ક્યારેક અવગ્રહ થયા પછી તરત વિક્ષેપ (=વિષયાંતરસંચાર) થતા ઈહા વગેરે થાય જ નહીં એવું પણ બને, પણ ધારણા સુધી પહોંચવામાં તો યથાક્રમ અવગ્રહાદિ ચારે ય જ્ઞાન થાય જ. તેમાં કોઈ 'શોર્ટકટ' હોતો નથી. આવું તાત્પર્ય 'न्यूनत्वेन' પદનું છે.)

**શંકા :** અનેકવાર જાણવાના કારણે અભ્યસ્ત (=ચિરપરિચિત) બની ગયેલા પદાર્થોને વિશે તો

१. ईह्यते नागृहीतं ज्ञायते नानीहितं न चाज्ञातम्, धार्यते यद्वस्तु तेन क्रमोऽवग्रहादिस्तु ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**क्षिप्रम्, शीघ्रमेव परिच्छेदात् । इतरस्त्वक्षिप्रम्, चिरविमर्शेनाकलनात् । परस्त्वनिश्रितम्, लिङ्गं विना स्वरूपत एव परिच्छेदात् । अपरस्तु निश्रितम्, लिङ्गनिश्रयाऽऽकलनात् । कश्चित्तु निश्चितम्, विरुद्धधर्मानालिङ्गितत्वेनावगतेः । इतरस्त्वनिश्चितम्, विरुद्धधर्माङ्कितत्तयावगमात् ।**

कथञ्चिद् भेदोऽपि सुघट एव। अत्र प्रयोगस्त्वेवम्-अवग्रहादयः कथञ्चिद्भेदभाजः क्रमभावित्वात्, असङ्कीर्णस्वभावत्वात्, अपूर्वापूर्ववस्तुपर्यायप्रकाशकत्वादिति भेदसिद्धिः।

'**अनिश्रितमि**'ति यद्यपि निश्रितभेदसञ्ज्ञानन्तरमनिश्रितभेदः सप्रतिपक्षैरितिपदेन सूपपादस्तथाप्यत्र व्यत्ययोऽनिश्रितभेदस्याभ्यर्हितत्वकृतो ज्ञेयः।

સીધો જ અપાય ઉત્પન્ન થતો જણાય છે. દા.ત. 'આ મારા પિતાજી છે કે અન્ય કોઈ ? લાગે છે તો પિતાજી' આવી ઈહા કાંઈ દરેક વખતે થતી જણાતી નથી. સીધો જ અપાય થતો હોય તેમ લાગે છે. આ જ રીતે જે વિષયના દૃઢ સંસ્કારો પડેલા હોય તેવા વિષયને લીધે અવગ્રહાદિ વિના સીધી જ સ્મૃતિરૂપ ધારણા ઉત્પન્ન થતી દેખાય છે. અને માટે તો 'જોતાની સાથે જ ઓળખી ગયો.' વગેરે લોકવ્યવહાર પણ થાય છે. તો શું આવા અનુભવનો અપલાપ કરશો ?"

**સમા. :** ના, અનુભવનો અપલાપ કરવાની જરૂર નથી. આવા અભ્યસ્ત વિષયમાં પણ અવગ્રહાદિના ક્રમથી જ અપાય કે સ્મૃતિ ઉત્પન્ન થતી હોય છે. અભ્યસ્તદશા, અતિશીઘ્રતા વગેરે કારણે તે ક્રમથી ઉત્પત્તિ થતી હોવા છતાં તે રીતે જણાતી નથી અને જાણે કે સીધો જ નિર્ણય થઈ ગયો હોય એમ લાગે છે. જેમ કમળની સો પાંદડીને કોઈ વીંધે તો ત્યાં નજરે તો બધી પાંદડી જાણે કે એક સાથે વીંધાતી જણાય છે પણ 'ક્રમશઃ વીંધાય છે' એમ જણાતું નથી. તેમ છતાં પણ પ્રત્યેક પાંદડી ક્રમશઃ જ વીંધાઈ હોય છે અને તેવું માન્ય પણ કરીએ જ છીએ. એ જ રીતે અવગ્રહાદિ જ્ઞાન, ક્રમથી જ ઉત્પન્ન થતા હોવા છતાં પણ અભ્યસ્તદશા, અતિશીઘ્રતા સૂક્ષ્મકાલીનતા હોવાથી બહુ જ ઝડપથી થઈ જાય છે અને માટે તે થતા હોય તેવું જણાતું નથી. જાણે કે સીધો જ અપાય થયો હોય તેવું જણાય. તેથી ઉક્ત લોકવ્યવહાર ઔપચારિક અથવા શીઘ્રતાપરક જાણવો. આવી જ રીતે સ્મૃતિ પણ અવગ્રહાદિના ક્રમથી જ થાય છે.

### * મતિજ્ઞાનના ૨૮ તથા ૩૩૬ પ્રભેદો *

આ રીતે પાંચ ઈન્દ્રિયો + મન, એમ કુલ છ દ્વારા ભેદ પાડીને અર્થાવગ્રહ, ઈહા, અપાય અને ધારણા છ-છ પ્રકારના છે. તેથી ૬ x ૪ = ૨૪ ભેદ થયા. વળી, વ્યંજનાવગ્રહ તો ચક્ષુ, મન સિવાયની ઈન્દ્રિયનો જ હોય છે. તેથી તેના માત્ર ૪ ભેદ થયા. આમ મતિજ્ઞાનના કુલ ૨૪ + ૪ = ૨૮ ભેદ થયા.

**અથવા,** આ ૨૮ ભેદમાંના પ્રત્યેકના પાછા ૧૨-૧૨ પ્રભેદ માનવાથી મતિજ્ઞાનના ૨૮ x ૧૨ = ૩૩૬ ભેદ પણ વિવક્ષાન્તરથી સંભવે છે. તે બાર ભેદ આ પ્રમાણે જાણવા → બહુ, અબહુ, બહુવિધ, અબહુવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, નિશ્રિત, અનિશ્રિત, ધ્રુવ, અધ્રુવ. 'બહુ' વગેરે આ ભેદો વિષયની અપેક્ષાએ પડે છે. તે અપેક્ષા આ રીતે જાણવી -

(૧) કોઈ પુરુષ, અનેક શબ્દોના સમૂહને સાંભળીને વિશિષ્ટક્ષયોપશમના કારણે તે શબ્દોમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अन्यो ध्रुवम्, बह्वादिरूपेणावगतस्य सर्वदैव तथा बोधात् । अन्यस्त्वध्रुवम, कदाचिद्बह्वादिरूपेण कदाचित्त्वबह्वादिरूपेणावगमादिति । उक्ता मतिभेदाः ।**

**श्रुतभेदा उच्यन्ते - श्रुतम् अक्षर-सञ्ज्ञि-सम्यक्-सादि-सपर्यवसितगमिकाऽङ्गप्रविष्टभेदैः**

---

**सामान्यतस्तावदवग्रहादेरिदं स्वरूपं निरदेशि किञ्चित्,**

**भेदप्रपञ्चोऽस्य तु सम्प्रधार्यः सिद्धान्तसिन्धोरभियोगधीरैः।। (स्या.रत्ना.पृ.३५३)**

---

પણ પૃથક્ પૃથક્ ભિન્ન જાતિવાળા શબ્દોને જાણી લે છે કે 'આ શબ્દસમૂહમાં અટલો અવાજ શંખનો છે, આટલો ઢોલનો છે વગેરે...' આને **'બહુ'** જ્ઞાન કહેવાય.

(૨) બીજો કોઈ પુરુષ તે જ સ્થાને હાજર છતાં પણ (તે શબ્દસમૂહને સાંભળવા છતાં પણ) અલ્પક્ષયોપશમ હોવાથી આ રીતે ભિન્નજાતીય શબ્દોનું પૃથક્કરણ કરીને દરેકને અલગ રીતે પકડી શક્તો નથી. બસ, વાંજિત્રોનો અવાજ છે' એટલું જ માત્ર જાણી શકે. આને **'અબહુ'** જ્ઞાન કહેવાય.

(૩) કોઈ પુરુષ, સંભળાતા શબ્દસમૂહમાંથી વીણા વગેરેના શબ્દોને પૃથક્ જાણે. એટલું જ નહીં, પરંતુ ક્ષયોપશમની વિચિત્રતાથી તે જ શબ્દોને તીવ્રતા-મંદતા, સ્નિગ્ધતા-કર્કશતાદિ અનેક ધર્મોથી યુક્તરૂપે જાણે. (એટલે કે શંખનો આ અવાજ તીવ્ર છે, આ અવાજ મંદ છે વગેરે જાણે.) તે **'બહુવિધ'** પ્રકારનું મતિજ્ઞાન કહેવાય.

(૪) કોઈ વ્યક્તિ સંભળાતા શબ્દસમૂહમાંથી વીણા વગેરેના શબ્દને પૃથક્ જાણે ખરો પણ તે શબ્દના તીવ્રતા સ્નિગ્ધતા વગેરે અલ્પધર્મો જ જાણી શકે. આને **'અબહુવિધ'** જ્ઞાન કહેવાય.

(૫) કોઈ વ્યક્તિ જલ્દીથી વિષયને જાણી લે છે. તેને **'ક્ષિપ્ર'** જ્ઞાન કહેવાય.

(૬) કોઈ વ્યક્તિ લાંબો વિચાર કરીને વિષયને જાણી શકે છે. તેના જ્ઞાનને **'અક્ષિપ્ર'** કક્ષાનું મતિજ્ઞાન કહેવાય.

(વ્યવહારમાં પણ અનુભવાય છે કે બહાર અવાજ સંભળાતા જ કેટલાક, 'કોનો અવાજ હશે ?' તેનો સાચો નિર્ણય શીઘ્ર કરી શકે છે. જ્યારે કેટલાક આવો નિર્ણય કરતા પૂર્વે થોડી ક્ષણો વિચાર કરે છે. ટપાલ પરના અક્ષરો વાંચતા જ કોઈ તરત જ સાચો નિર્ણય કરી શકે છે કે 'અમુકના અક્ષર છે'. જ્યારે કેટલાકને આમ કરવામાં વાર લાગે છે. બે-ચાર વાર ધ્યાનથી અક્ષરો જોયા બાદ જ નિર્ણય કરી શકે છે. આવા સ્થળોમાં યથાયોગ્ય ક્ષિપ્ર-અક્ષિપ્ર આદિના ભેદ સમજી લેવા.)

(૭) હેતુ કે ચિહ્ન વગેરેથી જણાય તે **'નિશ્રિત'** કહેવાય. જેમ કે ધ્વજદર્શન, ઘંટારવશ્રવણાદિથી જિનાલયનું જ્ઞાન થાય તે.

(૮) કેટલાકને કોઈ નિશ્રા (ચિહ્ન)ની સહાય વગર જ્ઞાન થાય છે. તેને **'અનિશ્રિત'** મતિજ્ઞાન કહેવાય. યદ્યપિ નિશ્રિત ભેદને જાણ્યા પછી અનિશ્રિત ભેદ સુગમતાથી જાણી શકાય છે તેથી અહીં એ ક્રમથી વ્યાખ્યા કરી છે. છતાં પણ ગ્રન્થકારશ્રીએ અનિશ્રિત ભેદને જે પૂર્વક્રમ આપ્યો છે તેની પાછળ કોઈ ચોક્કસ વિવક્ષા કામ કરે છે. આ ૧૨ ભેદો ૬ યુગલોમાં વહેંચાયેલા છે. 'દરેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सप्रतिपक्षैश्चतुर्दशविधम् । तत्राक्षरं त्रिविधं-सञ्ज्ञा-व्यञ्जन-लब्धिभेदात् । सञ्ज्ञाक्षरं बहुविध-**

श्रुतज्ञानस्याद्यभेदमक्षरश्रुतं तत्त्वभेदाभ्यां लक्षयति '**तत्राक्षरमि**'त्यादिना 'क्षर चलने', न क्षरति = न चलति, अनुपयोगेऽपि न प्रच्यवत इत्यक्षरं, जीवस्य ज्ञानपरिणाम इत्यर्थः। एतत्तु नैगमादीनामविशुद्ध-नयानां मतं, शुद्धानां तु ऋजुसूत्रादीनां ज्ञानं क्षरमेव, तन्मते सर्वभावानामुत्पादभङ्गुरत्वात्। **नन्वेवं** सति पञ्चप्रकारमपि ज्ञानमविशुद्धनयमतेनाक्षरमेव, सकलज्ञानस्य स्वरूपाविच्युतेः। सूत्रेऽप्यविशेषितमभिहितं *'सव्व-जीवाणं पि य णं अक्खरस्स अणंतभागो निच्चुग्घाडियओ'*[1] तत्र ह्यक्षरपदेनाविशेषितं ज्ञानमेवाभिप्रेतं

યુગલમાંના ચડિયાતા ભેદનો નામથી ઉલ્લેખ કરવો અને બીજા ભેદનો 'सप्रतिपक्षैः' પદથી ઉલ્લેખ કરવો' એવી વિવક્ષા અહીં જણાય છે.

(૯) કેટલાક, વસ્તુને વિરોધિ ધર્મોથી રહિતપણે જાણે છે. તે **'નિશ્ચિત'** જ્ઞાન (અસંદિગ્ધજ્ઞાન) કહેવાય છે.

(૧૦) કેટલાક, વસ્તુને વિરોધિ ધર્મોથી યુક્તપણે જાણે છે. તે **'અનિશ્ચિત'** (સંદિગ્ધજ્ઞાન) કહેવાય છે.

(૧૧) કેટલાક, વસ્તુને બહુ, બહુવિધાદિરૂપે જાણ્યા પછી તેને ક્યારેય ભૂલી ન જાય, તેને તે જ રીતે યાદ રાખે તે **'ધ્રુવ'**.

(૧૨) કેટલાક, વસ્તુને ક્યારેક બહુ રૂપે તો ક્યારેક અબહુરૂપે જાણે. આમ એક જ વિષયના બોધમાં કાળભેદે તરતમતા જોવા મળે તે **'અધ્રુવ'** કહેવાય.

આ રીતે મતિજ્ઞાનના પૂર્વોક્ત ૨૮ ભેદોના પ્રત્યેકના આ ૧૨ પ્રભેદો થવાથી કુલ મળીને ૨૮ x ૧૨ = ૩૩૬ ભેદ થયા. (આ ૩૩૬ ભેદોને શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે. આ સિવાય ઔત્પાતિકી બુદ્ધિ વગેરે ચાર પ્રકારની બુદ્ધિઓ (કે જેને અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે તે) ગણતા મતિજ્ઞાનના ૩૪૦ ભેદ સિદ્ધાંતમાં જણાવ્યા છે.)

## * શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ *

શ્રુતાનુસારિ એવા મતિજ્ઞાનનું નિરૂપણ પૂર્ણ કરીને હવે શ્રુતજ્ઞાનના ભેદોનું નિરૂપણ કરે છે. શ્રુતજ્ઞાનના ચૌદ ભેદો છે. તે આ પ્રમાણે અક્ષરશ્રુત, અનક્ષરશ્રુત, સંજ્ઞીશ્રુત, અસંજ્ઞીશ્રુત, સમ્યક્શ્રુત, મિથ્યાશ્રુત, સાદિશ્રુત, અનાદિશ્રુત, સપર્યવસિતશ્રુત, અપર્યવસિતશ્રુત, ગમિકશ્રુત, અગમિકશ્રુત, અંગપ્રવિષ્ટશ્રુત, અંગબાહ્યશ્રુત (અથવા અનંગપ્રવિષ્ટશ્રુત).

## * અક્ષરશ્રુતનું નિરૂપણ *

અક્ષર ત્રણ પ્રકારના છે (એટલે તેને આશ્રયીને અક્ષરશ્રુતના પણ ત્રણ પ્રકાર છે.) (૧) **સંજ્ઞાક્ષરઃ** હંસલિપિ વગેરે અનેક પ્રકારની લિપિને સંજ્ઞાક્ષર કહેવાય છે. (૨) **વ્યંજનાક્ષર :** વક્તા જે અકારાદિ વર્ણનો ઉચ્ચાર કરે તેને (ઉચ્ચાર્યમાણ વર્ણને) વ્યંજનાક્ષર કહેવાય છે. જો કે, આ બન્ને દ્વારા જે બોધ થાય છે તે જ શ્રુતજ્ઞાન છે. પરંતુ, શ્રુતના કારણરૂપ હોવાથી આ બન્નેને પણ ઉપચારથી શ્રુત

૧. सर्वजीवानामपि चाक्षरस्यानन्त(तम)भागो नित्योद्घाटितः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**लिपिभेदम्, व्यञ्जनाक्षरं भाष्यमाणमकारादि, एते चोपचाराच्छ्रुते । लब्ध्यक्षरं तु इन्द्रियमनो-**

न पुनः श्रुतज्ञानम्। **किञ्च**, अविशुद्धनयादेशात् सर्वेऽपि भावा अक्षरा एव ततोऽत्र श्रुतज्ञाने कः प्रतिविशेषः येनोच्यत 'अक्षरश्रुतम् अनक्षरश्रुतमि'ति **चेत्, अत्रोच्यते** - योगाद् रूढेर्बलीयस्त्वनियमाद् वर्ण एव स्वव्यञ्जनभेदभिन्नोऽक्षरपदेन गृह्यते। निरुक्तार्थस्याक्षरस्य त्रैविध्यमाह **सञ्ज्ञे**त्यादिना।

प्रत्येकं लक्षयति '**सञ्ज्ञाक्षरमि**'त्यादिना। लिपयश्च शास्त्रेषु मुख्यवृत्त्याऽष्टादश श्रूयन्ते, तद्यथा।

[1]**हंसलिवी भूयलिवी जक्खी तह रक्खसी य बोधव्वा,**
**उड्डी जवणि तुरुक्की कीरी दविडी य सिंधविया।।१।।**
**मालविणी नडि नागरी लाडलिवी पारसी य बोधव्वा,**
**तह अनिमित्ती य लिवी चाणक्की मूलदेवी य।।२।।**

सञ्ज्ञाक्षरप्रकाराश्च लिपिभेदादेवानेके। उपयोगरूपभावश्रुतकारणत्वादिदं द्रव्यश्रुतमुच्यते। लिपिः पुस्तकादावक्षरविन्यासः सा चाष्टादशप्रकारापि **श्रीमन्नाभेय**जिनेन स्वसुताया ब्राह्मीनामिकाया दर्शिता, ततोऽष्टादशप्रकारापि लिपयो ब्राह्मीत्यपि गीयते, अतो 'ब्राह्मी'ति स्वरूपविशेषणं लिपेः। यदाह **भगवान् सुधर्मा पञ्चमाङ्गे** सञ्ज्ञाक्षरं प्रणमन् *'णमो बंभीए लिवीए'*। श्रुतज्ञानस्यात्यंतोपकारकत्वाद्, भावश्रुतस्य च द्रव्यश्रुतपूर्वकत्वात् तस्यापि स्तोतव्यत्वे न विरोधः। अत एव च **सिद्धचक्रादिपूजना**नुष्ठाने मातृकापदपूजनमपि *'कवर्गाय स्वाहे'*त्यादिना विहितमित्यलं प्रासङ्गिकेन।

---

કહ્યા છે. (૩) **લબ્ધ્યક્ષર :** અક્ષર સાંભળીને (કે વાંચીને) ઈન્દ્રિય કે મનરૂપ નિમિત્તની સહાયથી જે જ્ઞાન થાય તે. આ શ્રુતોપયોગ એ ભાવશ્રુતરૂપ છે. અથવા તો શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમને જ લબ્ધ્યક્ષરશ્રુત રૂપ જાણવું. જો કે આ ક્ષયોપશમ તો જ્ઞાનાત્મક નથી છતાં પણ ભાવશ્રુતનું કારણ હોવાથી ઉપચારથી તેને પણ 'શ્રુત' કહ્યું છે.

'અક્ષરજ્ઞાન તો પરોપદેશથી જ થાય.' આવો નિયમ સંજ્ઞાક્ષર અને વ્યંજનાક્ષર માટે જ જાણવો. લબ્ધ્યક્ષર શ્રુત તો પરોપદેશ વિના પણ સંભવી શકે છે. જેણે ક્યારેય 'માણસ' વગેરે શબ્દવિશેષનો અર્થ જાણ્યો નથી એવા અતિમુગ્ધ ગોવાળિયા વગેરેને 'અય ! માણસ !...' વગેરે કહે તો તે સાંભળીને સામું જોવે છે. ગાય, કૂતરા વગેરે પશુને પણ પોતાના નામથી બોલાવે ત્યારે 'તારૂં આ નામ પાડવામાં આવ્યું છે.' એવું બીજા પાસેથી ક્યારેય ન જાણનાર પશુ પણ પોતાનું 'ટોમી' વગેરે નામ સાંભળીને તરત વક્તાને અભિમુખ થતા દેખાય છે. (અહીં એક વાત સમજવા જેવી છે કે અતિમુગ્ધ મનુષ્યો કે પશુઓ પણ 'માણસ' કે 'ટોમી' વગેરે શબ્દોથી બોલાવતા પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરતા જે દેખાય છે તેમાં તેઓને તે તે શબ્દનો શક્તિગ્રહ તો થયેલો હોય જ છે. સૌપ્રથમ વાર જ્યારે 'ટોમી' કહે ત્યારે કૂતરો ન પણ આવે. અનેકવાર કહ્યા પછી તેને એવો ખ્યાલ આવે છે કે આવો

---

सर्वजीवानामपि चाक्षरस्यानन्तभागो नित्योद्धाटितः ।

१. हंसलिपिर्भूतलिपिर्याक्षी तथा राक्षसी च बोद्धव्या, उड्डी यवनी तुरुष्की, कीरी द्राविडी च सिन्धवीया ।। मालविनी नटी नागरी लाटलिपिः पारसी च बोद्धव्या, तथाऽनिमित्ती च लिपिश्चाणाकी मौलदेवी च ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**निमित्तः श्रुतोपयोगः, तदावरणक्षयोपशमो वा, एतच्च परोपदेशं विनापि नासम्भाव्यम्, अनाकलितोपदेशानामपि मुग्धानां गवादीनां च शब्दश्रवणे तदाभिमुख्यदर्शनात्, एकेन्द्रियाणामप्यव्यक्ताक्षरलाभाच्च । अनक्षरश्रुतमुच्छ्वासादि, तस्यापि भावश्रुतहेतुत्वात्, ततोऽपि 'सशोकोऽयम्' इत्यादिज्ञानाविर्भावात् । अथवा श्रुतोपयुक्तस्य सर्वात्मनैवोपयोगात् सर्वस्यैव व्यापारस्य श्रुत-**

---

**नन्वक्षरस्य** परोपदेशजन्यत्वं श्रूयते दृश्यते च, श्रुतोपयोगरूपं क्षयोपशमरूपमिति वाऽक्षरश्रुतज्ञानं किं तथैवाहोस्विदन्यथेति जिज्ञासायामाह- **एतच्च परोपदेशमिति** → यदपि परोपदेशजत्वमक्षरस्य उच्यते तदपि सञ्ज्ञाव्यञ्जनाक्षरयोरेवावसेयम्। लोकव्यवहारेऽपि तथैव दर्शनात्। दृश्यते हि लिपिविज्ञानं वर्णोच्चारश्च बालमुग्धादीनां गुरुजनवर्गेण शिक्षिष्यमाणः, श्रुतोपयोगः क्षयोपशमो वा न तथा, लब्ध्यक्षरं तु क्षयोपशमेन्द्रियादिनिमित्तमसञ्ज्ञिनां न विरुद्ध्यते। यथा वा सञ्ज्ञिनामपि परोपदेशाभावेन

---

(ટોમી) શબ્દ બોલાય એટલે મને બોલાવે છે એમ સમજવું. ટૂંકમાં, શક્તિગ્રહ થવાના અનેક કારણો છે જેમાં ઘણાખરાં કારણો પરોપદેશાત્મક (શિક્ષણાત્મક) છે પરંતુ ક્યારેક આ રીતે વ્યવહારથી પણ શક્તિગ્રહ થાય છે.)

લબ્ધ્યક્ષર શ્રુતજ્ઞાન પરોપદેશ વિના પણ સંભવી શકે છે એ માટેની બીજી યુક્તિ એ પણ છે કે એકેન્દ્રિય જીવોમાં પણ અક્ષરના અનંતમા ભાગ જેટલું અવ્યક્ત શ્રુતજ્ઞાન માન્યું છે. અલબત્ત, ત્યાં એ વાચ્ય-વાચકભાવથી સંકળાયેલું ન હોવાથી ક્ષયોપશમરૂપે જ માન્યું છે. (અહીં એમ જણાય છે કે લબ્ધ્યક્ષરશ્રુતને ગ્રન્થકારે પહેલા ભાવશ્રુતોપયોગરૂપ કહ્યું અને પછી તદાવરણકર્મના ક્ષયોપશમ રૂપ કહ્યું. લબ્ધ્યક્ષરશ્રુત પરોપદેશ વિના પણ હોઈ શકે છે. એ વાતના સમર્થનમાં જે બે દલીલો આપી છે તેમાંથી પહેલી દલીલ લબ્ધ્યક્ષરશ્રુતને ભાવશ્રુતોપયોગ માનવા વિશે છે. પણ પછી બીજી, 'એકેન્દ્રિયજીવોને અવ્યક્ત અક્ષર લાભ છે.' એવી જે દલીલ આપી છે તે લબ્ધ્યક્ષરને ક્ષયોપશમરૂપ માનવા અંગે છે.)

## * અનક્ષરશ્રુતનું નિરૂપણ *

ઉચ્છ્વાસ, નિઃશ્વાસાદિને (આદિથી ખાંસી વગેરે...) અનક્ષરશ્રુત કહેવાય છે. કારણ કે એ પણ ભાવશ્રુતનું કારણ છે. કોઈ વ્યક્તિનો ઉચ્છ્વાસાદિ અવાજ સાંભળતા 'આ શોકગ્રસ્ત છે' કે 'રોગગ્રસ્ત છે' ઈત્યાદિ જ્ઞાન થાય છે. આ પ્રતીતિ શ્રુતાનુસારી છે કારણ કે ઉચ્છ્વાસાદિ એ શબ્દાત્મક છે. આ શબ્દને દ્રવ્યશ્રુતરૂપ જાણવો કારણ કે જે કારણ હોય તે દ્રવ્ય હોય છે.

**શંકા :** આ રીતે તો શબ્દાત્મક ન હોય તેવા શિરોધૂનન, હાથ હલાવવો વગેરે ચેષ્ટા પણ કંઈક બોધ કરાવે છે તો શું એ બધી ચેષ્ટાઓ પણ શ્રુત કહેવાશે ?

**સમા. :** ના, ઉચ્છ્વાસાદિ ('આદિ' પદથી નિઃશ્વાસ, થૂંકવું, ખાંસી વગેરે અવાજવાળી ચેષ્ટાઓ લેવી) વ્યાપારને જ શ્રુત કહેવાશે. બધા વ્યાપાર કંઈ શ્રુતરૂપે નથી.

**શંકા :** આવો ભેદ પાડવામાં વિનિગમક કોને માનશો ? अथवा, કહીને ગ્રન્થકાર સ્વયં બીજો વિકલ્પ આપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**रूपत्वेऽपि अत्रैव शास्त्रज्ञलोकप्रसिद्धा रूढिः । समनस्कस्य श्रुतं सञ्ज्ञिश्रुतम् । तद्विपरीतमसञ्ज्ञिश्रुतम् । सम्यक्श्रुतम् अङ्गानङ्गप्रविष्टम्, लौकिकं तु मिथ्याश्रुतम् । स्वामित्वचिन्तायां तु भजना सम्यग्दृष्टिपरिगृहीतं मिथ्याश्रुतमपि सम्यक्श्रुतमेव वितथभाषित्वादिना यथास्थानं तदर्थविनियोगात्, विपर्ययान्मिथ्यादृष्टिपरिगृहीतं च सम्यक्श्रुतमपि मिथ्याश्रुतमेवेति । सादि द्रव्यत एकं पुरुषमाश्रित्य, क्षेत्रतश्च भरतैरावते । कालत उत्सर्पिण्यवसर्पिण्यौ, भावतश्च तत्तज्ज्ञापकप्रयत्नादिकम् । अनादि द्रव्यतो नानापुरुषानाश्रित्य, क्षेत्रतो महाविदेहान्,**

---

केषाञ्चिदतीवमुग्धप्रकृतीनां बालगोपालगवादीनामसत्यपि नरादिशब्दविशेषविषयकविज्ञाने लब्ध्यक्षरं किमपीक्ष्यते, 'अयि नर !' इत्यादिना 'गौरि !' 'श्यामे !' इत्यादिना सामान्येन विशेषेण वा नाम्नाऽऽकारिता जनाः गवादयश्च स्वनाम जानन्ति, प्रवृत्तिनिवृत्त्यादीनि च कुर्वन्तीति दृश्यते। व्यवहारतोऽत्र शक्तिग्रहोऽपि समस्त्येव। शक्तिग्रहोपायाश्चेमे-

*शक्तिग्रहो व्याकरणोपमानकोशाप्तवाक्याद् व्यवहारतश्च।*
*वाक्यस्य शेषाद् विवृतेर्वदन्ति सान्निध्यतः सिद्धपदस्य वृद्धाः।।*

व्याकरणादिलक्षणः शक्तिग्रहोपायो यद्यपि परोपदेशात्मक एव तथापि व्यवहारादिलक्षणस्य तस्य तदनात्मकतया ततः शक्तिग्रहोऽपि कथञ्चन सम्भवन्न विरुद्ध्यते। कथमन्यथा प्रथममेव 'गौरि !' 'श्यामे' इत्यादिना स्वनामाकारिताऽपि सती गौर्नायाति स्वसमीपं, असकृद्व्यवहारानन्तरं त्वायातीति उपपद्येत। व्यवहारकृतशक्तिग्रह-तदभावकृतोऽयं विशेष इत्यभ्युपगन्तव्यम्।

'**अनाकलितोपदेशानामपी**'त्यादि युक्तिस्तु लब्ध्यक्षरस्य भावश्रुतोपयोगरूपत्वसमर्थने, क्षयोपशमरूपत्वसमर्थने '**चैकेन्द्रियाणामपी**'त्यादिका द्वितीया युक्तिर्ज्ञेया, एकेन्द्रियादीनामव्यक्ताक्षरलाभस्य '[1]सव्वजीवाणंपि य अक्ख-रस्स अणंतभागो निच्चुग्घाडियओ' इत्यादिनाऽऽगमेन सिद्धत्वेऽपि क्षयोपशमरूपस्याक्षरलाभ एव सिद्धान्ततात्पर्यात्।

'**अनक्षरश्रुतमि**'ति - भाष्यमाणस्य अकारादिवर्णस्याभावेऽपि श्राव्यत्वादुच्छ्वसितादेरपि शब्दरूपत्वं बोध्यम्। इहोच्छ्वसिताद्यनक्षरश्रुतं द्रव्यश्रुतमेव, ध्वनिमात्ररूपतया भावश्रुतकारणत्वात्, भवति चोच्छ्व-

---

અથવા તો એમ માનો કે શ્રુતોપયોગવાળી વ્યક્તિ જે કોઈ પણ વ્યાપાર કરે તેમાં બધાં જ આત્મપ્રદેશો ઓછેવત્તે અંશે વ્યાપૃત્ત બને જ છે. તેથી તેવી વ્યક્તિની યદ્યપિ બધી જ ચેષ્ટાઓ શ્રુતરૂપ બને છે. છતાં પણ ઉચ્છ્વાસાદિ ઉક્ત ચેષ્ટાઓને જ શ્રુત કહેવાય એવી શાસ્ત્રજ્ઞપુરુષોની રૂઢિ છે. તેથી આ રૂઢિ જ ઉક્ત પ્રતિપાદનમાં વિનિગમક બનશે. (આ રૂઢિ પાછળ કારણ એ જણાય છે કે 'જે સંભળાય તે શ્રુત' એવો સામાન્યથી 'શ્રુત' શબ્દનો અર્થ છે. ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, ખાંસી વગેરે વ્યાપારો અક્ષરાત્મક (એટલે કે સંજ્ઞાક્ષરાત્મક કે વ્યંજનાત્મક) નથી તેમ છતાં ધ્વનિરૂપ તો છે જ અને તે સંભળાવાથી 'આ શોકગ્રસ્ત છે' ઇત્યાદિ જ્ઞાન થાય છે. આ જ્ઞાનમાં ઉચ્છ્વાસાદિનું શ્રવણ કારણ

---

१. सर्वजीवानामपि च अक्षरस्यानन्त(तम)भागो नित्योद्घाटितः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कालतो नोउत्सर्पिण्यवसर्पिणीलक्षणं, भावतश्च सामान्यतः क्षयोपशममिति । एवं सपर्यवसिता-**

सितादिनाऽऽत्मज्ञानं, यथोच्छ्वसितनिःश्वसितादिश्रवणे 'सशोकोऽयमि'त्यादिज्ञानम्। एवं विशिष्टाभिसन्धि-पूर्वकनिष्ठ्यूतकासितक्षुतादिश्रवणेऽपि आत्मज्ञानादिकं वाच्यम्। अथवा, श्रुतज्ञानोपयुक्तस्याऽऽत्मनः सर्वात्मनैवोपयोगात् सर्वोऽप्युच्छ्वसितादिको व्यापारः श्रुतमेवेह प्रतिपत्तव्यमिति श्रुतं भवन्त्येवोच्छ्वसितादयः।

**नन्वेवं** गमनागमन-चलन-स्पन्दनादिचेष्टा व्यापार एव, ततः श्रुतोपयुक्तसम्बन्धिन्येषाऽपि श्रुतं स्यात्, श्रुतत्वप्राप्तौ न्यायस्य समानत्वादिति **चेत्, सत्यम्,** तथापि शास्त्रज्ञलोकप्रसिद्धा रूढी इयम्

બને છે. આમ સંભળાતું હોવાથી તેને 'શ્રુત' કહ્યું અને ભાવશ્રુતનું કારણ બનતું હોવાથી તેને 'દ્રવ્યશ્રુત' કહ્યું છે. ગમનામન, શિરોધૂનનાદિ વ્યાપાર તો દશ્યવ્યાપારાત્મક છે, ઉચ્છ્વાસાદિની જેમ શ્રાવ્યવ્યાપારાત્મક નથી તેથી તેને વિશે 'શ્રુત' શબ્દની શાસ્ત્રજ્ઞ પુરુષોની રૂઢિ નથી.)

## * સંજ્ઞી-અસંજ્ઞી-સમ્યક્-મિથ્યાશ્રુતનું નિરૂપણ *

સમનસ્ક એટલે કે સંજ્ઞી જીવોના શ્રુતને સંજ્ઞીશ્રુત કહેવાય છે અને અમનસ્ક એટલે કે અસંજ્ઞી જીવોના શ્રુતને અસંજ્ઞીશ્રુત કહેવાય છે. દ્વાદશાંગી અને ઉપાંગસૂત્રોને સમ્યક્શ્રુત કહેવાય છે અને લૌકિકશાસ્ત્રોને મિથ્યાશ્રુત કહેવાય છે. (આ તો સમ્યક્શ્રુત અને મિથ્યાશ્રુતની સ્વરૂપસાપેક્ષ વ્યાખ્યા થઈ. સ્વામીસાપેક્ષ વ્યાખ્યા આ પ્રમાણે જાણવી.) સ્વામીની અપેક્ષાએ વિચારીએ તો આ વ્યાખ્યામાં વિકલ્પ છે. સમ્યગ્દષ્ટિ દ્વારા ગ્રહણ કરાયેલું સ્વરૂપતઃ મિથ્યાશ્રુત પણ તેને માટે સમ્યક્શ્રુત બની જાય છે. કારણ કે તેવો ગ્રન્થ વાંચતી વખતે પણ સ્યાદ્વાદગર્ભિત જિનવચનની પરિણતિને કારણે તે વ્યક્તિ 'મિથ્યાદષ્ટિ પ્રણીત હોવાથી આ ગ્રન્થમાં એકાંતવાદની ખોટી પ્રરૂપણાઓ પણ છે' વગેરે સાર-અસારનો વિવેક કરી શકે છે અને તેથી તે તે સ્થાને યોગ્ય અર્થઘટન કરી શકે છે. મિથ્યાદષ્ટિ જીવ પાસે આવી ક્ષમતા હોતી નથી. ઊલટું, વિપરીત મતિને કારણે તેના દ્વારા ગ્રહણ કરાયેલું સ્વરૂપતઃ સમ્યક્શ્રુત પણ મિથ્યાશ્રુતાત્મક બની જાય છે કારણ કે તે નયસાપેક્ષ અમુક ચોક્કસ પ્રરૂપણાને સર્વથા વળગી પડે છે.

## * સાદિ-અનાદિ-સપર્યવસિત-અપર્યવસિત શ્રુતનું નિરૂપણ *

શ્રુતમાં સાદિત્વ વગેરે ચાર રીતે ઘટી શકે છે. આ ભવમાં કોઈ જીવને અત્યાર સુધી સમ્યક્શ્રુત ઉત્પન્ન થયું નહોતું અને હમણાં ઉત્પન્ન થયું તો તેનું તે શ્રુતજ્ઞાન તે જીવની અપેક્ષાએ સાદિ કહેવાય. આ દ્રવ્યની અપેક્ષાએ શ્રુતમાં સાદિત્વ જણાવ્યું. ક્ષેત્રની અપેક્ષાએ વિચારીએ તો ભરત-ઐરવત ક્ષેત્રમાં દરેક ચોવીશીના પ્રથમ તીર્થંકર દ્વારા થતી શાસનસ્થાપના વખતે શ્રુતની ઉત્પત્તિ થતી હોવાથી ભરત-ઐરવત ક્ષેત્રની અપેક્ષાએ શ્રુત આ રીતે સાદિ છે. કાળની અપેક્ષાએ વિચારીએ તો ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં જ શ્રુતની ઉત્પત્તિ થાય છે તેથી તે કાળની અપેક્ષાએ શ્રુત સાદિ થયું કહેવાય. ભાવની અપેક્ષાએ વિચારીએ તો સૂત્રના અધ્યાપક-ગુરુના પ્રયત્નને આશ્રયીને શ્રુત ઉત્પન્ન થાય છે તેથી શ્રુત સાદિ થયું કહેવાય.

આવી જ ચાર રીતે શ્રુતમાં અનાદિત્વ પણ સંભવે છે. દ્રવ્યની અપેક્ષાએ વિચારતા અનેક વ્યક્તિની અપેક્ષાએ વિચારીએ તો શ્રુત અનાદિ છે. (કારણ કે શ્રુત વ્યક્તિની અપેક્ષાએ સાદિ છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पर्यवसितभेदावपि भाव्यौ । गमिकं सदृशपाठं प्रायो दृष्टिवादगतम् । अगमिकमसदृशपाठं प्रायः कालिकश्रुतगतम् । अङ्गप्रविष्टं गणधरकृतम् । अनङ्गप्रविष्टं तु स्थविरकृतमिति । तदेवं सप्रभेदं सांव्यवहारिकं मतिश्रुतलक्षणं प्रत्यक्षं निरूपितम् ।**

**स्वोत्पत्तावात्मव्यापारमात्रापेक्षं पारमार्थिकम् । तत् त्रिविधमवधिमनःपर्यय-केवल-भेदात् । सकलरूपिद्रव्यविषयकजातीयमात्ममात्रापेक्षं ज्ञानमवधिज्ञानम् । तच्च षोढा अनु-**

---

यदुच्छ्वसिताद्येव श्रुतं, नेतरच्चेष्टादिकम्। 'श्रूयत इति श्रुतमि'त्यन्वर्थस्योच्छ्वसितादावेव भावात्, न हि करादिचेष्टा कदापि श्रूयते, दृश्यत्वात्तस्येति कथमसौ श्रुतं स्यादित्यर्थः। शेषं सुगमम्। तदेवं यथाकथञ्चिद्विवृत्तं सप्रभेदं मतिंश्रुतलक्षणं सांव्यवहारिकप्रत्यक्षम्।

स्वावरणक्षय-क्षयोपशमविशेषातिरिक्तानपेक्षमात्मव्यापारमात्रापेक्षोत्पत्तिकं पारमार्थिकं प्रत्यक्षमित्यर्थः। मति-ज्ञानादावतिव्याप्तिवारणाय '**आत्ममात्रापेक्षमि**'ति तद्विशेषणम्। अरूपिद्रव्यव्यवच्छेदफलकं रूपिपदं केवलज्ञानेऽतिव्याप्तिवारणार्थं बोध्यम्। 'सकल'पदमत्र मनःपर्यायज्ञानेऽतिव्याप्तिवारणाय ज्ञेयम्। **इदमत्र**

---

પ્રવાહથી તો અનાદિ છે.) ક્ષેત્રની અપેક્ષાએ પાંચે ય મહાવિદેહક્ષેત્રોમાં સતત તીર્થ વિદ્યમાન હોવાથી તે ક્ષેત્રમાં શ્રુતજ્ઞાન કાયમ વિદ્યમાન હોય છે તેથી તે ક્ષેત્રની અપેક્ષાએ શ્રુતમાં અનાદિત્વ કહેવાય કાળની અપેક્ષાએ વિચારીએ તો નોઉત્સર્પિણી-નોઅવસર્પિણી કાળ જ મહાવિદેહક્ષેત્રમાં કાયમ હોય છે તેથી તે કાળની અપેક્ષાએ શ્રુત અનાદિ છે. ભાવની અપેક્ષાએ વિચારીએ તો સામાન્યથી ક્ષયોપશમભાવમાં કાયમ શ્રુત રહે છે, કારણ કે મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર-ગણધર ભગવંતો કાયમ વિદ્યમાન હોવાથી ત્યાં દ્વાદશાંગીરૂપ શ્રુત (કે જે ક્ષયોપશમભાવરૂપ છે તે) કાયમ વિદ્યમાન હોય જ.

સાદિ-અનાદિ શ્રુતના નિરૂપણમાં જ સપર્યવસિત-અપર્યવસિત શ્રુતનું નિરૂપણ પણ થઈ જ જાય છે તેથી તેનું પૃથક્ નિરૂપણ ન કરતા ગ્રન્થકારે માત્ર તેનો અતિદેશ જ કર્યો છે. જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ શ્રુત સાદિ છે તે જ દ્રવ્યાદિની અપેક્ષાએ શ્રુત સપર્યવસિત (સાન્ત) પણ છે અને જે દ્રવ્યાદિની અપેક્ષાએ શ્રુત અનાદિ છે તે જ દ્રવ્યાદિની અપેક્ષાએ શ્રુત અપર્યવસિત (અનંત) પણ છે.

### * ગમિક-અગમિક-અંગપ્રવિષ્ટ-અનંગપ્રવિષ્ટશ્રુતનું નિરૂપણ *

જેમાં સમાન જેવા પાઠ-આલાપક આદિ હોય તેને ગમિક શ્રુત કહેવાય છે. **દૃષ્ટિવાદ** ગમિકશ્રુત કહેવાય કારણ કે તેમાં સદૃશપાઠોની બહુલતા છે. (વર્તમાનમાં શ્રમણોના **પાક્ષિકસૂત્રાદિ**ને ગમિક શ્રુત કહેવાય.) જેમાં અસમાન પાઠ હોય તે અગમિકશ્રુત કહેવાય. કાલિકશ્રુત લગભગ આવું છે. તીર્થંકરોપદિષ્ટ ત્રિપદીના આધારે ગણધર ભગવંતો દ્વારા રચાતું દ્વાદશાંગીરૂપ શ્રુત (**આચારાંગ** વગેરે ૧૨ અંગ સૂત્રો) તે અંગપ્રવિષ્ટ શ્રુત કહેવાય અને સ્થવિરકૃત **શ્રીઆવશ્યકસૂત્રાદિ**ને અનંગપ્રવિષ્ટ (અથવા અંગબાહ્ય) શ્રુત કહેવાય છે. આ પ્રમાણે ભેદ-પ્રભેદ સહિત મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનરૂપ સાંવ્યવહારિક પ્રત્યક્ષની પ્રરૂપણા અહીં પૂર્ણ થઈ.

### * પારમાર્થિક પ્રત્યક્ષનું નિરૂપણ *

સાંવ્યવહારિક પ્રત્યક્ષનું નિરૂપણ પૂર્ણ કર્યા બાદ હવે ક્રમપ્રાપ્ત પારમાર્થિક પ્રત્યક્ષનું નિરૂપણ કરે છે. તેમાં સૌપ્રથમ સાંવ્યવહારિક પ્રત્યક્ષનું લક્ષણ જણાવે છે. જે જ્ઞાન પોતાની ઉત્પત્તિમાં એકમાત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गामि-वर्धमान-प्रतिपातीतरभेदात् । तत्रोत्पत्तिक्षेत्रादन्यत्राप्यनुवर्तमानमानुगामिकम्, भास्करप्रकाशवत्, यथा भास्करप्रकाशः प्राच्यामाविर्भूतः प्रतीचीमनुसरत्यपि तत्रावकाशमुद्योतयति, तथैतदप्येकत्रोत्पन्नमन्यत्र गच्छतोऽपि पुंसो विषयमवभासयतीति । उत्पत्तिक्षेत्र एव विषयावभासकमननुगामिकम्, प्रश्नादेशपुरुषज्ञानवत्, यथा प्रश्नादेशः क्वचिदेव स्थाने संवादयितुं**

**ध्येयम्** - सकलपदमवधेरुत्कर्षस्वरूपद्योतनापेक्षया प्रोक्तम्। नह्यवधिमात्रेण सकलरूपिद्रव्याणामध्यक्षं सम्भवति, क्षयोपशमतारतम्येन बोधतारतम्यदर्शनात्। तच्चाग्रे स्फुटीभविष्यति। द्रव्यपदमत्र तात्पर्यग्राहकं ज्ञेयं, न तु वस्तुतो लक्षणाङ्गमत एव **वाचकवर्यैस्तत्त्वार्थाधिगमसूत्रे** द्रव्यपदपरिहारेण *'रूपिष्ववधेः'* (१/२८) इत्येतावन्मात्रमेवोक्तं सङ्गच्छते। **ननु** रूपिद्रव्यमात्रविषयकत्वेऽवधेः 'इदं जीर्णं नवीनं वा, इदं दूरमासन्नं वेति प्रतीतिः न स्यात्, तस्याः कालक्षेत्रविषयकत्वात्, अवधेश्च रूपिमात्रविषयकत्वेन

આત્મવ્યાપારની જ અપેક્ષા રાખતું હોય (ઈન્દ્રિય કે મનના વ્યાપાર, વિષયાર્થસંનિકર્ષ વગેરેની અપેક્ષા જેને ન હોય) તે જ્ઞાનને પારમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે. તેના ત્રણ ભેદો છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.

### * અવધિજ્ઞાનના છ પ્રકાર *

એમાંથી સૌપ્રથમ અવધિજ્ઞાનનું લક્ષણ જણાવે છે. સર્વ રૂપી દ્રવ્યોને વિશે, માત્ર આત્માના વ્યાપારની જ સહાયથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને અવધિજ્ઞાન કહેવાય છે. (અહીં 'સકલ રૂપી દ્રવ્યવિષયક' નો અર્થ સકલરૂપીદ્રવ્યમાત્રવિષયક કરવો. અન્યથા, ત્રૈકાલિકસર્વવસ્તુવિષયક એવા કેવળજ્ઞાનમાં આ લક્ષણ અતિવ્યાપ્ત બને. 'માત્ર' પદથી તેનું વારણ થઈ શકે છે. કારણ કે કેવળજ્ઞાન અરૂપીદ્રવ્યવિષયક પણ છે.) આના છ પ્રકારો છે, તે દરેકનું ક્રમશઃ ઉદાહરણપૂર્વક નિરૂપણ કરે છે.

(૧) **આનુગામિક અવધિજ્ઞાન :-** સૂર્યના પ્રકાશની જેમ જે અવધિજ્ઞાન પોતાના ઉત્પત્તિક્ષેત્રથી ભિન્ન ક્ષેત્રમાં પણ જ્ઞાતાની સાથે જાય છે તેને 'આનુગામિક' કહેવાય છે. જેમ સૂર્યમાંથી નીકળતો પ્રકાશ પૂર્વદિશામાં ઉત્પન્ન થયો છે અને પછી સૂર્ય જ્યારે પશ્ચિમ દિશામાં જાય ત્યારે પ્રકાશ પણ ત્યાં સાથે જ જાય અને ત્યાં પણ પ્રકાશ ફેલાવે છે. તેમ આ જ્ઞાન પુરુષની સાથે અન્યત્ર પણ જાય છે અને ત્યાંના વિષયનો પણ પુરુષને બોધ કરાવે છે.

(૨) **અનાનુગામિક અવધિજ્ઞાન :-** આ અવધિજ્ઞાન જે ક્ષેત્રમાં ઉત્પન્ન થયું હોય તે ક્ષેત્રમાં જ અર્થબોધ કરાવે છે. જેમ કે પ્રશ્નાદેશ પુરુષનું જ્ઞાન. જેમ કોઈ નૈમિત્તિક પુરુષ કોઈ વિશેષસ્થાનમાં જ પૂછાતા પ્રશ્નોના ઉત્તર આપી શક્તો હોય છે, પણ તે અન્યત્ર જવાબ આપી શક્તો નથી. તેમ, આ અવધિજ્ઞાન પણ પોતાના ઉત્પત્તિક્ષેત્રમાં જ જ્ઞાન કરાવે, અન્યત્ર નહીં. (ટૂંકમાં, આનુગામિક એ ટોર્ચના પ્રકાશ જેવું છે, જે માણસની સાથે અન્યાન્ય સ્થળે જાય ને ત્યાંના વિષયોને પણ જણાવે. અનાનુગામિક એ વાયર પર લટકતા બલ્બ ના પ્રકાશ જેવું છે. અર્થાત્, એ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકવો હોય તો વિવક્ષિત ક્ષેત્રમાં જ આવવું પડે. જેમ બલ્બના પ્રકાશમાં વાંચન કરનારે બલ્બ પાસે આવવું પડે. બલ્બ સાથે ન જાય તેમ પ્રસ્તુતમાં પણ સમજવું.)

(૩) **વર્ધમાન અવધિજ્ઞાન :-** જે અવધિજ્ઞાન પોતાના ઉત્પત્તિક્ષેત્રથી ક્રમશઃ વધતા વધતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**शक्नोति पृच्छ्यमानमर्थम्, तथेदमपि अधिकृत एव स्थाने विषयमुद्योतयितुमलमिति । उत्पत्तिक्षेत्रात्क्रमेण विषयव्याप्तिमवगाहमानं वर्धमानम्, अधरोत्तरारणिनिर्मथनोत्पन्नोपात्तशुष्कोपचीयमानाधीयमानेन्धनराश्यग्निवत्, यथा अग्निः प्रयत्नादुपजातः सन् पुनरिन्धनलाभाद्विवृद्धिमुपागच्छत्येवं परमशुभाध्यवसायलाभादिदमपि पूर्वोत्पन्नं वर्धत इति । उत्पत्तिक्षेत्रापेक्षया क्रमेणाल्पीभवद्विषयं हीयमानम्, परिच्छिन्नेन्धनोपादानसन्तत्यग्निशिखावत्, यथा अपनीतेन्ध-**

अमूर्तक्षेत्रकालविषयकत्वायोगादिति **चेत्**, **सत्यं**, क्षेत्रकालौ तु न पश्यति, वर्तनारूपं कालं रूपिद्रव्यावच्छिन्नक्षेत्रं च पश्यत्येव, तस्य द्रव्यपर्यायरूपतया कथञ्चिद् रूपित्वानतिक्रमात्। इत्थमेव च भाष्योक्तक्षेत्रावधिकालावधिनिक्षेपोपपत्तिरिति ध्येयम्।

अथ चावधिज्ञानभेदमध्ये त्रीणि युगलानि, तत्र यथाऽऽनुगामिकादनन्तरमनानुगामिकं निरूपितं यथा च वर्धमानादनन्तरं हीयमानं, तथैवात्र अप्रतिपातिनिरूपणादनन्तरमेव प्रतिपाति वक्तुमुचितं स्यात्, अभ्यर्हितपूर्वविन्यासगर्भितक्रमव्यवस्थानिर्वाहादिति **चेत्, सत्यं** तथापि प्रतियोगिज्ञानाधीनत्वनियमात् तदभावज्ञानस्य, आदावेव प्रतिपातिभेदप्ररूपणम्। **इदमत्रावधातव्यम्** - उत्पन्नमनुगामि तथाविधक्षयोपशमह्रासादननुगाम्यपि भवेत्, अनानुगामि च तथाविधक्षयोपशमोत्कर्षलाभादनुगाम्यपि भवेत्, एवं वर्धमानं

વિષયોને વ્યાપ્ત થતું જાય (અર્થાત્, ઉત્પત્તિ પછી તેની વિષયવ્યાપ્તિ વધતી જાય) તેને 'વર્ધમાન' કહેવાય છે. જેમ ઉપર-નીચે ગોઠવેલા અરણિ-પત્થરના પરસ્પર ઘર્ષણથી ઉત્પન્ન થયેલો અગ્નિ, સૂકા ઈન્ધણ મળવાથી વધતો જાય છે તેમ જ્ઞાતાના અત્યંત શુભ અધ્યવસાયોના કારણે આ જ્ઞાન પણ પહેલા જેટલું ઉત્પન્ન થયેલું હતું તેના કરતા ઉત્તરોત્તર વધતું જાય છે.

(૪) **હીયમાન અવધિજ્ઞાન :-** ઉત્પત્તિક્ષેત્રમાં ઘણું (વિસ્તૃત) ઉત્પન્ન થયા પછી તેવા પ્રકારના અધ્યવસાયોના હ્રાસ થવાના કારણે ક્રમશઃ જે અવધિજ્ઞાન અલ્પ-અલ્પતરવિષયવાળું બનતું જાય તેને 'હીયમાન' કહેવાય. ઈન્ધણરૂપ ઉપાદાનની પરંપરા જેમાં નષ્ટ થઈ ગઈ હોય તેવી અગ્નિશિખા સાથે આ જ્ઞાનને સરખાવ્યું છે. જેમ ઉત્પન્ન થયેલા અગ્નિમાં અન્ય ઈન્ધણ (કાષ્ઠાદિ) નાંખવામાં ન આવે તો નવાં ઈન્ધણ ન મળવાથી અને પૂર્વપ્રક્ષિપ્ત ઈન્ધણ પ્રતિક્ષણ બળતું રહેવાથી ઘટતું જતું હોવાથી તે અગ્નિશિખા ક્રમશઃ ઘટતી જાય છે તેમ પ્રસ્તુત અવધિજ્ઞાન વિશે ઉપનય સમજવો.

(૫) **પ્રતિપાતી અવધિજ્ઞાન :-** જેમ જલતરંગ ઉત્પન્ન થતા ક્ષણ-બે ક્ષણમાં જ હતો ન હતો થઈ જાય છે. તેમ ઉત્પન્ન થતા જ શીઘ્ર (એક સામટું) નષ્ટ થઈ જતું અવધિજ્ઞાન 'પ્રતિપાતી' કહેવાય છે. (અહીં હીયમાન અને પ્રતિપાતી બન્ને વિનશ્વર હોવા છતાં તે બે વચ્ચેનો ભેદ એ છે કે હીયમાન ધીમે ધીમે ઘટતું જાય છે અને અંતે સર્વથા નષ્ટ થાય છે. જ્યારે પ્રતિપાતી તો પવનના ઝપાટાથી એક ઝાટકે ઓલવાઈ જતી દીપશિખાની જેમ એક ઝાટકે જ સર્વથા નષ્ટ થાય છે.)

(૬) **અપ્રતિપાતી અવધિજ્ઞાન :-** એકવાર ઉત્પન્ન થયા પછી કેવળજ્ઞાન પ્રગટે ત્યાં સુધી ટકી રહે (અથવા, અચરમશરીરી હોય તો) મૃત્યુપર્યંત ટકી રહે તે અવધિજ્ઞાનને 'અપ્રતિપાતી' કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**नाग्निज्वाला परिहीयते तथेदमपीति । उत्पत्त्यनन्तरं निर्मूलनश्वरं प्रतिपाति, जलतरङ्गवत्, यथा जलतरङ्ग उत्पन्नमात्र एव निर्मूलं विलीयते तथेदमपि । आकेवलप्राप्तेरामरणाद्वा अवतिष्ठमानमप्रतिपाति, वेदवत्, यथा पुरुषवेदादिरापुरुषादिपर्यायं तिष्ठति तथेदमपीति ।**

**मनोमात्रसाक्षात्कारि मनःपर्यवज्ञानम् । मनःपर्यायानिदं साक्षात्परिच्छेत्तुमलम्, बाह्या-**

---

क्वचिद्धीयमानं, हीयमानं च क्वचिद् वर्धमानं भवेत्। अनुगाम्यपि क्वचिद्वर्धमानादिलक्षणमेवमनानुगाम्यपि क्वचिद् वर्धमानं क्वचिद्धीयमानमित्यादिकं यथागममूहनीयं।

**'वेदवदि'ति** → वेदोदयस्य नवमगुणस्थानकस्यान्ते विच्छेदाद् वेदोदयवदिति परित्यज्य वेदवदित्युक्तम्।

**'मनोमात्रसाक्षात्कारि मनःपर्यवज्ञानम्'** → मनो द्विविधं - द्रव्यमनो भावमनश्च, तत्र मनोवर्गणा जीवेन गृहीताः सत्यो मन्यमानाश्चिन्त्यमाना द्रव्यमनोऽभिधीयते। भावमनस्तु ज्ञानरूपम्। साक्षात्कारापेक्षयेह द्रव्यमनः पौद्गलिकं परिगृह्यते, ज्ञप्तिसामान्यापेक्षया खलु स्याद् भावमनसोऽपि परिग्रहः, अनुमानतस्तदवगमात्। केवलज्ञानमपि वक्ष्यमाणस्वरूपं सकलविषयकत्वेन मनोद्रव्याण्यवगन्तुमलम्, अवधिरपि कश्चिद् रूपिद्रव्यविषयकत्वेन, द्रव्यमनसश्च मनोवर्गणापुद्गलपरिणामात्मकतया रूपित्वान्मनोद्रव्याणि परिच्छेत्तुमलम् स्यादतोऽतिव्याप्तिरापद्येत, तन्निराकरणाय 'मात्र'पदोपादानम्। **ननु** मनश्चिन्तितबाह्यवस्त्वाकारेण परिणतं जानानो मनःपर्यवज्ञानी मनसि स्वाकाराधायकं चिन्तनीयं बाह्यवस्त्वपि जानीत एवेति कुत आयातं मनोद्रव्यमात्रसाक्षात्कारित्वं मनःपर्यवज्ञानेऽपि, मनोभिन्नचिन्तनीयबाह्यवस्तुनोऽपि तत्रावगमादिति अव्याप्त्याशङ्कापनोदायाह- **'मनःपर्यायानिति'**। **अयमभिप्रायः** इह मनस्त्वपरिणतैः स्कन्धैरालोचितं बाह्यमर्थं घटादिलक्षणं साक्षादध्यक्षतो मनःपर्यवज्ञानी न जानाति, किन्तु मनोद्रव्याणामेव

---

આ જ્ઞાનને વેદ સાથે સરખાવ્યું છે. પુરુષવેદાદિ જેમ પુરુષાદિ પર્યાય રહે ત્યાં સુધી રહે છે. (એટલે કે ચરમશરીરીને પુરુષાદિપર્યાયનો સંપૂર્ણનાશ ચૌદમા ગુણસ્થાનકના અંતે થાય ત્યાં સુધી, અથવા અચરમશરીરીને મૃત્યુ સુધી (એટલે કે અન્યવેદયુક્તપર્યાય ઉત્પન્ન ન થાય ત્યાં સુધી રહે છે) તેમ, પ્રસ્તુત અવધિજ્ઞાન પણ કેવળજ્ઞાન કે મૃત્યુ સુધી અવશ્ય ટકી રહે છે.

### * મનઃપર્યવજ્ઞાનનું નિરૂપણ *

હવે યથાક્રમ મનઃપર્યવજ્ઞાનનું નિરૂપણ કરે છે. મનઃપર્યવજ્ઞાનનું લક્ષણ જણાવે છે. 'માત્ર મનનું (દ્રવ્યમનનું) જ જ્ઞાન કરે તેને મનઃપર્યવજ્ઞાન કહેવાય છે.' (લક્ષણમાં 'માત્ર' પદ અવધિ-કેવળજ્ઞાનમાં અતિવ્યાપ્તિનું વારણ કરવા માટે મૂક્યું છે.) આ જ્ઞાન મનના પર્યાયોને અર્થાત્, જીવે મનરૂપે પરિણમાવેલા મનોવર્ગણાના પુદ્ગલોને જ જાણવામાં સમર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જીવને વિચાર કરવા માટે મનોવર્ગણાના પુદ્ગલોનો સહારો લેવો પડે છે. ગૃહીત થયેલા તે પુદ્ગલોને જીવ મનરૂપે પરિણમાવે છે. મનરૂપે પરિણમેલા આ પુદ્ગલોને 'દ્રવ્યમન' કહેવાય છે. દ્રવ્યમન સ્વરૂપ પુદ્ગલોનો અમુક નિયત આકાર જોઈને પછી તે જ્ઞાની એવું અનુમાન કરે છે કે આ વ્યક્તિએ અમુક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**नर्थान् पुनस्तदन्यथाऽनुपपत्त्याऽनुमानेनैव परिच्छिनत्तीत्ति द्रष्टव्यम् । तद् द्विविधमृजुमति-विपुलमतिभेदात् । ऋज्वी सामान्यग्राहिणी मतिः ऋजुमतिः । सामान्यशब्दोऽत्र विपुलमत्य-**

तथारूपपरिणामान्यथानुपपत्तितोऽनुमानतो जानाति, आह च **भाष्यकृदपि** *'जाणइ बज्झेणुमाणेणं'*[१] **(विशे.भा.गा.८१४)**। प्रयोगश्चात्रेत्थं द्रष्टव्यः चिन्तकस्य मनसोऽयं घटाद्याकारपर्यायः चिन्तनीयबाह्यवस्तुजनितः, तदाकारपर्यायत्वात्, यो हि यदाकारपर्यायः स तद्वस्तुजनितो यथा स्फटिके जपाकुसुमरक्ताकारपर्यायो जपाकुसुमजनितः। इत्थञ्चैतदङ्गीकर्तव्यं, यतो मूर्तद्रव्यालम्बनमेवेदं मनःपर्यवज्ञानमिष्यते, मन्तारस्त्वमूर्तमपि धर्मास्तिकायादिकं जीवादिकं वा मन्येरन्। ततोऽनुमानत एव चिन्तितमर्थमवबुध्यते नान्यथेति प्रतिपत्तव्यम्। अत एव लक्षणवाक्ये मनोमात्रज्ञानत्वमपहाय मनोमात्रसाक्षात्कारित्वमुक्तमिति नाव्याप्तिरिति भावः। **'सामान्यग्राहिणीति** → अस्यां च व्युत्पत्तौ स्वतन्त्रमेव ज्ञानमभिधेयं, यदा पुनस्तद्वानभिधेयो विवक्ष्यते तदैवं व्युत्पत्तिः-ऋज्वी = सामान्यग्राहिणी मतिरस्येति ऋजुमतिः, तथा विपुला = विशेषग्राहिणी मतिरस्येति विपुलमतिः। सामान्यग्रहणं च यथा 'घटोऽनेन चिन्तित' इत्यादिसामान्याकाराध्यवसायनिबन्धनभूत-कतिपयपर्यायविशिष्टमनोद्रव्यपरिच्छित्तिलक्षणं। विशेषग्रहणं च यथा 'स च घटः सौवर्णः, पाटलिपुत्रकोऽद्यतनो महानपवरकस्थितो फलपिहित' इत्याद्यध्यवसायहेतुभूत-प्रभूतविशेषविशिष्टमनोद्रव्यपरिच्छित्तिलक्षणं। **एतेन** 'मतिपदं ज्ञानपरं, ज्ञानस्य च ऋजुत्वं विपुलत्वं चायुक्तं, *'निर्गुणा गुणाः'* **(तत्त्वार्थ.५/४०)** इति वचनात्, मूर्तेषु चैष व्यवहारः, 'ऋज्वी विपुला चाङ्गुलिरिति, ज्ञाने त्वमूर्ते एतत्कल्पना न साधीयसीति **अपहस्तितं** द्रष्टव्यं, ग्राह्यनिष्ठाया ऋजुताया विपुलतायाश्चैव ग्रहणात्, तथैव च ज्ञानस्य तथाव्यपदेशाद् या मतिः सामान्यं गृह्णाति सा ऋज्वी, विशेषं गृह्णतीति च विपुलेत्यर्थः। सामान्यपदमप्यत्र स्तोकाभिधायि ज्ञेयमन्यथा मनःपर्यायदर्शनप्रसङ्गात्, अतो विशेषमेव गृह्णन्त्यपि सा एकं द्वौ वा गृह्णन्ती प्रवर्तते, विपुलमतिश्च विपुलान् विशेषान् गृह्णन्ती प्रवर्तते। अतः विशुद्धिकृतो विशेषोऽस्य दर्शितो भवति। अस्ति हि अन्यदपि वैलक्षण्यमनयोः तथाहि - ऋजुमतिश्च प्राप्त्यनन्तरं कस्यचित् प्रमादादिवशतः प्रतिपतेदपि, विपुलमतिश्च आकेवलप्राप्तेः तिष्ठति। उक्तं च - *'विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः'* **(तत्त्वा.१/२५)**

**'मनःपर्यायदर्शनप्रसङ्गादि'ति** → **ननु** कथं मनःपर्यायदर्शनं निषिद्ध्यते ? आगमानुरोधेनेति **चेत्**, आगमे तदभिहितमेव तथा हि - *'सन्निपंचेंदिआणं पज्जत्तयाणं मणोगए भावे जाणइ पासइ'*[२]

વસ્તુનો વિચાર કર્યો છે, અન્યથા આ દ્રવ્યમનનો આવો આકાર જે જોવા મળે છે તે અસંગત બની જાય' અહીં એટલો ખ્યાલ રાખવો કે આ અનુમાન તો મતિ-શ્રુતજ્ઞાનાત્મક થશે. મનઃપર્યવજ્ઞાન તો દ્રવ્યમનનો (પુદ્ગલોનો) જે સાક્ષાત્કાર કર્યો તેને જ કહેવાય. આના બે ભેદ છે.

(૧) **ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન :** આ સામાન્યગ્રાહી હોય છે. અહીં 'સામાન્ય' પદનો અર્થ એવો સમજવો કે 'વિપુલમતિની અપેક્ષાએ અલ્પવિષયોનું ગ્રહણ કરે છે,' બાકી તો આ પણ વિશેષગ્રાહી જ છે, પણ ફરક એટલો કે વિપુલમતિની અપેક્ષાએ અલ્પવિશેષોનું ગ્રહણ કરે. જો આને

१. जानाति बाह्यानुमानेन । २. संज्ञिपञ्चेन्द्रियाणां पर्याप्तानां मनोगतान् भावान् जानाति पश्यति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पेक्षयाऽल्पविशेषपरः, अन्यथा सामान्यमात्रग्राहित्वे मनःपर्यायदर्शनप्रसङ्गात् । विपुला विशेषग्राहिणी मतिर्विपुलमतिः । तत्र ऋजुमत्या घटादिमात्रमनेन चिन्तितमिति ज्ञायते, विपुलमत्या तु पर्यायशतोपेतं तत् परिच्छिद्यत इति । एते च द्वे ज्ञाने विकलविषयत्वाद्विकलप्रत्यक्षे**

**(नंदिसूत्र पृ.१०८)** अत्र ज्ञानापेक्षया जानातीत्युक्तं दर्शनोपेक्षया च पश्यतीति कुत्रागमविरोधो मनःपर्यायदर्शन इति **चेत्, न,** अभिप्रायानवगमात्, मनःपर्यायज्ञानी मनोद्रव्यरूपेण परिणतान् पुद्गलान् तद्गतान् वर्णादिभावाँ-श्चैव साक्षादवबुध्यतेऽतो जानातीत्युच्यते, चिन्तितं बाह्यमर्थं त्वनुमानत एव, अतस्तदपेक्षया पश्यतीत्युच्यते तत्र मनोनिमित्तस्याचक्षुर्दर्शनस्य सम्भवात्, आह च **चूर्णिकारः**- *सण्णिणा मणत्तेणं मण्णिते मणोखंधे अणंते अणंतपदेसिए दव्वट्ठताए तग्गए य वण्णादिए भावे मणपज्जवणाणेणं पच्चक्खं पेक्खमाणो जाणइत्ति भणितं, मुणियत्थं पुण पच्चक्खं णो पेक्खइ, जेण मणोदव्वालंबणं मुत्तममुत्तं वा सो य छउमत्थो तं अणुमाणओ पेक्खइ, अतो पासणिया भणिया'*[1] इति। **अथवा,** सामान्यत एकरूपेऽपि ज्ञाने क्षयोपशमस्य तत्तद्द्रव्याद्यपेक्ष्य वैचित्र्यसम्भवादनेकविध उपयोगः सम्भवति, यथाऽत्रैव ऋजुमतिविपुलमतिरूपः, ततो विपुलमत्यावगतविशिष्टतरमनोद्रव्याकारपरिच्छेदापेक्षया जानातीत्युच्यते, ऋजुमत्यावगतसामान्यमनोद्रव्याकारपरिच्छेदापेक्षया तु पश्यतीति, तथा चाह **चूर्णिकृद्** - *'अहवा छउमत्थस्स एगविहखओवसमलंभेऽवि विविहोवओगसंभवो भवइ, जहा एत्थेव ऋजुमइविपुलमईणं उवओगो, अओ विसेससामन्नत्थेसु उवजुज्जइ जाणइ पासइत्ति भणियं न दोसो'*[2] इति। अत्र 'एगविहखओवसमलंभेऽवि'त्ति सामान्यत एकरूपेऽपि क्षयोपशमलम्भेऽपान्तराले द्रव्याद्यपेक्षया क्षयोपशमस्य वैचित्र्यसम्भवाद्विविधोपयोगसम्भवो भवतीति ज्ञेयम्। यथैव हि अग्रेतनापायापेक्षया प्राक्तनस्यापायस्य विशेषविषयकस्यापि व्यवहारतोऽवग्रहत्वं समर्थितं पूर्वं, निश्चयेन च एकसामयिक एवावग्रह पुनः प्रत्यपादि तद्वदत्रापि विशिष्टतरमनोद्रव्याकारच्छेदो व्यवहारनयेन दर्शनरूपोऽपि निश्चयेन पुनः सोऽपि ज्ञानमेव न दर्शनं, यतः सामान्यरूपमपि मनोद्रव्याकारप्रतिनियतमेव पश्यति, प्रतिनियतविशेषग्रहणात्मकं च ज्ञानं न दर्शनमत एव सूत्रेऽपि दर्शनचातुर्विध्यमेवावलोक्यते, न पञ्चविधमपि, मनःपर्यायदर्शनस्य

સામાન્યમાત્રગ્રાહી માનો તો આને 'જ્ઞાન' ન કહેતા 'મનઃપર્યવદર્શન' કહેવું પડશે. કારણ કે જ્ઞાન વિશેષગ્રાહી હોય છે જ્યારે દર્શન સામાન્યગ્રાહી હોય છે. અને આવું માનવાથી અપસિદ્ધાન્ત દોષ આવે કારણ કે જૈન સિદ્ધાન્તમાં મનઃપર્યવ દર્શન માન્યું નથી.

(૨) **વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન :** ઋજુમતિ કરતા આ અધિક વિશેષગ્રાહી હોય છે. ઋજુમતિમાં જો 'તેણે ઘડાનો વિચાર કર્યો' એટલું જ જણાય તો વિપુલમતિમાં 'તેણે અમદાવાદી લાલ ઘડાનો વિચાર કર્યો' ઈત્યાદિ જણાય.

અવધિજ્ઞાન માત્ર રૂપીદ્રવ્યવિષયક જ છે જ્યારે મનઃપર્યવજ્ઞાન તો માત્ર મનોવિષયક જ છે.

१. सञ्ज्ञिना मनस्त्वेन परिणतान् मनःस्कन्धाननन्तान् अनन्तप्रादेशिकान् द्रव्यार्थतया तद्गतांश्च वर्णादिकान् भावान् मनःपर्यवज्ञानेन प्रत्यक्षं प्रेक्षमाणो जानातीति भणितं, ज्ञातमर्थं पुनः प्रत्यक्षं न प्रेक्षते येन मनोद्रव्यालंबनं मूर्तममूर्तं वा, स च छद्मस्थस्तमनुमानतः प्रेक्षते, अतः पश्यत्ता भणिता । २. अथवा छद्मस्थस्य एकविधक्षयोपशमलाभेऽपि विविधोपयोगसम्भवो भवति, यथात्रैव ऋजुमतिविपुलमत्योरुपयोगः अतो विशेषसामान्यार्थेषूपयुज्यते जानाति पश्यतीति भणितं, न दोषः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परिभाष्येते** ।

**निखिलद्रव्यपर्यायसाक्षात्कारि केवलज्ञानम् । अत एवैतत्सकलप्रत्यक्षम् । तच्चावरणक्षयस्य हेतोरैक्याद्भेदरहितम् । आवरणं चात्र कर्मैव, सर्वविषयेऽप्रवृत्तिमतोऽस्मदादिज्ञानस्य सावरणत्वात्, असर्वविषयत्वे व्याप्तिज्ञानाभावप्रसङ्गात्, सावरणत्वाभावेऽस्पष्टत्वानुपपत्तेश्च । आवरणस्य**

---

परमार्थतोऽसम्भवात्। **व्याख्याप्रज्ञप्तौ** आशीविषोद्देशके मनःपर्यवज्ञाने चक्षुरचक्षुलक्षणे द्वे दर्शने, यो हि ज्ञानचतुष्टयवांस्तस्यावधिसमेतानि त्रीणि दर्शनानि प्रोक्तानि। **प्रज्ञापनायां** च त्रिंशत्तमपदे मनःपर्यवज्ञानस्य प्रकृष्टेक्षणलक्षणा साकारोपयोगविशेषरूपा पश्यत्ता प्रोक्ता, तयैवासौ 'मनःपर्यवज्ञानी पश्यती'ति व्यपदिश्यत इति न किञ्चिन्मनःपर्यवज्ञानसमनियतं दर्शनमतिरिच्यत इति दिक्। विस्तरार्थिना तु **आवश्यकभाष्यज्ञानबिन्द्वादिकग्रन्था** अवलोकनीयाः। द्विविधमपीदं मनःपर्यायज्ञानमामर्शौषध्यादिलब्धिप्राप्तस्य सङ्ख्येयवर्षायुष्कस्य अप्रमत्तयतेरेव समुत्पद्यते, अवधिमन्तरेणापि च तदुत्पद्येतेति प्रकृतेऽनुक्तमपि किञ्चिदधिकं ग्रन्थान्तरावसितं ज्ञेयम्।

'**आवरणञ्चे**'ति → अस्मादृशां चर्मचक्षुर्भृतां ज्ञानमपि स्वभावतोऽशेषार्थविषयकमेव तथापि यत्किञ्चित्प्रकाशयति किञ्चिच्च न, तत्र सावरणत्वमेव निबन्धनम्। अस्पष्टतयाऽस्मदादिज्ञानमपि सर्वार्थग्राहकं, कथमन्यथा 'इदं वाच्यं प्रमेयत्वादि'त्यादौ यद्यत्प्रमेयं तत्तद्वाच्यमित्येवं प्रमेयत्वावाच्यत्वयोः सर्वोपसंहारेण व्याप्तिग्रहः स्यात्। तथा वह्निमान् धूमादित्यादावपि कथं कालान्तरीयदेशान्तरीयधूमवह्निव्यक्त्युपसंहारेण व्याप्तिग्रहो युज्येतेति ज्ञानमात्रस्य सर्वविषयत्वम्। एवमपि यत्नविशेषतः स्वविषये प्रवृत्तिस्तत्रावरणमेव तन्त्रम्।

---

આમ વિકલવિષયક હોવાથી (એટલે કે, કેવળજ્ઞાનની જેમ સકલવિષયક ન હોવાથી) આ બંને જ્ઞાનનું 'વિકલ પ્રત્યક્ષ' એવું પણ પારિભાષિક નામ છે.

## * કેવળજ્ઞાનનું નિરૂપણ *

ક્રમપ્રાપ્ત કેવળજ્ઞાનનું લક્ષણ જણાવે છે. ત્રણે કાળના સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોનો એક સાથે સાક્ષાત્કાર કરે તે કેવળજ્ઞાન કહેવાય. આ જ્ઞાન સર્વદ્રવ્યવિષયક હોવાથી જ તેને 'સકલપ્રત્યક્ષ' કહે છે. જ્ઞાનાવરણકર્મનો સંપૂર્ણ ક્ષય એ કેવળજ્ઞાનનો એકમાત્ર હેતુ છે. અહીં કારણો અનેક ન હોવાથી કેવળજ્ઞાનરૂપ કાર્યમાં ભેદ નથી. મત્યાદિ ચારમાં સ્વઆવારકકર્મનો ક્ષયોપશમ એ કારણ છે. ક્ષયોપશમમાં ન્યૂનાધિકતા હોય છે. તેથી મત્યાદિ ચાર જ્ઞાનમાં પણ તરતમતા રહેવાથી તેના ભેદ પડે છે. જ્યારે અહીં તો કર્મક્ષયને કારણ કહ્યું છે. ક્ષય એટલે ક્ષય. તેમાં કોઈ ન્યૂનાધિકતા હોતી નથી. તેથી કેવળજ્ઞાન 'એક' જ છે. જ્ઞાનનું આવરણ કર્મ જ છે કે જેના લીધે પ્રત્યક્ષયોગ્ય વસ્તુનું પણ જ્ઞાન ન થઈ શકે એવું બને. ભીંત વગેરે તો એવા આવરણો છે કે જે વ્યવહિત વસ્તુના જ્ઞાનનો જ પ્રતિબંધ કરી શકે પણ કર્મ એક એવું આવરણ છે કે જે બાજુમાં પડેલી વસ્તુના જ્ઞાનનો પણ પ્રતિબંધ કરી શકે અને આ આવરણનો ક્ષયોપશમ કે સંપૂર્ણ ક્ષય થઈ જાય તો ક્ષેત્રથી કે કાલથી વ્યવહિત વસ્તુનું પણ જ્ઞાન થઈ શકે. આપણા સહુનું જ્ઞાન પણ આમ તો સર્વપદાર્થવિષયક જ છે. પરંતુ તેમાંથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**च कर्मणो विरोधिना सम्यग्दर्शनादिना विनाशात् सिद्ध्यति कैवल्यम् ।**

**'योगजधर्मानुगृहीतमनोजन्यमेवेदमस्तु' इति केचित्; तन्न; धर्मानुगृहीतेनापि मनसा पञ्चेन्द्रियार्थज्ञानवदस्य जनयितुमशक्यत्वात् ।**

'**योगजधर्मेति** → योगाभ्यासजनितधर्मविशेषसहकृतमनसा योगिनोऽशेषार्थविषयकं ज्ञानं प्रादुरस्ति तदेव कैवल्यमिति **वैशेषिकादयः** प्राहुः। **तन्नो**पपत्तिमद्, यतोऽणुपरिमाणस्य मनसोऽशेषार्थैः समं युगपत्सम्बन्धाभावः, तज्ज्ञानजनकत्वासम्भवात्। अन्यथा दीर्घशष्कुलीभक्षणादौ युगपच्चक्षुरादिभिर्मनसः सम्बन्धप्रसक्तेः रूपादिज्ञानपञ्चकस्य युगपदुत्पत्तिप्रसङ्गाद् *'युगपज्ज्ञानानुत्पत्तिर्मनसो लिङ्गमि'*ति **(गो.सू.१/१/४)** सूत्रं विरुद्ध्येत। अन्यत्र क्रमशस्तद्दर्शनादत्रापि क्रमकल्पनाऽस्तु, तथा च कथमस्य सकलज्ञता, निखिलपदार्थकोटेरानन्त्येन भवसहस्रकोटिभिरपि क्रमिकज्ञानविषयत्वासम्भवात्। **किञ्च,** योगजधर्मानुग्रहेऽपि इन्द्रियैर्मनसा वा न स्वविषयव्यतिरेकेण प्रवर्तनं, पञ्चेन्द्रियकल्पनावैयर्थ्यप्रसङ्गात्।

પોતાના અમુક વિષયને જ તે સ્પષ્ટ રીતે જણાવી શકે છે અને શેષ વિષયોને જણાવી શકતું નથી તેથી જણાય છે કે આપણું જ્ઞાન સાવરણ છે.

**પ્રશ્ન :** ''આપણું જ્ઞાન પણ સર્વપદાર્થવિષયક છે. પણ, સાવરણ હોવાથી જ સર્વપદાર્થોનો સ્પષ્ટ બોધ કરાવી શકતું નથી'' આવું શાના આધારે કહો છો ?

**ઉત્તર :** આપણું જ્ઞાન પણ અત્યંત અસ્પષ્ટ રીતે તો સર્વપદાર્થોને ગ્રહણ કરે જ છે, શેષને નહીં, તેમાં સાવરણત્વ જ કારણ બને છે. જો આપણું જ્ઞાન અસ્પષ્ટ રીતે પણ સર્વ પાદર્થોને ગ્રહણ ન કરતું હોય તો વ્યાપ્તિજ્ઞાન થઈ નહીં શકે. 'इदं वाच्यं ज्ञेयत्वात्' આવી અનુમિતિમાં 'यत्र यत्र ज्ञेयत्वं तत्र तत्र वाच्यत्वं' (અર્થાત્ यद् यद् ज्ञेयं तत्तद् वाच्यं એવું જ્ઞાન શી રીતે થઈ શકે ? કારણ કે આ વ્યાપ્તિ સર્વપદાર્થોને વિષય બનાવે છે તેથી આપણું જ્ઞાન પણ અસ્પષ્ટ રીતે તો બધા જ પદાર્થોને ગ્રહણ કરે છે એમ માનવું જ પડે. (**પ્રશ્ન :** જો આપણું જ્ઞાન અસ્પષ્ટ રીતે ય સર્વ પદાર્થોને જણાવતું હોય તો પછી કોઈ તદ્દન નવા પદાર્થને જોતા 'અહો ! આ તો પહેલી જ વાર જોયો' એવી અપૂર્વતાની બુદ્ધિ કેમ થાય છે? **ઉત્તર :** તદ્દન નવી વસ્તુને જોતી વખતે પણ તેમાં વસ્તુત્વનો બોધ કંઈ નવો નથી થતો. તે તો પૂર્વે થયેલો જ હતો. માત્ર તે વસ્તુના વિશેષાંશોનો બોધ જ પહેલીવાર થતો હોય છે અને માટે જ અપૂર્વતાની ઉક્ત બુદ્ધિ થાય છે. જો પૂર્વે અસ્પષ્ટ રીતે પણ તે પદાર્થ જણાયેલો ન હોત તો પછી તે પદાર્થને જોતી વખતે 'અહો ! આ તો કંઈક વસ્તુ લાગે છે ! અવસ્તુ નહીં' એમ થવું જોઈતું હતું. પણ એવું થતું નથી તેથી જણાય છે કે પૂર્વે તે વસ્તુ અસ્પષ્ટ રીતે (વસ્તુત્વેન) તો જ્ઞાત હતી જ માત્ર વિશેષરૂપે જ પહેલીવાર જણાઈ.) માત્ર આપણું જ્ઞાન સાવરણ હોવાથી સ્પષ્ટ રીતે જણાવતું નથી. જો સાવરણ ન હોય તો અસ્પષ્ટ ઉલ્લેખ કેમ થાય ? સ્પષ્ટ ઉલ્લેખ જ થઈ જાત ને ! પણ સ્પષ્ટ ઉલ્લેખ થતો નથી. તેથી સાવરણ છે એમ માનવું જ પડે. અને આવરણ તો સ્વવિરોધી વસ્તુથી હણાઈ જાય છે. કર્મરૂપ આવરણ પણ સ્વવિરોધી સમ્યગ્દર્શનાદિ દ્વારા વિનષ્ટ થાય છે અને આત્માનું સત્તાગત આવરાયેલું સંપૂર્ણજ્ઞાન પ્રગટ થાય છે. આ જ કેવળજ્ઞાન છે.

**પૂર્વપક્ષ :** કર્માવરણ દૂર થતા કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એવું માનવા કરતા યોગાભ્યાસ જનિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**'कवलभोजिनः कैवल्यं न घटते' इति दिक्पटः तन्न; आहारपर्याप्त्यसातवेदनीयोदयादिप्रसूतया कवलभुक्त्या कैवल्याविरोधात्, घातिकर्मणामेव तद्विरोधित्वात् । दग्धरज्जुस्थानीयात्तत्तो न तदुत्पत्तिरिति चेत्; नन्वेवं तादृशादायुषो भवोपग्रहोऽपि न स्यात् । किञ्च,**

---

अनुगृहीतेनैकेनेन्द्रियेण मनसैव वा सकलार्थग्रहणासम्भवात्। यथा च न पञ्चेन्द्रियार्थज्ञानजनने मनसोऽनुगृहीतस्यापि केवलस्य सामर्थ्यं तद्वन्न मनसः केवलज्ञानजनने सामर्थ्यं समस्ति।

**'दिक्पटः'** इति **दिगम्बर** इत्यर्थः। **तेषामयमाशयः** → 'केवलिनः कवलाहारो न सम्भवति, कैवल्यान्यथानुपपत्तेः'। निराकरोति **'तन्न'** इत्यादिना। आहारपर्याप्तिः = शक्तिविशेषो, यस्य कर्मणो बलादाहारं कर्तुं, खलरसादितया तं परिणन्तुं प्रभवति जीवस्तदाहारपर्याप्तिनामकर्म तस्य, असातवेदनीयकर्मणश्चोदयादिप्रभवा कवलभुक्तिः। सा च कथं कैवल्यविरोधिनी स्यात्, घातिकर्मणामेव तद्विरोधित्वात्, तेषां च विनष्टत्वेन अज्ञानादिघातिकर्मोद्भवदोषासम्भवात्, क्षुधा च वेदनीयोद्भवतया न कैवल्यविरोधिनी येन कवलभुक्त्या कैवल्यानुपपत्तिः स्यात्। **अथ** भगवतां वेदनीयं कर्म सदपि दग्धरज्जुस्थानिकमिति

---

ધર્મવિશેષની સહાય મનને મળે ત્યારે તે બળવાન મન જ સકલ પદાર્થોનું જ્ઞાન કરશે. આ મનોજન્યજ્ઞાન જ કેવળજ્ઞાન છે. (આવું **વૈશેષિકાદિ** કહે છે.)

**ઉત્તરપક્ષ :** આ વાત પણ બરાબર નથી. કારણ કે યોગજ ધર્મથી સહકૃત મનથી પણ જેમ પાંચે ય ઈન્દ્રિયોના વિષયોનું ગ્રહણ થઈ શકતું નથી તેમ કેવળજ્ઞાન પણ થઈ શકતું નથી. તેથી સ્વાવારકકર્મના સંપૂર્ણક્ષયથી ઉત્પન્ન થતું અને આત્મદ્રવ્ય સિવાય બીજા કોઈની અપેક્ષા વિના જ સર્વપદાર્થાવબોધક બની શકતું કેવળજ્ઞાન માનવું જ ઉચિત છે.

### * કેવળજ્ઞાનનો કવલાહાર સાથે અવિરોધ *

કેવળજ્ઞાનનું નિરૂપણ કર્યા બાદ સપ્રસંગ કેવળજ્ઞાન અને કવલાહાર વચ્ચે વિરોધ માનનારા દિગમ્બર મતના નિરાકરણપૂર્વક તે બે વચ્ચેનો અવિરોધ પ્રસ્થાપિત કરે છે.

**દિગમ્બર :** કવલાહાર કરનારને કૈવલ્ય સંભવી ન શકે. કેવળજ્ઞાની કવલાહાર કરે નહીં.

**શ્વેતામ્બર :** તમારી વાત બરાબર નથી. કારણ કે આહારપર્યાપ્તિ નામકર્મ, અશાતા વેદનીય કર્મના ઉદય વગેરેના કારણે જેમ આપણે કવલાહાર કરીએ તેમ કેવળી ભગવંત પણ કરે તેમાં કોઈ બાધ નથી. કવલાહાર અને કેવળજ્ઞાનને પરસ્પર વિરોધ નથી. કેવળજ્ઞાનનું વિરોધી તો માત્ર ઘાતિકર્મ જ છે. અશાતાવેદનીયાદિ તો અઘાતિ કર્મ છે. તેને કેવળજ્ઞાન સાથે વિરોધ નથી.

**દિગમ્બર :** યદ્યપિ અશાતા વેદનીયાદિનો ઉદય કેવળજ્ઞાનીને પણ હોય છે. પરંતુ કેવળજ્ઞાનરૂપ પ્રચંડ અગ્નિના તાપથી તે અઘાતિ કર્મો બિચારા બળેલા દોરડા જેવા થઈ ગયા હોય છે. બળેલું દોરડું હાજર હોવા છતાં પણ જેમ કોઈ કામમાં આવી શકતું ન હોવાથી નામનું જ હોય છે તેમ કેવળીનું અશાતાવેદનીય કર્મ પણ ઉદિત થવા છતાં ય પોતાનો વિપાક બતાવી શકતું નથી.

**શ્વેતામ્બર :** જો એવું માનો તો પછી આયુષ્યકર્મ પણ દગ્ધરજ્જુસ્થાનીય હોવાથી તેનો ઉદય હોવા છતાં ય તેના વિપાકરૂપે સંસારમાં સ્થિતિ નહીં રહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**औदारिकशरीरस्थितिः कथं कवलभुक्तिं विना भगवतः स्यात् । अनन्तवीर्यत्वेन तां विना तदुपपत्तौ छद्मस्थावस्थायामप्यपरिमितबलत्वश्रवणाद् भुक्त्यभावः स्यादित्यन्यत्र विस्तरः । उक्तं प्रत्यक्षम् ।**

**अथ परोक्षमुच्यते अस्पष्टं परोक्षम् । तच्च स्मरण-प्रत्यभिज्ञान-तर्का-ऽनुमाना-ऽऽगमभेदतः पञ्चप्रकारम् । अनुभवमात्रजन्यं ज्ञानं स्मरणं, यथा तत् तीर्थकरबिम्बम् । न चेदमप्रमाणम्,**

---

न तज्जठराग्निप्रज्वालनायालमिति कथं कवलभुक्तिसम्भव इति **चेत्, न,** तद्दग्धरज्जुस्थानिकत्वप्रवादस्याप्रामाणिकत्वात्, तदुक्तं **सूत्रकृताङ्गवृत्तौ** - *'यदपि दग्धरज्जुस्थानिकत्वमुच्यते वेदनीयस्य तदप्यनागमिकमयौक्तिकं च'*। युक्तिवैकल्यं स्वयमेव दर्शयति '**आयुषोऽपी**'त्यादिना, शेषं स्पष्टार्थकम्। विस्तरार्थिना **अध्यात्ममतपरीक्षा-केवलीभुक्तिद्वात्रिंशिकादि**कमवलोकनीयम्।

'**अनुभवमात्रजन्यमिति** → मात्रपदं वक्ष्यमाणप्रत्यभिज्ञानभेदेऽतिव्याप्तिवारणार्थम्। ज्ञानपदं मतिभेद लक्षणे संस्कारेऽतिव्याप्तिवारणार्थं। संस्कारे चोपचरितमेव ज्ञानत्वमिति दर्शितं प्राक्। **ननु** *'वासनोद्बोधहेतुका*

---

**તાત્પર્ય :** આયુષ્યકર્મ બેડી જેવું હોવાથી જ્યાં સુધી તે કર્મ હોય ત્યાં સુધી જીવને તે ભવમાં અવસ્થિત રહેવું પડે છે. પરંતુ, તમારા મત મુજબ તો આયુષ્યકર્મ પણ દગ્ધરજ્જુસ્થાનીય થઈ ગયેલું હોવાથી તેનો વિપાક બતાવી શકવામાં અસમર્થ થઈ જશે અને માટે કેવલીભગવંતો કૈવલ્યપ્રાપ્તિ પછી તરત જ નિર્વાણ (મૃત્યુ) પામે એવું માનવાની આપત્તિ આવશે.

વળી, કવલાહારના આધારે જ ઔદારિકશરીર ટકી શકે છે એવો કાર્યકારણભાવ આપણા ઔદારિક શરીરમાં નિર્ણીત થઈ જાય છે. તેથી કેવળજ્ઞાની ભગવંતનું ઔદારિક શરીર પણ કવલાહાર વિના શી રીતે ટકી શકે એ પણ એક પ્રશ્ન છે.

**દિગમ્બર :** આપણું અનંતવીર્ય પ્રગટ્યું નથી માટે આપણે કવલાહાર લેવો પડે, જ્યારે કૈવાલ્યપ્રાપ્તિની સાથે જ અનંતવીર્ય (ક્ષાયિકવીર્ય) જેમનું પ્રગટ થઈ ગયું હોય તેવા કેવળજ્ઞાની ભગવંતોના ઔદારિક શરીર કવલાહાર વિના પણ ટકી શકે છે.

**શ્વેતામ્બર :** એમ તો ભગવાનનો જન્મ થાય ત્યારથી જ તેઓ અપરિમિત (અતીવ) બળવાળા હોય છે. જન્મજાત અંગુઠાના સ્પર્શમાત્રથી લાખ યોજન ઊંચો અચલ મેરુપર્વત ધ્રુજાવી દેવાનું અપ્રતીમ સામર્થ્ય ધરાવનારને છદ્મસ્થતામાં ય કવલાહાર અનાવશ્યક છે એમ જ માની લ્યો ને ! માટે કેવળજ્ઞાનીને કવલાહાર હોવામાં કોઈ બાધ નથી. આ વિષયનો વિસ્તાર અન્યત્ર (અધ્યાત્મમતપરીક્ષાદિમાં) કરેલો છે. આમ, અહીં સાંવ્યવહારિક-પારમાર્થિક બન્ને પ્રકારના પ્રત્યક્ષ પ્રમાણનું નિરૂપણ પૂર્ણ થયું.

## ✻ પરોક્ષપ્રમાણ-સ્મૃતિમાં પ્રામાણ્યની સિદ્ધિ ✻

પ્રત્યક્ષ પ્રમાણના નિરૂપણ પછી પરોક્ષપ્રમાણનું નિરૂપણ કરે છે. આ એક નવો અધિકાર શરૂ થાય છે તે સૂચવવા 'अथ' શબ્દ મૂક્યો છે. પરોક્ષજ્ઞાન પ્રત્યક્ષજ્ઞાનની અપેક્ષાએ અસ્પષ્ટ હોય છે. અસ્પષ્ટતા પરોક્ષપ્રમાણનું સામાન્યલક્ષણ છે. પરોક્ષપ્રમાણના પાંચ પ્રકાર છે. (૧)સ્મરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रत्यक्षादिवदविसंवादकत्वात् । अतीततत्तांशे वर्तमानत्वविषयत्वादप्रमाणमिदमिति चेत्;**

*तदित्याकारा स्मृतिः'* (**प्र.मी.२/३**), *'संस्कारप्रबोधसम्भूतमनुभूतार्थविषयं तदित्याकारवेदनं स्मरणमिति'* (**प्र.न.त.३/३**) इत्यादिना ग्रन्थान्तरे स्मृतेः संस्कारजन्यत्वमभिहितं, प्रकृतग्रन्थेऽपि 'स्मृतिहेतुः संस्कारः' इत्यादिना च स्मृतेः संस्कारजन्यत्वं प्रागभिहितमिदानीमत्रानुभवजन्यत्वमभिधीयत इति किमत्र तथ्यमिति **चेत्**, **शृणु**, अनुभवमात्रकरणं संस्कारद्वारकं ज्ञानं स्मरणमभिधीयते। यथा घटस्य तत्त्वतः चक्रभ्रमणजत्वेऽपि दण्डजत्वेऽभिधीयमाने न वास्तवः कश्चिद्विरोधस्तद्वदत्रापि बोध्यम्। **यद्वा**, स्मृतेरनुभवमात्रजन्यत्वं व्यवहारनयेन, संस्कारप्रबोधजन्यत्वं च निश्चयनयेनेति नयविभागकृतलक्षणवैलक्षण्यं न दोषकृदिति दिक्।

**'अतीततत्तांशे'** इति → **न्याय-वैशेषिक-साङ्ख्य-योग-मीमांसा-बौद्धादि**दर्शनानां स्मृतेरप्रमाणत्वम्। प्रधानमल्लोपमर्दनन्यायेनादौ **चिन्तामणिकार**मतमुपन्यस्य दूषयति। **चिन्तामणिकारो** हि *"यद्वा, 'स घटः' इति स्मृतौ तत्ताविशिष्टस्य वर्तमानता भासते... तत्र विशेष्यस्य विशेषणस्य वा वर्तमानत्वाभावात् स्मृतिरयथार्थेव'* (**प्रत्यक्षचिन्ता.**) इत्यादिना ग्रन्थेन 'स घटोऽस्ति' इत्यादिस्मृतौ तद्देशकालवर्तित्वरूपतत्ताविशिष्टे विशेष्यभूते घटे तद्देशकालवर्तित्वरूपे तत्तारूपविशेषणे वा वर्तमानकालीनास्तित्वावगाहितया, तत्र च तथाभूते विशिष्टे विशेषणे वा वार्तमानिकास्तित्वस्य बाधात् स्मृतेरयथार्थत्वं दर्शितवान्। प्रकृतग्रन्थकारस्तु **चिन्तामणि**काराङ्गीकृतं विशेषणे विशेष्यकालभाननियमं सार्वत्रिकत्वेनानभ्युपगम्य तन्नियमनियम्यं **चिन्तामणिकार**समर्थितं स्मृत्यथार्थत्वमपाकरोत्ति **'सर्वत्र विशेषणे विशेष्यकालभानानियमादि'**-त्यादिना। तथा च ग्रन्थकारमते 'स घटः' इत्यादौ अतीततत्तांशे वर्तमानकालवर्तित्वस्य भानाभावात्

---

(२)પ્રત્યભિજ્ઞાન (૩)તર્ક (૪) અનુમાન (૫) આગમ. આ અધિકારમાં આ પાંચે ય ભેદોનું ક્રમશઃ નિરૂપણ કરાશે. સૌ પ્રથમ સ્મરણનું લક્ષણ જણાવે છે. 'જે જ્ઞાન માત્ર અનુભવજ્ઞાનથી જ ઉત્પન્ન થાય છે તેને સ્મરણ કહેવાય છે.' દા.ત. 'તે જિનબિંબ'... (કે જે મે ગયા વર્ષે જોયેલું... ઇત્યાદિ પૂર્વે જાણેલા પદાર્થ વિશે વર્તમાનમાં આ જે જ્ઞાન થયું તેને સ્મરણ કહેવાય.) લક્ષણાંશમાં 'માત્ર' પદ ન કહે તો પ્રત્યભિજ્ઞાનમાં લક્ષણ અતિવ્યાપ્ત બને કારણ કે પ્રત્યભિજ્ઞાન (વક્ષ્યમાણ પ્રમાણભેદ) પણ અનુભવજન્ય તો છે જ. 'માત્ર' પદથી આ અતિવ્યાપ્તિનું વારણ થાય છે. કારણ કે પ્રત્યભિજ્ઞાન તો અનુભવ, સ્મૃતિ એ બન્નેથી જન્ય છે. અનુભવમાત્રજન્ય નથી. (**ન્યાય-વૈશેષિક-યોગ-સાંખ્ય-મીમાંસક-બૌદ્ધાદિ**દર્શનો સ્મૃતિને પ્રમાણ માનતા નથી. જ્યારે જૈનદર્શન તેને પ્રમાણ માને છે. તેથી ગ્રન્થકાર ન્યાયાદિ મતના નિરસનપૂર્વક તેમાં પ્રામાણ્યની સિદ્ધિ કરે છે. ગ્રન્થકાર સૌ પ્રથમ તત્ત્વચિંતામણિકાર ગંગેશ ઉપાધ્યાય (નવ્યનૈયાયિક) ના મતનું ખંડન કરે છે.)

### * સ્મૃતિ અંગે ગંગેશ ઉપાધ્યાયના મતનું ખંડન *

**પૂર્વ પક્ષ :** સ્મૃતિમાં વિષય બનતો પદાર્થ તો અતીતકાલીન (પૂર્વાનુભૂત) હોય છે અને સ્મૃતિમાં તો તે પદાર્થ જાણે કે વર્તમાનમાં વિદ્યમાન હોય એવી રીતે જણાય છે. 'स घटोऽस्ति' માં 'तत्' પદથી પૂર્વાનુભૂતનું જ ગ્રહણ કરાયું છે. तत्ता = તે પણું. આ વિશેષણ છે. તદ્દેશકાલવર્તિત્વરૂપ જે तत्ता (વિશેષણમાં) વર્તમાનકાલીન અસ્તિત્વનું અવગાહન થાય છે કે જે બાધિત છે. તેથી સ્મૃતિ અયથાર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**न; सर्वत्र विशेषणे विशेष्यकालभानानियमात् । अनुभवप्रमात्वपारतन्त्र्यादत्राप्रमात्वमिति चेत्; न; अनुमितेरपि व्याप्तिज्ञानादिप्रमात्वपारतन्त्र्येणाप्रमात्वप्रसङ्गात् । अनुमितेरुत्पत्तौ**

---

एकस्मिन्नेव घटात्मके धर्मिणि अतीततत्तायाः वर्तमानकालवर्तित्वस्य च स्वातन्त्र्येणैव भानान्न स्मृतेरयथार्थत्वमिति भावः। **अत्रायम्भावः** → 'जिनदत्तो धनवान् वर्तते' इत्यादिस्थलीयशाब्दबोधे जिनदत्ताधिकरणकालवर्तित्वस्य धनांशे, 'भुञ्जानाश्शेरते' इत्यादिस्थलीयशाब्दबोधे तु भोजनाधिकरणकालवर्तित्वस्य शयनांशे भासमानतया क्वचिद् विधेयांशे उद्देश्यसमानकालीनत्वस्य क्वचिच्च उद्देश्यतावच्छेदकसमानकालीनत्वस्य भानमिति सार्वत्रिको नियम**श्चिन्तामणिकार**स्याभिप्रेतः। परन्तु 'ब्राह्मणः श्रमणः' इत्यादिस्थलीयशाब्दबोधे ब्राह्मणत्वांशे श्रमणाधिकरणकालवर्तित्वस्य, श्रमणत्वाधिकरणतत्कालवर्तित्वस्य वा भानाभावात् नोक्तनियमस्य सार्वत्रिकत्वं, किन्तु प्रामाणिकप्रतीतिबलाद् यत्र यत्र विधेयांशे उद्देश्यकालीनत्वं उद्देश्यतावच्छेदककालीनत्वं वा भासते, तत्र तत्रैव उक्तनियमस्य प्रसरो न तु सर्वत्रेति ग्रन्थकाराभिप्रायः। **इत्थमेव** चानुभूतघृताधारपर्याये रिक्तघटे घृतघटव्यपदेशोऽपि सङ्गच्छते।

अन्यदीयप्रमात्वनिरपेक्षत्वे सत्येव प्रमात्वस्य प्रमाव्यवहारप्रयोजकतया स्मृतेर्यथार्थत्वेऽपि अनुभवप्रमात्वाधीनप्रमात्वशालितया न स्वातन्त्र्येण प्रमात्वमिति **उदयनाचार्यैः** समर्थितं **(न्यायकु.४/१)** स्मृत्यप्रमात्वमाशङ्कते '**अनुभवप्रमात्वपारतन्त्र्यादत्रे**'ति। प्रतिबन्द्या निराकरोति '**अनुमितेरपि**' इत्यादिना। **अयम्भावः** - अन्यदीयप्रमात्वनैरपेक्ष्यमात्रेण स्मृत्यप्रमात्वे समर्थयमाने विरतैव परोक्षप्रमाणकथा, यतः स्मृतेः प्राक्तनानुभवापेक्षेव, प्रत्यभिज्ञानस्य स्मरणानुभवापेक्षा, तर्कस्यानुभव-स्मरणाद्यपेक्षेति यत्किञ्चिदेतत्।

**कुमारिलभट्टस्तु** अनधिगतार्थाधिगन्तृत्वमेव प्रमाणलक्षणं मन्यमानस्तदभावादेव स्मृतेरप्रामाण्यं स्वीकुरुते,

---

છે. તાત્પર્ય એ છે કે તત્તા અંશમાં અતીતત્વ પ્રતીત હોવા છતાં પણ તેમાં વર્તમાનત્વ ભાસે છે તેથી સ્મૃતિ અયથાર્થ છે.

**ઉત્તર પક્ષ :** તમારી દલીલ બરાબર નથી. કારણ કે એવો સાર્વત્રિક નિયમ નથી કે જ્યારે જ્યારે કોઈ વિશિષ્ટબુદ્ધિ થાય ત્યારે વિશેષણમાં વિશેષ્યનો કાળ પણ ભેગો જણાવો જ જોઈએ. વિશેષણમાં અતીતત્વ અને વિશેષ્યમાં વર્તમાનત્વ એમ બન્ને સ્વતંત્ર રીતે જણાય છે તેથી સ્મરણને પ્રમાણ માનવામાં કોઈ વાંધો નથી. (જેમ કે નિવૃત્ત થઈ ગયેલા પ્રોફેસર માટે 'પ્રોફેસર જોશી' એવું બોલાય તો ત્યાં વિશેષણ = પ્રોફેસર અંશમાં અતીતકાલીનત્વ અને વિશેષ્ય = જોશી અંશમાં વર્તમાનત્વ નિર્બાધપણે જણાય જ છે. તેથી વિશેષણમાં વિશેષ્યનો કાળ પણ ભેગો જણાવો જ જોઈએ એવો નિયમ સાર્વત્રિક નથી. (આ રીતે **ગંગેશ ઉપાધ્યાયે તત્ત્વચિંતામણિ** (પ્રત્યક્ષખંડ)માં સ્મૃતિની પ્રમાણતાનું જે રીતે ખંડન કરેલું છે તેનું નિરસન થાય છે. હવે **પ્રાચીનનૈયાયિક ઉદયનાચાર્યના** મતનું નિરસન કરે છે. **ન્યાયકુસુમાંજલિ**ના ચોથા સ્તબકમાં તેમણે 'અનુભવના પ્રમાત્વને આધીન પ્રમાત્વવાળી' હોવાથી સ્મૃતિને અપ્રમાણ કહી છે.)

### ✻ સ્મૃતિ અંગે ઉદયનાચાર્યના મતનું નિરસન ✻

**પૂર્વ પક્ષ :** સ્મૃતિ અનુભવને આધીન છે. અર્થાત્, પૂર્વે અનુભૂતનું જ સ્મરણ થઈ શકે છે. વળી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परापेक्षा, विषयपरिच्छेदे तु स्वातन्त्र्यमिति चेत्, न, स्मृतेरप्युत्पत्तावेवानुभवसव्यपेक्षत्वात्, स्वविषयपरिच्छेदे च स्वातन्त्र्यात् । अनुभवविषयीकृतभावावभासिन्याः स्मृतेर्विषयपरिच्छेदेऽपि न स्वातन्त्र्यमिति चेत्; तर्हि व्याप्तिज्ञानादिविषयीकृतानर्थान् परिच्छिन्दत्या अनुमितेरपि प्रामाण्यं दूरत एव । नैयत्येनाऽभात एवार्थोऽनुमित्या विषयीक्रियत इति चेत्; तर्हि तत्तयाऽभात**

**तदपि** प्रलापमात्रं। निरूपितं चैतत् प्राग्। **किञ्च,** अनधिगतार्थाधिगन्तृत्वं द्रव्यार्थतयेष्यते पर्यायार्थापेक्षया वा? यद्याद्यः पक्षस्तर्हि दत्ता जलाञ्जलिरनधिगतार्थाधिगन्तृत्वाय, द्रव्यस्य त्रिकालावस्थायितया ज्ञानमात्रस्य गृहीतग्राहित्वापत्तेः। द्वितीयपक्षे तु का क्षतिः, पर्यायाणामपरापरक्षणविशिष्टनां ग्रहणे स्मृतेरगृहीतग्राहित्वानपायात्। **किञ्च,** निहितमन्त्रिताधीतादौ हानोपादानहेतोः परिच्छित्तिविशेषस्य प्राक्तनानुभवकालेऽसतोऽपि सद्भावः स्मरणकाले समस्ति। **एतेन** परिच्छित्तिविशेषाभावादप्रामाण्यं स्मृतेरित्यपि निरस्तम्।

**अत्राह जयन्तभट्टः** → *'न स्मृतेरप्रमाणत्वं गृहीतग्राहिताकृतम्, अपि त्वनर्थजन्यत्वं तदप्रामाण्यकारणम्'।* । **(न्यायमं.)** ज्ञायमानस्य विषयस्य स्मृतिकालेऽभावान्नार्थजन्यत्वं स्मृतेः, ततश्चाप्रामाण्यमिति

પૂર્વે થયેલો અનુભવ જો પ્રમારૂપ હોય તો જ તજ્જન્ય સ્મરણ પણ પ્રમારૂપ બની શકે છે. અનુભવ એ અપ્રમાત્મક હોય તો તજ્જન્ય સ્મૃતિ પણ અપ્રમાત્મક ઉત્પન્ન થાય છે. આ રીતે સિદ્ધ થાય છે કે સ્મૃતિનું પ્રમાત્વ એ અનુભવના પ્રમાત્વને આધીન છે અને તેથી જ તે સ્મરણને પ્રમારૂપ કહી ન શકાય.

**ઉત્તર પક્ષ :** અરે ! આ તો તમે પોતે જે ડાળી પર બેઠા છો તેને જ કાપવાનું જોખમી કામ કરી રહ્યા છો. અન્યજ્ઞાનના પ્રમાત્વને આધીન હોવા માત્રથી જો સ્મૃતિને અપ્રમાણ કહી દેવાનું સાહસ કરશો તો તમે જેને પ્રમાણ માનો છો એવી અનુમિતિ પણ અપ્રમાણ બની જવાની આપત્તિ આવશે. કારણ કે અનુમિતિનું પ્રમાત્વ પણ વ્યાપ્તિજ્ઞાનાદિના પ્રમાત્વને આધીન છે. જો વ્યાપ્તિજ્ઞાન અપ્રમાત્મક હોય તો તજ્જન્ય અનુમિતિ પણ અપ્રમાત્મક જ થવાની. આ રીતે વ્યાપ્તિજ્ઞાનના પ્રમાત્વને આધીન પ્રમાત્વવાળી હોવાથી અનુમિતિ પણ અપ્રમાણ બની જવાની આપત્તિ આવશે. (ઉપલક્ષણથી સમજી લેવું કે સાદૃશ્યજ્ઞાનના પ્રમાત્વને આધીન પ્રમાત્વવાળી હોવાથી ઉપમિતિ પણ અપ્રમાણ બની જશે, પદજ્ઞાનના પ્રમાત્વને આધીન પ્રમાત્વવાળો હોવાથી શાબ્દબોધ પણ અપ્રમાણ બની જશે. જેમ કે 'ઘટઃ' શબ્દ બોલાયો છતાં જો 'પટઃ' એવું સંભળાય, તો પટવિષયક શાબ્દબોધ જ થાય કે જે ભ્રમરૂપ છે.) તેથી કરણના પ્રમાત્વને આધીન પ્રમાત્વવાળા જ્ઞાનને અપ્રમાણ કહી દેવાનું સાહસ તમને જ ભારે પડે તેવું છે.

**પૂર્વ પક્ષ :** અનુમિતિ ઉત્પત્તિમાં ભલે પરાધીન (વ્યાપ્તિજ્ઞાનાદ્યધીન) હોય પણ ઉત્પન્ન થયા પછી તો વિષયનું જ્ઞાન કરાવવામાં તે સ્વતન્ત્ર જ છે તેથી તમે આપેલી આપત્તિ રહેતી નથી.

**ઉત્તર પક્ષ :** એમ તો સ્મૃતિ પણ ઉત્પન્ન થવામાં જ અનુભવાધીન છે. એકવાર ઉત્પન્ન થઈ ગયા પછી તો સ્મરણ પણ સ્વતન્ત્ર રીતે જ વિષયનું જ્ઞાન કરાવી શકે છે.

**પૂર્વ પક્ષ :** અજ્ઞાતનું જ્ઞાન જેનાથી થાય તેને જ તો પ્રમાણ કહેવાય છે. સ્મરણમાં તો નવું કંઈ જણાતું જ નથી. અનુભવમાં પૂર્વે જણાઈ ચુકેલો વિષય જ ફરી જણાય છે. તેથી વિષયને જણાવવાની બાબતમાં પણ સ્મૃતિ ક્યાં સ્વતન્ત્ર છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एवार्थः स्मृत्या विषयीक्रियत इति तुल्यमिति न किञ्चिदेतत् ।**

**अनुभवस्मृतिहेतुकं तिर्यगूर्ध्वतासामान्यादिगोचरं सङ्कलनात्मकं ज्ञानं प्रत्यभिज्ञानम् । यथा 'तज्जातीय एवायं गोपिण्डः' 'गोसदृशो गवयः' 'स एवायं जिनदत्तः' 'स एवानेनार्थः कथ्यते' 'गोविलक्षणो महिषः' 'इदं तस्माद् दूरम्' 'इदं तस्मात् समीपम्' 'इदं तस्मात्**

---

भावः **तदपि** तुच्छम्, अर्थजन्यत्वाज्ज्ञानस्य प्रामाण्याभ्युपगमे मरूमरीचिकादौ जलज्ञानमप्यर्थजन्यत्वात् प्रमाणं स्यात्। **अथ** प्रतिभाससमानार्थजन्यं प्रमाणमिष्यते, **तदा** अतीतानागतविषयकानुमानस्याप्यप्रामाण्यं प्रसज्येतेति सम्यग्व्यवस्थितं स्मृतेः प्रामाण्यम्।

**अथ** क्रमप्राप्तं प्रत्यभिज्ञानं हेतुविषयस्वरूपप्रदर्शनपुरस्सरं लक्षयन्नाह '**अनुभवस्मृतिहेतुकमि**'ति' -अनुभवश्च प्रमाणेन ग्रहणं, स्मृतिश्चानन्तराभिहितैव, ते द्वे हेतुर्यस्य तदनुभवस्मृतिहेतुकं, ज्ञानमित्युत्तरेण योगः। अनेन प्रत्यभिज्ञानस्य कारणमुक्तम्। सामान्यपदस्य प्रत्येकमभिसम्बन्धात्तिर्यक्सामान्यं च गवादिषु सदृशपरिणामात्मकं, ऊर्ध्वतासामान्यं च परापरपर्यायव्यापि द्रव्यं, एतदुभयमादिर्यस्य सादृश्यादेर्धर्मस्तोमस्य, स तिर्यगूर्ध्वतासामान्यादिगोचरो विषयो यस्य तत्तथा। अनेन विषयाभिधानमस्य। अथ स्वरूपमाह '**सङ्कलनात्मकमि**'ति - विवक्षितधर्मयुक्तत्वेन वस्तुनः प्रत्यवमर्शनमात्मा = स्वभावो यस्य तत्सङ्कलनात्मकमिति।

आद्योदाहरणद्वयेन तिर्यक्सामान्यविषयं, तृतीयेन चोर्ध्वतासामान्यविषयम्। गोसदृशो गवय

---

**ઉત્તર પક્ષ :** અરે ! આ રીતે તો અનુમિતિમાં પણ ગરબડ થશે. અનુમિતિ પણ તે જ પદાર્થને જણાવે છે કે જે પદાર્થ પૂર્વે વ્યાપ્તિજ્ઞાનાદિમાં જણાઈ ગયો હોય છે.

**પૂર્વ પક્ષ :** ના, એવું નથી. વ્યાપ્તિજ્ઞાનમાં તો 'જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં અગ્નિ હોય છે' એટલું જ જણાય છે પણ અગ્નિનું કોઈ નિયત સ્થાન જણાતું નથી. જ્યારે અનુમિતિમાં તો અગ્નિ નિયતરૂપે (પર્વતનિષ્ઠરૂપે) જણાય છે તેથી અનુમિતિમાં નવો વિષય પણ જણાય છે. તેથી અનુમિતિ તો પ્રમાણ જ છે.

**ઉત્તર પક્ષ :** તો પછી 'તત્'રૂપે પૂર્વે નહીં જણાયેલા પદાર્થને વિષય બનાવીને 'तत्त्वेन' જણાવનાર સ્મરણજ્ઞાન પણ પ્રમાણ બનશે. તાત્પર્ય એ છે કે અનુભવકાળે તો 'इदं तीर्थकरबिम्बम्' આવું ઈદન્ત્વવિશિષ્ટ જિનબિંબનું જ્ઞાન થયેલું. સ્મરણ વખતે 'तत्तीर्थकरबिम्बम्' આવું તત્તાવિશિષ્ટ જિનબિંબનું જ્ઞાન થાય છે. તેથી પૂર્વે અજ્ઞાત એવા તત્ = વિશેષણનું વૈશિષ્ટ્ય વિશેષ્યમાં = જિનબિંબમાં જણાવનાર સ્મૃતિજ્ઞાનને પ્રમાણ માનવામાં પણ કોઈ વાંધો રહેતો નથી.

આ રીતે સ્મૃતિ અંગેના નૈયાયિકમતનું ખંડન થયું એટલે ઓછે વત્તે અંશે અન્યદર્શનકારોના મન્તવ્યોનું ખંડન પણ અંતર્ગતરૂપે થઈ ગયેલું જાણવું. આમ પણ પ્રધાનમલ્લ (નૈયાયિક) ને શિકસ્ત આપવાથી તેનાથી નાના મલ્લોની સાથે અલગથી કુસ્તી કર્યા વિના જ તે પરાસ્ત થયેલા ગણાય છે. આ રીતે સ્મૃતિ પણ યથાર્થવિષયક હોવાથી પ્રમાણરૂપ છે એ વાત સિદ્ધ થઈ.

## * પ્રત્યભિજ્ઞાનનું નિરૂપણ *

સ્મૃતિપ્રમાણના નિરૂપણ પછી હવે પ્રત્યભિજ્ઞાન પ્રમાણનું લક્ષણ જણાવે છે. 'અનુભવ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रांशु ह्रस्वं वा' इत्यादि ।**

**तत्तेदन्तारूपस्पष्टास्पष्टाकारभेदान्नैकं प्रत्यभिज्ञानस्वरूपमस्तीति शाक्यः; तन्न; आकार-**

---

इत्युदाहरणान्तरानुसरणमुपमानप्रमाणस्यात्रैवान्तर्भावप्रदर्शनार्थम्। गवयस्य दर्शने पूर्वानुभूतगोव्यक्तेश्च स्मरणे गोसदृशो गवय इति सादृश्यावगाहि प्रत्यभिज्ञानं, महिषदर्शने पूर्वानुभूतगोव्यक्तेश्च स्मरणे 'गोविलक्षणो महिष' इति वैलक्षण्यावगाहिप्रत्यभिज्ञानम्। यदपेक्षया यद्दूरं तस्य स्मरणे दूरस्य वस्तुनश्चानुभवे सति 'इदं तस्माद्दूरमि'ति ज्ञानमुदेत्यतोऽनुभवस्मृतिहेतुकत्वात् सङ्कलनात्मकत्वाच्च प्रत्यभिज्ञानमवसेयम्। शेषेषूदाहरणेष्वप्युक्तदिशा प्रत्यभिज्ञानता भावनीया।

**'तत्तेदन्तारूपे'**ति → अयमत्र **बौद्धा**भिप्रायः → 'स' इत्युल्लेखः प्रत्यभिज्ञाने स्मरणरूपत्वेनास्पष्टः, 'अयमि'त्युल्लेखश्च प्रत्यक्षरूपत्वेन स्पष्टः। तथा च विरुद्धधर्माध्यासान्नैकं प्रत्यभिज्ञानमन्यथा प्रत्यक्षानुमानयोरप्यभेदप्रसङ्गादिति। निराकरोति **तन्नेत्यादिना** → तत्तेदन्तारूपयोराकारयोर्विरोधेऽपि धर्मिणः प्रत्यभिज्ञानरूपस्य किमायातं, येनास्य भेदः प्रार्थ्येत। धर्माणां हि परस्परपरिहारस्थितिलक्षणविरोधसम्भवे तेषामेवान्योन्यं भेदो युक्तः, चित्रज्ञानाकारवत्। यथा नीलपीताद्याकाराणां परस्परं भिन्नत्वेऽपि चित्रज्ञान-

---

સ્મૃતિથી ઉત્પન્ન થનાર, તિર્યક્સામાન્ય-ઊર્ધ્વતાસામાન્ય આદિને વિષય કરનાર સંકલનાત્મક (અનુભવ અને સ્મૃતિના મિશ્રણરૂપ) જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહેવાય છે. (એક કાળે અનેક વ્યક્તિઓમાં રહેનારી સમાનતા તિર્યક્ સામાન્ય કહેવાય છે. દા.ત. ગોત્વ. અનેકકાળમાં એક વ્યક્તિમાં મળતી સમાનતા ઊર્ધ્વતા સામાન્ય કહેવાય છે. દા.ત. પિંડ, ઘટ, ઠીકરા વગેરેમાં રહેલ મૃન્મયત્વ.

ગ્રન્થકારે પ્રત્યભિજ્ઞાનના ઘણાં બધા ઉદાહરણો આપ્યા છે. (અનેક ઉદાહરણો આપવા પાછળ પણ પ્રયોજન છે. જે આગળ જણાવાશે.) (૧) આ ગાય પણ તે જ જાતિની છે. (કે જેને મેં પૂર્વે જોયેલી) અહીં 'अयं गोपिण्डः' એટલો અંશ અનુભવાત્મક છે અને 'तज्जातीय एव' એટલો અંશ સ્મરણાત્મક છે. (આગળના દરેક ઉદાહરણોમાં પણ આ રીતે 'इदमांश' ને અનુભવાત્મક (પ્રત્યક્ષાત્મક) અને 'तदंश' ને સ્મરણાત્મક જાણી લેવા.) (૨) ગવય ગાયને સમાન હોય છે. (૩) આ તે જ જિનદત્ત છે (કે જેને મે ગઈકાલે જોયો હતો.) (૪) આના (આ શ્લોક) વડે પણ એ જ અર્થ કહેવાઈ રહ્યો છે (કે જે પૂર્વના શ્લોકથી પણ કહેવાઈ ગયો છે.) (૫) ગાય કરતા ભેંસ વિલક્ષણ હોય છે. (૬) આ તેના કરતા દૂર છે. (૭) આ તેના કરતા નજીક છે. (૮) આ તેના કરતા મોટું છે - નાનું છે. ઈત્યાદિ. આ બધા જ પ્રત્યભિજ્ઞાનના ઉદાહરણો છે, જેને જોતા એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે આ દરેક જ્ઞાન સંકલનાત્મક છે, કે જેમાં કોઈક પૂર્વાનુભૂત વસ્તુ + કોઈક પ્રત્યક્ષ દેખાતો પદાર્થ, બન્ને જણાય છે. તેથી જ પ્રત્યક્ષ અને સ્મરણ એ બન્ને કરતા ભિન્ન એવા આ એક સ્વતંત્ર પ્રમાણ તરીકે સિદ્ધ થાય છે.

### * પ્રત્યભિજ્ઞાનમાં સ્વતંત્ર જ્ઞાનાત્મકતાની સિદ્ધિ (બૌદ્ધ-પ્રાભાકર મતનું ખંડન) *

**બૌદ્ધ :** પ્રત્યભિજ્ઞાન કોઈ એક સ્વતંત્ર જ્ઞાન નથી કારણ કે તે જ્ઞાનમાં એક નહીં પણ બે આકારો પ્રતીત થાય છે. તેમાંથી 'તત્' એવો આકાર અસ્પષ્ટ છે અને 'ઈદં' એવો આકાર સ્પષ્ટ છે. તેથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मेकमेवाभ्युपगम्यते तथैव दर्शनस्मरणाकाराणां परस्परं भिन्नत्वेऽपि प्रत्यभिज्ञानमेकमेवाभ्युपगन्तव्यम्।

**ननु** मा भूद् विरुद्धधर्माध्यासात् प्रत्यभिज्ञानासम्भवः, कारणाभावाच्च भवेदेव। **तथाहि** - प्रत्यभिज्ञानस्य कारणं किमिन्द्रियमुत पूर्वानुभवजनितः संस्कारस्तदुभयं वा। न तावदिन्द्रियं, वर्तमानार्थावभासजनकत्वात्तस्य, नापि संस्कारः स्मरणकारणत्वात्तस्य। नाप्युभयं, उभयदोषानुषङ्गात्। कारणान्तराभावान्न प्रत्यभिज्ञानं सम्भवतीति **चेत्, न,** हेतोरसिद्धत्वात्। अनुभवस्मृतिलक्षणस्य तत्कारणस्य लक्षणवाक्ये प्रतिपादितत्वात्। अन्वयव्यतिरेकानुविधानात्तत्र कारणत्वप्रसिद्धिः। अपि चेदं प्रत्यभिज्ञानं कार्यं, कार्यं च प्रतीयमानं कारणसद्भावमवबोधयति। तन्न कार्ये सुप्रतीते कारणाभाव उद्गीयमानो ज्यायान्।

**न च** नीलपीतादिनिर्भासानामनेकत्वेऽपि सर्वेषां तेषां प्रत्यक्षतया न कश्चिद्विरोधः। अत्र तु प्रत्यक्षाप्रत्यक्षयोरेकत्र सन्निवेशनिबन्धनो विरोध इति **वाच्यम्**, 'पर्वतो वह्निमानित्याद्यनुमितावपि वह्निज्ञानस्य परोक्षत्वेऽपि पर्वतज्ञानस्य प्रत्यक्षतयैकत्र प्रत्यक्षाप्रत्यक्षयोः सन्निवेशे विरोधाभावात्। **यदि च** पक्षज्ञानकाले पर्वतस्य प्रत्यक्षत्वेऽप्यनुमितिकाले नैतज्ज्ञानं प्रत्यक्षं, किन्तु वह्निमत्त्वेन पर्वतस्य परोक्षज्ञानमेकमेवैतदितीष्यते, तर्हि पूर्वानुभवकाले वस्तुनः प्रत्यक्षत्वेऽपि प्रत्यभिज्ञानकाले वस्तुनः न प्रत्यक्षत्वं किन्तु

---

આવા આકાર ભેદને કારણે પ્રત્યભિજ્ઞાનનું એક સ્વરૂપ નથી. (અર્થાત્, જેમ પ્રત્યક્ષ સ્પષ્ટ છે અને પરોક્ષ (અનુમિત્યાદિ) અસ્પષ્ટ છે તો પ્રત્યક્ષ અને પરોક્ષને તમે એક માનતા નથી તેમ પ્રત્યભિજ્ઞાનને પણ એકજ્ઞાનાત્મક માની ન શકાય. તેને સ્વતંત્ર રીતે જ પ્રત્યક્ષ અને સ્મરણ એમ બે જુદા જુદા જ્ઞાનાત્મક જ માનવા જોઈએ.)

**જૈન :** આકારભેદ હોય ત્યાં જ્ઞાનભેદ માનવો જ પડે એવો નિયમ નથી. જેમ તમારા ચિત્રજ્ઞાનમાં '**इमौ नीलपीतौ**' એવા જ્ઞાનમાં આ નીલક્ષણ છે, આ પીતક્ષણ છે વગેરે રૂપે અનેક આકારો જુદા જુદા જણાતા હોવા છતાં પણ '**इमौ नीलपीतौ**' એવું થતું જ્ઞાન એક જ પ્રતીત થાય છે તેમ પ્રત્યભિજ્ઞાન પણ એકરૂપે જ પ્રતીત થાય છે.

(**પ્રશ્ન :** ભાઈ ! એમાં તો નીલ-પીત વગેરેનું અલગ અલગ ભાન થવા છતાં પણ અંતે તો બધા પ્રત્યક્ષ (સ્પષ્ટ) જ્ઞાનરૂપ જ છે. જ્યારે અહીં તો તમે એક જ જ્ઞાનમાં પ્રત્યક્ષત્વ અને અપ્રત્યક્ષત્વ એમ બે પરસ્પરવિરોધી ધર્મો માનવાની વાત કરો છો. એ તો શી રીતે સંભવે ?

**ઉત્તર :** શા માટે ન સંભવે ? તમે 'પર્વતો વહ્નિમાન્' એવી અનુમિતિમાં પર્વત અંશમાં પ્રત્યક્ષત્વ અને વહ્નિ અંશમાં અપ્રત્યક્ષત્વ નથી માનતા ? ત્યાં જે રીતે સંભવે તેમ અહીં પણ સંભવી શકે છે.

**પ્રશ્ન :** પણ અમે અનુમિતિમાં પણ પર્વત અંશમાં પ્રત્યક્ષત્વ માનતા નથી. પૂર્વે પર્વતત્વેન પર્વતનું પ્રત્યક્ષ જ્ઞાન કરેલું પણ પછી તેનું વહ્નિમત્ત્વેન પરોક્ષ જ્ઞાન કર્યું તેથી અનુમિતિને પણ અમે વહ્નિપ્રકારકપર્વતવિશેષ્યક એવા એક સળંગ પરોક્ષજ્ઞાનરૂપ માનીએ છીએ.

**ઉત્તર :** આ જ તો અમે કહીએ છીએ. પ્રત્યભિજ્ઞાન પણ આખું એક સળંગ પરોક્ષજ્ઞાનરૂપ જ છે. ઈદન્ત્વેન તેનું પ્રત્યક્ષ થયેલું હોવા છતાં પણ પ્રત્યભિજ્ઞાનકાળે તે ઈદન્તાવિશિષ્ટનું તત્તાવિશિષ્ટત્વેન ભાન થાય છે. આ જ વાતને ગ્રન્થકારશ્રી 'વસ્તુતઃ' કહીને જણાવે છે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भेदेऽपि चित्रज्ञानवदेकस्य तस्यानुभूयमानत्वात्, स्वसामग्रीप्रभवस्यास्य वस्तुतोऽस्पष्टैकरूपत्वाच्च, इदन्तोल्लेखस्य प्रत्यभिज्ञाननिबन्धनत्वात् । विषयाभावान्नेदमस्तीति चेत्; न; पूर्वापरविवर्त-**

तत्तावैशिष्ट्येन इदन्तोल्लेखविषयीभूतस्यैकमेव परोक्षज्ञानं प्रत्यभिज्ञानमित्यपीष्यताम् । तदेवाह ग्रन्थकारः '**स्वसामग्रीप्रभवस्यास्य वस्तुतोऽस्पष्टैकरूपत्वादि**ति । प्रत्यक्षसामग्रीतः स्मृतिसामग्रीतश्च विलक्षणैव प्रत्यभिज्ञानसामग्रीति सूचनाय '**स्वसामग्रीप्रभवस्ये**'ति प्रत्यभिज्ञानविशेषणं, कारणभेदाच्च कार्यभेदोऽपि सूपपादः । **न च** प्रत्यभिज्ञानस्यास्पष्टैकरूपत्वे इदन्तोल्लेखस्यानुपपत्तिरिति **वाच्यम्**, प्रत्यभिज्ञान-स्वाभाव्यात्तादृशोल्लेखस्योपपत्तेः, अन्यथा स्मरणात्मकमेव तत्स्यात् । यथाऽनुमितेरस्पष्टैकरूपत्वेऽपि पूर्वं ज्ञातस्यापि पर्वतस्योल्लेखः समस्ति, प्राक्तनपक्षज्ञानापेक्षयाऽधुनातनपक्षज्ञानस्य साध्यवैशिष्ट्यावगाहितया कश्चन विशेषोऽपि च समस्ति, तथैव पूर्वानुभूतस्यापि वस्तुनः प्रत्यभिज्ञानकाले पुनरुल्लेखः समस्ति, प्राक्तनानुभवापेक्षयाऽधुनातनानुभवस्य तत्तावैशिष्ट्यावगाहितया कश्चन विशेषोऽपि च समस्तीति **दिक्** ।

**अथ** कारणसद्भावात् सम्भवतु प्रत्यभिज्ञानं, तथापि न तत्प्रमाणं, विषयाभावात्, । भावानां क्षणक्षयितयाऽनुभूतस्यार्थस्य चिरविनष्टत्वात् कथं प्रत्यभिज्ञानस्य विषयो भवेत् । वस्तुतः पूर्वक्षणविनाशकाल एव तत्सदृशं क्षणान्तरमुदेति, तेनाकारवैलक्षण्याभावादव्यवधानाच्चात्यंतोच्छेदेऽपि 'स एवायमि'त्यभेदाध्यवसायी प्रत्ययः प्रसूयते, किन्तु तत्त्वतो भ्रान्तमेवेदं ज्ञानं लूनपुनरुत्पन्ननखकेशादिषु स एवायमिति प्रतीतिवत् । विषयाभावादिति हेतोरसिद्धत्वापादानेन निराकरोति '**पूर्वापरविवर्तवर्त्येकद्रव्यस्ये**'त्यादिना । न च प्रत्यक्षस्म-

વળી, ખરી વાત તો એ છે કે પોતાની સામગ્રી દ્વારા ઉત્પન્ન થતા પ્રત્યભિજ્ઞાનમાં વાસ્તવમાં તો અસ્પષ્ટત્વાત્મક એકરૂપતા (પરોક્ષરૂપતા) જ માન્ય છે. (પ્રત્યભિજ્ઞાનની સામગ્રી પ્રત્યક્ષ કે સ્મરણની સામગ્રી કરતાં અલગ છે તે સૂચવવા માટે ગ્રન્થકારે 'સ્વસામગ્રીપ્રભવસ્ય' પદ મૂક્યું છે.

**બૌદ્ધ :** જો પ્રત્યભિજ્ઞાનમાં માત્ર પરોક્ષરૂપતા જ હોય તો પછી 'ઈદં'નો ઉલ્લેખ શા માટે થાય છે ?

**જૈન :** સામાન્યથી 'ઈદં'નો ઉલ્લેખ સ્પષ્ટાકારવાળા પ્રત્યક્ષજ્ઞાનમાં જ થાય છે. પરંતુ અહીં 'ઈદં'નો ઉલ્લેખ અસ્પષ્ટાકારવાળા પ્રત્યભિજ્ઞાનના સ્વભાવના કારણે છે. અર્થાત્, 'ઈદં'નો ઉલ્લખે ન હોય તો પછી તે જ્ઞાન સ્મૃતિરૂપ જ કહેવાત. પરંતુ એમાં 'ઈદં'નો ઉલ્લેખ છે એટલે તો તેને અલગ મનાય છે.

(**તાત્પર્ય :** પર્વત તો પૂર્વે ય જ્ઞાત હોવા છતાં અનુમિતિમાં તેનો ફરી ઉલ્લેખ શા માટે થાય છે? અર્થાત્, માત્ર 'વહ્નિમાન્' આટલા જ ઉલ્લેખ ને બદલે 'પર્વતો વહ્નિમાન્' એવો ઉલ્લેખ શા માટે થાય છે? જેમ અનુમિતિનો સ્વભાવ છે કે પૂર્વે જ્ઞાત હોવા છતાં પક્ષમાં કંઈક વિશેષની સિદ્ધિ કરે છે અને તેથી પ્રત્યક્ષ દેખાતા એવા પણ પર્વતનો વહ્નિવિશિષ્ટત્વેન ઉલ્લેખ થાય છે. તેમ પ્રત્યભિજ્ઞાન પણ પ્રત્યક્ષ દેખાતી વસ્તુમાં કંઈક વિશેષની સિદ્ધિ કરે છે અને તે માટે જ એટલે કે પ્રત્યભિજ્ઞાનનો એવો સ્વભાવ હોવાના કારણે જ તેમાં 'ઈદં' નો ઉલ્લેખ થાય છે.

**બૌદ્ધ :** કોઈ પણ જ્ઞાન કરવા માટે તેનો વિષય તો કોઈ હોવો જોઈએ ને ! વગર વિષયે કોઈ જ્ઞાન થતું નથી. બધા પદાર્થો જ્યારે ક્ષણિક છે પછી પ્રત્યભિજ્ઞાનનો કોઈ વિષય જ ક્યાં રહ્યો ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**वर्त्त्येकद्रव्यस्य विशिष्टस्यैतद्विषयत्वात्** । **अत एव** '**अगृहीतासंसर्गकमनुभवस्मृतिरूपं ज्ञान-**

---

रणयोरेवायं विषय इति **वाच्यम्**, प्रत्यक्षस्य हि वर्तमानकालावच्छिन्नः, स्मरणस्य पुनरतीतकालावच्छिन्नपदार्थो विषय; प्रत्यभिज्ञानस्य तूभयकालावच्छिन्नद्रव्यादि। त्रिकालावस्थायिद्रव्यस्य क्षणिकवादप्रतिषेधपुरस्सरं पुरस्तादुपपादयिष्यमाणत्वान्न प्रत्यभिज्ञानं निर्विषयं। लूनपुनरुत्पन्ननखकेशादिषु 'स एवायमि'त्येकत्वपरामर्शि-प्रत्यभिज्ञानं, 'लूननखकेशादि सदृशोऽयं पुनरूत्पन्ननखकेशादि'रिति सादृश्यनिबन्धनप्रत्यभिज्ञानान्तरेण बाध्यमानत्वादप्रमाणं, न पुनः सादृश्यप्रत्यवमर्शि प्रत्यभिज्ञानमप्यप्रमाणं, तस्याबाध्यमानतया प्रमाणत्वसिद्धेः।

प्राभाकरा हि सर्वस्यापि ज्ञानस्य यथार्थत्वं मन्यमानाः 'शुक्तौ इदं रजतं' 'रज्जौ अयं सर्प' इत्यादिप्रसिद्धभ्रमस्थलेऽपि ग्रहणस्मरणरूपं सम्यक्प्रत्ययद्वयमिति स्वीकुर्वन्ति। विभिन्नकारणजन्यत्वाद् भिन्नविषयत्वाच्च विभिन्नज्ञानद्वयसिद्धिः। तथाहि-इन्द्रियं हीदमंशोल्लेखवतोऽध्यक्षस्य कारणं, साधारणभास्वररूपचाकचिक्यादिदर्शनप्रतिबोध्यमानः संस्कारश्च 'रजतमि'ति स्मरणस्य। तथा, इदमिति बोधस्य पुरोवर्तिशुक्तिकाशकलमालम्बनं, रजतमिति बोधस्य तु व्यवहितं हट्टपट्टादिव्यवस्थितं रजतम्। केवलं दर्शनस्मरणयोर्भेदाग्रहणादेकमेव तज्ज्ञानं संलक्ष्यते। इयमेव विवेकाख्यातिराख्यायते। ज्ञानद्वयासंसर्गाग्रहणादेव वस्तुतो यथार्थमपि ज्ञानं भ्रमरूपं लक्ष्यते भ्रमस्थल इव प्रत्यभिज्ञानस्थलेऽप्यगृहीतभेदं स्मृतिप्रत्यक्षलक्षणं ज्ञानद्वयमेव कल्पयन्ति। तदेतदखिलं दर्शितयुक्त्यैव खण्डितं दर्शयन्नाह **अत एवे**त्यादि।

**अत एव** = पूर्वापरविवर्तवर्त्येकस्य विशिष्टस्य द्रव्यस्य प्रत्यभिज्ञानविषयत्वप्रसिद्धेरेव **प्राभाकराणां**

---

કે જે પૂર્વકાળમાં ય હતો અને વર્તમાનકાળે પણ હોય. વસ્તુ પ્રતિક્ષણ પલટાતી હોય છે તેથી પૂર્વે અનુભવનો વિષય બનેલ પદાર્થ જુદો હતો. કોઈ સ્થિર એક પદાર્થ ન હોવાથી પ્રત્યભિજ્ઞાનનો કોઈ વિષય જ નથી અને નિર્વિષયક જ્ઞાન તો થતું નથી તેથી પ્રત્યભિજ્ઞાન નામનું કોઈ પ્રમાણ નથી.

**જૈન :** પૂર્વકાલીન ઉત્તરકાલીન પર્યાયોમાં રહેનાર એવો એક વિશિષ્ટ સ્થાયી પદાર્થ પ્રત્યભિજ્ઞાનનો વિષય બને છે. પદાર્થના પર્યાયો પ્રતિક્ષણ પલટાતા રહેતા હોવા છતાં ય દ્રવ્યરૂપે તો તે પદાર્થ કાયમ રહે છે. તેથી પ્રત્યભિજ્ઞાન નિર્વિષયક નથી. (જેમ કે સુવર્ણની મુદ્રિકા ગાળીને કંકણ બનાવવામાં આવે તો મુદ્રિકાનો નાશ અને કંકણની ઉત્પત્તિ થવા છતાં પણ પૂર્વ (મુદ્રિકા) અને અપર (કંકણ) વિવર્ત (પર્યાય)માં અનુગત રહેનાર સુવર્ણ દ્રવ્ય તો વિદ્યમાન જ રહે છે. આ રીતે પૂર્વોત્તરકાલસ્થાયી એક પદાર્થ હોય છે કે જે તત્તાવિશિષ્ટરૂપે પ્રત્યભિજ્ઞાનનો વિષય બને છે.)

આમ, પૂર્વાપરપર્યાયમાં અનુગત એવા એક સ્થાયી દ્રવ્યની સિદ્ધિ થવાથી બીજી પણ એક વિપરીત માન્યતા રદબાતલ થઈ જાય છે. अत एव .. इत्यादि ગ્રન્થથી પ્રાભાકરમતનું ખંડન કરેલ છે. (પ્રાભાકરો દરેક જ્ઞાનને યથાર્થ જ માને છે. તેમના મત 'ભ્રમ' જેવી કોઈ ચીજ જ નથી. છીપલાને ચળકતું જોઈને કોઈને 'આ ચાંદી છે' એવું ભ્રમાત્મક જ્ઞાન થાય તો તેને પણ યથાર્થ સાબિત કરવા તેઓ એવી દલીલ આપે છે કે 'इदं रजतम्' એવી પ્રતીતિ એક જ્ઞાનરૂપ નથી પરંતુ પુરોવર્તિ પદાર્થને જોતા જ 'इदं' એવું પ્રત્યક્ષજ્ઞાન થાય છે અને તે વખતે પુરોવર્તિ પદાર્થના ચળકાટ ને જોવાથી ચાંદીનું સ્મરણ થઈ જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**द्वयमेवैतद्' इति निरस्तम्; इत्थं सति विशिष्टज्ञानमात्रोच्छेदापत्तेः । तथापि 'अक्षान्वयव्यतिरेकानुविधायित्वात् प्रत्यक्षरूपमेवेदं युक्तम्' इति केचित्; तन्न; साक्षादक्षान्वयव्यतिरेकानुविधायित्वस्यासिद्धेः, प्रत्यभिज्ञानस्य साक्षात्प्रत्यक्षस्मरणान्वयव्यतिरेकानुविधायित्वेनानुभूय-**

विषयद्वयावगाहिप्रत्ययकल्पनाऽपि निरस्ता। यदि च सर्वज्ञानयाथार्थ्यसिद्धान्तानुरोधेन भ्रमस्थले प्रत्यभिज्ञानस्थले च ज्ञानद्वयमेव अभ्युपगम्यते न किञ्चिदेकं ज्ञानं, तदा विशिष्टज्ञानस्याप्यनङ्गीकार एव श्रेयान्, सर्वस्यापि हि विशिष्टज्ञानस्य विशेष्यज्ञान-विशेषणज्ञानोभयपूर्वकत्वनियमेन अवश्यक्लृप्ततदुभयज्ञानेनैव अगृहीततद्भेदमहिम्ना विशिष्टबुद्ध्युपपादने तदुभयज्ञानव्यतिरिक्तस्य तदुत्तरकालवर्तिनो विशिष्टज्ञानस्य कल्पने गौरवादित्यभिप्रायेण दूषयति '**इत्थं सति**' इत्यादिना। व्याख्यातमेतत्। इत्थं च सिद्धं प्रत्यभिज्ञानस्यातिरिक्तज्ञानत्वं।

**अथ नैयायिका** उत्तिष्ठन्ते → **भवतु** नाम प्रत्यभिज्ञानस्यैकज्ञानरूपत्वं किन्तु प्रत्यक्षरूपमेव तद्, न तु तदतिरिक्तप्रमाणरूपम्। कुत एतदिति **चेत्, आह** 'अक्षान्वयव्यतिरेकानुविधायित्वात्'। दूषयति

(અહીં ચળકાટદર્શન ઉદ્બોધકનું કામ કરે છે.) આમ 'इदं' એવું પ્રત્યક્ષ અને 'रजतम्' એવું સ્મરણ, આ બે અલગ જ્ઞાન છે પરંતુ તે બે જ્ઞાન જુદા જુદા છે. એવો ભેદ ન પકડી શકવાથી (અર્થાત્, 'એ બે જ્ઞાન વચ્ચે કોઈ સંસર્ગ નથી' એવું ન જણાવાથી એવું લાગે છે કે તેણે છીપલામાં ચાંદીનું ભ્રમાત્મક જ્ઞાન કર્યું. આને તેઓ વિવેકાખ્યાતિ કહે છે. વાસ્તવમાં તો બન્ને જ્ઞાન જુદાં છે અને બન્ને પ્રમારૂપ જ છે) પ્રત્યભિજ્ઞાન અંગે પણ તેમનું મંતવ્ય એવું છે કે અનુભવ અને સ્મરણરૂપ બે જ્ઞાનનું એક નામ એ જ પ્રત્યભિજ્ઞાન છે. વાસ્તવમાં તો તે પ્રત્યક્ષ અને સ્મરણરૂપ છે. એટલે કે અલગ અલગ બે જ્ઞાનરૂપ છે. પણ એક જ્ઞાનરૂપ નથી. તે બે જ્ઞાન વચ્ચેના ભેદનું (અસંસર્ગનું) ગ્રહણ થતું નથી માટે તે બે જ્ઞાન પણ સ્વતંત્ર એકજ્ઞાનરૂપ લાગે છે પણ વાસ્તવમાં તો તે બે જ્ઞાનો જુદા જ છે. **પ્રભાકર**નો (**મીમાંસક**નો) આ મત પણ નિરસ્ત થયેલો જાણવો. કારણ કે આ રીતે વિચારશો તો તો દુનિયામાં કોઈ વિશિષ્ટજ્ઞાન જ નહીં રહે. 'दण्डी पुरुषः' એવા એક વિશિષ્ટ જ્ઞાન માટે ય એવું કહી શકાશે કે આ તો દંડજ્ઞાન અને પુરુષજ્ઞાનરૂપ બે જુદા જુદા જ્ઞાન છે. પણ તે બે વચ્ચેના ભેદનું ગ્રહણ થતું ન હોવાથી 'દંડવાળો પુરુષ' એવું એક જ્ઞાન પ્રતીત થાય છે. આમ બધા જ વિશિષ્ટજ્ઞાનનો ઉચ્છેદ થઈ જવાની આપત્તિ આવશે. વિશિષ્ટજ્ઞાનને જો કેવલ વિશેષ્યજ્ઞાન અને કેવલ વિશેષણજ્ઞાનથી જુદું જ માનવામાં કોઈ વાંધો ન હોય તો પછી પ્રત્યભિજ્ઞાને શું બગાડ્યું છે ? ત્યાં પણ પ્રત્યક્ષજ્ઞાન અને સ્મરણજ્ઞાન કરતાં જુદું જ પ્રત્યભિજ્ઞાન નામનું જ્ઞાન માનવું પડશે. આમ, **પ્રાભાકર** મતનું ખંડન પણ ઉપરોક્ત (બૌદ્ધ ખંડનની) દલીલથી જ થાય છે કારણ કે પ્રત્યભિજ્ઞાનના વિષય તરીકે પૂર્વોત્તરકાલસ્થાયિ એક દ્રવ્ય સિદ્ધ થયું એટલે પ્રાભાકર કહે છે તેવા બે અલગ અલગ વિષયના બે અલગ અલગ જ્ઞાનની વાત ટકી શકતી નથી. આમ પ્રત્યભિજ્ઞાનમાં સહુ પ્રથમ તો સ્વતંત્ર જ્ઞાનરૂપતાની સિદ્ધિ કરી. એ થયા પછી તેમાં સ્વતંત્રપ્રમાણત્વની સિદ્ધિ થઈ શકે ને ! હવે પ્રત્યભિજ્ઞાન સ્વતંત્ર પ્રમાણ છે એ વાતની સિદ્ધિ કરે છે.

### * પ્રત્યભિજ્ઞાનમાં સ્વતંત્ર પ્રમાણત્વની સિદ્ધિ (નૈયાયિકમતખંડન) *

**નૈયાયિક :** પ્રત્યભિજ્ઞાન એ સ્વતંત્ર જ્ઞાનરૂપ છે એ વાત તો તમારી સાચી જ છે પરંતુ તેને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मानत्वात्, अन्यथा प्रथमव्यक्तिदर्शनकालेऽप्युत्पत्तिप्रसङ्गात् ।**

**अथ पुनर्दर्शने पूर्वदर्शनाहितसंस्कारप्रबोधोत्पन्नस्मृतिसहायमिन्द्रियं प्रत्यभिज्ञानमुत्पादयतीत्युच्यते; तदनुचितम्; प्रत्यक्षस्य स्मृतिनिरपेक्षत्वात् । अन्यथा पर्वते वह्निज्ञानस्यापि**

---

'**तन्ने**'त्यादिना। प्रत्यभिज्ञानस्य इन्द्रियसम्बन्धपश्चाद्भावित्वेऽपि न साक्षात् तत्सम्बन्धान्वयव्यतिरेकानुविधानं किन्तु साक्षात् प्रत्यक्षस्मरणान्वयव्यतिरेकानुविधानमेवेति प्रत्यभिज्ञानोत्पत्तौ प्रत्यक्षस्मरणाभ्यामिन्द्रियसंसर्गस्य व्यवहितत्वात् साक्षात् तज्जन्यत्वाभावेन प्रत्यभिज्ञानस्य न प्रत्यक्षत्वं कल्पनार्हमित्यभिप्रायः।

'स एवायं घट' इत्यादौ विशेष्यीभूतघटांशे चक्षुरादीन्द्रियसन्निकर्षसत्त्वात् तत्तारूपविशेषणविषयक-

---

સ્વતંત્ર પ્રમાણનો દરજ્જો પણ આપી દેવો એ ઉચિત નથી. પ્રત્યભિજ્ઞાનના અન્વય-વ્યતિરેક ઇન્દ્રિય વ્યાપાર સાથે મળે છે. ઇન્દ્રિયવ્યાપાર થયો હોય તો જ પ્રત્યભિજ્ઞાન થાય છે, અન્યથા થતું નથી અને ઇન્દ્રિયવ્યાપાર સાથે જે જ્ઞાનના અન્વય-વ્યતિરેક મળતા હોય તે જ્ઞાનને પ્રત્યક્ષ જ કહેવાય. (કારણ કે अक्षं = इन्द्रियं प्रति, गतम्, कार्यत्वेन आश्रितम् प्रत्यक्षम् એવું પ્રત્યક્ષ શબ્દનું વ્યુત્પત્તિમૂલક લક્ષણ તમે કહો છો) માટે પ્રત્યભિજ્ઞાન એ પ્રત્યક્ષ છે એમ માનવું જ યોગ્ય છે.

**જૈન :** પ્રત્યભિજ્ઞાનમાં ઇન્દ્રિયવ્યાપારના અન્વય-વ્યતિરેક સાક્ષાત્ ઘટતા જ નથી કિન્તુ પ્રત્યક્ષ અને સ્મરણના અન્વય-વ્યતિરેક જ સાક્ષાત્ ઘટે છે. અર્થાત્, ઇન્દ્રિયવ્યાપાર (સંનિકર્ષ) થયા પછી એકબાજુ દૃશ્યમાન વસ્તુનું પ્રત્યક્ષ થાય છે અને બીજી બાજુ પૂર્વાનુભૂત કોઈ વસ્તુનું સ્મરણ થાય છે અને ત્યાર પછી 'આ તે જ વસ્તુ છે' કે 'આ તેના જેવું જ છે' કે 'આ તેના કરતા જુદું છે' ઇત્યાદિરૂપ જ્ઞાન થાય છે. આમ પ્રત્યભિજ્ઞાનની અવ્યવહિત પૂર્વમાં તો પ્રત્યક્ષ અને સ્મરણ જ હાજર છે અને ઇન્દ્રિયવ્યાપાર તો તે બે ની પૂર્વે હતો. તેથી ઇન્દ્રિયવ્યાપારમાં પ્રત્યભિજ્ઞાનના જે અન્વયવ્યતિરેક મળે છે તે વ્યવધાનથી મળે છે. અવ્યવહિત (સાક્ષાત્) અન્વય-વ્યતિરેક તો પ્રત્યક્ષ-સ્મરણમાં જ મળે છે માટે પ્રત્યભિજ્ઞાનને પ્રત્યક્ષરૂપ માનવું યોગ્ય નથી. વળી, જો ઇન્દ્રિયવ્યાપારથી જ પ્રત્યભિજ્ઞાન થતું હોત તો પહેલી જ વાર કોઈ વ્યક્તિને જોતી વખતે પણ પ્રત્યભિજ્ઞાન થવું જોઈએ ને ? કારણ કે ઇન્દ્રિયવ્યાપાર તો ત્યાં પણ છે. પણ એવું થતું તો નથી તેથી જણાય છે કે પ્રત્યભિજ્ઞાન પ્રત્યક્ષરૂપ નથી.

**નૈયાયિક :** કોઈ વ્યક્તિનું પુનઃ દર્શન થાય ત્યારે પૂર્વદર્શનથી આત્મામાં પડેલા સંસ્કારો જાગ્રત થાય છે, આ સંસ્કારપ્રબોધ દ્વારા સ્મરણ થાય છે. આવા સ્મરણની સહાયવાળી ઇન્દ્રિય પ્રત્યભિજ્ઞાનને ઉત્પન્ન કરશે. વ્યક્તિના પ્રથમદર્શનકાળે ઇન્દ્રિયને ઉક્ત સ્મરણની સહાય મળતી નથી. માટે પ્રત્યભિજ્ઞાન ઉત્પન્ન થઈ શકતું નથી. આમ સ્મરણની સહાય જે ઇન્દ્રિયને મળે તે ઇન્દ્રિય પ્રત્યભિજ્ઞાનને ઉત્પન્ન કરી શકે છે અને આ રીતે ઇન્દ્રિયજન્ય થવાથી પ્રત્યભિજ્ઞાન એ પ્રત્યક્ષરૂપ જ બનશે.

**જૈન :** આ રીતે તો પ્રત્યભિજ્ઞાન સ્મૃતિને સાપેક્ષ છે એટલું તો સિદ્ધ થઈ જ ગયું અને માટે જ એ પ્રત્યક્ષરૂપ નથી એ પણ સિદ્ધ થાય છે કારણ કે પ્રત્યક્ષ તો સ્મૃતિનિરપેક્ષ હોય છે. કોઈ પ્રત્યક્ષજ્ઞાનને સ્મૃતિની અપેક્ષા ન હોઈ શકે. અન્યથા અનુમિતિ માટે પણ એવું કહી શકાશે કે "વ્યાપ્તિસ્મરણની સહાયતા મળતા મનથી જ પર્વત ઉપર અગ્નિની અનુમિતિ થઈ જાય છે" માટે તે જ્ઞાનને પણ પ્રત્યક્ષ (માનસપ્રત્યક્ષ) જ કહો. આ રીતે અનુમિતિનો પણ ઉચ્છેદ જ થઈ જશે. માટે પ્રત્યભિજ્ઞાનને પ્રત્યક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्याप्तिस्मरणादिसापेक्षमनसैवोपपत्तौ अनुमानस्याप्युच्छेदप्रसङ्गात् । किञ्च, 'प्रत्यभिजानामीति विलक्षणप्रतीतेरप्यतिरिक्तमेतत्। एतेन 'विशेष्येन्द्रियसन्निकर्षसत्त्वाद्विशेषणज्ञाने सति विशिष्टप्रत्यक्षरूपमेतदुपपद्यते' इति निरस्तम्; 'एतत्सदृशः स' इत्यादौ तदभावात्, स्मृत्यनुभव-सङ्कलनक्रमस्यानुभविकत्वाच्चेति दिक् ।**

---

स्मृतिरूपज्ञानबलेन प्रत्यभिज्ञानं विशिष्टविषयकमेव प्रत्यक्षजातीयं भवितुमर्हतीति **नैयायिक**विशेषमतमाशङ्क्य निराकरोति '**एतेन**' इत्यादिना। निरस्तत्वे हेतुमाह '**एतत्सदृशः स इत्यादौ तदभावादि**ति। **अयम्भावः**- स एवायं घट इत्यत्र पुरोवर्तिनो घटस्य विशेष्यत्वेन तेन सहेन्द्रियसन्निकर्षस्य भावेऽपि यत्र न पुरोवर्तिनो विशेष्यत्वं यथा 'एतत्सदृशः स' इत्यादौ तत्र तन्न सम्भवति। तत्र सादृश्यरूपविशेषणे प्रतियोगितया एतदर्थस्य विशेषणत्वमेव। तच्छब्दार्थस्य तत्ताविशिष्टस्य विशेष्यत्वात्, तस्य च स्मर्यमाणत्वाद् विशेष्येन्द्रियसन्निकर्षाभावस्तथा च विशेषणज्ञानसहकृतविशेष्येन्द्रियसन्निकर्षजन्यत्वस्यापि दुष्कल्पत्वान्नास्य विशिष्टप्रत्यक्षजातीयत्वं समुचितम्। **किञ्च**, 'स' इति स्मृतिः, 'अयमि'त्यनुभवः, सोऽयमिति तयोः सङ्कलनमित्येवं क्रमोऽत्रानुभूयते, न चैवं प्रत्यक्षमित्यतोऽपि प्रमाणान्तरत्वम्।

---

કરતાં અતિરિક્ત માનવું જ યોગ્ય છે.

વળી, આ બાબતમાં જ બીજી એક વ્યવહારું દલીલ એ પણ છે કે પૂર્વાનુભૂત કો'ક વ્યક્તિને જોતા જ 'प्रत्यभिजानामि' એવી પ્રતીતિ થાય છે, જે 'पश्यामि' એવી પ્રતીતિ કરતાં વિલક્ષણ છે. (પૂર્વાનુભૂત કો'ક વ્યક્તિને ફરીથી જોતી વખતે 'હં ! ઓળખ્યો ! આ તો પેલો જ છે' ઇત્યાદિ આકારની એક વિલક્ષણ પ્રતીતિ થાય છે જે પ્રથમ વાર જ વ્યક્તિને જોતી વખતે થતી નથી.) આ દલીલથી પણ પ્રત્યભિજ્ઞાન પ્રત્યક્ષભિન્ન છે એ નક્કર હકીકત સાબિત થાય છે.

આ દલીલથી નૈયાયિક અને વૈશેષિકની બીજી એક માન્યતા પણ ખંડિત થઈ જાય છે. નૈયાયિકો અને વૈશિષિકો એવું માને છે કે 'स एवायं घटः' અહીં ઘટાત્મક વિશેષ્યની સાથે ઇન્દ્રિયસન્નિકર્ષ થવાથી 'સઃ' આવા પ્રકારનું સ્મરણ થાય છે. આ સ્મરણ એ વિશેષણજ્ઞાન છે કારણ કે પ્રત્યભિજ્ઞાન વખતે તત્તાવિશિષ્ટ ઘટમાં જ इदन्ता જણાય છે. તેથી નૈયાયિકો એવું માને છે કે 'स एवायं घटः' આ જ્ઞાન વખતે 'સઃ' એવા વિશેષણજ્ઞાન = સ્મરણની સહાયતાથી જ ઇદન્તાવિશિષ્ટ ઘટનું જે જ્ઞાન થાય છે એ તો એક પ્રકારનું વિશિષ્ટ પ્રત્યક્ષ જ છે. નૈયાયિકની આ માન્યતા પણ પૂર્વોક્ત દલીલથી જ ખંડિત થયેલી જાણવી. કારણ કે ('स एवायं घटः' સ્થળે તમારી વાત ઘટતી હોય તો પણ) 'एतत्सदृशः स' ઇત્યાદિ સ્થળે તમારી વાત ઘટવાની નથી. આ સ્થળે 'સઃ' = તત્તાવિશિષ્ટ પદાર્થ વિશેષ્ય છે અને एतत्त्व એ વિશેષણ છે. આ સ્થળે एतत् નું સાદશ્ય 'સઃ' = વિશેષ્યમાં જણાય છે. અહીં 'एतत्' પદાર્થનું થતું પ્રત્યક્ષ એ વિશેષણજ્ઞાન છે અને 'સઃ' પદથી જણાતો વિશેષ્ય તો સ્મર્યમાણ છે માટે વિશેષ્ય સાથે ઇન્દ્રિયસંનિકર્ષ જ નથી. તેથી 'વિશેષણજ્ઞાન હોય તથા વિશેષ્ય સાથે ઇન્દ્રિયસંનિકર્ષ હોય ત્યારે ઉત્પન્ન થતું વિશિષ્ટ પ્રત્યક્ષ એ જ પ્રત્યભિજ્ઞાન છે' એવી તમારી માન્યતા ઘટી શકતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अत्राह *भाट्टः*, नन्वेकत्वज्ञानं प्रत्यभिज्ञानमस्ति, सादृश्यज्ञानं तूपमानमेव, गवये दृष्टे गवि च स्मृते सति सादृश्यज्ञानस्योपमानत्वात्, तदुक्तम् -**

**"तस्माद्यत् स्मर्यते तत् स्यात् सादृश्येन विशेषितम् ।**
**प्रमेयमुपमानस्य सादृश्यं वा तदन्वितम् ।।१।।**
**प्रत्यक्षेणावबुद्धेऽपि सादृश्ये गवि च स्मृते ।**
**विशिष्टस्यान्यतोऽसिद्धेरुपमानप्रमाणता ।।२।।"** (श्लोकवा०उप०श्लो०३७-३८)

---

**अथ** क्लृप्तप्रत्यक्षप्रमाणान्तर्गतत्वेन प्रत्यभिज्ञायाः प्रामाण्यमभ्युपगच्छन्तोऽपि **मीमांसक-नैयायिकादयः** स्थैर्यरूपमेकत्वमेव तस्याः विषयत्वेन मन्यन्ते, न पुन**र्जैना** इव सादृश्य-वैसदृश्य-दूरत्व-समीपत्व-ह्रस्वत्व-दीर्घत्वादिकमपि। ते हि सादृश्यादिलक्षणप्रमेयप्रतिपत्त्यर्थमुपमानादिलक्षणप्रमाणान्तरमेव प्रत्यभिज्ञाविलक्षणं कल्पयन्तीत्येकत्ववत् सादृश्यादेरपि प्रत्यभिज्ञाविषयत्वसमर्थनेन तेषां मतमपासितुकामो ग्रन्थकारः पूर्वं **भाट्ट**मतमुपन्यस्यति '**ननु**' इत्यादिना। निराकरोति '**तन्न**' इत्यादिना। सुगमम्।

उपमानप्रमाणस्वीकर्तृत्वाविशेषेऽपि **भाट्टयौगयोः** तद्विषयविचारे विशेषोऽस्ति। **नैयायिकास्तु मीमांसक**वन्नोपमानस्य सादृश्यविषयकत्वं मन्यन्ते, किन्तु सञ्ज्ञासञ्ज्ञिसम्बन्धविषयकत्वमेवामानन्तीति सञ्ज्ञासञ्ज्ञिसम्ब-

---

વળી, આવા સ્થળોમાં પણ સાદશ્યનું સ્મરણ અને પછી 'एतत्' નું પ્રત્યક્ષ આ રીતે સ્મરણ + પ્રત્યક્ષની સંકલનાનો ક્રમ અનુભવસિદ્ધ છે માટે આ સાદશ્યજ્ઞાન પણ પ્રત્યભિજ્ઞાન જ છે. આ તો માત્ર દિશાસૂચન છે. આ અંગે આગળ પણ ઘણું વિચારી શકાય તેમ છે. આ રીતે પ્રત્યભિજ્ઞાન અંગે નૈયાયિકોની માન્યતાનો નિરાસ થાય છે અને પ્રત્યભિજ્ઞાનની સ્વતંત્ર પ્રમાણરૂપે સ્થાપના પણ થાય છે.

પ્રત્યક્ષમાં અંતર્ભાવ કરીને પ્રત્યભિજ્ઞાનને પ્રમાણ માનનારા નૈયાયિક-મીમાંસકાદિ સ્થૈર્યરૂપ એકત્વને જ તેના વિષય તરીકે માને છે. પરંતુ જૈનો તો સાદશ્ય-વૈસદશ્ય-દૂરત્વ-સમીપત્વ-હ્રસ્વત્વ-દીર્ઘત્વાદિને પણ પ્રત્યભિજ્ઞાનના જ વિષય માને છે. તેથી હવે કુમારિલ ભટ્ટ (મીમાંસક)નો મત જણાવીને તેના ખંડનપૂર્વક સાદશ્યાદિને પણ પ્રત્યક્ષજ્ઞાનના જ વિષય તરીકે સિદ્ધ કરે છે.

### * સાદશ્યમાં પ્રત્યભિજ્ઞાનવિષયત્વની સિદ્ધિ (ભાટ્ટમત ખંડન) *

**ભાટ્ટ :** 'स एवायं' ઇત્યાદિરૂપે થતા બે પદાર્થ વચ્ચેના એકત્વજ્ઞાનને ભલે પ્રત્યભિજ્ઞાન કહો પણ 'गोसदृशो गवयः' ઇત્યાદિ રૂપે થનારા સાદશ્યજ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહી ન શકાય કારણ કે સાદશ્યજ્ઞાનને તો ઉપમાન કહેવાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે - સાદશ્યથી યુક્ત જે પદાર્થ (ગાય) નું સ્મરણ કરાય તે પદાર્થ ઉપમાન પ્રમાણનો વિષય (પ્રમેય) બને છે અથવા તો તે પદાર્થમાં રહેલું સાદશ્ય જ ઉપમાન પ્રમાણનો વિષય (પ્રયોગ) બને છે. (**પ્રશ્ન :-** સાદશ્ય તો પ્રત્યક્ષથી જ દેખાય છે ને ? - તેનો **ઉત્તર** બીજા શ્લોકમાં...) યદ્યપિ સાદશ્ય તો પ્રત્યક્ષ જ દેખાય છે અને ગાયનું તો સ્મરણ થાય છે પરંતુ સાદશ્યવિશિષ્ટ ગાયનો 'अनेन सदृशी मदीया गौः' 'આના જેવી જ મારી

**इति; तन्न; दृष्टस्य सादृश्यविशिष्टपिण्डस्य स्मृतस्य च गोः सङ्कलनात्मकस्य 'गोसदृशो गवय' इति ज्ञानस्य प्रत्यभिज्ञानताऽनतिक्रमात् । अन्यथा 'गोविसदृशो महिषः' इत्यादेरपि सादृश्याविषयत्वेनोपमानातिरेके प्रमाणसङ्ख्याव्याघातप्रसङ्गात् ।**

**एतेन - 'गोसदृशो गवयः' इत्यतिदेशवाक्यार्थज्ञानकरणकं सादृश्यविशिष्टपिण्डदर्शन-**

---

न्धस्यापि प्रत्यभिज्ञानग्राह्यत्वसमर्थनेन **नैयायिका**भ्युपगतमुपमानस्य प्रमाणान्तरत्वं निरसितुं तदीयमतमुपदर्शयन्नाह **'एतेन'** इत्यादिना। सुगमम्।

---

ગાય છે' એવો એક સળંગ બોધ જે થાય છે તે શેનાથી થશે ? પ્રત્યક્ષથી તો નહીં થાય કારણ કે ગાય જ પ્રત્યક્ષ નથી તો સાદશ્યવિશિષ્ટ ગાયનું પ્રત્યક્ષ ક્યાંથી થાય ? અને સ્મરણથી પણ ઉક્ત બોધ થવો શક્ય નથી કારણ કે સ્મરણ તો પૂર્વાનુભૂતનું જ થાય અને સાદશ્ય તો અનુભૂયમાન છે, પૂર્વાનુભૂત નથી. સાદશ્યવિશિષ્ટ પદાર્થનો બોધ થાય છે તે તો પ્રતીત જ છે માટે આ બોધ જેનાથી થાય તેને ઉપમાન પ્રમાણ કહેવાય. આમ ઉપમાન સ્વતંત્ર પ્રમાણ તરીકે સિદ્ધ થાય છે.

**જૈન :** તમારી આ માન્યતા યુક્તિસંગત નથી. પ્રત્યક્ષ અને સ્મરણના સંકલનાત્મક જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહેવાય છે. પ્રસ્તુતમાં પણ ગવયનું પ્રત્યક્ષ અને ગાયનું સ્મરણ આ બન્નેના સંકલનરૂપ 'गोसदृशो गवयः' એવું જે જ્ઞાન થાય છે તેમાં પણ પ્રત્યભિજ્ઞાનનું લક્ષણ ઘટે જ છે માટે તેને પણ પ્રત્યભિજ્ઞાન જ કહેવું ઉચિત છે. બાકી, સાદશ્યવિશિષ્ટપદાર્થનો બોધ કરાવનાર જ્ઞાનને સ્વતંત્ર ઉપમાન પ્રમાણ કહેશો તો પછી 'गोविसदृशो महिषः' આ સ્થળે શું કરશો ? કારણ કે અહીં સાદશ્યજ્ઞાન નથી કે જેથી ઉપમાન પ્રમાણ કહી શકો અને વિસદશતાવિશિષ્ટપદાર્થનો અલગ સ્વતંત્ર બોધ પણ થાય છે માટે તમારે વિસદશતાવિશિષ્ટપદાર્થને જણાવનાર જ્ઞાનને પણ કો'ક સ્વતંત્ર પ્રમાણરૂપ માનવું પડશે.

આમ થવાથી તમે (ભાટ્ટ) જે પાંચ પ્રમાણ માનો છો તે સંખ્યા વધી જવાથી તમે માનેલી પ્રમાણસંખ્યાનો પણ વ્યાઘાત થશે. માટે આવા ખોટા ઉધામા કરવા કરતા સાદશ્યજ્ઞાનમાં જે જ્ઞાનનું સીધું લક્ષણ ઘટે છે તે જ્ઞાનરૂપ જ તેને માનવું યોગ્ય છે. આમ સાદશ્યજ્ઞાનનો પ્રત્યભિજ્ઞાનમાં જ અંતર્ભાવ થાય છે.

નૈયાયિકો મીમાંસકની જેમ સાદશ્યને ઉપમાનનો વિષય નથી માનતા. તેઓ સાદશ્યજ્ઞાનને કરણ માનીને સંજ્ઞાસંજ્ઞીસંબંધ (વાચ્ય-વાચકભાવસંબંધ) ને ઉપમાનનો વિષય માને છે. તેથી નૈયાયિકની ઉક્ત માન્યતાનું ખંડન કરીને વાચ્ય-વાચકભાવસંબંધને પણ પ્રત્યભિજ્ઞાનના વિષયરૂપે ગ્રન્થકાર સિદ્ધ કરે છે જેથી ઉપમાનને સ્વતંત્ર પ્રમાણ માનવાની વાત મૂલતઃ ઉખડી જાય.

### * ઉપમાન સ્વંતત્ર પ્રમાણ નથી (નૈયાયિકમત ખંડન) *

**પૂર્વપક્ષ :** ઉપમાનને પ્રમાણ તો અમે પણ માનીએ છીએ પરંતુ ભાટ્ટની જેમ તેને સાદશ્યજ્ઞાનાત્મક માનતા નથી. પરંતુ સંજ્ઞા-સંજ્ઞીસંબંધના જ્ઞાનરૂપ (વાચ્યવાચકભાવના જ્ઞાનરૂપ) માનીએ છીએ. ઉદાહરણથી આ વાતને સમજીએ. 'ગાય જેવું પ્રાણી ગવય હોય છે' એવું અતિદેશવાક્ય કોઈએ સાંભળ્યું અને તેનો અર્થ સમજી લીધો. પછી તે જ વ્યક્તિએ ગોસાદશ્યવિશિષ્ટ પિંડને જોયો ત્યારે તેને પૂર્વે સાંભળેલા અતિદેશ વાક્યાર્થનું સ્મરણ થાય અને પછી 'આ ગવય છે' એવો પુરોવર્તિ ગવય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्यापारकम् 'अयं गवयशब्दवाच्य' इति सञ्ज्ञासञ्ज्ञिसम्बन्धप्रतिपत्तिरूपमुपमानमिति नैयायिकमतमप्यपहस्तितं भवति । अनुभूतव्यक्तौ गवयपदवाच्यत्वसङ्कलनात्मकस्यास्य प्रत्यभिज्ञानत्वानतिक्रमात् प्रत्यभिज्ञानावरणकर्मक्षयोपशमविशेषेण यद्धर्मावच्छेदेनातिदेशवाक्यानूद्य-**

'**अनुभूतव्यक्तावि**'ति → प्रथमं तावद् गवयदर्शनं, ततो गवयनिष्ठगोसादृश्यप्रत्यक्षं, ततोऽतिदेशवाक्यार्थस्मरणं, ततश्च वाच्यवाचकभावग्रह इत्येष सामान्यतः क्रमः। अतो गवयस्यानुभूयमानत्वेऽपि वाच्यवाचकभावग्रहकालापेक्षया तस्य प्रागगृहीततयाऽनुभूतपदेन तद्व्यपदेशः।

**ननु** गवयत्वस्य प्रागगृहीततया कथं तदवच्छिन्ने गवयपदवाच्यत्वग्रह इति जिज्ञासायामाह **प्रत्यभिज्ञानावरणकर्मक्षयोपशमविशेषेणे**त्यादि → प्रकृते नियमयोजना चेदृशी, 'गोसदृशो गवय' इत्यतिदेशवाक्येनानूद्यो धर्मो गोसादृश्यं, तस्य दर्शनं इदन्त्वावच्छेदेनैव, पुरोवर्तिन्येव पिण्डे तद्दर्शनात्। तथा च इदन्त्वावच्छेदेनैव गवयपदवाच्यत्वग्रह इति फलितार्थः। **न चैवं** कथं गवयमात्रे वाच्यवाचकभावग्रह इति

પદાર્થ અને ગવયપદ વચ્ચેનો સંજ્ઞા-સંજ્ઞીસંબંધ = વાચ્ય-વાચકભાવરૂપસંબંધનું જ્ઞાન થાય છે. (સામાન્યલક્ષણાપ્રત્યાસત્તિથી બધા ગવયની ઉપસ્થિતિ થઈ જાય અને 'गवयः गवयपदवाच्यः' આવો દરેક ગવય પદાર્થમાં ગવયપદની વાચ્યતાનો બોધ થાય છે) આ જ ઉપમિતિ છે.

**ઉત્તરપક્ષ :** તમારી ઉપમાન અંગેની માન્યતાનું ખંડન પૂર્વોક્ત ભાટ્ટમતની સમાલોચનાથી જ થઈ જાય છે. કારણ કે પૂર્વાનુભૂત ગવયપિંડમાં ગોસાદશ્યનું અને ગવય પદવાચ્યત્વનું સંકલન આ જ્ઞાનથી થાય છે માટે આ જ્ઞાન પણ પ્રત્યભિજ્ઞાન જ સિદ્ધ થાય છે. (અર્થાત્, પૂર્વે 'જે ગોસદશ હોય તેને ગવય કહેવાય' એટલું જ્ઞાન થયેલું અને પછી ગવયદર્શનકાળે 'આને ગવય કહેવાય' એવો સ્પષ્ટ રીતે વાચ્ય-વાચકભાવ ગૃહીત થાય છે. (**પ્રશ્ન :** ગવય માટે ગ્રન્થકારે શબ્દ વાપર્યો છે - 'अनुभूतव्यक्तौ...' ગવય તો અનુભૂયમાન = દશ્યમાન છે. તેને માટે 'અનુભૂત' એવો શબ્દપ્રયોગ સંગત શી રીતે બને ? **ઉત્તર :** ગવયનું પ્રત્યક્ષ થાય, પછી તેમાં ગોસાદશ્યનું પ્રત્યક્ષ થાય, પછી અતિદેશવાક્યનું સ્મરણ થાય, પછી ઉપમિતિ (= વાચ્ય-વાચકભાવનો ગ્રહ) થાય છે. સામાન્યથી આ ક્રમ છે. આમાં છેલ્લા તબક્કામાં ગવયમાં ગવયપદની વાચ્યતાનો બોધ થાય છે અને ગવયનું પ્રત્યક્ષ તો એ પૂર્વે પહેલા તબક્કામાં જ થઈ ગયેલું હોય છે. એટલે કે ઉપમિતિ કાળની અપેક્ષાએ ગવય પ્રત્યક્ષ અતીતકાળમાં થતું હોવાથી એ અપેક્ષાએ તેને 'અનુભૂત' કહેવામાં બાધ નથી. એમ સમજવું યોગ્ય લાગે છે.)

'गोसदृशो गवयः' આ અતિદેશવાક્યનો અર્થ એવો થાય છે કે 'જે ગાય સદશ (= જયાં ગાયનું સાદશ્ય) હોય તેને ગવય કહેવાય.' તેથી ફલિતાર્થ એવો થયો કે આ અતિદેશવાક્ય ગોસાદશ્યનો (ગવયમાં) અનુવાદ કરીને ત્યાં જ ગવયપદની વાચ્યતાને જણાવે છે. આમ, અતિદેશવાક્યથી અનૂદ્ય (= અનુવાદ કરાતો) ધર્મ છે ગોસાદશ્ય. અહીં ગ્રન્થકાર એવો નિયમ જણાવે છે કે અતિદેશવાક્યથી અનૂદ્ય ધર્મ (= ગોસાદશ્ય) નું દર્શન યદ્ધર્માવચ્છેદેન થાય, તદ્ધર્માવચ્છેદેન પદવાચ્યતાનું (= ગવયપદની વાચ્યતાનું) જ્ઞાન થઈ શકે. આવું જ્ઞાન પ્રત્યભિજ્ઞાનાવરણકર્મના વિશેષ પ્રકારના ક્ષયોપશમથી થાય છે. પ્રસ્તુતમાં, इदन्त्वावच्छेदेन ગોસાદશ્યનું દર્શન થયું માટે इदन्त्वावच्छेदेन જ 'ગવય' પદની વાચ્યતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**धर्मदर्शनं तद्धर्मावच्छेदेनैव पदवाच्यत्वपरिच्छेदोपपत्तेः । अत एव "पयोम्बुभेदी हंसः स्यात्" इत्यादिवाक्यार्थज्ञानवतां पयोऽम्बुभेदित्वादिविशिष्टव्यक्तिदर्शने सति 'अयं हंसपदवाच्य' इत्यादिप्रतीतिर्जायमानोपपद्यते । यदि च 'अयं गवयपदवाच्य' इति प्रतीत्यर्थं प्रत्यभिज्ञातिरिक्तं प्रमाणमाश्रीयते तदा आमलकादिदर्शनाहितसंस्कारस्य बिल्वादिदर्शनात् 'अतस्तत् सूक्ष्मम्'**

---

**वाच्यम्**, गवयपदवाच्यत्वस्य गोसादृश्यव्यापकत्वात् तर्कप्रमाणेन तद्ग्रहसिद्धेः । **एतेन** *"तदनन्तरं 'गवयो गवयपदवाच्य' इति ज्ञानं यज्जायते तदुपमितिः, न तु 'अयं गवयपदवाच्य' इति ज्ञानमुपमितिः*

---

જણાય છે. પુરોવર્તી ગવયમાં શક્તિગ્રહ થયા પછી 'જ્યાં જ્યાં ગોસાદશ્ય છે ત્યાં બધે ગવયપદની વાચ્યતા છે' એવા તર્ક પ્રમાણથી સકલ ગવયમાં ગવયપદની વાચ્યતાનો બોધ પણ સંગત થાય છે. આવા નિયમના કારણે જ તો ''જે ક્ષીર-નીરનો ભેદ કરે તે હંસ હોય છે.'' આવું અતિદેશવાક્ય સાંભળનારને જ્યારે ક્ષીર-નીરનો વિવેક (= પૃથક્કરણ) કરતું કોઈ પક્ષી જોવામાં આવે તો ત્યારે તે વ્યક્તિને 'अयं हंसशब्दवाच्यः' = 'अयं हंसः' = 'આ હંસ છે' એવી પ્રતીતિ જે ઉત્પન્ન થાય છે તે પણ સંગત થાય છે. 'જે ક્ષીર-નીરનો વિવેક કરે તે હંસ હોય છે' આ અતિદેશવાક્ય ક્ષીર-નીરના પૃથક્કરણરૂપ ધર્મનો અનુવાદ કરીને, આવું પૃથક્કરણ કરનાર વ્યક્તિમાં 'હંસ'પદની વાચ્યતાનું વિધાન કરે છે. તેથી અતિદેશવાક્યથી અનૂદ્ય ધર્મ થયો ક્ષીર-નીર પૃથક્કરણ. इदन्त्वावच्छेदेन આ ધર્મનું દર્શન જેને થાય તેને इदन्त्वावच्छेदेन હંસપદવાચ્યતાનો બોધ પણ થાય છે અને પછી તર્ક પ્રમાણથી પૂર્વોક્ત રીતે બધા હંસમાં હંસપદવાચ્યતાનો ગ્રહ પણ સંભવી શકે છે. આવો બોધ પ્રત્યભિજ્ઞાનાવરણના વિશેષપ્રકારના ક્ષયોપશમથી થાય છે.

જો 'अयं गवयपदवाच्यः' એવી પ્રતીતિ માટે પ્રત્યભિજ્ઞાનથી અલગ ઉપમાન પ્રમાણ માનશો તો પછી તમારે બીજાં ય ઘણાં પ્રમાણો અલગ માનવા પડશે. જેમ કે આમળાનું ફળ જોયા પછી બિલ્વનું (બિજોરૂ) ફળ જુએ ત્યારે તેને 'આના કરતા તે સૂક્ષ્મ હતું' એવું જે જ્ઞાન થાય છે તેને ક્યું પ્રમાણ કહેશો ? ઉપમાન તો કહી નહીં શકાય કારણ કે અહીં કાંઈ પૂર્વદષ્ટ પદાર્થનું સાદશ્ય દશ્યમાન પદાર્થમાં જોવાતું નથી કે જેથી 'સાદશ્યગ્રાહક હોવાથી આ ઉપમાન છે' એવો બચાવ તમે કરી શકો. આથી સૂક્ષ્મત્વગ્રાહક જ્ઞાનને પ્રમાણાંતર માનવું પડશે. આ જ રીતે આ તેના કરતા દૂર છે-નજીક છે ઇત્યાદિ જ્ઞાન અંગે પણ જાણવું. આ બધા જ્ઞાન આપેક્ષિક છે. તેથી તેના માટે તમે કેટલા પ્રમાણ માનશો ?

**શંકા :** અમે દૂરત્વાદિના જ્ઞાનને માનસ પ્રત્યક્ષાત્મક માનશું.

**સમા. :** તો પછી ઉપમાનને ય માનસપ્રત્યક્ષ માની લેવું પડશે. કારણ કે અપેક્ષા દ્વારા થતા હ્રસ્વત્વ-દીર્ઘત્વ-દૂરત્વ-સમીપત્વના જ્ઞાનને માનસપ્રત્યક્ષ કહી શકાતું હોય તો સાદશ્યદર્શન દ્વારા થતા વાચ્ય-વાચકભાવના જ્ઞાનને ય માનસપ્રત્યક્ષ કેમ ન કહી શકાય ? વસ્તુતઃ પ્રત્યક્ષ જ્ઞાનને અન્યજ્ઞાનની અપેક્ષા રહેતી નથી. વૃક્ષને જોતા જ પ્રત્યક્ષજ્ઞાન થઈ જાય છે. માનસ પ્રત્યક્ષમાં પણ આવું જ હોય છે. સુખ-દુઃખનો મનથી સાક્ષાત્કાર કરે ત્યારે અન્ય કોઈ જ્ઞાનને એમાં સાંકળવાનું હોતું નથી. પરંતુ સાદશ્ય-હ્રસ્વત્વ-દૂરત્વાદિનું જ્ઞાન જ્યારે થાય ત્યારે પૂર્વે થયેલા અન્યજ્ઞાનોની અપેક્ષા રહે છે. (અર્થાત્, બિલ્વનું ફળ જોતાં તેમાં દીર્ઘત્વનું જ્ઞાન કરવું હોય તો પૂર્વે આમળાના ફળમાં થયેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इत्यादिप्रतीत्यर्थं प्रमाणन्तरमन्वेषणीयं स्यात् । मानसत्वे चासामुपमानस्यापि मानसत्वप्रसङ्गात्। 'प्रत्यभिजानामीति प्रतीत्या प्रत्यभिज्ञानत्वमेवाभ्युपेयमिति दिक् ।**

**सकलदेशकालाद्यवच्छेदेन साध्यसाधनभावादिविषय ऊहस्तर्कः, यथा 'यावान् कश्चिद्धूमः स सर्वो वह्नौ सत्येव भवति, वह्निं विना वा न भवति' 'घटशब्दमात्रं घटस्य वाचकम्' 'घटमात्रं घटशब्दवाच्यम्' इत्यादि । तथाहि-स्वरूपप्रयुक्ताऽव्यभिचारलक्षणायां व्याप्तौ भूयोदर्शनसहितान्वयव्यतिरेकसहकारेणापि प्रत्यक्षस्य तावदविषयत्वादेवाप्रवृत्तिः, सुतरां च सकलसाध्यसाधनव्यक्त्युपसंहारेण तद्ग्रह इति साध्यसाधनदर्शनस्मरण-**

---

*गवयान्तरे शक्तिग्रहाभावप्रसङ्गादि"*ति यदुक्तं **मुक्तावलीकारेण** तदपि निरस्तं द्रष्टव्यम्।

**'स्वरूपप्रयुक्त'**... इत्यादि। स्वाभाविक्यव्यभिचाररूपा व्याप्तिरित्यर्थः। तच्छून्यावृत्तित्वं खलु अव्यभिचार-पदार्थः। स च द्वेधा, अनौपाधिकः, औपाधिकश्च। धूमे वह्निशून्यावृत्तित्वस्य उपाध्यकृतत्वेनानौपाधिकत्वात् स्वाभाविकत्वम्। वह्नौ तु धूमशून्यावृत्तित्वस्य आर्द्रेन्धनसंयोगरूपोपाधिकृतत्वेनौपाधिकत्वान्न स्वाभाविकत्वमिति बोध्यम्। स्वाभाविक्यव्यभिचारलक्षणैव व्याप्तिरनुमित्यौपयिकीत्यभिप्रायेण **'स्वरूपप्रयुक्ताव्यभिचारलक्षणायां व्याप्तावि'**त्युक्तम्। प्रत्यक्षस्य वर्तमानसन्निकृष्टग्राहितया पुरोवर्तिसाध्यसाधनादिविषयकत्वसम्भवेऽपि

---

હ્રસ્વત્વના જ્ઞાનની અપેક્ષા રહે કારણ કે તેની અપેક્ષાએ જ આમાં દીર્ઘત્વનું જ્ઞાન થવાનું છે.) આ રીતે બે જ્ઞાનોનું સંકલન કરવું પડે છે તેથી સંકલનાત્મક હોવાથી આ જ્ઞાનો પ્રત્યભિજ્ઞાનાત્મક છે.

વળી, આ જ્ઞાનોને પ્રત્યભિજ્ઞાનાત્મક કહેવામાં પ્રતીતિનો પુરાવો પણ છે. 'જોઉં છું', 'અનુમાન કરૂં છું' ઇત્યાદિ પ્રતીતિઓ કરતાં 'પ્રત્યભિજ્ઞાન કરૂં છું' એ પ્રતીતિ કંઈક વિલક્ષણ છે. તેથી ઉક્ત વિલક્ષણ પ્રતીતિના કારણે પણ ઉપરોક્ત જ્ઞાનોને પ્રત્યભિજ્ઞાનરૂપ જ માનવા ઉચિત છે. (ગ્રન્થકારે પ્રત્યભિજ્ઞાન અંગેના 'स एवायं...' ઇત્યાદિ આટલા બધા ઉદાહરણો આપ્યા તેની પાછળનું આ જ રહસ્ય છે કે તેઓશ્રી તે તે ઉદાહરણથી એવું જણાવવા માંગે છે કે સાદૃશ્યાદિનું જ્ઞાન પણ પ્રત્યભિજ્ઞાનમાં જ અંતર્ભૂત થાય છે.) આ રીતે પ્રત્યભિજ્ઞાનની પ્રત્યક્ષ-સ્મરણાદિ કરતા અલગ જ્ઞાનરૂપે સિદ્ધિ કરી, તેની પ્રત્યક્ષાદિ પ્રમાણ કરતા અલગ પ્રમાણરૂપે સિદ્ધિ કરી, સાદૃશ્યાદિને તેના વિષયરૂપે જણાવીને સપ્રસંગ સાદૃશ્યાદિગ્રાહી ઉપમાન પ્રમાણનો આમાં જ અંતર્ભાવ કર્યો. પ્રત્યભિજ્ઞાન પ્રમાણનું નિરૂપણ અહીં પૂર્ણ થયું.

## * તર્કપ્રમાણનું નિરૂપણ *

હવે ક્રમપ્રાપ્ત તર્ક પ્રમાણનું નિરૂપણ કરે છે. સૌ પ્રથમ તર્કનું લક્ષણ જણાવે છે.

સર્વદેશ-કાળની અપેક્ષાએ કોઈ બે વસ્તુ વચ્ચે સાધ્ય-સાધનભાવાદિવિષયક ઊહા (વિચારણા) ને તર્ક કહેવાય છે. જેમ કે 'ગમે તે કાળે, ગમે તે ક્ષેત્રમાં જે કોઈ પણ ધૂમ છે તે વહ્નિ હોતે છતે જ હોય છે.' અથવા, વહ્નિ વિના ધૂમ હોતો નથી.' સાધ્ય-સાધનભાવવિષયક વ્યાપ્તિના ગ્રહણને જેમ તર્ક કહેવાય છે તેમ વાચ્ય-વાચકભાવરૂપ સંબંધના ગ્રહણને પણ તર્ક કહેવાય છે. જેમ કે, 'ઘટ', શબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रत्यभिज्ञानोपजनितस्तर्क एव तत्प्रतीतिमाधातुमलम् ।**

तद्गताव्यभिचारो हि न तद्विषयः। वर्तमानसन्निकृष्टसाध्यसाधनादिगोचराव्यभिचारोऽपि यदि प्रत्यक्षाविषयः, सुतरां तर्हि निखिलदेशकालवर्तिसाध्यसाधनादिगोचराव्यभिचारः। कथं तर्हि तादृशाव्यभिचारग्रह इत्याशङ्कायामाह **'साध्यसाधनदर्शनस्मरण'**... इत्यादि। **अयम्भावः**-पूर्वं तावत् साध्यसाधनदर्शनं = प्रमाणेन उपलम्भः, उपलक्षणेन तयोरनुपलम्भोऽपि गृह्यते, पुनरपि तयोर्दर्शने सञ्जाते प्राग्दृष्टयोस्तयोः स्मरणं, ततश्च प्रत्यभिज्ञानं 'प्राग्दृष्टसाध्यसाधनसदृश इम' इत्याकारकं, ततश्चेदमस्मिन् सत्येव भवति, असति वा न भवतीत्याकारस्तर्कः प्रभवति। क्वचित् क्षयोपशमविशेषवशात् सकृत्साध्यसाधनोपलम्भानुपलम्भाभ्यामनन्तरमेव तर्कः समुत्पद्यत इति साध्यसाधनदर्शनस्य क्वचिदानन्तर्येण तर्कं प्रति कारणत्वमवसेयं, क्वचिच्च तत्स्मरणप्रत्यभिज्ञानसम्भवात् पारम्पर्येणेति विशेषः।

જ ઘટપદાર્થનો વાચક છે, (પણ 'પટ' આદિ શબ્દ ઘટના વાચક નથી) 'ઘટ' પદાર્થ જ 'ઘટ'પદથી વાચ્ય છે, (પટાદિ પદાર્થો 'ઘટ'પદથી વાચ્ય નથી) ઇત્યાદિ. સાધ્ય-સાધન વચ્ચેની, વાચ્ય-વાચક વચ્ચેની વ્યાપ્તિનું ગ્રહણ પણ તર્ક પ્રમાણથી જ થાય છે. તે આ રીતે-સ્વરૂપથી જ અવ્યભિચાર હોવો તેને વ્યાપ્તિ કહેવાય છે. વ્યાપ્તિ બે પ્રકારની મળે. સોપાધિક અને નિરુપાધિક. વહ્નિમાં રહેલી ધૂમની વ્યાપ્તિ સોપાધિક છે. આર્દ્રેન્ધનસંયોગ એ ત્યાં ઉપાધિ છે. આવી વ્યાપ્તિ અનુમિતિના કરણ તરીકે ઈષ્ટ નથી પણ જ્યાં નિરુપાધિક વ્યાપ્તિ હોય તે જ અનુમિતિના કરણ તરીકે ઈષ્ટ છે. ધૂમમાં વહ્નિની વ્યાપ્તિ નિરુપાધિક છે. આવી વ્યાપ્તિ જ પકડાય અને સોપાધિક વ્યાપ્તિનો વ્યવચ્છેદ થઈ જાય તે માટે 'સ્વપ્રયુક્ત અવ્યભિચારસ્વરૂપ વ્યાપ્તિ' આવું કહ્યું છે. સોપાધિક વ્યાપ્તિમાં સાધ્ય-સાધન વચ્ચે સ્વરૂપથી જ અવ્યભિચાર હોતો નથી તેથી તેનો વ્યવચ્છેદ થઈ જાય છે.) વારંવાર ધૂમ વહ્નિને જોયા હોય અને બન્ને વચ્ચે અન્વય-વ્યતિરેક (અવ્યભિચાર)નું પણ ગ્રહણ કર્યું હોય તો પણ અવ્યભિચાર એ તો પ્રત્યક્ષનો વિષય જ ન હોવાથી તેને વિશે પ્રત્યક્ષ પ્રવર્તતું નથી. અર્થાત્, પ્રત્યક્ષ પ્રમાણ માત્ર વર્તમાન અને ઈન્દ્રિય સંનિષ્ટ પદાર્થોનું ગ્રાહક છે. પ્રત્યક્ષથી વર્તમાન સાધ્ય-સાધન દેખી શકાય તો ય તે બે વચ્ચે અવ્યભિચાર (વ્યાપ્તિ) હશે કે કેમ એ તો શંકાસ્પદ જ રહેવાનું, કારણ કે અવ્યભિચાર એ પ્રત્યક્ષનો વિષય જ નથી. વર્તમાન સંન્નિકૃષ્ટગ્રાહી હોવાથી પ્રત્યક્ષપ્રમાણ અસમર્થ હોય તો પછી ત્રૈકાલિક સાધ્ય-સાધન વચ્ચેના અવ્યભિચારનું ગ્રહણ કરવામાં તો તે સુતરાં અસમર્થ જ હોય. તેથી તર્ક જ સાધ્ય-સાધન વચ્ચેના અવ્યભિચારની પ્રતીતિ કરાવવામાં સમર્થ છે. તે તર્ક આ રીતે ઉત્પન્ન થાય છે. પૂર્વે સાધ્ય-સાધનનું જેને સહચારીરૂપે દર્શન થયેલું તેવી વ્યક્તિને વર્તમાનમાં સાધ્ય-સાધનના સહચારનું દર્શન થાય છે, તેને જોતા જ પૂર્વદષ્ટ સાધ્ય-સાધનનું તેને સ્મરણ થાય છે, પછી સ્મૃત સાધ્ય-સાધનના સાજાત્યનું દશ્યમાન સાધ્ય-સાધનમાં જ્ઞાન (=પ્રત્યભિજ્ઞાન) થાય છે કે 'પેલા ધૂમ-વહ્નિને સજાતીય જ આ ધૂમ-વહ્નિ છે.' (પાછું અયોગોલકાદિ સ્થળે માત્ર વહ્નિ જ દેખાય પણ 'જ્યાં ધૂમ હોય ત્યાં તો બધે વહ્નિ હોય જ' એવું મહાનસાદિમાં જુએ) તેથી દષ્ટાને એકવાત નિશ્ચિતપણે જણાય છે કે 'ધૂમ હોય ત્યાં વહ્નિ હોય જ.' બસ, આવો ત્રૈકાલિક અને સર્વક્ષેત્રીય નિયમ જે જણાય તે જ તર્ક કહેવાય છે. આ રીતે સાધ્ય-સાધનના દર્શન-સ્મરણ-પ્રત્યભિજ્ઞાનથી ઉત્પન્ન થતો તર્ક સાધ્ય-સાધન વચ્ચેના સાર્વત્રિક અવ્યભિચારરૂપ વ્યાપ્તિનું ગ્રહણ કરવામાં સમર્થ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अथ स्वव्यापकसाध्यसामानाधिकरण्यलक्षणाया व्याप्तेर्योग्यत्वाद् भूयोदर्शनव्यभिचारादर्शनसहकृतेनेन्द्रियेण व्याप्तिग्रहोऽस्तु, सकलसाध्यसाधनव्यक्त्युपसंहारस्यापि सामान्यलक्षण-**

**नैयायिकः** शङ्कते 'अथ' इत्यादिना। **अयम्भावः**- अव्यभिचारलक्षणा व्याप्तिरयोग्यत्वात् मा भूत् प्रत्यक्षस्य विषयः, किन्तु सामानाधिकरण्यरूपाया व्याप्तेस्तु योग्यत्वात् प्रत्यक्षविषयत्वं सुशक्यमेव। सामानाधिकरण्यस्य व्यक्तिविश्रान्ततया तत्तद्व्यक्तियोग्यत्वे प्रत्यक्षयोग्यत्वमेवेति तत्तद्व्यक्तिग्रहे तत्सामानाधिकरण्यस्यापि सुग्रहत्वम्। **न चैवम**पि केवलं वर्तमानसन्निकृष्टसाध्यसाधनसामानाधिकरण्यग्रहणं, देशान्तरीयकालान्तरीयसाध्यसाधनोपसंहारेण सामानाधिकरण्यग्रहणासम्भवेन न व्याप्तेर्ग्रहणमिति **वाच्यम्**, सकलसाध्यसाधनोपसंहारेण सामानाधिकरण्यज्ञानस्य लौकिकसन्निकर्षजन्यत्वासम्भवेऽपि सामान्यलक्षणाऽलौकिकसन्निकर्षद्वारा सुसम्भवात् न तादृशव्याप्तिज्ञानार्थं प्रमाणान्तरकल्पनमुचितमिति पूर्वपक्षाभिप्रायः।

निराकरोति 'ने'त्यादिना → **न्यायम**तेऽपि सामान्यलक्षणाप्रत्यासत्तिस्वीकारे नैकमत्यम्। तस्याः **चिन्तामणिकृता सामान्यलक्षणा**ग्रन्थे समर्थितायाः **दीधितिकृता** तत्रैव निष्प्रयोजनत्वोपपादनेन निरस्तत्वात्। **किञ्च**, प्रमाणाभावोऽपि सामान्यलक्षणाप्रत्यासत्तिस्वीकारेऽस्तीति सामान्यलक्षणाप्रत्यासत्तिं प्रत्यासक्तिरनुचितैव। तुष्यतु दुर्जनन्यायेन तादृशालौकिकसम्बन्धाभ्युपगमेऽपि तर्कं विना न सार्वत्रिकव्याप्तिग्रहः। **तथाहि**-ज्ञायमानसामान्यं सामान्यज्ञानं वा सामान्यलक्षणाप्रत्यासत्तिः। तथा च सामान्यमपि सकलव्यक्त्युपस्थापकं

## * સકલવ્યક્તિનું ઉપસ્થાપન તર્ક વિના અશક્ય (નૈયાયિકમત ખંડન) *

**પૂર્વપક્ષ :** અવ્યભિચારસ્વરૂપ વ્યાપ્તિનું ગ્રહણ પ્રત્યક્ષપ્રમાણથી થઈ ન શકે એ તમારી વાત કબૂલ રાખીયે છીએ કારણ કે તે સંનિકૃષ્ટગ્રાહી એવા પ્રત્યક્ષના વિષયક્ષેત્રની બહારનો પદાર્થ છે પરંતુ તેમ છતાં પણ સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિનું ગ્રહણ પ્રત્યક્ષથી શક્ય છે. તાત્પર્ય એ છે કે હેતુમાં રહેલું વ્યાપક (સાધ્ય) નું સામાનાધિકરણ્ય એ જ વ્યાપ્તિ છે અને સામાનાધિકરણ્ય તો તે તે હેતુમાં રહેલો પદાર્થ હોવાથી તે તે હેતુની યોગ્યતા હોવાના કારણે તે તે હેતુમાં રહેલાં સામાનાધિકરણ્યનું પણ પ્રત્યક્ષ થઈ શકે છે.

**પ્રશ્ન :** તે તે યોગ્યતા હોવાના કારણે તે તે હેતુમાં રહેલાં સામાનાધિકરણ્યનું પ્રત્યક્ષ તમે ભલે કરી શકો. પરંતુ ત્રણે કાળના સર્વ હેતુઓમાં તાદૃશ સામાનાધિકરણ્યનું ગ્રહણ શી રીતે કરી શકશો ? કારણ કે કાલાંતરીય અને ક્ષેત્રાંતરીય હેતુવ્યક્તિઓ તો પ્રત્યક્ષથી ગ્રાહ્ય બનવાના જ નથી અને તેથી તેમાં રહેલું તાદૃશ સામાનાધિકરણ્ય પણ ગ્રાહ્ય બનશે નહીં. તેથી સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિનું ગ્રહણ પણ પ્રત્યક્ષથી શી રીતે સંભવે ?

**ઉત્તર :** દરેક હેતુવ્યક્તિઓમાં સામાનાધિકરણ્યનું ગ્રહણ લૌકિકસંનિકર્ષથી (= ઈન્દ્રિયસંનિકષથી) શક્ય ન હોવા છતાં પણ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી = અલૌકિક સંનિકર્ષથી તેનું ગ્રહણ શક્ય છે. ઈન્દ્રિયસંબદ્ધ જે ધૂમ હોય, તન્નિષ્ઠ ધૂમત્વ પોતે જ સંબંધનું કામ કરીને ધૂમત્વવત્ત્વેન દરેક ધૂમની ઉપસ્થિતિ કરાવી આપે છે. (**તાત્પર્ય :** ઈન્દ્રિય સાથે વિષયનો સંનિકર્ષ થયા પછી જ ઈન્દ્રિય દ્વારા વિષયનું જ્ઞાન થઈ શકે. ઈન્દ્રિયનો વિષય સાથે સંનિકર્ષ બે રીતે થાય છે. એક તો લૌકિક સંનિકર્ષ (= સંયોગાદિ), અને બીજો અલૌકિક સંનિકર્ષ. લૌકિકસંનિકર્ષથી તો વર્તમાનકાલીન પુરોવર્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रत्यासत्त्या सम्भवादिति चेत्; न; 'तर्कयामि' इत्यनुभवसिद्धेन तर्केणैव सकलसाध्यसाधनव्यक्त्युपसंहारेण व्याप्तिग्रहोपपत्तौ सामान्यलक्षणप्रत्यासत्तिकल्पने प्रमाणाभावात्, ऊहं विना**

तदैव स्याद् यदा व्यक्तिसाकल्यं विनाऽनुपपद्यमानतया तज्ज्ञायेत। तथा च सकलव्यक्त्युपस्थितये सामान्ये व्यक्तिसाकल्यान्यथाऽनुपपद्यमानताज्ञानमावश्यकम्। सामान्यनिष्ठा तादृशानुपपद्यमानता च व्यक्तिसाकल्यव्याप्तिरूपा। सा च 'यदि सामान्यं व्यक्तिसाकल्यव्यभिचारि स्यात् तदा सामान्यमेव न स्यात्'

પદાર્થનું જ ગ્રહણ થઈ શકે પરંતુ અલૌકિક સંનિકર્ષથી તો કાલાંતરીય-દેશાંતરીય પદાર્થોનું પણ ગ્રહણ થઈ શકે છે. ઈન્દ્રિયસંબદ્ધવિશેષ્યકજ્ઞાનમાં પ્રકારીભૂત જે સામાન્ય (=ધૂમત્વાદિ) હોય, તે પોતે જ સંનિકર્ષ બને છે. તેથી જ્યાં જ્યાં ધૂમત્વ હોય ત્યાં ત્યાં સર્વત્ર ઈન્દ્રિયસંનિકર્ષ સિદ્ધ થયો. આ રીતે સર્વ ધૂમનું અને સર્વવહ્નિનું જ્ઞાન શક્ય છે.) આ રીતે દરેક હેતુ વ્યક્તિ અને તે દરેકમાં રહેલ સામાનાધિકરણ્યરૂપ વ્યાપ્તિનું ગ્રહણ પ્રત્યક્ષપ્રમાણથી (= ઈન્દ્રિયથી) શક્ય છે માટે તેના ગ્રહણ માટે તર્ક નામનું સ્વતંત્ર પ્રમાણ માનવાની આવશ્યકતા નથી.

**ઉત્તરપક્ષ :** તમારી વાત બરાબર નથી કારણ કે 'હું જોઉં છું' એવી પ્રતીતિના આધારે જેમ પ્રત્યક્ષ પ્રમાણ મનાય છે, 'હું અનુમાન કરૂં છું' એવી પ્રતીતિના આધારે જેમ અનુમાન પ્રમાણ મનાય છે તેમ 'तर्कयामि' = 'હું તર્ક કરૂં છું.' એવા અનુભવના આધારે તર્કને પણ સ્વતંત્ર પ્રમાણ માનવું જોઈએ. આ પ્રતીતિથી તર્કપ્રમાણ અનુભવસિદ્ધ સાબિત થાય છે. આવા તર્કથી જ સર્વસાધ્ય-સાધનો ઉપસ્થિત થઈ શકે છે અને એનાથી વ્યાપ્તિગ્રહ સંભવી શકે છે. તેમ છતાં સામાન્યલક્ષણાપ્રત્યાસત્તિ દ્વારા વ્યવહિત વિષયો સાથે પણ ઈન્દ્રિયસંબંધ માનવામાં પ્રમાણાભાવ અને કલ્પનાગૌરવ સિવાય કાંઈ જ નથી. સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિરૂપ અલૌકિક ઈન્દ્રિયસંબંધ માનવામાં કોઈ પ્રમાણ નથી. આ તો સકલ ધૂમ-યહ્નિ સાથે સીધો ઈન્દ્રિયસંબંધ મળતો નથી એટલે 'અલૌકિક-સંબંધ છે' એવું કહી દેવા માત્રથી કાંઈ તે સ્વીકાર્ય ન બને માટે આ અલૌકિક સંનિકર્ષની વાત જ અ-લૌકિક છે. (વળી, આ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ વિશે તમારા નૈયાયિકોમાં પણ એકમતિ ક્યાં છે ? **તત્ત્વચિંતામણિકારે** સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિનું નિરૂપણ કર્યું છે. તેની ટીકા કરતી વખતે **દીધિતિકારે** તેને 'નિષ્પ્રયોજન' જણાવીને તેનું ખંડન કર્યું છે.) એટલે તર્ક પ્રમાણથી જ સર્વ સાધ્ય-સાધનવ્યક્તિઓની ઉપસ્થિતિપૂર્વક વ્યાપ્તિગ્રહ થાય છે એમ માનવું જ ઉચિત છે.

વળી, બીજી વાત પણ એ છે કે કદાચ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિની વાત એ પણ છે કે કદાચ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિની વાત 'તુષ્યતુ દુર્જન' ન્યાયથી સ્વીકારી લઈએ તો પણ તર્ક વિના તમને ચાલે તેમ નથી. તમે એમ કહો છો કો પુરોવર્તિ ધૂમમાં રહેલા ધૂમત્વનું જ્ઞાન થયું એટલે તે ધૂમત્વરૂપ સામાન્ય સકલધૂમવ્યક્તિઓની ઉપસ્થિતિ કરાવશે પરંતુ તેમાં તમારે એક વાત સમજવી પડશે કે 'સામાન્ય' પણ સકલવ્યક્તિઓનું ઉપસ્થાપક ત્યારે જ બની શકે કે જ્યારે સકલવ્યક્તિઓમાં રહ્યા વિના તે (= સામાન્ય) અનુપપદ્યમાન હોવારૂપે જણાય. એટલે કે સામાન્ય, વ્યક્તિસાકલ્ય વિના (= સકલ વ્યક્તિઓમાં રહ્યા વિના) અનુપપન્ન બને એવું જણાયા પછી જ સામાન્ય દ્વારા સકલવ્યક્તિઓની ઉપસ્થિતિ થઈ શકે. અર્થાત્, વ્યક્તિ-સાકલ્ય સાથે સામાન્યની વ્યાપ્તિ જણાયા પછી જ સામાન્ય દ્વારા સકલવ્યક્તિઓની ઉપસ્થિતિ થઈ શકે. હવે આ વ્યાપ્તિ ત્યારે જ જણાઈ શકે જ્યારે તે પૂર્વે 'જો આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ज्ञातेन सामान्येनापि सकलव्यक्त्यनुपस्थितेश्च । वाच्यवाचकभावोऽपि तर्केणैवावगम्यते, तस्यैव सकलशब्दार्थगोचरत्वात् । प्रयोजकवृद्धोक्तं श्रुत्वा प्रवर्तमानस्य प्रयोज्यवृद्धस्य चेष्टामवलोक्य तत्कारणज्ञानजनकतां शब्देऽवधारयतोऽन्त्यावयवश्रवण-पूर्वावयवस्मरणोपजनितवर्णपदवाक्य-**

इत्याद्यूहं विना दुर्ज्ञानेति सकलव्यक्त्युपस्थापनोपयोगिसामान्यज्ञानार्थमूहस्य सामान्यलक्षणाप्रत्यासत्तिपक्षेऽपि अवश्यस्वीकार्यत्वात् तेनैव सर्वत्र व्याप्तिज्ञानकल्पनं समुचितमिति भावः।

'**वाच्यवाचकभावोऽपी**'ति → **ननु** वाच्यवाचकभावालम्बनं ज्ञानं कथं तर्कः ? **उच्यते**, नेदं तावत्प्रत्यक्षम्, चक्षुरादिज्ञानस्य शब्दपरिहारेण रूपादावेव श्रोत्रज्ञानस्य च रूपादिपरिहारेण शब्द एव प्रवर्तमानत्वाच्चक्षुरादिज्ञानं श्रोत्रज्ञानं च प्रतिनियत एव रूपादौ शब्दे च प्रवर्तते। न च सकलशब्दार्थगोचरमन्यद् ज्ञानमस्तीति तर्क एव तथा युक्तः। अस्य चोत्पत्तिः क्वचित्तावदावापोद्वापाभ्याम्। तत्प्रक्रिया च **स्याद्वादरत्नाकरानु**सारेण लिख्यते। **तथाहि**- उत्तमवृद्धे गामानयेत्यादिशब्दमुच्चारयितरि तत्र गृहीतसङ्केतस्य मध्यमवृद्धस्यागृहीतसङ्केतस्य च बालस्य वर्णपदवाक्यविषयसङ्कलनात्मकं प्रत्यभिज्ञानमुत्पद्यते। तथा हि पूर्वपूर्ववर्णावयवश्रवणाहित-संस्कारस्यान्त्यावयवश्रवणानन्तरं पूर्वतदवयस्मरणे ह्रस्वादिविषयसङ्केतस्मरणे च सति 'ह्रस्वो दीर्घः प्लुतो वाऽयं वर्ण' इति प्रत्यभिज्ञानं भवति। तथा पूर्वपूर्ववर्णश्रवणाहितसंस्कारस्यान्त्यवर्णश्रवणानन्तरं

(= જ્ઞાયમાન સામાન્ય) વ્યક્તિસાકલ્યને વ્યભિચારી હોત તો સામાન્ય જ ન હોત' આવો તર્ક પ્રવર્તે. તાત્પર્ય એ છે કે 'સકલ વ્યક્તિઓ વિના સામાન્ય રહી શકતું નથી.' આવું જ્ઞાન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી સામાન્ય દ્વારા સકલવ્યક્તિઓ ઉપસ્થિત થઈ શક્તા નથી. 'સકલવ્યક્તિઓ વિના સામાન્ય રહી શકતું નથી.' એવું જ્ઞાન તર્ક વિના થઈ શકતું નથી. આ રીતે, સામાન્યલક્ષણાપ્રત્યાસત્તિવાદીને પણ તર્કની જરૂર તો રહેવાની જ. જો પ્રત્યક્ષ જ્ઞાત એવું પણ સામાન્ય 'તર્ક' વિના સમસ્ત વ્યક્તિઓ સાથે પોતાનો સંબંધ સિદ્ધ કરી શકતું ન હોય તો પછી તર્કને જ પ્રમાણ માનવું જોઈએ (વળી, 'સકલ ધૂમ, વહ્નિ હોય તો જ ઉત્પન્ન થઈ શકે છે' આ જ્ઞાન અસ્પષ્ટ છે કારણ કે પુરોવર્તિ ધૂમની જેમ બધા ધૂમ સ્પષ્ટ દેખાતા નથી, માત્ર મનમાં ઉપસ્થિત થાય છે. આ જ્ઞાન અસ્પષ્ટ છે એ જ બતાવે છે કે આ જ્ઞાન ઈન્દ્રિયજન્ય નથી કારણ કે ઈન્દ્રિયજન્યજ્ઞાન (પ્રત્યક્ષ) તો સ્પષ્ટ હોય છે. આ જ્ઞાન (= સકલધૂમની ઉપસ્થિતિ) અસ્પષ્ટ છે માટે તે ઈન્દ્રિયજન્ય (= પ્રત્યક્ષ) નથી પણ 'તર્ક'રૂપ છે અને અમે તર્કને પરોક્ષ (= અસ્પષ્ટજ્ઞાનરૂપ) પ્રમાણ માનીએ છીએ તેથી અમારા મતમાં કોઈ અસંગતિ આવતી નથી.

### * વાચ્યવાચકભાવનું ગ્રહણ પણ તર્કથી *

વાચ્ય-વાચકભાવનું ગ્રહણ પણ તર્ક પ્રમાણથી જ થાય છે. કારણ કે સર્વ વાચ્ય-વાચકો તર્કના જ વિષય છે. ત્વચા-રસના-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્ર દ્વારા ક્રમશઃ સ્પર્શ-રસ-ગન્ધ-રૂપ-શબ્દનું જ્ઞાન થાય છે. પરંતુ 'આવો શબ્દ વાચક છે અને આવો પદાર્થ તેનો વાચ્ય છે.' આ રીતેનો વાચ્ય-વાચકભાવ કોઈ જ ઈન્દ્રિયનો વિષય નથી તેથી તેની પ્રતીતિ માટે 'તર્ક'ની જરૂર પડશે. તર્કપ્રમાણ દ્વારા વાચ્ય-વાચકભાવનું ગ્રહણ આ રીતે થાય છે. પ્રયોજકવૃદ્ધ (=વક્તા પુરુષ) 'गाम् आनय' કહે ત્યારે પ્રયોજ્યવૃદ્ધ (= જેને કહેવાયું છે તે પુરુષ) આ બન્ને - પદો વચ્ચેનો સંબંધ = વાચ્ય-વાચકભાવ જાણે છે તેથી તે ગાય લાવવા માટે પ્રવૃત્ત થાય છે. કોઈ બાલાદિ ત્રાહિત વ્યક્તિ, કે જે ઉક્ત બે પદોનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विषयसङ्कलनात्मकप्रत्यभिज्ञानवत आवापोद्वापाभ्यां सकलव्यक्त्युपसंहारेण च वाच्यवाचक-पूर्ववर्णानामनुक्रमविशिष्टानां स्मरणे पदविषयसङ्केतस्मरणे च 'विभक्त्यन्तं पदमि'त्याकारे सति 'सुबन्तं तिङन्तं च पदमि'ति प्रत्यभिज्ञानमुपजायते। तथा पूर्वपूर्वपदश्रवणाहितसंस्कारस्यान्त्यपदश्रवणानन्तरमनुक्रम-विशिष्टपूर्वपदानां वाक्यगोचरसङ्केतस्य च स्मरणे सति 'वाक्यमिदमि'ति प्रत्यभिज्ञानमुन्मज्जति। एवं तयोर्वर्णपदवाक्यग्रहणं प्रत्यभिज्ञानात्। ततोऽपि मध्यमवृद्धं चेष्टमानमवलोकयन् बालस्तटस्थस्तस्यार्थप्रतीतिं तावत्कल्पयति, आत्मनि तत्पूर्विकायाश्चेष्टाया दृष्टत्वात्। प्रमाणान्तरासन्निधावेतद्वृद्धप्रयुक्तशब्दसमनन्तरं च प्रवृत्तोऽयमित्यत एव शब्दात्किमप्यनेन प्रतिपन्नमिति मन्यते। तमर्थं तेन वृद्धेनानीयमानमेवमवबुध्यतेऽ-यमर्थोऽमुतः शब्दादनेनावगत इति स चार्थोऽनेकगुणक्रियाजातिव्यक्त्यादिरूपसङ्कुल उपलभ्यते। शब्दोऽप्यनेकपदकदम्बकात्मा श्रुतः, तत्कतमस्य शब्दांशस्य कतमोऽर्थांशो वाच्य इति सन्दिग्धे कालान्तरे च गां नयेत्यादिकमाकर्णयति। तत्र च गोशब्दानुवृत्तिमानयेत्यस्य तु व्यावृत्तिं विभावयति। तदनुसारेण च गवादेरप्यर्थस्यानुवृत्तिव्यावृत्ती समाकलयति। तत इत्थमावापोद्वापाभ्यामनन्तरमीदृग्जातीयोऽर्थ ईदृग्जातीयस्य वाच्यः सोऽपि तस्य वाचक इतीत्थं वाच्यवाचकभावालम्बनसकलविवक्षितवाच्यवाचकविशेषसमुल्लेखशेखरस्तर्कः समुल्लसति। क्वचित्तु यदा कश्चित्तर्केण वाच्यवाचकभावं स्वयमवेत्य परमप्यनेनैव तमवबोधयिष्यंस्तदनुसारि-परसन्ताने तर्कोत्पत्तिहेतुं वचनं परार्थतर्करूपमुच्चारयति। तदा तस्मादप्यस्योल्लासः। यथा कश्चन पिता परमवत्सलो वत्साय कञ्चन पदार्थं पुरस्कृत्य कथयति, इत्थम्भूतमित्थम्भूतस्य शब्दस्य वाच्यं वत्स ! जानीहि, तदाऽसावुपलम्भानुपलम्भद्वारेण तथा प्रतिपद्यमानस्तर्कादेव वाच्यवाचकभावं प्रतिपद्यते। इयं च व्याप्त्या वाच्यवाचकभावप्रतीतिरुपदर्शिता। शृङ्गग्राहिकया तु नियतायां व्यक्तावयं पुरोवर्ती भावोऽस्य शब्दस्य वाच्य इत्यागमादेरपि सा भवति। तदूर्ध्वं तु व्याप्त्या तं प्रति, यस्तर्कादेव प्रत्येति, 'अये ! इत्थंम्भूतः सर्वः सर्वस्य वाचको वाच्यश्चे'ति।

**ननु** तर्कः स्वविषयेण सम्बद्धो वाऽसम्बद्धो वा तमवबोधयति ? न तावदसम्बद्धः, अतिप्रसङ्गात्। अथ सम्बद्धः, कुतस्तत्सम्बन्धप्रतिपत्तिः। प्रत्यक्षादनुमानात्तर्कान्तरात् प्रमाणान्तराद्वा। न तावत्प्रत्यक्षात्, तस्य तदविषयत्वात्। नाप्यनुमानात्, अनवस्थानुषङ्गात्। तदपि ह्यनुमानं तर्कपूर्वकमिति तत्रापि तर्कस्य स्वविषयेण सम्बन्धग्राहकमनुमानान्तरमन्वेषणीयमिति। नापि तर्कान्तरात्, तत एव, तर्कान्तरस्यापि स्वविषयसम्बन्धबोधपूर्वकत्वात्तस्याप्यपरतर्कनिबन्धनत्वात्। नापि प्रमाणान्तरात्, तस्यापि प्रमाणत्वेऽपि

પદાર્થ સાથેનો વાચ્ય-વાચકભાવ જાણતો નથી, તે પ્રયોજ્યપુરુષની ગાય લાવવાની પ્રવૃત્તિ જોઈને એવું સમજે છે કે ''પ્રયોજક પુરુષે પેલાને 'ગાય લાવ' એમ કહ્યું અને પેલા પ્રયોજ્યપુરુષે આવી પ્રવૃત્તિ કરી. તેની આ પ્રવૃત્તિનું કારણ જ્ઞાન છે અને તેના જ્ઞાનનું કારણ પ્રયોજકવૃદ્ધના આ શબ્દો છે.'' આમ, 'પ્રયોજ્યવૃદ્ધની પ્રવૃત્તિનું કારણભૂત જે જ્ઞાન છે, તે જ્ઞાનની કારણતા (= જનકતા) પ્રયોજકવૃદ્ધના આ શબ્દોમાં છે' આવું અનુમાન કરતા પેલા ત્રાહિત માણસને તે પદોના વાચ્યવાચકભાવની પ્રતીતિ થઈ જાય છે. તે આ રીતે - 'घटम् आनय' કહે એટલે પેલો માણસ घ-ट्-अम्... आ-न-य... આ રીતે અંત્ય અવયવ સાંભળે, પૂર્વ અવયવનું સ્મરણ કરે અને પછી આખું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भावप्रतीतिदर्शनादिति । अयं च तर्कः सम्बन्धप्रतीत्यन्तरनिरपेक्ष एव स्वयोग्यतासामर्थ्या-**

स्वविषयसम्बन्धबोधपूर्वकं प्रवर्तमानत्वादनवस्थापत्तेः । **अथा**प्रतिपन्नसम्बन्ध एव तर्कः सर्वविषयज्ञानावरणवीर्यान्त-रायक्षयोपशमविशेषात् स्वविषयमेव बोधयति । तर्हि तत एवानुमानमप्यप्रतिपन्नसम्बन्धमेव स्वगोचरमवभासयतु । कृतं तत्प्रतिपत्तिनिमित्ततर्कप्रमाणपरिकल्पनेनेति **कश्चित्।** सोऽपि यदि प्रामाणिकस्तर्हि तस्यापि प्रत्यक्षं स्वविषयमवबोधयत् सम्बद्धमेवावबोधयेन्नासम्बद्धम्, अतिप्रसङ्गात् । तत्सम्बन्धश्च नानुमानादेः सिद्ध्यति, अनवस्थानुषङ्गात् । नापि प्रत्यक्षान्तरात्, अनवस्थानुषङ्गादेवेत्यादि सकलं प्रत्यक्षेऽपि समानम् । **अथ** न प्रत्यक्षं स्वविषयसम्बन्धावबोधनिबन्धनं तत्र प्रवर्तते तस्य स्वविषये स्वयोग्यताबलादेव प्रवृत्तिरिति **चेत्**, तर्हि तथा तर्कस्यापि स्वयोग्यताविशेषसामर्थ्यादेव स्वविषयप्रत्यायनसिद्धिर्भवतु । तदेवाह '**अयं च तर्क**' इत्यादिना

સળંગ વાક્ય પોતાના મગજમાં બેસાડે - 'ઘટમ્ આનય'. તાત્પર્ય એ છે કે એક એક વર્ણના શ્રવણ દ્વારા સંસ્કાર પડે છે અને ઉત્તરોત્તર વર્ણશ્રવણ થતા પૂર્વ પૂર્વના સંસ્કારથી તેનું સ્મરણ થાય છે અને ફલતઃ આખો શબ્દબોધ વાક્યબોધ થાય છે. દા.ત. વ્યવહારમાં જોઈએ તો કોઈ વ્યક્તિ પોતાનું નામ બીજાને જણાવે છે. - 'છગનલાલ મગનલાલ ગાંધી'. પેલો સાંભળે છે. 'મગનલાલ' પદ સાંભળતી વખતે પૂર્વશ્રુત 'છગનલાલ' પદનું સ્મરણ કરે છે. 'ગાંધી' પદ સાંભળતા પૂર્વશ્રુત 'છગનલાલ મગનલાલ' બન્ને પદોનું સ્મરણ કરે છે અને પછી 'છગનલાલ મગનલાલ ગાંધી' એ રીતે સંપૂર્ણ નામ પ્રતીત થાય છે. જો આવું ન માનો તો 'ગાંધી' પદ સાંભળતી વખતે 'છગનલાલ' અને 'મગનલાલ' પદનું શ્રવણ તો થતું નથી તો પછી સંપૂર્ણ નામની પ્રતીતિ શી રીતે થાય ? આ જ રીતે શબ્દના પ્રત્યેક અક્ષરમાં પણ થાય છે. સૌ પ્રથમ 'છ' નું શ્રવણ, પછી 'ગ'નું શ્રવણ અને 'છ'નું સ્મરણ, તે પછી 'ન'નું શ્રવણ અને 'છ-ગ'નું સ્મરણ... આ ક્રમથી છગનલાલ' એવા સંપૂર્ણ શબ્દનો બોધ થાય. આ જ ક્રમથી અનેક શબ્દોવાળા વાક્યોનો સળંગ બોધ થાય.

**તાત્પર્ય :** પૂર્વ-પૂર્વના વર્ણો (=અક્ષરો =શબ્દના અવયવ)ના શ્રવણથી આત્મામાં સંસ્કાર પડે છે, અંત્ય વર્ણના શ્રવણ પછી પૂર્વ અવયવોનું સ્મરણ થાય અને હ્રસ્વ વગેરે વર્ણના પ્રકારના સંકેતનું પણ સ્મરણ થાય કે 'આ વર્ણ હ્રસ્વ છે' (અથવા દીર્ઘ છે અથવા પ્લુત છે) આ રીતે વર્ણવિષયક સ્મરણ થાય. પછી પૂર્વ-પૂર્વના વર્ણશ્રવણથી પણ સંસ્કાર પડ્યા હોય છે તેથી તે પુરુષને ક્રમશઃ પૂર્વવર્ણોનું સ્મરણ થાય અને પદવિષયક સંકેતનું સ્મરણ પણ થાય કે આ 'સુબન્ત' પદ (=નામપદ) છે અથવા આ 'તિઙન્ત' પદ (= ક્રિયાપદ) છે. એવું પદવિષયકજ્ઞાન થશે. પછી પૂર્વપૂર્વપદોના શ્રવણથી પણ સંસ્કાર પડ્યા હોવાથી અંત્યપદના શ્રવણ પછી તેને દરેક પદોનું ક્રમશઃ સ્મરણ થશે અને વાક્યવિષયક સંકેતનું સ્મરણ થશે કે 'શબ્દોના સમૂહને વાક્ય કહેવાય છે.' પછી તેને 'આ વાક્ય છે' એવું વાક્યવિષયક જ્ઞાન થશે.આ પ્રક્રિયા જણાવી. હવે પાછા પ્રસ્તુતમાં આવીએ કે આ રીતે વર્ણ-પદ-વાક્યવિષયક જ્ઞાન થવાથી પ્રયોજ્યવૃદ્ધને વર્ણ-પદ-વાક્યનો શાબ્દબોધ થશે અને પછી તે તદનુસાર ચેષ્ટા કરે છે. પ્રયોજ્યવૃદ્ધની આવી ચેષ્ટા જોઈને ત્રાહિત વ્યક્તિ (= બાલવ્યક્તિ) વિચારે છે કે ''પ્રયોજકવૃદ્ધે શબ્દો ઉચ્ચાર્યા પછી તરત આ (= પ્રયોજ્યવૃદ્ધ) પ્રવૃત્ત થયો છે માટે નક્કી આ શબ્દો દ્વારા જ તેણે કંઈક જાણી લીધું અને તરત તદનુસાર પ્રવૃત્તિ કરી.'' એટલે 'પ્રયોજ્યવૃદ્ધની પ્રવૃત્તિ તેના જ્ઞાનપૂર્વક હતી, અને તેને જ્ઞાન જે થયું તે પ્રયોજક

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

त्सम्बन्धप्रतीतिं जनयतीति नानवस्था ।

योग्यताविशेषः पुनः प्रत्यक्षस्येव स्वविषयज्ञानावरणवीर्यान्तरायक्षयोपशमविशेष एव तर्कस्यापि प्रतिपत्तव्यः। यथा च प्रत्यक्षस्योत्पत्तौ मनोऽक्षादयो योग्यतायाः सहकारिणो बहिरङ्गास्तथा तर्कस्यापि समुद्भूतावुपलम्भानुपलम्भावनुमन्येते, तदन्वयव्यतिरेकानुविधायित्वात्तस्य। यच्च तत एवानुमानमप्यप्रतिपन्नसम्बन्धमेव स्वगोचरमवभासयत्वित्युक्तम्, तत्र साध्यसाधनसम्बन्धग्रहणनिरपेक्षानुमानस्योत्पत्तिरेव न सम्भवति। अनवबुद्धसाध्यसाध-

---

વૃદ્ધના શબ્દોથી થયું છે' આ રીતે 'પ્રયોજ્યવૃદ્ધના જ્ઞાનની જનકતા પ્રયોજકવૃદ્ધના શબ્દોમાં છે એટલું પેલાએ જાણી લીધું. પરંતુ આમાં ક્યા શબ્દનો શું અર્થ થાય ? તે વિશે તેને ત્યારે તો કંઈ સમજણ ન પડી. પછી કાલાંતરે 'गां नय' = 'ગાયને લઈ જા' આવું સાંભળ્યું અને પ્રયોજ્યવૃદ્ધને ગાય લઈ જતા જોયો એટલે પેલો બાલ વિચારશે કે ''ગાય શબ્દ તો પૂર્વે પણ બોલાયેલો અને અત્યારે પણ બોલાયો. વળી, ગાય સંબંધી ક્રિયા પણ બન્ને વખત થતી જોઈ છે તેથી ગો પદનો વાચ્યાર્થ આ (ગાય) પદાર્થ છે.'' વળી પાછું ક્યારેક 'घटं आनय' = 'ઘડો લાવ' એવું સાંભળે અને પ્રયોજ્યવૃદ્ધને ઘડો લાવતા જુએ ત્યારે આ જ રીતે 'आनय' પદ વિશે પૂર્વાપર અનુસન્ધાન થશે અને 'आनय' પદનો અર્થ સમજી લેશે કે ''ગાય પદની સાથે આનય પદ ઉચ્ચાર્યું ત્યારે ગાયને લાવવાની ક્રિયા કરાઈ હતી અને ઘટ પદની સાથે આનય પદનો પ્રયોગ કરાતા ઘડો લાવવાની ક્રિયા કરાઈ તેથી લાવવાની ક્રિયા બન્ને વખતે કરાઈ હોવાથી 'આનય' પદ લાવવાની ક્રિયાને જણાવનાર છે.'' આ રીતે આવાપ-ઉદ્વાપ (= ગ્રહણ-ત્યાગ) દ્વારા પેલા બાળકને જે ખ્યાલ આવ્યો કે 'આવા પ્રકારનો શબ્દ આવા પ્રકારના પદાર્થનો વાચક છે' તે ખ્યાલ સકલવિવક્ષિતવાચ્યવાચકો વિશે થાય છે માટે તે તર્કથી જ જણાયેલો માનવો પડે કારણ કે સકલવિવક્ષિત વાચ્યવાચકોનું ત્યારે પ્રત્યક્ષ થયેલું હોતું નથી પરંતુ સ્મરણ થાય છે. પછી આ એવા જ પ્રકારના વાચ્ય-વાચક છે (કે જેનું પૂર્વે પ્રત્યક્ષ થયેલું) આવું સંકલનાત્મક પ્રત્યભિજ્ઞાન થાય છે અને આવા પ્રત્યભિજ્ઞાનથી સકલવિવક્ષિતવાચ્યવાચકો વિશે તર્ક પ્રવર્તે છે અને ફલતઃ વ્યાપ્ય-વ્યાપકભાવનું ગ્રહણ થાય છે. આ રીતે વ્યાપ્ય-વ્યાપકભાવની જેમ વાચ્ય-વાચકભાવનું ગ્રહણ પણ તર્કથી થાય છે એ વાત સિદ્ધ થાય છે.

### * સમ્બન્ધગ્રહણ વગર તર્ક પ્રવર્તી શકે *

**પૂર્વપક્ષ :** સારૂં. ભલે વ્યાપ્ય-વ્યાપકભાવ કે વાચ્ય-વાચકભાવનો નિર્ણય તમે તર્કપ્રમાણથી માનો. પરંતુ એક વાત વિચારવી પડશે કે તમારું તર્ક પ્રમાણ જેને પ્રકાશિત કરે એવા વ્યાપ્તિ કે વાચ્ય-વાચકભાવાદિ સાથે તેનો કોઈ સંબંધ તો હોવો જોઈએ ને ? તર્ક પ્રમાણને વ્યાપ્તિ આદિ સાથે કોઈ સંબંધ જ નથી. અને જો વગર સંબંધે અર્થગ્રહણ કરાવવાનું અપ્રતીમ સામર્થ્ય તમારા તર્ક પાસે હોય તો પછી વગર સંબંધે જ રૂપ-રસ-ગન્ધાદિનું જ્ઞાન પણ તર્કથી જ કેમ ન થાય ? માટે સો વાતની એક વાત છે કે પોતાના વિષય સાથે તર્કનો કોઈક સંબંધ તો માનવો જ પડશે. તર્ક અને તેના વિષય (= પ્રમાણ-પ્રમેય) વચ્ચેના સંબંધનું જ્ઞાન થયા પછી જ તર્ક દ્વારા વ્યાપ્ત્યાદિરૂપ તેના વિષયનું જ્ઞાન થઈ શકે. તો હવે તમે એ કહો કે તર્ક અને તેના વિષય સ્વરૂપ વ્યાપ્ત્યાદિ વચ્ચે રહેલા સંબંધનું જ્ઞાન તમે ક્યા પ્રમાણથી કરો છો ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रत्यक्षपृष्ठभाविविकल्परूपत्वान्नायं प्रमाणमिति बौद्धाः; तन्न; प्रत्यक्षपृष्ठभाविनो विकल्पस्यापि प्रत्यक्षगृहीतमात्राध्यावसायित्वेन सर्वोपसंहारेण व्याप्तिग्राहकत्वाभावात् । तादृशस्य तस्य सामान्यविषयस्याप्यनुमानवत् प्रमाणत्वात्, अवस्तुनिर्भासेऽपि परम्परया पदार्थप्रतिबन्धेन**

नसम्बन्धस्य क्वचित्कदाचिदुत्पत्त्यप्रतीतेः। तर्कस्य तु सम्बन्धग्रहणनिरपेक्षैव प्रत्यक्षवदुत्पत्तिर्घटत एव। न खलु प्रत्यक्षस्याप्युत्पत्तिः करणार्थसम्बन्धग्रहणापेक्षा प्रतिपन्ना, स्वयमगृहीततत्सम्बन्धस्यापि तदुत्पत्तिप्रतीतेः। तद्वत् तर्कस्यापि स्वार्थसम्बन्धग्रहणानपेक्षस्याप्युत्पत्तिप्रतीतेर्नोत्पत्तौ सम्बन्धग्रहणापेक्षा युक्तिमतीति सर्वं चतुरस्रम्। एतदेवाह - '**अयं च तर्कः**' इत्यादिना।

निर्विकल्पस्यैव मुख्यं प्रामाण्यं स्वीकुर्वतां बौद्धानां मते विचारात्मकस्य तर्कस्य विकल्परूपत्वेन प्रामाण्यं न सम्भवतीति तेषां मतमाशङ्कते '**प्रत्यक्षपृष्ठभाविविकल्प**'... इत्यादिना। विकल्प्य दूषयति

પ્રત્યક્ષથી તો તેવા સંબંધનું જ્ઞાન માની શકાય નહીં કારણ કે પ્રત્યક્ષનો વિષય તો માત્ર રૂપાદિ પદાર્થો જ છે. અનુમાનથી પણ તેવા સંબંધનું જ્ઞાન માની શકાય નહીં, કારણ કે તેમ કરવા જતા તો અનવસ્થા આવશે. કારણ કે તર્ક પ્રમાણ અને તેના વિષય વચ્ચેનો સંબંધ કોઈ પ્રમાણથી જણાતો નથી માટે તર્કપ્રમાણથી વ્યાપ્તિગ્રહણ કે વાચ્ય-વાચકભાવનું ગ્રહણ માનવું ઉચિત નથી.

**ઉત્તરપક્ષ :** તમારી વાતનો સાર બે મુદ્દામાં આ રીતે આવે છે કે (૧) પ્રમાણ-પ્રમેય વચ્ચે સંબંધ હોવો જોઈએ, અને (૨) તે સંબંધનું ગ્રહણ થયા પછી જ પ્રમાણ દ્વારા પ્રમેયનું ગ્રહણ થાય. આમાંથી પ્રથમ મુદ્દો અમને માન્ય છે. તર્ક પણ પોતાના વિષય સાથે સંબદ્ધ રહીને જ પ્રવૃત્ત થાય છે. પરંતુ એ સંબંધનું જ્ઞાન કર્યા વિના જ તર્ક પોતાના વિષયને જણાવી દેવા માટે સમર્થ છે. પ્રત્યક્ષમાં પણ આવું જ થાય છે ને ! પ્રત્યક્ષજ્ઞાનની ઉત્પત્તિ થતા પૂર્વે પ્રત્યક્ષપ્રમાણ (=તમારા મતે ઈન્દ્રિય) અને પ્રમેય (=ઘટાદિ) વચ્ચેના સંબંધનું ગ્રહણ અપેક્ષિત નથી. યોગ્યતા વિશેષના કારણે જ પ્રત્યક્ષપ્રમાણની જેમ તર્ક પ્રમાણ પણ સંબંધની પ્રતીતિ કરાવ્યા વિના અર્થપ્રતીતિ કરાવી શકે છે. આ યોગ્યતા સ્વવિષયકજ્ઞાનાવરણ અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમવિશેષસ્વરૂપ જાણવી. તાત્પર્ય એ છે કે જેમ આવી યોગ્યતા વિશેષને મન-ઈન્દ્રિય વગેરે બાહ્ય સહકારી કારણો મળતા પ્રત્યક્ષજ્ઞાન ઉત્પન્ન થાય છે તેમ આવી યોગ્યતાવિશેષને સાધ્ય-સાધનના થયેલા ઉપલંભ અને અનુપલંભ રૂપ બાહ્ય સહકારી મળે એટલે તર્કજ્ઞાન પણ ઉત્પન્ન થાય. (ગ્રન્થકારે 'सम्बन्धप्रतीत्यन्तरनिरपेक्ष एव स्वयोग्यतासामर्थ्यात् सम्बन्धप्रतीतिं जनयति' આવું કહ્યું છે તેમાં 'સંબંધ' પદનો પ્રયોગ બે વાર કર્યો છે. અહીં પ્રથમ 'સંબંધ' પદથી 'તર્ક અને એના વિષય વચ્ચેનો સંબંધ' સમજવો અને દ્વિતીય 'સંબંધ' પદથી 'વ્યાપ્ય-વ્યાપકભાવરૂપ કે વાચ્ય-વાચકભાવરૂપ સંબંધ' સમજવો. એટલે સંપૂર્ણ વાક્યાર્થ આવો થશે કે ''પોતાના વિષય સાથેના પોતાના સંબંધની પ્રતીતિ કરાવ્યા વિના જ તર્ક યોગ્યતાવિશેષના બળથી પોતાના વિષયને (વ્યાપ્ત્યાદિરૂપ સંબંધને) જણાવી દે છે.'')

### * સવિકલ્પક જ્ઞાન પણ પ્રમાણ (બૌદ્ધમત ખંડન) *

**પૂર્વપક્ષ :** તર્કને પ્રમાણ ન મનાય કારણ કે તે તો પ્રત્યક્ષજ્ઞાન પછી થનારા વિકલ્પરૂપ છે અને જે વિકલ્પરૂપ હોય તેને પ્રમાણ ન કહેવાય. અમે તો નિર્વિકલ્પરૂપ જ્ઞાનને જ પ્રમાણ માનીએ છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भवतां व्यवहारतः प्रामाण्यप्रसिद्धेः। यस्तु-अग्निधूमव्यतिरिक्तदेशे प्रथमं धूमस्यानुपलम्भ एकः, तदनन्तरमग्नेरुपलम्भस्ततो धूमस्येत्युपलम्भद्वयम्, पश्चादग्नेरनुपलम्भोऽनन्तरं धूमस्याप्यनुपलम्भ**

'**तन्ने**'त्यादिना। **तथाहि- ननु** किं तर्कस्य विकल्पात्मकतयाऽप्रामाण्यं प्रत्यक्षपृष्ठभावित्वेन तद्गृहीतमात्रग्राहित्वकृतं, आहोस्वित् तत्पृष्ठभावित्वेऽपि तदगृहीतग्राहित्वेऽपि सामान्यग्राहित्वकृतम्। प्रथमपक्षं तावद्दूषयन्नाह '**प्रत्यक्षपृष्ठभाविनो**' इत्यादि। **अयमर्थः**- प्रत्यक्षगृहीतस्वलक्षणमात्रग्राहितया विकल्पस्याप्रामाण्येऽपि न तस्य सकलव्यक्त्युपसंहारेण व्याप्त्यवगाहित्वम्। सामस्त्येन व्याप्त्यवगाहित्वे च प्रागुक्तरीत्या तर्कस्यैव सामर्थ्यात्। न चैतत्प्रतिपत्तौ प्रमाणान्तरं प्रभवति येन गृहीतग्राहिता स्यादित्यक्षतं तर्कप्रामाण्यं। **अथ** द्वितीय इत्यत आह '**तादृशस्य तस्य**' इत्यादि। **अयमर्थः**- प्रत्यक्षागृहीतसामान्यविषयकत्वेऽपि प्रत्यक्षपृष्ठभाविनो विकल्पस्यानुमानवत् प्रामाण्ये बाधाभावात्। '**परम्परये**'ति = अनुमीयमानविषयव्याप्तस्वलक्षणात्मकलिङ्गजन्यत्वात्। **अयम्भावः- बौद्धा** अपि अवस्तुभूतसामान्यभासकत्वेन अनुमितेः प्रत्यक्षवत् साक्षात्स्वलक्षणात्मकग्राह्यजन्यत्वाभावेऽपि तस्याः अतद्व्यावृत्तिरूपसामा-

**ઉત્તરપક્ષ :** પ્રત્યક્ષજ્ઞાન પછી થનારા વિકલ્પરૂપ હોવાથી તર્કને તમે અપ્રમાણ કહો છો પણ તે અંગે બે વિકલ્પ થશે (૧) પ્રત્યક્ષપૃષ્ઠભાવી હોવાથી ગૃહીતગ્રાહી છે માટે તર્કને તમે અપ્રમાણ કહો છો? કે, (૨) અગૃહીતગ્રાહી હોવા છતાં પણ સામાન્યગ્રાહી છે માટે તેને અપ્રમાણ કહો છો. આમાં પ્રથમ વિકલ્પ તો સીધો જ ઊડી જશે કારણ કે તર્ક પ્રત્યક્ષપૃષ્ઠભાવી હોવા છતાં પણ ગૃહીતગ્રાહી નથી. પ્રત્યક્ષથી તો પુરોવર્તિ સાધ્ય-સાધનાદિનું જ્ઞાન થઈ શકે જ્યારે તર્ક તો સકલસાધ્યસાધનવ્યક્તિઓને સાંકળી લઈને પ્રવર્તે છે તેથી તે તો અગૃહીતગ્રાહી છે. હવે બીજો વિકલ્પ વિચારીએ તો એમાં તો તમારા પગ નીચે જ રેલો આવશે. (બૌદ્ધ 'સામાન્ય' પદાર્થને માનતો નથી. અર્થાત્, તેને અવસ્તુ માને છે. તેથી તેમની એવી દલીલ છે 'તર્ક જેને વિષય બનાવે છે તે 'સામાન્ય' પદાર્થ છે અને તેથી તેને પ્રમાણ કહેવાય નહીં.') સામાન્યવિષયક વિકલ્પ હોવાથી જો તર્કને અપ્રમાણ કહી દેશો તો તમારાં અનુમાન પ્રમાણ પણ ઊડી જશે કારણ કે તે પણ સામાન્યવિષયક જ છે. અનુમાનથી પણ 'પર્વત ઉપર અગ્નિ છે' એટલું જ સામાન્ય રીતે જણાય છે પછી તે અગ્નિ તાર્ણ (=તૃણજન્ય) છે કે પાર્ણ (=પર્ણજન્ય) છે ઈત્યાદિ વિશેષજ્ઞાન થતું નથી. તેથી જણાય છે કે અનુમિતિ સામાન્યાવગાહી છે. છતાં, જો તમે અનુમાનને વ્યવહારથી પ્રમાણ માનો છો તે પછી તર્કને પ્રમાણ માનવામાં શું વાંધો છે ? અહીં '**વ્યવહારતઃ પ્રામાણ્યપ્રસિદ્ધેઃ**' કહ્યું છે. બૌદ્ધનું વ્યાવહારિક પ્રામાણ્ય શું છે તે જોઈએ. દૂરથી ઘટ જોયો અને નજીક આવતા ઘટ પ્રાપ્ત થયો.' આવો ઐક્ય-અધ્યવસાય થાય છે. ઐક્યાધ્યવસાય એ જ, થયેલ પ્રત્યક્ષમાં અવિસંવાદ. આવો અવિસંવાદ જણાવાથી પ્રામાણ્ય મનાય છે. તેવું જ અનુમિતિ અંગે પણ છે. ત્યાં અનુમેય અને પ્રાપ્ય વચ્ચે ઐક્ય અધ્યવસાયરૂપ એટલે કે જેની અનુમિતિ કરેલી તે જ મળ્યું એવા અધ્યવસાયરૂપ અવિસંવાદ જણાશે અને તેથી અનુમિતિજ્ઞાનમાં પણ પ્રામાણ્ય કહે છે. આમ અનુમાનમાં સામાન્ય પદાર્થ (કે જે બૌદ્ધ મતે અવસ્તુરૂપ છે તે) જ જણાય છે તેમ છતાં પણ પરંપરાએ અનુમાન પણ વિશેષનો પ્રાપક બનતો હોવાથી વસ્તુને બંધાયેલો છે તેથી અનુમાનમાં વ્યાવહારિક પ્રામાણ્ય તો તમે માનો છો. પછી તર્કમાં પ્રામાણ્ય માનવામાં શું વાંધો છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इति द्वावनुपलम्भाविति प्रत्यक्षानुपलम्भपञ्चकाद्व्याप्तिग्रह इत्येतेषां सिद्धान्तः, तदुक्तम् -**

**"धूमाधीर्वह्निविज्ञानं धूमज्ञानमधीस्तयोः ।**
**प्रत्यक्षानुपलम्भाभ्यामिति पञ्चभिरन्वयः ।।"**

**इति; स तु मिथ्या; उपलम्भानुपलम्भस्वभावस्य द्विविधस्यापि प्रत्यक्षस्य सन्निहितमात्रविषयतयाऽविचारकतया च देशादिव्यवहितसमस्तपदार्थगोचरत्वायोगात्**

---

न्यात्मना ज्ञायमानविशेषप्रतिबद्धस्वलक्षणात्मकलिङ्गजन्यतया प्रामाण्यं समर्थयन्ते। समर्थयन्ते च ते पुनर्दृश्यप्राप्ययोरैक्याध्यवसायेनाविसंवादबलात् प्रत्यक्षस्येवानुमितेरपि प्राप्यानुमेययोरैक्याध्यवसायरूपाविसंवादबलादेव प्रामाण्यम्। एतदेव हि तस्याः व्यवहारतः प्रामाण्यं गीयते। तथा च यथा **बौद्ध**मतेऽनुमानस्य प्रामाण्यं व्यवहारतो न विरुद्धं तथाऽस्मन्मते तर्कप्रामाण्यमपीति भावः। **किञ्च**, प्रमाणमविसंवादिज्ञानम् (**प्र.वा.१/३**) इत्यादिनाऽविसंवादित्वमेव प्रामाण्यप्रयोजकं भवताऽभ्युपेयते। कथं तर्हि तर्कप्रामाण्यप्रतिषेधप्रयासो न्याय्यः? स्वविषये तर्कस्याविसंवादित्वात्। सामस्त्येन साध्यसाधनयोः व्याप्तिस्तर्कस्य विषयः, तस्यां चाविसंवादकत्वं सुप्रसिद्धमेव। कथमन्यथाऽनुमानस्यापि तत्स्यात्। न खलु तर्कस्यानुमाननिबन्धनसम्बन्धविषये संवादानुपपत्तावनुमानस्यापि संवादः सम्भवति। **न च** विप्रकृष्टार्थग्राहितया तर्कस्य संदिग्धसंवादित्वमिति **वाच्यम्**, तर्कस्य संवादसंदेहे निःसंदेहानुमानानुत्थानप्रसङ्गादिति निःसंदेहमनुमानमिच्छता साध्यसाधनसम्बन्धग्राहिप्रमाणमपि निश्चितसंवादमेव स्वीकर्तव्यम् ।

---

એટલે સામાન્યવિષયક હોવાથી પણ તર્કને અપ્રમાણ ન કહેવાય.

**પૂર્વપક્ષ :** બે ઉપલંભ અને ત્રણ અનુપલંભથી વ્યાપ્તિગ્રહ થાય છે. જુઓ (૧) અગ્નિ-ધૂમરહિત પ્રદેશમાં સૌપ્રથમ ધૂમનો અનુપલમ્ભ થાય, (૨) પછી અન્યત્ર અગ્નિનો ઉપલંભ, ત્યારબાદ ધૂમનો ઉપલંભ, એ બે ઉપલંભ થાય, ત્યારબાદ (૩) અગ્નિનો અનુપલંભ અને પછી ધૂમનો અનુપલંભ એ બે અનુપલંભ થાય. આ રીતે પ્રત્યક્ષ (ઉપલંભ) અને અનુપલંભપંચકથી વ્યાપ્તિગ્રહ થાય છે. કહ્યું પણ છે કે 'ધૂમની અનુપલબ્ધિ, પછી અગ્નિનો ઉપલંભ અને ધૂમનો ઉપલંભ અને પછી બન્નેનો અનુપલંભ થાય. આ ઉપલંભ (=પ્રત્યક્ષ) અને અનુપલંભ, કુલ મળીને પાંચ દ્વારા વ્યાપ્તિગ્રહણ થાય છે.'

**ઉત્તરપક્ષ :** તમારી આ માન્યતા બરાબર નથી કારણ કે ઉપલંભ અને અનુપલંભ એ બન્ને પ્રકારનું પ્રત્યક્ષજ્ઞાન સંનિહિત (=ચક્ષુસંનિકૃષ્ટ) વિષયનું જ ગ્રહણ કરી શકે છે. અને પાછું પ્રત્યક્ષ અવિચારક પણ છે માટે સમસ્ત દેશના અને સર્વકાળના સર્વધૂમ-વહ્નિ વચ્ચેની વ્યાપ્તિનું ગ્રહણ પુરોવર્તિ ધૂમાદિના દર્શન-અદર્શન માત્રથી ન થાય. (તાત્પર્ય એ છે કે પ્રત્યક્ષજ્ઞાનનો સ્વભાવ છે સંનિહિતમાત્રગ્રાહિતા અને અવિચારકતા. એટલે કે નજર સામે જેટલું દેખાયું એટલું જ માનવાનું. જ્યારે તર્કપ્રમાણનો સ્વભાવ જ વિચારક છે. અર્થાત્ ઊહાત્મક = વિચારણાત્મક હોય તેને જ તો તર્ક પ્રમાણ કહ્યું છે. તેથી તેને દેશ-કાળવ્યવહિત એવા પણ તમામ ધૂમ-વહ્નિ સાથે સ્વાભાવિક રીતે જ (સ્વભાવબલાત્ જ) સંબંધ છે. ટૂંકમાં, પ્રત્યક્ષ પોતે વિચારાત્મક નથી (આ વાત અનુભવસિદ્ધ છે.) જ્યારે તર્ક પોતે વિચારાત્મક સ્વરૂપવાળો છે માટે અસંનિહિતગ્રાહી બની શકે. પ્રત્યક્ષમાં આ સંભવિત નથી. માટે પ્રત્યક્ષથી વ્યાપ્તિગ્રહ માનવાની વાત ખોટી ઠરે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**यत्तु 'व्याप्यस्याहार्यारोपेण व्यापकस्याहार्यप्रसञ्जनं तर्कः । स च विशेषदर्शनवद् विरोधिशङ्काकालीनप्रमाणमात्रसहकारी, विरोधिशङ्कानिवर्तकत्वेन तदनुकूल एव वा । न चायं**

तर्कस्य न स्वतः प्रामाण्यं किन्तु प्रमाणसहकारितया प्रमाणानुकूलतया वा प्रमाणानुग्राहकत्वमेवेति **नैयायिक**मतमुपन्यस्यति **'यत्तु'** इत्यादिना। बाधनिश्चयकालीनेच्छाजन्यं प्रत्यक्षं ज्ञानमाहार्यज्ञानमुच्यते। पर्वते धूमं स्वीकृत्य 'अस्तु धूमो, माऽस्तु वह्निः को दोषः' इति सन्तमपि वह्निमाशङ्कमानं प्रति 'यदि वह्निर्न स्यात्तर्हि अत्र धूमोऽपि न स्यादि'ति यदनिष्टापादनम् तद् व्याप्यस्य आहार्यारोपेण व्यापकस्य आहार्यप्रसञ्जनरूपम्, तत्र वह्न्यभावस्य व्याप्यत्वात्, धूमाभावस्य च व्यापकत्वात्, धूमाभावाभावरूपधूमवत्तया निर्णीते पर्वते वह्न्यभावरूपव्याप्यारोपेण धूमाभावरूपव्यापकापादनस्य आहार्यज्ञानरूपत्वं सुस्पष्टमेव ।

## * તર્ક પ્રમાણસહકારી છે - નૈયાયિક મત *

બૌદ્ધનું ખંડન થયું ત્યાં પછી નૈયાયિકો હવે ઊભા થાય છે કે, તર્ક સ્વતંત્ર પ્રમાણ નથી, માત્ર પ્રમાણ સહકારી છે. તેથી હવે ગ્રન્થકાર તેનો મત દર્શાવી ખંડન કરશે.

નૈયાયિકો તર્કનું સ્વરૂપ જુદા પ્રકારનું માને છે. તેઓ તર્કને સ્વતંત્ર પ્રમાણ માનતા નથી. કિન્તુ પ્રમાણને સહકારી હોવાથી પ્રમાણોપકારક (સહાયક) માને છે. તેઓની માન્યતા કંઈક આવી છે.

વસ્તુની અવિદ્યમાનતાનો (બાધનો) નિશ્ચય હોવા છતાં પણ ઈચ્છાજન્ય જે જ્ઞાન કરાય તેને આહાર્યજ્ઞાન કહેવાય છે. પર્વત ઉપર ધૂમ દેખાવા છતાં કોઈ વ્યભિચારની શંકા કરતા એમ કહે કે 'अस्तु धूमः, न स्यात् वह्निः, को दोषः ?' ધૂમ ભલે હોય, પણ અગ્નિ ન હોય તેમાં શું વાંધો ? તો આવી શંકા સામે એમ કહેવાય કે 'यदि वह्निर्न स्यात् तर्हि अत्र धूमोऽपि न स्यात्' અર્થાત્, 'જો અગ્નિ ન હોય તો અહીં ધૂમ પણ ન હોય' એટલે કે 'જો અહીં અગ્નિનો અભાવ હોય તો અહીં ધૂમનો પણ અભાવ જ હોય.' હવે વાસ્તવમાં અહીં ધૂમાભાવ નથી (કારણ કે ધૂમનું તો પ્રત્યક્ષ થયેલું જ છે) તેથી આ તર્ક વહ્નયભાવની શંકાને દૂર કરી આપે છે. આ રીતે પ્રમાણ પર ઉપકારક બનવાથી તર્કને પ્રમાણસહકારી કહેવાય પણ સ્વતન્ત્રપણે પ્રમાણ ન કહેવાય.

જેમ કે - 'આ સ્થાણું છે કે પુરુષ છે ?' એવો સંશય કો'કને પડ્યો છે પણ નિર્ણય થઈ શકતો નથી કે પેલું શું છે ? કારણ કે સામે રહેલી વસ્તુમાં ઊંચાઈ વગેરે સામાન્ય ધર્મોનું દર્શન જ થાય ત્યાં સુધી આ સંશય ઊભો રહેવાનો. પણ ત્યાં હાથ-પગ, હલન-ચલનાદિનું દર્શન થયું. હાથ-પગ, હલન-ચલનાદિ વિશેષધર્મો પુરુષત્વના વ્યાપ્ય ધર્મો છે. (અર્થાત્, પુરુષત્વ વ્યાપક છે અને હાથ-પગ, હલન-ચલનાદિ વિશેષધર્મો વ્યાપ્ય છે.) તેથી આવું વિશેષદર્શન થતા જ પેલો સંશય દૂર થઈ જશે અને 'આ પુરુષ છે' એવો નિશ્ચય થઈ જશે. હવે અહીં જે વિશેષદર્શન થયું તેનાથી આ નિશ્ચય થયો નથી. આ નિશ્ચય તો ચક્ષુથી (ઈન્દ્રિયરૂપ પ્રત્યક્ષપ્રમાણથી) જ થાય છે પરંતુ ચક્ષુઈન્દ્રિયને ઉક્ત નિર્ણય (= પુરુષનિર્ણય) કરવામાં અટકાવનાર પેલી વિરોધી શંકા (= સ્થાણુની શંકા) હતી. આ વિશેષદર્શનનો સહકાર મળતા જ વિરોધીશંકાકાલીન એવું પણ પ્રમાણ (= ઇન્દ્રિય) ઉક્ત નિર્ણય કરી શકે છે. આમ વિરોધી શંકાકાળે પ્રમાણને સહકારી બનવા રૂપે અથવા તો પછી વિરોધીશંકાને દૂર કરવારૂપે તર્ક એ પ્રમાણને, વસ્તુ નિર્ણય કરવામાં સહાયક બને છે. યાદ રહે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स्वतः प्रमाणम्' इति नैयायिकैरिष्यते; तन्न; व्याप्तिग्रहरूपस्य तर्कस्य स्वपरव्यवसायित्वेन स्वतः प्रमाणत्वात्, पराभिमततर्कस्यापि क्वचिदेतद्विचाराङ्गतया, विपर्ययपर्यवसायिन आहार्य-**

---

यथा स्थाणुर्वा पुरुषो वेत्यादिसंशयदशायां एकतरकोटिव्याप्यवत्तारूपविशेषदर्शनम्, एकतरकोटिविषयके निर्णये जननीय इन्द्रियं सहकारोति, यथा वा तदपरकोटिप्रतिषेधकमात्रं, तथा तर्कोऽयमपि प्रमाणं सहकरिष्यति विरोधिशङ्कामात्रं वा निवर्त्य प्रमाणानुकूलो भविष्यतीत्यर्थः। **इदमत्र सूक्ष्ममीक्ष्यम्** तर्कस्य प्रमाणानुग्राहकत्वं द्वेधा सम्भवति, विरोधिशङ्काकालीनप्रमाणकार्यकारित्वरूपसहकारित्वेन प्रमाणकार्य-प्रतिबन्धकविरोधिशङ्कापसारणमात्रेण वा। तत्र प्रथमपक्षमपेक्ष्य द्वितीयपक्षाश्रयणे लाघवादुक्तं '**विरोधिशङ्कानिवर्तकत्वेन**' इत्यादि। सहकारित्वं हि एकधर्मावच्छिन्नकार्यतानिरूपितकारणतावत्त्वं, यथा दण्डस्य कुम्भकारसहकारित्वं, यथा वा अदृष्टस्य कुम्भकारादिसहकारित्वम्। द्विविधस्यापि प्रमाणसहकारित्वस्य तर्के कल्पनमपेक्ष्य विरोधिशङ्कानिवर्तकत्वमात्रकल्पने लाघवात्।

'**क्वचिदेतदि**'ति - यत्र व्याप्तिग्रहानन्तरं 'पक्षेऽस्तु हेतुर्माऽस्तु साध्यमि'ति व्यभिचारशङ्का समुल्लसेत् तत्र 'यदि पर्वते वह्निर्न स्यात्तर्हि धूमोऽपि न स्यादि'ति वह्न्यभावात्मकव्याप्यस्यारोपेणाऽऽहितस्य धूमाभावलक्षणव्यापकारोपस्य **नैयायिका**भिमतस्य तर्कस्य व्याप्तिनिर्णय एवोपयोगः । कथमिति **चेत्,**

---

કે તર્ક પોતે વસ્તુનિર્ણય કરતો નથી પણ વસ્તુનિર્ણાયક એવા અનુમાન પ્રમાણને વિરોધી શંકા વખતે વસ્તુનિર્ણય કરવામાં માત્ર સહાય કરે છે. તેથી તે પ્રમાણને સહકારી છે. અથવા, તર્ક વિરોધી શંકાનું નિવર્તન કરવારૂપે માત્ર પ્રમાણને વસ્તુનિર્ણય કરવામાં અનુકૂળ બને છે એમ સમજવું પણ તે સ્વતંત્ર પ્રમાણરૂપ નથી, પ્રમાણને ઉપયોગી બને એટલું બસ.

### * તર્ક સ્વતંત્રપ્રમાણ છે (ન્યાયમત ખંડન) *

નૈયાયિકોની તર્ક અંગેની માન્યતા બરાબર નથી તેથી તેનું નિરાકરણ કરવાપૂર્વક ગ્રન્થકાર તર્કમાં સ્વતંત્ર પ્રામાણ્ય સિદ્ધ કરે છે.

સર્વ દેશ-કાળના ધૂમ-વહ્નિને વિષય બનાવીને વ્યાપ્તિનું ગ્રહણ કરનાર તર્ક પોતે સ્વપરવ્યવસાયી જ્ઞાનાત્મક છે માટે તે સ્વતંત્ર પ્રમાણ જ છે.

**પ્રશ્ન :** તો પછી વ્યાપ્યના આહાર્ય આરોપ દ્વારા વ્યાપકના આહાર્ય આરોપરૂપ તર્ક (=નૈયાયિકને અભિમત તર્ક) શું કોઈ કામનો નથી ?

**ઉત્તર :** ના, નૈયાયિક સંમત તર્ક પણ કંઈ સાવ નિષ્ફળ નથી. એ તર્ક વ્યાપ્તિનો નિર્ણય કરવામાં ઉપયોગી બને છે. જેમ કે - 'ધૂમ ભલે હોય પણ વહ્નિ ન હોય તો શું વાંધો ?' આવી વ્યભિચાર શંકા કોઈને થાય તો ત્યારે 'જો ધૂમ વહ્નિને વ્યભિચારી હોય તો તે વહ્નિજન્ય પણ ન હોય' આ રીતે તર્ક અપાય છે. આ તર્ક એટલે બીજું કાંઈ નહીં પણ, 'જો વ્યાપ્ય (=વહ્નિવ્યભિચારિત્વ) હોય તો વ્યાપક (=વહ્નિજન્યત્વાભાવ) પણ હોય આ રીતે વ્યાપ્યારોપપૂર્વક વ્યાપકારોપનું આપાદન કરવું એ જ છે. જેનું આપાદન કરાયું હોય તેના વિપર્યયમાં જ છેલ્લે આ તર્ક ફલિત થાય છે. અર્થાત્, ધૂમ વહ્નિજન્ય છે માટે વહ્નિવ્યભિચારી નથી' એવો વિપર્યય સિદ્ધ કરીને આહાર્યશંકાનું નિરાકરણ કરીને વ્યાપ્તિગ્રહણ કરવામાં તર્ક ઉપયોગી બને છે. (તાત્પર્ય એ છે કે- 'ધૂમ વહ્નિવ્યભિચારી હોય તો

**शङ्काविघटकतया, स्वातन्त्र्येण शङ्कामात्रविघटकतया वोपयोगात् । इत्थं चाज्ञाननिवर्तकत्वेन**

तर्कस्य पर्वते धूमाभावाभाववत्तया वह्न्यभावाभाववत्त्वरूपविपर्ययसाधनपर्यवसायित्वेन आहार्यशङ्काविघटकतयेति **ब्रूमः**। यत्र न पुनर्व्याप्तिविचारः प्रस्तुतो न वा तादृशी आहार्यशङ्का, तत्र विचारानङ्गत्वेऽपि स्वातन्त्र्येणैव शङ्कामात्रविघटकतया तादृशस्य तर्कस्योपयोगित्वमिति भावः । **ननु** यदि शङ्कामात्रविघटकतया तर्कस्योपयोगित्वं, तर्हि **धर्मभूषणेन न्यायदीपिकायां** अज्ञाननिवर्तकतया समर्थितं तर्कप्रामाण्यं कथं सङ्गमनीयम् **धर्मभूषणेन** हि **श्लोकवार्तिकीय**वाक्योल्लेखेन स्वमतं समर्थितं तत्र, **तथाहि** - "तदुक्तं **श्लोकवार्तिकभाष्ये**- '*साध्यसाधनसम्बन्धाज्ञाननिवृत्तिरूपे हि फले साधकतमस्तर्कः इति*"[१] ' **(न्या.दीपिका)**

तदेतदपाकर्तुमाह '**इत्थं चे**'ति - तथा च अज्ञानपदस्य तत्र मिथ्याज्ञानपरत्वेन मिथ्याज्ञाननिवर्तकत्वं

---

વહ્નિજન્ય પણ ન હોત' આને નૈયાયિકો તર્ક કહે છે. આ તર્ક વિપર્યયપર્યવસાયી (= અંતે આપાદ્યના વિપર્યયમાં ફલિત થનાર) છે. વિપર્યય આ રીતે થાય છે કે 'ધૂમ વહ્નિથી જન્ય છે માટે ધૂમ વહ્નિને વ્યભિચારી નથી.' આ વિપર્યય દ્વારા ધૂમ વહ્નિ વચ્ચેની જે વ્યભિચારની આહાર્યશંકા હતી તે દૂર થાય છે. બસ, આ શંકા દૂર થતા અહીં નૈયાયિકસંમત તર્કની કામગિરિ પૂરી થાય છે. આ રીતે આહાર્યશંકાનું વિઘટન કરવા દ્વારા આ તર્ક વ્યાપ્તિગ્રહણમાં ઉપયોગી બને છે.) અને જ્યાં વ્યાપ્તિનો વિચાર થતો ન હોય અને ઉક્ત રીતની આહાર્યશંકા પણ ન હોય ત્યાં આ નૈયાયિક અભિમત તર્ક ખાસ ઉપયોગી બનતો નથી. છતાં પણ એ તર્ક સ્વતંત્ર રીતે જ શંકા માત્રનું વિઘટન કરવા દ્વારા, એટલે કે કોઈ શંકાને ઊભી જ ન થવા દેવા દ્વારા ઉપયોગી બને છે. આ રીતે વ્યાપ્તિનો વિચાર કરવામાં અથવા આહાર્યવ્યભિચાર શંકાને દૂર કરવામાં, અથવા (એવી કોઈ શંકા ન હોય કે વ્યાપ્તિનો વિચાર કરવો ન હોય ત્યાં) સ્વતંત્ર રીતે જ શંકામાત્રનું વિઘટન કરવા દ્વારા તે ઉપયોગી બને.

**વિશેષવિમર્શ :** નૈયાયિકસંમત તર્કનો આકાર 'જો ધૂમ વહ્નિવ્યભિચારી હોય તો વહ્નિજન્ય પણ ન હોય શકે' એવો છે. જ્યારે જૈન સંમત તર્કપ્રમાણનો આકાર 'અમુક હોય તો જ અમુક હોય, અન્યથા ન હોય...' એવો છે.

**શંકા :** જૈન સંમત તર્કપ્રમાણનો જે આકાર બતાવ્યો છે તેવો આકાર તો વ્યાપ્તિજ્ઞાનનો હોય છે. તર્કને તો તમે વ્યાપ્તિગ્રાહક માનો છે માટે તર્કનો આકાર વ્યાપ્તિના આકારથી કંઈક જુદો હોવો જોઈએ ને?

**સમા. :** જૈન મતે પ્રમાણજ્ઞાન અને ફલજ્ઞાન વચ્ચે કથંચિદ્ અભેદ છે એ વાત પૂર્વે (શરૂઆતમાં જ) કહેવાઈ ગઈ છે. તેથી જે તર્ક જ્ઞાન છે એ જ વ્યાપ્તિજ્ઞાન છે. તર્કજ્ઞાન એ પ્રમાણ છે અને વ્યાપ્તિજ્ઞાન એ ફળ છે. તેથી 'જ્યાં જ્યાં અગ્નિ હોય ત્યાં ત્યાં જ ધૂમ હોય, એ સિવાય ન હોય' આવી વિચારણા તે તર્ક બને. આવા તર્કથી 'જ્યાં જ્યાં ધૂમ હોય ત્યાં ત્યાં અગ્નિ પણ હોય જ' આવી વ્યાપ્તિનું ગ્રહણ થાય છે. પ્રમાણજ્ઞાન અને ફલજ્ઞાન વચ્ચે કથંચિદ્ અભેદ હોવાથી આકારની સમાનતા હોય તેમાં કોઈ બાધ નથી. જેમ કે 'अयं घटः' એવું જ્ઞાન પ્રમાણ બને છે અને તેનાથી આત્માને 'अयं घटः' એવો જે બોધ થાય છે એ ફળ બને છે.)

---

१. दृष्टव्यं चैतत् तत्त्वार्थश्लोकवार्त्तिक १.१३.११५-८ वृत्तौ ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तर्कस्य प्रामाण्यं धर्मभूषणोक्तं सत्येव तत्र मिथ्याज्ञानरूपे व्यवच्छेद्ये सङ्गच्छते, ज्ञानाभावनिवृत्तिस्त्वर्थज्ञाततताव्यवहारनिबन्धनस्वव्यवसितिपर्यवसितैव सामान्यतः फलमिति द्रष्टव्यम्।**

**साधनात्साध्यविज्ञानमनुमानम् । तद् द्विविधं स्वार्थं परार्थं च । तत्र हेतुग्रहण-सम्बन्धस्मरणकारणकं साध्यविज्ञानं स्वार्थम्, यथा गृहीतधूमस्य स्मृतव्याप्तिकस्य 'पर्वतो वह्निमान्' इति ज्ञानम् । अत्र हेतुग्रहण-सम्बन्धस्मरणयोः समुदितयोरेव कारणत्वमवसेयम्,**

---

तर्कस्य तत्र **धर्मभूषणा**भिप्रेतत्वेन बोद्धव्यमिति न कश्चिद्विरोधः ।

**ननु** यदि व्याप्तिविषयकसंशयात्मकमिथ्याज्ञाननिवर्तकतया तर्कप्रामाण्यं समर्थ्यते तर्हि प्रमाणसामान्यफलतया ज्ञानाभावरूपाज्ञाननिवृत्तिः *'प्रमाणस्य फलं साक्षादज्ञानविनिवर्तनम्'* **(न्याया.गा.२८)** इत्यादिनोक्ता कथं निर्वहेदिति **चेत्, उच्यते, जैन**मते ज्ञानमात्रस्य स्वप्रकाशतया तर्कस्यापि स्वप्रकाशत्वेन स्वव्यवसितिपर्यवसायित्वम् । स्वव्यवसितेश्च विषयव्यवसितिगर्भिततया बाह्यविषयज्ञाततताव्यवहारप्रयोजकत्वेन विषयाज्ञाननिवृत्ति-

---

**શંકા :** તમે જો આ રીતે વિરોધી શંકાના વિઘટક તરીકે જ માત્ર તર્કને ઉપયોગી ગણાવો છો તો પછી **ધર્મભૂષણે** (= દિગંબર વિદ્વાને) અજ્ઞાનનિવર્તક હોવા રૂપે તર્કને પ્રમાણ કહ્યો છે એની સંગતિ શી રીતે થશે ?

**સમા. : ધર્મભૂષણે (ન્યાયદીપિકામાં)** અજ્ઞાનનિવર્તક હોવા રૂપ તર્કને પ્રમાણ કહ્યો છે ત્યાં 'અજ્ઞાન' પદથી મિથ્યાજ્ઞાન સમજવું અર્થાત્, મિથ્યાજ્ઞાનરૂપ વ્યવચ્છેદ્ય જો ત્યાં હોય કે જેનું નિવર્તન તર્ક દ્વારા થાય, તો જ ધર્મભૂષણે તર્કમાં જણાવેલું પ્રામાણ્ય સંગત થાય.

**શંકા :** જો માત્રનો શંકાનો વિઘટક હોવાથી જ તર્ક પ્રમાણ કહેવાતો હોય તો પછી પ્રમાણસામાન્યનું ફળ જે અજ્ઞાનની નિવૃત્તિ જૈનસિદ્ધાન્તમાં પ્રસિદ્ધ છે, તે તર્ક પ્રમાણમાં શી રીતે ઘટશે ? કારણ કે તર્ક તો મિથ્યાજ્ઞાનનો નાશ કરે છે.

**સમા. :** જૈનસિદ્ધાન્ત પ્રમાણે દરેક જ્ઞાન સ્વપ્રકાશ છે તેથી તર્ક પણ સ્વપ્રકાશ છે. સ્વવ્યવસાય એ પરવ્યવસાયગર્ભિત હોવાથી બાહ્યાર્થમાં થતા જ્ઞાતતાના વ્યવહારમાં પ્રયોજક છે અને એ રીતે સ્વવ્યવસાય જ વિષયના અજ્ઞાનની નિવૃત્તિરૂપ છે કારણ કે, વિષયાજ્ઞાનનિવૃત્તિ (= પરવ્યવસાય) થાય તો જ સ્વવ્યવસાય થાય. સ્વવ્યવસાય થયો એટલે વિષયાજ્ઞાનનિવૃત્તિ થઈ જ હોય છે. આ રીતે વાસ્તવમાં, સ્વવ્યવસાય જ જ્ઞાનાભાવની નિવૃત્તિરૂપ છે. તેથી તર્કમાં પણ પ્રમાણનું સામાન્યફળ આ રીતે ઘટે છે કારણ કે તર્ક પણ જ્ઞાનરૂપ હોવાથી સ્વપ્રકાશ તો છે જ.

## * અનુમાન પ્રમાણનું નિરૂપણ *

હવે ક્રમપ્રાપ્ત અનુમાન પ્રમાણનું નિરૂપણ કરે છે. તેનું લક્ષણ જણાવે છે. હેતુ દ્વારા સાધ્યનું જ્ઞાન થવું તે અનુમાન છે. તેના બે પ્રકાર છે. સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાન.

**સ્વાર્થાનુમાન :** હેતુનું ગ્રહણ અને સાધ્ય-સાધન વચ્ચેના સંબંધ (=વ્યાપ્તિ)નું સ્મરણ, આ બે દ્વારા પોતાને સાધ્યનું જે જ્ઞાન થાય તેને સ્વાર્થાનુમાન કહેવાય છે. **દા.ત.** ધૂમને પ્રત્યક્ષ જોનારા અને તેમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अन्यथा विस्मृताप्रतिपन्नसम्बन्धस्यागृहीतलिङ्गकस्य च कस्यचिदनुमानोत्पादप्रसङ्गात् ।**

**निश्चितान्यथानुपपत्त्येकलक्षणो हेतुः, न तु त्रिलक्षणकादिः । तथाहि-त्रिलक्षण एव हेतुरिति बौद्धाः । पक्षधर्मत्वाभावेऽसिद्धत्वव्यवच्छेदस्य, सपक्ष एव सत्त्वाभावे च विरुद्धत्व-**

रूपत्वमिति वस्तुतः स्वव्यवसितेरेव ज्ञानाभावनिवृत्तिरूपतया न तर्कस्यापि अज्ञाननिवृत्तिरूपसामान्यफलानुपपत्तिः । इत्थमेव च '**स्वार्थव्यवसितेरेव तत्फलत्वादि**'ति प्राक्तनग्रन्थसङ्गतिः ।

'**त्रिलक्षणकादिरि**'ति → त्रीणि लक्षणानि = रूपाणि, पक्षधर्मत्वसपक्षसत्त्वविपक्षासत्त्वाख्यानि यस्यासौ त्रिलक्षणकः, स आदिर्यस्य पञ्चलक्षणकादेः स त्रिलक्षणकादिः पुनर्हेतुर्न भवतीत्यर्थः, हेत्वाभासेष्वपि त्रिलक्षणादेरतिव्याप्तत्वात् । तत्र साध्यधर्मविशिष्टो धर्मी पक्षः, यथा वह्न्यनुमाने पर्वतः, तस्मिन् वर्तमानत्वं

રહેલી વહ્નિની વ્યાપ્તિનું સ્મરણ કરનારા પુરુષને 'પર્વતો વહ્નિમાન્' એવું જે અનુમાન થાય તેને સ્વાર્થાનુમાન કહેવાય છે. રસોડામાં ધૂમ-અગ્નિની વ્યાપ્તિ જેણે જાણી હોય તેવી વ્યક્તિ પર્વત તરફ જાય અને પર્વત પરથી નીકળતા ધૂમને જુએ ત્યારે તેને ધૂમ-અગ્નિની પૂર્વગૃહીત વ્યાપ્તિનું સ્મરણ થશે અને પછી તેને 'પર્વત અગ્નિવાળો' છે એવું અનુમાન થશે. આ સ્વાર્થાનુમાન છે.

અહીં સાધ્યનું જ્ઞાન થવામાં હેતુગ્રહણ અને સંબંધ (=વ્યાપ્તિ) સ્મરણને જે કારણ કહ્યા છે તે બન્નેને સમુદિતરૂપે (સંમીલિતરૂપે) જ કારણ જાણવા. અન્યથા, જો આ બેમાંથી એક કારણ દ્વારા પણ સાધ્યજ્ઞાન માનવામાં આવે તો જેણે પૂર્વે ક્યારેય વ્યાપ્તિગ્રહણ કર્યું જ ન હોય તેવા પુરુષને પણ ધૂમનું દર્શન થવા માત્રથી જ સાધ્યનું જ્ઞાન થઈ જવાની આપત્તિ આવે. એ જ રીતે પૂર્વગૃહીત વ્યાપ્તિને ભૂલી ગયો હોય તેવા પુરુષને પણ સાધ્યનું જ્ઞાન થઈ જવાની આપત્તિ આવે. અથવા ઘરમાં બેઠા બેઠા માત્ર વ્યાપ્તિનું સ્મરણ કરનારને ધૂમના દર્શન વિના પણ સાધ્યનું (અગ્નિનું) જ્ઞાન થઈ જવાની આપત્તિ આવે. હેતુગ્રહણ અને સંબંધસ્મરણ બન્નેને સમુદિતરૂપે કારણ કહેવાથી ઉક્ત આપત્તિઓ રહેતી નથી.

## * હેતુના સ્વરૂપનું નિરૂપણ *

સ્વાર્થાનુમાન પછી યદ્યપિ પરાર્થાનુમાનની વાત કરવાની છે પરંતુ સ્વાર્થાનુમાનની વાતમાં જ સપ્રસંગ હેતુ-સાધ્ય-પક્ષ આદિનું નિરૂપણ કરે છે. પરાર્થાનુમાનની વાત ત્યાર બાદ કરશે. સૌપ્રથમ હેતુનું લક્ષણ જણાવે છે. સાધ્ય વિના જેનું અસ્તિત્વ જ સંગત (ઉપપન્ન) ન બને તેને હેતુ કહેવાય. (અહીં 'અન્યથા'= સાધ્ય વિના). ''જો વહ્નિરૂપ સાધ્ય ન હોય તો ધૂમ હોઈ જ ન શકે'' આ રીતે વહ્નિના (= સાધ્યના) અભાવમાં ધૂમનું (= હેતુનું) અનુપપન્ન બની જવું એ જ હેતુનું એકમાત્ર સ્વરૂપ (= લક્ષણ) છે. બૌદ્ધો હેતુના ત્રણ સ્વરૂપો માને છે, નૈયાયિક વગેરે તેના પાંચ સ્વરૂપો માને છે. એ વાતનું નિરાકરણ કરવા માટે ગ્રન્થકારે સ્પષ્ટ કહી દીધું કે न तु त्रिलक्षणकादिः ।

## * બૌદ્ધ સંમત હેતુત્રૈરૂપ્યનું ખંડન *

**બૌદ્ધ.** : તમે હેતુનું માત્ર એક જ સ્વરૂપ જણાવો છો એ બરાબર નથી કારણ કે તેનાથી હેતુની પૂર્ણ ઓળખ થતી નથી. હેતુના ત્રણ સ્વરૂપો છે. પક્ષસત્ત્વ (= પક્ષધર્મતા), સપક્ષસત્ત્વ અને વિપક્ષાસત્ત્વ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्युदासस्य, विपक्षेऽसत्त्वनियमाभावे चानैकान्तिकत्वनिषेधस्यासम्भवेनानुमित्यप्रतिरोधानुपपत्ते-रिति; तन्न; पक्षधर्मत्वाभावेऽपि उदेष्यति शकटं कृत्तिकोदयाद्, उपरि सविता भूमेरालोकवत्त्वाद्,**

---

हेतोः पक्षधर्मत्वम् । निश्चितसाध्यवान् पक्षः सपक्षः यथा तत्रैव महानसम्, तत्र हेतोः सत्त्वं = सपक्षसत्त्वम्। निश्चितसाध्याभाववान् पक्षः विपक्षः, यथा तत्रैव ह्रदः, तत्राविद्यमानतया व्यावृत्तत्वं हेतोर्विपक्षासत्त्वम् ।

**बौद्धाश्च** त्रैरूप्यमेव हेतुलक्षणं सङ्गिरन्ते । **तथाहि**- त्रैरूप्यमेव हेतुलक्षणमन्यथा हेत्वाभास-व्यवच्छेदासम्भवात् । तथाहि - पक्षधर्मत्वस्य हेतुस्वरूपत्वाभावे कथं 'शब्द परिणामी चाक्षुषत्वादित्यादौ हेतोरसिद्धतया व्यवच्छेदः, कथं च सपक्षसत्त्वस्य हेतुलक्षणत्वाभावे 'शब्दो नित्यः जन्यत्वादि'त्यादौ हेतोर्विरुद्धत्वेन व्युदासः, कथं च विपक्षासत्त्वस्य हेतुलक्षणत्वाभावे 'पर्वतो वह्निमान् प्रमेयत्वादि'त्यादौ हेतोरनैकान्तिकताव्यावृत्तिः स्यादिति त्रैरूप्यमेव हेतुलक्षणम् ।

निराकरोति '**तन्न**'त्यादिना '**उदेष्यति शकटमि**'त्यादौ कालापेक्षया, '**उपरि सविता**' इत्यादौ च देशापेक्षया पक्षधर्मत्वाभावेऽपि अनुमित्युत्पत्तिरुपपादिता ।

---

આ ત્રણે ધર્મો જેમાં હોય તે હેતુ બની શકે. આ ત્રણે ધર્મો હેત્વાભાસનું નિરાકરણ કરવા માટે અત્યંત જરૂરી છે. દા.ત. 'शब्दः परिणामी चाक्षुषत्वात्' શબ્દ પરિણામી છે કારણ કે તે ચાક્ષુષપ્રત્યક્ષનો વિષય બને છે. આવું કોઈ કહે તો અહીં ચાક્ષુષત્વ હેતુ સ્વરૂપાસિદ્ધ છે. (= પક્ષમાં નથી રહ્યો) આવા અસદ્ધેતુનું નિરાકરણ ત્યારે જ થઈ શકે જ્યારે પક્ષસત્ત્વને ય હેતુનું સ્વરૂપ માન્યું હોય. માટે હેતુની અસિદ્ધતાનું (=સ્વરૂપાસિદ્ધતાનું) નિરાકરણ થઈ શકે તે માટે હેતુનું 'પક્ષસત્ત્વ' સ્વરૂપ માનવું જરૂરી છે અન્યથા ઉક્ત નિરાકરણ થવું મુશ્કેલ બની જશે. આવી જ રીતે, હેતુમાં 'સપક્ષસત્ત્વ' માનવું પણ જરૂરી છે. સપક્ષ એટલે નિશ્ચિતસાધ્યવાન્. તેમાં હેતુ રહેલો હોવો જોઈએ. જો હેતુમાં 'સપક્ષસત્ત્વ' માનવામાં ન આવે તો વિરુદ્ધ હેત્વાભાસનું નિરાકરણ શી રીતે થશે ? દા.ત. - 'शब्दः नित्यः जन्यत्वात्' - શબ્દ નિત્ય છે કારણ કે તે ઉત્પન્ન થાય છે. આ સ્થળે નિત્યત્વની સિદ્ધિ કરી આપવા માટે અપાયેલો 'જન્યત્વ' હેતુ વિરુદ્ધ નામનો હેત્વાભાસ છે કારણ કે જન્યત્વ તો અનિત્યત્વને વ્યાપ્ય હોવાથી અનિત્યત્વની જ સિદ્ધિ કરી આપે. આવા અસદ્ધેતુનું નિરાકરણ મુશ્કેલ ન બને માટે 'સપક્ષસત્ત્વ' હેતુમાં માનવું જરૂરી છે. આવું સપક્ષસત્ત્વ વિરુદ્ધ હેતુમાં મળી શકતું નથી તેથી એ ન મળવાથી વિરુદ્ધ હેતુનું નિરાકરણ શક્ય બને. આ જ રીતે 'વિપક્ષાસત્ત્વ' પણ હેતુનું સ્વરૂપ છે એવું માનવું જોઈએ. વિપક્ષ એટલે નિશ્ચિતસાધ્યાભાવવાન્. તેમાં હેતુ રહેલો ન હોવો જોઈએ. હેતુમાં વિપક્ષાસત્ત્વ માનવાથી વ્યભિચારી હેતુનું નિરાકરણ કરવું મુશ્કેલ ન બને. દા.ત. 'પર્વતો વહ્નિમાન પ્રમેયત્વાત્' પર્વત અગ્નિવાળો છે કારણ કે તે પ્રમેય છે' અહીં પ્રમેયત્વ હેતુ અનૈકાન્તિક (=વ્યભિચારી) છે. કારણ કે વિપક્ષભૂત એવા જલહ્રદાદિમાં પણ આ હેતુ રહ્યો છે. હવે જો વિપક્ષાસત્ત્વને હેતુનું સ્વરૂપ માનો તો જ ઉક્ત અસદ્ધેતું, કે જેમાં આ સ્વરૂપ ઘટતું નથી, તેનું નિરાકરણ થઈ શકે. આ રીતે હેતુના ઉક્ત ત્રણે સ્વરૂપો માનવા જરૂરી છે, માત્ર એક જ લક્ષણથી ન ચાલે.'

**જૈન.** : હેતુમાં ત્રણ લક્ષણ માનવાની કોઈ આવશ્યકતા નથી, કારણ કે પક્ષસત્ત્વ વિનાના હેતુથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अस्ति नभश्चन्द्रो जलचन्द्रादित्याद्यनुमानदर्शनात् । न चात्रापि 'कालाकाशादिकं भविष्यच्छकटोदयादिमत् कृत्तिकोदयादिमत्त्वात्' इत्येवं पक्षधर्मत्वोपपत्तिरिति वाच्यम्; अननुभूयमानधर्मिविषयत्वेनेत्थं पक्षधर्मत्वोपपादने जगद्धर्म्यपेक्षया काककार्ष्ण्ये प्रासादधावल्यस्यापि साधनोपपत्तेः ।**

---

પણ સત્ય અનુમિતિ થઈ શકે છે. **દા.ત.** - 'હવે શકટ નક્ષત્રનો ઉદય થશે, કારણ કે અત્યારે કૃત્તિકા નક્ષત્રનો ઉદય છે. આ સ્થળે 'કૃત્તિકાનક્ષત્રનો ઉદય' હેતુ છે પણ એ તો વર્તમાનકાળમાં રહેલો છે. જ્યારે પક્ષ તરીકે તો ભવિષ્યકાળ લીધો છે. તેમાં આ હેતુ રહ્યો ન હોવાથી 'પક્ષસત્ત્વ' ન આવ્યું અને છતાં પણ તે હેતુથી અભ્રાન્ત અનુમિતિ થાય છે. (આ પદાર્થને વધુ સ્પષ્ટ સમજવા પ્રસિદ્ધ ઉદાહરણ લઈએ - 'આવતી કાલે સોમવાર છે, કારણ કે આજે રવિવાર છે.' અહીં પક્ષ છે 'આવતી કાલ' અને હેતુ છે 'રવિવાર'. રવિવાર તો આજે છે એટલે કે વર્તમાન છે તેથી 'આવતી કાલ'રૂપ (=ભવિષ્યકાળરૂપ) પક્ષમાં તે રહ્યો નથી અને છતાં પણ તેનાથી ઉક્ત અનુમિતિ થાય છે એ તો અનુભવસિદ્ધ છે.) આ તો સદ્ધેતુમાં કાળની અપેક્ષાએ પક્ષધર્મત્વાભાવ બતાવ્યો. દેશની અપેક્ષાએ પણ સદ્ધેતુમાં પણ પક્ષધર્મત્વાભાવ બતાવે છે. 'આકાશમાં સૂર્ય ઊગી ચૂક્યો છે કારણ કે ધરતી પર પ્રકાશ છવાઈ ગયો છે.' અહીં પક્ષ આકાશ છે અને 'પ્રકાશવત્ત્વ' હેતુ છે જે ધરતી પર રહ્યો છે. અને આ રીતે પક્ષધર્મતા વિનાનો હોવા છતાં પણ તે હેતુ અનુમિતિ કરાવી શકે છે. આ જ રીતે 'આકાશમાં ચન્દ્ર ઊગી ચૂક્યો છે કારણ કે જલચન્દ્ર (= જલમાં ચન્દ્રનું પ્રતિબિંબ) દેખાય છે.' અહીં પણ આકાશરૂપ પક્ષમાં જલચન્દ્રાત્મક હેતુ રહ્યો નથી અને તેમ છતાં પણ તેનાથી અનુમિતિ થાય છે. તેથી જણાય છે કે અનુમિતિ કરવા માટે હેતુમાં પક્ષધર્મતા હોવી આવશ્યક નથી.

**બૌદ્ધ :** અહીં પણ પક્ષધર્મતા સિદ્ધ કરી શકાય છે. કૃત્તિકાનો ઉદયકાળ (વર્તમાનકાળ) અને શકટનો ઉદયકાળ (ભવિષ્યકાળ), આ બન્ને કાળને સાંકળી લેનાર વ્યાપક એવા 'મહાકાલ'ને પક્ષ માનવાથી ભવિષ્યનો કાળ પણ તે મહાકાલ જ સમાવિષ્ટ થઈ જવાથી પક્ષધર્મતા સિદ્ધ થઈ શકે છે. આ જ રીતે ક્ષેત્ર અંગે પણ સમજવું. નભશ્ચન્દ્રથી માંડીને જલચન્દ્ર સુધીના સંપૂર્ણ ક્ષેત્રને સાંકળી લેતા આકાશને જ પક્ષ માનવાથી પક્ષધર્મતા સિદ્ધ થઈ શકે છે.

**જૈન :** અહો ! તમારી અદ્ભુત સમન્વયદૃષ્ટિ ! આ રીતે જો પક્ષધર્મતા માની શકાતી હોય તો પછી વિશ્વના તમામ પદાર્થોમાં પક્ષધર્મતા ઘટી શકશે અને આડેધડ અનુમાનો કરી શકાશે. જેમ કે - 'મહેલ સફેદ છે કારણ કે કાગડો કાળો છે.' આવા ઉત્પટાંગ અનુમાનોમાં પણ પક્ષધર્મતા સિદ્ધ થઈ શકશે. મહેલ અને કાગડો બધાનો આધાર એવા 'આકાશ'ને પક્ષ બનાવવાથી કામ પતી જાય છે. એટલે પછી તો આવા અનુમાનોને પણ કોણ રોકી શકશે ? કારણ કે ગમે તેવા મુશ્કેલ વ્યાધિને મટાડી દેનારા કુશળ વૈદ્યરાજની જેમ ગમે તેવા વિષમ સ્થળે પણ પક્ષધર્મતાની ઉપપત્તિ કરવામાં તો તમે બાહોશ છો. માટે આવી આપત્તિઓ નોંતરવાનું ન થાય માટે પક્ષધર્મતાનો આગ્રહ તમારે છોડવો જ પડશે. (યદ્યપિ કાકકાર્ષ્ણ્ય હેતુમાં પ્રાસાદધાવલ્યની વ્યાપ્તિ જ નથી તેથી અનુમિતિ ભલે ન થાય પરંતુ પ્રસ્તુતમાં તો માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ननु यद्येवं पक्षधर्मताऽनुमितौ नाङ्गं तदा कथं तत्र पक्षभाननियम इति चेत्; क्वचिदन्यथाऽनुपपत्त्यवच्छेदकतया ग्रहणात् पक्षभानं यथा नभश्चन्द्रास्तित्वं विना जलचन्द्रोऽनुपपन्न इत्यत्र, क्वचिच्च हेतुग्रहणाधिकरणतया यथा पर्वतो वह्निमान् धूमवत्त्वादित्यत्र धूमस्य पर्वते ग्रहणाद्वह्नेरपि**

---

अथ अन्तर्व्याप्तिरेवानुमितिप्रयोजिका । अन्तर्व्याप्तौ चावश्यमेव पक्षस्यान्तर्भावः '**पक्षीकृत एव विषये साधनस्य साध्येन व्याप्तिरन्तर्व्याप्तिरि**'ति वचनात्। व्याप्तिज्ञानीया धर्मिविषयतैव अनुमितिधर्मविषयतायां तन्त्रमिति हेतुलक्षणे पक्षधर्मत्वाप्रवेशेऽपि अन्तर्व्याप्तिज्ञानबलादेव तज्जन्यानुमितौ पक्षस्यैव धर्मितया भानं, न पुनरन्यथानुपपत्त्यवच्छेदकतया हेतुग्रहणाधिकरणतया वा तस्य भानमित्यभिप्रायेण **प्रमाणनयतत्त्वालोकीयं**

---

હેતુના પક્ષધર્મત્વ સ્વરૂપની જ વિચારણા હોવાથી તેના દ્વારા અનુમિતિની આપત્તિ આપી છે.)

**બૌદ્ધ :** પક્ષધર્મતા જો હેતુનું લક્ષણ ન હોય, એટલે કે હેતુનું પક્ષમાં હોવું એ અનુમિતિમાં જો કારણ ન હોય તો પછી અનુમિતિમાં પક્ષનું જ્ઞાન થાય છે એવો નિયમ શેના આધારે ? અર્થાત્, હેતુનું પક્ષમાં ભાન છે એટલે કે પક્ષમાં જ સાધ્યની સિદ્ધિ થાય છે એવું નિયમન શી રીતે સિદ્ધ થશે ?

**જૈન :** પક્ષનું જ્ઞાન બે રીતે થાય છે (૧) કેટલાક સ્થાનોમાં અન્યથાઅનુપપત્તિરૂપ વ્યાપ્તિના અવચ્છેદકરૂપે (=વિશેષણરૂપે) થાય છે જેમ કે - આકાશ ચન્દ્રની અનુમિતિ સ્થળે. આકાશમાં ચન્દ્રની અનુમિતિ થવામાં જલચન્દ્રને હેતુ બનાવાયો છે પણ આકાશમાં ચન્દ્ર હોય તે વિના જલચન્દ્ર હેતુ બની શકતો નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે આ એવું સ્થળ છે કે જ્યાં પક્ષસ્થ હેતુમાં જ સાધ્યની વ્યાપ્તિનો નિર્ણય થાય. અહીં હેતુ 'જલચન્દ્ર' તો પક્ષમાં રહ્યો જ નથી તેથી હેતુમાં પક્ષધર્મતા તો નથી જ પરંતુ તેમ છતાં અનુમિતિમાં પક્ષનું જ્ઞાન તો થાય જ છે માટે જણાય છે કે અહીં હેતુમાં પક્ષધર્મતા હોવાના કારણે પક્ષનું જ્ઞાન થતું નથી કિન્તુ વ્યાપ્તિમાં જ અંતર્ગત રીતે પક્ષનું જ્ઞાન થઈ જાય છે. એટલે કે પક્ષધર્મત્વાવચ્છિન્નવ્યાપ્તિનું જ અહીં ગ્રહણ થાય છે. તેથી અહીં વ્યાપ્તિગ્રહકાળે જ વ્યાપ્તિના અવચ્છેદક તરીકે પક્ષનું જ્ઞાન થઈ ગયું હોય છે. (૨) કેટલાક સ્થાનોમાં હેતુગ્રહણના આધારસ્થળરૂપે પક્ષનું જ્ઞાન થઈ જાય છે. દા.ત. - 'પર્વત અગ્નિવાળો છે કારણ કે (પર્વત ઉપર) ધૂમ છે.' આવા સ્થળે વ્યાપ્તિગ્રહકાળે પક્ષનું જ્ઞાન સંભવિત નથી. (કારણ કે વ્યાપ્તિગ્રહ તો પૂર્વે મહાનસાદિમાં થઈ ગયો હોય છે. ત્યાં પર્વતનું જ્ઞાન હોતું નથી.) તેથી હેતુ જ્યાં જણાય ત્યાં સાધ્યની અનુમિતિ થાય છે. હેતુ પર્વત પર જણાયો હોવાના કારણે પર્વત ઉપર જ સાધ્યની સિદ્ધિ થાય છે. તાત્પર્ય એ છે કે, અગ્નિના અધિકરણમાં જ ધૂમ ઉત્પન્ન થાય. દૂરસ્થ અગ્નિથી અહીં ધૂમ ઉત્પન્ન ન થાય. ધૂમનો આવો સ્વભાવ હોવાના કારણે જ ધૂમ જે ક્ષેત્રમાં (=પર્વત ઉપર) પ્રતીત થાય, તે જ ક્ષેત્ર અગ્નિની અનુમિતિમાં પક્ષ તરીકે જણાય છે. આમ જણાય છે કે ધૂમમાં પક્ષધર્મતા છે માટે અનુમિતિમાં પક્ષનું જ્ઞાન નથી થતું પણ ધૂમનો આવો સ્વભાવવિશેષ જે છે (કે પોતે જ્યાં પ્રતીત થાય ત્યાં જ વહ્નિની અનુમિતિ કરાવવી) તેના કારણે અનુમિતિમાં પર્વતનું પક્ષરૂપે જ્ઞાન થાય.

જલચન્દ્રની અનુમિતિ વખતે વ્યાપ્તિગ્રહકાળે જ પક્ષજ્ઞાન થઈ જાય છે પરંતુ અગ્નિની અનુમિતિ વખતે એવું થઈ શકતું નથી. કારણ કે ત્યાં આગળ પર્વતની પ્રતીતિ વ્યાપ્તિના અવચ્છેદક તરીકે થતી નથી. સમસ્ત દેશકાળના તમામ ધૂમ-અગ્નિ વચ્ચે જ્યારે વ્યાપ્તિગ્રહ થતો હોય ત્યારે ધૂમના અધિકરણ તરીકે બધે પર્વત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तत्र भानमिति । व्याप्तिग्रहवेलायां तु पर्वतस्य सर्वत्रानुवृत्त्यभावेन न ग्रह इति ।**

**यत्तु अन्तर्व्याप्त्या पक्षीयसाध्यसाधनसम्बन्धग्रहात् पक्षसाध्यसंसर्गभानम्, तदुक्तम् - "पक्षीकृत एव विषये साधनस्य व्याप्तिरन्तर्व्याप्तिः, अन्यत्र तु बहिर्व्याप्तिः" (प्र.न.**

---

अन्तर्व्याप्तिबहिर्व्याप्तिलक्षणपरं सूत्रमवलम्ब्य कस्यचिदेकदेशिनो मतमुपन्यस्यति '**यत्तु**' इत्यादिना ।

न पक्षान्तर्भावानन्तर्भावकृतोऽन्तर्व्याप्तिबहिर्व्याप्त्योर्भेदः, किन्तु स्वरूपत एव तयोर्भेदः, अन्तर्व्याप्तेः साध्यशून्यावृत्तित्वरूपत्वात्, बहिर्व्याप्तेश्च साध्याधिकरणवृत्तिरूपत्वात् । तथा चानुमितिप्रयोजकान्तर्व्याप्तौ पक्षस्याघटकतया न तद्भानबलाद् अनुमितिविषयता तत्र पक्षे निर्वाहयितुं शक्येति अनुमितौ तद्भाननिर्वाहाय अस्मदुक्तैव क्वचिदन्यथानुपपत्त्यवच्छेदकतया इत्यादिरीतिरनुसरणीया । यदि चान्तर्व्याप्तौ नियमतः पक्षभानं स्यात् तदा अन्तर्व्याप्तिग्रह एव पक्षसाध्यसंसर्गस्य भासितत्वात् किं पृथगनुमित्या ? इत्याशयेन प्रागुक्तमेकदेशिमतं

---

જ અનુગત રીતે જણાય એવું હોતું નથી. અર્થાત્, 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં અગ્નિ છે' આ રીતે જ વ્યાપ્તિગ્રહ થાય છે. પછી અધિકરણરૂપે ક્યારેક પર્વત હોય તો ક્યારેક મહાનસાદિરૂપ અન્ય કોઈ આધાર પણ હોય તેથી ત્યાં વ્યાપ્તિગ્રહ કાળે અધિકરણરૂપે સર્વત્ર પર્વત જ જણાય એવું નથી. જ્યારે જલચન્દ્રની અનુમિતિ પૂર્વે તો વ્યાપ્તિગ્રહ વખતે જ પક્ષનું જ્ઞાન થઈ જાય છે એ વાત પૂર્વે જણાવી જ દીધી છે. એટલે ક્યાંક વ્યાપ્તિના અવચ્છેદકરૂપે તો ક્યાંક હેતુગ્રહના અધિકરણરૂપે પક્ષનું જ્ઞાન થાય છે. ટૂંકમાં, 'હેતુમાં પક્ષધર્મતા છે માટે અનુમિતિમાં પક્ષનું જ્ઞાન થાય છે' એવો નિયમ નથી.

### ✻ 'અંતર્વ્યાપ્તિથી જ પક્ષનું ભાન થાય' એવા મતનું ખંડન ✻

**પૂર્વપક્ષ** અંતર્વ્યાપ્તિ દ્વારા પક્ષમાં સાધ્ય અને સાધન વચ્ચેના સંબંધનું ગ્રહણ થાય છે અને તેથી હેતુ અને સાધ્યનો સંબંધ પણ આ રીતે જ જણાઈ જશે કારણ કે પક્ષમાં જ ઉક્ત સંબંધનું ગ્રહણ થાય છે. **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** (સૂત્ર-૩/૩૯) માં **શ્રીવાદિદેવસૂરિએ** અંતર્વ્યાપ્તિનું લક્ષણ આવું બતાવ્યું છે - 'પક્ષ બનાવાયેલા વિષયમાં જ હેતુની સાધ્ય સાથેની વ્યાપ્તિ તે અંતર્વ્યાપ્તિ કહેવાય.' **દા.ત.** સર્વં પ્રમેયં પદાર્થત્વાત્, ઘટવત્ બધુ પ્રમેય છે, કારણ કે પદાર્થ છે, જેમ કે ઘટ. અહીં ઘટ પણ 'સર્વ'માં સમાવિષ્ટ હોવાથી પક્ષાન્તર્ગત છે અને એ ઘટમાં, એટલે કે પક્ષ બનાવેલા વિષયમાં જ વ્યાપ્તિગ્રહણ થશે. આ અંતર્વ્યાપ્તિ થઈ. આનાથી ભિન્ન એટલે કે પક્ષ સિવાયના કોઈ સ્થાનમાં એટલે કે દૃષ્ટાંતમાં જે વ્યાપ્તિનું ગ્રહણ થાય તેને બહિર્વ્યાપ્તિ કહેવાય. **દા.ત.** - 'પર્વતો વહ્નિમાન ધૂમાત્, મહાનસવત્' - 'પર્વત અગ્નિવાળો છે, કારણ કે તે ધૂમવાળો છે. જેમ કે રસોડું.' અહીં રસોડું (દૃષ્ટાંત) પક્ષથી ભિન્ન પદાર્થ છે અને ત્યાં વ્યાપ્તિગ્રહણ થયેલું છે (અને તે પૂર્વગૃહીત વ્યાપ્તિના સ્મરણથી પર્વત પર અનુમિતિ થશે) તેથી આ વ્યાપ્તિ બહિર્વ્યાપ્તિ કહેવાય છે. આ વ્યાખ્યા જોતા સ્પષ્ટ સમજાય છે કે અંતર્વ્યાપ્તિ દ્વારા પક્ષ અને સાધ્યના સંબંધની પ્રતીતિ થઈ જાય છે. અર્થાત્ અંતર્વ્યાપ્તિમાં તો વ્યાપ્તિગ્રહણ પક્ષમાં જ થાય છે તેથી વ્યાપ્તિજ્ઞાન દ્વારા જ ત્યાં આગળ ધર્મી તરીકે પક્ષનું જ્ઞાન અવશ્ય થઈ જાય છે અને તેથી આવી વ્યાપ્તિથી થતી અનુમિતિમાં નિયતધર્મીમાં જ સાધ્યનું જ્ઞાન થાય છે. (**તાત્પર્ય :** 'બધી અનુમિતિ અંતર્વ્યાપ્તિથી જ થાય અને અંતર્વ્યાપ્તિમાં પક્ષનું ભાન હોવાના કારણે અનુમિતિમાં તે જણાય છે માટે ધર્મીના જ્ઞાન માટે તમે જણાવેલા પૂર્વોક્ત બે વિકલ્પો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**३/३८) इति; तन्न; अन्तर्व्याप्त्या हेतोः साध्यप्रत्यायनशक्तौ सत्यां बहिर्व्याप्तेरुद्भावनव्यर्थत्वप्रतिपादनेन तस्याः स्वरूपप्रयुक्ताऽव्यभिचारलक्षणत्वस्य, बहिर्व्याप्तेश्च सहचारमात्रत्वस्य लाभात्, सार्वत्रिक्या व्याप्तेर्विषयभेदमात्रेण भेदस्य दुर्वचत्वात् । न चेदेवं तदान्त-**

निराकरोति '**तन्न**' इत्यादिना । '**उद्भवनव्यर्थत्वप्रतिपादनेन**' इति → तदुक्तं **प्रमाणनयतत्त्वालोकालङ्कारे** *'अन्तर्व्याप्त्या हेतोः साध्यप्रत्यायने शक्तावशक्तौ च बहिर्व्याप्तेरुद्भावनं व्यर्थमिति'* (३.३७)

**अत्र नैयायिक उत्तिष्ठते** - मा भूत् त्रैरूप्यं हेतुलक्षणं, अव्याप्तेः । तथाहि - 'पक्वान्येतानि सहकारफलानि, एकशाखाप्रभवत्वात्, उपयुक्तसहकारफलवत्' इत्यादौ बाधितविषये, 'मूर्खोऽयं देवदत्तः तत्पुत्रत्वात्'

બરાબર નથી. આવું પૂર્વપક્ષનું તાત્પર્ય જણાય છે.)

**ઉ.પક્ષ :** પક્ષનો અંતર્ભાવ હોય તો તેને અંતર્વ્યાપ્તિ કહેવાય અને પક્ષનો અંતર્ભાવ ન હોય તેને બહિર્વ્યાપ્તિ કહેવાય આ રીતે અંતર્વ્યાપ્તિ અને બહિર્વ્યાપ્તિ વચ્ચેનો ભેદ નથી પરંતુ આ બે પ્રકારની વ્યાપ્તિ વચ્ચે સ્વરૂપથી જ ભેદ પડે છે. બાકી સાર્વત્રિક = સર્વદેશ-કાળના સાધ્ય-સાધનોને વિષય બનાવતી વ્યાપ્તિમાં વિષયભેદ માત્રથી (= પક્ષરૂપ વિષય હોવા કે ન હોવા માત્રથી) ભેદ પાડવો એ શક્ય નથી. **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર**માં એમ કહેવાયું છે કે 'પરાર્થનુમાનમાં દૃષ્ટાંતવચન ઉપયોગી નથી કારણ કે અંતર્વ્યાપ્તિથી જ જો સાધ્યની સિદ્ધિ થઈ શકતી હોય તો દૃષ્ટાંત=બહિર્વ્યાપ્તિ બતાવવી વ્યર્થ છે.' કહેવાનું તાત્પર્ય એ છે કે પરાર્થાનુમાનમાં માત્ર પક્ષ અને હેતુવચન જ પર્યાપ્ત છે, દૃષ્ટાંતવચન બિનજરૂરી છે. કારણ કે દૃષ્ટાંતથી તો બહિર્વ્યાપ્તિનું પ્રકાશન થાય છે. તેના બદલે વ્યુત્પન્નમતિવાળા શ્રોતા ને 'પર્વતો ધૂમવાન્' એટલું સાંભળીને 'ધૂમ તો અગ્નિ હોય તો જ સંભવે. માટે પર્વત પર અગ્નિ છે.' આ રીતે અનુમિતિ થઈ શકે છે. આ અંતર્વ્યાપ્તિથી અનુમિતિ થઈ. જે આ રીતે અનુમિતિ કરવા સમર્થ હોય તેને દૃષ્ટાંતવચન કહેવાની શું જરૂર ? આના પરથી જણાય છે કે અંતર્વ્યાપ્તિ એ 'સ્વરૂપથી અવ્યભિચાર'રૂપ છે જ્યારે બહિર્વ્યાપ્તિ તો સહચાર માત્રરૂપ છે. (ધૂમ હોય તો અગ્નિ હોય જ. અગ્નિ વિના ન જ સંભવે. જ્યારે દૃષ્ટાંતમાં જણાતી વ્યાપ્તિ = 'જેમ કે મહાનસમાં ધૂમ અગ્નિની સાથે જ રહ્યો છે' - અહીં સહચાર માત્ર જણાય છે. એટલે 'પક્ષભાન થાય તે અંતર્વ્યાપ્તિ' આવું માનવું વ્યાજબી નથી. અર્થાત્, આમ પક્ષ અંતર્વ્યાપ્તિનો ઘટક નથી. પણ સ્વરૂપથી જ બે વ્યાપ્તિમાં ફરક માનવો ઉચિત છે. અન્યથા જો અંતર્વ્યાપ્તિમાં પક્ષભાન થાય જ છે એવું માનશો, એટલે કે પક્ષને અંતર્વ્યાપ્તિમાં ઘટક માનશો તો પછી અંતર્વ્યાપ્તિથી જ સાધ્યની પક્ષમાં પ્રતીતિ થઈ જ ગઈ. પછી અનુમાનની જરૂર શું છે ? અર્થાત્ 'પર્વત અગ્નિવાળો છે' આવી સાધ્યની પ્રતીતિ કર્યા વિના જ અંતર્વ્યાપ્તિ દ્વારા પક્ષમાં સાધ્યનો સંબંધ ભાસી જવાથી અનુમાન નિષ્ફળ બની જવાની આપત્તિ આવશે. માટે અંતર્વ્યાપ્તિથી પક્ષનું ભાન થતું નથી પણ અમે પૂર્વે કહ્યા પ્રમાણે બે રીતે પક્ષનું ભાન અનુમિતિમાં સંભવે છે. આ વાતને વિદ્વાનોએ શાસ્ત્રાનુસારે વિચારવી જોઈએ.

## * નૈયાયિકસંમત હેતુની પંચરૂપતાનું ખંડન *

બૌદ્ધ સંમત હેતુની ત્રિરૂપતાના ખંડનથી જ નૈયાયિક સંમત હેતુની પંચરૂપતાનું પણ ખંડન થઈ જાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्याप्तिग्रहकाल एव पक्षसाध्यसंसर्गभानादनुमानवैफल्यापत्तिः विना पर्वतो वह्निमानित्युद्देश्यप्रतीतिमिति यथातन्त्रं भावनीयं सुधीभिः । इत्थं च 'पक्वान्येतानि सहकारफलानि एकशाखप्रभवत्वाद् उपयुक्तसहकारफलवदित्यादौ बाधितविषये, मूर्खोऽयं देवदत्तः तत्पुत्रत्वात् इतरतत्पुत्रवदित्यादौ सत्प्रतिपक्षे चातिप्रसङ्गवारणाय अबाधितविषयत्वासत्प्रतिपक्षत्वसहितं प्रागुक्तरूपत्रयमादाय पाञ्चरूप्यं हेतुलक्षणम्' इति नैयायिकमतमप्यपास्तम्; उदेष्यति शकटमित्यादौ पक्ष-**

---

इत्यादौ सत्प्रतिपक्षे च हेत्वाभासेऽप्यस्य सम्भवात् । अतोऽबाधितत्वं साध्यविपरीतनिश्चायकप्रबलप्रमाणरहितत्व लक्षणं, असत्प्रतिपक्षत्वमपि हेतुलक्षणं वाच्यं, तेन नोक्तस्थलेऽतिव्याप्तिः, आमताग्राहिणा प्रत्यक्षेण एकशाखाप्रभवत्वस्य बाधितत्वात्, तत्पुत्रत्वस्यापि च विविधशास्त्रव्याख्यानादिकौशलशालित्वलक्षणप्रतिहेतुना शक्यबाधतया सत्प्रतिपक्षितत्वात् । तदेतदपि त्रैरूप्यखण्डनादेव खण्डितं दर्श्यते **'इत्थं चे'**त्यादिना ।

**किञ्च,** केवलान्वयिकेवलव्यतिरेकिणोर्हेत्वोः यथाक्रमं विपक्षावृत्तित्वसपक्षवृत्तित्वाभावेन पाञ्चरुप्याभावेऽपि गमकत्वं तैरङ्गीक्रियते इति भवद्धस्तेनैव पञ्चत्वं प्राप्तोऽयं हेतुपाञ्चरूप्यवादः ।

*एवं च पञ्चलक्षणलक्षितलिङ्गाग्रहं विहाय हठात्*
*जिनोदितैकलक्षणलक्षितमिह लक्ष्यतां लिङ्गम् ।।* **(स्या.रत्ना.३/१३** वृत्ति)

---

છે. હેતુના પાંચ સ્વરૂપ માનનારા નૈયાયિકોનો અભિપ્રાય આવો છે - હેતુના પક્ષધર્મત્વાદિ ત્રણ સ્વરૂપો તો બૌદ્ધની જેમ અમે ય માનીએ જ છીએ પરંતુ તેમાં ઉણપ રહે છે. જે હેતુ બાધિત કે સત્પ્રતિપક્ષ હેત્વાભાસરૂપ હોય તેમાં પણ હેતુની ત્રિરૂપતા તો ઘટશે. ''આ આમ્રફળો, પાકા છે, કારણ કે એક જ શાખા પર ઊગેલા છે. જેમ કે - ઉપયોગમાં આવેલું 'આમ્રફળ'. આ પ્રયોગસ્થળે એ જ ડાળ પર ઊગેલા આમ્રફળોને પક્ષ બનાવ્યો છે, તદ્ગત પાકને સાધ્ય બનાવ્યું છે અને 'एकशाखाप्रभवत्व' ને હેતુ બનાવેલ છે. અહીં આ હેતુમાં પક્ષધર્મત્વાદિ ત્રણે વસ્તુ તો રહી જ છે. છતાં પણ પક્ષ પોતે જ પ્રત્યક્ષબાધિત છે કારણ કે આમ્રફળો કાચા છે તે પ્રત્યક્ષ અનુભવાય છે. આમ, આ હેતુ પ્રત્યક્ષ બાધિત વિષયમાં પ્રવર્તતો હોવાથી બાધિત છે. અર્થાત્ હેત્વાભાસ છે અને છતાં પણ બૌદ્ધનું હેતુનું લક્ષણ (ત્રિરૂપતા) તો તેમાં પણ ઘટે છે તેથી બૌદ્ધનું લક્ષણ અતિવ્યાપ્ત છે. આ અતિવ્યાપ્તિના વારણ માટે બૌદ્ધે માનેલા હેતુના ત્રણ સ્વરૂપોમાં હેતુ અબાધિતવિષયવાળો હોવો જોઈએ'' એવું ચોથું સ્વરૂપ ઉમેરવું પડશે. આ ચોથું સ્વરૂપ 'एकशाखाप्रभवत्व' હેતુમાં નથી તેથી અતિવ્યાપ્તિનું વારણ થઈ શકશે. તદુપરાંત, ''દેવદત્ત મૂર્ખ છે, કારણ કે તે તેનો (વિવક્ષિતસ્ત્રીનો) પુત્ર છે, તેના અન્ય મૂર્ખપુત્રની જેમ'' આ પ્રયોગસ્થળે 'દેવદત્ત' પક્ષ છે, 'મૂર્ખત્વ' સાધ્ય છે, 'તત્પુત્રત્વ' એ હેતુ છે, 'તેનો અન્ય પુત્ર' દૃષ્ટાંત છે. અહીં 'તત્પુત્રત્વ' હેતુમાં પક્ષ-સત્ત્વ (પક્ષધર્મતા), સપક્ષસત્ત્વ, વિપક્ષાસત્ત્વરૂપ ત્રણે પૂર્વોક્ત સ્વરૂપો રહેલા છે. દેવદત્તમાં મૂર્ખતા નથી, એવું પ્રત્યક્ષ દેખાતું નથી તેથી અબાધિતવિષયત્વરૂપ ચોથું સ્વરૂપ પણ છે. છતાંય આ હેતુ નિર્દોષ ન પણ હોય એવું બને. 'દેવદત્ત મૂર્ખ નથી કારણ કે તેણે અનેક શાસ્ત્રો લખ્યા છે' એવા પ્રતિઅનુમાન દ્વારા દેવદત્તમાં મૂર્ખત્વાભાવની સિદ્ધિ કરી શકાય છે. આવા વિરોધિહેતુવાળો હોવાથી તત્પુત્રત્વ હેતુ સત્પ્રતિપક્ષિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**धर्मत्वस्यैवासिद्धेः, स श्यामः तत्पुत्रत्वादित्यत्र हेत्वाभासेऽपि पाञ्चरूप्यसत्त्वाच्च, निश्चितान्यथानुपपत्तेरेव सर्वत्र हेतुलक्षणत्वौचित्यात् ।**

---

तदुक्तं - अन्यथानुपपन्नत्वं रूपैः किं पञ्चभिः कृतम् ।
नान्यथानुपपन्नत्वं रूपैः किं पञ्चभिः कृतम् ॥

**'हेत्वाभासेऽपी'**ति → उपलक्षणात् हेत्वाभासपर्यवसायी हेतुरपि ग्राह्यः, तेन सोपाधिकहेतोः परिग्रहः, तादृशे हेतौ च तत्पुत्रत्वलक्षणे दर्शितातिव्याप्त्युपपत्तिरपि स्यात् । **यद्वा**, नव्यैः सोपाधिकहेतोर्व्याप्यत्वासिद्धत्वेन सङ्ग्रहात् मूलोक्तमेव सम्यक् । इत्थं चातिव्याप्त्यव्याप्त्यादिदोषदुष्टत्वादेकलक्षणो हेतुरेव मन्तव्य इति स्थितम् ।

---

અર્થાત્ હેત્વાભાસ છે અને તેમાં ય બૌદ્ધનું હેતુલક્ષણ અતિવ્યાપ્ત બને છે. અતિવ્યાપ્તિનું વારણ કરવા માટે ''હેતુ સત્પ્રતિપક્ષત્વરહિત હોવો જોઈએ,'' (અર્થાત્, હેતુનો કોઈ પ્રતિપક્ષભૂત પ્રતિહેતુ ન હોવો જોઈએ) એવું હેતુનું પાંચમું સ્વરૂપ પણ માનવું પડશે. આ પાંચમું સ્વરૂપ તત્પુત્રત્વમાં ન હોવાથી 'તત્પુત્રત્વ'માં હેતુનું લક્ષણ અતિવ્યાપ્ત નહીં બને. આમ, હેતુમાં ત્રિરૂપતા નહીં પણ પંચરૂપતા હોવી જરૂરી છે.

નૈયાયિકોની ઉક્ત માન્યતાનું ખંડન પણ બૌદ્ધની ત્રિરૂપતાના ખંડનથી જ થઈ ગયેલું જાણવું. કારણ કે 'હવે શકટનક્ષત્રનો ઉદય થશે કારણ કે અત્યારે કૃત્તિકા નક્ષત્રનો ઉદય છે' ઈત્યાદિ પૂર્વોક્ત સ્થળોમાં પક્ષધર્મત્વ અઘટમાન છે એ વાત તો પૂર્વે જણાવી જ ગયા છીએ. તેનાથી જ જણાય છે કે પંચરૂપતા વિનાનો હેતુ પણ જો અન્યથાઅનુપપન્ન હોય તો તે સદ્ધેતુ હોઈ શકે છે. આમ, બૌદ્ધની ત્રિરૂપતાના ખંડન દ્વારા જ નૈયાયિકની પંચરૂપતાનું ખંડન થઈ જાય છે, તેમ છતાં તે બહુ મહાન્ છે તેથી તેણે માનેલી પંચરૂપતાના ખંડન માટે જુની દલીલને કામે ન લગાડતા નવી નક્કોર દલીલ જ આપવી જોઈએ એવો જો તેમનો આગ્રહ હોય તો લો ત્યારે, સાંભળો !

મિત્રા નામની કોઈ સ્ત્રીના ચાર પુત્રો છે. ત્રણ કાળા છે, એક ગૌરવર્ણનો છે. મિત્રાના ત્રણે શ્યામ પુત્રોને જોનારી વ્યક્તિ મિત્રાના ચોથા પુત્રમાં શ્યામત્વનું અનુમાન કરે છે - 'તે (=ચોથો પુત્ર) શ્યામ છે, કારણ કે મિત્રાનો પુત્ર છે, જેમ કે મિત્રના અન્ય ત્રણ પુત્રો. અહીં 'મિત્રાપુત્રત્વ' હેતુ છે. તેમાં નૈયાયિકોએ માનેલા હેતુના પાંચે સ્વરૂપો (પક્ષધર્મત્વાદિ) રહેલા છે અને છતા પણ મિત્રાપુત્રત્વ હેતુ સોપાધિક હોવાથી હેત્વાભાસ છે. તેથી નૈયાયિકોનું હેતુલક્ષણ તેમાં જવાથી અતિવ્યાપ્ત બને છે. (સોપાધિક હેતુમાં ઉપાધિયુક્ત વ્યાપ્તિ હોવાથી તે હેતુ વ્યાપ્યત્વાસિદ્ધ કહેવાય છે.) આથી હેતુનું અન્યથાઅનુપપત્તિ એવું એક જ લક્ષણ સર્વત્ર માનવું ઉચિત છે. આવું લક્ષણ 'તત્પુત્રત્વ' હેતુમાં ન હોવાથી અમારે જૈનોને કોઈ આપત્તિ આવતી નથી.

(અહીં પ્રસંગતઃ ઉપાધિનું સ્વરૂપ જાણી લઈએ. 'साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वम् उपाधिः' જે સાધ્યને વ્યાપક હોય પણ હેતુને વ્યાપક ન હોય તે ઉપાધિ. આ તેનું લક્ષણ છે. પ્રસ્તુતમાં 'તત્પુત્રત્વ' સોપાધિક હેતુ છે કારણ કે 'શાકપાકજન્યત્વ' એ ત્યાં ઉપાધિ છે. પૂર્વના ત્રણે પુત્રો શાકપાકજન્ય હોવાથી શ્યામ હતા (અર્થાત્, તે ત્રણે પુત્રો ગર્ભમાં હતા ત્યારે મિત્રાએ બહુ શાક-આહાર કર્યો હોવાથી તે શ્યામ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ननु हेतुना साध्यमनुमातव्यम् । तत्र किं लक्षणं साध्यमिति चेत्; उच्यते-अप्रतीतमनिराकृतमभीप्सितं च साध्यम् । शङ्कितविपरीतानध्यवसितवस्तूनां साध्यताप्रतिपत्त्यर्थमप्रतीतमिति विशेषणम् । प्रत्यक्षादिविरुद्धस्य साध्यत्वं मा प्रसाङ्क्षीदित्यनिराकृतग्रहणम् । अनभिमत-**

**'अप्रतीतमि'त्यादि** - एतानि चाप्रतीतादीनि साध्यविशेषणानि स्वार्थानुमानेऽनुमात्रापेक्षयैव सम्भवन्ति, तत्र वादिप्रतिवादिव्यवस्थाया असम्भवात् । परार्थानुमाने तु तत्सम्भवेनाप्रतीतमिति विशेषणं प्रतिवाद्यपेक्षया, न पुनर्वाद्यपेक्षया, तस्यार्थस्वरूपप्रतिपादकतयाऽप्रतीतत्वासम्भवात्, अन्यथा वादित्वव्याहतेः । प्रतिवादिनस्तु तदवश्यमप्रतीतमेष्टव्यमन्यथा सिद्धसाधनदोषप्रसङ्गात् । अभीप्सितमिति तु परार्थानुमानापेक्षयैव, अन्यथा घनगर्जनश्रवणात्, आकाशे जायमानं मेघानुमानं कथं सङ्गच्छेत् ? तत्र मेघस्य इच्छयाऽविषयीकृत-

થયા.) મિત્રાપુત્ર હોવા માત્રથી શ્યામ નહોતા. ચોથા પુત્રમાં શાકપાકજન્યત્વ ન હોવાથી શ્યામત્વ ન આવ્યું. અહીં શાકપાકજન્યત્વમાં ઉપાધિત્વ આ રીતે ઘટે છે. જ્યાં જ્યાં શ્યામત્વ છે ત્યાં ત્યાં શાકપાકજન્યત્વ છે તેથી એ સાધ્ય (શ્યામત્વ) ને વ્યાપક છે. પરંતુ જ્યાં જ્યાં મિત્રપુત્રત્વ છે ત્યાં બધે શાકપાકજન્યત્વ નથી કારણ કે મિત્રાપુત્રત્વ તો ચોથા પુત્રમાં પણ છે અને ત્યાં શાકપાકજન્યત્વ નથી તેથી શાકપાકજન્યત્વ હેતુ (= મિત્રાપુત્રત્વ) ને અવ્યાપક છે. આમ, શાકપાકજન્યત્વમાં ઉપાધિનું લક્ષણ ઘટે છે. આ ઉપાધિને નૈયાયિક સ્વતંત્ર હેત્વાભાસ નથી માનતો કિન્તુ વ્યભિચાર દોષનું અનુમાન કરાવી આપનાર તરીકે તેને દોષરૂપ માને છે. ઉપાધિથી હેતુમાં વ્યભિચાર દોષનું અનુમાન આ રીતે થાય - 'तत्पुत्रत्वं श्यामत्वव्यभिचारि शाकपाकजन्यत्वव्यभिचारित्वात्' તત્પુત્રત્વ હેતુ, શ્યામત્વરૂપ સાધ્યને વ્યભિચારી છે કારણ તે હેતુ મિત્રાના ચોથા પુત્રમાં શાકપાકજન્યત્વને વ્યભિચારી છે. આમ, સ્વતંત્ર હેત્વાભાસ ન હોવા છતાં વ્યભિચારોદ્ભાવક હોવાથી તે દોષરૂપ છે. આ પ્રાચીન નૈયાયિકોનો મત છે. નવ્યનૈયાયિકોના મતે ઉપાધિયુક્ત હેતુ વ્યાપ્યત્વાસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે. અહીં ગ્રન્થકારે સોપાધિક એવા 'તત્પુત્રત્વ' હેતુને જે હેત્વાભાસ કહ્યો છે તે નવ્યમતની અપેક્ષાએ જણાય છે.)

## * સાધ્યના સ્વરૂપનું નિરૂપણ *

**પ્રશ્ન :** હેતુ દ્વારા સાધ્યનું અનુમાન કરવું એમ કહ્યું તો ખરું ! પણ, જેમ તમે હેતુનું સ્વરૂપ જણાવ્યું તે રીતે સાધ્યનું સ્વરૂપ તો જણાવ્યું નહીં.

**ઉત્તર :** જણાવાય છે. જે અનિશ્ચિત હોય, પ્રમાણથી અબાધિત હોય અને જેને સિદ્ધ કરવાની ઈચ્છા હોય તેને સાધ્ય કહેવાય. સાધ્યના આ લક્ષણનું પદકૃત્ય કરે છે - શંક્તિ - વિપરીત અને અનધ્યવસિત વસ્તુનો પણ સાધ્યકોટિમાં સમાવેશ થઈ શકે એ હેતુથી 'अप्रतीतम्' વિશેષણ મૂક્યું છે. કોઈને એવો સંશય પડે કે "પર્વત ઉપર વહ્નિ હશે કે નહીં ?" એને માટે વહ્નિ, શંકાનો વિષય હોવાથી અપ્રતીત છે. કોઈ ભ્રાન્ત માણસ, પર્વત પર વહ્નિ વિદ્યમાન હોવા છતા તેને અવિદ્યમાન સ્વીકારતો હોય તો તેને માટે વહ્નિ એ વિપર્યયનો વિષય હોવાથી અપ્રતીત છે. (અર્થાત્, તેને માટે વહ્નયભાવ પ્રતીત છે, વહ્નિ તો અપ્રતીત જ છે.) કોઈ માણસ માત્ર એટલું જ જાણતો હોય કે પર્વત પર કંઈક છે, તેને માટે વહ્નિ અનધ્યવસાયનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स्यासाध्यत्वप्रतिपत्तयेऽभीप्सितग्रहणम् ।**

**कथायां शङ्कितस्यैव साध्यस्य साधनं युक्तमिति कश्चित्; तन्न; विपर्यस्ताव्युत्पन्नयोरपि**

---

त्वेनाभीप्सितत्वाभावतया साध्यत्वायोगात्, अतः परार्थानुमानापेक्षयैव तदिति फलितम्। इत्थमेव च 'अभीप्सितमिति तु वाद्यपेक्षयैव' इत्यग्रेतनग्रन्थसङ्गतिः वादिप्रतिवादिव्यवस्थाया परार्थानुमान एव भावात् ।

विपर्यस्ताव्युत्पन्नौ परं ज्ञाततत्त्वं प्रति नोपसर्पत इति कथं ते प्रतिपाद्यौ स्यातामिति जिज्ञासाया-

---

વિષય હોવાથી અપ્રતીત છે. ટૂંકમાં ફલિતાર્થ - વહ્નિની બાબતમાં સંશય વિપર્યય કે અનધ્યવસાયથી યુક્ત વ્યક્તિ માટે વહ્નિ અપ્રતીત છે અને તેથી તેવા મનુષ્યો માટે તે સાધ્યરૂપ બની શકે છે. જ્યારે પર્વત પર વહ્નિનો નિશ્ચય જેને થઈ ગયો હોય તેને માટે વહ્નિ સાધ્યરૂપ બની શકે નહીં. (**વિશેષ :** 'अप्रतीत' એવું વિશેષણ ક્યાં ? કોની ? અપેક્ષાએ ઘટે એની જરા વિચારણા કરી લઈએ. સ્વાર્થાનુમાનમાં વાદી-પ્રતિવાદીની વ્યવસ્થા હોતી નથી. સ્વાર્થાનુમાનમાં પોતાને પક્ષમાં જે અપ્રતીત હોય તે સાધ્ય બની શકે. એવો અર્થ કરવો. પક્ષ સિવાય ક્યાંય અન્યત્ર તે પ્રતીત થયેલું હોય તેમાં વાંધો નથી. અપ્રતીત = સર્વત્ર અપ્રતીત એવો અર્થ પણ ન કરવો કારણ કે સર્વત્ર અપ્રતીત વસ્તુ સાધ્ય બની ન શકે. હવે પરાર્થાનુમાનમાં તો વાદી-પ્રતિવાદીની વ્યવસ્થા હોય છે. (અર્થાત્ પ્રતિપાદક - પ્રતિપાદ્ય એમ બે વ્યક્તિ હોય છે.) ત્યાં વાદી તો પ્રતિપાદક હોય છે. તેને તો સાધ્ય પ્રતીત જ હોય છે પણ પ્રતિપાદ્ય એવા પ્રતિવાદીને તેની પ્રતીતિ (સિદ્ધિ) કરાવવા માટે અનુમાન પ્રયોગ કરે છે. તેથી પરાર્થાનુમાન સ્થળે પ્રતિવાદીની અપેક્ષાએ આ વિશેષણ જાણવું.)

અપ્રતીત હોય પણ પ્રત્યક્ષ-આગમાદિ પ્રમાણથી જે બાધિત બનતું હોય તે સાધ્ય ન બની શકે. આ નિયમ જળવાય માટે 'अनिराकृतम्' એવું વિશેષણ મૂક્યું છે. કોઈ વહ્નિમાં અનુષ્ણતાની સિદ્ધિ કરવા માટે આવો પ્રયોગ કરે કે ''વહ્નિ અનુષ્ણ છે, જન્ય પદાર્થ હોવાથી, ઘટની જેમ.'' અહીં વહ્નિમાં અનુષ્ણતા અપ્રતીત તો છે જ અને વક્તાને વહ્નિમાં અનુષ્ણતા સિદ્ધ કરવી અભીપ્સિત પણ છે. તેથી એ સાધ્ય બની જવાની આપત્તિ આવે. પણ આ વિશેષણ દ્વારા ઉક્ત આપત્તિનું નિરાકરણ થઈ જાય છે. વહ્નિમાં અનુષ્ણતા પ્રત્યક્ષથી જ બાધિત છે તેથી તે સાધ્ય નહીં બની શકે. આ જ રીતે આત્મામાં જ્ઞાનશૂન્યતાની સિદ્ધિ કરવા માટે કોઈ પ્રયોગ કરે કે ''આત્મા જડ છે, અમૂર્ત હોવાથી, આકાશની જેમ.'' અહીં આત્મામાં જ્ઞાનમયત્વ જણાવનારા આગમોનો વિરોધ આવે તેથી આત્મામાં જ્ઞાનશૂન્યતા આગમપ્રમાણથી બાધિત થતી હોવાથી આવું સાધ્ય એ વાસ્તવામાં સાધ્ય બની શકતું નથી. આમ, પ્રત્યક્ષાદિ પ્રમાણથી બાધિત વસ્તુ સાધ્ય ન બને માટે ઉક્ત વિશેષણ મુકાયું છે.

જેની સિદ્ધિ કરવી અભિપ્રેત હોય તે જ સાધ્ય બની શકે. આ નિયમ જળવાય માટે 'अभीप्सित' એવું વિશેષણ મૂક્યું છે. અન્યથા વિશ્વની જેટલી વસ્તુઓ અપ્રતીત અને પ્રમાણથી અબાધિત હોય તે બધી જ સાધ્ય બની જવાની આપત્તિ આવે. પરંતુ એ બધી ચીજોનું અત્યારે કોઈ કામ નથી. જેની સિદ્ધિ કરવી અભિપ્રેત હોય તે જ અભીપ્સિત કહેવાય અને તેથી તે જ સાધ્ય બનશે.

### * વિપરીત-અનધ્યવસિત વસ્તુ પણ સાધ્ય બની શકે *

**પૂર્વપક્ષ :** શંકિત-વિપરીત-અનધ્યવસિત એ ત્રણે સાધ્ય બની શકે છે એવું તમારું કથન બરાબર લાગતું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परपक्षदिदृक्षादिना कथायामुपसर्पणसम्भवेन संशयनिरासार्थमिव विपर्ययानध्यवसायनिरासार्थमपि प्रयोगसम्भवात्, पित्रादेर्विपर्यस्ताव्युत्पन्नपुत्रादिशिक्षाप्रदानदर्शनाच्च । न चेदेवं जिगीषुकथा-**

माह - '**विपर्यस्ताव्युत्पन्नयोरपी**'त्यादि । परपक्षदिदृक्षादिना विपर्यस्तस्य स्वयं तत्त्वबुभुत्सया चाव्युत्पन्नस्य परं प्रत्युपसर्पणसम्भवात् । कौचित्तौ नोपसर्पत एव परमिति **चेत्**, संशयितोऽपि कश्चित्तथैव । **अथ** परानुग्रहतत्परान्तःकरणेनोपेक्षाऽनुपपत्तेरनर्थित्वादनुपसर्पन्नपि संशयितात्मा प्रतिबोध्य एवेति **चेत्**, **तर्हि** तत एव विपर्यस्ताव्युत्पन्नावपि तथा स्याताम् । तदेव दर्शयन्नाह - '**पित्रादेरि**'ति ।

'**जिगीषुकथायामि**'ति → वाद-जल्प-वितण्डाभेदात् त्रिविधा कथा । तत्र पक्षप्रतिपक्षपरिग्रहपुर-

નથી. વાદમાં કોઈ બાબતમાં સંદેહ હોય તો તે જ બાબતમાં સંદેહને દૂર કરીને તત્ત્વસિદ્ધિ કરી આપવાના ઉદ્દેશથી અનુમાન પ્રયોગ કરાય છે. તેથી કથામાં શંકિત વસ્તુ જ સાધ્ય બની શકે. વિપરીત-અનધ્યવસિત વસ્તુ સાધ્ય બની ન શકે.

**ઉત્તરપક્ષ :** જેમ સંશયવાળો માણસ 'ચાલો, વાદમાં પાકો નિર્ણય થઈ જશે' એમ વિચારીને વાદમાં જોડાય છે. તેમ વિપરીત અર્થનિર્ણયવાળો (ભ્રાન્ત) કે અજ્ઞાત વ્યક્તિ પણ વાદમાં પ્રવેશે જ છે. (અર્થાત્, પરાર્થાનુમાન જેમ સંશયને દૂર કરે છે તેમ વિપર્યાસને કે અનધ્યવસાયને પણ દૂર કરી શકે છે.) ભ્રાન્ત કે અજ્ઞાત વ્યક્તિ અન્યની માન્યતાને જાણવાની જિજ્ઞાસાથી વાદમાં આવે એવું પણ બની શકે છે. અર્થાત્, શંકિતની જેમ વિપરીત કે અનધ્યવસિત પદાર્થ પણ સાધ્ય બની શકે છે. લોકવ્યવહારમાં પણ ઊંધી સમજવાળા કે સમજણ વગરના પુત્રને સાચી સમજણ આપતા પિતા જોવા મળે જ છે ને ! તેથી ભ્રાન્તાદિ માટે પણ અનુમાનપ્રયોગ થઈ શકે છે એ વાત સ્વીકારવી ઉચિત છે. બાકી ભ્રાન્તાદિ માટે જો અનુમાનપ્રયોગ થઈ શકતો ન હોય તો પછી જિગીષુકથામાં (હાર-જીતના ઉદ્દેશથી ચાલતા વાદમાં) ક્યારે ય વચનપ્રયોગ થઈ જ નહીં શકે કારણ કે તત્ત્વનિર્ણયના ઉદ્દેશથી જ ચર્ચા કરવી ઉચિત છે. જીતના ઉદ્દેશથી જ આવી પ્રવૃત્તિ જો થતી હોય તો તે ચર્ચામાં સાચા તત્ત્વના નિર્ણય કરતા પોતાનું અભિમાન - સર્વોપરિતા સ્થાપવાની વૃત્તિ એ બધું જ પ્રધાન બની જતું હોય છે અને 'ગમે તેમ કરીને જીત મેળવું' એવી વૃત્તિના કારણે પછી ખોટી વાતને પકડી રાખવાનું પણ થાય. તેથી જીતવાની ઈચ્છાવાળી વ્યક્તિ જ સાભિમાન હોવાથી તત્ત્વતઃ વિપર્યસ્ત છે કારણ કે ખોટી વાતને પકડી હોવા છતાં પણ 'મારી માન્યતા જ સાચી છે' એવું અભિમાન હોવું એ એક પ્રકારનો વિપર્યાસ જ કહેવાય ને ! માટે તમારા કહેવા પ્રમાણે તો આવી કથામાં અનુમાન પ્રયોગ થવા ન જોઈએ પરંતુ થતા હોય એવું દેખાય છે. આથી શંકિતની જેમ વિપર્યસ્ત-અનધ્યવસિત વસ્તુ પણ સાધ્ય બની શકે છે. અર્થાત્, તેને માટે પણ અનુમાન પ્રયોગ થઈ શકે છે.

## * 'अनिराकृत' 'अभीप्सित' વિશેષણો અંગે સ્પષ્ટતા *

સાધ્યના લક્ષણમાં રહેલું 'अनिराकृतम्' એવું તેનું વિશેષણ વાદી-પ્રતિવાદી બન્નેની અપેક્ષાએ સમજવું. અર્થાત્, વાદી-પ્રતિવાદી બન્ને દ્વારા જ પ્રત્યક્ષાદિપ્રમાણોથી નિરાકૃત (=બાધિત) ન થતું હોય તેને સાધ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**यामनुमानप्रयोग एव न स्यात् तस्य साभिमानत्वेन विपर्यस्तत्वात् ।**

**अनिराकृतमिति विशेषणं वादिप्रतिवाद्युभयापेक्षया, द्वयोः प्रमाणेनाबाधितस्य कथायां साध्यत्वात् । अभीप्सितमिति तु वाद्यपेक्षयैव, वक्तुरेव स्वाभिप्रेतार्थप्रतिपादनायेच्छासम्भवात्। ततश्च परार्थश्चक्षुरादय इत्यादौ पारार्थ्यमात्राभिधानेऽप्यात्मार्थत्वमेव साध्यं सिध्यति । अन्यथा संहतपरार्थत्वेन बौद्धैश्चक्षुरादीनामभ्युपगमा (त् साधनवैफल्या) दित्यनन्वयादिदोषदुष्टमेतत्साङ्ख्यसाधनमिति वदन्ति । स्वार्थानुमानावसरेऽपि परार्थानुमानोपयोग्यभिधानम्, परार्थस्य स्वार्थपुरःसरत्वेनानतिभेदज्ञापनार्थम् ।**

---

स्मरमभ्यासहेतवे तत्त्वनिर्णयार्थं वा आचार्यशिष्याद्योः या कथा स वादः । सा एव छलादियुक्ता विजिगीषया प्रयुक्ता जल्पः । 'यन्माधवेनोक्तं तन्न' इत्यभिप्रायवान् केवलं खण्डनाऽऽवेशप्रयुक्तो स्वपक्षोपन्यासरहितो जल्पो वितण्डा । आद्यवर्जे द्वे अपि विजिगीषुकथे उच्येते, विजयेच्छाया उभयत्र सद्भावात् ।

---

કહેવાય. બેમાંથી કોઈ એકને માટે જ અનિરાકૃત (=અબાધિત) હોય એમ ન માનવું.

'અભીપ્સિત' વિશેષણ વાદીની અપેક્ષાએ જ છે કારણ કે અનુમાનપ્રયોગ કરનાર વક્તાને જ સ્વાભિપ્રેત અર્થની સિદ્ધિ કરવાની ઈચ્છા સંભવે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વાદી (વક્તા)ને જેવા સાધ્યની સિદ્ધિ કરવી અભિપ્રેત હોય તે જ સાધ્ય બની શકે છે. વાદી જે પદાર્થને જે રૂપે સ્વીકારતો નથી તે સ્વરૂપે પણ જો તે પદાર્થ સાધ્ય બની જતો હોય તો પછી સાધ્યની સિદ્ધિ જ નિષ્ફળ થઈ જાય. સાંખ્યો આત્માની સિદ્ધિ કરવા માટે જે અનુમાનપ્રયોગ આપે છે તે આ બાબતમાં ઉદાહરણ છે. સાંખ્યોનો અનુમાનપ્રયોગ આવો છે - "चक्षुरादयः परार्थाः संघातत्वात् शय्यासनादिवत्" = ચક્ષુ આદિ ઈન્દ્રિયો અન્યને માટે છે, સંઘાતરૂપ હોવાથી, શય્યા-આસનાદિની જેમ." શય્યા-આસનાદિ વસ્તુઓ પરમાણુસમૂહરૂપ હોવાથી સંઘાતાત્મક (સંહત) છે તેથી તે પોતાને માટે નથી હોતા પણ પોતાના ઉપભોક્તા વ્યક્તિ માટે જ હોય છે.આથી તેને 'પરાર્થ' કહેવાય છે. જે સંઘાતરૂપ હોય તે પરાર્થ હોય એવી વ્યાપ્તિ છે. ચક્ષુ આદિ ઈન્દ્રિયો પણ સંઘાતરૂપ હોવાથી પરાર્થ છે. જે પર અર્થ છે તે જ આત્મા છે. આ રીતે સંઘાતત્વ હેતુ દ્વારા સાંખ્યો આત્માની સિદ્ધિ કરે છે. જો કે પ્રયોગવાક્યમાં 'चक्षुरादयः परार्थाः' એટલું જ માત્ર કહ્યું છે 'चक्षुरादयः आत्मार्थाः' એમ કહ્યું નથી છતાં પણ અહીં 'પર'નો અર્થ 'આત્મા' જ માનવો જોઈએ. પરનો અર્થ 'સ્વભિન્ન અન્ય કોઈપણ' કરવામાં આવે તો સાંખ્યોને અભિમત એવો આત્મા સિદ્ધ નહીં થાય. કેમ નહીં થાય ? કારણ કે -

સાંખ્યમત મુજબ શરીર-ઈન્દ્રિયાદિ બધા સંઘાતરૂપ (સંહત) છે પરંતુ આત્મા સંહત (સંઘાતરૂપ) નથી. પ્રકૃતિના બધા પરિણામો સંહતરૂપ છે. આત્મા પ્રકૃતિનો પરિણામ નથી તેથી સંહતરૂપ પણ નથી. હવે ઉક્ત અનુમાનપ્રયોગમાં 'પરાર્થ'નો અર્થ 'આત્માર્થ' ન કરીયે અને કોઈ પણ 'પર'નું ગ્રહણ કરવામાં આવે તો શું દોષ આવે તે જોઈએ. બૌદ્ધો પણ ચક્ષુ આદિને પરાર્થ તો માને જ છે પણ તે લોકો આત્માને તો માનતાં નથી તેથી બૌદ્ધો ચક્ષુ આદિને 'સંઘાતરૂપ પરને માટે' (=સંહતપરાર્થ) માને છે. તેથી 'પર'થી

**व्याप्तिग्रहणसमयापेक्षया साध्यं धर्म एव, अन्यथा तदनुपपत्तेः, आनुमानिकप्रतिपत्त्यवसरापेक्षया तु पक्षापरपर्यायस्तद्विशिष्टः प्रसिद्धो धर्मी । इत्थं च स्वार्थानुमानस्य त्रीण्यङ्गानि धर्मी**

**ननु** 'पर्वतो वह्निमान्' इत्यादौ साध्यं किं वह्न्यात्मको धर्मः, पर्वतरूपो धर्मी, वह्निविशिष्टपर्वतो वा ? न तावदाद्यः, वह्न्यात्मकधर्मस्य वादिप्रतिवादिभ्यामविगानेन प्रतीतत्वेन साध्यत्वायोगात्, अत एव च न पर्वतोऽपि । **किञ्च**, साध्येन सहाविनाभावो हेतोरपेक्षितोऽनुमाने । न च पर्वतलक्षणधर्मिणा सह

જો 'આત્મા' ન લઈએ તો કોઈ સંહતપર (સંઘાતરૂપ પર) એવો પદાર્થ પણ સાધ્ય બની જશે અને પછી જે પર = ઉપભોક્તા સિદ્ધ થશે તે શય્યાદિની જેમ સંઘાતરૂપ જ સિદ્ધ થશે, સાંખ્યોને તો અસંઘાતરૂપ 'પર'ની સિદ્ધિ અભિપ્રેત હતી.

સાંખ્યોને જે અર્થ ઈષ્ટ હતો તેનાથી વિરુદ્ધ અર્થ સિદ્ધ થવાથી સાંખ્યોનો હેતુ વ્યર્થ બનશે. બૌદ્ધો આ પ્રયોગમાં અનન્વયાદિ દોષો આપે છે. અન્વય એટલે વ્યાપ્તિ. વ્યાપ્તિનો અભાવ એટલે અનન્વય. ''સંઘાતત્વની વ્યાપ્તિ સંહતપરાર્થત્વ સાથે છે અસંહતપરાર્થત્વ સાથે નથી. દૃષ્ટાંતરૂપ શય્યાદિમાં પણ સંહતપરાર્થત્વ અને સંઘાતત્વ વચ્ચે જ વ્યાપ્તિ છે' આમ કહીને બૌદ્ધો, સાંખ્યોના હેતુમાં વ્યાપ્તિ-અભાવરૂપ દોષ આપે છે. તદુપરાંત બૌદ્ધો, સંખ્યોના દૃષ્ટાંતમાં (શય્યાસનાદિમાં) સાધ્યવિકલતા (અસંહતપરાર્થત્વવિકલતા)નો દોષ પણ આપે છે. વળી, હેતુ દ્વારા ચક્ષુ આદિમાં અસંહતપરાર્થત્વ સિદ્ધ કરવું સાંખ્યોને અભિપ્રેત હતું અને સંહતપરાર્થત્વ સિદ્ધ થઈ જવાથી હેતુ 'વિરુદ્ધ' પણ કહેવાશે. આમ, બિચારા સાંખ્યોનો હેતુ વગર વાંકે કેટલો બધો દંડાઈ જાય ! માટે, વાદીની ઈચ્છાનુરૂપ સાધ્ય જ હોવું જોઈએ અને તેથી જ આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે સાંખ્યો ચક્ષુ આદિને પરાર્થ કહે, તો ત્યાં 'પરાર્થ'નો અર્થ અસંહતપરાર્થ 'આત્માર્થ' જ સમજાય છે. પછી ઉક્ત કોઈ દોષો રહેતા નથી.

**શંકા.** : ''સાધ્યનું 'અનિરાકૃત' વિશેષણ વાદી-પ્રતિવાદી ઉભયની અપેક્ષાએ જાણવું. સાધ્યનું 'અભીપ્સિત' વિશેષણ માત્ર વાદીની અપેક્ષાએ જ જાણવું.'' આ બધું તમે જે કહ્યું તે પરાર્થાનુમાન વખતે જ ઉપયોગી બને છે. અત્યારે તો સ્વાર્થાનુમાનની વાત ચાલી રહે છે. તેમાં વચ્ચે પરાર્થાનુમાન સંબંધી વાતો અપ્રસ્તુત હોવાથી કરવી ઉચિત લાગતી નથી.

**સમા.** : આ વાતો પરાર્થાનુમાનોપયોગી ભલે હોય પણ પરાર્થાનુમાન પણ સ્વાર્થાનુમાનપૂર્વક હોય છે અને તેથી જ બન્ને વચ્ચે અધિક ભેદ નથી એવું જણવવા માટે સ્વાર્થાનુમાનના અધિકારમાં જ પરાર્થાનુમાન સંબંધી વાત કરી છે.

### * વ્યાપ્તિગ્રહકાળ અને અનુમિતિકાળની અપેક્ષાએ સાધ્યનું ભિન્ન સ્વરૂપ *

'જે અપ્રતીત-અનિરાકૃત-અભીપ્સિત હોય તે સાધ્ય' - એવું સાધ્યનું સામાન્યતયા સ્વરૂપ તો જણાવી દીધું પણ અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થશે. 'પર્વતો વહ્નિમાન્ ધૂમાત્' ઈત્યાદિ સ્થળે તમે સાધ્ય કોને કહેશો? અગ્નિને, પર્વતને કે વહ્નિવિશિષ્ટપર્વતને ? વહ્નિ અને પર્વત એ બન્ને તો વાદી-પ્રતિવાદી ઉભયને સિદ્ધ જ છે, તેથી હવે ત્રીજો વિકલ્પ જ રહ્યો. પણ વહ્નિવિશિષ્ટપર્વત અને ધૂમ વચ્ચે તો વ્યાપ્તિ જ નથી. તેથી ત્રણમાંથી એકે ય ને 'સાધ્ય' કહી શકાય તેમ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**साध्यं साधनं च । तत्र साधनं गमकत्वेनाङ्गम्, साध्यं तु गम्यत्वेन, धर्मी पुनः साध्यधर्माधारत्वेन, आधारविशेषनिष्ठतया साध्यसिद्धेरनुमानप्रयोजनत्वात् । अथवा पक्षो हेतुरित्यङ्गद्वयं स्वार्थानुमाने, साध्यधर्मविशिष्टस्य धर्मिणः पक्षत्वादिति धर्मधर्मिभेदाभेदविवक्षया पक्षद्वयं द्रष्टव्यम् ।**

---

धूमस्याविनाभाव इति कथं पर्वतस्य साध्यता ? अत एव च न तृतीयोऽपि, वह्निविशिष्टपर्वतेनापि समं धूमस्य व्याप्तेरभावादित्याशङ्कायां व्याप्तिग्रहणसमयापेक्षया अनुमित्यवसरापेक्षया च साध्यभेदं लक्षयन्नाह '**व्याप्तिग्रहणे**'त्यादि । एवं खलु वह्निपर्वतयोः विशकलितयोः प्रसिद्धत्वेऽपि वह्निविशिष्टपर्वतस्य प्रागनुमितेरप्रसिद्धत्वेन, युक्तं तस्यानुमित्यपेक्षया साध्यत्वमित्याशयः । **न चैव**मपि व्याप्तिग्रहकालेऽपि वह्नेः प्रतीततया कथं साध्यत्वमिति **वाच्यं**, वह्नित्वेन प्रसिद्धत्वेऽपि व्याप्तिनिरुपकतया तदप्रसिद्धेः। अथ यत्र व्याप्तेः प्रागगृहीतत्वेन स्मरणमात्रं क्रियते तत्र व्याप्तिनिरूपकत्वेनापि तत्प्रसिद्धिरिति **चेत्**, तादृग्दशायां अप्रतीतत्वं साध्यत्वे नाङ्गम् ।अत एव 'व्याप्तिग्रहणसमयापेक्षया' इत्युक्तं न तु 'तत्स्मरणापेक्षया' इत्यपि न विस्मर्तव्यमिति दिक्।

**तत्रेति** - धर्मिसाध्यसाधनानां मध्य इत्यर्थः । अन्ते उद्दिष्टस्यापि साधनस्य प्रथममङ्गत्वोपपादनमनुमितिहेतुत्वेन तत्र तस्य प्राधान्यख्यापनार्थम् ।

---

આવી શંકાનું સમાધાન આપવા માટે ગ્રન્થકાર 'વ્યાપ્તિગ્રહણકાળની અપેક્ષાએ અને અનુમાન સમયની અપેક્ષાએ સાધ્યનું સ્વરૂપ જુદું જુદું છે' ઈત્યાદિ જણાવે છે. જે સમયે વ્યાપ્તિનું ગ્રહણ થતું હોય તે કાળે ધર્મ (વહ્નિ) એ જ સાધ્ય હોય છે, અન્યથા વ્યાપ્તિની જ ઉપપત્તિ નહીં થઈ શકે. કારણ કે સામાન્યથી ધૂમને વહ્નિ (ધર્મ) સાથે જ વ્યાપ્તિ છે. પર્વત સાથે કે વહ્નિવિશિષ્ટપર્વત સાથે વ્યાપ્તિ નથી. જે વખતે અનુમાન દ્વારા પ્રતીતિ થાય તે કાળની અપેક્ષાએ સાધ્યરૂપધર્મથી વિશિષ્ટ અને પ્રસિદ્ધ એવો ધર્મી, કે જેને 'પક્ષ' કહેવાય છે, તે જ સાધ્ય હોય છે. કારણ કે પર્વત અને વહ્નિ બન્ને પૃથક્ પૃથક્ તો પહેલેથી સિદ્ધ જ હતા. વહ્નિવિશિષ્ટપર્વત જ અસિદ્ધ હતો, તેથી અનુમિતિકાળની અપેક્ષાએ તેને જ સાધ્ય કહેવું યોગ્ય છે.

આ રીતે સ્વાર્થાનુમાનના ત્રણ અંગો છે -

હેતુ એ સાધ્યના ગમક તરીકે અંગે બને છે, સાધ્ય એ હેતુ દ્વારા ગમ્ય બનવા દ્વારા અંગ બને છે અને ધર્મી (પક્ષ) પણ સાધ્યધર્મના આધારરૂપે અંગ બને છે, કારણ કે કોઈ વિશેષ આધારમાં રહેલ ધર્મરૂપે સાધ્યની સિદ્ધિ કરવી એ જ તો અનુમાનનું પ્રયોજન છે. (સાધ્યધર્મ અને પક્ષરૂપધર્મી બન્ને વચ્ચેની ભેદવિવક્ષાથી આ ત્રણ અંગો બતાવ્યા. એ બે વચ્ચે અભેદવિવક્ષા કરાય તો બે જ અંગ છે એમ પણ કહી શકાય છે તે જણાવે છે-)

અથવા, સ્વાર્થાનુમાનમાં પક્ષ અને હેતુ આ બે જ અંગો છે, કારણ કે સાધ્યધર્મવિશિષ્ટ ધર્મી એને જ તો પક્ષ કહેવાય છે. તેથી ધર્મ-ધર્મી (સાધ્ય-પક્ષ) વચ્ચે ભેદની વિવક્ષાથી સ્વાર્થાનુમાનના ત્રણ અંગો છે અને તે બે વચ્ચેના અભેદની વિવક્ષાથી બે અંગો છે. આમ, વિવક્ષાભેદથી આ બે પક્ષ જાણવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**धर्मिणः प्रसिद्धिश्च क्वचित्प्रमाणात् क्वचिद्विकल्पात् क्वचित्प्रमाणविकल्पाभ्याम् । तत्र निश्चितप्रामाण्यकप्रत्यक्षाद्यन्यतमावधृतत्वं प्रमाणप्रसिद्धत्वम् । अनिश्चितप्रामाण्याप्रामाण्यप्रत्यय-गोचरत्वं विकल्पप्रसिद्धत्वम् । तद्द्वयविषयत्वं प्रमाणविकल्पप्रसिद्धत्वम् । तत्र प्रमाणसिद्धो धर्मी यथा धूमवत्त्वादग्निमत्त्वे साध्ये पर्वतः, स खलु प्रत्यक्षेणानुभूयते । विकल्पसिद्धो धर्मी यथा सर्वज्ञोऽस्ति सुनिश्चितासम्भवद्बाधकप्रमाणत्वादित्यस्तित्वे साध्ये सर्वज्ञः, अथवा खरविषाणं नास्तीति नास्तित्वे साध्ये खरविषाणम् । अत्र हि सर्वज्ञखरविषाणे अस्तित्वनास्तित्वसिद्धिभ्यां प्राग् विकल्पसिद्धे । उभयसिद्धो धर्मी यथा शब्दः परिणामी कृतकत्वादित्यत्र शब्दः, स हि वर्तमानः प्रत्यक्षगम्यः, भूतो भविष्यंश्च विकल्पगम्यः, स सर्वोऽपि धर्मीति प्रमाण-विकल्पसिद्धो धर्मी । प्रमाणोभयसिद्धयोर्धर्मिणोः साध्ये कामचारः । विकल्पसिद्धे तु धर्मिणि सत्तासत्तयोरेव साध्यत्वमिति नियमः । तदुक्तम् - "विकल्पसिद्धे तस्मिन् सत्तेतरे साध्ये"**

### * ધર્મીની પ્રસિદ્ધિ પ્રમાણ, વિકલ્પ, કે તદુભયથી થાય *

સાધ્યનું નિરૂપણ કર્યા પછી હવે પક્ષ (ધર્મી)ની વાત કરે છે, પક્ષની પ્રસિદ્ધિ ત્રણ રીતે થઈ શકે છે. ક્યારેક પ્રત્યક્ષાદિ પ્રમાણથી, ક્યારેક વિકલ્પથી, તો ક્યારેક પ્રમાણ-વિકલ્પ ઉભયથી ધર્મીની પ્રસિદ્ધિ થઈ શકે છે. જેનું પ્રામાણ્ય નિશ્ચિત થયું હોય એવા પ્રત્યક્ષાદિ પ્રમાણોમાંથી કોઈ પણ પ્રમાણ દ્વારા જે ધર્મી પ્રસિદ્ધ થાય તેને પ્રમાણસિદ્ધ ધર્મી કહેવાય. જેના પ્રામાણ્યનો કે અપ્રામાણ્યનો નિશ્ચય થયેલો ન હોય તેવા જ્ઞાનથી જે ધર્મી પ્રસિદ્ધ થાય તેને વિકલ્પસિદ્ધ ધર્મી કહેવાય. પ્રમાણ અને વિકલ્પ બન્નેનો જે વિષય બને તે ધર્મી ઉભયસિદ્ધ કહેવાય. ક્રમશઃ ત્રણેના ઉદાહરણો જોઈએ.

(૧) **પ્રમાણસિદ્ધ ધર્મી** - 'પર્વતો વહ્નિમાન્ ધૂમાત્' સ્થળે પર્વત રૂપ ધર્મી પ્રત્યક્ષથી જણાતો હોવાથી તે પ્રત્યક્ષપ્રમાણસિદ્ધ ધર્મી છે.

(૨) **વિકલ્પસિદ્ધધર્મી** - 'સર્વજ્ઞ છે, કારણ કે બધા જ પ્રકારના બાધકપ્રમાણોનો અસંભવ છે એવો નિશ્ચય થયેલો છે.' (અર્થાત્, સર્વજ્ઞાસ્તિત્વના બાધક કોઈ પ્રમાણો નથી એવો નિશ્ચય સારી રીતે થયેલો છે.) સર્વજ્ઞના અસ્તિત્વની સિદ્ધિ કરવા માટે જ્યારે આવો અનુમાનપ્રયોગ કરાય ત્યારે સર્વજ્ઞ 'પક્ષ' બને છે. પક્ષ તો વાદી-પ્રતિવાદી ઉભયને પ્રસિદ્ધ હોવો જોઈએ. વાદીને સર્વજ્ઞ કદાચ આગમપ્રમાણથી સિદ્ધ હોય પણ તે આગમોને અપ્રમાણ માનનારા પ્રતિવાદિને પક્ષની પ્રસિદ્ધિ વિકલ્પથી થાય છે. (અર્થાત્, વાદી જે 'સર્વજ્ઞ' જેવું કોઈક તત્ત્વ માને છે, તે અહીં પક્ષ છે) આવો વિકલ્પ (વિચાર) બુદ્ધિમાં પેદા થતા, વાદિપ્રસિદ્ધ એવો પક્ષ (સર્વજ્ઞ) પ્રતિવાદીને પણ બુદ્ધિમાં પ્રસિદ્ધ થઈ જાય છે. (જો આમ ન માનો તો વાદીએ સર્વજ્ઞઃ અસ્તિ... ઈત્યાદિ આપેલા અનુમાનની સામે પોતે સર્વજ્ઞને જ પક્ષ બનાવીને સર્વજ્ઞો નાસ્તિ... ઈત્યાદિ પ્રતિઅનુમાન શી રીતે આપી શકે ? કારણ કે પક્ષની પ્રસિદ્ધિ વગર તો પ્રતિવાદી, તેમાં નાસ્તિત્વની સિદ્ધિ કરી શકે નહીં.) આજ રીતે 'ખરવિષાણ નથી.....' એવા સ્થાનમાં 'ખરવિષાણ' જેવી અસત્ વસ્તુને પક્ષ બનાવાય છે. જે ધર્મી જ અસત્ હોય તે ધર્મી પ્રમાણસિદ્ધ શી રીતે હોઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(परी० ३.२३) इति ।

अत्र बौद्धः सत्तामात्रस्यानभीप्सितत्वाद्विशिष्टसत्तासाधने वानन्वयाद्विकल्पसिद्धे धर्मिणि न सत्ता साध्येत्याह; तदसत्; इत्थं सति प्रकृतानुमानस्यापि भङ्गप्रसङ्गात्, वह्निमात्रस्यानभीप्सितत्वाद्विशिष्टवह्नेश्चानन्वयादिति । अथ तत्र सत्तायां साध्यायां तद्धेतुः भावधर्मः, भावाभावधर्मः, अभावधर्मो वा स्यात् ? आद्योऽसिद्धिः, असिद्धसत्ताके भावधर्मासिद्धेः । द्वितीये व्यभिचारः, अस्तित्वाभाववत्यपि वृत्तेः । तृतीये च विरोधोऽभावधर्मस्य भावे क्वचिदप्यसम्भवात्, तदुक्तम्-

"नासिद्धे भावधर्मोऽस्ति व्यभिचार्युभयाश्रयः ।
धर्मो विरुद्धोऽभावस्य सा सत्ता साध्यते कथम् ? ।।" (प्रमाणवा०१.१९२)

---

શકે ? તેથી આવા ધર્મી વિકલ્પસિદ્ધ જ હોય છે. અહીં પણ અસ્તિત્વ-નાસ્તિત્વની સિદ્ધિ થતા પૂર્વે સર્વજ્ઞ અને ખરવિષાણ, વિકલ્પથી જ પ્રસિદ્ધ થયેલા હોય છે.

(૩) **ઉભયસિદ્ધ ધર્મી** - ''શબ્દ પરિણામી છે, કારણ કે તે કૃતક છે'' અહીં ત્રણે કાળના તમામ શબ્દોને પક્ષ બનાવાયા છે. એમાંથી વર્તમાનકાલીન શબ્દ તો વાદી-પ્રતિવાદી બન્નેને પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ છે અને ભૂત-ભવિષ્યકાલીન શબ્દો તો વિદ્યમાન ન હોવાથી બન્નેને વિકલ્પસિદ્ધ જ છે એવું માનવું પડે. તેથી આવા પ્રયોગમાં ધર્મી પ્રમાણ-વિકલ્પ ઉભયથી પ્રસિદ્ધ છે.

જે ધર્મી પ્રમાણસિદ્ધ કે ઉભયસિદ્ધ હોય તેવા ધર્મીમાં વાદી ગમે તે અભિપ્રેત ધર્મરૂપ સાધ્યની સિદ્ધિ કરી શકે છે. પરંતુ, જ્યાં ધર્મી વિકલ્પસિદ્ધ હોય ત્યાં અસ્તિત્વ કે નાસ્તિત્વ (સત્તા-અસત્તા) આ બેમાંથી જ એકની સિદ્ધિ થઈ શકે છે. કહ્યું પણ છે કે - વિકલ્પસિદ્ધ ધર્મીમાં સત્તા-અસત્તા જ સાધ્ય છે. (તાત્પર્ય એ છે કે વિકલ્પસિદ્ધધર્મીમાં સૌપ્રથમ તો તે વસ્તુની સત્તા જ સિદ્ધ કરવી પડે. જ્યાં સુધી વસ્તુની સત્તા જ પ્રતિષ્ઠિત થઈ ન હોય ત્યાં સુધી તેમાં અન્ય કોઈ (પરિણામિત્વ-નિત્યત્વાદિ...) ધર્મોની સિદ્ધિ થઈ ન શકે.) અને જે વિકલ્પસિદ્ધધર્મીમાં નાસ્તિત્વની સિદ્ધિ થાય તેમાં તો પછી બીજા કોઈ ધર્મો સિદ્ધ કરવાના રહેતા જ નથી.

## * વિકલ્પસિદ્ધધર્મી વિશે બૌદ્ધમતનું ખંડન *

(સર્વજ્ઞને માનનારા જૈન કે નૈયાયિક જ્યારે સર્વજ્ઞની સિદ્ધિ કરવા માટે અનુમાનનો પ્રયોગ કરે "सर्वज्ञः अस्ति सुनिश्चितासम्भवद्बाधकप्रमाणत्वात्." અહીં 'સર્વજ્ઞ'રૂપ પક્ષ (=ધર્મી) વિકલ્પસિદ્ધ છે અને તેમાં 'अस्तित्व' = 'સત્તા' સાધ્ય છે. બૌદ્ધને આ સમ્મત નથી. તેનું કહેવું કંઈક આવું છે.)

**બૌદ્ધ :** વિકલ્પસિદ્ધ ધર્મીમાં 'સત્તા' સાધ્ય ન બની શકે કારણ કે માત્ર સામાન્ય 'અસ્તિત્વ' એ જ અહીં સાધ્ય નથી કારણ કે તે તો બધા માને જ છે તેથી સામાન્ય 'અસ્તિત્વ'ને સિદ્ધ કરવા પાછળ કોઈ પ્રયોજન જ નથી. પરંતુ અહીં તો સર્વજ્ઞનું અસ્તિત્વ સિદ્ધ કરવું અભિપ્રેત છે તેથી 'સર્વજ્ઞવૃત્તિત્વવિશિષ્ટસત્તા' જ અહીં સાધ્ય છે. હવે આવી વિશિષ્ટ સત્તા સાથે હેતુની વ્યાપ્તિ જ મળતી નથી. "यत्र यत्र सुनिश्चितासम्भवद्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इति चेत्; न; इत्थं वह्निमद्धर्मत्वादिविकल्पैर्धूमेन वह्न्यनुमानस्याप्युच्छेदापत्तेः ।**

**विकल्पस्याप्रमाणत्वाद्विकल्पसिद्धो धर्मी नास्त्येवेति नैयायिकः । तस्येत्थंवचनस्यैवानुपपत्तेस्तूष्णीम्भावापत्तिः, विकल्पसिद्धधर्मिणोऽप्रसिद्धौ तत्प्रतिषेधानुपपत्तेरिति ।**

---

**तत्प्रतिषेधानुपपत्तेरि'ति - ननु** वस्तुतः असन्नपि विकल्पेनैव सिद्धो धर्मी यद्यभ्युपगम्यते तर्हि तत्स्थलीयहेतोः आश्रयासिद्धिः कथं न स्यात् इति **चेत्, उच्यते**, वन्ध्यासुतो भवति न वेति प्रस्तावे वान्ध्येयो वक्ता न भवति अवस्तुत्वादित्यभिधीयते, तदत्रोपात्तधर्म्यपेक्षयाऽवस्तुत्वादितिहेतोः कथं नाश्रयासिद्धता। न च कोऽपीदृक्छङ्कां न करोतीति वक्तुं शक्यमिति वस्तुनीवावस्तुन्यपि कस्यचिद्धर्मस्य विधिनिषेधव्यवहारो

---

बाधकप्रमाणत्व तत्र तत्र सर्वज्ञवृत्तित्वविशिष्टसत्ता' આવી વ્યાપ્તિને ગ્રહણ કરવાનું અન્ય કોઈ સ્થળ જ નથી. આમ સામાન્ય સત્તાની સિદ્ધિ અભિમત નથી અને વિશિષ્ટ સત્તાની વ્યાપ્તિ મળતી નથી માટે વિકલ્પસિદ્ધ ધર્મીમાં સત્તા એ સાધ્ય બની ન શકે.

**જૈન :** આ રીતે તો પ્રસિદ્ધ અનુમાનનો પણ ભંગ થઈ જશે. 'પર્વતો વહ્નિમાન્ ધૂમાત્' આ પ્રસિદ્ધ સ્થળે માત્ર વહ્નિ સામાન્યની સિદ્ધિ કરવી એ અભિમત નથી. કારણ કે તે તો બધાને સિદ્ધ જ છે. અહીં તો પર્વતવૃત્તિવિશિષ્ટવહ્નિ જ સાધ્ય છે પણ તેવા વિશિષ્ટવહ્નિની ધૂમ સાથે વ્યાપ્તિ નથી. 'જ્યાં જ્યાં ધૂમ ત્યાં ત્યાં પર્વતવૃત્તિત્વવિશિષ્ટવહ્નિ છે.' આવી વ્યાપ્તિ નથી. આમ વહ્નિ સામાન્યની સિદ્ધિ અભિમત નથી અને વિશિષ્ટવહ્નિ સાથે ધૂમની વ્યાપ્તિ નથી માટે આ સુપ્રસિદ્ધ અનુમાન પણ અનન્વયદોષના કારણે તુટી પડશે. હકીકત તો એવી છે કે ધૂમ-વહ્નિની વ્યાપ્તિનું જ્ઞાન હોય અને પર્વત પર ધૂમનું જ્ઞાન થાય એટલે પર્વતવૃત્તિત્વવિશિષ્ટ વહ્નિની સિદ્ધિ થઈ જાય છે. આ જ રીતે પ્રસ્તુતમાં સુનિશ્ચિતાસંભવદ્‌બાધકપ્રમાણત્વ રૂપ હેતુ અને સત્તારૂપ સાધ્ય વચ્ચે વ્યાપ્તિનું જ્ઞાન હોય અને પછી વિકલ્પસિદ્ધ ધર્મીમાં 'આમાં બાધક પ્રમાણો અસંભવિત છે એવા નિશ્ચય'રૂપ હેતુનું જ્ઞાન થાય એટલે પછી તે વિકલ્પસિદ્ધ (સર્વજ્ઞ) ધર્મીમાં વિશિષ્ટસત્તાની સિદ્ધિ થઈ જાય છે.

**બૌદ્ધ :** વાત વિકલ્પસિદ્ધ ધર્મીની ચાલે છે અને તમે દૃષ્ટાંત પ્રમાણસિદ્ધ ધર્મીનું આપ્યું છે. પર્વત રૂપ ધર્મી તો વાદી-પ્રતિવાદી ઉભયને સિદ્ધ જ છે માટે તેમાં વિશિષ્ટવહ્નિ સિદ્ધ થઈ શકે. પરંતુ સર્વજ્ઞને તો પ્રતિવાદી સ્વીકારતો નથી તેથી તેમાં વિશિષ્ટ સત્તા સિદ્ધ થઈ શકે નહીં.

**જૈન :** પર્વત પ્રત્યક્ષ સિદ્ધ છે તેમ સર્વજ્ઞ પણ વિકલ્પથી ઉભયને સિદ્ધ થઈ શકે છે. જો વિકલ્પથી ધર્મીની પ્રસિદ્ધિ ન થાય એવું તમે માનશો તો તમારા જ પગ પર કુહાડાનો ઘા થશે. સાંખ્ય સર્વસંસારના મૂળકારણ તરીકે 'પ્રકૃતિ'ને માને છે. તમે (બૌદ્ધ) એ પ્રકૃતિને આકાશપુષ્પવત્ સર્વથા અસત્ કહો છો. ત્યાં તમને 'પ્રકૃતિ'રૂપ ધર્મી પ્રમાણથી તો સિદ્ધ જ નથી (અન્યથા તેનો નિષેધ કરવો જ અસંગત બની જાય.) સર્વથા અપ્રતીત-અસિદ્ધ ધર્મી = પ્રકૃતિમાં જો તમે અસત્ત્વની સિદ્ધિ કરવાનું સાહસ કરશો તો તમારો હેતુ અસિદ્ધ બની જશે માટે ગમે તે રીતે તમારે તે ધર્મી = પ્રકૃતિને સિદ્ધ તો માનવી જ પડશે. ત્યાં તમે પ્રકૃતિરૂપ ધર્મીને 'વિકલ્પસિદ્ધ' માનીને જ તેમાં અસત્ત્વની સિદ્ધિ કરો છો. વિકલ્પસિદ્ધ ધર્મીમાં 'અસત્ત્વ' જો સાધ્ય બની શકે તો પછી 'સત્ત્વ' સાધ્ય કેમ ન બની શકે ? અર્થાત્, બની જ શકે. એટલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इदं त्ववधेयम्-विकल्पसिद्धस्य धर्मिणो नाखण्डस्यैव भानमसत्ख्यातिप्रसङ्गादिति, शब्दादेर्विशिष्टस्य तस्य भानाभ्युपगमे विशेषणस्य संशयेऽभावनिश्चये वा वैशिष्ट्यभानानुपपत्तेः। विशेषणाद्यंशे आहार्यारोपरूपा विकल्पात्मिकैवानुमितिः स्वीकर्तव्या, देशकालसत्तालक्षण-**

---

दुर्वारः, अन्यथा विकल्पसिद्धो धर्मी नास्ति अवस्तुत्वादिति भवद्वचनेनैव भवतो व्याघात स्यादिति मौनमेव स्थातव्यम् ।

**ननु** 'विकल्पसिद्धो धर्मी नास्ति' इत्यादिवचनस्य उपपत्त्यसम्भवप्रतिपादनेन विकल्पसिद्धधर्म्यनङ्गीकारवतो **नैयायिकान्** प्रति यन्मौनापत्तिरूपं दूषणं दत्तं तज्जैनमतेऽपि समानं, तत्रापि हि 'असतो नत्थि णिसेहो'[1] इति **भाष्यानुरोधेन** असतख्यात्यनभ्युपगमात् । **न च** 'खरविषाणं नास्ती'त्यादौ 'विषाणे खरीयत्वं नास्ति' इत्यभिप्रायेण खरीयत्वविशिष्टविषाणप्रतियोगिकाभावः इति शाब्दज्ञानं स्यादिति **वाच्यम्**, यतोऽत्र अभावरूपे विशेष्ये प्रतियोगितासम्बन्धेन खरीयत्वविशिष्टविषाणं विशेषणं, तच्च असदेवेति वैशिष्ट्यभानानुपपत्तिः स्यात्, विशिष्टवैशिष्ट्यावगाहिबोधे विशेषणतावच्छेदकप्रकारकनिश्चयस्य कारणत्वात् । तथा च 'खरविषाणं नास्ति' इत्यादि वचनव्यवहारो **जैनमते**ऽपि न सम्भवतीत्याशङ्कां निराकर्तुं तादृशस्थले शाब्दबोधोपपत्तयेऽनुमित्युपपत्तये च ग्रन्थकारः स्वाभिप्रेतां प्रक्रियामादर्शयन्नाह '**इदं त्ववधेयमि**'ति 'शब्दादेः' - शब्दात्, 'आदि'पदेन व्याप्तिज्ञानादेः परिग्रहात् व्याप्तिज्ञानादेस्सकाशादित्यर्थः ।

---

અમે જે પર્વતનું ઉદાહરણ આપીએ છીએ તે સિદ્ધધર્મીનું ઉદાહરણ સમજવું. પછી તે પ્રમાણથી સિદ્ધ છે કે વિકલ્પથી સિદ્ધ છે ? એવી ઝીણી પંચાતમાં પડવામાં તમને જ જોખમ આવશે.

**બૌદ્ધ :** બીજી બધી વાત જવા દો. વિકલ્પસિદ્ધ ધર્મીમાં 'સત્તા'ની સિદ્ધિ કરવા માટે તમે જે હેતુ આપો છો તે હેતુ ભાવપદાર્થનો ધર્મ છે ? ભાવાભાવાત્મકપદાર્થનો ધર્મ છે ? કે અભાવપદાર્થનો ધર્મ છે? આમ ત્રણ વિકલ્પો છે. પ્રથમવિકલ્પ માનો તો હેતુ અસિદ્ધ બની જશે કારણ કે ધર્મીની સત્તા જ હજી સિદ્ધ નથી એટલે કે 'ધર્મી' એ ભાવાત્મક પદાર્થ છે એ જ હજી નિશ્ચિત નથી તો પછી હેતુ તેનો ધર્મ છે (ભાવધર્મ છે) એવું શી રીતે કહી શકાય ? માટે હેતુનો આશ્રય (ધર્મી) અસિદ્ધ રહેવાથી હેતુ અસિદ્ધ (સ્વરૂપાસિદ્ધ) બનશે. (હેતુનો આશ્રય સિદ્ધ છે એવું માનો તો તેની સત્તા સિદ્ધ કરવા માટે અપાયેલો હેતુ વ્યર્થ બની જશે.)

સુનિશ્ચિત... બાધકાભાવરૂપ હેતુ જો ભાવ અને અભાવ બન્નેનો ધર્મ હોય તો હેતુ વ્યભિચારી બની જશે. જે હેતુ સપક્ષ (નિશ્ચિતસાધ્યવાન્)માં અને વિપક્ષમાં (નિશ્ચિતસાધ્યાભાવવાન્માં) બન્નેમાં રહેતો હોય તે હેતુ વ્યભિચારી હોવાથી નિયતરૂપે સાધ્યને સિદ્ધ કરી ન શકે. પ્રસ્તુતમાં અસ્તિત્વાભાવવાન્ એવા અભાવ પદાર્થમાં પણ વૃત્તિ હોવાથી હેતુ વ્યભિચારી બનશે.

હેતુ જો અભાવનો ધર્મ હોય તો વિરુદ્ધ (હેત્વાભાસ) બની જશે. કારણ કે તમારે આ હેતુથી અસ્તિત્વ સિદ્ધ કરવું અભિમત છે અને હેતુ જો અભાવનો ધર્મ હોય તો તેના દ્વારા નાસ્તિત્વ સિદ્ધ થઈ જશે

---

१. असतो नास्ति निषेधः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स्यास्तित्वस्य, सकलदेशकालसत्ताऽभावलक्षणस्य च नास्तित्वस्य साधनेन परपरिकल्पितविपरीतारोपव्यवच्छेदमात्रस्य फलत्वात् ।**

---

**'विकल्पात्मिकैव'**-अनुमितेः शब्दज्ञानानुपातित्वानियमेन शब्दज्ञानानुपातिविकल्परूपत्वाभावेऽपि वस्तुशून्यविकल्पसदृशतया विकल्पात्मिकेत्युक्तम् । तथा च विकल्पाकारवृत्तिसदृशीत्यर्थः ।

---

માટે અભિપ્રેત એવા ભાવાત્મક સાધ્ય કરતા વિપરીત એવા અભાવાત્મક સાધ્યની સિદ્ધિ કરતો હોવાથી આ હેતુ વિરુદ્ધ બનશે. **પ્રમાણવાર્તિકમાં** કહ્યું પણ છે કે -

(૧) જો હેતુ ભાવપદાર્થનો ધર્મ હોય તો તે અસિદ્ધ ધર્મીમાં રહી ન શકે (કારણ કે જો ધર્મી જ હજુ અસિદ્ધ હોય તો પછી હેતુ એ ભાવપદાર્થનો ધર્મ છે એવું શી રીતે કહી શકાય ?) (૨) જો હેતુ ભાવ અને અભાવ બન્નેમાં રહેતો હોય (એટલે કે જે હેતુ ઉભયાશ્રય હોય) તો તે હેતુ વ્યભિચારી થઈ જાય છે. કારણ કે સત્ત્વાભાવવદ્‌માં પણ તે હેતુ રહેલો કહેવાશે. તેથી તે ભાવત્વને વ્યભિચારી બનવાનો. (૩) જો હેતુ અભાવનો ધર્મ હોય તે તે વિરુદ્ધ બની જશે (કારણ કે જે હેતુથી અસ્તિત્વધર્મ સિદ્ધ કરવાનો હતો તે હેતુ સ્વયં અભાવનો ધર્મ હોવાથી નાસ્તિત્વધર્મને જ સિદ્ધ કરી દેશે જે અભિપ્રેત કરતા વિરોધી થશે.) આમ, વિકલ્પસિદ્ધધર્મીની સત્તા કઈ રીતે સિદ્ધ થઈ શકે ?

જૈન : તમારા (બૌદ્ધનું) કથન બરાબર નથી કારણ કે આ રીતે તો 'પર્વતો વહ્નિમાન્ ધૂમાત્' આ પ્રસિદ્ધ અનુમાનનો પણ ઉચ્છેદ થઈ જવાની આપત્તિ આવશે. કારણ કે તે સ્થળે પણ ઉપરોક્ત રીતે ત્રણ વિકલ્પો કરી શકાશે કે (૧) 'ધૂમ એ વહ્નિમાન્‌નો ધર્મ છે, (૨) વહ્નિમાન્-અવહ્નિમાન્ ઉભયનો ધર્મ છે કે, (૩) માત્ર અવહ્નિમાન્‌નો ધર્મ છે. ધૂમ વહ્નિમાન્‌નો ધર્મ છે એવો પ્રથમ પક્ષ બરાબર નથી. કારણ કે પ્રસ્તુત અનુમિતિ થતા પૂર્વે પર્વત વહ્નિમાન્ છે એવો નિર્ણય થયો નથી. (અન્યથા, પ્રસ્તુત અનુમિતિ કરવી જ નિષ્ફળ બની જશે.) તાત્પર્ય એ છે કે, ધૂમ એ પર્વતના ધર્મ તરીકે પ્રત્યક્ષસિદ્ધ હોવા છતાં પણ પર્વત વહ્નિમાનરૂપે સિદ્ધ ન હોવાથી ધૂમ પણ વહ્નિમદ્‌ના ધર્મ તરીકે પ્રસિદ્ધ નથી અને તેથી અસિદ્ધિ દોષ આવે. (પક્ષમાં હેતુના અભાવને જેમ અસિદ્ધિ કહેવાય છે તેમ પક્ષમાં હેતુના સંશયને પણ અસિદ્ધિ કહેવાય છે.) તેથી પ્રથમ વિકલ્પ બરાબર નથી. બીજો વિકલ્પ પણ બરાબર નથી કારણ કે એ રીતે તો હેતુ વ્યભિચારી બની જશે. કારણ કે બીજા વિકલ્પ પ્રમાણે તો જ્યાં વહ્નિ નથી ત્યાં પણ ધૂમ રહ્યો છે તેથી તેને વહ્ન્યભાવવદ્‌વૃત્તિ માનવો પડશે. આ રીતે તે વ્યભિચારી સાબિત થશે. ત્રીજો હેતુ સ્વીકારો તો હેતુ વિરુદ્ધ થશે. કારણ કે વહ્નિની સિદ્ધિ માટે હેતુ અપાયેલો છે અને આ હેતુ તો વહ્ન્યભાવની સિદ્ધિ કરી દેશે. (કારણ કે ત્રીજા વિકલ્પ અનુસાર ધૂમને તો અવહ્નિમાન્‌નો ધર્મ માન્યો છે તેથી જ્યાં વહ્નિનો અભાવ હોય ત્યાં જ આ ધૂમ હેતુ રહેવાનો.) આ રીતે પ્રસિદ્ધ અનુમાનોનો પણ ઉચ્છેદ થઈ જવાની આપત્તિ આવશે. આ આપત્તિના વારણ માટે તમે જે યુક્તિઓ આપશો તે બધી સર્વજ્ઞસત્તાસાધક અનુમિતિ સ્થળે પણ ઉપયોગી બનશે. આથી ધર્મી વિકલ્પસિદ્ધ હોય ત્યારે સત્તા કે અસત્તા સાધ્ય હોય છે એ વાત સિદ્ધ થાય છે.

### * વિકલ્પસિદ્ધ ધર્મી વિશે નૈયાયિકમતનું ખંડન *

**નૈયાયિક** : વિકલ્પ પોતે પ્રમાણરૂપ નથી તેથી વિકલ્પથી ધર્મીની સિદ્ધિ થઈ શકે નહીં. (કારણ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**वस्तुतस्तु खण्डशः प्रसिद्धपदार्थाऽस्तित्वनास्तित्वसाधनमेवोचितम् । अत एव "असतो णत्थि णिसेहो" (विशेषा०गा० १५७४) इत्यादि भाष्यग्रन्थे खरविषाणं नास्तीत्यत्र 'खरे**

---

**अयं भावः**-विकल्पसिद्धधर्मिस्थलीये शाब्दबोधे अनुमितौ वा विकल्पसिद्धस्य धर्मिणो भाने त्रय एव पक्षाः सम्भवन्ति, तथाहि-तस्य अखण्डस्यैव वा भानं, विशिष्टरूपतया वा, खण्डशः प्रसिद्धतया वा । तत्र स्वसिद्धान्तविरोधितया प्रथमपक्षो नाङ्गीकर्तुं शक्यते । **जैन**सिद्धान्ते हि सर्वत्रापि ज्ञाने सत एव भानाभ्युपगमेन असतो भानस्य सर्वथा अनभिमतत्वात्। विकल्पसिद्धधर्मिणः प्रमाणासिद्धत्वेन अखण्डस्यासत्त्वात्, अखण्डतद्भानाभ्युपगमे असद्भानस्यावर्जनीयत्वमेव । द्वितीयपक्षस्तु कथञ्चिदभ्युपगमार्हः। यत्र स्थले 'खरविषाणं नास्ति' इत्यादौ 'विषाणं खरीयं न वा' इत्यादिर्न संशयः, न वा 'विषाणं खरीयं न' इति बाधनिश्चयस्तत्र अभावांशे खरीयत्वविशेषणविशिष्टस्य विषाणस्य भाने बाधकाभावात्। यत्र च

---

પ્રમાણ દ્વારા જ પ્રમેયની સિદ્ધિ થઈ શકે.) તેથી વિકલ્પસિદ્ધ ધર્મી જ નથી.

**જૈન :** તમે જે શાખા ઉપર બેઠા છો તેને જ છેદી રહ્યા છો. જો વિકલ્પસિદ્ધ ધર્મી હોય જ નહીં તો તમે તેનો નિષેધ પણ શી રીતે કરી શકો. અર્થાત્, 'विकल्पसिद्धो धर्मी नास्ति प्रमाणासिद्धत्वात्' આવા વચનપ્રયોગમાં તમે વિકલ્પસિદ્ધ ધર્મીને પક્ષ બનાવ્યો છે. તો આ પક્ષ તમને કયા પ્રમાણથી પ્રસિદ્ધ છે ? જો પ્રસિદ્ધ હોય તો પછી તેમાં નાસ્તિત્વની સિદ્ધિ કરવી વિરુદ્ધ બની જાય અને જો અપ્રસિદ્ધ હોય તો પછી તેને ધર્મી (પક્ષ) બનાવ્યો શી રીતે ? માટે 'વિકલ્પસિદ્ધ ધર્મી નથી' એવું તમારૂં વચન જ તાદૃશ ધર્મીનું અસ્તિત્વ સિદ્ધ કરી આપતું હોવાથી તમારે મૌન રહેવું જ સારૂં છે (અન્યથા તમારે વદતો વ્યાઘાત થશે.)

## * વિકલ્પસિદ્ધધર્મી વિશે વિશેષવિમર્શ *

નૈયાયિકોને જે રીતે જૈનો મૌનાપત્તિરૂપ દોષ આપે છે તે દોષ યદ્યપિ જૈનમતમાં પણ આપી શકાય છે. કારણ કે 'असतो णत्थि णिसेहो = અસત્ પદાર્થનો નિષેધ થઈ શકતો નથી' ઇત્યાદિ **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રન્થ પ્રમાણે જૈનદર્શને પણ અસત્ખ્યાતિ (અસત્‌ની વિધાન કે નિષેધરૂપે ખ્યાતિ-કથન) સ્વીકારી નથી. છતા પણ આ અંગે જૈન માન્યતાનુસારે જે સમાધાન છે તે ગ્રન્થકાર સ્વયં इदं त्ववधेयम्... ઈત્યાદિ ગ્રન્થ દ્વારા જણાવે છે.

ધર્મી વિકલ્પ સિદ્ધ હોય તેવા સ્થળે શાબ્દબોધ કે અનુમિતિમાં ધર્મીનું જ્ઞાન થવામાં ત્રણ વિકલ્પો સંભવી શકે. (૧) તે વિકલ્પસિદ્ધધર્મીનું અખંડ એક પદાર્થરૂપે જ્ઞાન થાય. (૨) વિશેષણ-વિશેષ્યભાવપૂર્વક વિશિષ્ટરૂપે ધર્મીનું જ્ઞાન થાય. અથવા (૩) ધર્મીનું ખંડશઃ પ્રસિદ્ધ પદાર્થરૂપે જ્ઞાન થાય. હવે આમાંથી કયો વિકલ્પ સ્વીકારવો ઉચિત છે તે જોઈએ.

'શશશૃંગં નાસ્તિ' એવા વાક્યથી થતાં જ્ઞાનમાં પ્રથમ વિકલ્પ પ્રમાણે અખંડ શશશૃંગનું જ્ઞાન થાય છે એવું માનવું પડે. 'ઘટો નાસ્તિ' એવા વાક્યથી જેમ ઘટાભાવનું જ્ઞાન થાય છે અને તેમાં ઘટ પ્રતિયોગિરૂપે તથા અભાવ એ વિશેષ્યરૂપે જણાય છે તે જ રીતે 'શશશૃંગં નાસ્તિ' એવા વાક્યથી શશશૃંગાભાવનું જ્ઞાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्थले तादृशो विशेषणसंशयस्तादृशो विशेषणबाधनिश्चयो वा तत्र यद्यपि विशिष्टभानासम्भवस्तथापि 'विषाणे खरीयत्वज्ञानं जायताम्' इतीच्छाजन्यं बाधनिश्चयकालीनमाहार्यज्ञानं सम्भवत्येव। तथा च 'खरविषाणं नास्ति' इत्यादिशाब्दबोधे 'एतत् स्थानं खरविषाणाभाववत्' इत्याद्यनुमितौ वा अभावांशे प्रतियोगितया भासमाने विषाणांशे खरीयत्वविशेषणस्य आहार्यभानोपपत्त्या प्रतिवादिपरिकल्पितविपरीतारोपनिराकरणाय तादृशस्य शब्दस्य तादृश्या वा अनुमितेः सुसम्भवत्वमेव । इत्थं च द्वितीयपक्षस्य उपपाद्यत्वेऽपि तत्रानुमितेराहार्यात्मकत्वं स्वीकर्तव्यं, तच्चैकदेशीयाभिमतमेव कल्पनीयमिति तत्पक्षपरित्यागेन सर्वथा निर्दोषस्तृतीयपक्ष एवाश्रयितुमुचित इति मत्वा ग्रन्थकारेण **'वस्तुतः'** इत्यादिना अन्ते खण्डशः प्रसिद्धपदार्थभानगोचरस्तृतीयपक्ष एव समाश्रितः। तथा च 'खरविषाणं नास्ति' इत्यादावभावांशे नाखण्डस्यासतः खरविषाणस्य भानम्, न वा खरीयत्ववैशिष्ट्यस्याहार्यभानं, किन्तु प्रसिद्ध एव विषाणांशे प्रसिद्धस्यैव खरीयत्वस्याभावो भासते । खरपदेन लक्षणयोपस्थापित खरीयपदार्थः, स च खरकर्णादौ प्रसिद्धः, विषाणं च गवादौ प्रसिद्धमतः खण्डशः प्रसिद्धयोरुभयोरभेदसम्बन्धेनान्वयो भवेत्, खरीयाभिन्नं विषाणं नास्तीति, खरीयविषाणप्रतियोगिकाभाव इति भावः। तथा 'एकान्तनित्यं अर्थक्रियासमर्थं न भवति क्रमयौगपद्याभावादि'-त्यत्रापि **जैनमते** एकान्तनित्यस्य वस्तुनः सर्वथाऽसम्भवेन पक्षस्य खण्डशः प्रसिद्ध्युपपादनेन विकल्पसिद्धत्वं साधयति **'एकान्तनित्यमि'** त्यादिना। क्रमयौगपद्याभावादिति क्रमयौगपद्यनिरूपकत्वाभावादित्यर्थः। एकान्तनित्यत्वं च अनित्यत्वासमानाधिकरणनित्यत्वं, तच्चाखण्डमसदपि अनित्यत्वसमानाधिकरणनित्यत्वं प्रसिद्धमेव। तादृशनित्यत्वेन अनित्यत्वसामानाधिकरण्यावच्छेदेन क्रमयौगपद्यनिरूपकत्वमस्त्येव, तदभावावच्छेदेन च तन्नास्ति इति प्रसिद्धनित्यत्वे क्रमयौगपद्यनिरूपकत्वाभावः प्रसिद्ध्यति। इत्थं च नोक्तस्थलेऽपि पक्षाप्रसिद्धिरिति ।

---

થાય છે અને તેમાં શશશૃંગ પ્રતિયોગિરૂપે તથા અભાવ એ વિશેષ્યરૂપે જણાય છે એવું માનવું પડે. અર્થાત્, પ્રતિયોગિતાસંબંધથી શશશૃંગપ્રકારક-અભાવવિશેષ્યક શાબ્દબોધ ઉક્તવાક્યથી માનવો પડે. ('शब्दादेः' માં આદિ પદથી અનુમિતિનું ગ્રહણ થશે. અનુમિતિમાં આ પ્રથમવિકલ્પ પ્રમાણે અખંડ શશશૃંગ વિશેષ્ય થશે અને નાસ્તિત્વ પ્રકાર થશે. એટલે 'નાસ્તિત્વવાળું શશશૃંગ' આવી અનુમિતિ થશે.) ટૂંકમાં, પ્રથમવિકલ્પ પ્રમાણે વિકલ્પસિદ્ધધર્મીનું (પ્રસ્તુતમાં-શશશૃંગનું) અખંડ ભાન માનવું પડે. પરંતુ જૈનદર્શનને તે સંમત નથી કારણ કે પ્રમાણથી હજી અસિદ્ધ હોય તેવા વિકલ્પસિદ્ધ ધર્મીનું અખંડ ભાન માનવું એટલે અસત્ખ્યાતિનો સ્વીકાર થાય. જૈનદર્શન અસત્ખ્યાતિ સ્વીકારતું નથી માટે આ પ્રથમ પક્ષ તો બરાબર નથી.

'असतो णत्थि णिसेहो' જે કહ્યું છે તે અસત્ખ્યાતિના નિષેધપરક છે એમ જાણવું.

બીજો પક્ષ વિશેષણયુક્ત વિશેષ્યરૂપ વિશિષ્ટ પદાર્થને ધર્મીરૂપે જણાવે છે. જેમ 'રાજપુરુષ' સ્થળે 'રાજ' પદની 'રાજસંબંધી'માં લક્ષણા કરાય છે અને પછી તેનો 'પુરુષ' પદ સાથે અભેદાન્વય (राजसंबंध्यभिन्नः पुरुषः) કરાય છે તેમ પ્રસ્તુતમાં કરવું પડે. અહીં શૃંગ એ વિશેષ્ય છે અને તેમાં શશીયત્વ (શશસંબંધિત્વ) એ વિશેષણ છે. અહીં 'શશ' પદની 'શશસંબંધી'માં લક્ષણા કરીને પછી અભેદાન્વય કરવાનો. શશસંબંધ્યભિન્નઃ શૃંગઃ એવો બોધ થાય. તેથી 'શશશૃંગં નાસ્તિ' એ વાક્યથી 'શશીયત્વવિશિષ્ટ શૃંગ નથી' એવો અર્થ પ્રતીત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विषाणं नास्ती'त्येवार्थ उपपादितः । एकान्तनित्यमर्थक्रियासमर्थं न भवति क्रमयौगपद्या-भावादित्यत्रापि विशेषावमर्शदशायां क्रमयौगपद्यनिरूपकत्वाभावेनार्थक्रियानियामकत्वाभावो**

---

'**विशेषावमर्शदशायाम्**' साध्यव्याप्यत्वेन गृहीतो हेतुः - अर्थक्रियासामार्थ्याभावरूपसाध्यव्याप्यीभूतक्रम-यौगपद्याभावरूपविशेषधर्मनिर्णयरूपपरामर्शदशायामित्यर्थः । यद्यपि विशेषावमर्शो विशेषदर्शनं, तच्च न्यायमते 'साध्यव्याप्यहेतुमान् पक्षः' इति परामर्शात्मकं ज्ञानं तथापि **जैन**सिद्धान्ते परामर्शस्यानुमितिकारणत्वानङ्गी-कारेणाकारणस्य तस्य सत्त्वाभिधानं न प्रकृतोपयोगीत्युक्त एवार्थ आदरणीयः ।

'**नित्यत्वादौ**' - कूटस्थनित्यत्वस्य **जैन**मतेऽप्रसिद्धत्वेऽपि अनित्यत्वसमानाधिकरणनित्यत्वरूपस्य कथञ्चि-न्नित्यत्वस्य प्रसिद्धतया तादृशे नित्यत्वे अनित्यत्वसामानाधिकरण्याभावाऽवच्छेदेन उक्तोऽभावः सुखेन

---

થશે. અહીં શશીયત્વ શૃંગમાં પ્રકારરૂપે ભાસે છે અને શૃંગ પ્રતિયોગિતાસંબંધથી અભાવમાં પ્રકારરૂપે ભાસે છે. (અનુમિતિમાં શશીયત્વવિશિષ્ટશૃંગમાં નાસ્તિત્વ પ્રકારરૂપે ભાસે) આવું બીજા વિકલ્પ પ્રમાણે માનવું પડે.

અહીં બીજા વિકલ્પમાં એક વાત નક્કી છે કે વિકલ્પસિદ્ધ ધર્મી અખંડરૂપે તો નથી જ જણાતો કિન્તુ સખંડ (વિશેષણયુક્ત વિશિષ્ટ) રૂપે જણાય છે. એમાં શશસંબંધિત્વ નામનું વિશેષણ શૃંગાત્મક વિશેષ્યમાં ભાસે. અહીં વિશેષ્યાંશ તો પ્રસિદ્ધ જ છે. હવે જો તેનો વિશેષણાંશ પણ પ્રસિદ્ધ જ હોય તો પછી તેને વિકલ્પસિદ્ધ માનવાની જરૂર જ ન રહે. આથી વિશેષણનો વિશેષ્યમાં કાં તો સંશય અને કાં તો વિપર્યાસ (=અભાવ) માનવો પડે અને આવું માનો એટલે પછી વિશિષ્ટનું ભાન તો નહીં જ થાય કારણ કે વિશિષ્ટવૈશિષ્ટયાવગાહિ જ્ઞાન થવામાં વિશેષણતાવચ્છેદકપ્રકારકનિશ્ચય એ કારણ બને છે. અભાવ વિશેષ્ય છે, તેમાં વિશેષણ છે શૃંગ, શૃંગમાં વિશેષણતા છે અને શૃંગનિષ્ઠ શશીયત્વ એ વિશેષણતાવચ્છેદકધર્મ છે. તેથી શશીયત્વપ્રકારક સંશય કે વિપર્યય (= અભાવનિશ્ચય) જો થઈ જાય તો શશીયત્વપ્રકારકનિશ્ચય થઈ શકશે નહીં તો પછી ધર્મીની પ્રસિદ્ધિ શી રીતે શક્ય બને ? આનું સમાધાન ગ્રન્થકાર 'વિશેષણાદ્યંશે આહાર્યારોપરુપા'... ઈત્યાદિ ગ્રન્થથી કરે છે કે આહાર્યજ્ઞાનરૂપ વિકલ્પાત્મક અનુમિતિ માનવાથી ઉક્તપ્રશ્નનું નિરાકરણ થઈ જાય છે. (બાધનિશ્ચય હોવા છતા ઈચ્છાજન્ય જે જ્ઞાન થાય તેને આહાર્યજ્ઞાન કહેવાય છે.)

**શંકા.** : ભલે કદાચ આવી વિકલ્પાત્મક અનુમિતિ (આહાર્ય અનુમિતિ) થઈ શકતી હોય તો પણ આવી વિકલ્પાત્મક અનુમિતિથી કોઈ વિશેષધર્મની સિદ્ધિ થઈ ન શકે. કોઈપણ વસ્તુની કે ધર્મની સિદ્ધિ પ્રામાણિક જ્ઞાનથી જ થાય.

**સમા.** : આવી આહાર્ય અનુમિતિ દ્વારા વસ્તુની સત્તા કે અસત્તા બેમાંથી એકને જ સિદ્ધ કરવાનું પ્રયોજન હોય છે. (અસ્તિત્વ-નાસ્તિત્વની વ્યાખ્યા ગ્રન્થકાર જણાવે છે-) વિવક્ષિત દેશ- કાળમાં વસ્તુની સત્તા એ અસ્તિત્વ છે અને સકલદેશ-કાળમાં વસ્તુની અસત્તાને નાસ્તિત્વ કહ્યું છે. આવી અનુમિતિ દ્વારા અસ્તિત્વ કે નાસ્તિત્વની સિદ્ધિ કરીને અન્ય વ્યક્તિએ તે વસ્તુ અંગે માની લીધેલા વિપરીત આરોપને દૂર કરવો એ જ માત્ર આવી અનુમિતિનું ફળ છે. જેમ કે - બૌદ્ધ સર્વજ્ઞને માનતો નથી. નાસ્તિત્વ એ તેનો વિપરીત આરોપ થયો. ઉક્ત પ્રકારની અનુમિતિ દ્વારા સર્વજ્ઞમાં અસ્તિત્વની સિદ્ધિ કરવા દ્વારા બૌદ્ધના ઉક્ત વિપરીત આરોપનો વ્યવચ્છેદ કરાય છે. આ જ રીતે વસ્તુના જ પર્યાયભૂત એવા સામાન્ય અને વિશેષને નૈયાયિક-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**नित्यत्वादौ सुसाध इति सम्यग्निभालनीयं स्वपरसमयदत्तदृष्टिभिः ।**

साधयितुं शक्य इत्यर्थः ।

વૈશેષિક સ્વતંત્ર માને છે. તેથી તે પદાર્થનુ અસ્તિત્વ એ તેમનો વિપરીત આરોપ થયો. ઉક્ત પ્રકારની અનુમિતિ દ્વારા સ્વતંત્ર સામાન્ય-વિશેષ પદાર્થમાં નાસ્તિત્વની સિદ્ધિ કરવા દ્વારા નૈયાયિક વૈશેષિકાદિના ઉક્ત વિપરીત આરોપનો વ્યવચ્છેદ કરાય છે.

આ પ્રમાણે વિશેષણથી વિશિષ્ટ વિકલ્પસિદ્ધ ધર્મીની સિદ્ધિ થઈ શકે છે. ઉક્ત પ્રકારની વિકલ્પાત્મક અનુમિતિ દ્વારા ભલે ને તેવા ધર્મીમાં કોઈ વિશેષધર્મની સિદ્ધિ ન થઈ શકે ! કારણ કે વિકલ્પસિદ્ધ ધર્મીમાં તો અસ્તિત્વ કે નાસ્તિત્વની સિદ્ધિ જ થઈ શકે છે અને એટલું જ સિદ્ધ કરવું અભિપ્રેત હોય છે તેથી કોઈ વાંધો નથી.

### * વિકલ્પસિદ્ધ ધર્મીની પ્રસિદ્ધિ ખંડશઃ જ થાય *

વિકલ્પસિદ્ધ ધર્મીની પ્રસિદ્ધિ અંગેના પૂર્વોક્ત ત્રણ વિકલ્પોમાંથી વાસ્તવમાં તો ત્રીજો વિકલ્પ જ ઉચિત છે, એટલે કે વિકલ્પસિદ્ધ ધર્મી ખંડશઃ પ્રસિદ્ધ પદાર્થરૂપ બનશે અને તેમાં અસ્તિત્વ કે નાસ્તિત્વની સિદ્ધિ કરવી જ ઉચિત છે. આ જ કારણથી 'અસત્‌નો નિષેધ થતો નથી'... ઈત્યાદિ વાત જણાવતા **વિશેષાવશ્યકભાષ્યગ્રન્થમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે** 'ખરવિષાણ નથી' એવા વાક્યનો 'ખરમાં વિષાણ નથી' એવો અર્થ કર્યો છે.

**તાત્પર્ય :** 'ખરવિષાણ' પદ એ સામાસિક પદ છે. તેના બે ઘટકો છે. 'ખર અને વિષાણ' ખરપદની લક્ષણા કરીને 'ખરીય' (=ખરસંબંધી) એવો અર્થ કરવાનો છે અને તેનો અભેદસંબંધથી 'વિષાણ' પદ સાથે અન્વય કરવાનો છે. તેથી 'खरीयाभिन्नविषाणं नास्ति' એવો બોધ થશે. અહીં ખરીયવિષાણ ભલે પ્રસિદ્ધ ન હોય પણ વિષાણ સામાન્ય તો ગાય વગેરેમાં પ્રસિદ્ધ જ છે. એ જ રીતે વિષાણમાં 'ખરીયત્વ' ભલે પ્રસિદ્ધ ન હોય પણ ખરની પૂંછડીમાં તો ખરીયત્વ પ્રસિદ્ધ જ છે. તેથી ખંડશઃ પ્રસિદ્ધ એવા બે પદાર્થોના સંબંધના નાસ્તિત્વની સિદ્ધિ ઉક્ત વાક્યથી થશે - 'ખરમાં વિષાણ (નો સંબંધ) નથી.'

આ જ રીતે 'एकान्तनित्यं अर्थक्रियासमर्थं न भवति, क्रमयौगपद्याभावात्' - 'એકાંતનિત્યવસ્તુ અર્થ-ક્રિયાસમર્થ નથી કારણ કે તેમાં ક્રમ કે યૌગપદ્ય ઘટતું નથી.' આવા સ્થળે પણ ગ્રન્થકાર સંગતિ કરી બતાવે છે. જૈનમતે એકાંતનિત્યત્વ ક્યાંય પ્રસિદ્ધ નથી તેથી તેની પક્ષ તરીકે પ્રસિદ્ધિ શી રીતે થાય તે એક પ્રશ્ન છે. પરંતુ ગ્રન્થકાર તેવા સ્થળે આ રીતે પક્ષની પ્રસિદ્ધિ કરી આપે છે. - ઉક્ત સ્થળે 'ક્રમયૌગપદ્યાભાવ' એ હેતુ છે કે જે અર્થક્રિયાસામાર્થ્યાભાવની સિદ્ધિ કરી આપે. હવે આ હેતુ અંગે વિશેષ વિચારણા કરતા 'ક્રમયૌગપદ્યાભાવ' નો અર્થ 'ક્રમયૌગપદ્યનિરુપકત્વાભાવ' કરવો અને આવો હેતુ જ્યાં હોય ત્યાં અર્થક્રિયા-સામર્થ્યાભાવ હોય છે. હવે મુખ્ય પ્રશ્ન એ રહે કે ઉક્ત સાધ્યની સિદ્ધિ જે પક્ષમાં રહે છે તે પક્ષ (એકાંતનિત્ય) શી રીતે પ્રસિદ્ધ થશે ? તે અંગે કહે છે કે જૈનમતે એકાન્તનિત્યત્વ એટલે કે અનિત્યત્વાસમાનાધિકરણનિત્યત્વ પ્રસિદ્ધ ન હોવા છતાં પણ કથંચિદ્ નિત્યત્વ એટલે કે અનિત્યત્વસમાનાધિકરણનિત્યત્વ તો પ્રસિદ્ધ જ છે. આવા કથંચિદ્ નિત્યત્વમાં અનિત્યત્વસામાનાધિકરણ્યાવચ્છેદેન ક્રમયૌગપદ્યનિરૂપકત્વ છે પણ તદભાવા-

**परार्थं पक्षहेतुवचनात्मकमनुमानमुपचारात्, तेन श्रोतुरनुमानेनार्थबोधनात् । पक्षस्य विवादादेव गम्यमानत्वादप्रयोग इति सौगतः; तन्न; यत्किञ्चिद्वचनव्यवहितात् ततो व्युत्पन्नमतेः पक्षप्रतीतावप्यन्यान् प्रत्यवश्यनिर्देश्यत्वात् प्रकृतानुमानवाक्यावयवान्तरैकवाक्यतापन्नात्ततोऽव-**

---

**परार्थमिति →** पक्षहेतुवचनात्मकत्वं च परार्थानुमानस्य व्युत्पन्नमतिप्रतिपाद्यापेक्षयाऽत्रोक्तम् । मन्दमतिप्रतिपाद्यापेक्षया तु दृष्टान्तादिवचनात्मकमपि तद्भवतीति वक्ष्यते । अतीवव्युत्पन्नापेक्षया पुनर्धूमोऽत्र दृश्यत इत्यादि हेतुमात्रवचनात्मकमपि तद्भवति। बाहुल्येन तत्प्रयोगाभावात्तु नैतत्साक्षात् सूत्रितमुपलक्षितं तु द्रष्टव्यम्। **ननु** ज्ञानं प्रमाणमिति प्रमाणसामान्यसूत्रे निर्णीतं, तत्कथमत्र पक्षादिवचनस्य जडात्मनोऽनुमानप्रमाणत्वमित्याशङ्कायामाह '**उपचारादि**'ति। कारणे कार्योपचारादित्यर्थः । ततश्च प्रतिपाद्यगतमुत्पत्स्यमानं यज्ज्ञानं तत्कार-

---

વચ્છેદેન ક્રમયૌગપદ્યનિરુપકત્વ નથી અને તે ન હોવાથી તેને વ્યાપક અર્થક્રિયાસામર્થ્ય પણ ત્યાં નથી એમ સિદ્ધ થાય છે. એટલે આ રીતે પક્ષ તરીકે કથંચિદ્ નિત્યત્વ જ સમજવું. એકાન્તનિત્યત્વ નહીં. તેમાં અનિત્યત્વસામાનાધિકરણ્યાભાવાવચ્છેદેન ક્રમયૌગપદ્યનિરૂપકત્વાભાવ હોવાથી, ક્રમયૌગપદ્યાભાવાત્મક હેતુથી અર્થક્રિયાસામર્થ્યાભાવ પણ સારી રીતે સિદ્ધ કરી શકાય છે. આ વાત બહુ સૂક્ષ્મતાથી સમજવા જેવી છે સ્વપરસમયના જ્ઞાતાઓ આ વાતી સારી રીતે સમજી શકે છે.

અહીં તર્ક આ રીતે આપી શકાશે કે 'નિત્યત્વ જો અર્થક્રિયાનિયામક હોય તો અર્થક્રિયા અટકશે જ નહીં એટલે કાર્યમાત્રનો ક્યારે ય નાશ ન થઈ શકે.' એકાંત નિત્યત્વ સાથે અર્થક્રિયાને કોઈ રીતે મેળ જામતો નથી. વસ્તુમાં અર્થક્રિયા (જુદા જુદા કાર્યો) બે રીતે સંભવે. ક્રમશઃ અથવા યુગપત્, આ બન્ને રીતે અર્થક્રિયાની અઘટમાનતા આપણે જોઈ લઈએ.

**એકાંતનિત્યમાં ક્રમિક અર્થક્રિયાની અઘટમાનતા →** નિત્યવસ્તુ સર્વ કાર્યોને ક્રમશઃ કરે નહીં, કારણ કે તે પોતે કાલાંતરભાવી ક્રિયાઓને પણ પ્રથમક્રિયાકાળે કરવા સમર્થ જ છે કારણ કે તેનો એ સર્વક્રિયાઓ કરવાનો સ્વભાવ તો પહેલેથી વિદ્યમાન જ હતો અને સમર્થ વસ્તુ તો સ્વકાર્ય કરવામાં ક્ષણનો પણ વિલંબ કરે નહીં (વિલંબ કરે તો તે અસમર્થ સાબિત થઈ જાય, અને 'પ્રથમ સમયે અન્ય ક્રિયાઓ કરવાનું સામર્થ્ય કે તેવો સ્વભાવ તેનામાં ત્યારે નહોતો, પણ પછીથી તે પેદા થાય છે' એવું તો માની શકાય નહીં. કારણ કે સ્વભાવભેદ થતા એકાંતનિત્યત્વ ઊડી જાય. તેથી એકાંતનિત્ય વસ્તુમાં ક્રમિક અર્થક્રિયાઓનું નિયામકત્વ ઘટતું નથી.

**એકાંતનિત્યમાં યુગપદ્ અર્થક્રિયાની અઘટમાનતા →** એકાંતનિત્ય વસ્તુ સર્વકાલીન અર્થક્રિયાઓ એકસાથે કરે છે એવી પ્રતીતિ કોઈને થતી નથી. અને કદાચ, એ બધી અર્થક્રિયાઓ યુગપદ્ થઈ જતી હોય તો પણ પ્રથમ ક્ષણે તે ક્રિયાઓ થઈ ગયા બાદ દ્વિતીય વગેરે ક્ષણોમાં તે એકાંતનિત્ય પદાર્થે શું કરવાનું રહ્યું ? પુનઃ તે જ કાર્યો કરવામાં તો કૃતકરણ દોષ આવી પડે. અને, નિષ્ક્રિય રહે તો તેમાં અર્થક્રિયાકારિત્વશૂન્યત્વ આવતા નવો સ્વભાવ માનવો પડે અને એકાંતનિત્યમાં સ્વભાવપરિવર્તન તો માન્ય નથી. આ રીતે, એકાંત નિત્ય વસ્તુમાં ક્રમથી કે યુગપદ્ અર્થક્રિયાઓ ઘટતી નથી. તેથી એકાંતનિત્યમાં અર્થાત્ અનિત્યત્વસામાનાધિકરણ્યાભાવાવચ્છેદન કથંચિદ્ નિત્યમાં ક્રમયૌગપદ્યનિરૂપકત્વાભાવ રહે છે અને આ હેતુ બનીને એકાંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**गम्यमानस्य पक्षस्याप्रयोगस्य चेष्टत्वात् । अवश्यं चाभ्युपगन्तव्यं हेतोः प्रतिनियतधर्मिधर्मता-प्रतिपत्त्यर्थमुपसंहारवचनवत् साध्यस्यापि तदर्थं पक्षवचनं ताथागतेनापि, अन्यथा समर्थनो-**

---

णत्वात् पक्षादिवचनमप्युपचारेणानुमानं प्रमाणमुच्यते। यथा 'मद्वचनमात्रादयमवबुध्यतामि'त्यभिप्रायवान् वक्ता न प्रस्तुतं वाक्यमभिधत्ते, किन्त्वनुमानतोऽयं मयाऽवबोधनीयमित्यभिप्रायवान् । श्रोताऽप्येतद्वचनमात्रादयमर्थो मयाऽवबुद्ध इति न मन्यते, किन्तु व्याप्तिमतो लिङ्गादमुमर्थमवबुद्धवानिति । अतः श्रोतुः प्रतीत्युपायत्वात् परार्थमिदमुच्यते ।

**'समर्थनमि'ति** → स्वभाव-कार्य-अनुपलब्धिभेदेन हेतोः त्रैविध्यम् । तस्य समर्थनं = साधनस्या-

---

નિત્યમાં અર્થક્રિયાનિયામકત્વાભાવની સિદ્ધિ કરી દેશે. **અહીં યાદ રહે કે** આ સમગ્ર વાતમાં મૂળ મુદ્દો એ છે કે એકાંત નિત્ય પદાર્થની (પક્ષની) પ્રસિદ્ધિ શી રીતે થાય છે ? અને તેનો જવાબ એ છે કે 'અર્થક્રિયાઓ ઘટી શકે નહીં' એવાં વાક્યનો વિશેષ રીતે આવો અર્થ કર્યો કે (કથંચિદ્) નિત્યત્વમાં અનિત્યત્વસામાનાધિકરણ્ય પ્રસિદ્ધ છે તેથી તદવચ્છેદેન ક્રમયૌગપદ્યનિરૂપકત્વ અને અર્થક્રિયાનિયામકત્વ 'નિત્યત્વ' માં સંભવે છે પણ અનિત્યત્વસામાનાધિકરણ્યાભાવાવચ્છેદેન એ બે ય તેમાં સંભવતા નથી. તેથી વસ્તુતઃ અહીં પણ પક્ષ તો નિત્યત્વ જ છે. એકાંતનિત્યત્વ નહીં. ટૂંકમાં, એકાંતનિત્યમાં અર્થક્રિયાનિયામકત્વ નથી, તેથી પ્રસિદ્ધિ આ રીતે થાય કે - "નિત્યપદાર્થમાં ક્રમયૌગપદ્યનિરુપકત્વ છે જ, પણ તે તો અનિત્યત્વસામાનાધિકરણ્યાવચ્છેદેન છે, તદભાવાવચ્છેદેન-નિત્યપદાર્થમાં ક્રમયૌગપદ્યનિરુપકત્વ નથી." 'નિત્યત્વાદૌ'માં 'આદિ' પદથી અનિત્યત્વ સમજવું. તેમાં નિત્યત્વસામાનાધિકરણ્યાભાવાવચ્છેદેન ક્રમયૌગપદ્યનિરૂપકત્વાભાવ અને અર્થક્રિયાનિયામકત્વાભાવની સિદ્ધિ થઈ શકે છે.

## * પરાર્થાનુમાનનું નિરૂપણ *

અનુમાનપ્રમાણના નિરૂપણમાં તેના પ્રથમભેદરૂપ સ્વાર્થાનુમાનનું નિરૂપણ થયું. સાથે સપ્રસંગ તેના ઘટકો સાધ્ય-હેતુ-પક્ષના સ્વરૂપની વિચારણા પણ થઈ. હવે પરાર્થાનુમાનનાં નિરૂપણનો પ્રારંભ કરે છે. પક્ષ અને હેતુનો જેમાં ઉલ્લેખ હોય તેવા વચનને પરાર્થાનુમાન કહેવાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અમુક પદાર્થમાં અમુક ધર્મની સિદ્ધિ બીજાને કરાવવી હોય તો જે પદાર્થમાં વિવક્ષિત ધર્મની સિદ્ધિ અભિપ્રેત હોય તે પદાર્થનું નામોચ્ચારણ કરવું પડે. પછી વિવક્ષિત ધર્મને તેમાં સિદ્ધ કરી આપતો હેતુ તે પદાર્થમાં (=પક્ષમાં) રહ્યો છે તેવું જણાવવું પડે. આને જ 'પક્ષ-હેતુવચન' કહેવાય છે. તેને અહીં પરાર્થાનુમાન શબ્દથી વિવક્ષિત કરેલ છે.

**શંકા.** : ગ્રન્થના પ્રારંભમાં પ્રમાણસામાન્યના લક્ષણ વખતે જ તમે કહી ગયા છો કે જ્ઞાન જ પ્રમાણ બને છે. અહીં તો તમે વચનને એટલે કે શબ્દને પ્રમાણ કહો છો આ તો વદતો વ્યાઘાત કહેવાય !

**સમા.** : અહીં પક્ષહેતુવચનને પ્રમાણ જે કહવાયું છે તે ઉપચારથી જાણવું, વાસ્તવમાં નહીં. મુખ્યાર્થનો જ્યારે બાધ આવે ત્યારે ઉપચારનો આશ્રય લેવાય છે. અહીં વક્તાનો વચનપ્રયોગ સ્વયં જ્ઞાનાત્મક નથી પણ તે શ્રોતાના જ્ઞાનનું કારણ જરૂર બને છે. તેથી જ્ઞાનના કારણમાં જ્ઞાનરૂપ કાર્યનો ઉપચાર કરીને અહીં પક્ષહેતુવચનને પરાર્થાનુમાન પ્રમાણ કહ્યું છે. (અહીં કેટલાક, કાર્યમાં કારણનો ઉપચાર પણ માને છે. તેઓનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पन्यासादेव गम्यमानस्य हेतोरप्यनुपन्यासप्रसङ्गात्, मन्दमतिप्रतिपत्त्यर्थस्य चोभयत्राविशेषादिति। किञ्च, प्रतिज्ञायाः प्रयोगानर्हत्वे शास्त्रादावप्यसौ न प्रयुज्येत, दृश्यते च प्रयुज्यमानेयं शाक्य-**

सिद्धतादोषपरिहारेण स्वसाध्यसाधनसामर्थ्यप्ररूपणवचनम्, साध्येन हेतोः व्याप्तिं प्रसाध्य धर्मिणि भावसाधनमिति यावत् । यथा यत् सत् कृतकं वा तत् सर्वमनित्यं यथा घटादिः, सन् कृतको वा शब्द इति । **अयं भावः** यत्र धूमस्तत्र वह्निरित्यादिना साध्यव्याप्तसाधनप्रदर्शनेन हेतोः सामान्येनाऽऽधारप्रतिपत्तावपि पर्वतादि-

મન્તવ્ય કંઈક આવું છે. ''વક્તા સ્વયં તો હેતુ દ્વારા સાધ્યને પક્ષમાં જાણી ચુકેલો છે. તેનું આ જ્ઞાન સ્વાર્થાનુમાન છે. પછી અન્યને પણ તે જ સાધ્યની અનુમિતિ કરાવવા માટે વક્તા પોતે પક્ષ-હેતુવચનનો પ્રયોગ કરે છે. આ વચનપ્રયોગમાં વક્તાનું સ્વાર્થાનુમાનરૂપ જ્ઞાન કારણ બને છે. એટલે કાર્યરૂપ વચનમાં કારણભૂત વક્તાના જ્ઞાન માટે અનુમાન શબ્દનો પ્રયોગ થયો છે.'' પરંતુ આ મન્તવ્યમાં કેટલીક વાતો વિચારવી પડે. (૧) અહીં પરાર્થાનુમાનની વાત પ્રસ્તુત છે. કાર્યમાં કારણનો ઉપચાર માનવા જતા કારણરૂપ સ્વાર્થાનુમાનનો કાર્યરૂપ વચનમાં ઉપચાર માનવો પડે છે. તેથી પ્રકરણબાધ આવે છે. વળી, પરાર્થાનુમાનના બદલે સ્વાર્થાનુમાનનો ઉપચાર માનવો પડે છે. આ ઉપચાર મુખ્યાર્થથી થોડે દૂર ચાલ્યો જાય છે. મુખ્યાર્થનો બાધ એ જેમ ઉપચારનું બીજ છે તેમ મુખ્યાર્થને સંબદ્ધ રહેવું તે ઉપચારનું સ્વરૂપ છે. (૨) કદાચ સ્વાર્થ-પરાર્થ બન્ને અનુમાનને અનુમાનસામાન્યરૂપે એકવાર માનીને ઉપરોક્ત આપત્તિ દૂર કરવા જઈએ તો પણ બીજી આપત્તિ એ આવશે કે વક્તા પક્ષહેતુવચન ઉચ્ચારે તે સ્વાર્થાનુમાનપૂર્વક જ હોય એવો કોઈ કાયદો નથી. વક્તાને સાધ્યસિદ્ધિ પ્રત્યક્ષપ્રમાણથી પણ થયેલી હોઈ શકે છે. આવા સ્થળે પક્ષહેતુવચન સ્વાર્થાનુમાનાત્મક જ્ઞાનપૂર્વક ન રહેતા પ્રત્યક્ષજ્ઞાનપૂર્વક થશે. તેથી અહીં કાર્યરૂપ વચનમાં કારણભૂત પ્રત્યક્ષજ્ઞાનનો ઉપચાર માનવો પડે. જે જ્ઞાન પ્રત્યક્ષાત્મક છે તેને અનુમાનરૂપ (=પરોક્ષરૂપ) ઉપચારથી પણ શી રીતે કહેવાય ? અને આવા સ્થળે સ્વાર્થાનુમાન રૂપ કારણ વિના (પ્રત્યક્ષજ્ઞાનથી જ) પક્ષહેતુવચનપ્રયોગ થતો હોવાથી સ્વાર્થાનુમાન અને વચનપ્રયોગ વચ્ચેના કાર્ય-કારણભાવના ભંગની પણ આપત્તિ માનવી પડે. આ દિશામાં હજી પણ વિચારી શકાય છે.)

**પ્રશ્ન :** આ રીતે તો પરાર્થાનુમાન શબ્દજન્ય થયું તો પછી તે શાબ્દબોધરૂપ બની જશે ને ?

**ઉત્તર :** એમ તો 'આ પરાર્થાનુમાન શ્રોત્રાત્મક ઈન્દ્રિયજન્ય પણ છે તેથી એ પ્રત્યક્ષ (શ્રાવણપ્રત્યક્ષ) નહીં બને ?' આવી શંકા પણ થઈ શકે છે. વસ્તુસ્થિતિ એ છે કે આપ્તપુરુષ 'પર્વતો વહ્નિમાન્' એટલું જ કહે અને એ વચનથી જ શ્રોતાએ 'પર્વત પર અગ્નિ છે' એવો બોધ જો કરવાનો હોય તો તેને શાબ્દબોધ કહી શકાય. અહીં 'પર્વતો વહ્નિમાન્' આવું શબ્દ શ્રવણ એ શ્રાવણપ્રત્યક્ષ છે. તે પછી પદજ્ઞાન દ્વારા (પદજ્ઞાનકરણ) જે બોધ થાય તેને શાબ્દબોધ કહેવાય. જેને પદશક્તિનું જ્ઞાન ન હોય તેને માત્ર શબ્દશ્રવણરૂપ પ્રત્યક્ષ થશે, શાબ્દબોધ નહીં થાય. આમ, 'પર્વતો વહ્નિમાન્ ધૂમાત્' એમ જ્યારે વક્તા બોલે છે ત્યારે બધિર વ્યક્તિને શ્રાવણપ્રત્યક્ષ પણ થતું નથી. પટુ કર્ણેન્દ્રિયવાળી વ્યક્તિને શ્રાવણપ્રત્યક્ષ થાય છે. પણ જો શક્તિજ્ઞાન ન હોય તો શાબ્દબોધ થતો નથી. જેને શક્તિજ્ઞાન છે પણ વ્યાપ્તિજ્ઞાન નથી એ વક્તા પરની શ્રદ્ધાથી 'પર્વત અગ્નિવાળો છે, કારણ કે તે ધૂમવાળો છે' એવો શાબ્દબોધ કરશે પરંતુ તેને વ્યાપ્તિસ્મરણ, પરામર્શાદિ ન થવાથી અનુમિતિ નહીં થાય. (એ શ્રદ્ધાળુ નહીં હોય તો 'ધૂમ હોવાથી શું થઈ ગયું ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**शास्त्रेऽपि । परानुग्रहार्थं शास्त्रे तत्प्रयोगश्च वादेऽपि तुल्यः, विजिगीषूणामपि मन्दमतीनामर्थ-प्रतिपत्तेस्तत एवोपपत्तेरिति ।**

विशिष्टधर्मिधर्मताऽधिगतये 'धूमश्चात्र' इत्येवंरूपमुपसंहारवचनमवश्यमाश्रीयते **ताथागतैः** । तथैव पक्षप्रयोगोऽ-

એથી કંઈ અગ્નિ હોય એમ થોડું માની લેવાય ?' ઈત્યાદિ દલીલ કરશે.) જેને વ્યાપ્તિજ્ઞાન પણ છે તેને પક્ષહેતુવચન સાંભળીને જે જ્ઞાન થાય તે વ્યાપ્તિજ્ઞાનકરણક હોવાથી અનુમિતિ (પરાર્થાનુમાન) રૂપ છે.

### ✻ પક્ષવચન વિશે અનેકાંત (બૌદ્ધમત ખંડન) ✻

**બૌદ્ધ :** તમે (જૈનો) પક્ષહેતુવચનને પરાર્થાનુમાન કહો છો એ વાત બરાબર નથી. માત્ર હેતુવચન જ પર્યાપ્ત (પૂરતું) છે. જ્યારે પણ કોઈ બે વ્યક્તિ વચ્ચે વિવાદ પ્રવર્તે ત્યારે અમુક પદાર્થમાં અમુક ધર્મ હોવા/ન હોવા અંગે જ હોય છે. દા.ત. કોઈ આત્માને નિત્ય કહેશે તો કોઈ અનિત્ય કહેશે. કોઈ 'આત્મા અસ્તિ' કહેશે તો વળી કોઈ બીજો 'આત્મા નાસ્તિ' કહેશે. અહીં વસ્તુ તો પ્રમાણથી અથવા વિકલ્પથી અથવા ઉભયથી સિદ્ધ જ હોય છે, પણ તેમાં નિત્યત્વ, અનિત્યત્વ, અસ્તિત્વ, નાસ્તિત્વ વગેરે ધર્મો જ અસિદ્ધ હોય છે. તેથી તે તે વિવક્ષિત ધર્મની સિદ્ધિ કરવા માટે હેતુવચન જરૂરી છે. પક્ષ તો વિવાદનું કેન્દ્ર હોવાથી જ જણાઈ જતો હોય છે તેથી પરાર્થાનુમાનમાં પક્ષવચન બિનજરૂરી છે.

**જૈન :** આ વાત બરાબર નથી. કારણ કે ઘણી વખત એવું પણ બનતું હોય છે કે વાદમાં વચ્ચે પ્રાસંગિક કોઈ બીજી ચર્ચા પણ થઈ જાય અને પછી તેનો ઉપસંહાર કરીને પુનઃ મૂળ ચર્ચા ચાલુ રખાય છે. આવા પ્રસંગે વચ્ચે વ્યવધાન પડવાથી 'પક્ષ' ભૂલાઈ ગયો હોય એવું પણ બને. કદાચ પ્રતિવાદી વ્યુત્પન્નમતિવાળો હોય તો તેને પક્ષની પ્રતીતિ પક્ષવચન વિના પણ થઈ શકે છે. તેમ છતાં પણ અવ્યુત્પન્નમતિવાળા માટે તો પક્ષવચનનો નિર્દેશ અવશ્ય કરવો જ જોઈએ. હા, પ્રસ્તુત અનુમાનવાક્યના જે પ્રતિજ્ઞાવાક્યાદિ પાંચ અવયવો છે તેની સાથે પ્રસ્તુત વિવાદ પણ જો એકવાક્યતાને પામી ગયો હોય તો પછી તેના વિવાદથી જ પક્ષ જણાઈ શકે છે. આ રીતે જો પક્ષ જણાઈ જતો હોય તો પછી પક્ષવચનનો અપ્રયોગ અમને પણ ઈષ્ટ જ છે. એટલે પક્ષવચનના પ્રયોગ વિશે જૈનદર્શન અનેકાંતને જ સલામત સિદ્ધાન્ત તરીકે સ્વીકારે છે. જરૂર હોય ત્યાં કરવો, જરૂર ન હોય ત્યાં ન કરવો. બધે કરવો એવું પણ નહીં અને ક્યાંય ન જ કરવો એમ પણ નહીં.

વળી, જે રીતે હેતુ પ્રતિનિયત ધર્મીનો ધર્મ છે એ વાતને જણાવવા માટે તમે (બૌદ્ધ) ઉપસંહાર વચનનો પ્રયોગ સ્વીકારો છો તેવી જ રીતે સાધ્ય પણ અમુક પ્રતિનિયત ધર્મીનો ધર્મ છે એ વાતને જણાવવા માટે પક્ષવચનના પ્રયોગનો સ્વીકાર પણ તમારે (બૌદ્ધોએ) અવશ્ય કરવો જોઈએ. (**તાત્પર્ય :** 'यत् सत्, तत् क्षणिकं, यथा मेघादिकं, सत् चेदम्'... આ રીતે અનુમાનવાક્ય બૌદ્ધો સ્વીકારે છે. આમાં 'सत् चेदम्' એટલો અંશ ઉપસંહારવાક્ય કહેવાય છે. બૌદ્ધો આવા ઉપસંહારવચનને આવશ્યક માને છે જેથી જાણી શકાય કે હેતુ (સત્ત્વ) એ અમુક પ્રતિનિયતધર્મીનો (જે અહીં 'इदं' પદથી વિવક્ષિત છે તેનો) ધર્મ છે. જેમ ઉપસંહારવચન દ્વારા હેતુ, પ્રતિનિયત ધર્મીનો ધર્મ છે એ વાત જણાવાય છે. તેમ પક્ષવચન દ્વારા સાધ્ય, પ્રતિનિયત ધર્મીનો ધર્મ છે એ વાત જણાવાય છે. માટે ઉપસંહાર વચનને આવશ્યક માનનારા બૌદ્ધોએ પક્ષવચનને પણ અમારી જેમ સ્વીકારવું જ પડશે.) કહેવાનું તાત્પર્ય એ છે કે ઉપસંહારવચન સ્વીકારવું અને પક્ષવચનનો નિષેધ કરવો આવો અર્ધજરતીયન્યાય ઉચિત નથી. અન્યથા, હેતુવચનની પણ શી જરૂર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आगमात्परेणैव ज्ञातस्य वचनं परार्थानुमानम्, यथा बुद्धिरचेतना उत्पत्तिमत्त्वात् घटवदिति साङ्ख्यानुमानम् । अत्र हि बुद्धावुत्पत्तिमत्त्वं साङ्ख्येन नैवाभ्युपगम्यत इति; तदेतदपे-**

प्यङ्गीकर्तव्य इति भावः ।

यद्यपि वादिप्रतिवाद्युभयसम्प्रतिपन्नमेव साधनं वादभूमिकायामुपयुज्यत इति सर्वसम्मता वादमर्यादा, तथापि कश्चित् **साङ्ख्य**प्रख्यः स्वसिद्धान्तं स्थापयितुं स्वानभिमतमपि किञ्चित् साधनं प्रतिवादीष्टत्वमात्रेण वादकाल एव प्रयोक्तुमिच्छन्नेव तां सर्वसम्मतवादमर्यादामतिक्रम्य स्वाभिप्रायानुकूलमेव परार्थानुमानीयं यत् लक्षणान्तरं प्रणीतवान् तदेवात्र ग्रन्थकारः **स्याद्वादरत्नाकरोक्त**दिशा (पृ०५५१) निरसितुं निर्दिशति '**आग-**

છે ? કારણ કે સમર્થન પ્રયોગથી જ હેતુની પ્રતીતિ શક્ય છે. 'સમર્થન' શબ્દનો અર્થ છે - હેતુનો પ્રયોગ કર્યા પછી તેની અસિદ્ધતા આદિ દોષોનું નિરાકરણ કરવું. અર્થાત્, હેતુની સાધ્ય સાથેની વ્યાપ્તિ જણાવીને (= હેતુની અવ્યભિચારિતા, અવિરુદ્ધતા જણાવીને) પછી ધર્મીમાં હેતુની સત્તા જણાવવી (= હેતુની અસિદ્ધતાનો અભાવ જણાવવો) એ જ અહીં સમર્થન પદાર્થ છે. દા.ત. શબ્દમાં અનિત્યતાની સિદ્ધિ માટે અપાયેલા અનુમાનસ્થળે 'જે જે સત્ હોય તે તે બધું અનિત્ય છે જેમ કે ઘટાદિ, શબ્દ પણ સત્ છે.' અહીં 'શબ્દ પણ સત્ છે' એટલા અંશથી 'સત્ત્વ' હેતુની અસિદ્ધતાનું નિરાકરણ કરાયું છે અને એ પૂર્વના અંશથી હેતુની વ્યાપ્તિ નિશ્ચિત કરાઈ છે. આનું નામ હેતુનું સમર્થન. હેતુનું સમર્થન કરવાથી હેતુની પ્રતીતિ થઈ શકતી હોવાથી હેતુનો પણ પૃથગ્ ઉપન્યાસ કરવાની શી જરૂર રહે ?

**બૌદ્ધ :** મન્દમતિવાળા લોકોને હેતુપ્રતીતિ કરાવવા માટે પૃથગ્ હેતુવચન જરૂરી છે.

**જૈન :** આ દલીલ તો પક્ષવચનની આવશ્યકતા સિદ્ધ કરવા માટે પણ ઉપયોગી છે. તદુપરાંત, બીજી વાત એ પણ છે કે પક્ષવચન (પ્રતિજ્ઞાવાક્ય)નો પ્રયોગ જો અનુચિત લાગતો હોય તો પછી શાસ્ત્રના પ્રારંભમાં પણ પ્રતિજ્ઞાવાક્ય હોવું ન જોઈએ. કારણ કે શાસ્ત્રો પણ શ્રોતાવર્ગના બોધ માટે હોવાથી 'પરાર્થ' જ છે. પરંતુ હકીકત તો એ છે કે તમારા (બૌદ્ધોના) શાસ્ત્રમાં પણ આવા પ્રતિજ્ઞાવાક્યનો પ્રયોગ થતો દેખાય છે. 'શાસ્ત્રશ્રવણથી શ્રોતાને સ્પષ્ટ બોધ થઈ શકે એ માટે શાસ્ત્રમાં પ્રતિજ્ઞાવચન જરૂરી છે.' આવો બચાવ જો તમે કરશો તો પછી આ દલીલ તો વાદમાં પણ તુલ્ય છે. વાદમાં પ્રવૃત્ત થયેલા (જીતવાની ઈચ્છાવાળા) એવા મન્દમતિવાળાને પણ પ્રતિજ્ઞાવચન (પક્ષવચન)થી જ અર્થબોધ થઈ શકે છે.

(બૌદ્ધો આદિવાક્ય (પ્રતિજ્ઞાવાક્ય)ને ગ્રન્થપ્રારંભમાં આવશ્યક માનતા નથી. **સ્યાદ્વાદ રત્નાકર** ગ્રન્થની શરૂઆતમાં જ અનેક દલીલો દ્વારા પ્રતિજ્ઞાવાક્યની આવશ્યકતા સિદ્ધ કરાઈ છે.)

## * પરાર્થાનુમાનના પરાભિમતલક્ષણનું ખંડન *

(સામાન્યથી તો વાદી અને પ્રતિવાદી બન્નેને જે સંમત હોય તે જ હેતુ પરાર્થાનુમાનમાં ઉપયોગી બની શકે. પરંતુ કોઈ એવું કહે છે કે 'માત્ર પ્રતિવાદીને જ પોતાના આગમથી જે સિદ્ધ હોય તે પણ પરાર્થાનુમાનમાં હેતુ બની શકે. તેમના મન્તવ્યને જણાવીને ગ્રન્થકાર તેનું નિરસન કરે છે.)

**પૂર્વપક્ષ :** જે હેતુનો પ્રયોગ થાય તે સિદ્ધ હોવો જોઈએ. પરાર્થાનુમાનમાં વાદીએ પ્રતિવાદી માટે જ હેતુનો પ્રયોગ કરવાનો હોય છે. તે હેતુ કદાચ વક્તાને સંમત ભલે ન હોય પરંતુ શ્રોતાને પોતાના આગમથી જો તે હેતુ સિદ્ધ હોય તો શ્રોતાને સાધ્યસિદ્ધિ કરાવવા માટે તે હેતુ સક્ષમ કહેવાય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**शलम्; वादिप्रतिवादिनोरागमप्रामाण्यविप्रतिपत्तेः, अन्यथा तत एव साध्यसिद्धिप्रसङ्गात् ।**

**मात् परेणैव**' इत्यादिना । '**आगमात्**' - आगमानुसारेण, '**परेणैव**'-प्रतिवादिनैव, '**ज्ञातस्य**'-सम्मतस्य, '**वचनम्**'-साधनतया वादकाले वादिना कृतः प्रयोग इत्यर्थः । तथा च वादिना प्रतिवादिनि स्वसिद्धान्तप्रत्यायनं साधनसिद्धया सम्पादनीयम् । सा च साध्यसिद्धिर्यदि केवलप्रतिवादिन्यपि स्यात् तावतैव वादी कृतार्थो भवेदिति किमुभयसिद्धसाधनगवेषणप्रयासेन ?, इति परार्थानुमानीयलक्षणान्तरकारिणः पूर्वपक्षिण आशयः।

प्राग्निर्दिष्टं लक्षणान्तरं निराकरोति '**तदेतदपेशलम्**' इत्यादिना। **अत्रायं भावः** - वादिप्रतिवाद्युभयसिद्धस्यैव साधनस्य परार्थानुमानोपयोगितया न वादिप्रतिवाद्येकतरसिद्धसाधनेन अनुमानप्रवृत्तिरुचिता। तथा च साधन-सिद्धये समाश्रीयमाणः आगमोऽपि वादिप्रतिवाद्युभयसम्प्रतिपन्नप्रामाण्यक एव परार्थानुमानोपजीव्यः, न तु तदन्यतरमात्रसम्मतप्रामाण्यकः। एवं च न प्रतिवादिमात्राभ्युपगतप्रामाण्यकेन आगमेन साधनमुपन्यस्य अनु-मानप्रवर्तनं वादिनो न्याय्यम् । वादी हि प्रतिवाद्यागमं तेन परीक्ष्य स्वीकृतमपरीक्ष्य वा स्वीकृतमिति मत्वा तमागममाश्रयन्ननुमानावसरे साधनमुपन्यस्येत् ?। न प्रथमः पक्षः, वादिनापि तदागमप्रामाण्यस्य स्वीकरणी-

---

પરાર્થાનુમાનકાળે શ્રોતાને સાધ્યસિદ્ધિ કરાવવી એટલું જ તો વક્તાનું પ્રયોજન હોય છે તેથી 'પોતાના આગમથી પ્રતિવાદીને જ જે સિદ્ધ હોય તેવું હેતુવચન એ પરાર્થાનુમાન કહેવાય છે.' આવું પરાર્થાનુમાનનું લક્ષણ કરવું ઉચિત છે. જેમ કે સાંખ્યો જ્ઞાનને જડ (અચેતન) માને છે. તેની સિદ્ધિ કરવા માટે તે લોકો આવું અનુમાન આપે છે 'બુદ્ધિ અચેતન છે, કારણ કે તે ઉત્પન્ન થાય છે. જેમ કે ઘટ.' હવે સાંખ્યો તો સત્કાર્યવાદી હોવાથી કોઈ પણ પદાર્થની ઉત્પત્તિ કે નાશ તો માનતા જ નથી. માત્ર આવિર્ભાવ-તિરોભાવ જ માને છે. બાકી સાંખ્યોના મતે તો દરેક વસ્તુ નિત્ય છે. તેથી તેમણે આપેલો 'ઉત્પત્તિમત્ત્વ' હેતુ તેમના મતે બુદ્ધિમાં (પક્ષમાં) રહ્યો નથી કે ઘટાદિમાં (દૃષ્ટાન્તમાં) પણ રહ્યો નથી. છતાં, અહીં હેત્વાભાસ કે દૃષ્ટાન્તાભાસ દોષ નથી કારણ કે સાંખ્યો તો ઉક્ત અનુમાન જૈન વગેરેને આપે છે અને એ બધા તો જ્ઞાનને પર્યાયાદિરૂપે માને છે તેથી જ્ઞાનાદિમાં ઉત્પત્તિમત્ત્વ માને જ છે. માટે તેમને તો સ્વઆગમપ્રમાણથી હેતુ સિદ્ધ જ છે. આ રીતે સાંખ્યો બુદ્ધિમાં ઉત્પત્તિમત્ત્વ સ્વીકારતા નથી છતાં પણ માત્ર પ્રતિવાદીને સિદ્ધ એવા હેતુનો પ્રયોગ પણ તે લોકો કરે છે. સાંખ્યોએ આપેલા આ અનુમાનના જોરે અમે એમ માનીએ છીએ કે 'પોતાના આગમ થકી માત્ર પ્રતિવાદીને જ સિદ્ધ હોય એવા હેતુનો પ્રયોગ એ પરાર્થાનુમાન છે.'

**ઉત્તરપક્ષ :** માત્ર પરપ્રસિદ્ધ હેતુથી પરાર્થાનુમાન કરાવવાની તમારી વાત બરાબર નથી. કારણ કે પહેલી વાત તો એ છે કે વિવક્ષિત આગમના પ્રામાણ્ય અંગે વાદી-પ્રતિવાદી વચ્ચે મતભેદ રહેવાનો જ. જો મતભેદ ન હોય તો પછી તે આગમથી જ વિવક્ષિત સાધ્યની સિદ્ધિ થઈ શકે છે. પછી અનુમાન કરવું વ્યર્થ છે. **દા.ત.** સાંખ્યોના આગમ બુદ્ધિને અચેતન કહે છે તે અંગે જો પ્રતિવાદી = જૈન વગેરેને મતભેદ ન હોય તો પછી સાંખ્યોના આગમથી જ તે પ્રતિવાદીને સાધ્યસિદ્ધિ (બુદ્ધિમાં અચેતનત્વની સિદ્ધિ) થઈ જતી હોવાથી વિવાદ જ ક્યાં રહે કે જેથી સાંખ્યોએ પ્રતિવાદીઓને અચેતનત્વની સિદ્ધિ કરવા અનુમાન આપવું પડે ! (અને પ્રતિવાદીઓ પણ જો સાંખ્યાગમોને સ્વીકારી લેતા હોય પછી તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परीक्षापूर्वमागमाभ्युपगमेऽपि परीक्षाकाले तद्बाधात् । नन्वेवं भवद्भिरपि कथमापाद्यते परं प्रति**

यत्वापत्तेः । न हि परीक्षितं केनापि प्रामाणिकेन उपेक्षितुं शक्यम् । तथा च प्रतिवाद्यागमानुसारेणैव साधनवत् साध्यकोटेरपि वादिना अवश्याङ्गीकार्यत्वेन तद्विरुद्धसाधनाय अनुमानोपन्यासस्य वैयर्थ्यात् आगमबाधितत्वाच्च । न द्वितीयः, आगमस्यापरीक्ष्याभ्युपगतस्य प्रामाण्यस्य प्रतिवादिनोऽपि शिथिलमूलतया सन्दिग्धतया सन्दिग्धप्रामाण्यकतादृशप्रतिवाद्यागमानुसारेणासन्दिग्धसाधनोपन्यासस्य वादिना कर्तुमशक्यत्वात्।

**'अन्यथा'**-विप्रतिपन्नप्रामाण्यकागमाश्रयणेन साधनोपन्यास इत्यर्थः । **'तत एव'**-प्रतिवादिमात्रसम्मतादेव, तदीयागमात् साध्यसिद्धिप्रसङ्गात् प्रतिवादिनि स्वकोटेः स्वागमेनैव निश्चितत्वात् वादिकोटेश्च तेनैवागमेन बाधितत्वात् संशयरूपपक्षताया अभावेन तत्र नानुमितिसम्भव इत्यर्थः ।

**ननु** अनुमानोत्तरकालं तु प्रतिवादिना परीक्ष्यागमः स्वीकरिष्यते, अनुमानकाले पुनः परम्परायातेन अभिनिवेशमात्रेण वा तेन स्वीकृत इति तदाश्रयणेन साधनमुपन्यस्यन् वादी कथमुपालम्भास्पदं भवेत् ?, इत्या-

---

તેઓ પણ સાંખ્યાગમવિપરીત એવી બુદ્ધિમાં ચેતનત્વની કે ચેતનધર્મત્વની વાત શા માટે કરે ? અને કરે તો પણ તે આગમબાધિત (પ્રમાણબાધિત) થવાથી ઊડી જશે.) માટે વાદી-પ્રતિવાદી વચ્ચે પરસ્પરના આગમો અંગે મતભેદ રહેવાનો જ. તેથી માત્ર પ્રતિવાદીના આગમના આધારે, વાદી પોતાને અસ્વીકૃત એવો હેતુ આપે તે વાદમર્યાદાનું ઉલ્લંઘન કહેવાય.

**પૂર્વપક્ષ** : પરાર્થાનુમાન તો પરપ્રતીતિ માટે જ છે ને ! વાદીને તો સાધ્ય સિદ્ધ જ છે. પ્રતિવાદીને તેની સિદ્ધિ કરાવવા માટે તો હેતુ અપાય છે. પ્રયુજ્યમાન હેતુ વાદીસંમત ભલે ને ન હોય છતાં પણ 'म्लेच्छो म्लेच्छभाषया बोधयितव्यः' ના ન્યાયે પ્રતિવાદીને સંમત એવો હેતુ વાદી આપે એમાં શું વાંધો? આપણે તો મગ સીઝવવાથી કામ છે ને ! જે પાણીએ મગ સીઝે એ પાણીએ સીઝવવાના !

**ઉત્તરપક્ષ :** તમે જરા વાતને સમજો. 'પ્રતિવાદી તો પોતાના આગમને પ્રમાણ માને જ છે ને, પછી તેના આગમ પ્રમાણે હેતુ આપવામાં શું વાંધો ? એ હેતુ પ્રતિવાદીને તો સિદ્ધ જ છે ને ! જેને સાધ્યસિદ્ધિ કરાવવાની હોય તેને હેતુ સિદ્ધ છે પછી શું વાંધો ?' આવી તમારી માન્યતા બરાબર નથી. પ્રતિવાદી બુદ્ધિમાં ઉત્પત્તિમત્ત્વ સ્વીકારે છે પણ અચેનત્વ માનતા નથી. હવે જ્યારે સાંખ્યો (વાદી) તરફથી બુદ્ધિમાં અચેતનત્વ સિદ્ધ કરતું અનુમાન અપાય ત્યારે પ્રતિવાદીના આગમ, કે જે બુદ્ધિમાં અચેનત્વ માનતા નથી, તેનું નિરાકરણ થઈ જશે. વાદી તરફથી કરાયેલી પ્રતિવાદી-આગમવિરુદ્ધ રજુઆતને પ્રતિવાદી જો સ્વીકારી લે તો પ્રતિવાદી માટે પણ પોતાના આગમ અપ્રમાણ જ બન્યા કહેવાય. પ્રતિવાદીએ પરીક્ષાપૂર્વક પોતાના આગમને સ્વીકાર્યા હોય તો પણ વાદકાળે = પરીક્ષાકાળે તેના આગમથી વિપરીત રજુઆત સિદ્ધ થઈ જતા તેના આગમના પ્રામાણ્યનો બાધ થશે એટલે વસ્તુતઃ તો પેલા પ્રયુજ્યમાન હેતુ પ્રતિવાદીને પણ પ્રમાણસિદ્ધ રહેતો નથી. તેથી અંતે તો તે હેતુ ઉભયને અસિદ્ધ બની જશે. તેથી પોતાને અસિદ્ધ એવા હેતુનો પ્રયોગ વાદી કરી ન શકે એટલે એવા હેતુને પરાર્થાનુમાન ન કહેવાય એ જ ફલિતાર્થ છે.

**પૂર્વપક્ષ :** આ રીતે જો માત્ર પ્રતિવાદીને જ સિદ્ધ એવા હેતુથી પરાર્થાનુમાન શક્ય ન હોય તો તમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**'यत् सर्वथैकं तन्नानेकत्र सम्बध्यते, तथा च सामान्यम्' इति ?। सत्यम्; एकधर्मोपगमे धर्मान्तरसन्दर्शनमात्रतत्परत्वेनैतदापादनस्य वस्तुनिश्चायकत्वाभावात्, प्रसङ्गविपर्ययरूपस्य**

---

शङ्कायामाह '**परीक्षाकाले तद्बाधाद्**' इति । तथा च अनुमानावसरे वादिविरोधं सहमानस्य प्रतिवादिनः स्वागमप्रामाण्यं न निश्चितं नाम । परीक्षाकाले प्रतिवादिप्रतिपन्नाऽऽगमप्रतिपादितार्थस्य वादिनाऽयुक्तत्वव्यवस्थितौ प्रतिवाद्यागमस्य बाधितार्थकत्वेनाप्रामाण्यस्यैव व्यवस्थित्या प्रामाण्याभ्युपगमस्य तदानीं बाधात् । एवं च तथा प्रतिवाद्यागमः वादिनोऽनिश्चितप्रामाण्यकस्तथा प्रतिवादिनोऽप्यनिश्चितप्रामाण्यक इति न तदाश्रयणेन साधनोपन्यासः कामपि इष्टसिद्धिं पुष्णातीति भावः ।

'**प्रसङ्गविपर्यय**' इति व्याप्याभ्युपगमनान्तरीयको व्यापकाभ्युपगमो यत्र प्रसज्यते तत् प्रसङ्गसाधनमुच्यते। प्रसङ्गः खल्वत्र व्यापकविरुद्धोपलब्धिरूपः । अनेकव्यक्तिवर्तित्वस्य हि व्यापकमनेकत्वम्, एकान्तिकैकरूपस्यानेकव्यक्तिवर्तित्वविरोधात् । अनेकत्रवृत्तेरनेकत्वं व्यापकं तद्विरुद्धं च सर्वथैक्यं सामान्ये त्वयाऽभ्युपगम्यते ततो नाऽनेकवृत्तित्वं स्यात्, विरोध्यैक्यसद्भावेन व्याप्येन व्यापकस्यानेकत्वस्य निवृत्त्या व्याप्यस्यानेकवृत्तित्वस्याऽवश्यं निवृत्तेः इति प्रसङ्गापादनम्। न च तन्निवृत्तिरभ्युपगतेति लब्धावसरः प्रसङ्गविपर्ययाख्यो विरुद्ध-

---

(જૈનો) નૈયાયિકો સામે 'સામાન્ય જો સર્વથા એક હોય તો તે અનેક ધર્મીઓ સાથે સંબદ્ધ ન હોય' એવું અનુમાન શી રીતે આપી શકો ? કારણ કે સામાન્યમાં સર્વથા એકત્વ તો તમને જૈનોને સ્વીકૃત નથી. એ તો નૈયાયિકો માને છે. (**તાત્પર્ય :** નૈયાયિકો સામાન્ય (જાતિ) પદાર્થને સર્વથા એકરૂપ અને અનેકવ્યક્તિવૃત્તિરૂપ માને છે. **દા.ત.** ઘટત્વ સામાન્ય વિશ્વમાં એક જ છે અને સકલઘટવૃત્તિ છે. જૈનો આની સામે એમ કહે છે કે 'सामान्यं नानेकव्यक्तिवृत्ति सर्वथैकरुपत्वात्' = 'સામાન્ય અનેકવ્યક્તિવૃત્તિ નથી કારણ કે તે સર્વથા એકરૂપ છે.' અહીં સામાન્યમાં સર્વથા એકરૂપત્વ તો નૈયાયિકમાન્ય જ છે, સ્યાદ્વાદી તો કોઈ વસ્તુમાં સર્વથા એકરૂપત્વ માનતા નથી. તેથી, માત્ર પરાભ્યુપગત હેતુનો પ્રયોગ જો થઈ ન શક્તો હોય તો જૈનો આવો પ્રયોગ શી રીતે કરી શકે ? એવો પૂર્વપક્ષીનો આશય છે.)

**ઉત્તરપક્ષ :** તમે જે કહો છો તે બરાબર છે પરંતુ એના પરથી જે સિદ્ધ કરવું છે કે માત્ર પરાભ્યુપગતહેતુથી પણ પરાર્થાનુમાન થઈ શકે છે એ વાત સિદ્ધ થવાની નથી. (આવો અર્ધાંગીકાર હોય ત્યાં 'सत्यम्' આદિ પરથી આક્ષેપપરિહાર કરાય છે.) અનેકવ્યક્તિવૃત્તિત્વનો નિષેધ કરવા માટે અમે સર્વથા ઐક્યને હેતુરૂપે રજુ નથી કરતા. કિન્તુ આ તો માત્ર પ્રસંગનું આપાદન કરાય છે. જેમ કે કોઈ કહે કે 'વહ્નિ શીત છે'. તો તેની સામે એમ કહેવામાં આવે કે - વહ્નિમાં શૈત્ય માનશો તો ગુરુત્વ પણ માનવું પડશે કારણ કે ગુરૂત્વ એ શૈત્યવ્યાપક છે. તો એનો અર્થ એમ ન કરાય કે આવું કહેનાર વહ્નિમાં ગુરુત્વ માને છે. આ તો પ્રસંગ-આપાદન છે. એક ધર્મ સ્વીકારવાથી તેને વ્યાપક અન્યધર્મ (ગુરુત્વ) પણ માનવો પડશે એવો પ્રસંગ આપવાનું જ તાત્પર્ય છે. આવો પ્રસંગ આપીને ઉક્ત પ્રસંગના વિપર્યયને જ મૂળહેતુ બનાવાય છે. જેમ 'वह्नि न शीतः गुरुत्वाभावात्'. પેલો પ્રસંગ તો આ મૂળહેતુનો સહાયક બને છે. પ્રસ્તુતમાં પણ 'જે સર્વથા એકરૂપ હોય તે અનેકવ્યક્તિવૃત્તિ ન હોઈ શકે' એવી વ્યાપ્તિ બતાવવા દ્વારા એવું પ્રસંગ આપાદન જ કરાય છે કે 'જો તમે સામાન્યમાં સર્વથા ઐક્યરૂપ એક ધર્મ માનશો તો સાથે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मौलहेतोरेव तन्निश्चायकत्वात्, अनेकवृत्तित्वव्यापकानेकत्वनिवृत्त्यैव तन्निवृत्तेः मौलहेतुपरिकरत्वेन**

व्याप्तोपलब्धिरूपोऽत्र मौलो हेतुः। यथा यदनेकवृत्ति तदनेकम्, अनेकवृत्ति च सामान्यमिति। एकत्वस्य हि विरुद्धमनेकत्वं, तेन व्याप्तमनेकवृत्तित्वं, तस्योपलब्धिरिह । मौलत्वं चास्यैतदपेक्षयैव प्रसङ्गस्योपन्यासात्। न चायमुभयोरपि न सिद्धः । सामान्ये **जैनयोगाभ्यां** तदभ्युपगमात् । ततोऽयमेव मौलो हेतुरयमेव च वस्तुनिश्चायकः ।" -

**ननु** यदि प्रसङ्गविपर्यय एव मूलहेतुस्तर्हि प्रसङ्गोपन्यासः किमर्थ इत्याशङ्कायां प्रसङ्गोपन्याससार्थक्यमाह- '**अनेकवृत्तित्व**' इति- अनेकवृत्तित्वस्य व्यापकं यदनेकत्वं, तस्य या सर्वथैक्यस्वीकारे सति निवृत्तिः, तयैव व्यापकनिवृत्त्या व्याप्यीभूतानेकवृत्तित्वनिवृत्तेः प्रसङ्गः = 'यदि सामान्यं सर्वथैकं स्यात् तदा अनेकवृत्ति न स्यात्' इत्यादिरूपो यः क्रियते, स एव सामान्येऽनेकत्वसाधके अनेकवृत्तित्वरूपे मौलहेतौ 'सामान्यमनेकवृत्ति

---

તેનો વ્યાપક એવો અનેકવ્યક્તિવૃત્તિત્વાભાવ રૂપ અન્યધર્મ પણ માનવો પડશે.' (આ પ્રસંગ વ્યાપકવિરુદ્ધોપલબ્ધિરૂપ છે. અનેક વ્યક્તિવૃત્તિત્વને વ્યાપક છે અનેકત્વ, તેનું વિરોધિ છે એકત્વ. તેવું એકત્વ જો તમે માનશો તો અનેકવ્યક્તિવૃત્તિત્વાભાવ માનવો પડશે.) આવો પ્રસંગ આપીને તેના વિપર્યયને જ મૂળહેતુરૂપે રજુ કરાય છે. જેમ કે - 'सामान्यं न सर्वथा एकरुपं अनेकव्यक्तिवृत्तित्वात्' = સામાન્ય સર્વથા એકરૂપ નથી કારણ કે તે અનેકવ્યક્તિવૃત્તિ છે. અહીં અનેકવ્યક્તિવૃત્તિત્વ એ જ મૂળ હેતુ છે (જે બન્ને પક્ષને માન્ય છે.) આ મૂળહેતુ વિરુદ્ધ વ્યાપ્તોપલબ્ધિરૂપ છે. (પ્રતિષેધ્ય = સર્વથા ઐક્ય, તેને વિરુદ્ધ છે અનેકત્વ, અનેકત્વ વ્યાપ્ય છે અનેકવ્યક્તિવૃત્તિત્વ, તેની ઉપલબ્ધિ અહીં હેતુ છે.) અહીં ખાસ સમજી રાખવું કે જેનો પ્રસંગ અપાયો છે તે પોતે અહીં વસ્તુનો નિશ્ચય કરાવનાર નથી. પરંતુ તે પ્રસંગનો વિપર્યય (अनेकव्यक्तिवृत्तित्वाभावनो विपर्यय) અનેકવ્યક્તિવૃત્તિત્વ એ પોતે જ મૂળહેતુ હોવાથી વસ્તુનિશ્ચાયક છે. પ્રસંગ આપાદનમાં એવી વ્યાપ્તિ જણાવાય છે કે જે સર્વથા એકરૂપ હોય તે અનેકવ્યક્તિવૃત્તિ ન હોય, વ્યતિરેકથી જે અનેકવ્યક્તિવૃત્તિ હોય તેનામાં અનેકત્વ હોય. અહીં અનેકત્વ એ વ્યાપક છે. વ્યાપકના અભાવથી વ્યાપ્યનો અભાવ જણાય તેથી જાતિમાં અનેકત્વ ન હોવાથી અનેકવ્યક્તિવૃત્તિત્વ પણ નહીં રહે એમ જણાય છે. તેથી અમારા એકત્વનિષેધક અનુમાનમાં મૂળહેતુ તો અનેકવ્યક્તિવૃત્તિત્વ જ છે જે ઉભયપક્ષમાન્ય છે.

**પૂર્વપક્ષ :** તો પછી પ્રસંગ આપાદન કરવાની શું જરૂર છે ? સીધું જ મૂળ અનુમાન આપો ને ?

**ઉત્તરપક્ષ :** પ્રસંગઆપાદન તો મૂળહેતુના પરિકર (સહાયક) રૂપે કરાયું છે. જેમ કે કોઈ એમ કહે છે 'સામાન્ય અનેકવૃત્તિ હોવા છતાં અનેકત્વવાળું ન હોય તો શું વાંધો ? તો આવી વ્યભિચારશંકાને દૂર કરવા માટે વિપક્ષબાધકતર્ક (અનુકૂળતર્ક) આપી શકાય કે 'જો સામાન્યમાં અનેકત્વ ન હોય (એટલે કે એકત્વ હોય) તો સામાન્યમાં અનેકવ્યક્તિવૃત્તિત્વ પણ ન હોઈ શકે. આ રીતે પ્રસંગ ઉપન્યાસ જે કરાયો છે તે, મૂળહેતુની વ્યાપ્તિની સિદ્ધિ કરાવી આપે છે અને તે દ્વારા ઈષ્ટ સાધ્યની (એકત્વનિષેધની) સિદ્ધિ કરવામાં મદદરૂપ બને છે. તેથી મૂળહેતુના પરિકરરૂપે પ્રસંગનો ઉપન્યાસ કરવો પણ યોગ્ય જ છે. (કારણ કે મૂળહેતુગત વ્યાપ્તિની સિદ્ધિમાં ફલિત થનારા આવા વિપક્ષબાધકતર્કને લગભગ બધા જ માને છે.)

**પૂર્વપક્ષ :** તો પછી 'बुद्धिः अचेतना उत्पत्तिमत्त्वात्' એવું સાંખ્યાનુમાન પણ પ્રસંગઆપાદનપરક છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रसङ्गोपन्यासस्यापि न्याय्यत्वात् । बुद्धिरचेतनेत्यादौ च प्रसङ्गविपर्ययहेतोर्व्याप्तिसिद्धिनिबन्धनस्य विरुद्धधर्माध्यासस्य विपक्षबाधकप्रमाणस्यानुपस्थापनात् प्रसङ्गस्याप्यन्याय्यत्वमिति वदन्ति ।**

---

भवतु मा भूदनेकम्' इत्येवंरूपायाः व्यभिचारशङ्कायाः निवर्तकत्वेन तर्कापरपर्यायः परिकरोऽभिधीयते । एतादृशस्य प्रसङ्गाख्यपरिकरस्य व्यभिचारशङ्काविधूननद्वारा मौलहेतुगतव्याप्तिसिद्धिपर्यवसायिनः उपन्यासस्य सर्वसम्मततया न्याय्यत्वमेव इति भावः ।

"**नन्वेवं** प्रसङ्गेऽङ्गीक्रियमाणे बुद्धिरचेतना, उत्पत्तिमत्त्वादित्ययमपि **साङ्ख्येन** ख्यापितः प्रसङ्गहेतुर्भविष्यति । तथाहि यदि बुद्धिरुत्पत्तिमती भवद्भिरभ्युपगम्यते तदानीं तद्व्यापकमचैतन्यमपि तस्याः स्यादिति प्रसङ्गमापाद्य तद्विपर्ययो मौलहेतुतयोपन्यस्यते । न चाचैतन्यं यतो बुद्धौ ततश्च नोत्पत्तिमत्त्वमपीति चैतन्यमेव प्रसङ्गविपर्ययरूपो मौलहेतुरत्रापीत्याशङ्क्य समाधत्ते '**बुद्धिरचेतनेत्यादौ च**' इत्यादिना ।

"प्रसङ्गविपर्ययहेतोर्मौलस्य चैतन्याख्यस्य **साङ्ख्यानां** बुद्धावपि प्रतिषिद्धत्वाच्चैतन्यस्वीकारेऽपि नाऽनयोः प्रसङ्ग-तद्विपर्यययोर्गमकत्वं, अनेन प्रसङ्गेनात्र प्रसङ्गविपर्ययहेतोर्व्याप्तिसिद्धिनिबन्धनस्य विरुद्धधर्माध्यासस्य विपक्षे बाधकप्रमाणस्यानुपस्थापनात्, चैतन्योत्पत्तिमत्त्वयोर्विरोधाभावात् । एवं ह्यचेतनत्वेनोत्पत्तिमत्त्वं व्याप्तं भवेद्यदि चैतन्येन तस्य विरोधः स्यात्, नान्यथा । न चैवमिति नैतौ प्रसङ्गतद्विपर्ययौ गमकौ भवत इति न **साङ्ख्यानुमाने** प्रसङ्गस्य न्याय्यत्वम्। अतः प्रतिवादिमात्रसिद्धहेतुप्रयोगो नैवोचित इति सम्यक् स्थितं।

---

એમ માનીને ત્યાં પણ પ્રસંગના વિપર્યય (અભાવ) ને જ મૂળ હેતુ માનશું. (**તાત્પર્ય :** ઉક્ત સાંખ્યાનુમાન દ્વારા પણ પ્રસંગનું આપાદન જ કરાય છે કે 'જો તમે બુદ્ધિમાં ઉત્પત્તિમત્ત્વ માનશો તો સાથે તેનો વ્યાપક એવો અચેતનત્વરૂપ અન્ય ધર્મ પણ બુદ્ધિમાં માનવો પડશે.' આવો પ્રસંગ આપીને પછી તેના વિપર્યયને મૂળ હેતુ બનાવીને પછી એમ કહેવાય છે કે 'બુદ્ધિમાં અચેનતત્ત્વ નથી માટે ઉત્પત્તિમત્ત્વ પણ નથી.' આ રીતે ઉક્ત સાંખ્યાનુમાન પણ પ્રસંગહેતુક છે, બાકી મૂળહેતુના પરિકરરૂપે જ એને માનશું.)

**ઉત્તરપક્ષ :** ના, સાંખ્યાનુમાનમાં આવો બચાવ કરવો શક્ય નથી. કારણ કે 'બુદ્ધિમાં જો ઉત્પત્તિમત્ત્વ માનશો તો અચેનત્વ પણ માનવું પડશે' એવો પ્રસંગ આપ્યા પછી તેના વિપર્યયને મૂળહેતુ બનાવો એટલે તમારે મૂળ હેતુ 'ચેતનત્વ' બનશે. પણ સાંખ્યો તો બુદ્ધિમાં ચેતનત્વ સ્વીકારતા નથી. કારણ કે, સાંખ્યો તો એકમાત્ર પુરુષતત્ત્વમાં જ ચૈતન્ય સ્વીકારે છે, શેષ બધા બુદ્ધ્યાદિ પદાર્થો તો જડ એવી પ્રકૃતિના વિકારરૂપ હોવાથી અચેતન છે એવું તે માને છે. તેથી પ્રસંગવિપર્યયરૂપ મૂળહેતુ (= ચૈતન્ય) સાંખ્યોને અસિદ્ધ હોવાથી તે સ્થળે આ રીતે પ્રસંગ આપાદન માની શકાશે નહીં. વળી, સાંખ્યો દ્વારા અપાતો પ્રસંગ વાસ્તવમાં વિપક્ષબાધકતર્ક બનીને મૂળહેતુગતવ્યાપ્તિની સિદ્ધિ કરી શકે તેમ પણ નથી. 'બુદ્ધિ ચેતન પણ હોય અને છતાં ઉત્પત્તિવાળી પણ ભલે હોય' આવી વ્યભિચારશંકા સામે એવો તર્ક આપવો પડે કે 'જે ઉત્પત્તિમત્ હોય તે ચેતન ન હોય' પરંતુ ઉત્પત્તિ અને ચૈતન્ય વચ્ચે કોઈ વિરોધ નથી. અર્થાત્, 'यत्र यत्र उत्पत्तिमत्त्वं तत्र तत्र अचेतनत्त्वं' એવી વ્યાપ્તિ જ નથી. એવી વ્યાપ્તિ હોય તો 'ઉત્પત્તિમત્ત્વ અને ચેતનત્વ બન્ને સાથે રહી ન શકે કારણ કે બન્ને પરસ્પર વિરોધી ધર્મો છે' એ રીતે વિરુદ્ધધર્માધ્યાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**हेतुः साध्योपपत्त्यन्यथानुपपत्तिभ्यां द्विधा प्रयोक्तव्यः, यथा पर्वतो वह्निमान्, सत्येव वह्नौ धूमोपपत्तेः असत्यनुपपत्तेर्वा । अनयोरन्यतरप्रयोगेणैव साध्यप्रतिपत्तौ द्वितीयप्रयोगस्यैकत्रानुपयोगः ।**

**पक्षहेतुवचनलक्षणमवयवद्वयमेव च परप्रतिपत्त्यङ्गं न दृष्टान्तादिवचनम्, पक्षहेतुवचनादेव**

---

वक्ष्यते चाऽन्यतरासिद्धहेत्वाभासपदेन तादृशहेतोः दुष्टत्वमित्युभयसिद्ध एव हेतुः परार्थानुमाने प्रयोक्तव्यः। परार्थानुमानेऽवयवसङ्ख्याने विप्रतिपद्यन्ते **दार्शनिकाः** । तथाहि -**नैयायिकास्**तावत् प्रतिज्ञादीन् पञ्चावयवान् प्रतिपेदिरे । तथा च तत्सूत्रं *'प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनान्यवयवाः* (**न्या.सू.१/१/३२**) पक्षहेतुदृष्टान्तलक्षणं त्र्यवयवं परार्थानुमानमिति **साङ्ख्याः, मीमांसकाश्च,** केचि**न्मीमांसका** उपनयसहितान् चतुरोऽपि कथयन्ति, **बौद्धतार्किकदिङ्नागः धर्मकीर्ति**स्तुदनुसारिणश्च **बौद्धाः** हेतुदृष्टान्ताविति द्वाववयवौ क्वचित् केवलं हेतुरूपमेकमवयवमपि च निरूपयन्ति । तदेतदखिलं मतान्तरजालं मनसि निधाय परार्थानुमानेऽवयवद्वयमेवोपयुज्यत इति प्रतिपादयन्नाह '**पक्षहेतुवचन**' इत्यादिना । अवयवान्तरप्रयोजनाभावं व्युत्पादयति **प्रतिबन्धस्ये-**

---

રૂપ વિપક્ષબાધકતર્ક આપી શકાય. આ વિપક્ષબાધકપ્રમાણથી મૂળહેતુગતવ્યાપ્તિની ('यत्र यत्र चैतन्यं तत्र तत्र उत्पत्तिमत्त्वाभावः' એવી વ્યાપ્તિની) સિદ્ધિ થઈ શકે. પરંતુ સાંખ્યો દ્વારા અપાતો પ્રસંગ વ્યાપ્તિશૂન્ય હોવાથી આ વાત શક્ય નથી. આ રીતે, આખી ચર્ચાને અંતે એ વાતનો ઉપસંહાર થાય છે કે 'માત્ર પ્રતિવાદીને જ સિદ્ધ હોય એવા હેતુને પરાર્થાનુમાન ન કહેવાય, ઉભયસિદ્ધહેતુને જ પરાર્થાનુમાન કહેવાય. તેથી પરાર્થાનુમાનનું પરાભિમત લક્ષણ આ રીતે ખંડિત જાણવું. તેથી ગ્રન્થકારે આપેલું 'पक्षहेतुवचनात्मकं परार्थमनुमानम् (उपचारात्)' એવું લક્ષણ જ નિર્દોષ સાબિત થાય છે.

### * બે પ્રકારે હેતુપ્રયોગ *

પરાર્થાનુમાનમાં હેતુનો પ્રયોગ બે રીતે થઈ શકે છે. (૧) સાધ્યોપપત્તિ દ્વારા (૨) અન્યથાનુપપત્તિ દ્વારા. 'સાધ્ય હોય તો જ હેતુ હોઈ શકે' આને સાધ્યોપપત્તિ કહેવાય છે. **દા.ત.** - 'વહ્નિ હોય તો જ સામે દેખાતા ધૂમની ઉપપત્તિ (સંગતિ) થાય (માટે પર્વત વહ્નિમાન્ છે.) 'સાધ્ય ન હોય તો હેતુ પણ ન જ હોય' આને અન્યથાનુપપત્તિ કહેવાય છે. **દા.ત.** 'વહ્નિ ન હોય તો (સામે દેખાતો) ધૂમ અનુપપન્ન (અસંગત) બની જાય.' (માટે પર્વત વહ્નિમાન્ છે.) આને નૈયાયિકાદિ અન્વય અને વ્યતિરેક વ્યાપ્તિ કહે છે. આમ તો આ હેતુપ્રયોગના બે પ્રકારોમાં વાક્યરચનામાં જ ફેર છે, અર્થમાં ખાસ ફેર નથી. બીજાને સાધ્યસિદ્ધિ થવી એ જ બન્ને પ્રકારના હેતુપ્રયોગનું ફળ છે. આ બેમાંથી કોઈ પણ એક પ્રકારના હેતુપ્રયોગથી જ જો સાધ્યસિદ્ધિ થઈ જાય તો પછી તે પ્રયોજન માટે અન્ય પ્રકારે પુનઃ હેતુપ્રયોગ કરવો જરૂરી નથી. પણ હા, કોઈ મન્દમતિને એટલા માત્રથી સાધ્યની પ્રતીતિ ન થાય તો અન્યપ્રકારે પુનઃ હેતુપ્રયોગ થઈ શકે છે. એટલે હેતુપ્રયોગ ક્યાંક એક રીતે, ક્યાંક ઉભય રીતે થાય છે. (આ જણાવવા માટે ગ્રન્થમાં બન્ને પ્રકારના ઉદાહરણો જણાવતી વખતે વિકલ્પસૂચક 'वा'કારનો પ્રયોગ થયેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परप्रतिपत्तेः, प्रतिबन्धस्य तर्कत एव निर्णयात्, तत्स्मरणस्यापि पक्षहेतुदर्शनेनैव सिद्धेः, असमर्थितस्य दृष्टान्तादेः प्रतिपत्त्यनङ्गत्वात्तत्समर्थनेनैवान्यथासिद्धेश्च । समर्थनं हि हेतोरसिद्ध-त्वादिदोषान्निराकृत्य स्वसाध्येनाविनाभावसाधनम्, तत एव च परप्रतीत्युपपत्तौ किमपर-प्रयासेनेति ?**

**मन्दमतींस्तु व्युत्पादयितुं दृष्टान्तादिप्रयोगोऽप्युपयुज्यते, तथाहि-यः खलु क्षयोपशमवि-**

---

त्यादिना **किमपरप्रयासेने**त्यन्तेन । **असमर्थितस्येति** - हेतुपदस्यात्राध्याहार्यतया असमर्थितस्य हेतोरित्यर्थः, अन्यथा '**तत्समर्थनेने**'त्यत्र वक्ष्यमाणतत्पदेन हेतोः ग्रहणमसम्भवि स्यात्, तत्पदेन पूर्वप्रक्रान्तग्रहणनियमात्।

अपवादान् निर्वक्ति '**मन्दमतींस्तु**' इत्यादिना। '**यः खलु**' इति → एवं खलु '*हेतुरेव हि केवलमि*'ति **(प्रमाणवा.१-२८) बौद्ध**पक्षः सङ्गमितो भवति । '**तं प्रति पक्षोऽपी**'ति → अयमेव हि मुख्यवृत्त्योपयुज्यत इति मूललक्षणे तदेवाभिहितम् । '**तं प्रति दृष्टान्तोऽपि'ति** → अनेन **साङ्ख्यादि**पक्षाः समन्विता । **तं प्रत्युपनयोऽपीति** → **मीमांसकैकदेशिनो** मतमपि सङ्गमितम् । '**एवमपि साकाङ्क्षमि**'त्यादिना पञ्चा-

---

## * પરાર્થાનુમાનમાં દૃષ્ટાન્તાદિના ઉપન્યાસ વિશે અનેકાન્ત *

પરાર્થાનુમાનનાં લક્ષણમાં જણાવી દીધું કે પક્ષ-હેતુવચનથી અન્યને સાધ્યની પ્રતીતિ કરાવાય છે એટલે પરાર્થાનુમાનના અવયવો બે થયા-પક્ષવચન અને હેતુવચન. આ અંગે જુદા જુદા દર્શનકારોની જુદી જુદી માન્યતા છે. **નૈયાયિકો** અને **વૈશેષિકો** પ્રતિજ્ઞા-હેતુ-ઉદાહરણ-ઉપનય-નિગમનવાક્યાત્મક પંચાવયવ માને છે. **સાંખ્યો** પક્ષ હેતુ-દષ્ટાન્તવચન એમ ત્રણ અવયવો માને છે. **મીમાંસકો** પણ પ્રતિજ્ઞા-હેતુ-ઉદાહરણવચનાત્મક ત્રણ અવયવો માને છે. બૌદ્ધ માત્ર હેતુવચન રૂપ એક અવયવ માને છે. તે બધાનું નિરસન કરવા ગ્રન્થકાર હવે પરાર્થાનુમાનના વાસ્તવમાં કેટલા અવયવ છે તે જણાવે છે. પક્ષવચન અને હેતુવચનરૂપ બે અવયવો જ પરપ્રતીતિના કારણ છે. દષ્ટાન્તાદિવચનને કારણ માનવાની જરૂર નથી કારણ કે પક્ષવચન અને હેતુવચનથી જ શ્રોતાને પ્રતીતિ થઈ શકે છે. માટે પરપ્રતીતિ માટે જેટલું જરૂરી હોય તેટલું જ કહેવું જોઈએ (અને જેટલું જરૂર હોય તેટલું કહેવું જ જોઈએ.)

**શંકા :** વ્યાપ્તિનો નિર્ણય કરવા માટે દષ્ટાન્ત તો જોઈએ ને ? વ્યાપ્તિના નિર્ણય વિના કોઈ હેતુ સાધ્યપ્રતીતિ કરાવી શકતો નથી. વળી, વ્યાપ્તિનો નિર્ણય પણ પક્ષભિન્ન સ્થાનમાં થતો હોવાથી દષ્ટાન્તવચન પણ જરૂરી છે. 'પર્વત પર ધૂમ હોવાથી તે વહ્નિમાન છે, જેમ કે મહાનસ...' આટલું બોલાય એટલે મહાનસમાં વ્યાપ્તિનો નિર્ણય થઈ જાય જેથી પર્વત પર વહ્નિની અનુમિતિ થઈ શકે.

**સમા. :** દષ્ટાન્ત તો એક વ્યક્તિરૂપ છે તેથી તેના આધારે સાર્વત્રિક વ્યાપ્તિનો નિર્ણય થઈ ન શકે. એક વ્યક્તિરૂપ દષ્ટાન્તમાં હેતુ-સાધ્યનો સહચાર જોવા મળે એટલા માત્રથી વ્યાપ્તિનો નિર્ણય થઈ શકતો નથી. સાર્વત્રિક વ્યાપ્તિનિર્ણય તો તર્કપ્રમાણ દ્વારા થાય છે. તેથી વ્યાપ્તિનો નિર્ણય કરવા માટે દષ્ટાન્તવચન ઉપયોગી બનતું નથી.

**શંકા :** વ્યાપ્તિનો નિર્ણય કરવાનું સામર્થ્ય તર્કનું હોવાથી તે માટે ભલે દષ્ટાન્તવચન ઉપયોગી ન બને પણ તર્કથી પૂર્વે નિર્ણીત કરેલી વ્યાપ્તિનું સ્મરણ કરવા માટે તો દષ્ટાન્તવચન ઉપયોગી બને ને !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**शेषादेव निर्णीतपक्षो दृष्टान्तस्मार्यप्रतिबन्धग्राहकप्रमाणस्मरणनिपुणोऽपरावयवाभ्यूहनसमर्थश्च भवति, तं प्रति हेतुरेव प्रयोज्यः । यस्य तु नाद्यापि पक्षनिर्णयः, तं प्रति पक्षोऽपि । यस्तु प्रतिबन्धग्राहिणः प्रमाणस्य न स्मरति, तं प्रति दृष्टान्तोऽपि । यस्तु दार्ष्टान्तिके हेतुं योजयितुं न जानीते, तं प्रत्युपनयोऽपि । एवमपि साकाङ्क्षं प्रति च निगमनम् । पक्षादिस्वरूपविप्रति-**

---

वयववादिनोऽपि सङ्गतिमिता । केवलमत्र प्रतिपाद्यापेक्षया तत्तत्पक्षाणामापेक्षिकस्वीकारः, अन्यैः पुनः सर्वथे-त्युपेक्षितास्त इति ध्येयम् । ये त्वतिमतिमान्द्यतोपलक्षिततया पक्षादिस्वरूपेऽपि विप्रतिपद्यमानास्तान् प्रति पक्षशुद्ध्यादिकमपि वाच्यमिति दशावयवो हेतुरुत्कृष्टतो फलितः । यदाहुः **श्रीभद्रबाहुस्वामि**पूज्यपादाः *'कत्थइ पंचावयवं दसहा वा सव्वहा ण पडिकुट्ठंति'*[1] (**दशवै.नि.५०**) । तत्र प्रतीतसाध्यधर्मविशेषणत्वादिपक्षदोषपरि-हारादिः पक्षशुद्धिः । अभिधास्यमानासिद्धादिहेत्वाभासोद्धरणं हेतुशुद्धिः, साध्यविकलादिदृष्टान्तदूषणपरिहरणं

---

**સમા.** : ના, વ્યાપ્તિના સ્મરણ માટે દૃષ્ટાન્તવચનની જરૂર નથી. 'પર્વતો વહ્નિમાન' એવા પ્રતિજ્ઞાવચન (પક્ષવચન) થી જ અહીં સાધ્ય શું છે ? તેનો ખ્યાલ આવી જશે અને 'પર્વતો ધૂમવાન્' એવા હેતુવચનથી અહીં હેતુ કયો છે ? તેનો પણ ખ્યાલ આવી જશે. હેતુ અને સાધ્યની વ્યાપ્તિનો નિર્ણય જેને પહેલા થયેલો છે તેને પક્ષવચન અને હેતુવચન સાંભળીને સાધ્ય અને હેતુનો ખ્યાલ આવતા જ તે બે વચ્ચેની પૂર્વગૃહીત વ્યાપ્તિનું સ્મરણ અવશ્ય થશે. તેથી વ્યાપ્તિના નિર્ણય માટે કે વ્યાપ્તિના સ્મરણ માટે દૃષ્ટાન્તવચન જરૂરી નથી. કારણ કે પક્ષ-હેતુદર્શનથી (પક્ષ-હેતુ બતાવવાથી) જ વ્યાપ્તિસ્મરણ થઈ જશે.

વળી, વ્યાપ્તિના નિર્ણય કે સ્મરણ માટે દૃષ્ટાન્તવચનની અનુપયોગિતામાં અન્ય પણ એક કારણ છે. પૂર્વે જેણે તર્કપ્રમાણથી વ્યાપ્તિનિર્ણય કર્યો નથી, તેને તો દૃષ્ટાન્તવચન દ્વારા પણ તે થવો શક્ય નથી. કારણ કે જે હેતુનું સમર્થન કરાયું ન હોય તેવા હેતુનું દૃષ્ટાન્ત પરપ્રતીતિમાં કારણ બની શકતું નથી. આપણે પહેલા તો એ જાણી લઈએ કે હેતુનું સમર્થન કોને કહેવાય ? 'હેતુના અસિદ્ધત્વ-વ્યભિચારિત્વાદિ દોષોનું નિરાકરણ કરીને સાધ્ય સાથેની તેની વ્યાપ્તિનો નિર્ણય કરવો' એ જ હેતુનું સમર્થન કહેવાય છે. જ્યાં સુધી હેતુ અસમર્થિત હોય ત્યાં સુધી એ જ હેતુના દૃષ્ટાન્તથી બીજાને વ્યાપ્તિનો નિર્ણય કરાવી શકાતો નથી. અને જ્યારે હેતુનું સમર્થન થશે ત્યારે એ સમર્થિત હેતુ પોતે વ્યાપ્તિગ્રહ કરાવવા સમર્થ બની જાય છે માટે હેતુસમર્થન પછી તો દૃષ્ટાન્તવચનાદિ અન્યથાસિદ્ધ બની જાય છે. આમ, હેતુસમર્થન પૂર્વે અસમર્થ હોવાથી અને હેતુસમર્થન પછી અન્યથાસિદ્ધ બની જતા હોવાથી પણ દૃષ્ટાન્તવચનાદિની પરાર્થાનુમાનમાં અનુપયોગિતા સાબિત થાય છે. (અહીં મૂળમાં 'असमर्थितस्य दृष्टान्तादेः' પદોનો અર્થ 'અસમર્થિત એવા દૃષ્ટાન્તાદિના' માત્ર આટલો જ ન કરવો. પણ, 'असमर्थितस्य' પદ પછી 'हेतोः' પદનો અધ્યાહાર માનવો.) આ રીતે 'हेतोः' પદનો અધ્યાહાર માનીને પછી 'असमर्थितस्य (हेतोः) दृष्टान्तादेः' = 'અસમર્થિત એવા હેતુના દૃષ્ટાન્તાદિના' આવો અર્થ કરવો. (असमर्थितस्य પદને અધ્યાહાર્ય 'हेतोः' પદનું વિશેષણ માનવું) આ રીતે જો 'हेतोः' પદનો અધ્યાહાર ન માનો તો પછી આગળ આવતા 'तत्समर्थनेन' પદમાં 'तत्' પદથી હેતુનું ગ્રહણ થઈ નહીં શકે. કારણ કે 'तत्' પદ પૂર્વપ્રક્રાન્તનું ગ્રહણ કરવાના સ્વભાવવાળું હોવાથી 'तत्' પદથી

---

१. कथयति पञ्चावयवं दशधा वा सर्वथा न प्रतिषिद्धमिति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पत्तिमन्तं प्रति च पक्षशुद्ध्यादिकमपीति सोऽयं दशावयवो हेतुः पर्यवस्यति ।**

दृष्टान्तशुद्धिः, उपनयनिगमनयोस्तु शुद्धी प्रमादादन्यथा कृतयोस्तयोः तत्स्वरूपेण व्यवस्थापके वाक्ये विज्ञेये। प्रपञ्चतस्तु पक्षादिशुद्धिपञ्चकस्वरूपं **स्याद्वादरत्नाकरा**दितोऽवसेयम् ।

लिङ्गं केवलमेव यत्र कथयत्येषा जघन्या कथा, द्व्यादीन्यत्र निवेदयत्यवयवानेषा भवेन्मध्यमा।
उत्कृष्टा दशभिर्भवेदवयवैः सा जल्पितैरित्यमी जैनैरेव विलोकिताः कृतधियां वादे त्रयः सत्पथाः।।

**(स्या.रत्ना.श्लो.५११)**

પૂર્વપ્રક્રાન્ત 'दृष्टान्तादि' પદનું જ ગ્રહણ થશે. પણ એ રીતે અર્થસંગતિ થતી નથી. કારણ કે સમર્થન તો હેતુનું થાય છે, દૃષ્ટાન્તાદિનું નહીં. (ગ્રન્થકારે સ્વયં 'સમર્થન' પદની વ્યાખ્યા કરતા આ વાતની પછીની જ પંક્તિમાં જણાવી છે. જુઓ 'समर्थनं हि हेतोः'... ઇત્યાદિ.) 'हेतोः' પદનો અધ્યાહાર માનવાથી હેતુને પૂર્વપ્રક્રાન્ત બનાવી શકાય છે. પછી તત્સમર્થનેન = હેતુસમર્થનેન એવો અર્થ કરીને સંગતિ કરી શકાય છે.) આ રીતે, ગ્રન્થકારે એટલી વાત નક્કર રીતે સિદ્ધ કરી છે કે માત્ર પક્ષવચન-હેતુવચન દ્વારા જ પરાર્થાનુમાન શક્ય હોય તો પછી બિનજરૂરી અન્યવચનોનો પ્રયોગ કરવાની શી જરૂર છે ? અર્થાત્ કોઈ જરૂર નથી. હા, વાદીના પક્ષહેતુવચનથી બધા જ શ્રોતાઓને ઈષ્ટસાધ્યની પ્રતીતિ થઈ જ જાય એવો એકાંતે નિયમ નથી. અને માટે જ તો દૃષ્ટાન્તવચનાદિ સર્વત્ર સર્વથા અનુપયોગી છે એવો એકાંત પણ સ્યાદ્વાદીઓ માનતા નથી. પરપ્રતીતિ રૂપ પ્રયોજન સિદ્ધ કરવા માટે આવશ્યકતા અનુસાર વચનપ્રયોગ કરવો ઉચિત છે. આ જ વાતને ગ્રન્થકાર હવે સ્પષ્ટ કરે છે. કોઈ મન્દમતિ શ્રોતા માત્ર પક્ષ-હેતુવચનથી જ ઈષ્ટસાધ્યની પ્રતીતિ કરવા સમર્થ જણાતા ન હોય તો તેવા શ્રોતા માટે દૃષ્ટાન્તવચનાદિનો પ્રયોગ પણ કરવો. તાત્પર્ય એ છે કે, છદ્મસ્થ જીવોનું જ્ઞાન ક્ષયોપશમભાવનું હોવાથી વ્યક્તિઓની વિચારશક્તિ, સમજણશક્તિમાં તરતમતા તો જોવા મળવાની જ. સાધ્યની સંદેહરહિત-અભ્રાન્ત પ્રતીતિ શ્રોતાને જે રીતે થાય એ રીતે શ્રોતાની કક્ષા પ્રમાણે પ્રતિપાદન કરવું એ જ પરાર્થાનુમાનનો વાસ્તવિક પદાર્થ છે.

(૧) પોતાના વિશેષપ્રકારના, કર્મક્ષયોપશમના પ્રભાવે જે પક્ષવચન વિના જ, માત્ર હેતુવચનથી જ પક્ષનો પણ નિર્ણય કરી શકતો હોય, વ્યાપ્તિગ્રાહક એવા તર્કપ્રમાણનું સ્મરણ પણ દૃષ્ટાન્તવચન વિના કરવામાં જે નિપુણ હોય, અને ઉપનય-નિગમન ને પણ જે સ્વયં જાણી શકવામાં સમર્થ હોય એવા બુદ્ધિશાળી શ્રોતા માટે માત્ર હેતુવચનનો જ પ્રયોગ કરવો જોઈએ. (કારણ કે તેના માટે એટલું જ પર્યાપ્ત છે. 'धूमः' આટલું જ કહેવાથી તેને 'तस्मात् अत्र वह्निः' એવી અનુમિતિ થઈ જશે.

(૨) પણ માત્ર 'धूमः' સાંભળીને કોઈને 'कुत्र धूमः' ? એવી આકાંક્ષા રહેતી હોય અર્થાત્ પક્ષનો નિર્ણય જેને સ્વતઃ થઈ શકતો ન હોય તો તેવા શ્રોતા માટે પક્ષવચન પણ બોલવું જોઈએ.

(૩) માત્ર પક્ષ-હેતુવચનથી જેને વ્યાપ્તિપ્રકારક એવા તર્ક પ્રમાણનું સ્મરણ થઈ શકે તેમ લાગતું ન હોવાથી એવા મન્દમતિ પ્રત્યે તર્ક સ્મારક એવા દૃષ્ટાન્તવચનનો પ્રયોગ કરવો જોઈએ. ('સ્મૃતિ' અર્થવાળા ધાતુના યોગે તેના કર્મને ષષ્ઠી વિભક્તિ લાગે એવા અનુશાસનથી 'પ્રમાણ' પદને ષષ્ઠીવિભક્તિ લાગી છે.)

(૪) દૃષ્ટાન્તવચનથી વ્યાપ્તિસાધક તર્કનું સ્મરણ થવા છતા પણ જે મન્દમતિને તર્કસ્મરણ વ્યાપ્તિસ્મરણ થવા છતાં પણ પક્ષમાં હેતુનું જોડાણ કરી શકે એવું લાગતું ન હોય તેવા શ્રોતા માટે ઉપનયવાક્ય (धूमवांश्चायम्)

**स चायं द्विविधः - विधिरूपः प्रतिषेधरूपश्च । तत्र विधिरूपो द्विविधः-विधिसाधकः-प्रतिषेधसाधकश्च । तत्राद्यः षोढा, तद्यथा-कश्चिद्व्याप्य एव, यथा शब्दोऽनित्यः प्रयत्ननान्तरीयकत्वादिति । यद्यपि व्याप्यो हेतुः सर्व एव, तथापि कार्याद्यनात्मकव्याप्यस्यात्र ग्रहणाद्भेदः, वृक्षः शिंशपाया इत्यादेरप्यत्रैवान्तर्भावः । कश्चित्कार्यरूपः, यथा पर्वतोऽयमग्निमान् धूमवत्त्वान्यथानुपपत्तेरित्यत्र धूमः, धूमो ह्यग्नेः कार्यभूतः तदभावेऽनुपपद्यमानोऽग्निं गमयति।**

**ननु** कार्यं हि कारणनान्तरीयकतया कारणेन व्याप्तं भवेत् न तु कारणमपि कार्येण व्याप्तं, क्वचित् कारणसद्भावेऽपि कारणान्तराभावप्रयुक्तस्य प्रतिबन्धकसद्भावप्रयुक्तस्य वा कार्याभावस्य दर्शनात् । अत एव कार्यलिङ्गकमनुमानमनुमतं अनुमानत्रैविध्य इति कथं कारणं कार्यगमकं भवेदित्याशङ्कते '**ननु**' इत्यादिना।

પણ કહેવું જોઈએ.

(૫) દૃષ્ટાન્તકથન પછી ઉપનય ઘટાવી આપવા છતા પણ કોઈ અતિમન્દમતિને માટે કંઈક ખુટતું દેખાય તો છેવટે 'तस्मात् पर्वतो वह्निमान्' એવું નિગમનવાક્ય (નિષ્કર્ષ) પણ શબ્દશઃ કહી દેવું.

કદાચ કોઈ શ્રોતા પક્ષ-હેતુ આદિના સ્વરૂપ અંગે વિપરીત માન્યતા ધરાવતો હોય તો તેના માટે પક્ષશુદ્ધિવચન, હેતુશુદ્ધિવચન વગેરે અન્ય પાંચ વાક્યો પણ કહેવા આવશ્યક છે. આ રીતે તો પરાર્થાનુમાનમાં હેતુના દશ અવયવો (વાક્યો) પણ સંભવે છે. (પક્ષાદિવચનની જેમ અવસરે પક્ષાદિની શુદ્ધિ પણ જણાવવાની કહી, તેમાં પક્ષાદિની શુદ્ધિ વિશે **સ્યાદ્વાદ રત્નાકર**ના છઠ્ઠા પરિચ્છેદમાં વિસ્તારથી નિરૂપણ કરાયું છે. વિશેષ જિજ્ઞાસુઓને તે સ્થળે જોઈ લેવા ભલામણ છે.)

## * હેતુવિભાગ : વિધિસાધક વિધિરૂપ હેતુના ૬ પ્રકાર *

હેતુનું સ્વરૂપ જણાવાઈ ગયું છે. હવે તેના પ્રકારો જણાવે છે. હેતુના મુખ્ય બે પ્રકાર છે. વિધિરૂપ અને પ્રતિષેધરૂપ. વિધિરૂપ હેતુના પુનઃ બે પ્રકાર છે. વિધિસાધક એવા વિધિરૂપ હેતુ અને પ્રતિષેધસાધક એવા વિધિરૂપ હેતુ. તેમાંથી જે વિધિસાધક છે તેના છ પ્રકાર છે. ગ્રન્થકાર તે દરેકને ઉદાહરણ સહિત જણાવે છે.

(૧) **વ્યાપ્યહેતુ :** સ્વ-સાધ્ય(વ્યાપક)નો જે વ્યાપ્ય હોય તે. **દા.ત.** શબ્દ અનિત્ય છે, કારણ કે પ્રયત્નને અવિનાભાવી છે. અહીં પ્રયત્નનાન્તરીયકત્વ હેતુ અનિત્યત્વને વ્યાપ્ય છે.

**શંકા. :** જે બે ધર્મો વચ્ચે વ્યાપ્ય-વ્યાપકભાવ હોય તે બે ધર્મો વચ્ચે તો વ્યાપ્તિગ્રહ થાય છે. દરેક હેતુ સાધ્યને વ્યાપ્ય તો હોય જ છે. તો અહીં નવું શું કીધું ?

**સમા. :** દરેક હેતુ વ્યાપ્ય તો હોય જ છે છતાં પણ વ્યાપ્યહેતુ પછી આગળ કાર્યહેતુ, કારણહેતુ વગેરે ભેદો જણાવાના છે તેથી ફલિત થાય છે કે અહીં 'વ્યાપ્ય' શબ્દનો પ્રસિદ્ધ પારિભાષિક અર્થ ન લેવો પણ એવો અર્થ કરવો કે જે હેતુ કાર્ય, કારણાદિ વક્ષ્યમાણ સ્વરૂપનો ન હોવા છતાં વ્યાપ્ય હોય એવા હેતુનું જ અહીં વ્યાપ્યહેતુ તરીકે ગ્રહણ થાય છે એમ જાણવું. આને સ્વભાવહેતુ પણ કહેવાય છે. તેથી 'આ વૃક્ષ છે, કારણ કે શિંશપા (વૃક્ષવિશેષ) છે' ઇત્યાદિ હેતુઓનો પણ અહીં જ સમાવેશ થાય છે.

(૨) **કાર્યહેતુ :** કેટલાક સ્થળે કાર્ય ઉપરથી કારણનું અનુમાન કરાય છે. આવા સ્થળે કાર્ય પોતે હેતુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कश्चित्कारणरूपः, यथा वृष्टिर्भविष्यति, विशिष्टमेघान्यथानुपपत्तेरित्यत्र मेघविशेषः, स हि वर्षस्य कारणं स्वकार्यभूतं वर्षं गमयति । ननु कार्याभावेऽपि सम्भवत् कारणं न कार्यानुमापकम्, अत एव न वह्निर्धूमं गमयतीति चेत्; सत्यम्; यस्मिन्सामर्थ्याप्रतिबन्धः कारणान्तरसाकल्यं च निश्चेतुं शक्यते, तस्यैव कारणस्य कार्यानुमापकत्वात् । कश्चित् पूर्वचरः, यथा उदेष्यति शकटं कृत्तिकोदयान्यथानुपपत्तेरित्यत्र कृत्तिकोदयानन्तरं मुहूर्तान्ते नियमेन शकटोदयो जायत इति कृत्तिकोदयः पूर्वचरो हेतुः शकटोदयं गमयति । कश्चित् उत्तरचरः,**

---

समाधत्ते '**सत्यमि**'त्यादिना । इत्थं च फलोपधायकमेव कारणमत्र गमकत्वेनेष्टं न तु स्वरूपयोग्यमपीति नानैकान्तिकताऽवकाशः ।

---

બને છે. દા.ત. પર્વત અગ્નિવાળો છે, અન્યથા એ ધૂમવાળો ન હોઈ શકે. અહીં ધૂમ એ અગ્નિનું કાર્ય હોવાથી સ્વકારણીભૂત અગ્નિ વિના અનુપપન્ન બની જાય. તેથી ધૂમ પોતે અગ્નિનું અનુમાન કરાવે છે. કાર્ય પરથી થતાં અનુમાનને કાર્યલિંગક અનુમાન પણ કહેવાય છે.

(૩) **કારણહેતુ :** કેટલાક સ્થળે કારણ એ હેતુ (લિંગ) બનીને કાર્યનો અનુમાપક બને છે. જેમ કે આકાશમાં વાદળ દેખાતા જ કોઈને એવી અનુમિતિ થાય કે 'વૃષ્ટિ થશે, અન્યથા આવા કાળા ડિબાંગ વાદળો ન હોઈ શકે.' આવા વિશિષ્ટ પ્રકારના મેઘ એ કારણ હોવાથી પોતાના કાર્યભૂત વૃષ્ટિની અનુમિતિ કરાવી દે છે.

**શંકા.** : કાર્ય હોય ત્યાં કારણ હોય જ. તેથી કાર્ય હજી કારણનો અનુમાપક બને પરંતુ કારણ હોય ત્યાં કાર્ય હોય જ એવો નિયમ નથી તેથી કારણને કાર્યનો અનુમાપક શી રીતે માની શકાય ? જેમ કે દંડ એ ઘટનું કારણ છે પણ જેટલા દંડ છે તે બધાથી ઘટોત્પત્તિ થાય જ એવો કોઈ નિયમ નથી. કાર્ય ચોક્કસપણે કારણને અવ્યભિચારી છે. પરંતુ કારણ, કાર્યને અવ્યભિચારી જ હોય એવું નથી કારણ કે કેટલાક કારણો માત્ર સ્વરૂપયોગ્ય જ હોય છે જે અન્ય કારણસામગ્રીની વિકલતાના કારણે ક્યારેય ફલોપધાયક ન બને એવું પણ બની શકે છે. (જેમ કે અરણ્યસ્થ દંડ) અને માટે જ તો (ધૂમ એ અગ્નિનો અનુમાપક બનતો હોવા છતાં) અગ્નિ એ ધૂમનો અનુમાપક બની શકતો નથી કારણ કે તપ્ત અયોગોલકમાં વ્યભિચાર આવે. માટે કારણને કાર્યાનુમાપક માનીને 'હેતુ' કહી દેવામાં જોખમ જણાય છે.

**સમા.** : તમારી વાત સાચી છે. જે કારણમાં 'કાર્યને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય અપ્રતિહત છે (પ્રતિબંધિત નથી) અને તે કારણને અન્ય સકલ સહકારી કારણોનું સન્નિધાન પણ મળી ગયું છે' આ બે નિશ્ચય થઈ શકે તે કારણ જ સ્વકાર્યનો અનુમાપક બની શકે છે. (એટલે કે અહીં માત્ર ફલોપધાયક કારણને જ કારણહેતુ કહ્યો છે.)

(૪) **પૂર્વચર હેતુ : દા.ત.** - ''હવે શકટ નક્ષત્ર નો ઉદય થશે, કારણ કે કૃત્તિકા નક્ષત્રનો ઉદય થઈ ગયો છે.'' કૃત્તિકાના ઉદય પછી એક મુહૂર્તમાં જ અવશ્ય શકટોદય થાય એવો નિયમ હોવાથી કૃત્તિકોદય સ્વઅનંતરભાવી એવા શકટોદયનો અનુમાપક હેતુ બને છે. (જેમ કોઈ રથયાત્રામાં ઈન્દ્રધજા નીકળે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**यथोदगाद्भरणिः प्राक्, कृत्तिकोदयादित्यत्र कृत्तिकोदयः, कृत्तिकोदयो हि भरण्युदयोत्तरचरस्तं गमयतीति कालव्यवधानेनानयोः कार्यकारणाभ्यां भेदः । कश्चित् सहचरः, यथा मातुलिङ्गं रूपवद्भवितुमर्हति रसवत्तान्यथानुपपत्तेरित्यत्र रसः, रसो हि नियमेन रूपसहचरितः, तदभावेऽनुपपद्यमानस्तद्गमयति, परस्परस्वरूपपरित्यागोपलम्भ-पौर्वापर्याभावाभ्यां स्वभावकार्यकारणे-**

---

**'रसो हि नियमेने'ति** → तथा च **तत्त्वार्थ**सूत्रं *'स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः'* (५/२३) । **ननु** रूपरसादिकं च वस्तुस्वभावात्मकत्वेन स्वभावहेतावेवान्तर्भवेदिति सहचरहेतोरतिरिक्तत्वकल्पना न न्याय्येति **चेत्, न,** परस्परस्वरूपपरित्यागेनोपलम्भात् । यथा च 'शब्दः अनित्यः कृतकत्वात्', 'अयं वृक्षः शिंशपात्वात्' इत्यादौ कृतकत्वादेर्हेतोः स्वरूपात्मकत्वेऽपि न परस्परस्वरूपपरित्यागेनोपलम्भो यतः प्रागभावेऽनित्यत्वस्य सत्त्वेऽपि कृतकत्वायोगात्, वृक्षान्तरे वृक्षत्वस्य सत्त्वेऽपि शिंशपात्वस्याऽयोगान्न तत्र समव्याप्यव्यापकभावः, सहचरहेतौ तु समनियता व्याप्तिरभ्युपेयते। तथा च रूपेण रस इव रसेन रूपमपि व्याप्तमिति स्वभावादस्य

---

તો તેને જોઈને ''ભગવાનનો રથ આવતો લાગે છે.'' એવું અનુમાન થાય છે. અહીં ઈન્દ્રધજા એ પૂર્વચર હેતુ બને છે.)

(૫) **ઉત્તરચર હેતુ : દા.ત.** ''ભરણી નક્ષત્રનો ઉદય થઈ ગયો હતો, કારણ કે અત્યારે કૃત્તિકાનો ઉદય છે.'' કૃત્તિકોદય, ભરણીના ઉદય પછી જ થતો હોવાથી કૃત્તિકાનો ઉદય એ ભરણીના ઉદય માટે ઉત્તરચર બને છે અને સ્વપૂર્વભાવી એવા ભરણીના ઉદયનો અનુમાપક હેતુ બને છે. (જેમ કે રથને જોવાથી ઈન્દ્રધ્વજ આગળ ગયો હોવાનું અનુમાન થાય. અહીં રથ એ ઉત્તરચર હેતુ બને છે.)

**પ્રશ્ન :** પૂર્વચર-ઉત્તરચર હેતુઓનો કાર્ય-કારણ હેતુમાં સમાવેશ થઈ શકે છે, પછી તેને પૃથક્ શા માટે કહ્યા ?

**ઉત્તર :** કાર્ય-કારણભાવ અવ્યવધાનઘટિત હોય છે જ્યારે અહીં તો મુહૂર્ત જેટલા કાળનું વ્યવધાન પડે છે. તેથી કાર્ય-કારણ હેતુ કરતા પૂર્વચર-ઉત્તરચર હેતુ જુદા છે.

(૬) **સહચર હેતુ :** સાધ્યની સાથે જ રહેનારો હેતુ સહચર હેતુ કહેવાય છે. **દા.ત.** 'બિજોરૂં રૂપવાળું હોવું જોઈએ, કારણ કે તે રસવાળું છે.' રસ નિયમથી રૂપસહચરિત જ હોય છે. વસ્તુ જો રૂપવાળી ન હોય તો રસવાળી પણ ન હોઈ શકે. તેથી રૂપ વિના અનુપપન્ન બનતો રસ સ્વસહચારી એવા રૂપનો અનુમાપક બને છે. જૈનદર્શન પ્રમાણે દરેક પુદ્ગલો રૂપ, રસ, ગંધ, સ્પર્શથી યુક્ત જ હોય છે. **તત્ત્વાર્થાધિગમસૂત્ર**માં કહ્યું છે - स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः (૫/૨૩). તેથી રૂપની અનુમિતિ કરાવનાર રસ સહચર હેતુ કહેવાય છે.

**શંકા. :** રસ એ તો વસ્તુનો સ્વભાવ કહેવાય તેથી સ્વભાવહેતુમાં આનો સમાવેશ થઈ શકે છે.

**સમા. :** રૂપ અને રસ બન્ને પરસ્પરના સ્વરૂપના પરિત્યાગથી રહેલા દેખાય છે તેથી સ્વભાવ હેતુમાં આ સહચર હેતુનો સમાવેશ થઈ શકતો નથી. જેમ, અનિત્યત્વ (=સાધ્ય) અને પ્રયત્નનાન્તરીયકત્વ (=હેતુ) (અથવા વૃક્ષત્વરૂપ સાધ્ય અને શિંશપાત્વરૂપ હેતુ) એ બન્ને પણ છે તો શબ્દ કે વૃક્ષાદિરૂપ પક્ષના જ સ્વરૂપો. તેમ છતાં તેમાં પરસ્પર સ્વરૂપત્યાગનો ઉપલંભ થતો નથી. પ્રયત્નનાન્તરીયકત્વ ન હોય તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भ्योऽस्य भेदः । एतेषूदाहरणेषु भावरूपानेवाग्न्यादीन् साधयन्ति धूमादयो हेतवो भावरूपा एवेति विधिसाधकविधिरूपास्त एवाविरुद्धोपलब्धय इत्युच्यन्ते ।**

**द्वितीयस्तु निषेधसाधको विरुद्धोपलब्धिनामा । स च स्वभावविरुद्धतद्व्याप्याद्युपलब्धिभेदात् सप्तधा । यथा नास्त्येव सर्वथा एकान्तः, अनेकान्तस्योपलम्भात् । नास्त्यस्य तत्त्वनिश्चयः, तत्र सन्देहात् । नास्त्यस्य क्रोधोपशान्तिः, वदनविकारादेः । नास्त्यस्यासत्यं वचः, रागाद्यकलङ्कितज्ञानकलितत्वात्। नोद्गमिष्यति मुहूर्तान्ते पुष्यतारा, रोहिण्युद्गमात् । नोदगान्मुहूर्तात्पूर्वं मृगशिरः, पूर्वफाल्गुन्युदयात् । नास्त्यस्य मिथ्याज्ञानं, सम्यग्दर्शनादिति ।**

---

भेदः । एकसत्त्वेऽपरस्य सत्त्वमेकासत्त्वेऽन्यस्यासत्त्वमित्यन्योन्यं समतया यत्र व्याप्तिस्तत्रैवायं हेतुरिति भावः ।

---

અનિત્યત્વસ્વરૂપ પણ ન જ હોય એવું નથી. જેમ કે પ્રાગભાવમાં પ્રયત્નનાન્તરીયકત્વ ન હોવા છતાં પણ અનિત્યત્વ છે. વિસ્રસા પરિણામોમાં પણ આવું જ છે. જ્યારે સહચર હેતુમાં તો રૂપ ન હોય તો રસ પણ ન જ હોય, રસ ન હોય તો રૂપ પણ ન જ હોય. આનો અર્થ એ થયો કે સહચર હેતુમાં, હેતુ-સાધ્ય વચ્ચે સમનિયત વ્યાપ્તિ (=સમવ્યાપ્યવ્યાપકભાવ) હોય છે. એટલે કે સાધ્ય-હેતુ બન્ને પરસ્પરના વ્યાપ્ય પણ હોય અને વ્યાપક પણ હોય.

વળી, રૂપ-રસ બન્નેનું અસ્તિત્વ સમાનકાળે હોય છે માટે તે બન્ને વચ્ચે પૂર્વાપરભાવ પણ નથી. અને માટે જ કાર્યહેતુ કે કારણહેતુમાં પણ તેનો અંતર્ભાવ કરવો શક્ય નથી. કરાણ કે, કાર્યકારણભાવ તો પૂર્વાપરકાલભાવી બે પદાર્થો વચ્ચે જ હોઈ શકે. આથી સહચર હેતુ સ્વતંત્ર સિદ્ધ થાય છે.

ઉપરોક્ત આ બધા ઉદાહરણોમાં અગ્નિ વગેરે પદાર્થોના સદ્ભાવને જ સિદ્ધ કરાય છે. વળી, તેની સિદ્ધિ કરનારા ધૂમ વગેરે હેતુઓ પણ સ્વયં ભાવાત્મક છે, અભાવાત્મક નથી. તેથી આ બધા વિધિસાધકવિધિરૂપ હેતુઓ છે. એટલે કે અહી સાધ્ય અને હેતુઓ બન્ને ભાવાત્મક હોય છે. આ હેતુઓને જ અવિરુદ્ધોપલબ્ધિ હેતુ પણ કહેવાય છે.

## * નિષેધસાધક વિધિરૂપ હેતુના ૭ પ્રકાર *

વિધિસાધક હેતુનો પહેલો ભેદ જણાવીને હવે તેનો બીજો ભેદ જણાવે છે. અહીં પણ હેતુ તો વિધિરૂપ (ભાવાત્મક) જ રહેવાનો. પણ તેનાથી સિદ્ધ થનારૂં સાધ્ય અભાવાત્મક હોય છે. આવા નિષેધસાધક વિધિરૂપ હેતુ વિરુદ્ધોપલબ્ધિરૂપ હોય છે. સાધ્યમાં જેનો નિષેધ હોય તેના (= નિષેધ્યના) સ્વભાવથી વિરુદ્ધ એવા સ્વભાવની ઉપલબ્ધિ એ હેતુ બને ત્યારે તેને સ્વભાવવિરુદ્ધોપલબ્ધિરૂપ હેતુ કહેવાય છે. આવી જ રીતે પ્રતિષેધ્યના વ્યાપ્ય, વ્યાપક આદિથી વિરુદ્ધ (= અવ્યાપ્ય, અવ્યાપક આદિની) ઉપલબ્ધિ પણ હેતુ બને છે. તે બધાનો હેતુના આ વિભાગમાં (નિષેધસાધક વિધિરૂપહેતુ વિભાગમાં) સમાવેશ થાય છે. આ વિભાગના હેતુઓના સાત પ્રકાર છે. તેને ક્રમશઃ ઉદાહરણપૂર્વક ગ્રન્થકાર જણાવે છે.

(૧) **પ્રતિષેધ્યસ્વભાવવિરુદ્ધોપલબ્ધિ :** પ્રતિષેધ્ય એવા સ્વભાવથી વિરુદ્ધ સ્વભાવની ઉપલબ્ધિ થાય ત્યારે તે હેતુ બનીને પેલા પ્રતિષેધ્યસ્વભાવના અભાવને સિદ્ધ કરી દે છે. **દા.ત.** સર્વથા એકાન્ત ક્યાંય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अत्रानेकान्तः प्रतिषेध्यस्यैकान्तस्य स्वभावतो विरुद्धः । तत्त्वसन्देहश्च प्रतिषेध्यतत्त्वनिश्चयविरुद्ध तदनिश्चयव्याप्यः । वदनविकारादिश्च क्रोधोपशमविरुद्धतदनुपशमकार्यम् । रागाद्यकलङ्कितज्ञान-कलितत्वं चासत्यविरुद्धसत्यकारणम् । रोहिण्युद्गमश्च पुष्यतारोद्गमविरुद्धमृगशीर्षोदयपूर्वचरः। पूर्वफल्गुन्युदयश्च मृगशीर्षोदयविरुद्धमघोदयोत्तरचरः । सम्यग्दर्शनं च मिथ्याज्ञानविरुद्धसम्यग्ज्ञानसहचरमिति ।**

---

નથી, કારણ કે અનેકાન્તની ઉપલબ્ધિ (સર્વત્ર) થાય છે. અહીં અનેકાન્ત, પ્રતિષેધ્ય એવા એકાન્તને માટે સ્વભાવથી વિરુદ્ધ છે તેથી અનેકાન્તની ઉપલબ્ધિ એ સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ હેતુ બનીને સ્વસ્વભાવથી વિરુદ્ધ સ્વભાવવાળા એકાન્તના અભાવનો અનુમાપક બને છે.

(૨) **પ્રતિષેધ્યવિરુદ્ધવ્યાપ્યોપલબ્ધિ** : પ્રતિષેધ્યથી વિરુદ્ધ પદાર્થના વ્યાપ્યની ઉપલબ્ધિ થાય ત્યારે તે પોતાના વ્યાપકની (પ્રતિષેધ્યના અભાવની) સિદ્ધિ કરી આપશે. **દા.ત.** 'આને તત્ત્વનિર્ણય થયો નથી, કારણ કે તેને તત્ત્વમાં સંદેહ છે (એવું જણાય છે.)' અહીં પ્રતિષેધ્ય છે તત્ત્વનિર્ણય, તેને વિરુદ્ધ છે તત્ત્વાનિર્ણય, તેનો વ્યાપ્ય છે તત્ત્વસંદેહ. તત્ત્વસંદેહની ઉપલબ્ધિ અહીં હેતુ બનીને પોતાને વ્યાપક એવા તત્ત્વાનિર્ણયની અનુમિતિ કરાવશે.

(૩) **પ્રતિષેધ્યવિરુદ્ધકાર્યોપલબ્ધિ હેતુ** : પ્રતિષેધ્યથી વિરુદ્ધ જે હોય, તેના કાર્યની ઉપલબ્ધિ થાય ત્યારે તે પ્રતિષેધ્યના અભાવની સિદ્ધિ કરી આપશે. **દા.ત.** આને ક્રોધશાંતિ થઈ નથી, કારણ કે મુખ પર વિકૃતિ હજી જોવા મળે છે. અહીં પ્રતિષેધ્ય છે ક્રોધોપશમ, તેનાથી વિરુદ્ધ છે ક્રોધાનુપશમ, ક્રોધાનુપશમનું કાર્ય વદનવિકારાદિ ઉપલબ્ધ થાય છે. તેની ઉપલબ્ધિ હેતુ બનીને ક્રોધોપશમાભાવની અનુમાપક બને છે.

(૪) **પ્રતિષેધ્યવિરુદ્ધકારણોપલબ્ધિ હેતુ** : પ્રતિષેધ્યથી વિરુદ્ધ જે પદાર્થ હોય તેના કારણની ઉપલબ્ધિ થાય ત્યારે તે પ્રતિષેધ્યના અભાવની સિદ્ધિ કરી આપશે. દા.ત. 'આ અસત્ય વચન ન બોલે, કારણ કે તે રાગાદિથી અકલંકિત એવા જ્ઞાનથી યુક્ત છે.' અહીં પ્રતિષેધ્ય છે અસત્યવચન, તેનાથી વિરુદ્ધ છે સત્યવચન, સત્યવચનનું કારણ છે નિર્મળ જ્ઞાનયુક્તત્વ, તે ઉપલબ્ધ થાય છે. તેથી એ હેતુ અસત્યવચનાભાવનો અનુમાપક બને છે.

(૫) **પ્રતિષેધ્યવિરુદ્ધપૂર્વચરોપલબ્ધિ હેતુ** : પ્રતિષેધ્યથી વિરુદ્ધ જે પદાર્થ હોય, તેના પૂર્વચરની ઉપલબ્ધિ થાય ત્યારે તે પ્રતિષેધ્યના અભાવની સિદ્ધિ કરી આપશે. **દા.ત.** 'મૂહૂર્તને અંતે પુષ્યતારાનો ઉદય નહીં થાય કારણ કે રોહિણીનો ઉદય થએલો છે.' રોહિણીના ઉદય પછી એક મુહૂર્ત પછી મૃગશીર્ષ નક્ષત્રનો ઉદય થાય એવો નિયમ છે. અહીં પ્રતિષેધ્ય છે પુષ્યતારાનો ઉદય, તેનાથી વિરુદ્ધ મૃગશીર્ષોદય, તેનો પૂર્વચર છે રોહિણી ઉદય, તેની ઉપલબ્ધિ એ હેતુ બનીને પુષ્યતારા ઉદયાભાવનું અનુમાન કરાવે છે.

(૬) **પ્રતિષેધ્યવિરુદ્ધોત્તરચરોપલબ્ધિ હેતુ** : પ્રતિષેધ્યથી વિરુદ્ધ જે પદાર્થ હોય તેના ઉત્તરચરની ઉપલબ્ધિ થાય ત્યારે તે પ્રતિષેધ્યના અભાવની સિદ્ધિ કરી આપશે. **દા.ત.** 'એક મુહૂર્ત પૂર્વે મૃગશીર્ષનો ઉદય નહોતો, કારણ કે અત્યારે પૂર્વફાલ્ગુનિનો ઉદય છે. પૂર્વફાલ્ગુનિનો ઉદય, મઘાના ઉદય પછી થાય છે એવો નિયમ છે. અહીં પ્રતિષેધ્ય છે મૃગશીર્ષોદય, તેનાથી વિરુદ્ધ છે મઘોદય, તેના ઉત્તરચર છે પૂર્વફાલ્ગુનિ ઉદય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रतिषेधरूपोऽपि हेतुर्द्विविधः-विधिसाधकः प्रतिषेधसाधकश्चेति । आद्यो विरुद्धानुपलब्धि-नामा विधेयविरुद्धकार्यकारणस्वभावव्यापकसहचरानुपलम्भभेदात्पञ्चधा । यथा अस्त्यत्र रोगातिशयः, नीरोगव्यापारानुपलब्धेः । विद्यतेऽत्र कष्टम्, इष्टसंयोगाभावात् । वस्तुजातमनेकान्तात्मकम्, एकान्तस्वभावानुपलम्भात् । अस्त्यत्र छाया, औष्ण्यानुपलब्धेः । अस्त्यस्य मिथ्याज्ञानम्, सम्यग्दर्शनानुपलब्धेरिति ।**

---

તેની ઉપલબ્ધિ એ હેતુ બનીને મુહૂર્ત પૂર્વેના મૃગશીર્ષોદયાભાવનું અનુમાન કરાવે છે.

(૭) **પ્રતિષેધ્યવિરુદ્ધસહચરોપલબ્ધિ હેતુ** : પ્રતિષેધ્યથી વિરુદ્ધ જે પદાર્થ હોય તેના સહચરની ઉપલબ્ધિ થાય ત્યારે તે પ્રતિષેધ્યના અભાવની સિદ્ધિ કરી આપશે. **દા.ત.** 'આને મિથ્યાજ્ઞાન નથી, કારણ કે તે સમ્યગ્દર્શનયુક્ત છે' સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બન્ને સમનિયત હોય છે. અહીં પ્રતિષેધ્ય છે મિથ્યાજ્ઞાન, તેનાથી વિરુદ્ધ છે સમ્યગ્જ્ઞાન, તેનો સહચર છે સમ્યગ્દર્શન, તેની ઉપલબ્ધિ એ હેતુ બને છે. તેનાથી મિથ્યાજ્ઞાનના અભાવનું અનુમાન થાય છે. આ રીતે નિષેધસાધકવિધિરૂપ (વિરુદ્ધોપલબ્ધિરૂપ) હેતુઓના સાત પ્રકાર છે.

### * વિધિસાધક નિષેધરૂપ હેતુના ૫ પ્રકાર *

વિધિરૂપ હેતુ બાદ હવે ક્રમશઃ નિષેધરૂપ હેતુના ભેદ-પ્રભેદનું નિરૂપણ કરે છે. નિષેધરૂપ હેતુ એટલે અભાવાત્મક હેતુ. તેના બે ભેદ છે. કેટલાક ભાવસાધક છે, કેટલાક અભાવસાધક છે. ભાવસાધક હેતુ વિરુદ્ધાનુપલબ્ધિરૂપ હોય છે. તેના પાંચ પ્રકાર છે. તે દરેકને ક્રમશઃ ઉદાહરણપૂર્વક જણાવે છે -

(૧) **વિધેયવિરુદ્ધકાર્યાનુપલબ્ધિ હેતુ** : વિધેય(સાધ્ય) થી વિરુદ્ધ જે પદાર્થ હોય તેના કાર્યની અનુપલબ્ધિ હોય ત્યારે તે હેતુ બનીને વિધેયની સત્તા સિદ્ધ કરી આપશે. **દા.ત.** 'આ માણસમાં પ્રબળ રોગ છે, કારણ કે (તેનામાં) નીરોગી પુરૂષનો વ્યાપાર દેખાતો નથી.' અહીં સાધ્ય છે, રોગાતિશય, તેનાથી વિરુદ્ધ છે નીરોગી અવસ્થા, તેનું કાર્ય નીરોગી વ્યાપાર, તેની અનુપલબ્ધિ છે. આ અનુપલબ્ધિ હેતુ બનીને રોગાતિશયનો અનુમાપક બને છે.

(૨) **વિધેયવિરુદ્ધકારણાનુપલબ્ધિ હેતુ** : વિધેયથી વિરુદ્ધ જે પદાર્થ હોય, તેના કારણની અનુપલબ્ધિ હેતુ બનીને સાધ્યાનુમાપક બને છે. **દા.ત.** 'આ માણસને કષ્ટ હોવું જોઈએ, કારણ કે તેને હજી ઈષ્ટ વસ્તુનો સંયોગ થયો નથી.' અહીં સાધ્ય છે કષ્ટ, તેનાથી વિરુદ્ધ છે સુખ, તેના કારણભૂત છે ઈષ્ટસંયોગ, તેની અનુપલબ્ધિ એ હેતુ બને છે અને તેનાથી કષ્ટનું અનુમાન કરાય છે.

(૩) **વિધેયવિરુદ્ધસ્વભાવાનુપલબ્ધિ હેતુ** : વિધેયથી વિરુદ્ધ એવા સ્વભાવની અનુપલબ્ધિથી સાધ્યાનુમિતિ થાય છે. **દા.ત.** 'જગતનો વસ્તુસમૂહ અનેકાન્તાત્મક છે, કારણ કે ક્યાંય એકાન્ત (નિત્યત્વાદિ) સ્વભાવ જોવા મળતો નથી.' અહીં સાધ્ય છે અનેકાન્તસ્વભાવ, તેનાથી વિરુદ્ધ સ્વભાવ છે એકાન્તાત્મકતા, તેની અનુપલબ્ધિ એ હેતુ બને છે અને તેનાથી અનેકાન્તાત્મકતાની અનુમિતિ કરાય છે.

(૪) **વિધેયવિરુદ્ધવ્યાપકાનુપલબ્ધિ હેતુ** : વિધેયથી વિરુદ્ધ પદાર્થના વ્યાપકની અનુપલબ્ધિ હેતુ બનીને વિધેયની સિદ્ધિ કરી આપે છે. **દા.ત.** 'અહીં છાયા છે, કારણ કે ઉષ્ણતા જણાતી નથી.' અહીં સાધ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**द्वितीयोऽविरुद्धानुपलब्धिनामा प्रतिषेध्याविरुद्धस्वभावव्यापककार्यकारणपूर्वचरोत्तरचरसहचरानुपलब्धिभेदात् सप्तधा । यथा नास्त्यत्र भूतले कुम्भः, उपलब्धिलक्षणप्राप्तस्य तत्स्वभावस्यानुपलम्भात् । नास्त्यत्र पनसः, पादपानुपलब्धेः । नास्त्यत्राप्रतिहतशक्तिकम् बीजम्, अङ्कुरानवलोकनात् । न सन्त्यस्य प्रशमप्रभृतयो भावाः, तत्त्वार्थश्रद्धानाभावात् । नोद्गमिष्यति मुहूर्तान्ते स्वातिः, चित्रोदयादर्शनात् । नोदगमत्पूर्वभद्रपदा मुहूर्तात्पूर्वम्, उत्तरभद्रपदोद्गमानवगमात् । नास्त्यत्र सम्यग्ज्ञानम्, सम्यग्दर्शनानुपलब्धेरिति । सोऽयमनेकविधोऽन्यथानुपपत्त्येकलक्षणो हेतुरुक्तोऽतोऽन्यो हेत्वाभासः ।**

---

છે છાયા, તેનાથી વિરુદ્ધ છે તડકો, તેને વ્યાપક છે ઉષ્ણતા, તેની અનુપલબ્ધિ એ હેતુ બને છે અને તેનાથી છાયાનું અનુમાન કરાય છે.

(૫) **વિધેયવિરુદ્ધસહચરાનુપલબ્ધિ હેતુ :** વિધેયથી વિરુદ્ધ પદાર્થના સહચરની અનુપલબ્ધિ હેતુ બનીને સાધ્યસિદ્ધિ કરી આપે છે. **દા.ત.** 'આને મિથ્યાજ્ઞાન છે, કારણ કે સમ્યગ્દર્શન જણાતું નથી. અહીં સાધ્ય છે મિથ્યાજ્ઞાન, તેનાથી વિરુદ્ધ છે સમ્યગ્જ્ઞાન, તેનું સહચર છે સમ્યગ્દર્શન, તેની અનુપલબ્ધિ એ હેતુ છે અને તેનાથી મિથ્યાજ્ઞાનની અનુમિતિ કરાય છે.

## * નિષેધસાધક નિષેધરૂપ હેતુના ૭ પ્રકાર *

પ્રતિષેધસાધક હેતુના વિધિરૂપ અને નિષેધરૂપ એવા જે બે ભેદ બતાવ્યા તેમાંથી પાંચ પ્રકારના વિધિરૂપ હેતુઓનું નિરૂપણ કરીને પછી હવે નિષેધરૂપ હેતુઓનું નિરૂપણ કરે છે. તેના સાત પ્રકાર છે, તે દરેકનું ઉદાહરણપૂર્વક નિરૂપણ કરે છે.

(૧) **પ્રતિષેધ્યાવિરુદ્ધસ્વભાવાનુપલબ્ધિ હેતુ :** પ્રતિષેધ્યથી અવિરુદ્ધ એવા સ્વભાવની અનુપલબ્ધિ હેતુ બનીને પ્રતિષેધ્ય (=સાધ્યસિદ્ધિ) કરી આપે છે. **દા.ત.** 'અહીં ભૂતલ પર કુંભ નથી, કારણ કે ઉપલબ્ધિની યોગ્યતાવાળો હોવા છતા ય કુંભનું (પૃથુબુધ્નોદરાકારાદિ) સ્વરૂપ ઉપલબ્ધ થતું નથી.' અહીં પ્રતિષેધ્ય છે ઘટ, તેનાથી અવિરુદ્ધ છે તેનો સ્વભાવ = પૃથુબુધ્નોદરાકારાદિ, તેની અનુપલબ્ધિ એ હેતુ છે અને તેનાથી ઘટાભાવ (ઘટનિષેધ) નું અનુમાન કરાય છે.

(૨) **પ્રતિષેધ્યાવિરુદ્ધવ્યાપકાનુપલબ્ધિ હેતુ :** પ્રતિષેધ્યથી અવિરુદ્ધ એવા વ્યાપકની અનુપલબ્ધિ હેતુ બનીને સાધ્યસિદ્ધિ કરી આપે છે. **દા.ત.** 'અહીં પનસ નથી, કારણ કે વૃક્ષ દેખાતું નથી. અહીં પ્રતિષેધ્ય પનસ, તેને અવિરુદ્ધ એવું વ્યાપક છે વૃક્ષ, તેની અનુપલબ્ધિ એ હેતુ બને છે અને તેનાથી પનસાભાવનું અનુમાન કરાય છે.

(૩) **પ્રતિષેધ્યાવિરુદ્ધકાર્યાનુપલબ્ધિ હેતુ :** પ્રતિષેધ્યથી અવિરુદ્ધ એવા કાર્યની અનુપલબ્ધિ હેતુ બનીને સાધ્યસિદ્ધિ કરી આપે છે. **દા.ત.** 'અંકુર ઉત્પન્ન કરવાની અપ્રતિહત શક્તિવાળું બીજ અહીં નથી, કારણ કે અંકુરો દેખાતો નથી.' અહીં પ્રતિષેધ્ય છે સમર્થ બીજ, તેને અવિરુદ્ધ કાર્ય છે અંકુર, તેની અનુપલબ્ધિ એ હેતુ બને છે અને તેનાથી સમર્થબીજના અભાવનું અનુમાન કરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स त्रेधा-असिद्धविरुद्धानैकान्तिकभेदात् । तत्राप्रतीयमानस्वरूपो हेतुरसिद्धिः । स्वरूपाप्रतीतिश्चाज्ञानात्सन्देहाद्विपर्ययाद्वा । स द्विविधः-उभयासिद्धोऽन्यतरासिद्धश्च । आद्यो यथा शब्दः परिणामी चाक्षुषत्वादिति । द्वितीयो यथा अचेतनास्तरवः विज्ञानेन्द्रियायुर्निरोधलक्षणमरणरहितत्वात्, अचेतनाः सुखादयः उत्पत्तिमत्त्वादिति वा ।**

(૪) **પ્રતિષેધ્યાવિરુદ્ધકારણાનુપલબ્ધિ હેતુ :** પ્રતિષેધ્યની અવિરુદ્ધ એવા કારણની અનુપલબ્ધિ હેતુ બનીને સાધ્યસિદ્ધિ કરાવે છે. **દા.ત.** 'આને પ્રશમાદિ ભાવો નથી, કારણ કે તેનામાં તત્ત્વાર્થની શ્રદ્ધા જણાતી નથી.' અહીં પ્રતિષેધ્ય છે પ્રશમાદિ ભાવો, તેનું અવિરુદ્ધ કારણ છે તત્ત્વાર્થશ્રદ્ધાન (સમ્યગ્દર્શન), તેની અનુપલબ્ધિ એ હેતુ બને છે અને તેનાથી પ્રશમાદિના અભાવનું અનુમાન કરાય છે.

(૫) **પ્રતિષેધ્યાવિરુદ્ધપૂર્વચરાનુપલબ્ધિ હેતુ :** પ્રતિષેધ્યને અવિરુદ્ધ એવા પૂર્વચરની અનુપલબ્ધિ હેતુ બનીને સાધ્યસિદ્ધિ આપે છે. **દા.ત.** 'મુહૂર્તના અંતે સ્વાતિ નક્ષત્રનો ઉદય નહીં થાય, કારણ કે અત્યારે ચિત્રા નક્ષત્રનો ઉદય નથી.' ચિત્રોદય પછી મુહૂર્તાન્તે સ્વાતિનો ઉદય થાય છે. અહીં પ્રતિષેધ્ય છે સ્વાતિનો ઉદય, તેનો અવિરુદ્ધ પૂર્વચર છે ચિત્રોદય, તેની અનુપલબ્ધિ (અભાવ) એ હેતુ બને છે અને તેનાથી મુહૂર્તાન્તે સ્વાતિ ઉદયાભાવની અનુમિતિ કરાય છે.

(૬) **પ્રતિષેધ્યાવિરુદ્ધોત્તરચરાનુપલબ્ધિ હેતુ :** પ્રતિષેધ્યથી અવિરુદ્ધ એવા ઉત્તરચરની અનુપલબ્ધિ હેતુ બનીને સાધ્યસિદ્ધિ કરી આપે છે. **દા.ત.** 'મુહૂર્ત પૂર્વે પૂર્વભદ્રપદા નક્ષત્રનો ઉદય નહોતો, કારણ કે અત્યારે ઉત્તરભદ્રપદાનો ઉદય નથી. પૂર્વભદ્રપદા પછી ઉત્તરભદ્રપદાનો ઉદય થાય. અહીં પ્રતિષેધ્ય છે મુહૂર્ત પૂર્વે પૂર્વભદ્રપદાનો ઉદય, તેનો અવિરુદ્ધ ઉત્તરચર છે ઉત્તરભદ્રપદાનો ઉદય, તેની અનુપલબ્ધિ (અભાવ) એ હેતુ બને છે અને તેનાથી મુહૂર્ત પૂર્વે પૂર્વભદ્રપદાના ઉદયના અભાવની અનુમિતિ કરાય છે.

(૭) **પ્રતિષેધ્યાવિરુદ્ધસહચરાનુપલબ્ધિ હેતુ :** પ્રતિષેધ્યથી અવિરુદ્ધ એવા સહચરની અનુપલબ્ધિ હેતુ બનીને સાધ્યસિદ્ધિ કરી આપે છે. **દા.ત.** 'આને સમ્યગ્જ્ઞાન નથી, કારણ કે સમ્યગ્દર્શન જણાતું નથી.' અહીં પ્રતિષેધ્ય છે સમ્યગ્જ્ઞાન, અને તેનાથી સમ્યગ્જ્ઞાનાભાવની અનુમિતિ કરાય છે.

આ રીતે, પ્રતિષેધસાધક પ્રતિષેધરૂપ હેતુના સાત પ્રકારોનું પણ ઉદાહરણ સહિત નિરૂપણ કર્યું. આમ, અન્યથાનુપપત્તિ રૂપ એક જ લક્ષણ (સ્વરૂપ) વાળા હેતુના જુદી રીતે જુદા જુદા અનેક પ્રકારો બતાવ્યા. તે બધા સ્વસાધ્યસાધક હોવાથી હેતુ બને છે. સ્વસાધ્યની સિદ્ધિ કરી ન શકે તે હેત્વાભાસ કહેવાય છે.

## * હેત્વાભાસ - પ્રરૂપણા *

સદ્ધેતુનું લક્ષણ, પ્રકારાદિ દ્વારા નિરૂપણ કરીને હવે અસદ્ધેતુનું નિરૂપણ કરે છે. સદ્ધેતુનું નિશ્ચિતાન્યથાનુપપત્તિકત્વરૂપ લક્ષણ બતાવ્યું, એનાથી જ અસદ્ધેતુનું અનિશ્ચિતાન્યથાનુપપત્તિકત્વ સ્વરૂપ ફલિત થઈ જાય છે માટે તેનું સ્વરૂપ ન જણાવતા સીધા તેના પ્રકારો જ જણાવે છે.

હેત્વાભાસના ત્રણ પ્રકાર છે (૧) અસિદ્ધ (૨) વિરુદ્ધ (૩) અનૈકાન્તિક (વ્યભિચારી)

(૧) **અસિદ્ધ હેત્વાભાસ :** જે હેતુનું સ્વરૂપ જ અપ્રતીયમાન હોય તેને અસિદ્ધ કહેવાય. હેતુના સ્વરૂપની પ્રતીતિ ન થવામાં ત્રણ કારણો હોઈ શકે છે. ક્યાંક સ્વરૂપનું જ્ઞાન ન હોય, ક્યાંક તેના સ્વરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**नन्वन्यतरासिद्धो हेत्वाभास एव नास्ति, तथाहि-परेणासिद्ध इत्युद्भाविते यदि वादी न तत्साधकं प्रमाणमाचक्षीत, तदा प्रमाणाभावादुभयोरप्यसिद्धः । अथाचक्षीत तदा प्रमाणस्यापक्षपातित्वादुभयोरपि सिद्धः । अथ यावन्न परं प्रति प्रमाणेन प्रसाध्यते, तावत्तं प्रत्यसिद्ध इति चेत्; गौणं तर्ह्यसिद्धत्वम्, न हि रत्नादिपदार्थस्तत्त्वतोऽप्रतीयमानस्तावन्तमपि कालं**

---

**निग्रहान्तत्वाद्वादस्येति** - प्रतिज्ञाविरोधप्रतिज्ञासंन्यासादिद्वाविंशतिनिग्रहस्थानानां मध्ये हेत्वाभासस्यापि निग्रहस्थानत्वेन परिगणनात्, तदवाप्तितो वादी निगृहीतो भवति, अतस्तत्परिहारार्थं न तत्र प्रमाणोपन्यासं कर्तुमर्हति, निग्रहान्तत्वाद्वादस्य, अन्यथा परापरविचारधाराप्रवृत्तितोऽनवस्थानात् कथान्तमेव न कोऽपि गच्छेदिति जयपराजयव्यवस्थैवोच्छिद्येत । उत्तरयति '**अत्रोच्यते**' इत्यादिना - **अयम्भावः** यदि च वादी स्वोपन्यस्तहेतोः सम्यग्घेतुत्वं जानानः सन्, प्रतिवादिना स्वाऽऽगमासिद्धतयाऽस्वीकृतस्यापि तस्य हेतोः

---

વિશે સંશય હોય, અથવા ક્યાંક તેના સ્વરૂપ વિશે વિપર્યય થયેલો હોય. આ ત્રણમાંથી કોઈ પણ કારણે હેતુના સ્વરૂપની અપ્રતીતિ હોઈ શકે છે. આ અસિદ્ધ હેત્વાભાસના બે ભેદ છે. (૧) **ઉભયાસિદ્ધ :** જે હેતુ વાદી-પ્રતિવાદી બન્નેને અસિદ્ધ હોય તેવો હેતુ. **દા.ત.** શબ્દ પરિણામી છે કારણ કે તે ચાક્ષુષપ્રત્યક્ષનો વિષય બને છે. શબ્દ શ્રાવ્ય હોવાથી તેમાં ચાક્ષુષત્વ વાદી-પ્રતિવાદી બન્નેને અસિદ્ધ છે. (૨) **અન્યતરાસિદ્ધઃ** વાદી-પ્રતિવાદી બેમાંથી કોઈ પણ એકને અસિદ્ધ હોય તેવો હેતુ. **દા.ત.** વૃક્ષો અચેતન છે કારણ કે જ્ઞાનનિરોધ, ઈન્દ્રિયનિરોધ અને આયુષ્યનિરોધરૂપ મરણથી તેઓ રહિત છે. બૌદ્ધો જૈનોની સામે આવો અનુમાન પ્રયોગ કરે તો જૈનોને (પ્રતિવાદીને) આ હેતુ અસિદ્ધ બની જાય કારણ કે જૈનો તો વૃક્ષાદિરૂપ વનસ્પતિને પણ એકેન્દ્રિય જીવરૂપ માને છે તેથી વૃક્ષાદિમાં જ્ઞાન-ઈન્દ્રિય-આયુષ્ય નિરોધ (પૂર્ણાહૂતિ) રૂપ મરણને માને છે. આ પ્રતિવાદી અસિદ્ધ અન્યતરાસિદ્ધ હેત્વાભાસ બતાવ્યો. હવે વાદી અસિદ્ધ અન્યતરાસિદ્ધ હેત્વાભાસનું ઉદાહરણ આપે છે. **દા.ત.** 'સુખાદિ અચેતન છે કારણ કે તે ઉત્પન્ન થાય છે.' સાંખ્યો જૈનોની સામે આવો અનુમાન પ્રયોગ કરે તો આ હેતુ સાંખ્યોને (=વાદીને) જ અસિદ્ધ છે કારણ કે સાંખ્યો તો સત્કાર્યવાદી છે. તેમના મતે તો કોઈ વસ્તુના ઉત્પત્તિ કે નાશ થતા જ નથી. દરેક વસ્તુ પોતપોતાના કારણમાં રહેલી જ હોય છે. માત્ર આવિર્ભાવ-તિરોભાવ થાય છે. આમ, 'ઉત્પત્તિમત્ત્વ' હેતુ સાંખ્યોને જ અસિદ્ધ હોવાથી વાદી અસિદ્ધ અન્યતરાસિદ્ધ કહેવાય. આનો ફલિતાર્થ એ થયો કે હેતુ ઉભયસિદ્ધ જ હોવો જોઈએ.

### * અન્યતરાસિદ્ધમાં હેત્વાભાસતાની સિદ્ધિ *

**પૂર્વપક્ષ :** અરે ! અન્યતરાસિદ્ધ હેતુને તે વળી કાંઈ હેત્વાભાસ કહેવાતો હશે ! તે હેત્વાભાસ બની શકે તેમ જ નથી. પ્રતિવાદી હેતુને અસિદ્ધ જાહેર કરે અને તે વખતે વાદી તે હેતુને સિદ્ધ કરતું પ્રમાણ ન આપી શકે તો પ્રમાણાભાવ કારણે હેતુ ઉભયાસિદ્ધ જ બની જશે (અન્યતરાસિદ્ધ રહેશે જ નહીં) અને, પ્રતિવાદીએ હેતુને અસિદ્ધ જાહેર કર્યા બાદ વાદી હેતુને સિદ્ધ કરતું સચોટ પ્રમાણ રજુ કરે તો તો પછી જે વસ્તુ પ્રમાણસિદ્ધ હોય તે વસ્તુને સ્વીકારવી જ રહી કારણ કે પ્રમાણ કોઈના પક્ષમાં બેસતું નથી. વ્યક્તિએ જ પ્રમાણના પક્ષે રહેવું જોઈએ. તેથી તે હેતુ ઉભયને સિદ્ધ જ થઈ જશે. હવે તમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मुख्यतया तदाभासः । किञ्च, अन्यतरासिद्धो यदा हेत्वाभासस्तदा वादी निगृहीतः स्यात्, न च निगृहीतस्य पश्चादनिग्रह इति युक्तम् । नापि हेतुसमर्थनं पश्चाद्युक्तम्, निग्रहान्तत्वाद्वादस्येति । अत्रोच्यते-यदा वादी सम्यग्हेतुत्वं प्रतिपद्यमानोऽपि तत्समर्थनन्यासविस्मरणादिनिमित्तेन प्रतिवादिनं प्राश्निकान् वा प्रतिबोधयितुं न शक्नोति, असिद्धतामपि नानुमन्यते,**

---

सम्यक्त्वं प्रस्थापयितुं शक्नोति न तदा निग्रहस्थानं, हेतुशुद्ध्यादेरपि दशावयववाक्यप्रयोगानुज्ञयाऽनुज्ञातत्वात् । यदि च स्वप्रयुक्तहेतोः सम्यक्त्वं जानन्नपि न सभाक्षोभादिकारणपारवश्यात् परं प्राश्निकान् वा तज्ज्ञापयितुमलं, स्वयं च तस्यासिद्धत्वं नानुमन्यते तदाऽन्यतरासिद्धत्वेनैव स निगृहीतो भवति । एवं च स्वयमनभ्युपगतमपि प्रतिवादिमात्रसिद्धतया हेतुं प्रयुञ्जानोऽप्यन्यतरासिद्धहेत्वाभासाख्यनिग्रहस्थानेन निगृहीतो भवति ।

---

જ કહો, હેતુ અન્યતરાસિદ્ધ રહેવાનો જ ક્યાંથી ?

**શંકા.** : પ્રતિવાદીએ અસિદ્ધ જાહેર કરેલા હેતુને વાદી જ્યાં સુધી પ્રતિવાદીને પ્રમાણથી સિદ્ધ કરી ન બતાવે ત્યાં સુધીના વચગાળાના સમયમાં તો એ હેતુ પ્રતિવાદીને અસિદ્ધ જ રહેવાનો ને. એ વચગાળાના સમયની અપેક્ષાએ તો એ અન્યતરાસિદ્ધ થયો જ કહેવાય ને ?

**સમા.** : તમે જો આવી દલીલ કરો તો પછી હેતુમાં જે અસિદ્ધતા આવશે તે ગૌણ (ઔપચારિક) હશે, વાસ્તવિક નહીં હોય. વાસ્તવમાં જે સદ્ધેતુ હોય અને પ્રતિવાદી તેને અસિદ્ધ કહેતો હોય ત્યારે વાદી પ્રતિવાદીને તે હેતુ પ્રમાણથી સિદ્ધ ન કરી આપે તે વચગાળાના કાળ દરમ્યાનમાં તે હેતુ દુષ્ટ બની જતો નથી કે જેથી તે કાળ દરમ્યાનમાં તેને અસિદ્ધ હેત્વાભાસ કહી શકાય ! સાચા રત્નની પરખ કરાવી આપનાર કોઈ ન મળે ત્યારે અથવા હીરાપારખું તેને સમજાવે કે ભાઈ ! આ તો કિંમતી રત્ન છે ઈત્યાદિ... આ સમજાવટ દ્વારા હીરાપારખું સામા પુરુષને સાચા રત્નની રત્ન રૂપે જ્યાં સુધી ઓળખાણ કરાવી ન શકે એટલા વચગાળાના કાળ દરમ્યાનમાં પણ સાચું રત્ન કાંઈ રત્નાભાસ (કાચનો ટુકડો) થોડો બની જાય છે ? હા, જ્યાં સુધી રત્નની ઓળખાણ થઈ નથી. ત્યાં સુધી તે રત્નને વિશે કાચના ટુકડા તરીકેનો વ્યવહાર થાય. તેમ છતા પણ તે વ્યવહાર અજ્ઞાનમૂલક હોવાથી વાસ્તવિક કે પ્રામાણિક નથી (તમારા વીતરાગી જિનેશ્વર પરમાત્માને વીતરાગ ન માનનારા કોઈકને તમે પ્રમાણથી 'આ વીતરાગ છે' એવું જ્યાં સુધી સિદ્ધ કરી ન આપો ત્યાં સુધી વીતરાગ કાંઈ 'સરાગી' થોડા કહેવાય ?)

વળી, વાદ વ્યવસ્થામાં જે અઢાર પ્રકારના નિગ્રહસ્થાનો બતાવ્યા છે તેમાં 'હેત્વાભાસનો પ્રયોગ કરવો' એ પણ એક પ્રકારનું નિગ્રહસ્થાન છે. હવે જો અન્યતરાસિદ્ધ હેતુને હેત્વાભાસ કહેશો તો પછી તેવા હેતુના પ્રયોગ કરનારો વાદી નિગૃહીત જ થઈ જશે અને એકવાર નિગૃહીત થઈ ગયા પછી તે અનિગૃહીત બની શકતો નથી. એકવાર હેત્વાભાસનો પ્રયોગ કરીને નિગૃહીત થયા બાદ પ્રયુક્ત હેતુનું સમર્થન કરે તો પણ પછી તે અનિગૃહીત થઈ શકવાનો નથી કારણ કે વાદ નિગ્રહાન્ત હોય છે. નિગ્રહ થતા જ વાદ પૂર્ણ થઈ જાય છે. પછી દલીલ કરીને તે હેતુને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરીને વાદીને અનિગૃહીત બનવાનો અવકાશ જ ક્યાં રહ્યો ? આ તો એકવાર યોદ્ધો મરી ગયો પછી પુનર્જીવિત કરીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तदान्यतरासिद्धत्वेनैव निगृह्यते । तथा, स्वयमनभ्युपगतोऽपि परस्य सिद्ध इत्येतावतैवोपन्यस्तो हेतुरन्यतरासिद्धो निग्रहाधिकरणम्, यथा साङ्ख्यस्य जैनं प्रति 'अचेतनाः सुखादय उत्पत्तिमत्त्वाद् घटवद्' इति ।**

**साध्यविपरीतव्याप्तो विरुद्धः । यथा अपरिणामी शब्दः कृतकत्वादिति । कृतकत्वं**

---

લડાઈ ચાલુ રાખવાના પ્રયત્ન જેવું છે. માટે અન્યતરાસિદ્ધ હેતુને હેત્વાભાસ કહેવો વ્યાજબી નથી.

**ઉત્તરપક્ષ :** વાદી જ્યારે એવું ચોક્કસપણે જાણતો પણ હોય કે પોતે પ્રયુક્ત કરેલ હેતુ સદ્ધેતુ જ છે છતાં ય પ્રતિવાદીએ તે હેતુને 'અસિદ્ધ' જાહેર કર્યા પછી તે હેતુને સિદ્ધ કરી આપતી દલીલો યાદ ન આવવાથી કે એવા અન્ય કોઈ પણ કારણથી વાદી જો પ્રતિવાદીને પ્રશ્નકર્તાઓને તે હેતુની પ્રમાણસિદ્ધતા સમજાવી ન શકે અને બીજી બાજુ સ્વપ્રયુક્ત હેતુને અસિદ્ધ તરીકે સ્વીકારવા ય તૈયાર ન થાય ત્યારે 'અન્યતરાસિદ્ધ હેત્વાભાસનો પ્રયોગ કર્યો હોવારૂપ' નિગ્રહસ્થાનથી તે વાદી નિગૃહીત થાય છે.

આ ઉપરાંત, બીજી રીતે પણ અન્યતરાસિદ્ધ હેતુ નિગ્રહસ્થાન બની શકે છે. પોતાને અસિદ્ધ એવો પણ હેતુ જો બીજાને માટે સિદ્ધ હોય એટલા માત્રથી તેની સામે વાદી સ્વ-અસંમત હેતુનો પણ પ્રયોગ કરી બેસે ત્યારે પણ ''અન્યતરાસિદ્ધ હેત્વાભાસપ્રયોગ'' રૂપ નિગ્રહસ્થાનથી તે નિગૃહીત થાય છે. જેમ કે જૈનો સામે સુખાદિમાં અચેતનત્વની સિદ્ધિ કરવા માટે સાંખ્યો 'ઉત્પત્તિમત્ત્વાત્' હેતુનો પ્રયોગ કરે તો ત્યાં જૈનો તો સુખાદિમાં ઉત્પત્તિમત્ત્વ માને જ છે તેથી તેમને માટે તો આ હેતુ સિદ્ધ જ છે. પરંતુ સાંખ્યો સત્કાર્યવાદી હોવાથી કોઈ પણ પદાર્થમાં ઉત્પત્તિમત્ત્વ માનતા નથી માટે વાદીએ પોતાને અસિદ્ધ હોય તેવા હેતુનો પ્રયોગ કર્યો હોવાથી હેતુ અન્યતરાસિદ્ધ બને છે. આવા હેત્વાભાસનો પ્રયોગ કરવાથી વાદી નિગ્રહસ્થાનને પ્રાપ્ત કરે છે. આ રીતે અન્યતરાસિદ્ધ હેતુને પણ હેત્વાભાસ કહેવો યુક્તિયુક્ત જ છે.

## * વિરુદ્ધહેત્વાભાસનું નિરૂપણ *

સાધ્યથી વિપરીત વસ્તુને જે હેતુ વ્યાપ્ત હોય તે વિરુદ્ધ હેત્વાભાસ કહેવાય. **દા.ત.** ''શબ્દ અપરિણામી છે, કારણ કે તે કૃતક (કરાયેલો) છે.'' અહીં કૃતકત્વને અપરિણામિત્વની સાથે વ્યાપ્તિ નથી, કિન્તુ અપરિણામિત્વને વિરુદ્ધ એવા પરિણામિત્વ સાથે જ વ્યાપ્તિ છે. તેથી આ હેતુ સ્વસાધ્ય અપરિણામિત્વની સિદ્ધિ કરી આપવાને બદલે સાધ્યવિપરીત એવા પરિણામિત્વધર્મની જ સિદ્ધિ કરી આપશે માટે તેને વિરુદ્ધ હેત્વાભાસ કહેવાય છે. વાદી વતી લડતો વકીલ પ્રતિવાદીની દલીલો કરવા માંડે એના જેવો આ હેત્વાભાસ કહી શકાય.

## * અનૈકાન્તિક (વ્યભિચારી) હેત્વાભાસનું નિરૂપણ *

હવે ક્રમપ્રાપ્ત અનૈકાન્તિક હેત્વાભાસનું નિરૂપણ કરે છે. સૌપ્રથમ તેનું લક્ષણ જણાવે છે. જે હેતુની અન્યથાઅનુપપત્તિ વિશે સંદેહ હોય (એટલે કે નિર્ણય ન હોય) તેવા હેતુને અનૈકાન્તિક કહેવાય છે. તેના બે ભેદ છે.

(૧) **નિર્ણીતવિપક્ષવૃત્તિક :** નિશ્ચિત સાધ્યાભાવવાન્‌માં (= વિપક્ષમાં) હેતુ રહેલો છે એવો નિર્ણય જે હેતુ વિશે થયેલો હોય તે. **દા.ત.** 'શબ્દ નિત્ય છે, કારણ કે તે પ્રમેય છે' પ્રમેયત્વ જેમ સપક્ષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ह्यपरिणामित्वविरुद्धेन परिणामित्वेन व्याप्तमिति ।

यस्यान्यथानुपपत्तिः सन्दिह्यते सोऽनैकान्तिकः । स द्वेधा-निर्णीतविपक्षवृत्तिकः सन्दिग्धविपक्षवृत्तिकश्च । आद्यो यथा नित्यः शब्दः प्रमेयत्वात् । अत्र हि प्रमेयत्वस्य वृत्तिर्नित्ये व्योमादौ सपक्ष इव विपक्षेऽनित्ये घटादावपि निश्चिता । द्वितीयो यथा अभिमतः सर्वज्ञो न भवति वक्तृत्वादिति । अत्र हि वक्तृत्वं विपक्षे सर्वज्ञे संदिग्धवृत्तिकम्, सर्वज्ञः किं वक्ताऽऽहोस्विन्नेति सन्देहात् । एवं स श्यामो मित्रापुत्रत्वादित्याद्यप्युदाहार्यम् ।

अकिञ्चित्काराख्यश्चतुर्थोऽपि हेत्वाभासभेदो धर्मभूषणेनोदहृतो न श्रद्धेयः । सिद्धसाधनो

---

**'यस्यान्यथानुपपत्तिः सन्दिह्यते'** इति - अनिर्णीतसाध्यान्यथानुपपत्तिको हेतुरनैकान्तिक इत्यर्थः ।

**'धर्मभूषणेनेति'** - यदुक्तं तत्कृत**न्यायदीपिकायां** - *'अप्रयोजको हेतुरकिञ्चित्करः, स द्विविधः सिद्धसाधनो बाधितविषयश्चेति'*। सिद्धसाधने साध्यस्य सिद्धत्वेन बाधितविषये च साध्यस्य पक्षे प्रत्यक्षादिना बाधितत्वेन हेतोः किञ्चिदपि कर्तुमशक्यत्वादकिञ्चित्करो हेतुः । तस्य पृथग् हेत्वाभासतयाऽश्रद्धेयत्वे हेतुमाह **'प्रतीतनिराकृताख्यपक्षाभासभेदानतिरिक्तत्वादि'ति** - अप्रतीतानिराकृताभीप्सितसाध्यधर्मविशिष्टधर्मिणां सम्यक्पक्षत्वेन उक्तत्वादेतेषां च तद्विपरीतत्वेनाऽसम्यक्त्वात् । **अयम्भावः** त्रिधा पक्षाभासास्तद्यथा-प्रतीतसाध्यधर्मकः पक्षो, यथा **जैनान्** प्रति परेणावधारणवर्जं प्रयुज्यमानः 'समस्ति जीवः' इत्यादि, अवधारणं

---

(=નિશ્ચિત સાધ્યવાન્) એવા નિત્ય આકાશાદિ પદાર્થોમાં રહ્યું છે તેમ અનિત્ય (વિપક્ષ) એવા ઘટાદિ પદાર્થોમાં પણ રહ્યું છે. તેવો નિશ્ચય હોવાથી પ્રમેયત્વ નિત્યત્વ વિના અનુપપન્ન બની જાય તેવો નિર્ણય થઈ શકતો નથી અને આવી અન્યથાઅનુપપત્તિનો નિશ્ચય ન થવાથી પ્રમેયત્વ હેતુ ઉક્ત સાધ્યનું અનુમાન કરાવી શકતો નથી. તેથી તે હેત્વાભાસ કહેવાય છે.

(૨) **સંદિગ્ધવિપક્ષવૃત્તિક :** જે હેતુની વિપક્ષવૃત્તિને વિશે સંદેહ હોય (નિર્ણય ન હોય) તે. **દા.ત.** 'વાદીને સર્વજ્ઞ તરીકે અભિમત વ્યક્તિ, સર્વજ્ઞ નથી, કારણ કે તે વક્તા છે.' અહીં સર્વજ્ઞત્વાભાવ એ સાધ્ય છે. વિપક્ષ (=સર્વજ્ઞ) માં વક્તૃત્વ હશે કે નહીં હોય તેનો નિર્ણય ન હોવાથી સંદેહ છે. તેથી વક્તૃત્વ હેતુ સર્વજ્ઞત્વ વિના અનુપપન્ન બની જ જાય તેવો નિશ્ચય નથી થઈ શકતો અને માટે વક્તૃત્વ હેતુ સ્વસાધ્યાનુમાપક ન બની શકવાથી હેત્વાભાસ કહેવાય છે.

આ જ રીતે 'તે કાળો છે કારણ કે તે મિત્રાનો પુત્ર છે' ઈત્યાદિ સોપાધિક હેતુ પણ અહીં ઉદાહરણ રૂપ સમજવા. કારણ કે મિત્રાના ત્રણ પુત્રો શ્યામ હોવા છતા પણ તેનો ચોથો પુત્ર શ્યામ ન હોય તેવું બની શકે છે તેથી વિપક્ષભૂત શ્યામત્વાભાવ ને મિત્રાપુત્રત્વ સાથે વિરોધ નથી એટલે કે શ્યામ ન હોય તેમાં મિત્રાપુત્રત્વરૂપ હેતુ રહી ન જ શકે એવું કહી શકાતું નથી અને માટે મિત્રાપુત્રત્વ શ્યામત્વ વિના અનુપપન્ન બની જાય એવો નિર્ણય થઈ શક્તો ન હોવાથી વિપક્ષમાં ઉક્ત હેતુની વૃત્તિ સંદિગ્ધ રહેવાની. તેથી આવા હેતુ પણ સંદિગ્ધ વિપક્ષવૃત્તિક પ્રકારના અનૈકાંતિક હેત્વાભાસ કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**बाधितविषयश्चेति द्विविधस्याप्यप्रयोजकाह्वयस्य तस्य प्रतीत-निराकृताख्यपक्षाभासभेदानति-**

वर्जयित्वा परोपन्यस्तेन सर्वेणापि वाक्प्रयोगेण **आर्हतानां** प्रतीतस्यैवार्थस्य प्रकाशनात्। द्वितीयश्च निराकृतसाध्यधर्मको यथा 'नास्ति भूतातिरिक आत्मे'ति, पृथिव्यप्तेजोवायुभ्यः शरीरत्वेन परिणतेभ्यो विलक्षणस्यात्मद्रव्यस्य स्वसंवेदनप्रत्यक्षेण चकासनात्प्रत्यक्षनिराकृतसाध्यधर्मकोऽयं पक्षः । एवमनुमानाऽऽगम-लोक-स्ववचनादिभिरपि क्वचित् साध्यस्य निराकृतत्वसम्भवादनेकभेदोऽयम् । अनभीप्सितसाध्यधर्मको यथा **स्याद्वादिनः** शाश्वतिक एव घटादिरशाश्वतिक एवेति वा वदतः । **स्याद्वादिनः** सर्वत्र वस्तुनि नित्यत्वैकान्तोऽनित्यत्वैकान्तो वा नाभीप्सितस्तथापि कदाचिदसौ विस्मरणादिना एवमपि वदेत् । **'एतेने'ति → नैयायिकादि**परिकल्पितस्य बाधितहेत्वाभासस्यापि निराकृतसाध्यधर्मकाख्यपक्षाभास एवान्तर्भावादिति । **'प्रकरणसमोऽपी'**ति - अतुल्यबलत्वे अन्यतरहेतोः प्रतिक्षिप्तत्वेन 'तुल्यबल' इत्युक्तम् । यद्यपि परस्परविरुद्धसाधकयोः स्थापनाप्रतिस्थापनाहेत्वोरेकस्यावश्यमेव दुष्टत्वं तथापि तत्काले वादिप्रतिवादिभ्यां स्वपक्षप्रतिपक्षहेतौ तन्न ज्ञायत इति वस्तुतस्तुल्यबलत्वाभावेऽपि तुल्यबलतया ज्ञाते इत्यर्थः, अतुल्यबलतयाऽज्ञात इति वाऽर्थः ।

## * અકિંચિત્કર હેતુની હેત્વાભાસતાનું નિરાકરણ *

વાદી **ધર્મભૂષણે** અકિંચિત્કર (અથવા અપ્રયોજક) હેત્વાભાસના (૧) સિદ્ધસાધન, અને (૨) બાધિતવિષયક એવા બે ભેદ જણાવ્યા છે. જે સાધ્ય સિદ્ધ જ હોય તેની પુનઃ સિદ્ધિ શું કરવાની ? માટે સિદ્ધ થઈ ચુકેલા સાધ્યની સિદ્ધિ કરવા અપાયેલો હેતુ વિશેષ કંઈ સિદ્ધ કરી શકતો ન હોવાથી તે હેતુ અકિંચિત્કર (અપ્રયોજક) છે. આજ રીતે જે હેતુનું સાધ્ય પ્રત્યક્ષ કે આગમથી બાધિત હોય તે હેતુ પણ સાધ્યસિદ્ધિ કરી શકતો નથી માટે તે પણ અકિંચિત્કર છે.

**ધર્મભૂષણે** બતાવેલો આ અકિંચિત્કર નામક ચોથો હેત્વાભાસ શ્રદ્ધેય નથી કારણ કે પક્ષ અપ્રતીત અને અનિરાકૃત હોવો જોઈએ તેથી સિદ્ધસાધન નામનો અપ્રયોજક હેત્વાભાસ 'પ્રતીત' હોવાથી પક્ષાભાસમાં જ સમાવિષ્ટ થશે અને જેને તે બાધિતવિષય નામનો અપ્રયોજક હેત્વાભાસ કહે છે તે પણ 'નિરાકૃત' હોવાથી 'નિરાકૃત' નામના પક્ષાભાસમાં જ સમાવિષ્ટ થશે આમ, **ધર્મભૂષણ**ની અકિંચિત્કર હેત્વાભાસની વાત જ અકિંચિત્કર છે.

**શંકા :** જ્યાં આગળ પક્ષદોષ હોય ત્યાં હેતુદોષ પણ માનવાનો એવો નિયમ છે અને તેથી પક્ષના દુષણોને હેત્વાભાસ કહેવા પડશે.

**સમા. :** માત્ર પક્ષના દોષોને જ હેત્વાભાસ માનવાનો અર્ધજરતીયન્યાય શા માટે ? આ રીતે તો તમારે સાધ્યના દોષોને, દૃષ્ટાન્તના દોષોને પણ હેત્વાભાસ માનવા પડશે અને એવું કરવા જતા તો હેત્વાભાસની કુલ સંખ્યા ઘણી વધી જશે. માટે જ્યાં પક્ષદોષ હોય ત્યાં હેતુદોષ માનવો એ નિયમ શ્રદ્ધેય નથી. (નૈયાયિકો પણ સિદ્ધસાધનને હેત્વાભાસ માનતા નથી. ન્યાયદર્શનની માન્યતા એવી છે કે જે હેતુ અનુમિતિનો કે અનુમિતિના કરણભૂત વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધક હોય તેને હેત્વાભાસ કહેવાય. અનૈકાંતિક હેત્વાભાસ અનુમિતિ કરણભૂત વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધક છે માટે હેત્વાભાસ છે અને બાધાદિ અનુમિતિના પ્રતિબંધક હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**रिक्तत्वात् । न च यत्र पक्षदोषस्तत्रावश्यं हेतुदोषोऽपि वाच्यः, दृष्टान्तादिदोषस्याप्यवश्यं वाच्यत्वापत्तेः । एतेन कालात्ययापदिष्टोऽपि प्रत्युक्तो वेदितव्यः । प्रकरणसमोऽपि नातिरिच्यते, तुल्यबलसाध्य-तद्विपर्ययसाधकहेतुद्वयरूपे सत्यस्मिन् प्रकृतसाध्यसाधनयोरन्यथानुपपत्त्यनिश्चयेऽसिद्ध एवान्तर्भावादिति संक्षेपः ।**

---

હેત્વાભાસ છે. સિદ્ધસાધન તો બેમાંથી એકેયનો પ્રતિબંધક નથી માટે તેને હેત્વાભાસ ન કહેવાય. જે લોકો સિદ્ધસાધનને અનુમિતિની ઉત્પત્તિમાં પ્રતિબંધક માને છે તેમનું કહેવું છે કે - જેમ વ્યાપ્તિજ્ઞાન અનુમિતિની ઉત્પત્તિમાં કારણ છે તેમ પક્ષધર્મતાનું જ્ઞાન પણ તેમાં કારણ છે. જેમાં સાધ્ય અસિદ્ધ હોય અને જેમાં સાધ્યને સિદ્ધ કરવાની ઈચ્છા હોય તેને પક્ષ કહેવાય છે. સાધ્યધર્મ જો સિદ્ધ જ હોય તો તેને સિદ્ધ કરવાની ઈચ્છા થતી નથી. જે ધર્મીમાં સાધ્યધર્મ સિદ્ધ હોય અને તેને સિદ્ધ કરવાની ઈચ્છા પણ ન હોય તે ધર્મીને પક્ષ ન કહેવાય અને માટે હેતુ એ પક્ષનો ધર્મ બનતો નથી. આ રીતે પક્ષતાનું વિઘટન કરવા દ્વારા સિદ્ધસાધન અનુમિતિપ્રતિબંધક બને છે. આ જ કારણે સાધ્ય સિદ્ધ હોવા છતાં પણ જો સિષાધયિષા (સાધ્યને સિદ્ધ કરવાની ઈચ્છા) થઈ જાય તો પછી તે સિદ્ધસાધન દોષ રહેતો નથી. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આ મતે પણ સિદ્ધસાધન એ પક્ષના સ્વરૂપનું જ વિરોધી છે તેથી તેને પક્ષના દોષરૂપ જ માનવો જોઈએ. હેત્વાભાસરૂપ નહીં).

### * 'બાધ'ની હેત્વાભાસતાનું નિરાકરણ *

ઉપરોક્ત દલીલથી નૈયાયિક સંમત કાલાત્યયાપદિષ્ટ (બાધિત) હેતુની હેત્વાભાસતા પણ ખંડિત થઈ જાય છે. પક્ષમાં સાધ્યના સંદેહનો જે કાળ હોય તે જ સાધ્યસિદ્ધિ કરવાનો કાળ છે. તેના બદલે પક્ષમાં સાધ્યાભાવનું જ્ઞાન હોય તે કાળે સાધ્યસિદ્ધિ કરવા જે હેતુ અપાય તે કાલાત્યયાપદિષ્ટ કહેવાય. (કાલનો વ્યત્યય થયા પછી અપદિષ્ટ હોવાથી કાલાત્યયાપદિષ્ટ.) અહીં જે પક્ષમાં સાધ્ય પ્રત્યક્ષાદિપ્રમાણોથી બાધિત હોય તેને વિશે હેતુ પ્રવર્તાવવો એટલે બાધિતવિષયમાં હેતુની પ્રવૃત્તિ થઈ. આમ અહીં પણ પક્ષનું 'અનિરાકૃત' એવું જે સ્વરૂપ પૂર્વે જણાવ્યું છે તે જળવાતું નથી માટે આને પણ પક્ષનો જ દોષ માનવો જોઈએ.

### * 'સત્પ્રતિપક્ષ'ની સ્વતંત્રહેત્વાભાસતાનું નિરાકરણ *

નૈયાયિક સંમત પ્રકરણસમ (સત્પ્રતિપક્ષ) હેત્વાભાસને પણ સ્વતંત્ર માનવાની જરૂર નથી. પક્ષમાં સાધ્યસાધક હેતુની સામે સાધ્યાભાવસાધક હેતુ પણ ઉપસ્થિત થાય અને બન્ને તુલ્યબળવાળા જણાતા હોય તો આવા બે હેતુને સત્પ્રતિપક્ષ કહેવાય છે. આ બન્ને પરસ્પર વિરોધી એવા સાધ્યના સાધક હોય છે. તેથી બેમાંથી એકેય હેતુ સ્વસાધ્યસિદ્ધિ કરી શકતા નથી કારણ કે બન્ને દ્વારા પરસ્પર અનુમિતિનો પ્રતિબન્ધ થાય છે માટે બન્ને પ્રકરણસમ (સત્પ્રતિપક્ષ) કહેવાય છે. અહીં પણ સાધ્ય-સાધન વચ્ચે અન્યથાઅનુપપત્તિનો નિશ્ચય ન હોવાથી જ અનુમિતિ અટકે છે માટે આનો અસિદ્ધ હેત્વાભાસમાં જ અંતર્ભાવ થઈ જશે. (પૂર્વે અસિદ્ધ હેત્વાભાસનું લક્ષણ જણાવેલું છે કે અજ્ઞાન, સંદેહ કે વિપર્યય આ ત્રણમાંથી કોઈ પણ કારણે જે હેતુનું સ્વરૂપ પ્રતીયમાન ન હોય તે હેતુને અસિદ્ધ કહેવાય. પ્રકરણસમ હેતુનું સ્વરૂપ સંદેહના કારણે અપ્રતીયમાન હોય છે તેથી તેનો સમાવેશ અસિદ્ધ હેત્વાભાસમાં જ થશે.) સાધ્ય સાથેની અન્યથાઅનુપપત્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**आप्तवचनादाविर्भूतमर्थसंवेदनमागमः । न च व्याप्तिग्रहणबलेनार्थप्रतिपादकत्वाद् धूमवद-स्यानुमानेऽन्तर्भावः, कूटाकूटकार्षापणनिरूपणप्रवणप्रत्यक्षवदभ्यासदशायां व्याप्तिग्रहनैरपेक्ष्येणै-वास्यार्थबोधकत्वात् । यथास्थितार्थपरिज्ञानपूर्वकहितोपदेशप्रवण आप्तः । वर्णपदवाक्यात्मकं तद्वचनम् । वर्णोऽकारादिः पौद्गलिकः । पदं सङ्केतवत् । अन्योऽन्यापेक्षाणां पदानां समुदायो वाक्यम् ।**

---

'**आगम**' इति → प्रमाणमिति गम्यते । अर्थसंवेदनस्य प्रमाणत्वेन प्रतिपादिते सति **नैयायिका**दिपरिकल्पितशब्दलक्षणाऽऽगमप्रामाण्यं प्रत्युक्तं भवति, शब्दस्य जडत्वेन ज्ञानानात्मकतया प्रामाण्याभावात् । शब्दस्य जडत्वमनूपदमेव वक्ष्यते । उपचारात्तु आप्तवचनमपि प्रमाणं स्यात् ।

'**वर्णोऽकारादिः पौद्गलिक**' इति → **न च** कथं शब्दस्य पौद्गलिकत्वं, तस्याऽऽकाशगुणरुपतया द्रव्यत्वाभावादिति **वाच्यम्**, यतः शब्दपौद्गलिकत्वं हि प्रमाणतः प्रसिद्धं, **तथाहि** - शब्दः पौद्गलिकः प्रति-हन्यमानत्वात्, वायुना नीयमानत्वात्, द्वारतोऽनुगमनात्, विघातकारित्वाच्च । प्रचण्डशब्दोद्भेदजनितगिरिशिला-भेदोऽपि शब्दस्य पुद्गलमयत्वे प्रामाण्यमाबिभर्ति। सम्प्रति रात्निका अपि यन्त्रजनितशब्दात्मकशस्त्रेण रत्नभेदं कुर्वाणा दृश्यन्ते । प्रचण्डशब्देन कर्णान्तर्वर्तिपटलभेदोऽपि जायमानो दृश्यत, एतत्सर्वं शब्दस्य पुद्गलप्रभवत्वं प्रसाधयतीति सुस्थितं 'पौद्गलिको वर्ण' इति । **जैना**ऽऽगमे शब्दस्य भाषावर्गणापुद्गलानां परिणामत्वेन प्रतिपादितत्वेन सिद्धान्तसिद्धोऽयं पक्षः । **एतेन**, शब्दस्याऽऽहङ्कारिकत्वं ब्रुवाणा **साङ्ख्याः**, नित्यद्रव्यत्वं ब्रुवाणाश्च **मीमांसका** प्रतिक्षिप्ताः 'उत्पन्नो विनष्टो वा शब्दः' इति प्रत्यक्षेणैव नित्यत्वबाधात्, पौद्गलिकत्वोक्तित एव नित्यानित्यात्मकस्यैव शब्दस्य सिद्धेश्च ।

'**पदं सङ्केतवदि**'ति → अकार-मकार-उकारादेर्विष्णु-ब्रह्मा-शङ्करादौ सङ्केतितत्वेन तत्तदर्थवाचकत्वेन सम्बन्धादेकस्मिन् वर्ण आनुपूर्वीविशेषाभावादानुपूर्वीविशेषमद्वर्णत्वस्य पदलक्षणत्वं परित्यज्य सङ्केतवत्त्वं पदत्वमित्येवमुक्तम् । अस्मात्पदादयमर्थो बोद्धव्य इति, इदं पदममुमर्थं बोधयत्विति वेच्छा सङ्केतः, न त्वीश्वरीयत्वमपि तत्र निवेशनीयं, आधुनिकैः सङ्केतितेऽपि पदत्वव्यवहारात् ।

---

(વ્યાપ્તિ) નિશ્ચિત હોય તો અનુમિતિ થઈ જવી જોઈએ અને જો અન્યથાઅનુપપત્તિ (વ્યાપ્તિ) નિશ્ચિત ન હોય તો અસિદ્ધમાં સમાવિષ્ટ જાણવો.

### * સ્વતંત્ર આગમ પ્રમાણનું નિરૂપણ *

પ્રત્યક્ષપ્રમાણનું નિરૂપણ કર્યા બાદ પરોક્ષપ્રમાણના પાંચ ભેદો જણાવેલા. તેના દરેક ભેદનું ક્રમશઃ નિરૂપણ કરતા કરતા હવે છેલ્લા આગમ પ્રમાણનું નિરૂપણ કરે છે. સૌપ્રથમ તેનું લક્ષણ જણાવે છે. આપ્તવચનને આગમ કહે છે. આવા આપ્તવચનથી ઉત્પન્ન થતો અર્થબોધ તે આગમપ્રમાણ.

**પૂ.પક્ષ :** જે રીતે ધૂમ-વહ્નિ વચ્ચેના અવિનાભાવસંબંધ (વ્યાપ્તિ)ના ગ્રહણ દ્વારા જે જ્ઞાન થાય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तदिदमागमप्रमाणं सर्वत्र विधिप्रतिषेधाभ्यां स्वार्थमभिदधानं सप्तभङ्गीमनुगच्छति, तथैव परिपूर्णार्थप्रापकत्वलक्षणतात्त्विकप्रामाण्यनिर्वाहात्, क्वचिदेकभङ्गदर्शनेऽपि व्युत्पन्नमतीनामितरभङ्गाक्षेपध्रौव्यात् । यत्र तु घटोऽस्तीत्यादिलोकवाक्ये सप्तभङ्गीसंस्पर्शशून्यता तत्रार्थप्रापकत्वमात्रेण लोकापेक्षया प्रामाण्येऽपि तत्त्वतो न प्रामाण्यमिति द्रष्टव्यम् ।**

**'परिपूर्णार्थप्रापकत्वलक्षण'**... इति → सप्तभङ्ग्या विवक्षितं अत्रत्यपरिपूर्णार्थप्रापकत्वं खलु सत्त्वनित्यत्वादिविवक्षितैकधर्ममात्रपरतया पारिभाषिकं न तु तात्त्विकं, तात्त्विकपरिपूर्णार्थप्रापकत्वस्य त्वेकस्यैव द्रव्यस्याशेषस्वपरपर्यायसमन्वितस्य परिज्ञानेनैव सम्भवात् । *'जो एगं जाणइ सो सव्वं जाणइ'*[1] इत्याद्यागमवचसोऽत्रार्थ एव तात्पर्यम् ।

તેને અનુમાન કહેવાય છે તે રીતે આ શબ્દ 'વાચક' છે, 'આ એનો વાચ્યાર્થ છે' ઈત્યાદિ રીતે શબ્દ અર્થ વચ્ચેના વાચ્યવાચકભાવ સંબંધના ગ્રહણ દ્વારા જ શબ્દથી અર્થબોધ થાય છે. માટે આવા જ્ઞાનને અનુમાનપ્રમાણ જ કહેવું જોઈએ. જો ધૂમ-વહ્નિ વચ્ચેની વ્યાપ્તિનું ગ્રહણ થયું ન હોય તો ધૂમને જોવા છતાં ય અનુમિતિ થતી નથી તે જ રીતે જો વાચ્યવાચકભાવરૂપ સંબંધનું ગ્રહણ થયું ન હોય તો તેને શબ્દ સાંભળવા છતાં ય અર્થબોધ થતો નથી. આ રીતે જણાય છે કે અર્થબોધ થવામાં મુખ્ય કારણ તો વાચ્યવાચકભાવનું ગ્રહણ છે. આવો સંબંધ એ શબ્દ-અર્થ વચ્ચેની વ્યાપ્તિ છે. આમ આવી વ્યાપ્તિની અપેક્ષા રાખીને જ આપ્તવચનથી અર્થબોધ થાય છે માટે આવા જ્ઞાનને અનુમાનપ્રમાણ જ કહેવું જોઈએ.

**ઉ.પક્ષ :** તમારી વાત બરાબર નથી કારણ કે જેમ પ્રત્યક્ષ પ્રમાણ 'આ ચાંદી સાચી છે કે ખોટી છે' એનો નિર્ણય કરવામાં સમર્થ છે તે રીતે અભ્યાસદશામાં વાચ્ય-વાચક વચ્ચેના વ્યાપ્તિગ્રહની અપેક્ષા વિના જ શબ્દ એ અર્થપ્રતિપાદક બને છે તેથી આગમ પ્રમાણ સ્વતંત્ર સિદ્ધ થાય છે.

### * આપ્તનું લક્ષણ *

આપ્તપુરુષ દ્વારા ઉચ્ચરિત વચનથી થતા અર્થબોધને આગમપ્રમાણ કહ્યું છે. તેમાં ઘટકીભૂત 'આપ્ત' અને 'આપ્તવચન' કોને કહેવાય તે જણાવે છે. વસ્તુના યથાર્થ (ઉત્પત્તિ-વ્યય-ધ્રૌવ્યાત્મક એવા) સ્વરૂપને જાણ્યા પછી તેનો હિતોપદેશ આપવામાં કુશળ પુરુષને 'આપ્ત' કહેવાય છે. તેમનું 'વચન' વર્ણ-પદ-વાક્યરૂપ હોય છે. વર્ણાદિ કોને કહેવાય ? તો કહે છે કે અકારાદિ વર્ણ છે અને તે પૌદ્ગલિક છે. (જૈન મતે શબ્દ ભાષાવર્ગણાના પરિણામસ્વરૂપ હોવાથી પૌદ્ગલિક (દ્રવ્ય) છે. નૈયાયિકાદિની જેમ આકાશના ગુણ વગેરે રૂપ નથી. શબ્દના પૌદ્ગલિકત્વની સિદ્ધિ **સ્યાદ્વાદરત્નાકર** વગેરે અનેક ગ્રંથોમાં વિસ્તારથી કરાઈ છે.) અમુક પદાર્થને વિશે જેનો સંકેત કરેલો હોય તેવા વર્ણ કે વર્ણના સમૂહને પદ કહેવાય. અર્થબોધ કરાવવા માટે પરસ્પર અપેક્ષા રાખનારા પદોના સમૂહને વાક્ય કહેવાય છે. જેમ કે 'घटं आनय' નો અર્થબોધ કરાવવા માટે घट्, अम्, आ अ ની, આજ્ઞાર્થ પ્રત્યય વગેરે પદો છે. પ્રકૃતિપદને પ્રત્યયપદની વગેરે આકાંક્ષાઓ હોવાથી ઉક્ત પદો દ્વારા 'તું ઘડો લાવ' એવો અર્થબોધ ઉક્ત વાક્યથી થશે.

૧. य एकं जानाति स सर्वं जानाति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**केयं सप्तभङ्गीति चेदुच्यते - एकत्र वस्तुन्येकैकधर्मपर्यनुयोगवशादविरोधेन व्यस्तयोः समस्तयोश्च विधिनिषेधयोः कल्पनया स्यात्काराङ्कितः सप्तधा वाक्प्रयोगः सप्तभङ्गी । इयं च सप्तभङ्गी वस्तुनि प्रतिपर्यायं सप्तविधधर्माणां सम्भवात् सप्तविधसंशयोत्थापितसप्तविधजिज्ञासामूलसप्तविधप्रश्नानुरोधादुपपद्यते । तत्र स्यादस्त्येव सर्वमिति प्राधान्येन विधिकल्पनया**

'**सप्तभङ्गी**' इति → नानावस्त्वाश्रयविधिनिषेधकल्पनया शतभङ्गीप्रसङ्गनिवारणार्थ**मेकत्र वस्तुनी**त्युक्तम् । एकत्रापि जीवादिवस्तुनि विधीयमाननिषिध्यमानानन्तधर्मपर्यालोचनयाऽनन्तभङ्गीप्रसक्तिव्यावर्तनार्थ**मेकैकधर्मपर्यनुयोगवशा**दित्युपात्तम् । प्रत्यक्षादिविरुद्धसदसन्नित्यानित्याद्येकान्तविधिप्रतिषेधकल्पनयाऽपि प्रवृत्तस्य वचनप्रयोगस्य सप्तभङ्गीत्वानुषङ्गभङ्गार्थ**मविरोधेने**त्युक्तम् । '**पर्यनुयोगवशादि**'त्यत्र पञ्चम्याः प्रयोज्यत्वमर्थः । परम्परया प्राश्निकप्रश्नज्ञानजन्यत्वं हि पर्यनुयोगप्रयोज्यत्वमुच्यते, तच्च वाक्यसप्तके समस्ति, **तथाहि**-प्राश्निकप्रश्नज्ञानेन प्रतिपादकस्य विवक्षा जायते, विवक्षया च वाक्यप्रयोग, इति पर्यनुयोगप्रयोज्यत्वमक्षतं वाक्यसप्तकस्य । '**अविरोधेन**' इत्यत्र तृतीयार्थो वैशिष्ट्यं, तच्च विधिनिषेधयोरन्वेति। '**एकत्र वस्तुनी**'त्यत्रा सप्तम्यर्थो विषयत्वं तच्चात्र विशेष्यत्वरूपं। तस्य कल्पनापदार्थबोधजनकत्वैकदेशे बोधेऽन्वयः। सप्तानां भङ्गानां समाहारः सप्तभङ्गी, ततश्च सप्तवाक्यपर्याप्तसमुदायत्वाऽऽश्रयोऽर्थः। ततश्च प्राश्निकप्रश्नज्ञानप्रयोज्यत्वे सति, एकवस्तुविशेष्याविरुद्धविधिनिषेधात्मकधर्मप्रकारकबोधजनकवाक्यसप्तकपर्याप्तसमुदायत्वं सप्तभङ्गी इति फलितार्थः। स्यादस्ति घटः, स्यान्नास्ति घटः इति वाक्यद्वयमात्रेऽतिव्याप्तिवारणाय '**सप्त**' इति। यद्यपि सत्यन्तं नातिव्याप्त्यादिवारकं तथापि एकत्र धर्मिणि प्रतिपर्यायं सप्तानामेव प्रश्नानां सम्भव इति नियमसूचनार्थं तद्। यद्यपि वस्तुनोऽ-

## * સપ્તભંગીને અનુસરતા આગમમાં જ તાત્ત્વિક પ્રામાણ્ય *

આ રીતે આગમપ્રમાણ સર્વત્ર વિધિમુખે અને નિષેધમુખે પોતાના વાચ્યાર્થને જણાવે છે અને સપ્તભંગીને અનુસરે છે. કારણ કે સપ્તભંગીપૂર્વક વાચ્યાર્થને જણાવવાથી આગમવચન પરિપૂર્ણાર્થપ્રાપક બને છે અને આગમમાં પરિપૂર્ણાર્થપ્રાપકતા એ જ તેનું તાત્ત્વિક પ્રામાણ્ય છે. **તાત્પર્ય :** આગમવચનમાં પ્રામાણ્ય બે પ્રકારના હોય છે. તાત્ત્વિક અને લૌકિક. આગમમાં તાત્ત્વિક પ્રામાણ્ય ત્યારે જ આવે છે કે જ્યારે તે શબ્દ પરિપૂર્ણ અર્થનો બોધ કરાવે. શબ્દ દ્વારા પરિપૂર્ણ અર્થબોધ ત્યારે જ થાય કે જ્યારે શબ્દ વિધિ અને નિષેધ દ્વારા સ્વ-અર્થનું પ્રતિપાદન કરતો સપ્તભંગીને પ્રાપ્ત કરે. ક્યારેક માત્ર એકાદ ભંગનો જ ઉપન્યાસ થયેલો દેખાતો હોય તો ત્યાં પણ શ્રોતા જો વ્યુત્પન્ન પુરુષ (અર્થાત્ સ્યાદ્વાદના સંસ્કારથી પરિકર્મિત થયેલી મતિવાળો) હોય તો તેને તો એકભંગના જ્ઞાનથી પણ સ્યાદ્વાદના સંસ્કાર ઉદ્‌બુદ્ધ થવાથી શેષ ભંગોનો આક્ષેપ (=બોધ) સ્વયં થઈ જ જાય છે. એટલે આ રીતે સપ્તભંગીપરિકરિત વસ્તુતત્ત્વનું જ્ઞાન થવાથી તેના જ્ઞાનમાં પરિપૂર્ણાર્થપ્રાપકતા રૂપ તાત્ત્વિકપ્રામાણ્ય રહે છે.

**શંકા :** 'ઘટ છે' આટલું જ માત્ર લોકોમાં બોલાય ત્યારે શ્રોતાને માત્ર ઘટની સત્તાનો જ બોધ થાય. સત્ત્વવિષયક સાત ભાંગાનું જ્ઞાન ત્યાં થતું નથી. (અને વક્તાનું સપ્તભંગીપરિકરિત ઘટસત્તા જણાવવાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रथमो भङ्गः । स्यात्-कथञ्चित् स्वद्रव्यक्षेत्रकालभावापेक्षयेत्यर्थः । अस्ति हि घटादिकं द्रव्यतः पार्थिवादित्वेन, न जलादित्वेन । क्षेत्रतः पाटलिपुत्रकादित्वेन, न कान्यकुब्जादित्वेन। कालतः शैशिरादित्वेन, न वासन्तिकादित्वेन । भावतः श्यामादित्वेन, न रक्तादित्वेनेति । एवं स्यान्नास्त्येव सर्वमिति प्राधान्येन निषेधकल्पनया द्वितीय । न चासत्त्वं काल्पनिकम्;**

---

नन्तधर्मकत्वेनानन्तानां सप्तभङ्गीनां सम्भवस्तथापि प्रतिपर्यायं विधिनिषेधप्रकारापेक्षया भङ्गानां सप्तत्वं, तच्च प्रतिपर्यायं प्रतिपाद्यपर्यनुयोगानां सप्तधा एव सम्भवात्, तेषामपि सप्तत्वं सप्तधैव तज्जिज्ञासानियमात्, तस्या अपि सप्तधात्वं सप्तधैव तत्सन्देहसमुत्पादात्, तस्यापि सप्तप्रकारत्वनियमः स्वगोचरवस्तुधर्माणां सप्तविधत्वस्यैवोपपत्तेः ।

आद्यभङ्गद्वये क्रमशः विधेर्निषेधस्य च प्राधान्योक्त्या निषेधस्य विधेश्च गौणत्वं यद्दर्शितं तद् वक्तुर्विवक्षयैव, न तु वस्तुनि वस्तुतस्तयोः तथात्वं, पर्यायमात्रस्य वस्तुनि प्राधान्येन सत्त्वात्, गौणमुख्यभावस्य वक्तुर्विवक्षाधीनत्वादिति ध्येयम् । अत एव '**कल्पनये**'ति पदमुपात्तम् ।

---

તાત્પર્ય પણ ત્યાં હોતું નથી. માત્ર ઘટની સત્તા જણાવવાનું જ તેનું તાત્પર્ય હોય છે.) તો સપ્તભંગીયુક્ત બોધ ન થવાથી તે બોધમાં પરિપૂર્ણાર્થપ્રાપકતા નથી માટે શું એવા લોકવાક્યમાં પ્રામાણ્ય નહીં માનવાનું?

**સમા. :** આવા લોકવાક્યમાં જ્યાં સપ્તભંગીનો સંસ્પર્શ જોવા ન મળે ત્યાં આગળ પણ તેવા વાક્યથી ઘટરૂપ અર્થની પ્રાપ્તિ થતી દેખાય છે. તેથી આવા જ્ઞાનમાં પણ અર્થપ્રાપકતા હોવાના કારણે લૌકિકપ્રામાણ્ય (=વ્યાવહારિક પ્રામાણ્ય) માનવામાં કોઈ બાધ નથી. પરંતુ સાથે એ પણ સમજી રાખવાનું કે સપ્તભંગીસંસ્પર્શશૂન્ય એવા વાક્યથી થતા બોધમાં પરિપૂર્ણાર્થપ્રાપકતા રૂપ તાત્ત્વિક પ્રામાણ્ય તો નથી જ. અહીં જે પરિપૂર્ણાર્થપ્રાપકતા કહી છે તે પારિભાષિક જાણવી કારણ કે અનંતધર્મક વસ્તુને સંપૂર્ણ રીતે જણાવવાનું સામર્થ્ય તો માત્ર કેવળજ્ઞાનમાં જ છે. સપ્તભંગી તો માત્ર સત્ત્વ, નિત્યત્વ જેવા એકાદ ધર્મની અપેક્ષાએ જ વસ્તુને પૂર્ણતયા જણાવે છે તેથી આ પરિપૂર્ણાર્થપ્રાપકતાને આ રીતની (એક ધર્મની અપેક્ષાએ) પારિભાષિક જાણવી.

## * સપ્તભંગીનું સ્વરૂપ *

આ સાત ભાંગા ક્યા ક્યા છે ? એવી જિજ્ઞાસા સંતોષવા સપ્તભંગીનું સ્વરૂપ જણાવે છે - જીવાદિ વસ્તુમાં સત્ત્વ-અસત્ત્વ-નિત્યત્વ અનિત્યત્વાદિ ધર્મો અંગે પ્રશ્ન ઊઠે છે. ત્યારે તે તે પ્રશ્નના સમાધાનરૂપે પ્રત્યક્ષાદિ પ્રમાણોથી બાધ ન આવે એ રીતે વિધિ અને નિષેધનો પૃથક્ પૃથક્ રૂપે અને સમુદિતરૂપે વિચાર કરવા દ્વારા 'સ્યાત્' અવયવથી યુક્ત એવા સાત પ્રકારે વચનપ્રયોગ કરાય છે. આને સપ્તભંગી કહે છે.

**શંકા :** આવા ભાંગા સાત જ શા માટે ? ન્યૂન કે અધિક કેમ નહીં ?

**સમા. :** કોઈ પણ એક વસ્તુના પ્રત્યેક પર્યાયમાં સાત પ્રકારના ધર્મો જ રહી શકે છે માટે સાત જ ભાંગા થઈ શકે. અર્થાત્, દરેક વસ્તુ અનન્તધર્મક છે પરંતુ આ સાત ભાંગામાં જ તે અનંતધર્મો વિભાજિત થઈ જાય છે. વસ્તુના સ્વરૂપનો સંદેહ થયા પછી તે સંદેહને અનુરૂપ વસ્તુના સ્વરૂપની જિજ્ઞાસા થાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सत्त्ववत् तस्य स्वातन्त्र्येणानुभवात्, अन्यथा विपक्षासत्त्वस्य तात्त्विकस्याभावेन हेतोस्त्रैरूप्यव्याघातप्रसङ्गात् । स्यादस्त्येव स्यान्नास्त्येवेति प्राधान्येन क्रमिकविधिनिषेधकल्पनया तृतीयः । स्यादवक्तव्यमेवेति युगपत्प्राधान्येन विधिनिषेधकल्पनया चतुर्थः, एकेन पदेन युगपदुभयोर्वक्तु-**

છે અને જિજ્ઞાસા થયા પછી તદનુરૂપ પ્રશ્નો ઊઠે છે. વસ્તુમાં સંદેહ પડી શકે એવા ધર્મો સાત પ્રકારના જ છે તેથી સાત પ્રકારના જ સંદેહ ઉત્પન્ન થાય છે. આ સંદેહના કારણે ઊભી થતી વસ્તુના સ્વરૂપને જાણવાની ઈચ્છા સાત પ્રકારની હોય છે અને પ્રશ્નો તો જિજ્ઞાસામૂલક (જિજ્ઞાસાનુરૂપ) જ હોય છે માટે પ્રશ્નો પણ સાત પ્રકારના ઊઠે છે. પ્રશ્નો જ્યારે સાત જ પ્રકારના હોય ત્યારે તેના સમાધાનરૂપે કરાતા વચનપ્રયોગોના પણ સાત જ પ્રકાર હોય એ સમજાય એવી વાત છે. માટે જ આવા ભાંગા સાત જ હોય છે. ન્યૂનાધિક ભાંગા હોતા નથી. હવે ક્રમશઃ તે સાતે ય પ્રકારના ભાંગાનું સ્વરૂપ જણાવે છે.

**(૧) स्यादस्ति एव** : બધી વસ્તુઓ કથંચિત્ (=અમુક અપેક્ષાએ) છે જ. આમ વિધિની પ્રધાનતાથી પહેલો ભાંગો થયો. આમાં પ્રધાનતાએ વિધેયાત્મક વલણ (Positive Angle) થી વિચારવામાં આવે છે ત્યારે બધી વસ્તુ કથંચિત્ છે જ - એટલે કે અસ્તિત્વધર્મયુક્ત છે. અહીં 'સ્યાત્' એટલે 'કથંચિત્' એટલે કે 'અમુક અપેક્ષાએ.' દરેક વસ્તુઓ કથંચિત્ વિદ્યમાન છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની અપેક્ષાએ છે. (પરકીય દ્રવ્ય-ક્ષેત્રાદિની અપેક્ષાએ અવિદ્યમાન પણ છે.) જેમ કે દ્રવ્યની અપેક્ષાએ ઘડો પાર્થિવપદાર્થરૂપે વિદ્યમાન છે, જલીયપદાર્થરૂપે નથી. ક્ષેત્રની અપેક્ષાએ પાટલિપુત્રમાં છે, કન્યાકુમારીમાં નથી. કાળની અપેક્ષાએ શિયાળાની અપેક્ષાએ છે, વસન્તાદિ ઋતુની અપેક્ષાએ નથી. ભાવની અપેક્ષાએ શ્યામરૂપે વિદ્યમાન છે પણ લાલવર્ણવાળા રૂપે અવિદ્યમાન પણ છે. 'अस्त्यवे घटः' કહે, તો ઘડો (સર્વ અપેક્ષાએ) વિદ્યમાન છે એમ સિદ્ધ થઈ જાય માટે અનેકાંત સૂચક 'स्यात्' પદનો પ્રયોગ પ્રત્યેક ભાંગામાં કરાય છે. આ વાત આગળના દરેક ભાંગાઓ માટે પણ સમજી રાખવી.

**(૨) स्यान्नास्त्येव** : બધી વસ્તુઓ કથંચિત્ અવિદ્યમાન છે. આ ભાંગામાં પ્રધાનપણે નિષેધની કલ્પના છે. અર્થાત્, અહીં નકારાત્મક વલણ (Negative Angle) થી વિચારણા કરાય છે. દરેક વસ્તુઓ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ વિદ્યમાન છે. પણ પરકીય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ વિચારાય તો તે જ વસ્તુ અવિદ્યમાન પણ છે જ. (દા.ત. છગનભાઈના પુત્ર કાંતિભાઈ વિદ્યમાન છે. પણ એ છગનપુત્રત્વેન જ વિદ્યમાન છે. મગનપુત્રત્વેન તો અવિદ્યમાન છે.)

**બૌદ્ધ** : 'સત્ત્વ' ધર્મ વસ્તુનો વાસ્તવિક છે પણ વસ્તુમાં 'અસત્ત્વ' હોતું નથી. જેમાં અસત્ત્વ હોય (અર્થાત્, જેની સત્તા ન હોય) તે વસ્તુ જ શી રીતે કહેવાય ? માટે વસ્તુનો 'અસત્ત્વ' ધર્મ કાલ્પનિક છે અને કાલ્પનિક ધર્મને વસ્તુનું સ્વરૂપ ન કહેવાય.

**જૈન.** : 'અસત્ત્વ' વસ્તુનો કાલ્પનિક ધર્મ નથી પણ વાસ્તવિક જ છે. જે રીતે વસ્તુમાં 'સત્ત્વ' ધર્મ જણાય છે એ જ રીતે વાસ્તવિક એવો અસત્ત્વ ધર્મ પણ સ્વતંત્ર રીતે જણાય છે. હા, વસ્તુમાં સર્વથા અસત્ત્વ છે એવું કહેતા હોઈએ તો તે જરૂર કાલ્પનિક બને પણ આપેક્ષિક અસત્ત્વ ધર્મ તો બધામાં છે જ. જો વસ્તુમાં અસત્ત્વ ધર્મ ન માનો તો તમે માનેલી હેતુની ત્રિરૂપતા શી રીતે ઘટશે ? કારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मशक्यत्वात् । शतृशानशौ सदित्यादौ साङ्केतिकपदेनापि क्रमेणार्थद्वयबोधनात् । अन्यतरत्वादिना कथञ्चिदुभयबोधनेऽपि प्रातिस्विकरूपेणैकपदादुभयबोधस्य ब्रह्मणापि दुरुपपादत्वात् । स्यादस्त्येव स्यादवक्तव्यमेवेति विधिकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च पञ्चमः । स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति निषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च षष्ठः । स्यादस्त्येव स्यान्नास्त्येव**

---

'तृतीय' इति → भङ्ग इति गम्यते । **न च** प्राधान्येन विधिकल्पनयोपन्यस्तात् प्रथमभङ्गादनन्तरं द्वितीयभङ्गात् प्राधान्येन निषेधकल्पनाऽपि अस्त्येवेति क्रमिकविधिनिषेधकल्पनाया एतद्भङ्गद्वयेनैव गतार्थत्वादलं तृतीयभङ्गकेनेति **वाच्यम्**, एकत्र द्वयमित्यस्य तृतीयभङ्गकेनैव ज्ञातुं शक्यत्वात् । **अयम्भावः** प्रथमभङ्गकेन सत्त्वप्रकारकवस्तुविशेष्यकबोधस्य, द्वितीयभङ्गकेनासत्त्वप्रकारकवस्तुविशेष्यकबोधस्य, तृतीयभङ्गकेन सत्त्वासत्त्वोभयप्रकारकवस्तुविशेष्यकबोधस्य जायमानत्वादतिरिच्यत एव तृतीयो भङ्गः ।

---

કે તેમાં તો હેતુમાં નિરુપચરિત વિપક્ષાસત્ત્વ પણ માનો છો. જેમ હેતુમાં વિપક્ષની અપેક્ષાએ અસત્ત્વ ધર્મ માનો છો તેમ દરેક વસ્તુમાં અમુક અપેક્ષાએ અસત્ત્વધર્મ માનવો જ પડે.

(૩) **स्यादस्त्येव स्यान्नास्त्येव** : વસ્તુમાં ક્રમશઃ વિધિ અને નિષેધની કલ્પના કરવામાં આવે તો વસ્તુ 'કથંચિત્ છે જ' અને 'કથંચિત્ નથી જ.' અર્થાત્, વસ્તુમાં ક્રમશઃ અસ્તિત્વ અને નાસ્તિત્વ બન્ને ધર્મોને અહીં પ્રધાનતા અપાય છે. જે ક્રમમાં પ્રધાનતા અપાય તે ક્રમમાં વાક્યપ્રયોગ થાય. તેથી 'स्यादस्त्येव, स्यान्नास्त्येव' કહો કે 'स्यान्नास्त्येव स्यादस्त्येव' કહો - આ જ ભાંગામાં તેનો સમાવેશ થશે. (ગ્રન્થકાર **મહો.યશોવિજયજી** મહારાજે અન્યત્ર પ્રથમ-દ્વિતીય ભાંગા કરતા તૃતીયભાંગાની વિશેષતા (ભિન્નતા) અન્ય રીતે પણ બતાવી છે. પ્રથમ ભાંગાથી પ્રધાનતયા વિધિનું અને દ્વિતીય ભાંગાથી પ્રધાનતયા નિષેધનું જ્ઞાન થાય છે. "પ્રથમ ભાંગા પછી દ્વિતીય ભાંગો છે તેથી વિધિ અને નિષેધનું ક્રમશઃ જ્ઞાન બન્ને ભાંગા ઉત્પન્ન કરે છે. તૃતીયભંગ પણ ક્રમશઃ વિધિનિષેધનું જ્ઞાન કરાવે છે માટે એ બે વચ્ચે કોઈ ભેદ નથી." આવી આશંકાનું નિરાકરણ કરવા ગ્રન્થકાર કહે છે કે તૃતીયભાંગાથી જે બોધ થાય છે તે 'एकत्र द्वयम्' આ રીતે થાય છે. અર્થાત્, પ્રથમ ભાંગામાં सत्त्वप्रकारकवस्तुविशेष्यकबोध હોય છે. દ્વિતીય ભાંગામાં असत्त्वप्रकारकवस्तुविशेष्यकबोध છે અને તૃતીય ભાંગામાં सत्त्वासत्त्वोभयप्रकारकवस्तुविशेष्यकबोध છે. આ રીતે પહેલા બે અને ત્રીજા ભાંગા વચ્ચે ભેદ છે.)

(૪) **स्यादवक्तव्यमेव** : વસ્તુમાં સત્ત્વ અને અસત્ત્વનો યુગપદ્ વિચાર કરવામાં આવે તો વસ્તુ કથંચિદ્ અવક્તવ્ય છે કારણ કે કોઈ શબ્દ વસ્તુમાં સત્ત્વ-અસત્ત્વનો એક સાથે બોધ કરાવી શકતો નથી.

**તાત્પર્ય** : અસત્ત્વને ગૌણ કરીને સત્ત્વનું મુખ્યરૂપે પ્રતિપાદન કરવું હોય તો પ્રથમ ભાંગો કામ લાગે. સત્ત્વને ગૌણ કરીને અસત્ત્વનું મુખ્યરૂપે પ્રતિપાદન કરવું હોય તો દ્વિતીય ભાંગો કામ લાગે. સત્ત્વ-અસત્ત્વ બન્નેનું ક્રમશઃ મુખ્યરૂપે પ્રતિપાદન કરવું હોય તો ત્રીજો ભાંગો કામ લાગે પણ સત્ત્વ અને અસત્ત્વ બન્ને એક જ વસ્તુમાં એક સાથે મુખ્યરૂપે કહેવા હોય તો એવો કોઈ શબ્દ નથી. અહીં એક વાત ખાસ સમજી રાખવી કે બન્ને વિરોધી ધર્મો વસ્તુમાં તો મુખ્યરૂપે જ રહ્યા હોય છે. નિત્યત્વ-અનિત્યત્વ બન્ને મુખ્યરૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**स्यादवक्तव्यमेवेति विधिनिषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च सप्तम इति ।**

**सेयं सप्तभङ्गी प्रतिभङ्गं सकलादेशस्वभावा विकलादेशस्वभावा च । तत्र प्रमाण-प्रतिपन्नानन्तधर्मात्मकवस्तुनः कालादिभिरभेदवृत्तिप्राधान्यादभेदोपचाराद्वा यौगपद्येन प्रतिपादकं वचः सकलादेशः । नयविषयीकृतस्य वस्तुधर्मस्य भेदवृत्तिप्राधान्याद् भेदोपचाराद्वा क्रमेणाभिधायकं वाक्यं विकलादेशः । ननु कः क्रमः, किं वा यौगपद्यम् ?। उच्यते-यदास्तित्वादिधर्माणां कालादिभिर्भेदविवक्षा तदेकशब्दस्यानेकार्थप्रत्यायने शक्त्यभावात् क्रमः । यदा तु तेषामेव**

---

જ રહ્યા હોય છે. માત્ર બોલવામાં ગૌણ મુખ્ય ભાવ આવે. આવા પ્રતિપાદનની અપેક્ષાએ આવતા ગૌણમુખ્યભાવની જ અહીં વાત છે, એટલે કે એક જ વસ્તુમાં એક સાથે બે વિરોધી ધર્મોનું ગૌણમુખ્યરૂપે પ્રતિપાદન શક્ય નથી. માટે વસ્તુ આ અપેક્ષાએ અવાચ્ય બની ગઈ.

**શંકા :** વ્યાકરણમાં શતૃ (પરસ્મૈપદમાં) અને શાન (આત્મનેપદમાં) આ બન્ને પ્રત્યયોને જણાવનાર 'સત્' શબ્દ છે. એટલે કે સત્ સંજ્ઞા બોલવાથી બન્ને પ્રત્યયો ઉપસ્થિત થાય. આ રીતે કોઈ વિશેષ સંકેત કરેલા પદ દ્વારા સત્ત્વ-અસત્ત્વ બન્ને જણાઈ શકે છે ને ?

**સમા. :** સંકેતિત 'સત્' શબ્દ દ્વારા શતૃ અને શાન પ્રત્યય બન્ને જણાય છે ખરા. પરંતુ બન્ને ક્રમશઃ જ જણાય છે. સંકેતિત પદ દ્વારા પણ ક્રમશઃ જ બે પદાર્થો જણાઈ શકે છે.

**શંકા :** 'સત્ત્વ-અસત્ત્વ બેમાંથી એક' આવું જણાવવા માટે 'અન્યતર' પદ વપરાય. તેથી 'અન્યતરત્વ' ધર્મ સત્ત્વ-અસત્ત્વ બન્નેમાં રહેનારો છે. તેથી અન્યતર શબ્દથી સત્ત્વ-અસત્ત્વ ઉભયનો યુગપદ્ બોધ શક્ય છે.

**સમા. :** 'અન્યતર' પદથી સત્ત્વ-અસત્ત્વ બન્નેનો કંઈક અંશે યુગપદ્ બોધ થઈ શકે છે પરંતુ પ્રાતિસ્વિક રૂપે (= પ્રત્યેકમાં રહેલા અસાધારણ સ્વરૂપથી) બન્નેનો યુગપદ્ બોધ થવો અશક્ય છે. અસત્ત્વનું અસત્ત્વત્વેન અને સત્ત્વનું સત્ત્વત્વેન જ્ઞાન થવું તે પ્રાતિસ્વિક રીતે જ્ઞાન થયું કહેવાય. એ રીતે તો બન્નેનું યુગપદ્ જ્ઞાન થવું અશક્ય છે. અન્યતરત્વેન બન્નેનું યુગપદ્ જ્ઞાન થાય તે અંશતઃ = સામાન્યરૂપે થાય છે. પ્રસ્તુતમાં ચોથા ભાંગામાં વસ્તુને જે કથંચિદ્ અવક્તવ્ય કહી છે તે પ્રાતિસ્વિકરૂપે સત્ત્વાસત્ત્વ ઉભયનું યુગપદ્ જ્ઞાન વસ્તુમાં થવું શક્ય નથી એ અપેક્ષાએ સમજવું.

**(૫) स्यादस्त्येव स्यादवक्तव्यमेव :** વસ્તુમાં વિધિની અને યુગપદ્ વિધિનિષેધની કલ્પના કરીએ તો વસ્તુ કથંચિત્ સત્ છે અને કથંચિદ્ અવક્તવ્ય જ છે. આ પાંચમો ભાંગો છે.

**(૬) स्यान्नास्त्येव स्यादवक्तव्यमेव :** વસ્તુમાં નિષેધની અને યુગપત્ વિધિનિષેધની કલ્પના કરી વસ્તુ કથંચિદ્ નથી જ અને કથંચિદ્ અવક્તવ્ય જ છે. આ છઠ્ઠો ભાંગો છે.

**(૭) स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यमेव :** વસ્તુમાં ક્રમિક વિધિ-નિષેધની અને યુગપદ્ વિધિનિષેધની કલ્પના કરીએ તો વસ્તુ કથંચિત્ સત્ જ છે, કથંચિદ્ નથી જ અને કથંચિદ્ અવક્તવ્ય જ છે. આ સાતમો ભાંગો છે.

**તાત્પર્ય :** છેલ્લા ત્રણે ભાંગો સાંયોગિક છે. પહેલા ભાંગામાં સત્ત્વનું અને બીજા ભાંગામાં અસત્ત્વનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**धर्माणां कालादिभिरभेदेन वृत्तमात्मस्वरूपमुच्यते तदैकेनापि शब्देनैकधर्मप्रत्यायनमुखेन तदात्मकतामापन्नस्यानेकशेषरूपस्य वस्तुनः प्रतिपादनसम्भवाद्यौगपद्यम् ।**

**के पुनः कालादयः ?। उच्यते-काल आत्मरूपमर्थः सम्बन्ध उपकारः गुणिदेशः संसर्गः**

---

નિરૂપણ છે. આ બે મૂળ ભાંગાઓ છે. બન્નેનું નિરૂપણ ક્રમશઃ કરવાથી ત્રીજો ભાંગો બને. બન્નેનું યુગપત્ નિરૂપણ અશક્ય હોવાથી ચોથો ભાંગો બને. પહેલા અને ચોથા ભાંગાના સંયોગથી પાંચમો ભાંગો બને છે, બીજા ચોથા ભાંગાના સંયોગથી છઠ્ઠો ભાંગો બને છે અને ત્રીજા-ચોથા ભાંગાના સંયોગથી સાતમો ભાંગો બને છે.

(આ તો સત્ત્વ-અસત્ત્વની સપ્તભંગી બતાવી. આ જ રીતે વિધિ-નિષેધ દ્વારા સામાન્ય-વિશેષની સપ્તભંગી, નિત્યાનિત્યત્વની સપ્તભંગી ઈત્યાદિ અનંતી સપ્તભંગી બને છે. કારણ કે વસ્તુમાં રહેનારા ધર્મો અનંતા છે.)

હવે સપ્તભંગીના સકલાદેશ (પ્રમાણવાક્ય) અને વિકલાદેશનું (નયવાક્યનું) નિરૂપણ કરે છે.

### * સપ્તભંગીના સકલાદેશ-વિકલાદેશ સ્વભાવનું નિરૂપણ *

આ સપ્તભંગી સ્વગત દરેક ભંગને આશ્રયીને સકલાદેશાત્મક અને વિકલાદેશાત્મક હોય છે. પ્રમાણવાક્યને સકલાદેશ કહેવાય છે. તેનું લક્ષણ (સ્વરૂપ) જણાવે છે - ''પ્રમાણ દ્વારા અનંતધર્માત્મકરૂપે જણાયેલી વસ્તુમાં કાળ વગેરે આઠ દ્વારા અભેદની પ્રધાનતાથી કે અભેદના ઉપચારથી એક સાથે સર્વધર્મોનું પ્રતિપાદન કરતું વચન સકલાદેશ કહેવાય.'' આ વાક્યનો અર્થ આ મુજબ થાય. (૧) કાળ (૨) આત્મરૂપ (૩) અર્થ (૪) સંબંધ (૫) ઉપકાર (૬) ગુણિદેશ (૭) સંસર્ગ અને (૮) શબ્દ. આ આઠની અપેક્ષાએ ધર્મ અને ધર્મી વચ્ચેના અપૃથગ્ભાવને પ્રધાન કરીને અથવા કાલાદિની અપેક્ષાએ ભિન્ન એવા પણ ધર્મ અને ધર્મીમાં અભેદનો ઉપચાર કરીને સમકાળે ધર્મ અને ધર્મીનો નિર્દેશ કરતું વચન સકલાદેશ કહેવાય છે કારણ કે સકલાદેશ પ્રમાણને આધીન છે. આનાથી વિપરીત નયવાક્ય વિકલાદેશ રૂપ છે. ધર્મીથી ધર્મના ભેદનો ઉપચાર કરીને અથવા ભેદને પ્રધાન કરીને તે ધર્મોનો ક્રમશઃ નિર્દેશ કરતું વચન વિકલાદેશ કહેવાય. (વસ્તુના એક ધર્મને પ્રધાન કરતું વાક્ય નયવાક્ય કહેવાય છે.) **તાત્પર્ય :** સકલાદેશ અને વિકલાદેશની ઉક્ત વ્યાખ્યામાં બબ્બે વિકલ્પો કર્યા છે. 'અભેદની પ્રધાનતાથી અથવા અભેદોપચારથી એક સાથે સર્વધર્મોનું પ્રતિપાદન કરતું વચન સકલાદેશ કહેવાય' એ જ રીતે 'ભેદનો ઉપચાર કરીને અથવા ભેદનો પ્રધાન કરીને તે ધર્મોનો ક્રમશઃ નિર્દેશ કરતું વચન વિકલાદેશ કહેવાય.' અહીં બન્ને વ્યાખ્યામાં પ્રધાનતાથી કે ઉપચારથી એવા બબ્બે વિકલ્પો કરવાનું પ્રયોજન એ છે કે - દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ એક વસ્તુમાં રહેલા બધા ધર્મો અભિન્ન, એટલે કે એક જ છે પણ પર્યાયાર્થિક નયની મુખ્યતા હોય ત્યારે દરેક ધર્મો જુદા જુદા હોવાથી ત્યાં અભેદનો ઉપચાર કરવો પડે છે. આ સકલાદેશની વાત થઈ. વિકલાદેશમાં ભેદવિવક્ષા છે. આ ભેદવિવક્ષા જ્યારે પર્યાયાર્થિકનયની પ્રધાનતાથી અને દ્રવ્યાર્થિકનયની ગૌણતાથી હોય ત્યારે ભેદ પ્રાધાન્ય સીધું જ મળે છે. પણ પર્યાયાર્થિકનયની ગૌણતાથી અને દ્રવ્યાર્થિકનયની મુખ્યતાથી ભેદવિવક્ષા કરવી હોય ત્યારે ભેદનો ઉપચાર (આરોપ) કરાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शब्द इत्यष्टौ । तत्र स्याज्जीवादि वस्त्वस्त्येवेत्यत्र यत्कालमस्तित्वं तत्कालाः शेषानन्तधर्मा वस्तुन्येकत्रेति तेषां कालेनाभेदवृत्तिः । यदेव चास्तित्वस्य तद्गुणत्वमात्मरूपं तदेवान्यानन्तगुणानामपीत्यात्मरूपेणाभेदवृत्तिः । य एव चाधारोऽर्थो द्रव्याख्योऽस्तित्वस्य स एवान्यपर्यायाणामित्यर्थेनाभेदवृत्तिः । य एव चाविष्वग्भावः सम्बन्धोऽस्तित्वस्य स एवान्येषामिति सम्बन्धेनाभेदवृत्तिः । य एव चोपकारोऽस्तित्वेन स्वानुरक्तत्वकरणं स एवान्यैरपीत्युप-

---

'संसर्गस्य भेद' इति → सम्बन्धपदेनाविष्वग्भावो तादात्म्यापरनामा विवक्षितः, तत्राभेदः प्रधानो, भेदोऽप्रधानः, संसर्गे तु भेदः प्रधानोऽभेदस्तु गौण इति विवेकः ।

इति समाप्तं चेदं प्रमाणपरिच्छेदविवरणम् ।

---

## * ક્રમ અને યૌગપદ્યનું સ્વરૂપ *

**શંકા :** ક્રમ શું છે ? અને યોગપદ્ય શું છે ?

**સમા. :** કાળ આદિથી જ્યારે અસ્તિત્વાદિ ધર્મોમાં ભેદ ઈષ્ટ હોય છે ત્યારે શબ્દ એક જ સાથે અનેક જુદા અર્થો (ધર્મો) નો બોધ કરાવવામાં અસમર્થ હોય છે માટે ક્રમ આવશ્યક બને છે. ધર્મો પરસ્પરથી ભિન્નરૂપે ઈષ્ટ હોવાથી એક ધર્મના નિરૂપણ દ્વારા અન્યધર્મનો બોધ થઈ શકે નહીં. તેથી એક શબ્દ દ્વારા એક ધર્મના નિરૂપણ દ્વારા અન્યધર્મનો બોધ થઈ શકે નહીં. તેથી એક શબ્દ દ્વારા એક ધર્મનો નિર્દેશ કર્યો હોય તો તે પછી પાછા બીજા ધર્મના ઉલ્લેખ માટે બીજા શબ્દની, વળી ત્રીજા ધર્મ માટે ત્રીજા શબ્દની જરૂર પડે. આમ અન્ય અન્ય શબ્દો દ્વારા ક્રમશઃ જ તે તે ધર્મોનો નિર્દેશ થઈ શકે. અહીં એક ધર્મનો નિરૂપક શબ્દ 'નયશબ્દ' કહેવાય. આમ જ્યારે ધર્મનો પરસ્પર એક બીજા ધર્મોથી અને ધર્મીથી ભેદ ઈષ્ટ હોય, ત્યારે તેઓના નિરૂપણ માટે 'ક્રમ' આવશ્યક છે. તથા જ્યારે કાલાદિની અપેક્ષાએ તે જ ધર્મોનો પરસ્પર એકબીજા ધર્મોથી અને ધર્મીથી અભેદ વિવક્ષિત હોય છે, ત્યારે એકધર્મનો બોધ કરાવનાર એક શબ્દથી, સર્વધર્મોથી યુક્ત તે વસ્તુનું જ પ્રતિપાદન થઈ જાય છે. કારણ કે પરસ્પર અભિન્ન હોવાથી શબ્દથી નહીં કહેવાયેલા સર્વધર્મો પણ તે શબ્દથી જ કહેવાઈ ગયેલા કહેવાય છે.

(**સારાંશ :** વસ્તુમાં અનંતધર્મો છે એ વાત તો પ્રમાણસિદ્ધ છે. માટે કોઈ પણ એક વસ્તુનું પરિપૂર્ણ રૂપે પ્રતિપાદન કરવું હોય તો વાસ્તવમાં તો અનંત શબ્દોનો પ્રયોગ કરવો પડે કારણ કે એક શબ્દ તો એક જ ધર્મને જણાવે. પરંતુ એ રીતે લોકવ્યવહાર ચાલે નહીં. માટે આપણે એક શબ્દનો પ્રયોગ કરીએ ત્યારે તે શબ્દથી મુખ્યરૂપે તો તે એક ધર્મનું પ્રતિપાદન જ કરે છે અને બાકી રહેલા બીજા ધર્મોને તે એક ધર્મથી અભિન્ન માની લેવામાં આવે છે. આ રીતે એક શબ્દથી એક ધર્મનું પ્રતિપાદન જ્યારે થયું ત્યારે તેનાથી અભિન્ન હોવાથી શેષ ધર્મોનું પણ પ્રતિપાદન થઈ ગયું. આ રીતે એક જ શબ્દ એક સાથે અનંત ધર્મોનો એટલે કે સંપૂર્ણ વસ્તુનો પ્રતિપાદક થઈ જાય છે. આને સકલાદેશ (= પ્રમાણવાક્ય) કહેવાય છે.)

## * કાલાદિ આઠનું સ્વરૂપ *

હવે કાલાદિ આઠનું સ્વરૂપ બતાવે છે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कारेणाभेदवृत्तिः । य एव गुणिनः सम्बन्धी देशः क्षेत्रलक्षणोऽस्तित्वस्य स एवान्येषामिति गुणिदेशेनाभेदवृत्तिः । य एव चैकवस्त्वात्मनाऽस्तित्वस्य संसर्गः स एवान्येषामिति संसर्गेणाभेदवृत्तिः । गुणीभूतभेदादभेदप्रधानात् सम्बन्धाद्विपर्ययेण संसर्गस्य भेदः । य एव चास्तीति शब्दोऽस्तित्वधर्मात्मकस्य वस्तुनो वाचकः स एवाशेषानन्तधर्मात्मकस्यापीति शब्देनाभेदवृत्तिः पर्यायार्थिकनयगुणभावेन द्रव्यार्थिकनयप्राधान्यादुपपद्यते । द्रव्यार्थिकगुणभावेन**

---

(૧) **કાલ :** ''જીવાદિ વસ્તુ કથંચિત્ છે જ'' આ ભાંગામાં પ્રદર્શિત કરાયેલ 'અસ્તિત્વ' ધર્મ જે સમયે જીવાદિ વસ્તુમાં હાજર હોય છે, તે જ સમયે બાકીના અનન્તધર્મો પણ વસ્તુમાં હાજર હોય છે જ. આ રીતે સમકાલીન હોવાથી વસ્તુગત સર્વધર્મો કાલની અપેક્ષાએ અભિન્ન છે. (જીવદ્રવ્ય જ્યાં સુધી વિદ્યમાન છે એટલે કે અસ્તિત્વધર્મથી યુક્ત છે ત્યાં સુધી તે બીજા અનંત ધર્મોથી પણ યુક્ત રહેવાનું. એટલે કે જીવદ્રવ્ય નિત્ય હોવાથી તેનામાં અસ્તિત્વાદિ અનંત ધર્મો નિત્ય રહેવાના તથા ઉત્પન્ન થતાની સાથે જ ઘટમાં અસ્તિત્વધર્મ આવ્યો અને તેની સાથે જ તેનામાં પૃથ્વીત્વાદિ અનંતધર્મો પણ હાજર થઈ ગયા. જ્યાં સુધી ઘટદ્રવ્ય અસ્તિત્વધર્મથી યુક્ત રહેશે ત્યાં સુધી તેનામાં અન્યધર્મો પણ રહેવાના અને નાશ પામવાથી જ્યારે ઘટનો અભાવ થશે, ત્યારે અસ્તિત્વાદિ સર્વધર્મોનો પણ અભાવ થશે કારણ કે તે બધા ધર્મો પણ ઘટની સાથે જ નાશ પામી ગયા. આ રીતે, કાળની અપેક્ષાએ વસ્તુગત અનંત ધર્મોનો અસ્તિત્વધર્મની સાથે અવિનાભાવ (=તાદાત્મ્ય) સિદ્ધ થાય છે.

(૨) **આત્મરૂપ :** આત્મરૂપ એટલે સ્વરૂપ = સ્વભાવ = ગુણ. જેમ અસ્તિત્વ ધર્મ વસ્તુનો સ્વભાવ છે તેમ બીજા ધર્મો પણ દ્રવ્યના સ્વભાવ છે. આમ સ્વભાવરૂપે સમાન હોવાથી આ અપેક્ષાએ પણ બધા ધર્મો અભિન્ન છે. (અર્થાત્, જેમ અસ્તિત્વમાં જીવધર્મત્વ છે તેમ જીવના અન્ય ધર્મોમાં પણ જીવધર્મત્વ છે. તેથી જીવધર્મત્વેન બધા જીવગુણોમાં અભેદ છે.)

(૩) **અર્થ :** એટલે આધાર. દ્રવ્ય જેમ અસ્તિત્વધર્મનો આધાર છે તેમ અન્ય સર્વધર્મોનો (પર્યાયોનો) પણ આધાર દ્રવ્ય છે. અસ્તિત્વધર્મ જેમ જીવને આશ્રયીને રહ્યો છે તેમ જીવના અન્ય અનન્ત ધર્મો પણ જીવરૂપ દ્રવ્યને આશ્રયીને રહ્યા છે. આ રીતે, આશ્રયની ('અર્થ'ની) સમાનતા હોવાના કારણે તે બધા ધર્મો અર્થ (આધાર)ની અપેક્ષાએ પણ અભિન્ન છે.

(૪) **સંબંધ :** દ્રવ્યોનો અસ્તિત્વ ધર્મ ધર્મીથી પૃથગ્ ઉપલબ્ધ થતો નથી. કારણ કે દ્રવ્યની સાથે તેને (કથંચિત્) તાદાત્મ્ય (એકરૂપતા) છે. આમ તાદાત્મ્યરૂપ અવિષ્વગ્ભાવ (અપૃથગ્ભાવ) સંબંધથી જેમ અસ્તિત્વધર્મ દ્રવ્યમાં રહ્યો છે. તેમ બીજા અનંતા ધર્મો પણ તે જ સંબંધથી દ્રવ્યમાં રહ્યા છે કારણ કે બધા જ ધર્મો દ્રવ્યથી પૃથગ્રૂપે ઉપલબ્ધ થતા નથી અને દ્રવ્ય સાથે (કથંચિત્) એકરૂપ છે. તેથી સંબંધના અભેદથી જીવાદિ દ્રવ્યગત બધા ધર્મો વચ્ચે અભેદ સિદ્ધ થાય છે.

(૫) **ઉપકાર :** પોતાનાથી અનુરક્ત કરવારૂપ જે ઉપકાર અસ્તિત્વગુણ દ્વારા દ્રવ્ય પર કરાય છે તે જ ઉપકાર અન્ય ગુણો દ્વારા પણ કરાય છે. અર્થાત્, અસ્તિત્વરૂપધર્મથી ધર્મીમાં સ્વપ્રકારકબુદ્ધિવિષયત્વ રૂપ જે ઉપકાર થાય છે એ જ ઉપકાર અન્ય ધર્મો દ્વારા પણ ધર્મીમાં (દ્રવ્યમાં) થાય છે કારણ કે અન્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पर्यायार्थिकप्राधान्ये तु न गुणानामभेदवृत्तिः सम्भवति, समकालमेकत्र नानागुणानामसम्भवात्, सम्भवे वा तदाश्रयस्य भेदप्रसङ्गात् । नानागुणानां सम्बन्धिन आत्मरूपस्य च भिन्नवात्, अन्यथा तेषां भेदविरोधात्, स्वाश्रयस्यार्थस्यापि नानात्वात्, अन्यथा नानागुणाश्रयत्वविरोधात्। सम्बन्धस्य च सम्बन्धिभेदेन भेददर्शनात्, नानासम्बन्धिभिरेकत्रैकसम्बन्धाघटनात् । तैः क्रिय-**

ધર્મો પણ ધર્મી ઉપર સ્વપ્રકારકબુદ્ધિવિષયત્વરૂપ ઉપકારને કરે છે. તેથી ઉપકારના અભેદથી પણ બધા ધર્મો વચ્ચે અભેદ સિદ્ધ થાય છે. (દરેક ધર્મો દ્રવ્યના સ્વરૂપના નિર્માણમાં ભાગ ભજવે છે અને તેના સ્વરૂપમાં પોતાને અનુરૂપ વિશિષ્ટતા ઉત્પન્ન કરે છે. આ રીતે વિશિષ્ટતાનું નિર્માણ કરવા દ્વારા દરેક ધર્મો દ્રવ્યને સ્વાનુરક્ત કરે છે. તેથી જ વિશિષ્ટતાનું નિર્માણ કરનારા ધર્મોના અભાવમાં દ્રવ્યનો પણ અભાવ થાય છે.)

(૬) **ગુણીદેશ** : અસ્તિત્વ ધર્મનો ગુણી = દ્રવ્ય જે દેશમાં રહ્યો છે તે જ દેશમાં તે વસ્તુના અન્યધર્મોનો ગુણી રહ્યો છે કારણ કે બધા ગુણોનો ગુણી એક જ છે. (અથવા, અસ્તિત્વધર્મ પોતાના ગુણીના જેટલા પ્રદેશોને વ્યાપીને રહ્યો છે તેટલા જ પ્રદેશને વ્યાપીને અન્ય ધર્મો પણ રહ્યા છે. પરંતુ આ અર્થ બહુ યુક્તિસંગત લાગતો નથી. કારણ કે અહીં ગ્રન્થકારશ્રીને ક્ષેત્રાત્મક દેશ ઈષ્ટ છે (માટે જ તો 'દેશઃ क्षेत्रलक्षणः' કહ્યું છે.) જ્યારે અમૂર્તગુણની ગુણીમાં વૃત્તિ અપૃથગ્ભાવથી છે. જ્યાં અપૃથગ્ભાવથી વૃત્તિ ઈષ્ટ હોય, ત્યાં ક્ષેત્રની વિચારણા નિરર્થક છે. તેથી ''પદાર્થના જેટલા પ્રદેશોમાં અસ્તિત્વધર્મ છે તેટલા જ પ્રદેશોમાં અન્ય શેષ ગુણો પણ છે.'' ઈત્યાદિ વચન શિષ્ટજનસંમત બની ન શકે.) અથવા ગુણીના આધાર તરીકે જે દેશ હોય, તે જ દેશને ગુણનો આધાર પણ કહી શકાય કારણ કે ગુણગુણી કથંચિદ્ અભિન્ન છે. તેથી પોતાના ગુણી સંબંધી જે દેશ અસ્તિત્વધર્મનો છે, તે જ દેશ અન્ય ગુણોનો પણ છે કારણ કે અસ્તિત્વ ધર્મની જેમ અન્ય ગુણો પણ પોતાના ગુણીના આધારભૂત દેશમાં જ ઉપલબ્ધ થાય છે. એટલે કે જે સ્થળે ગુણીગત અસ્તિત્વધર્મ ઉપલબ્ધ થાય છે તે સ્થળે અન્યધર્મો પણ ઉપલબ્ધ થાય છે. આ રીતે, સમાનદેશમાં ઉપલબ્ધ થતા હોવાથી ગુણીદેશની અપેક્ષાએ પણ અભેદ છે. આવો અર્થ કરવામાં પૂર્વોક્ત દોષનો સંભવ દેખાતો નથી. નયજ્ઞ બહુશ્રુતો આ બાબતમાં નિર્ણાયક છે.

(૭) **સંસર્ગ** : અસ્તિત્વધર્મનો વસ્તુસ્વરૂપ સાથે જે સંસર્ગ છે, તે જ સંસર્ગ તે વસ્તુના અન્ય ધર્મોનો પણ છે. પર્યાયનયની અપેક્ષાએ વસ્તુ તેના ગુણોથી ભિન્ન છે. ભિન્ન એવા ગુણો સંસર્ગથી (વૈશેષિકાદિ મતે સમવાયસંસર્ગથી) વસ્તુનો આશ્રય કરે છે. અસ્તિત્વ (અન્યમતે સત્તા) જે સંસર્ગથી (અન્યમતે સમવાયથી) જીવાદિદ્રવ્યમાં વૃત્તિ છે, એ જ સંસર્ગથી અન્યગુણો પણ દ્રવ્યમાં વૃત્તિ છે. અથવા, અસ્તિત્વ વગેરે એકવસ્તુગતસકલધર્મો એક જ વસ્તુના સ્વરૂપ છે. તેથી એક વસ્ત્વાત્મકસંબંધથી (વસ્તુસ્વરૂપસંબંધી) અસ્તિત્વનો વસ્તુ સાથે જે સંસર્ગ છે તે જ સંસર્ગ અન્ય ધર્મોનો પણ છે. વસ્તુના ધર્મોનો વસ્તુથી ભેદનો વ્યવહાર લોકોમાં થાય છે - જેમ કે ટમેટાની લાલાશ, ઘડાનું હોવાપણ (વિદ્યામાનતા). આ ભિન્ન ધર્મો વસ્તુના સ્વરૂપ હોવાથી સ્વરૂપસંબંધથી વસ્તુમાં વૃત્તિ છે. તેથી અસ્તિત્વ, જે સ્વરૂપમાંથી વસ્તુનો સંસર્ગ કરે છે, તે જ સ્વરૂપ સંબંધથી અન્ય ધર્મો પણ સંસર્ગ કરે છે. આ રીતે સંસર્ગનો અભેદ હોવાથી પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**माणस्योपकारस्य च प्रतिनियतरूपस्यानेकत्वात्, अनेकैरुपकारिभिः क्रियमाणस्योपकारस्यैकस्य विरोधात् । गुणिदेशस्य च प्रतिगुणं भेदात्, तदभेदे भिन्नार्थगुणानामपि गुणिदेशाभेदप्रसङ्गात् । संसर्गस्य च प्रतिसंसर्गि भेदात्, तदभेदे संसर्गिभेदविरोधात् । शब्दस्य प्रतिविषयं नानात्वात्,**

---

ધર્મો વચ્ચે અભેદ સિદ્ધ થાય છે.) **શંકા :** 'સંબંધ' અને 'સંસર્ગ' આ બન્ને પદોનો અર્થ તો એક જ છે તેથી કાલાદિ આઠમાં સંબંધ અને સંસર્ગ આ બન્નેનું ગ્રહણ કરવાથી પુનરુક્તિ દોષ નહીં આવે ?

**સમા. :** સંબંધ પદથી કથંચિત્ તાદાત્મ્યરૂપ અવિષ્વગ્ભાવનું ગ્રહણ કરાયું છે. તેથી ત્યાં અભેદ પ્રધાન અને ભેદ ગૌણ રહે છે તેથી પ્રધાનભૂત સંબંધના અભેદથી ત્યાં ધર્મો વચ્ચે અભેદ સિદ્ધ થાય છે. 'સંસર્ગ' પદથી તાદાત્મ્યભિન્નસંબંધની વિવક્ષા છે તેથી ત્યાં ભેદ પ્રધાન છે અને અભેદ ગૌણ છે. તેથી સંસર્ગ અપ્રધાનભૂત અભેદની અપેક્ષાએ દ્રવ્યગત બધા ધર્મો વચ્ચે અભેદ સિદ્ધ કરે છે. આ રીતની વિવક્ષાધીન વિશેષતા હોવાથી સંબંધ અને સંસર્ગમાં પુનરુક્તિ દોષ સંભવતો નથી. ટુંકમાં, અવિષ્વગ્ભાવસંબંધમાં વસ્તુનો ધર્મ સાથેનો ભેદ ગૌણ છે અને અભેદ પ્રધાનપણે છે. જ્યારે સંસર્ગમાં અભેદ ગૌણ છે અને ભેદ પ્રધાન છે. બન્ને વચ્ચે આટલો તફાવત છે.

(૮) **શબ્દ :** અસ્તિત્વધર્મયુક્ત વસ્તુનો વાચક જે 'अस्ति' શબ્દ છે તે જ 'अस्ति' શબ્દ બાકીના અનંતધર્મોથી યુક્ત તે વસ્તુનો વાચક પણ છે. જેમ અસ્તિત્વધર્મથી યુક્ત હોવાથી 'वस्तु अस्ति' (=છે) એમ કહેવાય છે, તેમ શેષ અનંતધર્મોથી યુક્ત હોવાથી પણ 'वस्तु अस्ति' (=છે) એમ કહેવાય છે. આ રીતે શબ્દની અપેક્ષાએ પણ ધર્મો અભિન્ન છે. આ પ્રમાણે પર્યાયાર્થિકનયને ગૌણ કરી અને દ્રવ્યાર્થિકનયને પ્રધાન કરીને કાળ આદિ આઠ દ્વારા ધર્મો વચ્ચે આ રીતે અભેદ સિદ્ધ કર્યો.

### * પર્યાયાર્થિકનયે કાલાદિ આઠનું સ્વરૂપ *

દ્રવ્યાર્થિકનયને ગૌણ કરવામાં આવે અને પર્યાયાર્થિકનયને મુખ્ય કરવામાં આવે તો આ જ કાલાદિ આઠની અપેક્ષાએ ધર્મોમાં અભેદ સંભવે નહીં (માટે ઉપચારનો આશ્રય લેવો પડે છે.) તે આ પ્રમાણે-

(૧) **કાળ :** ગુણો સમાનકાલીન નથી કારણ કે એકકાળે એક જ વસ્તુમાં ઘણા ગુણો સંભવી શકે નહીં અને જો એકકાળે એક જ વસ્તુમાં ઘણા ગુણો માનશો તો જેટલા ગુણો તેટલા ગુણી માનવા પડશે. અર્થાત્, એકની એક વસ્તુને અનેકવસ્તુરૂપ માનવી પડશે. (પર્યાયાર્થિકનય વર્તમાનગ્રાહી છે તથા વર્તમાનક્ષણે રહેલી વસ્તુને તેના તત્કાલીન પ્રગટ એક પર્યાયમય જ માને છે તથા તે જ પર્યાયને તે વસ્તુના તત્કાલીનધર્મ તરીકે સ્વીકારે છે. તેથી અનંતધર્માત્મક વસ્તુના અનંતધર્મો પ્રગટરૂપે ભિન્નકાલીન હોવાથી આ નય તે ધર્મોને કાલના ભેદે ભિન્ન જ માને છે. જેમ કે બાળ અને યુવાપર્યાય. બાલ્યાવસ્થા (=પર્યાય) અને યુવાવસ્થાને જો ભિન્ન માનવામાં ન આવે, તો બન્નેને સમકાલીન માનવા પડે, એટલે કે બાલ્યાવસ્થાનો ત્યાગ અને યુવાવસ્થાનો સ્વીકાર થઈ શકે નહીં. તથા ક્ષણે ક્ષણે પર્યાયો બદલાતા હોવાથી વસ્તુનું સ્વરૂપ પણ બદલાય છે અને સ્વરૂપભેદે વસ્તુભેદ છે. આ રીતે પર્યાયાર્થિક નય પર્યાયભેદે વસ્તુભેદ માને છે. તેથી વસ્તુમાં સમકાળે અનેક પર્યાયો માની શકાય નહીં. તેથી પર્યાયો વચ્ચે કાલની અપેક્ષાએ ભેદ છે.

(૨) **આત્મરૂપ :** દરેક ગુણો ભિન્ન સ્વભાવવાળા છે. જો એક જ સ્વભાવવાળા હોય તો બધા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सर्वगुणानामेकशब्दवाच्यतायां सर्वार्थानामेकशब्दवाच्यतापत्तेरिति कालादिभिर्भिन्नात्मनामभेदोपचारः क्रियते । एवं भेदवर्तितदुपचारावपि वाच्याविति । पर्यवसितं परोक्षम् । ततश्च निरूपितः प्रमाणपदार्थः । इति जैनतर्कभाषायां प्रमाणपरिच्छेदः ।**

---

ગુણો એ જ હોત. એક સ્વભાવી ગુણો જુદા જુદા હોઈ ન શકે. એકદ્રવ્યવૃત્તિસ્વભાવ બધા ગુણોમાં એક જ હોવાથી બધા ગુણો અભિન્ન છે એમ દ્રવ્યાર્થિકનયને સંમત છે, છતાં દરેક ગુણોનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વભાવભેદ વિના સંભવે નહીં. ''સ્પર્શગુણ કરતા રૂપગુણનો સ્વભાવ જુદો છે.'' એ પ્રતીત જ છે. તેથી સ્વભાવની અપેક્ષાએ પણ ગુણો ભિન્ન છે.

(૩) **અર્થ :** ગુણોના આશ્રયભૂત પદાર્થો પણ અનેક છે. પદાર્થમાં અનેકતા ન હોય તો તે અનેક ગુણોનો આશ્રય બની ન શકે. (પૂર્વે દર્શાવ્યું છે તેમ પદાર્થ એકક્ષણે એક ગુણયુક્ત હોય છે અને તે ક્ષણે અનેક ગુણો દૃષ્ટ થાય છે.) આ અનેક ગુણો આશ્રયભૂત દ્રવ્યની અનેકતા વિના સિદ્ધ થાય નહીં તેથી આ અનેક ગુણો આશ્રયની અનેકતાને સિદ્ધ કરે છે. આ જ રીતે વિષમકાળે દેખાતા અનેક ગુણો પણ વસ્તુની અનેકતા સિદ્ધ કરે છે. કાચી કેરી ખાટા રસવાળી હોય છે અને પાકી કેરી મીઠા રસવાળી હોય છે. જો બન્ને અવસ્થા દરમ્યાન કેરી સર્વથા એકરૂપ જ હોય તો પછી ખાટા અને મીઠા રસ વચ્ચે પણ ભેદ ન ઘટે) માટે ભિન્નકાલીન ગુણોના આશ્રયરૂપે પણ વસ્તુ અનેકાત્મક છે. આ રીતે, આધાર (=અર્થ)ની અપેક્ષાએ પણ ધર્મોમાં પરસ્પર ભેદ છે.

(૪) **સંબંધ :** સંબંધીઓ ભિન્ન હોવાથી સંબંધ પણ ભિન્ન ભિન્ન છે. અનેક સંબંધીઓ વચ્ચે એક જ સંબંધ હોય તે ઘટી ન શકે. (વસ્તુ અનંતધર્માત્મક છે. પર્યાયાર્થિકનયની અપેક્ષાએ એ બધા ધર્મો પરસ્પર ભિન્ન ભિન્ન છે. તે અનંતા પરસ્પર ભિન્ન ભિન્ન ધર્મોના આધાર તરીકે દ્રવ્ય પણ અનંતાત્મક છે. જેમ કે આમ્લરસ ગુણનો આધાર કાચી કેરી છે, મધુર રસ ગુણનો આધાર પાકી કેરી છે. આ રીતે ગુણગુણીના યુગલો ભિન્ન ભિન્ન હોવાથી તેઓ વચ્ચેના સંબંધો પણ ભિન્ન ભિન્ન છે. માટે સંબંધની અપેક્ષાએ પણ ગુણો વચ્ચે ભેદ છે. ગુણ-ગુણી વચ્ચે અપૃથગ્ભાવ (=કથંચિત્ તાદાત્મ્ય) સંબંધ હોય છે જે તાદાત્મ્યથી એકગુણ સ્વગુણીમાં વૃત્તિ હોય તે જ તાદાત્મ્યથી અન્યગુણો સ્વગુણીમાં વૃત્તિ ન હોઈ શકે કારણ કે તાદાત્મ્ય = એકરૂપતા = અભેદ. તેથી જો બધે એક જ તાદાત્મ્ય હોય તો પછી બધા ગુણો અભિન્ન થઈ જાય. જ્યારે પર્યાયાર્થિકનય મતે તો ગુણો વચ્ચે ભેદ છે.

(૫) **ઉપકાર :** દરેક ગુણ પોતાના ગુણીના સ્વરૂપના નિર્માણમાં ભાગ ભજવે છે પણ તે પોતપોતાની અલગ રીતે ભાગ ભજવે છે. (= ઉપકાર કરે છે.) અર્થાત્, ગુણી પર અનેકગુણ દ્વારા જે ઉપકાર થયેલો હોય તેના કરતા વિલક્ષણ પ્રકારનો ઉપકાર તે જ ગુણી પર અન્ય ગુણ દ્વારા થયેલો છે. જેમ કે આમ્લ રસ ગુણ પોતાના ગુણી (કેરી) પર ''ખાટા રસવાળી બનાવવા'' રૂપ ઉપકાર કરે છે જ્યારે મધુરરસ ગુણ ગુણી પર આવો ઉપકાર કરી શકતો નથી. તે તેને મીઠારસવાળી બનાવવા રૂપ ઉપકાર કરે છે. સુગંધગુણ તેને સુગંધી બનાવવા રૂપ ઉપકાર કરે છે. આમ ઉપકારની અપેક્ષાએ પણ ગુણોમાં ભેદ છે.

(૬) **ગુણી દેશ :** ગુણીમાં રહેલા એક ગુણની અપેક્ષાએ તે ગુણી જે દેશમાં છે, તેનાથી ભિન્નદેશમાં તે ગુણીને પોતાના બીજા ગુણની અપેક્ષાએ સ્વીકારવો જોઈએ કારણ કે તે ગુણો પરસ્પર એકબીજાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ગુણોથી ભિન્ન છે. જો આવું ન માનો તો ઘટ અને પટના ગુણોમાં પણ અભેદ માનવાની આપત્તિ આવે. (બે ભિન્ન ગુણીમાં રહેલા ગુણો જો ભિન્ન છે તો તેઓના ગુણીના દેશો પણ ભિન્ન દેખાય છે. તેમ અહીં ગુણો પરસ્પર ભિન્ન હોવાથી તેઓના ગુણીનો દેશ પણ ભિન્ન માનવો જોઈએ. અથવા, દરેક ગુણોના ગુણી ભિન્ન ભિન્ન છે. આ ભિન્ન ભિન્ન ગુણીઓ ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં રહેલા છે માટે તે તે ગુણીમાં રહેલા ગુણો પણ ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં ઉપલબ્ધ થશે. અર્થાત્, ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં રહેશે.)

(૭) **સંસર્ગ :** પ્રત્યેક સંસર્ગીના સંસર્ગ જુદા જુદા છે. એક જ સંસર્ગથી જુદા જુદા ગુણો પોતાના આશ્રયમાં રહી શકે નહીં. (**દા.ત.** ચૈત્ર જ્યારે 'દંડ' ગ્રહણ કરે ત્યારે તેને દંડનો સંસર્ગ થાય છે અને પોતે 'દંડી' પર્યાયને પામે છે. જ્યારે તે દંડ છોડીને છત્ર ધારણ કરે ત્યારે દંડ પણ હાજર છે અને પોતે પણ હાજર છે છતાં ય દંડનો સંસર્ગ નષ્ટ થાય છે માટે 'દંડી' પર્યાય પણ વિલીન થઈ જાય છે. છત્રનો સંસર્ગ ઉત્પન્ન થાય છે, માટે 'છત્રી' પર્યાયને પામે છે. આ દૃષ્ટાન્ત દ્વારા સ્પષ્ટ જણાય છે કે દંડ અને દંડવાળા ચૈત્ર વચ્ચે જે સંસર્ગ હતો તે છત્ર અને છત્રવાળા ચૈત્ર વચ્ચે નથી. આ રીતે દરેક ગુણોનો સ્વગુણી સાથેનો સંસર્ગ અલગ અલગ છે. આમ સંસર્ગ ભેદથી સંસર્ગી (ગુણો) અને ગુણીમાં ભેદ છે એમ સિદ્ધ થાય છે.

(૮) **શબ્દ :** પ્રત્યેક શબ્દનો વિષય (વાચ્યાર્થ) અલગ અલગ હોય છે. એક શબ્દથી એક જ વસ્તુ અને તેનો કોઈ એક જ પર્યાય જણાઈ શકે. 'ઘટ' શબ્દ કંબુગ્રીવાદિમાન્ આકારવાળી એક જ વસ્તુ અને તેના ઘટ અવસ્થારૂપ પર્યાયને જણાવી શકે અન્યને નહીં. જો એક શબ્દ બધા પર્યાયો જણાવી શકતો હોય તો (૧) અન્ય પર્યાયોને જણાવવા માટે વપરાતા બીજા શબ્દો વ્યર્થ થવાની આપત્તિ આવશે. તથા (૨) એક જ શબ્દ સાંભળવાથી ત્રૈલોક્યવર્તી સર્વવસ્તુઓના સર્વ પર્યાયો જણાઈ જવાની આપત્તિ આવશે, તથા (૩) તે શબ્દથી વક્તાને કઈ વસ્તુ અને તેનો કયો પર્યાય અભિપ્રેત છે તે નિશ્ચિત થઈ ન શકે અર્થાત્, વક્તાનું તાત્પર્ય સમજી ન શકવાની આપત્તિ આવે. (૪) વક્તાનું તાત્પર્ય સમજી ન શકવાથી તદનુરૂપ પ્રવૃત્તિ પણ નહીં થાય. આ રીતે ઢગલાબંધ આપત્તિઓ આવતી હોવાથી એક શબ્દ સર્વપર્યાયોનો બોધ કરાવી શકે તે સંગત નથી. તેથી સિદ્ધ થાય છે કે દરેક પર્યાયોના વાચક શબ્દો પણ જુદા જુદા છે. આ રીતે શબ્દની અપેક્ષાએ પણ ગુણોમાં ભેદ છે. આમ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ કાલાદિ આઠ દ્વારા સર્વગુણો વચ્ચે અભેદ સિદ્ધ થાય છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ કાલાદિ આઠ દ્વારા સર્વગુણો વચ્ચે ભેદ સિદ્ધ થાય છે. આમ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ એકવસ્તુ અનંતગુણોની કાલાદિ આઠ દ્વારા અભેદવૃત્તિ પારમાર્થિક રીતે અસંભવિત છે. તેથી તે વખતે કાલાદિ આઠ દ્વારા અભેદનો ઉપચાર કરવામાં આવે છે. આ જ રીતે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ કાલાદિ આઠ દ્વારા સર્વગુણો વચ્ચે ઉપચાર કરવામાં આવે છે. આ જ રીતે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ કાલાદિ આઠ દ્વારા સર્વગુણો વચ્ચે ભેદવૃત્તિ પારમાર્થિક રીતે અસંભવિત છે માટે તે વખતે કાલાદિ આઠ દ્વારા ભેદનો ઉપચાર કરવામાં આવે છે. (ટૂંકમાં - પ્રમાણથી અનંતધર્મોથી યુક્ત રૂપે જ્ઞાત થયેલી વસ્તુનું અભેદવૃત્તિ કે અભેદ ઉપચાર દ્વારા એક સાથે અભિધાન કરતું વચન 'સકલાદેશ' કહેવાય છે અને તે 'પ્રમાણવાક્ય' તરીકે પણ ઓળખાય છે. નયના વિષય બનતા ભેદવૃત્તિ કે ભેદોપચારથી ક્રમશઃ વિધાન કરતું વચન 'વિકલાદેશ' કહેવાય છે. તેને 'નયવાક્ય' પણ કહેવાય છે.

**इति प्रमाणपरिच्छेदः**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## अथ नयपरिच्छेदविवरणम्

**प्रमाणान्युक्तानि । अथ नया उच्यन्ते । प्रमाणपरिच्छिन्नस्यानन्तधर्मात्मकस्य वस्तुन**

**'अथ नया उच्यन्ते'** - इह हि सर्वं वस्त्वनन्तधर्मात्मकतया सङ्कीर्णस्वभावमिति तत्परिच्छेदकेन प्रमाणेनापि तथैव भवितव्यमित्यसङ्कीर्णप्रतिनियतधर्मप्रकारकव्यवहारसिद्धये नयानां सामर्थ्यात्तद्व्युत्पादनार्थमयमारम्भः। **तथाहि** - प्रमाणवद् नयानामपि अर्थोपलब्धौ हेतुत्वं *'[१]दव्वाण सव्वभावा सव्वप्पमाणेहिं जस्स उवलद्धा सव्वाहिं नयविहीहिं, वित्थाररूइ त्ति नायव्वो'* (उत्तरा.अध्य.२८) इति, तथा *'प्रमाणनयैरधिगमः'* (तत्त्वा.१/६) इत्यादिवचनप्रामाण्यात् नयानामपि अधिगमोपायत्वं शास्त्रसिद्धमेव। अत एव अनुयोगद्वारचतुष्टयेऽपि तन्निवेशः कृतः पूर्वाचार्यैः । **ननु** प्रमाणभिन्नतया नयप्रतिपादनमयुक्तम्, स्वार्थव्यवसायकत्वेन तस्य प्रमाणस्वरूपानतिक्रमात्, स्वार्थव्यवसायकत्वेऽपि तस्य प्रमाणत्वानभ्युपगमे प्रमाणस्यापि तथाविधस्य प्रमाणत्वं न स्यादिति **कश्चित्,** किन्तु न स विपश्चित्, नयस्य स्वार्थैकदेशव्यवसायलक्षणत्वेन स्वार्थव्यवसायकत्वासिद्धेः। **ननु** नयविषयतया सम्मतोऽर्थैकदेशोऽपि यदि वस्तु तदा तत्परिच्छेदी नयः प्रमाणमेव, वस्तुपरिच्छेदलक्षणत्वात्प्रमाणस्य, स न चेद्वस्तु, तर्हि तद्विषयको नयो मिथ्याज्ञानमेव स्यात्, तस्यावस्तुज्ञान-विषयत्वलक्षणादिति **चेत्, तदपि नानवद्यम्,** अर्थैकदेशस्य वस्तुत्वावस्तुत्वपरिहारेण वस्त्वंशतया पृथक् प्रतिज्ञानात् । तदुक्तम् - *नायं वस्तु न चावस्तु वस्त्वंशः कथ्यते बुधैः, नासमुद्रः समुद्रो वा समुद्रांशो यथोच्यते ।। तन्मात्रस्य समुद्रत्वे शेषांशस्यासमुद्रता समुद्रबहुता वा स्यात्तच्चेत्कोऽस्तु समुद्रवित् ।।* (त.श्लो.वा.पृ.११८ श्लो.५-६) इति वस्त्वंशे प्रवर्तमानो नयः स्वार्थैकदेशव्यवसायलक्षणो न प्रमाणम् नापि मिथ्याज्ञानमिति स्थितम् । **ननु** यथा अंशो न वस्तु नाप्यवस्तु किन्तु वस्त्वंश एवेति मतं, तथांशी न वस्तु नाप्यवस्तु, तस्यांशित्वादेव, वस्तुत्वं हि अंशांशिभावनियतं । ततोऽशेष्विव प्रवर्तमानं ज्ञानमंशिन्यपि नयोऽस्तु, अन्यथा यथा तत्र प्रवृत्तं ज्ञानं प्रमाणं तथांशेस्वपि किं न स्यात्, विशेषाभावात् । तथोपगमे च न प्रमाणादपरो नयः समस्ति । तदुक्तम् - *'यथांशिनि प्रवृत्तस्य ज्ञानस्येष्टा प्रमाणता, तथांशेष्वपि किं न स्यादिति मानात्मको नयः ।'* (त.श्लो.वा.पृ.१२३ श्लो.१८) इति । **एतदप्ययुक्तम्** - यतः उपसर्जनीकृताखिलांशमंशिविज्ञानं नय एव, तत्र द्रव्यार्थिकनयस्य व्यापारात् । प्रधानभावार्पितसकलांशे तु क्व प्रमाणत्वव्याघातः ?, अंशिमात्रज्ञानस्य प्रमाणत्वानभ्युपगमात् ततः प्रमाणादपर एव नय इत्यधिकमन्यत्र।

**'नयाः'** इति - 'नया' इति बहुवचनान्तलक्ष्यनिर्देशो नयानामानन्त्यसंसूचनार्थम् । तदुक्तम् **सम्मतौ**

પ્રમાણની પ્રરૂપણા કરી લીધા પછી હવે નયોની પ્રરૂપણા કરાય છે. અનેક ભેદવાળી કોઈપણ વસ્તુનું પ્રતિપાદન કરવું હોય તો સૌ પ્રથમ તેનું સામાન્ય લક્ષણ જણાવીને પછી તેના ભેદોનું વિશેષ લક્ષણ જણાવવું જોઈએ. પ્રમાણ પ્રરૂપણામાં પણ આ જ શૈલી હતી. અહીં પણ સૌ પ્રથમ નયનું સામાન્ય

१. द्रव्याणां सर्वभावा सर्वप्रमाणैर्यस्योपलब्धाः सर्वैः नयविधिभिर्विस्तररुचिरिति ज्ञातव्यः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**एकदेशग्राहिणस्तदितरांशाप्रतिक्षेपिणोऽध्यवसायविशेषा नयाः । प्रमाणैकदेशत्वात् तेषां ततो**

[१]*'जावइया वयणपहा, तावइया चेव हुंति नयवाया । जावइया नयवाया, तावइया चेव परसमया'* (गा. ३/ ४७) वस्त्वैकधर्मपर्यवसितानां प्रमात्रभिप्रायाणां नयत्वाभिधानात्, वस्तुनश्चानन्तधर्मत्वादनन्ता नया सम्भवन्ति । तथापि प्राक्तनाचार्यैः सर्वसङ्ग्राहिसप्ताभिप्रायपरिकल्पनाद्वारेण सप्तनयाः प्रतिपादिताः नैगमादयो वक्ष्यमाणनामानः । कथमेषां सकलाभिप्रायसङ्ग्राहकत्वमिति **चेत्, उच्यते**, अभिप्रायस्तावदर्थद्वारेण शब्दद्वारेण वा प्रवर्तते, गत्यन्तराभावात् । अर्थश्च सामान्यरूपो विशेषरूपो वा, शब्दोऽपि रूढितो व्युत्पत्तितश्च, व्युत्पत्तिरपि सामान्यनिमित्तप्रयुक्ता तत्कालभाविनिमित्तप्रयुक्ता वा स्यात् । तत्र ये केचनार्थनिरूपणप्रवणाः प्रमात्रभिप्रायास्ते सर्वेऽप्याद्ये नयचतुष्टयेऽन्तर्भवन्ति । तत्रापि ये परस्परविशकलितौ सामान्यविशेषाविच्छन्ति तत्समुदायरूपो नैगमः । ये पुनः केवलं सामान्यं वाञ्छन्ति तत्समूहसंपाद्यः सङ्ग्रहः । ये पुनरनपेक्षितशास्त्रीयसामान्यविशेषं लोकव्यवहारवीथिमवतरन्तं घटादिकं पदार्थमभिप्रेयन्ति तादृशाभिप्रायनिचयजन्यो व्यवहारः । ये पुनः सौगतादयः क्षणक्षयिणः परमाणुलक्षणा विशेषाः सत्या इति मन्यन्ते तत्सङ्घातघटित ऋजुसूत्रः । ये रूढितः शब्दानां प्रवृत्तिमिच्छन्ति तन्निवहनिष्पाद्यः शब्दः । ये तु व्युत्पत्तितो ध्वनीनां प्रवृत्तिमिच्छन्ति नान्यथा, तत्समूहजन्यः समभिरूढः । ये तु वर्तमानकालभाविव्युत्पत्तिनिमित्तमधिकृत्य शब्दाः प्रवर्तन्ते नान्यथेति मन्यन्ते तत्सङ्घटितः खल्वेवम्भूत इति । तदेवं न स कश्चन विकल्पोऽस्ति वस्तुगोचरो योऽत्र नयसप्तके नान्तर्यातीति सर्वाभिप्रायसङ्ग्राहका एत इति सम्यक् स्थितम् ।

**'प्रमाणपरिच्छिन्नस्यानन्तधर्मात्मकस्य वस्तुन एकदेशग्राहिणस्तदितरांशाप्रतिक्षेपिणोऽध्यवसायविशेषा नयाः'** अत्र प्रथमं तावल्लक्षणघटकपदसार्थक्यं विचार्यते - प्रमाणपरिच्छिन्नस्यैव वस्तुनो नयैर्विचारणा युक्ता, इत्यावेदयितुं **'प्रमाणपरिच्छिन्नस्ये'**ति वस्तुविशेषणम् । धर्मधर्मिणोरत्यंतभेदवादनिरासाय **'अनन्तधर्मात्म-**

લક્ષણ જણાવે છે.

### ✻ નયનું સામાન્ય લક્ષણ ✻

પ્રમાણ દ્વારા જણાયેલી અનંત ધર્માત્મક વસ્તુના એક દેશનું ગ્રહણ કરનાર અને ઈતર અંશોનો પ્રતિક્ષેપ (ખંડન) ન કરનાર અધ્યવસાય વિશેષને 'નય' કહેવાય છે. નયને અધ્યવસાય વિશેષાત્મક કહ્યા છે તેથી જણાય છે કે નય જ્ઞાનાત્મક હોવા ઈષ્ટ છે.

**નયના લક્ષણનું પદકૃત્ય :** જે વસ્તુના અમુક અંશની વિચારણા કરવી હોય તે વસ્તુ પ્રમાણસિદ્ધ હોવી જોઈએ. અપ્રામાણિક વસ્તુ ઉપર નયવિચારણા થઈ શકે નહીં. એ જણાવવા માટે 'વસ્તુ'નું 'प्रमाणपरिच्छिन्नस्य' એવું વિશેષણ મૂક્યું છે.

વસ્તુનું 'अनंतधर्मात्मकस्य' એવું બીજું વિશેષણ મૂકીને ધર્મ-ધર્મી વચ્ચેના અત્યંત ભેદવાદનો નિરાસ કર્યો છે. તેમ જ આગળ લક્ષણમાં 'એકદેશ' અને 'તદિતરાંશ' આમ જે કહેવાનું છે એની પ્રસિદ્ધિ માટે આ વિશેષણ છે. કેટલાક દર્શનો વસ્તુને નિરંશ માને છે. 'प्रमाणपरिच्छिन्नस्य' અને 'अनंतधर्मात्मकस्य'.

१. यावन्तो वचनपथास्तावन्तश्चैव भवन्ति नयवादाः, यावन्तो नयवादास्तावन्तश्चैव परसमयाः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भेदः । यथा हि समुद्रैकदेशो न समुद्रो नाप्यसमुद्रस्तथा नया अपि न प्रमाणं न वाऽप्र-**

**कस्ये**'ति द्वितीयं तद्विशेषणम् । विशेषणद्वयमप्येतत् स्वरूपदर्शनार्थमिति वस्तुतो न लक्षणघटकम् । **यद्वा**, लक्षणघटक 'एकदेश'-'तदितरांश' पदप्रसिद्धयेऽनन्तधर्मात्मकस्येतिपदस्योपयोगित्वं, कैश्चिद् निरंशस्यैव वस्तुनोऽभ्युपगमात्, तन्निषेधोऽपि अनेन पदेनोपपद्यते । '**वस्तुन**' इति सामान्याभिधानेन नयानामशेषवस्तुविषयप्रवर्तिष्णुत्वमावेदितं भवति । दुर्नयेऽतिव्याप्तिवारणाय '**एकदेशग्राहिण**' इत्युक्तं, दुर्नयस्यापि स्वाभिप्रेतांशाप्रतिक्षेपित्वात्, एकदेशग्राहिण इत्युक्तौ च तत्पदस्य पूर्वपरामर्शितया पूर्वोक्त 'एकदेश' पदार्थग्राहकत्वमेव स्यादतस्तदितरपदेनानभिमतांशस्यैव ग्रहणसम्भवान्नातिव्याप्तिरिति भावः । '**तदितरांशाप्रतिक्षेपिण**' इति पदमपि दुर्नयेऽतिव्याप्तिवारणार्थम् । सप्तभङ्गात्मकशब्दप्रमाणप्रदीर्घसन्तताध्यवसायैकदेशेऽतिव्याप्तिवारणाय अध्यवसायपदोपादानं, शरीरैकदेशे हस्तादिलक्षणे यथा न शरीरत्वं तथा नाध्यवसायत्वमध्यवसायैकदेशे सम्मतमिति भावः । **ननु** अध्यवसायश्च ज्ञानरूपः, स चात्र नयत्वेन विवक्षितः, ततश्च भवेदागमविरोधो **यदाह आवश्यकनिर्युक्तौ भगवान् भद्रबाहुः** [1]*'उवएसो सो णओ णाम त्ति'* **(आव.नि.१०५४)** इति **चेत्, न**, तत्र नयजन्योपदेशे नयपदोपचारादविरोध इत्युक्तं **नयरहस्ये** । अपायज्ञानस्यापि स्वाभिप्रेतरूपादिग्राहकत्वं तदितररसाद्यप्रतिक्षेपित्वमतोऽतिव्याप्तं स्यान्नयलक्षणं तत्र, न चेष्टापत्त्या परिहारः, अपायज्ञाने प्रमाणत्वप्रतिपादनेन

આ બે સ્વરૂપદર્શક વિશેષણો છે. વ્યાવર્તક નથી, તેમજ લક્ષણઘટક નથી.

'वस्तुनः' પદ (સામાન્યાભિધાન) મૂકવાથી એ સૂચિત થાય છે કે વસ્તુમાત્રમાં નય પ્રવર્તી શકે છે.

'एकदेशग्राहिणः' એવું પદ લક્ષણ વાક્યમાં ન મૂકે તો દુર્નયમાં અતિવ્યાપ્તિ આવે. કારણ કે દુર્નય પણ વસ્તના સ્વાભિપ્રેત અંશનો અપ્રતિક્ષેપી છે જ. તેથી 'तदितरांश' પદથી અનભિપ્રેતથી ઈતર (=સ્વાભિપ્રેત) અંશ લઈ, તેનો અપ્રતિક્ષેપી હોવાથી દુર્નયમાં લક્ષણ અતિવ્યાપ બને પરંતુ 'एकदेशग्राहिणः' પદ મૂકવાથી આ અતિવ્યાપ્તિનું વારણ થશે. કારણ કે 'तत्' પદ પૂર્વોક્તનો જ પરામર્શ કરવાના સ્વભાવવાળું હોવાથી 'तत्' પદથી પૂર્વોક્ત એકદેશ (= સ્વાભિપ્રેતાંશ)નું જ ગ્રહણ થશે. તેનાથી ઈતર = અનભિપ્રેતાંશ, તેનો અપ્રતિક્ષેપી હોય તે નય. આ રીતે લક્ષણ સમન્વય થશે.

'तदितरांशाप्रतिक्षेपिणः' પદ ન મૂકે તો પણ દુર્નયમાં અતિવ્યાપ્તિ આવે કારણ કે દુર્નય પણ સ્વાભિપ્રેતાંશનો ગ્રાહક હોવાથી તેમાં લક્ષણ અતિવ્યાપ્ત બનશે પરંતુ દુર્નય ઈતરાંશનો પ્રતિક્ષેપ કરનાર હોવાથી 'तदितरांशाप्रतिक्षेपिणः' પદથી તેનો વ્યવચ્છેદ થઈ જવાથી અતિવ્યાપ્તિ દોષનું વારણ થઈ જાય છે.

'અધ્યવસાય' પદ લક્ષણવાક્યમાં ન મૂકે તો 'स्यादस्त्येव', 'स्यान्नास्त्येव' ઈત્યાદિ સપ્તભંગાત્મક શબ્દપ્રમાણથી થનારા દીર્ઘ એક અધ્યવસાયના એકદેશરૂપ 'स्यादस्त्येव' ઈત્યાદિરૂપ એકાદ-બે વાક્યપ્રયોગથી થનારા અધ્યવસાયમાં નયલક્ષણની અતિવ્યાપ્તિ આવશે કારણ કે તે આધ્યવસાયિક દેશથી પણ વિવક્ષિતાંશગ્રહણ અને અવિવક્ષિત અંશનો અનિષેધ તો થાય છે. આ દોષનું નિવારણ કરવા માટે 'અધ્યવસાય' પદ મુકાયું છે. અધ્યવસાયના એક દેશમાં અધ્યવસાયત્વ માન્યું નથી. (જેમ શરીરૈકદેશભૂત હસ્તાદિમાં શરીરત્વ માન્યું નથી તેમ) તેથી અતિપ્રસંગ નહીં આવે.

१. उपदेशः स नयो नाम ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**माणमिति । ते च द्विधा-द्रव्यार्थिकपर्यायार्थिकभेदात् । तत्र प्राधान्येन द्रव्यमात्रग्राही**

नयत्वरोधात् । अतो 'विशेष'पदोपादानम्, ततश्च नयत्वेनाभिप्रेता अध्यवसाया एव गृह्यन्ते न सर्वेऽपीति सूक्तं नयलक्षणम् ।

**ननु** अनन्तधर्मात्मकस्य वस्तुनः स्वाभिप्रेतांशग्राहकः खलु नय उच्यते स च कथं सम्यग्ज्ञानरूपः स्यात् ? अत्यल्पांशस्यैव ग्राहकतया बहुतरांशाग्राहकत्वादिति **चेत्**, अहो वैदुष्यं ? इत्थं हि प्रेर्यमाणे न केवलज्ञानातिरिक्तं किञ्चन सम्यग्ज्ञानतया प्रसिद्ध्येत, शेषज्ञानानां सावरणतया सकलांशग्राहकत्वाभावात् । अतः प्राधान्येन स्वाभिप्रेतांशग्राहकत्वेऽपि तदितरांशाप्रतिक्षेपेण गौणभावेन तदग्राहकत्वमपि उपपद्यत एवेति

---

અધ્યવસાય પછી 'વિશેષ' પદ લગાડવાનું પ્રયોજન એ છે કે 'प्रमाणपरिच्छिन्नस्य वस्तुन एकदेशग्राहिण तदितरांशाप्रतिक्षेपिण अध्यवसाया नया' એટલું જ જો મૂકે તો અપાય ધારણારૂપ પ્રત્યક્ષપ્રમાણમાં અતિવ્યાપ્તિ આવે. જે અપાયથી ઘટાદિમાં રૂપનું જ્ઞાન થાય અને રસાદિનો અપ્રતિક્ષેપ થાય તે રૂપાદિનું અપાયજ્ઞાન પણ પ્રમાણપરિચ્છિન્ન અનંતધર્માત્મક વસ્તુના એકદેશગ્રાહી તદિતરાંશઅપ્રતિક્ષેપી અધ્યવસાયરૂપ બને છે. પરંતુ ત્યાં લક્ષણ જાય તે ઈષ્ટ નથી કારણ કે અપાય તો પ્રમાણરૂપ છે માટે 'વિશેષ' પદ મૂક્યું છે. હવે આ દોષ નહીં આવે. અધ્યવસાયવિશેષને જ નય કહેવાથી ફલિત થાય છે કે બધા અધ્યવસાયોમાં નયત્વ વિવક્ષિત નથી પરંતુ અમુક ચોક્કસ અધ્યવસાયોમાં જ તે નયત્વ વિવક્ષિત છે. અપાયાદિ પ્રમાણરૂપ અધ્યવસાયો નયરૂપ નથી તેથી તેનું વિશેષપદથી ગ્રહણ નહીં થાય.

આ પ્રમાણે પ્રમાણસિદ્ધ અનંતધર્માત્મક વસ્તુના એકદેશનું ગ્રહણ કરનાર અને ઈતરાંશનો પ્રતિક્ષેપ નહીં કરનારા અધ્યવસાયવિશેષને નય કહેવાય છે એવું નયનું સામાન્ય લક્ષણ સિદ્ધ થયું.

**શંકા :** વસ્તુ અનંતધર્માત્મક છે અને નય તો વસ્તુના કોઈ એકાદ વિવક્ષિત ધર્મનું જ ગ્રહણ કરે છે તો આવા અધૂરા જ્ઞાનને સમ્યગ્જ્ઞાન શી રીતે કહેવાય ?

**સમા :** વસ્તુના સર્વધર્મોને ગ્રહણ કરનારા જ્ઞાનને જ જો સમ્યગ્જ્ઞાન કહેશો તો પછી કેવળજ્ઞાન સિવાયના કોઈ જ્ઞાનને તમે સમ્યગ્જ્ઞાન કહી નહીં શકો. વસ્તુતઃ અનંતધર્માત્મક વસ્તુના કોઈ એકાદ વિવક્ષિત અંશનું જ ગ્રહણ કરવા છતા પણ નય તે વસ્તુના ઈતરાંશોનો નિષેધ કરતો નથી પણ ગૌણભાવે સ્વીકાર કરે છે. તેથી વિવક્ષિત અંશનું પ્રધાનભાવે અને ઈતરાંશોનો નિષેધ નહીં કરવારૂપ ગૌણભાવે સ્વીકાર કરનાર હોવાથી નયમાં પણ પ્રધાન-ગૌણભાવે વસ્તુના સર્વધર્મોનો સ્વીકાર આવી જતો હોવાથી નયને સમ્યગ્જ્ઞાન કહેવામાં કોઈ બાધ નથી.

**શંકા :** પ્રમાણમાં જેમ વસ્તુનું સત્યરૂપે ગ્રહણ થાય છે અને નયમાં પણ તેમ જ થતું હોય તો પછી પ્રમાણ અને નયમાં ભેદ શું રહ્યો ? કારણ કે સત્યરૂપે ગ્રહણ કરવાનો સ્વભાવ તો બન્નેમાં સમાન છે.

**સમા :** સત્યરૂપે ગ્રહણ કરવાનો સ્વભાવ તો બન્નેમાં સમાન હોવા છતાં પણ પ્રમાણ વસ્તુનું સત્યરૂપે ગ્રહણ કરે છે ત્યારે નય વસ્તુના અમુક અંશનું જ સત્યરૂપે ગ્રહણ કરે છે. તેથી નય એ તો એક દેશ છે માટે પ્રમાણથી તેનો ભેદ પડે છે. આ જ વાતને ગ્રન્થકારશ્રી દૃષ્ટાંતથી સમજાવે છે. જેમ સમુદ્રનો એકદેશ એ સમુદ્ર પણ નથી અને અસમુદ્ર પણ નથી. એક બિન્દુને જ જો સમુદ્ર કહે તો શેષ બિન્દુઓ અસમુદ્ર બની જાય અને પ્રત્યેક બિન્દુને સમુદ્ર કહે તો એક સમુદ્ર પણ ક્રોડો સમુદ્રાત્મક બની જવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**द्रव्यार्थिकः । प्राधान्येन पर्यायमात्रग्राही पर्यायार्थिकः । तत्र द्रव्यार्थिकस्त्रिधा नैगमसङ्ग्रह-व्यवहारभेदात् । पर्यायार्थिकश्चतुर्धा ऋजुसूत्रशब्दसमभिरूढैवम्भूतभेदात् । ऋजुसूत्रो द्रव्यार्थिक-स्यैव भेद इति तु जिनभद्रगणिक्षमाश्रमणाः ।**

**तत्र सामान्यविशेषाद्यनेकधर्मोपनयनपरोऽध्यवसायो नैगमः, यथा पर्याययोर्द्रव्ययोः पर्याय-**

---

न सम्यक्त्वप्रच्यवो नयानाम् ।

**'प्राधान्येन द्रव्यमात्रग्राही' → ननु** मात्रपदेनात्र पर्यायप्रतिक्षेपात् पर्यायार्थिकलक्षणेऽपि 'मात्र'पदेन द्रव्यप्रतिक्षेपाद् उभयत्र दुर्नयत्वं प्रसज्यत इति **चेत्**, न, मात्रपदस्यावधारणार्थत्वात्, तस्य च व्यवच्छेदफलकत्वात् प्राधान्येन द्रव्यमात्रस्य ग्राहको द्रव्यार्थिकः, न तु प्राधान्येन पर्यायस्यापि ग्राहकः स, गौणभावेन तु स्यादपीत्येवमुक्तं भवति । 'प्राधान्येन' इति पदसमभिव्याहारादेतदर्थलाभः समर्थनीयः । इत्थं हि पर्यायार्थिकलक्षणेऽपि दुर्नयत्वशङ्काऽपनेतव्या ।

**'तत्र सामान्यविशेष'** इति → नैगमो हि सत्तालक्षणं महासामान्यमवान्तरसामान्यानि च द्रव्यत्व-गुणत्वकर्मत्वादीनि, तथान्त्यान्विशेषान् सकलासाधारणरूपलक्षणानवान्तरविशेषांश्चापेक्षया पररूपव्यावर्तनक्षमान्

---

આપત્તિ આવે તેથી સમુદ્રનું એક બિન્દુ સમુદ્ર પણ નથી અને અસમુદ્ર પણ નથી. પરંતુ સમુદ્ર કરતા જુદો છે (પછી ભલે ને જલાત્મકત્વેન બન્ને સમાન હોય) આજ રીતે પ્રમાણના એકદેશરૂપ હોવાથી નય પ્રમાણ પણ નથી કે અપ્રમાણ પણ નથી. કિન્તુ ઉભયથી વિલક્ષણ છે.

## * દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નય વિભાગ *

નયના સામાન્ય લક્ષણની અટલી છણાવટ કર્યા પછી હવે તેના મુખ્ય બે ભેદો જણાવે છે.

નયના મુખ્ય બે ભેદો છે : (૧) દ્રવ્યાર્થિક નય (૨) પર્યાયાર્થિક નય. દ્રવ્યનું જ પ્રધાનરૂપે ગ્રહણ કરનારા અધ્યવસાયવિશેષને દ્રવ્યાર્થિક (દ્રવ્યાસ્તિક) નય કહેવાય છે. પર્યાયનું જ પ્રધાનરૂપે ગ્રહણ કરનારા અધ્યવસાયવિશેષને પર્યાયાર્થિક (પર્યાયાસ્તિક) નય કહેવાય છે.

**શંકા :** નયસામાન્યના લક્ષણમાં તમે એમ કહ્યું છે કે અમુક અંશનું ગ્રહણ કરે પણ તદિતરાંશનો પ્રતિક્ષેપ ન કરે તેને નય કહેવાય. પરંતુ દ્રવ્યાર્થિક નય તો દ્રવ્યમાત્રગ્રાહી છે તેથી 'માત્ર' પદથી પર્યાયનો પ્રતિક્ષેપ થયો કહેવાય ને ? આ જ રીતે પર્યાયમાત્રગ્રાહીને પર્યાયાર્થિક નય કહ્યો. તેમાં 'માત્ર' પદથી દ્રવ્યનો પ્રતિક્ષેપ થયો કહેવાય ને ? તો પછી નય સામાન્યનું લક્ષણ આમાં ઘટશે નહીં. તેથી પૂર્વોક્ત લક્ષણ અવ્યાપ્ત બનશે.

**સમા :** દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના લક્ષણમાં 'प्राधान्येन' શબ્દ મૂકાયો છે એ તમે ભૂલી ગયા લાગો છો. 'प्राधान्येन द्रव्यमात्रग्राही द्रव्यार्थिकः' પ્રધાનરૂપે જે દ્રવ્યનું જ ગ્રહણ કરે તે દ્રવ્યાર્થિક નય એવો અર્થ લાગે છે. તેથી જણાય છે કે 'માત્ર' પદ અહીં एव કાર (અવધારણ) અર્થમાં વપરાયું છે અને અવધારણ તો વ્યવચ્છેદફલક (કંઈક બાદબાકી કરનાર) જ હોય છે. તેથી 'પ્રધાનરૂપે દ્રવ્યનું જ ગ્રહણ કરનાર' નો અર્થ 'પ્રધાન રૂપે પર્યાયનું ગ્રહણ નહીં કરનાર' આવો જ થશે. તેથી ગૌણરૂપે પર્યાયનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सामान्यादत्यन्तभिन्नस्वरूपान्, आदिपदान्नित्यत्वानित्यत्वादेर्ग्रहणं, तथाविधानामनेकधर्माणां धर्मिण्युपनयने परः प्रवणः अध्यवसायोऽभिप्रायो नैगम इत्यर्थः । **ननु** सामान्यविशेषाद्युभयधर्मावगाहित्वं हि प्रमाणत्वव्याप्यं अतः तदवगाहिनि नैगमे प्रमाणत्वं स्यादिति **चेत्, न**, स्यादेवम् यदि शबलतदभ्युपगमो विवक्ष्यते, न

---

ગ્રહણ દ્રવ્યાર્થિક નયમાં પણ અખંડિત રહે છે. આ જ રીતે પર્યાયાર્થિક નયમાં પણ ગૌણરૂપે દ્રવ્યનું ગ્રહણ અખંડિત રહે છે (કારણ કે પ્રધાનરૂપે પર્યાયનું જ ગ્રહણ કરનાર, અર્થાત્ પ્રધાનરૂપે દ્રવ્યનું ગ્રહણ નહીં કરનારા નયને જ પર્યાયાર્થિક કહ્યો છે.)

આ રીતે નયના સામાન્ય લક્ષણની તમે બતાવેલી અવ્યાપ્તિનું નિરાકરણ થઈ જાય છે.

હવે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના ઉત્તરભેદો જણાવે છે - નૈગમ, સંગ્રહ એન વ્યવહાર એ ત્રણ દ્રવ્યાર્થિક નયો છે. ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત એ ચાર પર્યાયાર્થિક નયો છે. ઋજુસૂત્ર દ્રવ્યાર્થિકનો જ ભેદ છે એવો **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણનો** મત છે.

## * ઋજુસૂત્રનય વિશે બે મત *

ઋજુસૂત્રનો પર્યાયાર્થિકમાં સમાવેશ **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ** મહારાજના મત પ્રમાણે કરેલ છે. તેઓનું મન્તવ્ય આવું છે : ઋજુસૂત્ર અતીત-અનાગતકાલવર્તિ કોઈ વસ્તુને માનતો નતી. તદુપરાંત વર્તમાનકાલવર્તિ એવી પણ પરકીય વસ્તુને માનતો નથી. માત્ર વર્તમાનકાલવર્તિ સ્વકીય વસ્તુને જ માને છે તેથી ઋજુસૂત્રને પર્યાયગ્રાહી નય માનવો જ ઉચિત છે કારણ કે દ્રવ્યાર્થિકનય તો ત્રિકાલવર્તી સર્વ વસ્તુઓને માને છે જ્યારે ઋજુસૂત્રમાં એવું નથી માટે તે પર્યાયાર્થિક નય છે.

હવે **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણના** મતનો વિચાર કરીએ. આગમસૂત્ર **શ્રીઅનુયોગદ્વાર સૂત્રમાં** દ્રવ્યાવશ્યકની પ્રરૂપણામાં 'નૈગમાદિ નયોના મતે કેટલા દ્રવ્યાવશ્યક છે ?' એ વાત કરાઈ છે તેમાં [1]'उज्जुसुअस्स एगे अणुवउत्ते एगं दव्वावस्सयं, पुहुत्तं णेच्छइ' આવો પાઠ આવે છે. ઋજુસૂત્ર અતીત-અનાગત-પરકીય વસ્તુ માનતો નથી. માત્ર વર્તમાનકાલવર્તિ અને એમાં પણ સ્વકીય વસ્તુ જ માને છે તેથી ઋજુસૂત્ર (નૈગમનયની જેમ પૃથક્પૃથક્ અનેક દ્રવ્યાવશ્યક ન માનતા) ઉપયોગરહિત એવા દેવદત્તાદિ એ 'આગમતઃ એક દ્રવ્યાવશ્યક' છે એમ માને છે. (પરકીય વસ્તુ માનતો ન હોવાથી અનુપયુક્ત બીજા યજ્ઞદત્તાદિને તે દ્રવ્યાવશ્યક માનતો નથી) આ સૂત્ર પ્રમાણે ઋજુસૂત્રને પણ દ્રવ્યાવશ્યક માન્ય છે તેથી તેને દ્રવ્યાર્થિકનય જ કહેવાય. જ્યારે આવું સૂત્ર મળતું હોય ત્યારે ઋજુસૂત્ર દ્રવ્યને માનતો નથી એવું કહેવાથી ઉક્ત સૂત્રનો વિરોધ આવે. જો કે અહીં આવી શંકા થઈ શકે છે કે : '**શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ** મહારાજના મતે ઋજુસૂત્ર નય પર્યાયગ્રાહી હોવાથી તે મતે ઋજુસૂત્ર નયમાં દ્રવ્યાવશ્યક ઘટશે નહીં તેથી **અનુયોગદ્વારના** ઉક્ત સૂત્રનો આ મતમાં વિરોધ આવશે. પરંતુ આ વિરોધનો પરિહાર ક્યાંક આ રીતે કરાયો છે.

'अणुवओगो दव्वं' સૂત્ર પ્રમાણે વર્તમાન આવશ્યક પર્યાયમાં જે અનુપયોગ અંશ છે તેના આધારે તે આવશ્યકમાં દ્રવ્યત્વનો આરોપ (ઉપચાર) કરાય છે. વાસ્તવિક દ્રવ્યત્વ તો ઋજુસૂત્રમાં છે જ નહિં. ઔપચારિક દ્રવ્યત્વ સ્વીકારવા છતાં તેના પર્યાયાર્થિકત્વની હાનિ થતી નથી કારણ કે પર્યાયાર્થિકનય તો

---

१. ऋजुसूत्रस्य एकः अनुपयुक्तः एकं द्रव्यावश्यकं, पृथक्त्वं नेच्छति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**द्रव्ययोश्च मुख्यामुख्यरूपतया विवक्षणपरः । अत्र सच्चैतन्यमात्मनीति पर्याययोर्मुख्यामुख्यतया विवक्षणम् । अत्र चैतन्याख्यस्य व्यञ्जनपर्यायस्य विशेष्यत्वेन मुख्यत्वात्, सत्त्वाखस्य तु**

चैवं, स्वातन्त्र्येणैव सामान्यविशेषादिधर्माणां नैगमेनाभ्युपगमात् । न च सामान्यग्राहिणि विज्ञाने विशेषावभासोऽस्ति, अनुवर्तमानैकाकारपरामर्शेन तद्ग्रहणादन्यथा सामान्यग्राहकत्वायोगात्, नापि विशेषग्रहणे संवेदने सामान्यं चकास्ति, विशिष्टदेशदशावच्छिन्नपदार्थग्राहितया तत्प्रवृत्तेः, अन्यथा विशेषसंवेदनत्वायोगात् । न चैतौ परस्परविभिन्नावपि प्रतिभासमानौ सामान्यविशेषौ कथञ्चिन्मिश्रयितुं युक्तौ, अन्यथा विभिन्नप्रतिभासिनामपि निखिलार्थानामैक्यप्रसङ्गात् । तथा च नैगमाभिप्रायः - विशकलितौ सामान्यविशेषौ, पार्थक्येनोपलब्धेः

મુખ્ય (નિરુપચરિત) દ્રવ્યપદાર્થને પ્રધાનરૂપે માનવાનો જ નિષેધ કરે છે. આમ ઋજુસૂત્રને પર્યાયાર્થિક માનવા છતા પણ ઉક્ત સૂત્રનો વિરોધ નહીં આવે. આ અંગેની વિશેષ વિચારણા અન્ય ગ્રન્થોમાં જિજ્ઞાસુઓને જોવા ભલામણ છે.

## ❋ નૈગમ નય ❋

'यथोद्देशं निर्देशः' ન્યાય પ્રમાણે સૌ પ્રથમ નૈગમનયની પ્રરૂપણા કરે છે.

સામાન્ય વિશેષાદિ અનેક ધર્મોનું પ્રતિપાદન કરનાર અધ્યવસાયને નૈગમનય કહેવાય છે. આ પ્રતિપાદન ગૌણ-મુખ્ય ભાવે થાય છે. આ ગૌણ-મુખ્ય ભાવ પણ નિયત નથી. પરંતુ વક્તાની ઈચ્છા પ્રમાણે હોય છે. એટલે કે બે પર્યાયની વાત ચાલતી હોય ત્યારે તે બેમાંથી કોઈપણ એક પર્યાયને મુખ્ય કરીને અન્ય પર્યાયને ગૌણ કરવા નૈગમનય તૈયાર હોય છે. તેવી જ રીતે કોઈ બે દ્રવ્યોની વાત ચાલતી હોય ત્યારે પણ કોઈ એક દ્રવ્યને ગૌણ કરીને અન્ય દ્રવ્યને પ્રધાન કરી શકાય. એ જ રીતે એક દ્રવ્ય-એક પર્યાય એ બન્નેની વાત ચાલતી હોય ત્યારે પણ કોને પ્રધાન બનાવવો અને કોને ગૌણ બનાવવો તેનો નિર્ણય કરવાનું સ્વાતંત્ર્ય પણ નૈગમનય તો વક્તાને જ આપે છે. ટૂંકમાં, નૈગમનય એટલી વિશાળ દૃષ્ટિ ધરાવે છે કે ગૌણ-મુખ્યભાવનું નિયમન પોતે કરતો નથી પણ તેને વક્તાની વિવક્ષાને આધીન જ રહેવા દે છે. વક્તા ક્યારેક દ્રવ્યને તો ક્યારેક પર્યાયને પ્રધાન બનાવે તો ય નૈગમનય સ્વીકારી લે છે. આના કેટલાક ઉદાહરણો વિચારીએ - 'सच्चैतन्यमात्मनि' = આત્મામાં સત્ એવું ચૈતન્ય રહ્યું છે. અહીં આત્મા એ ધર્મી છે તથા સત્ત્વ અને ચૈતન્ય એ બન્ને તેના ધર્મો છે. આ બે ધર્મોમાં ફરક એટલો કે 'ચૈતન્ય' નામનો વ્યંજન પર્યાય એ વિશેષ્ય હોવાથી મુખ્ય છે અને સત્ત્વ નામનો વ્યંજનપર્યાય એ તેનું વિશેષણ હોવાથી ગૌણ છે. અહીં ચૈતન્યને વ્યંજનપર્યાય કહ્યો છે તેથી સહજ રીતે પ્રશ્ન ઉભો થાય કે આ 'વ્યંજનપર્યાય' એટલે શું ? તેથી હવે ગ્રન્થકાર પોતે જ સપ્રસંગ વ્યંજનપર્યાય અને અર્થપર્યાયની વ્યાખ્યા આપે છે. વસ્તુમાં થતી પ્રવૃત્તિ કે નિવૃત્તિમાં કારણભૂત એવા અર્થક્રિયાકારિત્વથી ઉપલક્ષિત પર્યાયને વ્યંજનપર્યાય કહેવાય છે. ભૂતકાલીનતા અને ભવિષ્યકાલીનતાના સંબંધથી રહિત અને માત્ર વર્તમાનકાળમાં રહેવાવાળું વસ્તુનું સ્વરૂપ તે અર્થપર્યાય કહેવાય છે. (અર્થક્રિયાકારિત્વથી ઉપલક્ષિત એવા પર્યાયને વ્યંજનપર્યાય કહ્યો છે. અહીં 'ઉપલક્ષિત' પદ સપ્રયોજન વપરાયું છે તે અંગે વિચારીએ. ઉષ્ણસ્પર્શ હોવા માત્રથી અગ્નિ દ્વારા દાહ--પાકાદિ થયા જ કરે એવો કોઈ કાયદો નથી કિન્તુ દાહ-પાકાદિકર્તાનું સંનિધાન, તે તે કાર્ય કરવાની કર્તાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विशेषणत्वेनामुख्यत्वात् । प्रवृत्तिनिवृत्तिनिबन्धनार्थक्रियाकारित्वोपलक्षितो व्यञ्जनपर्यायः । भूतभविष्यत्वसंस्पर्शरहितं वर्तमानकालावच्छिन्नं वस्तुस्वरूपं चार्थपर्यायः । वस्तु पर्यायवद्-**

---

यथा देवदत्तयज्ञदत्ताविति । **न च** असिद्धोऽयं हेतुः, सामान्यात् पृथग्विशेषोपलम्भाभावात् किन्तु सामान्यव्याप्तस्यैवोपलम्भादिति **वाच्यम्**, एवं हि विशेषोपलम्भ एव न सिद्ध्येत, सामान्यस्यापि तत्र ग्रहणात्, ततश्च तेन बोधेन विविक्तविशेषग्रहणाभावात् तद्वाचकं ध्वनिं तत्साध्यं च व्यवहारं न प्रवर्तयेत् प्रमाता, न चैतदस्ति, विशेषाभिधानव्यवहारयोः प्रवृत्तिदर्शनात्। तस्माद्विशेषमभिलषता तत्र च व्यवहारं प्रवर्तयता तद्ग्राहको बोधो विविक्तोऽभ्युपगन्तव्यः, एवमेव च सामान्यस्यापि वाच्यम्। न च सामान्यं विशेषं वा तिरस्कृत्य केवलस्य सामान्यस्य विशेषस्य वाऽभ्युपगमः कर्तुं युक्तः, द्वयोरपि स्वग्राहिज्ञाने प्रतिभासमानतया विशेषाभावात्।

---

ઈચ્છા વગેરે હોય તો જ અગ્નિ, દાહ-પાકાદિ કરી શકે છે. છતાં પણ અગ્નિમાં તાદૃશ (=દાહરૂપ) અર્થક્રિયાકારિત્વની સ્વરુપયોગ્યતા (શક્તિ) તો કાયમ હોય જ છે એટલે કે તે અર્થક્રિયાકારિત્વથી ઉપલક્ષિત તો છે જ, તેથી જ અહીં 'અર્થક્રિયાકારિત્વવિશિષ્ટ' ન કહેતા 'અર્થક્રિયાકારિત્વોપલક્ષિત' એમ કહ્યું છે. અથવા 'શબ્દથી થતી પ્રવૃત્તિ (પ્રયોગ), નિવૃત્તિ (અપ્રયોગ)ના કારણભૂત અર્થક્રિયાકારિત્વથી ઉપલક્ષિત' આવો અર્થ સમજવો. જેમકે જલાહરણાદિ ચેષ્ટાથી ઉપલક્ષિત અવસ્થા ઘટમાં છે માટે ઘટ શબ્દ બોલાય છે ને પટાદિમાં નથી માટે તેનો ઘટ શબ્દથી ઉલ્લેખ થતો નથી.)

વસ્તુ એટલે પર્યાયવાળું દ્રવ્ય. અહીં 'વસ્તુ' વિશેષણ-છે અને 'પર્યાયવાળું દ્રવ્ય' વિશેષ્ય છે. હંમેશા ઉદ્દેશ્ય વસ્તુ વિશેષ્ય બને અને વિધેય વસ્તુ વિશેષણ બને છે. જેમકે - 'નીલો ઘટઃ' અહીં ઘટને ઉદ્દેશીને નીલત્વનું વિધાન થાય છે માટે ઘટ વિશેષ્ય છે, નીલ વિશેષણ છે. આ રીતે 'પર્યાયવદ્દ્રવ્ય' ને 'વસ્તુ' કહેવાય છે. અહીં પર્યાયવદ્દ્રવ્યને ઉદ્દેશીને એમાં વસ્તુત્વનું વિધાન કરાય છે માટે પર્યાયવદ્દ્રવ્ય વિશેષ્ય છે અને જ્યારે 'પર્યાયયુક્તદ્રવ્ય' રૂપ દ્રવ્ય વિશેષ્ય હોવાથી મુખ્ય બને છે. 'વિષયાસક્ત જીવ એક ક્ષણ સુખી હોય છે.' અહીં 'વિષયાસક્ત જીવ' વિશેષ્ય છે અને દ્રવ્ય છે, જ્યારે ક્ષણનું 'સુખ વિશેષણ છે અને પર્યાયરૂપ છે. વિશેષ્ય હોવાથી જીવરૂપ (ધર્મી) દ્રવ્યની મુખ્યતા છે અને સુખ તેનું વિશેષણ હોવાથી તેની (પર્યાયની) ગૌણતા છે.

**શંકા :** આ રીતે જોતા જણાય છે કે નૈગમનય દ્રવ્યને પણ વિષય બનાવે છે અને પર્યાયને પણ વિષય બનાવે છે. આમ ઉભયાવગાહી હોવાતી નૈગમનય એ નય ન રહેતા પ્રમાણ બની જશે.

**સમા. :** ના, એવું નહીં બને. તમારો ભય વધારે પડતો છે. ઉભયાવગાહી હોવા માત્રથી જ્ઞાન પ્રમાણ બની જતું નથી કિન્તુ બન્નેનું પ્રધાનપણે અવગાહન કરનાર જ્ઞાન પ્રમાણ કહેવાય છે. નૈગમ નય ક્યારેક દ્રવ્યનું તો ક્યારેક પર્યાયનું પ્રધાનપણે અવગાહન કરે છે પણ યુગપદ્ ઉભયનું પ્રધાનરૂપે અવગાહન કરતો નથી તેથી તેમાં નયત્વ અબાધિત રહે છે.

## * સંગ્રહ નયઃ *

આ રીતે નૈગમનયની પ્રરૂપણા કર્યા બાદ હવે સંગ્રહનયની પ્રરૂપણા કરે છે - સામાન્યમાત્રનું ગ્રહણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**द्रव्यमिति द्रव्ययोर्मुख्यामुख्यतया विवक्षणम्, पर्यायवद्द्रव्याख्यस्य धर्मिणो विशेष्यत्वेन प्राधान्यात्, वस्त्वाख्यस्य विशेषणत्वेन गौणत्वात् । क्षणमेकं सुखी विषयासक्तजीव इति**

---

तस्मादेतौ द्वावपीतरेतरविशकलितावभ्युपगमार्हाविति **नैगमः**। एवं स्वीक्रियमाण एव हि नैगमे नयत्वसम्भवः, अन्यथा एकतरपरित्यागे दुर्नयत्वप्रसङ्गात् अन्योऽन्यसंवलितद्वयाङ्गीकारे च प्रमाणत्वप्रसङ्गात् ।

**'प्रवृत्तिनिवृत्तिनिबन्धनार्थक्रियाकारित्वोपलक्षितो व्यञ्जनपर्यायः'** → यद्धर्मसम्बन्धाच्चेतनादिशब्दस्यार्थविशेषे प्रवृत्तिः, यद्धर्मासम्बन्धाच्च तस्यार्थविशेषे निवृत्तिस्तन्निबन्धना याऽर्थक्रियाऽयं चेतनोऽयमचेतन इत्यादिव्यवहारलक्षणा तत्कारित्वोपलक्षितस्तत्स्वरूपयोग्यत्ववानित्यर्थः । न हि चैतन्यादिसत्त्वे उक्तार्थक्रिया सर्वदा भवत्येव, व्यवहर्तुस्तद्व्यवहृतीच्छाया वा अभावे व्यवहाराभावादतो निरुक्तार्थक्रियाकारित्वं चैतन्यादेर्व्यञ्जनपर्यायतासम्पादकं विशेषणं न भवति । तथा सति तथा व्यवहाराभावदशायां चैतन्यादेर्व्यञ्जनपर्यायत्वाभावप्रसङ्गात् । अर्थक्रियास्वरूपयोग्यता तु सहकार्यन्तरविरहात् कार्याजननेऽपि न व्यावर्तते इत्यभिप्रायेण- 'अर्थक्रियाकारित्वविशिष्ट' इत्यनुक्त्वाऽर्थक्रियाकारित्वोपलक्षित' इत्युक्तम् । एवम्भूतो यः पर्यायः स व्यञ्जनपर्याय उच्यते ।

**भूतभविष्यत्वसंस्पर्शरहितं वर्तमानकालावच्छिन्नं वस्तुस्वरूपं चार्थपर्यायः** → व्यञ्जनपर्याय इत्याख्याविशेषानुविद्धतया प्रतिपादने जिज्ञासा सञ्जायते तत्किमन्योऽपि कश्चन पर्यायोऽस्ति येन व्यञ्जनपर्याय इति विशिष्योच्यते इति जिज्ञासाविनिवृत्तयेऽर्थपर्यायं लक्षयन्नाह **'भूते'**त्यादिना अतीतकालेऽनागतकाले च धर्मिणि सत्तामननुभवन् वर्तमानकालावच्छेदेनैव च तत्र वर्तमानो यो वस्तुस्वरूपपर्यायः प्रतिक्षणमन्योन्यस्वरूपभवनलक्षणः सोऽर्थपर्याय उच्यते ।

सङ्ग्रहं सभेदं निरूपयितुमारभते **'सामान्यमात्रग्राही'**त्यादिना → संगृह्णाति अशेषविशेषतिरोधानद्वारेण सामान्यरूपतया जगदादत्ते इति सङ्ग्रहः । तथा च तदभिप्रायः, न हि सामान्यव्यतिरिक्तं नाम किञ्चिद् विशेषसंज्ञकं वस्त्वस्ति । **ननु** घटपटादिविशिष्टवस्तुसाध्या व्यवहाराः प्रतिप्राणि प्रसिद्धा अतो विशेषा अपि विविक्तव्यवहारहेतुतयाऽभ्युपगन्तव्याः, अन्यथा घटपटादिभेदो न स्याद् इति **चेत्**, न स्यादेव वास्तवः, तादृश व्यवहारस्यानाद्यविद्याबलप्रवर्तिततया पारमार्थिकप्रमाणप्रतिष्ठिततत्त्वप्रतिबन्धाभावात् । रज्जौ सर्पभ्रमनिबन्धनसर्पादिवदविद्याजनितोऽनिर्वचनीयो भेद स्यादेवेति **सङ्ग्रहनयमतावलम्बिनः** ।

---

કરનાર પરામર્શ (= આશય) સંગ્રહનય છે. પ્રત્યેક પદાર્થ સામાન્ય-વિશેષ ઉભયાત્મક છે. સંગ્રહનય સામાન્યરૂપનું ગ્રહણ કરે છે. જ્યારે સામાન્યનું જ્ઞાન થાય ત્યારે વિશેષોનું પણ જ્ઞાન થાય પરંતુ તેનું વિશેષરૂપે જ્ઞાન થતું નથી. વિશેષો પણ સામાન્યરૂપે જ જણાય છે. સંગ્રહનયના બે ભેદો છે. જે સંગ્રહ અધિક દેશને વ્યાપીને રહેતો હોય તે પર સંગ્રહ છે અને જે સંગ્રહ અલ્પદેશને વ્યાપીને રહેતો હોય તે અપર સંગ્રહ છે. બન્ને સંગ્રહના ઉદાહરણો બતાવે છે. (૧) સર્વ વિશેષો પ્રત્યે ઉપેક્ષા રાખી માત્ર સત્રૂપે વસ્તુને ગ્રહણ કરનાર સંગ્રહ તે 'પરસંગ્રહ' છે. 'સમગ્ર વિશ્વ એકરૂપ જ છે' કારણ કે દરેક પદાર્થ 'સત્' હોવા રૂપે અવિશેષ =

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पर्यायद्रव्ययोर्मुख्यामुख्यतया विवक्षणम्, अत्र विषयासक्तजीवाख्यस्य धर्मिणो विशेष्यत्वेन मुख्यत्वात्, सुखलक्षणस्य तु धर्मस्य तद्विशेषणत्वेनामुख्यत्वात् । न चैवं द्रव्यपर्यायोभयावगाहित्वेन नैगमस्य प्रामाण्यप्रसङ्गः, प्राधान्येन तदुभयावगाहिन एव ज्ञानस्य प्रमाणत्वात् ।**

**सामान्यमात्रग्राही परामर्शः सङ्ग्रहः - स द्वेधा, परोऽपरश्च । तत्राशेषविशेषेष्वौदासीन्यं भजमानः शुद्धद्रव्यं सन्मात्रमभिमन्यमानः परः सङ्ग्रहः । यथा विश्वमेकं सदविशेषादिति । द्रव्यत्वादीन्यवान्तरसामान्यानि मन्वानस्तद्भेदेषु गजनिमीलिकामवलम्बानः पुनरपरसङ्ग्रहः ।**

---

परसङ्ग्रहमुदाहरति '**यथे**'त्यादिना → सर्वं हि वस्तु सत्तयाऽविशेषेण प्रतिभाति, अतो सदेव सर्वं, 'घटः पटः' इत्यादिकं तु व्यावृत्तत्वान्न वस्तुरूपं, *'आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथे'*ति वचनात्, इति सत्त्वमेव वस्तुनः पारमार्थिकं स्वरूपं, तच्चैकमिति तदात्मकं विश्वमप्येकं सत्त्वस्य सर्वत्र साधारणत्वात्, रूपान्तरस्य तु अननुगामितया कल्पितत्वेन ततो विश्वस्य भेदासम्भवात् ।

**अयमर्थः** अशेषेषु = द्रव्यत्वाद्यवान्तरसामान्यतदाधारव्यक्तिविशेषेषु औदासीन्यं = गजनिमीलिकामवलम्बमानः, शुद्धद्रव्यं = सत्तालक्षणमहासामान्यस्वरूपं पर्यायामिश्रितद्रव्यमेव यो विषयीकरोति एवम्भूतोऽध्यवसायः परसङ्ग्रह उच्यते ।

अथ क्रमप्राप्तं व्यवहारं लक्षयति '**सङ्ग्रहेणे**'त्यादिना → सङ्ग्रहेण = सामान्यग्राहिणा गोचरीकृतानां = सामान्यात्मना विषयीकृतानां विशेषात्मनामर्थानां, विधिपूर्वकं = स्वस्वासाधारणाभिधानपूर्वकं = महासामान्यस्य यद्व्याप्यं तद्रूपेण प्रथममभिधाय तस्य यद्व्याप्यं तद्रूपेण तदालिङ्गितस्य धर्मिणोऽभिधानमित्येवं क्रमेण, न तु प्रथमत एव यस्यावान्तरविशेषो नास्ति तद्रूपेणैवाभिधानमिति विभजनक्रमनियमलक्षणविधिपुरस्सरमिति यावत् । विभज्यतावच्छेदकसाक्षाद्व्याप्ययावद्धर्मपुरस्कारेण प्रतिपादनं हि विभजनमुच्यते, तद्वि

---

સમાન છે તેથી સત્ હોવારૂપે આખું જગત્ એકરૂપ છે, એવો આ નયનો અભિપ્રાય છે.

(૨) દ્રવ્યત્વ વગેરે અવાન્તર સામાન્યનો સ્વીકાર કરનાર અને તેના (પૃથ્વીત્વાદિ રૂપ) ભેદો પ્રત્યે આંખમિચામણાં કરનાર અધ્યવસાય તે અપરસંગ્રહ. (આ નય ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય - આકાશાસ્તિકાય - કાળ - પુદ્ગલ અને જીવ એ છએ દ્રવ્યોનું ઐક્ય માને છે કારણ કે દ્રવ્યત્વ છએમાં અવિશેષપણે રહેલું છે.) હવે ક્રમપ્રાપ્ત વ્યવહાર નયનું નિરૂપણ કરે છે.

### ✻ વ્યવહાર નય ✻

સંગ્રહનયના વિષય બનેલા અર્થોનું વિધિપૂર્વક અવહરણ (સ્વીકાર કે પ્રવર્તન) જે અભિપ્રાય-વિશેષથી થાય તેને વ્યવહારનય કહેવાય. અર્થાત્ જે અર્થ ભિન્ન હોવા છતા પણ સાધારણ ધર્મ દ્વારા એકરૂપ પ્રતીત થતા હોય, તેનો વિશેષ ધર્મો દ્વારા વિભાગ વ્યવહારનયથી થાય છે. (સંગ્રહનય સામાન્યગ્રાહી છે જ્યારે વ્યવહારનય વિશેષગ્રાહી છે.) જેમ કે, 'જે સત્ હોય તે દ્રવ્ય કે પર્યાય હોઈ શકે.' (આમ વ્યવહાર, માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सङ्ग्रहेण गोचरीकृतानामर्थानां विधिपूर्वकमवहरणं येनाभिसन्धिना क्रियते स व्यवहारः । यथा यत् सत् तद् पर्यायो वा । यद् द्रव्यं तज्जीवादि षड्विधम् । यः पर्यायः स द्विविधः-**

---

निरुक्तविधिना विभागे क्रियमाण एव निर्वहति । एवं विधिपूर्वकमवहरणम् = निराकरणं, सङ्ग्रहनयसम्मतसामान्यार्थस्येति गम्यते, येनाभिसन्धिना = अभिप्रायविशेषेण क्रियते स व्यवहारनय उच्यते। अत एव विशेषेणावह्रियते = निराक्रियते सामान्यमनेनेति निरुक्त्युपपत्तिः' ।

व्यवहारमुदाहरति '**यथे**'त्यादिना → परसङ्ग्रहेण सर्वं सदविशेषादेकरूपमभ्युपगम्यते, व्यवहारस्तं विभजते, यथा, यत् सत् तद् द्विविधं द्रव्यं पर्यायो वेति । अपरसङ्ग्रहः पृथिव्यादिद्रव्याणि तत्पर्यायांश्च द्रव्यत्वेन पर्यायत्वेन च रूपेण संगृह्णाति, व्यवहारस्तु 'द्रव्यं षड्विधम् जीवादिरूपं, पर्यायो द्विविधः क्रमभावी सहभावी चेत्यादिना विभजते। सङ्ग्रहेण सामान्यवादितया यस्य सङ्ग्रहणं, व्यवहारेण पुनस्तस्यैव विशेषवादितया विभजनमेवमग्रेऽपि बोध्यम् । अयमेव हि मुख्यवृत्त्या लोकव्यवहारनिबन्धनः, लोकव्यवहारस्य प्रायशः विशेषविश्रान्तत्वात् व्यवहारनयस्य च विशेषवादित्वात् । अत एवोक्तं **नयरहस्ये** *'लोकव्यवहारौपयिकोऽध्यवसायविशेषो व्यवहारः'*। पूर्वोत्तरकालभाविनो द्रव्यविवर्ताः क्षणक्षयिपरमाणुलक्षणा वा विशेषा न कञ्चन लोकव्यवहारमुपरचयन्ति, तन्न तेऽपि वस्तुरूपाः, लोकव्यवहारोपयोगिनामेव वस्तुत्वादित्यपि व्यवहाराभिसन्धिः।

*'लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः'* इति **तत्त्वार्थभाष्यम्**, विशेषप्रतिपादनपरमेतत् । लौकिकाः = पुरुषाः, तैः समो लौकिकसमो, यथा हि लोकः परमार्थतः पञ्चवर्णेऽपि भ्रमरे कृष्णत्वमङ्गीकृत्य कृष्णो भ्रमर ब्रवीति तथाऽयमपीति लौकिकसमत्वं । 'कुण्डिका स्रवति', 'पन्थाः गच्छति', 'मञ्चाः

---

સત્‌ને સ્વીકારતો નથી, પરંતુ તેનો દ્રવ્ય કે પર્યાયમાં વિભાગ પણ કરે છે.) જે દ્રવ્ય હોય તે જીવાદિ છ પ્રકારનું છે. જે પર્યાય છે તે બે પ્રકારના છે - ક્રમભાવી પર્યાય અને સહભાવી પર્યાય. આવા ઉદાહરણો વ્યવહારનયના છે (**તાત્પર્ય :** પૂર્વે સંગ્રહના બતાવેલા બે ભેદોમાંથી અપર સંગ્રહ અનેક પ્રકારનો છે અને પરસંગ્રહ એક પ્રકારનો છે. આ બન્ને સંગ્રહોથી જેનું જ્ઞાન થતું હોય તેનો ભેદ વ્યવહાર કરે છે. સંગ્રહ અને વ્યવહારનયનાં અપાયેલા ઉદાહરણોનો તુલનાત્મક અભ્યાસ કરવાથી આ વાત સ્પષ્ટ જણાઈ આવે છે. તે આ પ્રમાણે - વિશ્વના તમામ પદાર્થોને પરસંગ્રહ સત્‌રૂપે એક કરે છે. વ્યવહાર તેનો વિભાગ કરતા કહે છે કે સત્ બે પ્રકારનું છે દ્રવ્ય અને પર્યાય. અપર સંગ્રહ તમામ દ્રવ્યોને દ્રવ્ય હોવારૂપે એકરૂપ માને છે. વ્યવહાર તેનો ભેદ કરતાં કહે છે કે દ્રવ્ય છ પ્રકારના છે - જીવ, પુદ્‌ગલાદિ. આ જ રીતે પર્યાયરૂપે સંગૃહીત થયેલા પર્યાયોનો પણ ભેદ પાડતા વ્યવહાર કહે છે કે પર્યાયો બે પ્રકારના છે - ક્રમભાવી અને સહભાવી. હજી આગળ પણ આ રીતે વિભાગીકરણ થઈ શકે. સંગ્રહનય તમામ જીવોને જીવત્વેન એકરૂપ માને જ્યારે વ્યવહાર તેના સંસારી જીવ અને મુક્ત જીવ એવા બે ભેદ પાડે. સંગ્રહ નય સંસારી જીવોને એકરૂપ માને તો વ્યવહાર નય તેના ત્રસ અને સ્થાવર રૂપે વિભાગ કરશે. આમ આગળ પણ જાણવું. આ જ રીતે સંગ્રહ પુદ્‌ગલરૂપે બધા પુદ્‌ગલોને એકરૂપ માને જ્યારે વ્યવહાર તેનો પરમાણુ અને સ્કંધરૂપ વિભાગ કરશે. ટુંકમાં, સ્થુલ પરિભાષામાં કહેવું હોય તો સંગ્રહનયને 'સંગઠનપ્રેમી કહી શકાય જ્યારે વ્યવહારનયને 'ભાગલાવાદી' કહી શકાય.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**क्रमभावी सहभावी चेत्यादि ।**

**ऋजु वर्तमानक्षणस्थायिपर्यायमात्रं प्राधान्यतः सूचयन्नभिप्राय ऋजुसूत्रः । यथा सुख-विवर्तः सम्प्रत्यस्ति । अत्र हि क्षणस्थायि सुखाख्यं पर्यायमात्रं प्राधान्येन प्रदर्श्यते, तदधिक-**

---

क्रोशन्ती'त्यादौ अन्यत्र दृष्टायाः स्रवणादिक्रियायाः कुण्डिकादावुपचारः क्रियत इत्युपचारप्रायः । सामान्यमनभ्युपगम्य विशेषान् स्वीकुर्वाणस्य व्यवहारस्य विषयोऽपि सङ्ग्रहापेक्षया विस्तृतो मतः, विशेषस्य सामान्यापेक्षयाऽधिकतरसङ्ख्याकत्वादिति विस्तृतार्थो व्यवहारो ज्ञेयः ।

ऋजुसूत्रं लक्षयति '**ऋज्वि**'त्यादिना → ऋजु = अतीतानागतपरकीयभेदलक्षणकौटिल्यं परित्यज्य केवलं वार्तमानिकं स्वकीयमेव सूत्रयति = सूचयतीति ऋजुसूत्रः । यदाह *''पच्चुप्पण्णग्गाही उज्जुसुओ णयविही मुणेयव्वो'* **(अनु.द्वार सूत्र-१५२) न च** प्रत्युत्पन्नग्राहित्वं नैगमादावतिव्याप्तमिति **वाच्यम्**, भावत्वेऽतीतानागतसम्बन्धाभावव्याप्यत्वोपगन्तृत्वस्यैवात्र प्रत्युत्पन्नग्राहित्वेन विवक्षणात् । ऋजुसूत्रनयमते किल भावे वर्तमानक्षणसम्बन्ध एव समस्ति न त्वतीतानागतकालसम्बन्धः अतोऽतीतानागतकालसम्बन्धाभावो भावत्वव्यापको, भावत्वं हि तद्व्याप्यमिति नातिप्रसङ्गः ।

**इदमत्राकूतकम्** → ऋजुसूत्रोऽपि व्यवहारवद् विशेषाभ्युपगमपर एव, नवरं व्यवहारतो विषयसङ्कोचमभिमन्यमानस्तिष्ठति । 'व्यवहारो हि सामान्यं, व्यवहारानङ्गत्वान्न सहते, कथं तद्व्यर्थमपि परकीयमतीतमनागतं चाप्यभिधानमपि तथाविधार्थवाचकम्, ज्ञानमपि च तथाविधार्थविषयकमविचार्य सहेत' इत्यस्याभिप्रायः। **इत्थञ्च** व्यवहारातिशायित्वमेव लक्षणत्वेन पर्यवसितं, तदतिशयप्रतिपादनार्थमेव **तत्त्वार्थभाष्ये** इत्थमभिहितम्- *'सतां साम्प्रतानामभिधानपरिज्ञानमृजुसूत्रः'* (सूत्र ३५) कथं न एतन्नयमतेऽतीतादीनाम् वस्तुत्वमिति **चेत्**, **आह** अतीतस्य विनष्टत्वाद्, अनागतस्य चालब्धात्मसत्ताकत्वात् खरविषाणादिभ्योऽविशिष्यमाणतया सकल-

---

હવે ક્રમાગત ઋજુસૂત્રનયનું નિરૂપણ કરે છે.

## * ઋજુસૂત્ર નય *

ઋજુ = માત્ર વર્તમાનક્ષણે રહેનાર પર્યાયને જ પ્રધાનરૂપે પ્રકાશિત કરનાર અભિપ્રાયવિશેષ તે ઋજુસૂત્રનય. આ નય અતીત કે અનાગત પર્યાયોની ઉપેક્ષામાત્ર કરે છે પરંતુ તેને સર્વથા અસત્ નથી માનતો એ સૂચવવા માટે લક્ષણમાં 'પ્રાધાન્યતઃ' પદ વાપર્યું છે. જેમ કે, 'અત્યારે સુખ પર્યાય છે' (=હમણાં સુખપર્યાય વિલસે છે.) દ્રવ્ય વિના પર્યાયો રહી શકતા નથી તેથી જ્યારે સુખ છે ત્યારે સુખ-દુઃખાદિ તમામ પર્યાયોમાં અનુગત રીતે રહેનાર આત્મદ્રવ્ય પણ અવશ્ય છે તો ખરું જ પરંતુ આ નય પ્રધાનરૂપે માત્ર વર્તમાનક્ષણવર્તી પર્યાયને જ પ્રકાશિત કરતો હોવાથી અહીં વર્તમાનક્ષણવર્તી સુખપર્યાય જ જણાવાય છે. (અતીત કે અનાગત પર્યાયોને કે) વર્તમાન પર્યાયના પણ અધિકરણરૂપ આત્મદ્રવ્યને ગૌણ માનીને તેનું પ્રદર્શન કરાતું નથી. તેની ઉપેક્ષા કરાય છે.

---

१. प्रत्युत्पन्नग्राही ऋजुसूत्रो नयविधिर्ज्ञातव्यः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**रणभूतं पुनरात्मद्रव्यं गौणतया नार्प्यत इति ।**

**कालादिभेदेन ध्वनेरर्थभेदं प्रतिपद्यमानः शब्दः । कालकारकलिङ्गसङ्ख्यापुरुषोपसर्गाः कालादयः । तत्र बभूव भवति भविष्यति सुमेरुरित्यत्रातीतादिकालभेदेन सुमेरोर्भेदप्रतिपत्तिः,**

---

शक्तिविरहरूपत्वान्नार्थक्रियानिर्वर्तनक्षमत्वं, ततश्च न वस्तुत्वं, यतोऽर्थक्रियाकारित्वव्यापकं हि तद्, वर्तमानक्षणालिङ्गितं च पुनर्वस्तुरूपं समस्तार्थक्रियासु व्याप्रियत इति तदेव पारमार्थिकम् । तदपि च निरंशमभ्युपगन्तव्यम्, अंशव्याप्तेर्नियुक्तिकत्वाद्, एकस्यानेकस्वभावतामन्तरेणानेकस्वावयवांशव्यापनायोगात्। अनेकस्वभावता च एकस्य वस्तुनो न सम्भवति, विरोधग्रस्तत्वात्, **तथाहि** → यद्येकः स्वभावः कथमनेकः, अनेकश्चेत् कथमेकः ? एकानेकयोः परस्परपरिहारेणावस्थानात्, ततः परस्परविश्लिष्टाः परमाणव एव परमार्थत इति **ऋजुसूत्राभिप्रायः** ।

'**कालादिरि**'**ति** → तदिदमर्थस्वरूपनिरूपणप्रवणनयमतमुपवर्ण्य शब्दविचारचतुराणामुपवर्णयितुमारभते। प्रथमं तावत् त्रयाणां शब्दनयानां साधारणमाकूतं प्रदश्र्यते । **तथाहि** - यदुत शब्द एव परमार्थो, नार्थः तस्य तदभिन्नत्वात् । **ननु** शब्दस्तु वस्तुवाचकः, तद्वाच्यं पुनर्वस्तु इति पार्थक्येन वस्तुत्वसिद्धेः कथमभिन्नत्वमिति **चेत्,** प्रमाणादिति ब्रूमः । **तथाहि** - अभिन्नोऽर्थः शब्दात्, तत्प्रतीतौ तस्याप्यवश्यं प्रतीयमानत्वाद्, इह यत्प्रतीतौ यदवश्यं प्रतीयते तत् ततोऽभिन्नमिति **व्याप्तिः । अथ** अनैकान्तिकीयम् व्याप्तिः तद्यथा - देवदत्तादिरूपे पुत्रनाम्नि उच्चरिते सति **एकसम्भन्धिज्ञानमपरसम्भन्धिस्मारक**मिति न्यायात् तत्पितुरपि स्मरणात्मकप्रतीति'र्यदुत यज्ञदत्तपुत्रोऽयं देवदत्त' इत्याद्याकारा समुल्लसेत् । न हि एतावता पितृपुत्रोरभिन्नता। शब्दप्रतीतौ सत्यां वाच्यवाचकभावसम्बन्धेन तस्यापरसम्बधिनोऽर्थस्य प्रतीतावपि नाभिन्नत्वं तयोः संकल्पयितुं युक्तमिति व्यभिचारिणीयम् व्याप्तिरित **चेत्, अहो** ! ज्ञानलवदुर्विदग्धस्य दुर्मेधस्त्वं ! न हि पुत्रनाम्नि उच्चरितेऽवश्यम् पितृस्मरणं भवति, तदज्ञस्य तदसम्भवेन केवलं पुत्रलक्षणस्य अर्थस्यैव प्रतीतिदर्शनादिति पुत्रतन्नामयोरेवाभिन्नत्वं प्रस्थापयाम इति कौतस्कुती अनैकान्तिकता, दर्शितव्याप्तौ अवश्यपदं

---

હવે ક્રમપ્રાપ્ત શબ્દનયનું નિરૂપણ કરે છે -

*** શબ્દનય ***

કાળ-કારક પુરુષ-ઉપસર્ગ-સંખ્યા-લિંગ વગેરેના ભેદથી શબ્દના અર્થનો ભેદ સ્વીકારનાર અભિપ્રાય-વિશેષ તે શબ્દનય. જ્યારે કોઈ પણ વસ્તુનો અતીત કાળ સાથે સંબંધ પ્રકાશિત થતો હોય ત્યારે તે વસ્તુનું જ્ઞાન જે રૂપે થતું હોય છે તેના કરતા તે જ વસ્તુના વર્તમાન કાળ સાથેના સંબંધને પ્રકાશિત કરતું જ્ઞાન કંઈક જુદું જ હોય છે. જ્ઞાનભેદ દ્વારા અર્થભેદ નિશ્ચિત થાય છે. જેમ ઘટને જોઈને થતા જ્ઞાન કરતા પટને જોઈને થતાં જ્ઞાનમાં ભેદ હોવાથી ઘટ અને પટ ભિન્ન હોવાનો નિર્ણય થાય છે તેમ ઘડો ને દડો, માણસ ને ફાનસ, વાઘ ને વરૂ, આંબો અને લીમડો જુદા છે એવો નિશ્ચય જ્ઞાનભેદના આધારે થાય છે અર્થાત્,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**करोति क्रियते कुम्भ इत्यादौ कारकभेदेन, तटस्तटी तटमित्यादौ लिङ्गभेदेन, दाराः कलत्रमि-**

---

विमृश्यताम् विमुच्यतां चापशङ्काम् । अथ अगृहीतसङ्केतस्य घटादिशब्दश्रवणेऽपि घटप्रतीतेरभावात् स्फुटमनैकान्तिकत्वं भवदीयव्याप्ताविति **चेत्**, एवं तर्हि विषस्य मारकत्वं तदज्ञस्य न प्रतिभातीति तदपि ततो व्यतिरिक्तमापद्येत, न चैतदस्ति, तन्नाबुधप्रमातृदोषेण वस्तुनोऽन्यथात्वम्, अन्यथाऽन्धो रूपं नेक्षत इति तदभावोऽपि प्रतिपत्तव्यः स्यात् । **ननु** ये केचन निरभिधाना वर्तन्तेऽर्थास्तेषां शब्दात् पृथग्भावेन वस्तुत्वसिद्धिर्निष्प्रत्यूहा, **न च** तादृशार्थानामलीकत्वमिति **वाच्यम्**, अभिलाप्यभावानामनभिलाप्यानन्ततमे भागेऽभिहिततया आगमप्रमाणसिद्धा निरभिधाना अर्था इति **चेत्**, **सत्यं** किन्त्वत्र सूक्ष्ममीक्षणीयम्, सर्वथा निरभिधानार्थानामभावात्, केवलं केचन विशेषशब्दैः सङ्कीर्त्यन्ते केचित्पुनः सामान्यध्वनिभिरित्येतावान् विशेषः। अनभिलाप्यभावानामपि 'अनभिलाप्या'ख्यसामान्यशब्देन सङ्कीर्तनसंभवात्, अत एव न नामादि-निक्षेपचतुष्टयस्य सकलार्थव्यापिताभङ्ग इत्यग्रे वक्ष्यते । ततश्च सर्वेऽर्था विद्यमानस्ववाचका अर्थत्वाद् घटादिवदिति प्रामाण्यात् सर्वेषामर्थानां सवाचकत्वसिद्धिः, ततश्च पूर्वोक्तयुक्तेः शब्दापार्थक्यसिद्धि । तस्मान्न परमार्थतोऽर्थः शब्दव्यतिरिक्तः कश्चन सिद्ध्यति । उक्तञ्च, **वाक्यपदीये भर्तृहरिणा** *"न सोऽस्ति प्रत्ययो लोके यः शब्दानुगमादृते । अनुविद्धमिव ज्ञानं सर्वं शब्देन भासते ।।"*

यः पुनर्लौकिकैरपर्यालोचितपरमार्थैः शब्दार्थयोः पृथग्भावनिबद्धो व्यवहारो दृश्यते, असावपि औपचारिको ज्ञेय इति दिग् ।

अधुना एषामेव प्रातिस्विकोऽभिप्रायः प्रदर्श्यते **'कालादि'**... इत्यनेन । **अयमभिप्रायः** →

---

જ્ઞાન જુદા જુદા આકારવાળું થાય છે માટે પદાર્થો જુદા જુદા હોવાનો નિર્ણય થાય છે. જ્યારે આ બધા અર્થોનું જ્ઞાન ઘટાદયઃ સર્વે પદાર્થાઃ ઈત્યાદિ રૂપે એકરૂપ થાય ત્યારે તે પદાર્થોના સ્વરૂપભેદનો નિશ્ચય થઈ શક્તો નથી. શબ્દ જ્યારે કાળના ભેદથી અર્થને જણાવે ત્યારે પણ જ્ઞાનનું સ્વરૂપ કંઈક જુદું હોય છે અને પૂર્વે જણાવ્યા મુજબ જ્ઞાનભેદે અર્થભેદ માનવો જોઈએ. તેથી કાળભેદથી વસ્તુભેદ માનવો જોઈએ એવો શબ્દનયનો મત છે.

આ જ રીતે 'કુંભાર (ઘડો) બનાવે છે' અહીં કર્તા પ્રધાનરૂપે અને કર્મ અપ્રધાનરૂપે જણાય છે પણ 'ઘડો બનાવાય છે' અહીં કર્મ પ્રધાનરૂપે અને કર્તા અપ્રધાનરૂપે જણાય છે. આના ઉપરથી જણાય છે કે કાળભેદથી જેમ અર્થભેદ માન્યો તેમ કારકભેદથી પણ અર્થભેદ માનવો જોઈએ.

આ પ્રમાણે લિંગભેદથી-વચનભેદથી થતી એકની એક વસ્તુની પ્રતીતિમાં પણ કંઈક ફેર પડે છે એ અનુભવસિદ્ધ છે. માટે લિંગાદિ ભેદથી પણ અર્થભેદ માનવો જોઈએ આવો શબ્દનયનો મત છે.

જેમ કે 'સુમેરું હતો, છે અને રહેશે' આ ત્રણે વાક્યથી બોધ જુદા જુદા આકારવાળો થાય છે. પહેલામાં ભૂતકાળ ભાસે છે, બીજામાં વર્તમાન જણાય છે અને ત્રીજા વાક્યથી ભવિષ્યકાળ જણાય છે. આમ જ્ઞાનભેદ થવાથી પદાર્થ=સુમેરુમાં પણ ભેદ માનવો જોઈએ. અર્થાત્, કાળભેદના કારણે જ્ઞાનભેદ થાય છે અને જ્ઞાનભેદના કારણે પદાર્થભેદ માનવો જોઈએ. તેથી ભૂતકાળના મેરુ કરતા વર્તમાનનો મેરુ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**त्यादौ सङ्ख्याभेदेन, यास्यसि त्वम्, यास्यति भवानित्यादौ पुरुषभेदेन, सन्तिष्ठते अवतिष्ठते**

---

क्षणमात्रावस्थायित्वमर्थस्य पर्यायार्थिकनयचतुष्टयेऽपि साधारणं, किन्त्वयम् विशेषः ऋजूसूत्रात्शब्दनयस्य यदुत शब्दनये कालादिभेदेन शब्दस्य भिन्नार्थवाचकत्वं, ऋजूसूत्रनयमते तु नैवमिति ।

अत एवाह [1]'*इच्छइ विसेसियतरं पच्चुप्पण्णणओ सद्दो*' त्ति **(अनु.द्वार सूत्र १५२)** अत्रापि तरप्रत्ययमहिम्ना विशेषिततमाधोवर्तिविषयग्रहणान्न समभिरूढाद्यतिव्याप्तिरिति **ध्येयम् । अयम्भावः** - व्यवहारनयादारभ्य सर्वेऽपि नया विशेषग्राहिण एव । तत्रापि व्यवहारो अतीतादिभेदभिन्नमर्थं स्वीकुरुते, ऋजूसूत्रस्तु वार्तमानिकं स्वकीयमेवाङ्गीकरोतीति विशेषाभिप्रायेण स विशेषितः । तत्रापि शब्दनयोऽर्थक्रियामकुर्वाणस्य गृहकोणादिस्थितस्य कम्बुग्रीवादिमदर्थस्य घटपदार्थत्वं न स्वीकुरुते इति विशेषिततरत्वमस्य । एतत्तु अग्रे विस्तरेण ग्रन्थकारेणैव वक्ष्यते ।

उदाहरति 'तत्रे'त्यादिना । **ननु** 'घटं करोति', 'घटः क्रियते' इत्युभयत्र घटः कर्मकारक एवेति कुत आयात कारकभेद इति **चेत्, अत्र केचित्** - कर्तरिप्रयोगस्थळे कर्तृकारकः प्राधान्यमश्नुते, कर्मणिप्रयोगस्थळे च कर्मणः प्राधान्यमिति नियमात् पूर्वोक्तवाक्यद्वये यद्यपि घटस्य कर्मकारकत्वेऽपि कर्तृप्रधानप्रयोगेऽप्रधानकर्मकारकत्वम् कर्मणिप्रयोगे च प्रधानकर्मकारकत्वमिति भेदः । **तन्न** मनोरमम्, प्रधानेतरभावे

---

વર્તમાનના મેરુ કરતા ભૂતકાળનો મેરુ અને એ બન્ને કરતા ભવિષ્યકાળનો મેરુ ભિન્ન છે. આ જ રીતે 'કુંભાર (ઘડો) બનાવે છે' અને 'ઘડો (કુંભાર દ્વારા) બનાવાય છે' આ બન્ને ઘડા જુદા છે કારણ કે કારકભેદ છે. (જો કે ઉક્ત બન્ને પ્રતીતિઓમાં ઘડો તો કર્મત્વેન જ જણાય છે તો પછી કારકભેદ રહ્યો શી રીતે ? એવો પ્રશ્ન ઊઠી શકે પરંતુ 'કારક' પદનો અર્થ 'વિભક્તિ' કરવો. घटं करोति અને घटः क्रियते માં વિભક્તિભેદ હોવાથી કારકભેદ છે માટે બન્ને ઘટ જુદા છે એમ એ નય માને છે. આ જ રીતે तटः, तटी અને तटम् આ ત્રણે શબ્દોનો અર્થ (નદી) સમાન હોવા છતાં પણ 'तटः' પદથી વાચ્ય નદી જુદી જુદી, 'तटी' પદથી વાચ્ય નદી જુદી અને 'तटम्' પદથી વાચ્ય નદી જુદી જાણવી. કારણ કે સમાનાર્થક હોવા છતાં ત્રણે શબ્દોમાં લિંગભેદ છે તેથી તજ્જન્ય પ્રતીતિઓમાં પણ કંઈક ભેદ પડશે અને પ્રતીતિભેદ જ તો અર્થભેદનો નિયામક છે. આવી જ રીતે 'दाराः' અને 'कलत्रम्' પદો પણ સમાનાર્થક હોવા છતાં પણ 'પત્નીઓ' (=વૃન્દ) અને 'એક પત્ની' એવો ભિન્ન બોધ થાય છે તેથી ત્યાં પણ સંખ્યાભેદના કારણે (થતા જ્ઞાનભેદથી) અર્થભેદ જાણવો. त्वं यास्यसि = 'તું જઈશ' અને भवान् यास्यति = 'આપશ્રી જશો' અહીં પણ બે પ્રતીતિમાં ફેર પડે છે. પહેલા વાક્યમાં દ્વિતીય પુરુષનો પ્રયોગ છે અને બીજા વાક્યમાં તૃતીય પુરુષનો પ્રયોગ છે. જુદા જુદા પ્રયોગથી જ્ઞાન જુદું જુદું થાય તે સ્પષ્ટ છે અને જ્ઞાનભેદ થાય એટલે અર્થભેદ માનવાનું તો શબ્દનય કહે જ છે. આવી જ રીતે 'सन्तिष्ठते' = સમ્યક્ રીતે ઊભો રહે છે. अवतिष्ठते = સ્થિર ઊભો રહે છે આ બે પ્રતીતિઓ પણ જુદી જુદી છે. અહીં પ્રતીતિભેદમાં ઉપસર્ગભેદ કારણ છે. તેથી બન્ને સ્થળે જ્ઞાન અલગ અલગ થવાથી એનો વિષય અલગ-અલગ જાણવો. આમ કાળ-

---

१. इच्छति विशेषिततरं प्रत्युत्पन्ननयः शब्दः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इत्यादावुपसर्गभेदेन ।**

**पर्यायशब्देषु निरुक्तिभेदेन भिन्नमर्थं समभिरोहन् समभिरूढः । शब्दनयो हि पर्याय-भेदेऽप्यर्थाभेदमभिप्रैति, समभिरूढस्तु पर्यायभेदे भिन्नानर्थानभिमन्यते । अभेदं त्वर्थगतं पर्याय-**

---

सत्यपि कर्मकारकत्वानुसन्धानान्न वास्तवः कारकभेदः । **अत्रेदं प्रतिभाति** → कारकः विभक्तिरित्यर्थः, ततश्च स्फुट एव कारकभेदः एकत्र प्रथमाविभक्तेरन्यत्र च द्वितीयायाः प्रयुज्यमानत्वादिति **दिग्** ।

शब्दनयतो भेदमुपलक्षयन् समभिरूढं प्रतिपादयति **पर्यायशब्दे**ष्वित्यादिना → शब्दनयस्तावद् रूढितो यावन्तो ध्वनयः कस्मिंश्चिदर्थे प्रवर्तन्ते, यथा इन्द्रशक्रपुरन्दरपाकशासनबिडौजसादयः, तेषां सर्वेषामप्येकमर्थमभिप्रैति किल प्रतीतिवशात्, न हि इन्द्रशक्रादयः पर्यायार्थिनः शब्दा कदाचन विभिन्नार्थवाचितया प्रतीयन्ते, तेभ्यः सर्वदैव समानाकारकपरामर्शोत्पत्तेस्तथैव च व्यवहारदर्शनात्, तस्मादेक एव पर्यायशब्दानामर्थ इति शब्दनयः। शब्द्यते = आहूयतेऽनेनाभिप्रायेणार्थ इति निरुक्तादेकार्थप्रतिपादकताभिप्रायेणैव पर्यायध्वनीनां प्रयोगादिति ।

समभिरूढस्तु नैवं मन्यते, स हि पर्यायशब्दानामपि निरुक्तिभेदेन भिन्नार्थत्वमवगाहते । एकप्रवृत्तिकविभिन्नानुपुर्वीसङ्घटितवर्णसमुदायलक्षणाः शब्दाः पर्यायशब्दाः, यथा इन्द्र-शक्र-पुरन्दरादयस्तेषु इन्दनादिन्द्रः, शकनाच्छक्रः, पूर्दारणात्पुरन्दर इत्येवं व्युत्पत्तिभेदेन पृथगेवार्थमभिमन्यते । प्रयोगस्त्वेवम् - पर्यायशब्दा

---

કારકાદિભેદથી અર્થભેદ માનવો એ શબ્દનયનું લાક્ષણિક સ્વરૂપ છે. (શબ્દ નય માટે ગ્રન્થકારોમાં 'સાંપ્રતનય' એવો શબ્દપ્રયોગ પણ થયો છે. તો કેટલાક શબ્દાદિ ત્રણે નિયમો માટે 'શબ્દનયો' એવો શબ્દપ્રયોગ પણ થયો છે.)

## ✻ સમભિરૂઢ નય ✻

હવે યથાક્રમ સમભિરૂઢનયનું નિરૂપણ કરે છે. પર્યાયવાચી શબ્દોમાં પણ વ્યુત્પત્તિભેદથી અર્થભેદને માનનાર અભિપ્રાયવિશેષ તે સમભિરૂઢ નય. શબ્દનય કાળાદિભેદથી અર્થભેદ માને છે. પરંતુ પર્યાયવાચી શબ્દોના અર્થને તો એકરૂપ જ માને છે જ્યારે સમભિરૂઢનય તો પર્યાયવાચી શબ્દોના ભેદથી અર્થભેદ માને છે. આ નયનો અભિપ્રાય એવો છે કે જેમ 'घट' 'पट' 'कट' આ ત્રણ શબ્દો જુદા છે અને તેના અર્થ પણ જુદા છે તે જ રીતે 'घट' 'कुम्भ' 'कलश' શબ્દો પણ જુદા છે તેથી તેના અર્થો પણ જુદા જ માનવા જોઈએ. શબ્દનય મતે ઘડામાં ઘટ શબ્દ વાચ્યત્વ છે, કુંભશબ્દવાચ્યત્વ છે, કલશશબ્દવાચ્યત્વ પણ છે તેથી આ રીતે પર્યાયવાચી શબ્દોથી વાચ્ય બનતા પદાર્થમાં અભેદ માને છે, પરંતુ સમભિરૂઢ નય પદાર્થમાં આવા અભેદને માનતો નથી. અર્થાત્, તેના પ્રત્યે આંખમિંચામણા કરે છે (પણ તેનું ખંડન કરતો નથી અન્યથા તે નય ન રહેતા નયાભાસ બની જાય. પૂર્વે નયના સામાન્ય લક્ષણમાં જ 'इतरांशाप्रतिक्षेपी' પદ મૂક્યું છે. એ પ્રમાણે ઈતરાંશ પ્રત્યે ઉપેક્ષા રાખે તે નય.)

પર્યાયવાચી શબ્દોના ભેદથી અર્થભેદનું ઉદાહરણ આપે છે. ઐશ્વર્યવાન્ હોવાથી ઈન્દ્ર, સમર્થ હોવાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**शब्दानामुपेक्षत इति, यथा इन्दनादिन्द्रः, शकनाच्छक्रः, पूर्दारणात्पुरन्दर इत्यादि ।**

**शब्दानां स्वप्रवृत्तिनिमित्तभूतक्रियाविष्टमर्थं वाच्यत्वेनाभ्युपगच्छन्नेवम्भूतः । यथेन्दनमनु-**

---

विभिन्नार्थवाचका प्रतिविभक्तव्युत्पत्तिनिमित्तकत्वात्, यथा इन्द्रघटपुरुषादिशब्दाः विभिन्नव्युत्पत्तिनिमित्तकाश्च पर्यायशब्दा अपि अतो भिन्नार्था इति ।

एवम्भूतं लक्षयति '**शब्दानामि**'त्यादिना → **ननु** पाचकादिशब्दाश्च केचन क्रियाप्रवृत्तिनिमित्तकाः, धनवानादयश्च केचन द्रव्यप्रवृत्तिनिमित्तकाः, ज्ञानवानादयश्च केचिद् गुणप्रवृत्तिनिमित्तकाः, गवादयश्च केचन जातिप्रवृत्तिनिमित्तकाः, पित्रादिप्रदत्तसङ्केतकाश्च केचन देवदत्तादयः पुनर्यदृच्छाप्रवृत्तिनिमित्तकाः, तत्कथं लक्षणवाक्ये स्वप्रवृत्तिनिमित्तभूतक्रियेत्युक्तं, क्रियाव्यतिरिक्तानामपि द्रव्यादीनामक्रियादिरूपाणां शब्दप्रवृत्ति-निमित्तरूपत्वादिति **चेत्, मैवम्**, एतन्नयमते सर्वेषामपि शब्दानां क्रियाशब्दत्वात्, यथा च सर्वेषां पञ्चविधत्वं शब्दानां लोकप्रसिद्धं सङ्गतिमियादिति **वाच्यं,** निश्चयनयमाश्रित्य सर्वेषां शब्दानां क्रियाशब्दत्वेऽपि व्यवहारतो दृश्यमानं द्रव्यगुणजात्यादीनां प्राधान्यमुररीकरोति लोकः अतो लोकव्यवहारानुगो व्यवहारः पञ्चविधत्वं शब्दानामङ्गीकुरुते । यथा अशेषानां ज्ञानप्रकाराणां मनःसाहाय्योत्पन्नत्वेऽपि व्यवहारतो किञ्चिच्चाक्षुषं, किञ्चित्तु स्पार्शनमित्यादिरूपं पृथग्व्यपदेशमश्नुते तद्वदत्रापि बोध्यमिति **दिग्** । अमुमेवार्थं '**पञ्चतयीत्वि**'-

---

શક્ર, પુર નામના દૈત્યનો નાશ કરેલો હોવાથી પુરંદર ઈત્યાદિ પર્યાયવાચી શબ્દોની વ્યુત્પત્તિ જુદી જુદી છે. તેથી તેના વાચ્યાર્થ પણ જુદ જુદા જાણવા. (જ્યાં અર્થભેદ હોય ત્યાં શબ્દભેદ હોય જ એવો સમભિરૂઢનો આશય નથી કારણ કે ઘણા શબ્દો અનેકાર્થક પણ હોય છે. દા.ત. 'હરિ' એટલે ઈન્દ્રિ, સિંહ, વાંદરો, સર્પ, શંકર વગેરે. ગો એટલે ગાય, વાણી, ભૂમિ, કિરણ વગેરે. અનેકાર્થક શબ્દોનો અર્થભેદ છે પણ ત્યાં શબ્દભેદ નથી. માટે જ્યાં અર્થભેદ હોય ત્યાં શબ્દભેદ હોય જ એવી માન્યતા આ નયની નથી. કિન્તુ જ્યાં શબ્દભેદ હોય ત્યાં અર્થભેદ હોય જ એવી માન્યતા એ સમભિરૂઢ નય છે. તેથી આ નય પ્રમાણે - ઈન્દ્ર જુદો, શક્ર જુદો, પુરંદર જુદો, શચીપતિ જુદો, પાકશાસન જુદો, બિડૌજા જુદો. એવી રીતે કમળ જુદું, પંકજ જુદું, પદ્મ જુદું વગેરે જાણવું.

## * એવમ્ભૂતનય *

હવે છેલ્લા એવંભૂતનયનું નિરૂપણ કરે છે. શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત (= શબ્દના પ્રયોગમાં કારણભૂત) ક્રિયાથી યુક્ત અર્થ જ તે શબ્દનો વાચ્ય બને એવો એવંભૂતનયનો મત છે. જેમ કે ઐશ્વર્ય અનુભવતો હોય ત્યારે જ ઈન્દ્ર કહેવાય. (અર્થાત્, સિંહાસન પર બેઠો હોય, આજ્ઞાપ્રદાનાદિ કરતો હોય ત્યારે જ તેના માટે 'ઈન્દ્ર' પદનો પ્રયોગ થઈ શકે. પુર નામના દૈત્યનો નાશ કરવાની પ્રવૃત્તિ વખતે જ પુરંદર કહેવાય. गच्छतीति गौः આ રીતે गो શબ્દ બન્યો છે. જ્યારે ગાય બેઠી/સૂતી હોય ત્યારે તેને માટે 'गो' પદનો પ્રયોગ ન થઈ શકે એવો આ નયનો અભિપ્રાય છે.) સમભિરૂઢ નય કરતા એવમ્ભૂતના અભિપ્રાયની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भवन्निन्द्रः । समभिरूढनयो हीन्दनादिक्रियायां सत्यामसत्यां च वासवादेरर्थस्येन्द्रादिव्यपदेशमभिप्रैति, क्रियोपलक्षितसामान्यस्यैव प्रवृत्तिनिमित्तत्वात्, पशुविशेषस्य गमनक्रियायां सत्यामसत्यां च गोव्यपदेशवत्, तथारूढेः सद्भावात् । एवम्भूतः पुनरिन्दनादिक्रियापरिणतमर्थं तत्क्रियाकाले इन्द्रादिव्यपदेशभाजमभिमन्यते । न हि कश्चिदक्रियाशब्दोऽस्यास्ति । गौरश्व इत्यादिजातिशब्दाभिमतानामपि क्रियाशब्दत्वात्, गच्छतीति गौः, आशुगामित्वादश्व इति ।**

---

त्यादिना ग्रन्थकारः सूचयिष्यति ।

**ननु** समभिरूढनयोऽपि व्युत्पत्तिभेदनिमित्तकसंज्ञाभेदतोऽर्थभेदमभ्युपगच्छति, एवम्भूतोऽपि तथेति किंकृतोऽनयोर्विशेष इति जिज्ञासायामाह **'समभिरूढनयो ही'**त्यादि... **अयम्भावः** व्युत्पत्तिनिमित्तोपलक्षितसामान्यं समभिरूढनये शब्दानां प्रवृत्तिनिमित्तं, एवम्भूतमते हि व्युत्पत्तिनिमित्तलक्षितं तदिति विशेषः । यदा कदाचिदिन्दनादिक्रियाया अधिकरणे वर्तमानं यद्वासवत्वादिलक्षणं सामान्यं तस्यैव इन्द्रादिशब्दप्रवृत्तौ

---

વિશેષતા બતાવતા ગ્રન્થકાર કહે છે કે સમભિરૂઢ નય તો ઐશ્વર્યાનુભવ થતો હોય કે ન થતો હોય ત્યારે પણ 'ઈન્દ્ર' રૂપે વ્યપદેશ (શબ્દપ્રયોગ) કરે છે. કારણ કે સમભિરૂઢ નયનો મત એવો છે કે શબ્દની વ્યુત્પત્તિ દ્વારા જે ક્રિયા પ્રતીત થતી હોય છે તે તો વ્યુત્પત્તિનું નિમિત્ત છે. પરંતુ શબ્દનું વ્યુત્પત્તિનિમિત્ત કાંઈ કાયમ માટે તે શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત બની શકતું નથી. કારણ કે વ્યુત્પત્તિથી જણાતી ક્રિયા થતી ન હોય ત્યારે તે શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત કોણ બને ? ગાય જ્યારે સૂતી/બેઠી હોય ત્યારે પણ 'ગો' શબ્દનો પ્રયોગ તેને વિશે થાય છે કારણ કે ગમનક્રિયાથી ઉપલક્ષિત એવી ગોત્વ જાતિ (= સામાન્ય) જ 'ગો' શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત છે. 'ગો' શબ્દના પ્રયોગમાં ગમનક્રિયા એ ઉપલક્ષણ છે, વિશેષણ નહીં. તેથી ગાય ચાલતી હોય/બેઠી હોય/સૂતી હોય પણ 'ગો' પદનો પ્રયોગ થઈ શકે છે, કારણ કે જે ઉપલક્ષણ હોય તે એકવાર પ્રતીત થઈ ગયા પછી અવિદ્યમાન હોવા છતાં પણ અર્થનું જ્ઞાન કરાવી દે છે. દા.ત. - 'પેલું કાગડાવાળું જે ઘર છે તે મગનભાઈનું.' અહીં કાગડો ઉપલક્ષણ છે. પછી ક્યારેક કાગડો ન બેઠો હોય ત્યારે પણ તે ઘર તો મગનભાઈનું જ કહેવાય. જેમ અહીં કાગડાથી ઉપલક્ષિત ઘર, 'મગનભાઈનું ઘર' એવા વ્યપદેશને પામે છે પછી કાગડો ન હોવા છતા પણ એવો વ્યપદેશ થઈ શકે છે. તેમ ગમનક્રિયાથી ઉપલક્ષિત ગાય 'ગૌઃ' એવા વ્યપદેશને પામે છે. પછી ગમનક્રિયા ન હોવા છતાં પણ એવો વ્યપદેશ થઈ શકે છે. લોકરૂઢિ આ બાબતમાં એક સબળ પ્રમાણ છે. બેઠેલા પશુવિશેષને પણ 'ગાય' કહેવાય જ છે. અર્થાત્ બેઠેલી ગાયને વિશે પણ 'ગૌઃ' એવી લોકરૂઢિ છે. પરંતુ સમભિરૂઢના આ અભિપ્રાયને એવમ્ભૂતનય સ્વીકારતો નથી. આ નય શબ્દના વ્યુત્પત્તિના અને પ્રવૃત્તિના નિમિત્તોને ભિન્ન માનતો નથી પણ એક જ માને છે. આના મતે તો કેવળ ક્રિયાને જ શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત માને છે. આ નય તો સ્વર્ગનો અધિપતિ જ્યારે સિંહાસન પર બેસીને આજ્ઞાપ્રદાનાદિ દ્વારા શાસન કરતો હોવાથી ઐશ્વર્યયુક્ત હોય ત્યારે જ તેને 'इन्द्र' શબ્દનો વાચ્યાર્થ માને. 'इन्दनादि' માંના आदि પદથી 'જ્યારે પુર નામના અસુરનો નાશ કરતો હોય ત્યારે જ તે પુરન્દર શબ્દનો વાચ્યાર્થ માને' ઈત્યાદિ જાણવું. ટૂંકમાં, સમભિરૂઢનય અર્થક્રિયોપલક્ષિત જાતિ જ્યાં હોય ત્યાં તે તે શબ્દનો પ્રયોગ માને છે. જ્યારે એવંભૂતનય અર્થક્રિયાવિશિષ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**शुक्लो, नील इति गुणशब्दाभिमता अपि क्रियाशब्दा एव, शुचीभवनाच्छुक्लो, नीलनान्नील इति । देवदत्तो यज्ञदत्त इति यदृच्छाशब्दाभिमता अपि क्रियाशब्दा एव, देव एनं देयात्, यज्ञ एनं देयादिति । संयोगिद्रव्यशब्दाः समवाय(यि) द्रव्यशब्दाश्चाभिमताः क्रियाशब्दा एव दण्डो-ऽस्यास्तीति दण्डी, विषाणमस्यास्तीति विषाणीत्यस्तिक्रियाप्रधानत्वात् । पञ्चतयी तु शब्दानां**

---

निमित्तत्वेन तस्येन्दनादिक्रियाशून्यकालेऽपि वासवादौ सत्त्वेन तद्बलादिन्द्रादिव्यपदेशस्य समभिरूढमते सम्भवात् । एवम्भूतमते हि यत्कालावच्छिन्नं व्युत्पत्तिनिमित्तक्रियानुभवविशिष्टं वासवत्वादिसामान्यं, तत्कालावच्छिन्नव्यपदेश एव सम्भवतीति व्युत्पत्तिनिमित्तक्रियोपलक्षितसामान्य-लक्षितसामान्यकृतोऽनयोर्विशेषः। एवम्भूतस्यायं सिद्धान्तः, व्युत्पत्त्यर्थशून्यः पदार्थो न तत्त्वतो तत्पदव्यपेदश्यः, यथा गृहकोणस्थघटः जलाहरणादिचेष्टाशून्यत्वान्न तत्त्वतो घटपदार्थः, अन्यथा पटोऽपि घटपदार्थः स्याद् व्युत्पत्त्यर्थशून्यत्वाविशेषादिति । **नन्वेवं**

---

જાતિ જ્યાં હોય ત્યાં જ તે શબ્દનો પ્રયોગ માને છે.

આ નયના મતે અક્રિયાવાચક = ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક ન હોય તેવા કોઈ શબ્દો જ નથી. આમ તો પાંચ પ્રકારના શબ્દો મનાય છે.

(૧) **જાતિપ્રવૃત્તિનિમિત્તક શબ્દો** : જે શબ્દોનો પ્રયોગ જાતિના કારણે થતો હોય તે. દા.ત. 'गो' શબ્દ ગોત્વ જાતિના કારણે પ્રયુક્ત થાય છે તેથી તેને જાતિપ્રવૃત્તિનિમિત્તક કહેવાય છે.

(૨) **ગુણપ્રવૃત્તિનિમિત્તક શબ્દ** : જે શબ્દોનો પ્રયોગ ગુણના કારણે થતો હોય. દા.ત. ज्ञानी અહીં જ્ઞાનગુણનિમિત્તક શબ્દપ્રયોગ થાય છે તેથી તેને ગુણપ્રવૃત્તિનિમિત્તક કહેવાય છે.

(૩) **યદચ્છાપ્રવૃત્તિનિમિત્તક શબ્દ** : જે શબ્દોનો પ્રયોગ યદચ્છાથી થતો હોય. દા.ત. કાંતિભાઈ, શાંતિભાઈ વગેરે. અહીં યદચ્છાથી તે તે વ્યક્તિનું નામ પડાયું હોય તે તે શબ્દોનો તેમને વિશે થતો પ્રયોગ યદચ્છાથી થાય છે માટે આવા શબ્દોને યદચ્છાપ્રવૃત્તિનિમિત્તક કહેવાય છે.

(૪) **દ્રવ્યપ્રવૃત્તિનિમિત્તક શબ્દ** : જે શબ્દોનો પ્રયોગ દ્રવ્યના કારણે થતો હોય. દા.ત. ધનવાન્, ગૃહી વિગેરે. અહીં ધન-ઘર વગેરે દ્રવ્યો તે તે શબ્દપ્રયોગમાં નિમિત્ત બને છે.

(૫) **ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક શબ્દ** : જે જે શબ્દોનો પ્રયોગ ક્રિયાના કારણે થતો હોય. દા.ત. પાચક, રેચક, દાયક વગેરે. અહીં પાચન, રેચન, દાન વગેરે ક્રિયા તે તે શબ્દોના પ્રયોગમાં નિમિત્ત બને છે. (દરેક શબ્દોમાં કોઈ ને કોઈ ક્રિયા તો લગભગ પ્રતીત થતી જ હોય છે. પરંતુ જેને ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક શબ્દો કહ્યા છે તેમાં અતિ સ્પષ્ટ રીતે ક્રિયા જણાય છે અને અન્યમાં અસ્પષ્ટ રીતે જણાય છે. જેમ પૂર્વે ગ્રન્થના પ્રારંભમાં જ આપણે જોઈ ગયા કે શ્રુતજ્ઞાનમાં મનનો વ્યાપાર તો હોય જ છે છતાં ય જેમાં તે પ્રધાનપણે દેખાતો હોય તેને જ માનસપ્રત્યક્ષ કહ્યું, શેષને નહીં, એમ પ્રસ્તુતમાં પણ જાણવું.)

પરંતુ એવમ્ભૂતનય તો બધા જ શબ્દોને ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક જ માને છે. આ નયની આ માન્યતાને પુષ્ટ કરવા દરેક શબ્દો શી રીતે ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક છે એ જણાવે છે.

(૧) **જાતિપ્રવૃત્તિનિમિત્તક** : ગો-અશ્વ વગેરે જાતિપ્રવૃત્તિનિમિત્તક કહેવાય છે. પરંતુ જે ગમન કરે તે ગાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्यवहारमात्रात्, न तु निश्चयादित्ययं नयः स्वीकुरुते ।**

**एतेष्वाद्याश्चत्वारः प्राधान्येनार्थगोचरत्वादर्थनयाः अन्त्यास्तु त्रयः प्राधान्येन शब्दगोचरत्वाच्छब्दनयाः । तथा विशेषग्राहिणोऽर्पितनयाः, सामान्यग्राहिणश्चानर्पितनयाः । तत्रानर्पितनयमते तुल्यमेव रूपं सर्वेषां सिद्धानां भगवताम् । अर्पितनयमते त्वेकद्वित्र्यादिसमय-सिद्धाः स्वसमानसमयसिद्धैरेव तुल्या इति । तथा, लोकप्रसिद्धार्थानुवादपरो व्यवहारनयः, यथा**

---

प्राणधारणात्मकजीवपदव्युत्पत्त्यर्थाभावात् सिद्धोऽपि न जीवः स्यादिति **चेत्**, इष्टमेवैतन्नयमते, तदाह **भाष्यकारः** [1]*"एवं जीवं जीवो संसारी पाणधारणानुभवा, सिद्धो पुण अजीवो जीवणपरिणामरहिओत्ति"* (**विशेषा. भा.गा.२२५६**) 'सत्त्व'-'आत्मा' इत्यादिव्यपदेशः सिद्धे एतन्नयमतेऽप्यविरुद्ध एव, तत्र उत्पादव्ययध्रौव्यात्मकस्य सत्त्वपदव्युत्पत्त्यर्थस्य, अतति सततमपरपर्यायान् गच्छतीति आत्मपदव्युत्पत्त्यर्थस्य च

---

જે ઝડપી ગમન કરે તે અશ્વ.અહીં ગમન, આશુગમન ક્રિયાના કારણે શબ્દપ્રયોગ થાય છે.

(૨) **ગુણપ્રવૃત્તિનિમિત્તક :** શુકલ, નીલ આદિ ગુણપ્રવૃત્તિનિમિત્તક કહેવાય છે. પરંતુ શુચિ થવાથી-હોવાથી શુક્લ અને કાળું હોવાથી-થવાથી નીલ કહેવાય છે. અહીં પણ શુચિ/કાળાશ થવારૂપ ક્રિયા જ શબ્દપ્રયોગમાં નિમિત્ત છે.

(૩) **યદચ્છાપ્રવૃત્તિનિમિત્તક :** દેવદત્ત-યજ્ઞદત્ત વગેરે નામો યદચ્છાપ્રવૃત્તિનિમિત્તક કહેવાય છે. પરંતુ દેવનો દીધેલો હોવાથી દેવદત્ત અને યજ્ઞ દ્વારા અપાયેલો હોવાથી યજ્ઞદત્ત કહેવાય છે. આમ અહીં પણ દેવ/યજ્ઞ દ્વારા થતી દાનક્રિયા જ તે તે શબ્દપ્રયોગમાં નિમિત્ત છે.

(૪) **દ્રવ્યપ્રવૃત્તિનિમિત્તક :** સંયોગ સંબંધવાળા દ્રવ્ય તે સંયોગી દ્રવ્ય. સમવાય સંબંધવાળા દ્રવ્ય તે સમવાયિદ્રવ્ય. દંડ અને પુરુષનો સંયોગસંબંધ હોય છે માટે 'दण्डी' એ સંયોગિદ્રવ્ય-પ્રવૃત્તિનિમિત્તક શબ્દ કહેવાય છે. વિષાણ (= શીંગડું) અને પશુનો સમવાયસંબંધ હોય છે માટે विषाणी એ સમવાયિદ્રવ્યપ્રવૃત્તિનિમિત્તક શબ્દ કહેવાય છે. પરંતુ અહીં પણ હોવારૂપ અસ્તિત્વ ક્રિયાની જ પ્રધાનતા છે. દંડ જેની પાસે હોય તે દંડી અને વિષાણ જેને હોય તે વિષાણી. આ રીતે આ શબ્દના પ્રયોગમાં પણ ક્રિયા જ નિમિત્ત બને છે.

(૫) **ક્રિયાપ્રવૃત્તિનિમિત્તક :** આ શબ્દોનો પ્રયોગ તો સ્પષ્ટપણે જ ક્રિયાના નિમિત્તે થાય છે. આના પરથી સિદ્ધ થાય છે કે દુનિયામાં ક્રિયાવાચક ન હોય તેવો કોઈ શબ્દ જ નથી.

**શંકા.** તો પછી શબ્દોના જે જાતિપ્રવૃત્તિનિમિત્તક, ગુણપ્રવૃત્તિનિમિત્તક વગેરે પાંચ પ્રકારો બતાવ્યા છે તેની સંગતિ શી રીતે કરશો ?

**સમા.** લોકમાં જ્યારે શબ્દોના પાંચ પ્રકારનો વ્યવહાર થાય છે ત્યારે તે તે શબ્દની વ્યુત્પત્તિ દ્વારા પ્રતીત થનારી ક્રિયાને ગૌણ માની અને જાતિ-ગુણ આદિને મુખ્ય માનીને વ્યવહારનયથી એવો વ્યવહાર થાય છે. બાકી નિશ્ચયનયના અભિપ્રાયથી તો દરેક શબ્દો ક્રિયાવાચક જ છે. આવો એવમ્ભૂતનયનો મત છે.

---

१. एवं जीवन्जीवः संसारी प्राणधारणानुभवात्, सिद्धः पुनरजीवो जीवनपरिणामरहित इति ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पञ्चस्वपि वर्णेषु भ्रमरे सत्सु, श्यामो भ्रमर इति व्यपदेशः । तात्त्विकार्थाभ्युपगमपरस्तु निश्चयः, स पुनर्मन्यते पञ्चवर्णो भ्रमरः, बादरस्कन्धत्वेन तच्छरीरस्य पञ्चवर्णपुद्गलैर्निष्पन्नत्वात्, शुक्लादीनां च न्यग्भूतत्वेनानुपलक्षणात् । अथवा एकनयमतार्थग्राही व्यवहारः, सर्वनयमतार्थग्राही च निश्चयः । न चैवं निश्चयस्य प्रमाणत्वेन नयत्वव्याघातः, सर्वनयमतस्यापि स्वार्थस्य तेन** सत्त्वात् । विशेषार्थिना **नयरहस्यादि**कमवलोकनीयम् ।

'**सर्वनयमतार्थग्राही निश्चय**' इति → भावनिक्षेपस्य सकलनयमान्यत्वान्निश्चयस्य च भावमात्रग्राहित्वात्

## * અર્થ - શબ્દનયો તથા અર્પિત - અનર્પિત નયો *

આ રીતે સાત નયોનું પૃથક્ પૃથક્ નિરૂપણ પૂર્ણ થયું. હવે આ સાત નયોના જુદી જુદી રીતે થતા વિભાગો જણાવે છે. જૈન દર્શનમાં નયોના જેમ નૈગમ-સંગ્રહ વગેરે ભેદો પાડ્યા છે તેમ બીજી પણ અનેક રીતે નયોના ભેદ પડે છે. હવે જુદી જુદી રીતે નયોના વિભાગીકરણ કરી બતાવે છે. આ સાત નયોમાંથી નૈગમ-સંગ્રહ-વ્યવહાર અને ઋજુસૂત્ર એ ચાર નયો અર્થનું નિરૂપણ કરવામાં પ્રવીણ હોવાથી તેને અર્થનય કહેવાય છે જ્યારે શબ્દ-સમભિરૂઢ અને એવમ્ભૂત એ છેલ્લા ત્રણ નયો પ્રધાનતયા શબ્દને વિષય બનાવનારા હોવાથી તેને શબ્દનય કહેવાય છે. (અર્થાત્, જ્યાં શબ્દના આધાર વિના સ્વતન્ત્ર રીતે અર્થનો વિચાર કરી શકાય તે અર્થનય. જ્યાં શબ્દના કારક-લિંગ-વચન-પર્યાય-વ્યુત્પત્તિ અર્થક્રિયાકારિત્વ આદિના આધારે અર્થનિર્ણય કરાય છે તે શબ્દનય. કારણ કે ત્યાં શબ્દની જ પ્રધાનતા છે)

આ સાત નયોમાંથી જે નયો વિશેષગ્રાહી હોય તેને અર્પિતનય કહેવાય છે અને જે નયો સામાન્યગ્રાહી હોય તેને અનર્પિત નય કહેવાય છે. સામાન્યમાત્રગ્રાહી એવો સંગ્રહનય અનર્પિતનય કહેવાશે. નૈગમનય જ્યારે સામાન્યાંશનું ગ્રહણ કરે ત્યારે અનર્પિતનય કહેવાશે અને જ્યારે વિશેષાંશનું ગ્રહણ કરે ત્યારે અર્પિતનય કહેવાશે. વ્યવહારાદિ શેષ નયો વિશેષગ્રાહી હોવાથી અર્પિતનય કહેવાશે. અર્પિત-અનર્પિત નયોના અભિપ્રાયને ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરે છે. અનર્પિતનય કેવળ સામાન્યાંશગ્રાહી હોય છે માટે તેને અનુસારે તમામ સિદ્ધ ભગવંતોનું સ્વરૂપ સમાન છે કારણ કે સિદ્ધ ભગવંતોમાં પરસ્પર ભેદ હોવા છતાં પણ સિદ્ધત્વ સાધારણ ધર્મ છે તેના કારણે તમામ સિદ્ધ ભગવંતો સમાનરૂપ છે. પણ વિશેષગ્રાહી અર્પિતનય પ્રમાણે જેટલા એક સમયે સિદ્ધ હોય તેટલા જ સિદ્ધો (એક સમયસિદ્ધત્વેન) સમાનરૂપ છે. પરંતુ દ્વિતીયસમયસિદ્ધ તૃતીયસમયસિદ્ધ વગેરે જુદા છે.

## * વ્યવહાર-નિશ્ચય નય *

હવે વ્યવહાર-નિશ્ચયરૂપે નયોનું વૈવિધ્ય જણાવે છે.

આ લોકમાં જે વસ્તુ માટે જેવો વ્યવહાર થતો હોય (અર્થાત્, લોકમાં જે વસ્તુ જે રીતે પ્રસિદ્ધ હોય) તેના આધારે વસ્તુનું પ્રતિપાદન કરવામાં તત્પર હોય તે વ્યવહારનય. જેમ કે ભમરામાં પાંચે વર્ણો રહ્યા હોવા છતાં પણ લોકમાં 'ભમરો કાળો છે' આવી પ્રસિદ્ધિ છે તેથી વ્યવહારનય એવું જ માને છે કે 'ભમરો કાળો છે'. તાત્ત્વિક અર્થને સ્વીકારવામાં તત્પર હોય તે નિશ્ચયનય. આ નય 'ભમરો કાળો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्राधान्याभ्युपगमात् । तथा, ज्ञानमात्रप्राधान्याभ्युपगमपरा ज्ञाननयाः । क्रियामात्रप्राधान्याभ्युपगमपराश्च क्रियानयाः । तत्रर्जुसूत्रादयश्चत्वारो नयाश्चारित्रलक्षणायाः क्रियाया एव प्राधा-**

---

सर्वनयमतार्थग्राहित्वं तस्य । व्यवहारस्तु न तथा, तस्य नामस्थापनादेरपि ग्राहकत्वात् पर्यायनयैश्च नामस्थापनाद्यनभ्युपगमादिति ।

'**ज्ञानमात्राभ्युपगमपरा ज्ञाननया**' इति → **ज्ञाननयवक्तव्यता चेयम्** → ऐहिक-आमुष्मिकफलार्थिना सम्यग्विज्ञात एवार्थे प्रवर्तितव्यमन्यप्रवृत्तौ फलविसंवाददर्शनात्, तथा चान्यैरप्युक्तम्- '*विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदा मता। मिथ्याज्ञानात् प्रवृत्तस्य, फलासंवाददर्शनात्*'।। तथा चागमेऽप्युक्तम्- [1]'*पढमं नाणं तओ दया*' (**दशवैकालिकसूत्र-गाथा ४/ **) इत्यादि, तथा [2]*जं अन्नाणी कम्मं* इत्यादिकम् । इतश्च ज्ञानस्यैव प्राधान्यं यतस्तीर्थकरगणधरैरगीतार्थानां केवलानां विहारोऽपि निषिद्धः । तथा च तद्वचनम् - [3]'*गीयत्थो य विहारो बीओ गीयत्थमीसओ भणिओ एत्तो तइयविहारो नाणुन्नाओ जिणवरेहिं*' । यस्मादन्धेनान्धः समाकृष्यमाणः सम्यक्पन्थानं न प्रतिपद्यत इति भावः । एवं तावत् क्षायोपशमिकज्ञानमधिकृत्योक्तम्,

---

છે.' માત્ર એટલું જ ન માને. એ તો એમ માને છે કે ભમરાનું શરીર બાદર સ્કન્ધરૂપ હોવાથી એ પાંચે ય વર્ણોવાળા પુદ્ગલોથી બનેલું હોય છે માટે નિશ્ચયનય તો 'પાંચ વર્ણવાળો ભમરો' એવું જ માને છે.

**શંકા. :** જો ભમરો પાંચે ય વર્ણવાળો હોય તો પછી તેમાં માત્ર કાળો વર્ણ જ કેમ દેખાય છે ?

**સમા.** - ભમરામાં શુકલાદિ વર્ણો તિરોભૂત હોય છે અર્થાત્, અવ્યક્ત હોય છે અને કાળો વર્ણ વ્યક્ત હોય છે માટે સૂર્યપ્રકાશમાં જેમ નક્ષત્રોનો પ્રકાશ વિદ્યમાન હોવા છતાં પણ વ્યક્ત દેખાતો નથી તે રીતે શુક્લાદિ વર્ણો વ્યક્ત રીતે દેખાતા નથી.

એક રીતે વ્યવહાર-નિશ્ચયનો ભેદ જણાવ્યા બાદ હવે બીજી રીતે તેનો ભેદ જણાવે છે. એમ પણ કહી શકાય કે એક નયને અભિમત અર્થનું જે ગ્રહણ કરે તે વ્યવહારનય અને સર્વનયોને અભિમત એવા અર્થનું જ ગ્રહણ કરે તે નિશ્ચય નય. તાત્પર્ય એ છે કે સર્વનયો ભાવનિક્ષેપને તો સ્વીકારે જ છે. તેથી 'ભાવ' પદાર્થ સર્વનયોને સંમત અર્થ થયો. નિશ્ચયનય માત્ર ભાવગ્રાહી (ભાવનિક્ષેપગ્રાહી) છે તેથી તે સર્વનયમતાર્થગ્રાહી કહેવાય કારણ કે ભાવનિક્ષેપ સર્વનયમાન્ય છે. જ્યારે વ્યવહાર તો સ્થૂલદર્શી હોવાથી નામ-સ્થાપનાદિને પણ માને છે. નામ-સ્થાપનાદિ સાતે ય નયોને સંમત નથી કિન્તુ અમુક નયોને જ સંમત છે. માટે જે અમુક નયને સંમત હોય એવા નામઘટાદિ પદાર્થને ય માનતો હોવાથી વ્યવહાર નય એકનયમતાર્થગ્રાહી કેહવાય છે.

**શંકા** - સર્વનયોને અભિમત વસ્તુનું ગ્રહણ કરનાર નિશ્ચય તો પ્રમાણ બની જશે, નય નહીં રહે.

**સમા.** - સર્વનયાભિમત એવા સ્વાભિમત અર્થને તે પ્રધાનતયા માને છે, અર્થાત્ ઈતરાંશને તે ગૌણતયા માને છે તેથી 'નિશ્ચય'ના નયત્વની હાનિ નહીં થાય.

હવે જ્ઞાન-ક્રિયાનયરૂપે બે વિભાગ દર્શાવે છે.

---

१. प्रथमं ज्ञानं ततो दया । २. यदज्ञानी कर्म...

३. गीतार्थश्च विहारो द्वितीयो गीतार्थमिश्रको भणितः एतस्मात्तृतीयविहारो नानुज्ञातो जिनवरैः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**न्यमभ्युपगच्छन्ति, तस्या एव मोक्षं प्रत्यव्यवहितकारणत्वात् । नैगमसंग्रहव्यवहारास्तु यद्यपि**

क्षायिकमप्यङ्गीकृत्य विशिष्टफलसाधकत्वं तस्यैव ज्ञेयम्, यस्मादर्हतोऽपि भवाम्भोधेस्तटस्थस्य प्रतिपन्नदीक्षस्योत्कृष्टतपश्चरणचारित्रवतोऽपि न तावदपवर्गप्राप्तिः, सञ्जायते, यावदखिलजीवादिवस्तुस्तोमसाक्षात्करणदक्षं केवलज्ञानं नोत्पन्नम् । तस्माज्ज्ञानमेव सकलपुरुषार्थसिद्धेर्निबन्धनम् ।

**क्रियानयवक्तव्यता चेयम्** → क्रियैव प्रधानं पुरुषार्थसिद्धिकारणम्, प्रयत्नादिक्रियालक्षणविरहेण ज्ञानवतोऽप्यभिलषितार्थानवाप्तिदर्शनात्, तथा चान्यैरप्युक्तम् - *'क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतं, यतः स्त्रीभक्ष्यभोगज्ञो न ज्ञानात् सुखितो भवेत्'* । तथा च क्रियानियतैव अर्थकामार्थसिद्धिः, धर्मार्थसिद्धिरपि तादृश्येव यतस्तीर्थकरगणधरैरागमेऽपि क्रियावैकल्ये ज्ञाननैष्फल्यमेवोक्तम् - तथाहि [१]*'सुबहुंपि सुयमहीयं, किं काही चरणविप्पमुक्कस्स, अन्धस्स जह पलित्ता दीवसयसहस्सकोडी वि ।१।'* [२]*नाणं सविसयनिययं न नाणमेत्तेण कज्जनिफत्ती, मग्गण्णु दिट्ठंतो होइ सचेट्ठो अचेट्ठो य ।२।* [३]*जाणंतो वि य तरीउं काइयजोगं न जुंजइ जो उ, सो बुड्डइ सोएणं एवं नाणी चरणहीणो ।३।* - [४]*'जहा खरो चंदणभारवाही भारस्स भागी न हु चंदणस्स, एवं खु नाणी चरणेण हीणो नाणस्स भागी न हु सुग्गइए'* इत्यादि । एवं तावत्क्षायोपशमिकीं चरणक्रियामङ्गीकृत्य प्राधान्यमुक्तम् । अतः क्षायिकीमपि तामाश्रित्य तस्या एव प्राधान्यमवसेयम्, यस्मादर्हतोऽपि भगवतः समुत्पन्नकैवल्यस्यापि न तावद् मोक्षसम्प्राप्तिः सम्पद्यते यावदखिलकर्मेन्धनानलजालकलापकल्पां शैलेश्यवस्थां सर्वसंवररूपचारित्रक्रियां न प्राप्नोतीति मोक्षार्थसिद्धिरपि क्रियायत्तैवेति सिद्धं यत्क्रियैवाशेषपुरुषार्थसिद्धिनिबन्धनम् ।

**'मोक्षं प्रत्यव्यवहितकारणत्वाद्'** इति → शैलेशीकरणलक्षणक्रियाया अनन्तरमेवापवर्गप्राप्तेः क्रियाया

## * જ્ઞાન-ક્રિયા નય *

કાર્ય પ્રત્યે જ્ઞાનને જ પ્રધાનરૂપે કારણ માને તે જ્ઞાનનય અને કાર્ય પ્રત્યે ક્રિયાને જ પ્રધાનરૂપે (= મુખ્ય) કારણ માને તે ક્રિયાનય. આ બન્ને નયોના અભિપ્રાયને એકવાર જાણી લઈે.

**જ્ઞાનનયનો અભિપ્રાય :** 'पढमं नाणं तओ दया', जं अन्नाणी कम्मं'... ઇત્યાદિ શાસ્ત્રવાક્યો જ્ઞાનને જ પ્રધાન-મુખ્ય સાબિત કરે છે. જ્ઞાન વિનાની ક્રિયાનો કોઈ અર્થ નથી. સમજણપૂર્વકની ક્રિયા જ ફલપ્રદ બને છે... ઇત્યાદિ.

**ક્રિયાનયનો અભિપ્રાય :** એકલું જ્ઞાન કંઈ કામ લાગતું નથી. ક્રિયા તો કરવી જ પડે. રસોઈ કરવાનું જ્ઞાન હોય છતા જો ક્રિયા ન કરે તો ક્ષુધા ન શમે. તરવાનું જ્ઞાન હોવા છતા ય હાથ-પગ હલાવવારૂપ ક્રિયા કરવી જ પડે, અન્યથા છતે જ્ઞાને ડૂબી મરાય. કેવળજ્ઞાન પામ્યા પછી પણ સર્વસંવરરૂપ ચારિત્ર (= ક્રિયા) જ્યાં સુધી ન આવે ત્યાં સુધી કોઈ જીવનો મોક્ષ થઈ શકતો નથી. આજ બતાવે છે કે ક્રિયા જ મુખ્ય છે.

મોક્ષ પ્રત્યે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રને કારણ કહ્યા છે છતા પણ ઋજુસૂત્રાદિ ચાર નયો મોક્ષ

१. सुबह्वपि श्रुतमधीतं किं करिष्यति चरणविप्रमुक्तस्य । अन्धस्य यथा प्रदीप्ता दीपशतसहस्रकोटिरपि ।। २. ज्ञानं स्वविषयनियतं न ज्ञानमात्रेण कार्यनिष्पत्तिः । मार्गज्ञो दृष्टान्तो भवति सचेष्टोऽचेष्टश्च ।। ३. जानन्नपि च तरीतुं कायिकयोगं न युनक्ति यस्तु । स ब्रुडति श्रोतसा एवं ज्ञानी चरणहीनः ।। ४. यथा खरश्चन्दनभारवाही भारस्य भागी न तु चन्दनस्य, एवं खलु ज्ञानी चरणेन हीनो ज्ञानस्य भागी न तु सद्गतेः ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**चारित्रश्रुतसम्यक्त्वानां त्रयाणामपि मोक्षकारणत्वमिच्छन्ति, तथापि व्यस्तानामेव, न तु समस्तानाम्, एतन्मते ज्ञानादित्रयादेव मोक्ष इत्यनियमात्, अन्यथा नयत्वहानिप्रसङ्गात्, समुदयवादस्य स्थितपक्षत्वादिति द्रष्टव्यम् ।**

---

एव अव्यवहितत्वम्, न तु ज्ञानस्य ताथाविध्यं, कैवल्यप्राप्त्यनन्तरमपि किञ्चिन्न्यूनपूर्वकोटिवर्षं यावद् भवस्थकेवलितया संसारावस्थानसम्भवात् ।

**'तथापि व्यस्तानामेवे'**ति → **ननु** *'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'* (**श्री तत्त्वार्थाधिमसूत्र १/१**) इति वचनात् त्रयाणामपि मोक्षं प्रति कारणत्वं प्रतिपादितमेवेति तानेव तथास्वीकुर्वाणा नैगमादयो प्रमाणत्वप्राप्ताः सन्तः कथं ज्ञाननयत्वं रक्षयेयुरित्याशङ्कायामाह **'तथापी'**त्यादिना । तथापि = मोक्षकारणत्वमभ्युपगच्छन्तोऽपीत्यर्थः । व्यस्तानामिति मोक्षत्वावच्छिन्नकार्यतानिरूपितकारणतावच्छेदकविभिन्नधर्माकलितानामेव । एवं सत्येव ज्ञानस्य प्राधान्येन कारणत्वं तदन्ययोश्च गौणतयेत्युपगमस्तेषां युज्यते, समुदितानां कारणत्वे तु सर्वेषां प्राधान्यमेव स्यादित्याह **'समस्तानामि'**ति = मोक्षत्वावच्छिन्नकार्यतानिरुपितकारणतावच्छेदकीभूतैकधर्मकलितानामित्यर्थः ।

**'समुदयवादस्येति'** → समुदितज्ञानादिभिस्त्रिभिर्मुक्तिर्न तु व्यस्तैरिति वादस्य स्थितपक्षत्वात् =

---

પ્રત્યે ચારિત્રરૂપ ક્રિયાને જ પ્રધાન કારણ માને છે. તેમની દલીલ એવી છે કે ક્ષાયિક (કેવળ) જ્ઞાન અને દર્શન પ્રાપ્ત થયા પછી પણ તે જ ક્ષણે મોક્ષ થતો નથી. કિન્તુ સર્વસંવરરૂપ ચારિત્ર (ક્રિયા) મળ્યા પછી જ તરત મોક્ષ થાય છે માટે અવ્યવહિત કારણ હોવાથી ચારિત્ર (= ક્રિયા) જ મોક્ષનું પ્રધાન કારણ છે. હા, કેવળજ્ઞાન-દર્શન વિના સર્વસંવરરૂપ ચારિત્ર આવી શકતું નથી તેથી જ્ઞાન-દર્શન પણ ચારિત્રના હેતુ હોવાથી ચારિત્રસાધ્ય એવા મોક્ષના કારણ છે એ વાત સાચી છે પરંતુ આ રીતે પરંપર (= વ્યવહિત) કારણોને પણ જો કારણ માનશો તો પછી તમારે દુનિયા આખીને મોક્ષનું કારણ માનવું પડશે કારણ કે દરેક પદાર્થ વિષયરૂપે જ્ઞાનનું કારણ છે, જ્ઞાન ચારિત્રનું કારણ છે અને ચારિત્ર મોક્ષનું કારણ છે. માટે આવું ગૌરવ કરવા કરતા અવ્યવહિત કારણ હોવાથી ચારિત્ર (= ક્રિયા)ને જ મોક્ષ પ્રત્યે પ્રધાન કારણ માનવું ઉચિત છે.

નૈગમ, સંગ્રહ અને વ્યવહાર આ ત્રણે જ્ઞાનનયો છે. આ ત્રણે તો જો કે જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણેને મોક્ષના કારણ માને છે, છતા પણ પૃથક્ પૃથક્ રૂપે ત્રણેને કારણ માને છે, સમુદિતરૂપે નહીં. તાત્પર્ય એ છે કે જો ત્રણેને સમુદિતરૂપે કારણ માનવામાં આવે અર્થાત્, જ્ઞાનાદિ ત્રણેના સમુદાયને જો મોક્ષ પ્રત્યે કારણ માનવામાં આવે તો પછી આ અભિપ્રાય પ્રમાણરૂપ જ બની જાય તેથી નયત્વની હાનિ થાય. ત્રણેને સમુદિતરૂપે કારણ માનવામાં આ જ્ઞાનનય ન રહેતા પ્રમાણરૂપ એટલા માટે બની જાય કે સમુદિત કારણતા માનવામાં તો ત્રણેનું સમાન પ્રાધાન્ય રહે. જ્ઞાન અને ચારિત્ર (ક્રિયા)નું સમાન પ્રાધાન્ય જે અભિપ્રાયમાં આવે તે જ્ઞાનનયરૂપ શી રીતે રહે ? કારણ કે જે અભિપ્રાયમાં માત્ર જ્ઞાનની પ્રધાનતા હોય તેને જ જ્ઞાનનય કહેવાય છે. જ્ઞાનાદિ ત્રણેની સમુદિતકારણતાના અભિપ્રાયમાં તો જ્ઞાન-ક્રિયા ઉભયની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कः पुनरत्र बहुविषयो नयः को वाऽल्पविषयः ? इति चेद्, उच्यते-सन्मात्रगोचरात्सङ्ग्रहात्तावन्नैगमो बहुविषयो भावाभावभूमिकत्वात् । सद्विशेषप्रकाशकाद्व्यवहारतः सङ्ग्रहः समस्तसत्समूहोपदर्शकत्वाद्बहुविषयः । वर्तमानविषयावलम्बिन ऋजुसूत्रात्कालत्रितयवर्त्यर्थजातावलम्बी**

---

प्रमाणवादत्वादित्यर्थः, यथा पूर्वोक्तं **तत्वार्थवचनम्** । एतद्विस्तरार्थिना तु **तत्त्वार्थभाष्यटीका**ऽवलोकनीया। स्थितपक्षत्वादित्यत्रायम्भावः - स्थितपक्षः = सिद्धान्तपक्ष इत्यपि गीयते । तथा च सिद्धान्तपक्षे ज्ञानादित्रयादेव मोक्ष इति नियमात् ज्ञानादित्रयपर्याप्ता एव मोक्षनिरूपितकारणता, शिक्षाऽभ्यासप्रतिभापर्याप्ता काव्यकारणतेव पर्यवस्यति, न तु तृणारणिमणिन्यायेन प्रत्येकज्ञानादिविश्रान्ता ।

नैगमादिनयमते पुनर्मोक्षनिरूपितकारणतायाः प्रत्येकं ज्ञानादिषु, वह्निकारणतायाः प्रत्येकं तृणारणिमणिष्विव विश्रान्ततया न तेषां स्थितपक्षत्वं सम्यग्दृष्टित्वं वा । अयमेव हि नय-सिद्धान्तवादयोर्भेदो यन्नयाः त्रीण्यपि ज्ञानादीनि मोक्षकारणत्वेन मन्यमाना अपि प्रत्येकस्मिन् स्वातन्त्र्येणैव कारणत्वं कल्पयन्तस्त्रीनपि

---

પ્રધાનતા આવે તેથી તે પ્રમાણરૂપ બની જાય. કારણ કે સમુદયવાદ એ જ તો પ્રમાણ છે. આવું ન બને માટે નૈગમાદિ ત્રણે નયો જ્ઞાનાદિ ત્રણેને પૃથક્ પૃથક્ રૂપે કારણ માને છે. એટલે કે નૈગમાદિ ત્રણ નયો શુદ્ધ (= એકલા) જ્ઞાનને અથવા શુદ્ધ (= એકલી) ક્રિયાને કારણ માને છે પણ જ્ઞાનાદિ ત્રણેને નહીં. આ સિદ્ધાન્તના લીધે નયોનો ભેદ છે.

### * નયોના વિષયોમાં ન્યૂનાધિકતાનો વિચાર *

દરેક નયને પોતપોતાનું ક્ષેત્ર (= વિષયમર્યાદા) હોય છે. આથી હવે નયોના વિષયોમાં ન્યૂનાધિકતાનો વિચાર કરે છે -

જે સાત નયોનું નિરૂપણ કરાયું છે તેમાંથી કયો નય અધિકવિષયવાળો છે અને કયો નય અલ્પવિષયવાળો છે એવી જિજ્ઞાસા જેને હોય તેને જવાબ આપતા જણાવે છે કે કેવળ સત્ વિષયક (= વિદ્યમાન એવા સામાન્ય અર્થ વિષયક) સંગ્રહનય કરતા નૈગમનયનું વિષયક્ષેત્ર અધિક છે કારણ કે નૈગમનય તો ભાવ પદાર્થની જેમ અભાવ (= અવિદ્યમાન) પદાર્થને પણ વિષય બનાવે છે. (નૈગમનયના જેટલા ઉદાહરણો પૂર્વે બતાવેલા છે તે બધા જ ભાવવિષયક છે. અભાવવિષયક નૈગમનું ઉદાહરણ ત્યાં અપાયું નથી માટે આપણે એક અભાવવિષયક નૈગમનું ઉદાહરણ જોઈ લઈયે. હાથમાં કુહાડી લઈને જંગલ તરફ જતા પુરુષને કોઈ પૂછે કે 'ક્યાં જાવ છો ?' તો પેલો પુરુષ જવાબ આપે છે કે 'હું પ્રસ્થક (માપ-વિશેષ) લેવા જઉં છું.' હજી તો જંગલમાં જશે, લાકડું કાપશે, પછી તેમાંથી એક ખંડ કાપી લેશે, પછી તે લાકડાને કોતરીને પ્રસ્થક બનાવશે. છતાં વનપ્રયાણ વખતે જ 'પ્રસ્થક લેવા જઉં છું' એવું જે કહ્યું તે નૈગમનયથી કહેલું જાણવું. કારણ કે પ્રસ્થક હજી વિદ્યમાન નથી અને છતાં સંકલ્પનો વિષય બન્યો છે. આના પરથી સ્પષ્ટ જણાય છે કે કેવળ વિદ્યમાન પદાર્થવિષયક સંગ્રહનય કરતા વિદ્યમાનાવિદ્યમાનાર્થવિષયક નૈગમનય અધિકવિષયી છે.)

સમસ્ત સત્ પદાર્થોનું ગ્રહણ કરનાર સંગ્રહનય, સત્માં પણ વિશેષના જ પ્રકાશક એવા વ્યવહારનય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्यवहारो बहुविषयः । कालादिभेदेन भिन्नार्थोपदेशकाच्छब्दात्तद्विपरीतवेदक ऋजुसूत्रो बहुविषयः । न केवलं कालादिभेदेनैवर्जुसूत्रादल्पार्थता शब्दस्य, किन्तु भावघटस्यापि सद्भावासद्भावादिनाऽर्पितस्य स्याद् घटः स्यादघट इत्यादिभङ्गपरिकरितस्य तेनाभ्युपगमात् तस्यर्जुसूत्राद्**

---

पृथक् पृथक् मोक्षकारणत्वेन स्थापयन्ति । तन्मते हि ज्ञानमात्रसेविनाम्, दर्शनमात्रसेविनाम्, चारित्रमात्रसेविनां च तुल्यतया मोक्षाधिकारात् । सिद्धान्तवादस्तु न कुतोऽपि ज्ञानादेरेकैकस्मात् मोक्षलाभमिच्छति, किंतु अन्योन्यसहकारिभावापन्नात् तत्त्रयादेव । अत एव व्यस्तकारणतावादी नयः समस्तकारणतावादी च सिद्धान्त इत्यप्यभिधातुं शक्यम् ।

ऋजुसूत्रादल्पार्थता शब्दस्य स्फुटयति '**न केवलमि**'त्यादिना - **अयम्भावः** ऋजुसूत्रनयस्तावद्वस्तुनः चत्वारोऽपि निक्षेपानिच्छन्ति शब्दादयस्तु त्रयः केवलं भावनिक्षेपमिच्छन्तीति तु [1]*'भावं चिय सद्दणया, सेसा इच्छन्ति सव्वणिक्खेवे'* (**विशे.भा.गा.२८४७**) इति **भाष्यव**चनप्रामाण्यादवगम्यते । ततश्च ऋजुसूत्राद्विशेषः पुनः शब्दस्येत्थं भावनीयो- यदुत पृथुबुध्नोदराकारादिकलितो भावघट एव परमार्थतः सन्, तदितरेषां तत्तुल्य-

---

કરતા અધિકવિષયી છે.

ત્રણે કાળના પદાર્થોનું ગ્રહણ કરવામાં કુશળ એવો વ્યવહારનય, માત્ર વર્તમાનક્ષણના જ પર્યાયને ગ્રહણ કરનારા ઋજુસૂત્રનય કરતા અધિકવિષયી છે.

કાળ-કારકાદિના ભેદથી વસ્તુને ભિન્ન માનનારા એવા શબ્દનય કરતા ઋજુસૂત્રનય અધિકવિષયી છે કારણ કે ઋજુસૂત્રનય કાળાદિ ભેદથી ભિન્ન વસ્તુને પણ એકરૂપ માને છે. શબ્દનય તેને ભિન્ન ભિન્ન માને છે. આ ઉપરાંત માત્ર ભાવનિક્ષેપને જ માનવાના કારણે પણ શબ્દનય ઋજુસૂત્રનય કરતા વિશેષિતતર વિષયગ્રાહી છે. શબ્દનય પ્રમાણે શબ્દનો વ્યુત્પત્ત્યર્થ જ પ્રધાન છે તેથી શબ્દ દ્વારા પ્રતીત થનારો અર્થ જે પદાર્થમાં સંભવી શકે તેને જ શબ્દનય વાસ્તવમાં સત્ય માને છે. 'ઘટ' ધાતુ ઉપરથી 'ઘટ' શબ્દની ઉત્પત્તિ થઈ છે. 'घट चेष्टायाम्' એવા ધાતુપાઠ પ્રમાણે 'घट्' ધાતુનો અર્થ 'ચેષ્ટા' છે. ઘટ શબ્દ માટે જલાહારણ ક્રિયા એ ચેષ્ટા છે. જે ઘટથી પાણી લાવી શકાય તેને ભાવઘટ કહેવાય છે અને શબ્દનય આવા ભાવઘટને જ સત્ય માને છે. નામઘટ, સ્થાપનાઘટ કે દ્રવ્યઘટ શબ્દનય પ્રમાણે ઘટ નથી કારણ કે નામાદિઘટથી પાણી લાવી શકાતું નથી. ઋજુસૂત્ર નય નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે ય પ્રકારના વર્તમાન ઘટને માને છે જ્યારે પૃથુબુધ્નોદરાદિ આકારથી યુક્ત જલાહરણક્રિયાસમર્થ વર્તમાન ભાવઘટને જ માનનાર શબ્દનય વિશેષિતતરવિષયગ્રાહી છે. (અહીં ખ્યાલ રાખજો કે અતીતાદિ કાળના અને પરકીય ઘટને પણ માનનારા વ્યવહારનય કરતા ઋજુસૂત્રનય માત્ર વર્તમાન-સ્વકીય અર્થગ્રાહી હોવાથી વિશેષિતઅર્થગ્રાહી કહ્યો છે અને એમાંથી પણ વિષયસંકોચ કરનાર હોવાથી શબ્દનયને વિશેષિતતર અર્થગ્રાહી કહ્યો છે.)

આ ઉપરાંત બીજી રીતે પણ શબ્દનય ઋજુસૂત્રનય કરતા વિશેષિતાર્થગ્રાહી છે. આ જ વાતને ગ્રન્થકારશ્રી 'न केवलं' ઈત્યાદિ ગ્રન્થથી જણાવે છે. ઋજુસૂત્રનય ચારે નિક્ષેપ માને છે જ્યારે શબ્દનય તો માત્ર ભાવનિક્ષેપ જ માને છે તેમાં પણ (= ભાવઘટ વિશે પણ) ઋજુસૂત્રનય પ્રત્યુત્પન્ન સત્ત્વાસત્ત્વાદિથી અવિશેષિત

---

१. भावमेव शब्दनयाः, शेषा इच्छन्ति सर्वनिक्षेपान् ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विशेषिततरत्वोपदेशात् । यद्यपीदृशसम्पूर्णसप्तभङ्गपरिकरितं वस्तु स्याद्वादिन एव सङ्गिरन्ते, तथापि ऋजुसूत्रकृतैतदभ्युपगमापेक्षयाऽन्यतरभङ्गेन विशेषितप्रतिपत्तिरत्रादुष्टेत्यदोष इति वदन्ति। प्रतिपर्यायशब्दमर्थभेदमभीप्सतः समभिरूढाच्छब्दस्तद्विषया (द्विपर्यया)नुयायित्वाद्बहुविषयः । प्र-**

---

परिणत्यभावेनाघटकल्पत्वात्। अयं च विशेषः अत्रानुक्तोऽपि अन्यत्रोक्तत्वादनुसन्धेयः। अत्रत्यविशेषप्रतिपादन-मूलं हि **भाष्ये, तथाहि**- [1]'*अहवा पच्चुप्पन्नो रिउसुत्तस्साविसेसिओ चेव कुम्भो विसेसियतरो सब्भावाइहिं सद्दस्स* (२२३१) । [2]*सब्भावासब्भावोभयप्पिओ सपरपज्जयोभयप्पओ कुम्भाकुम्भावत्तव्वोभयरूवाइभेओ सो* (२२३२)' । **अयम्भावः** - अतीतादिकालावच्छिन्ने परकीयेऽपि घटे घटत्वमभ्युपगच्छतो व्यवहाराद् ऋजुसूत्र-स्तावद् 'प्रत्युत्पन्नमि'ति विशेषितं घटमेवाभिमन्यते, वार्तमानिकस्वकीयवस्तुन एव तेनोपगमात् । ऋजुसूत्रस्या-विशेषित एव सामान्येन कुम्भोऽभिप्रेतः शब्दनयस्य तु स एव उर्ध्वग्रीवत्वादिस्वपर्यायैः सद्भावेन विशेषितो घटो, 'घटः' इति भण्यते इत्येवमनयोर्भेदः । स्वपर्यायैः उभयपर्यायैश्च सद्भावेन असद्भावेन

---

ઘટને જ સામાન્યથી ઘટ માને છે. પરંતુ શબ્દનય તો સદ્ભાવાદિથી વિશેષિતતર ઘટને જ ઘટ માને છે. તેથી ઘટ, અઘટ, અવક્તવ્યાદિ ભેદોથી યુક્ત ઘટને માનવાથી શબ્દનયમાં સપ્તભંગી પ્રવર્તશે. સ્વપર્યાયોથી સદ્ભાવવિશેષિત ઘટ હોય છે. તેથી 'स्याद् घट' આ પ્રથમભંગ બનશે. ત્વક્ત્રાણાદિરૂપ પરપર્યાયો (પટપર્યાયો) દ્વારા અસદ્ભાવથી વિશેષિત કુંભ કુંભરૂપ હોતો નથી. આ વિવક્ષાથી 'स्यान्नास्त्येव घटः' આ બીજો ભંગ બનશે. આ રીતે સદ્ભાવ અસદ્ભાવાદિથી (આદિથી અવક્તવ્યત્વાદિ સમજવું.) વિશેષિતતર કુંભને જ માનવાના કારણે શબ્દનયમાં સપ્તભંગીની પ્રવત્તિ થશે જ્યારે ઋજુસૂત્ર તો સદ્ભાવાદિથી અવિશેષિત કુંભને કુંભ માને છે માટે તેમાં સપ્તભંગીની પ્રવૃત્તિ થઈ શકતી નથી. તે તો વર્તમાન સ્વકીય કુંભમાત્રને કુંભ માને છે - આ રીતે પણ ઋજુસૂત્ર કરતા શબ્દનયમાં વિશેષિતતરાર્થગ્રાહિત્વ સિદ્ધ થાય છે. (આ પદાર્થનું મૂળ ***વિશેષાવશ્યકભાષ્ય**ની ૨૨૩૧, ૨૨૩૨ મી ગાથામાં છે. એને અનુસરીને **નયરહસ્યાદિ** ગ્રન્થોમાં પણ આ પદાર્થની વિશદ છણાવટ કરાઈ છે.)

**શંકા :** શબ્દનય જો સપ્તભંગી સ્વીકારે તો તે પ્રમાણરૂપ બની જશે કારણ કે સપ્તભંગીયુક્ત સંપૂર્ણવસ્તુને તો સ્યાદ્વાદી જ માને છે. (સ્યાદ્વાદગર્ભિતવાક્ય એ પ્રમાણવાક્ય હોય છે.)

**સમાધાન :** શબ્દનય સપ્તભંગીયુક્ત પરિપૂર્ણ વસ્તુને જ માને છે એવું સમજી બેસવાથી જ તમને આ ગેરસમજ ઊભી થઈ છે. પરંતુ વાસ્તવિકતા એવી નથી. ઋજુસૂત્ર સદ્ભાવ અને અસદ્ભાવથી અવિશેષિત વર્તમાન સ્વકીય કુંભમાત્રગ્રાહી હોય છે અને શબ્દનય સદ્ભાવ અને અસદ્ભાવ આ બેમાંથી કોઈ એકથી વિશેષિત કુંભનો ગ્રાહક છે. સાતમાંથી કોઈ પણ એક ભાંગા દ્વારા સદ્ભાવ અને અસદ્ભાવ આ બેમાંથી અન્યતરનો ગ્રાહક હોવાથી શબ્દનય ઋજુસૂત્રનય કરતા વિશેષિતતરાર્થગ્રાહી છે એ જ બતાવવાનું તાત્પર્ય છે, એટલે પ્રમાણરૂપ બની જવાનો દોષ નથી એમ પૂર્વાચાર્યો કહે છે.

---

* १. अथवा प्रत्युत्पन्न ऋजुसूत्रस्याविशेषित एव । कम्भो विशेषिततरः सद्भावादिभिः शब्दस्य ।।

२. सद्भावासद्भावोभयार्पितः स्वपरपर्यायोभयतः । कुम्भाकुम्भावक्तव्योभयरूपादिभेदः स ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तिक्रियं विभिन्नमर्थं प्रतिजानानादेवम्भूतात्समभिरूढः तदन्यथार्थस्थापकत्वाद्वहुविषयः ।**

**नयवाक्यमपि स्वविषये प्रवर्तमानं विधिप्रतिषेधाभ्यां सप्तभङ्गीमनुगच्छति, विकलादेशत्वात्,**

---

उभयेन च विशेषितो घटः घटाघटावक्तव्योभयरूपादिभेदो भवति = सप्तभङ्गीं प्रतिपद्यत इत्यर्थः । तदेवं ऋजुसूत्राभ्युपगतं सप्तभेदं घटादिकमर्थं यथाविवक्षमेकेन केनापि भङ्गकेन विशेषिततरमसौ शब्दनयः प्रतिपद्यते, नयत्वात्, ऋजुसूत्राद्विशेषिततरवस्तुग्राहित्वाच्च ।

'**नयवाक्यमपी**'ति → यथा प्रमाणवाक्यं स्वार्थमभिदधानं सप्तभङ्गीमनुगच्छति तथा इत्यपेरर्थः। नयसप्तभङ्गीष्वपि प्रतिभङ्गं स्यात्कारस्यैवकारस्य च प्रयोगसद्भावात्, नयवाक्यमपि सप्तभङ्गीमनुव्रजतीति शेषः। तर्हि नयवाक्यमपि सप्तभङ्ग्यनुगमनतः प्रमाणवाक्यमेव भवेदित्यत आह '**परमेतद्वाक्यस्ये**'त्यादि। विकला-

---

પર્યાયવાચી શબ્દોના એક જ અર્થનો સ્વીકાર કરનારો શબ્દનય દરેક પર્યાયશબ્દના પણ ભિન્ન અર્થને સ્વીકારનારા સમભિરૂઢનય કરતા બહુવિષયી છે. ભિન્ન ભિન્ન ક્રિયાકાળે પણ વસ્તુને એકરૂપ માનનારો સમભિરૂઢનય, પ્રત્યેક ક્રિયા વખતે વસ્તુને અલગ અલગ માનનારો એવમ્ભૂતનય કરતા અધિક વિષયી છે. (એવમ્ભૂતનય ઈન્દનક્રિયા કરનારાને જુદા માને છે, પુર્દારણ ક્રિયા કરનારાને જુદો માને છે પરંતુ સમભિરૂઢ નય ઇન્દનાદિ ભિન્ન ભિન્ન ક્રિયાઓ કરનારાને એક માને છે તેથી તે અધિકવિષયી છે.) આ સમગ્ર નિરુપણ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે પૂર્વ-પૂર્વના નય કરતા ઉત્તર-ઉત્તરના નયો સૂક્ષ્મતર અને અલ્પવિષયવાળા છે. આ રીતે સાત નયો અને એની વિષયમર્યાદાનું નિરુપણ અહીં પૂર્ણ થયું. પ્રમાણપરિચ્છેદમાં પ્રમાણનિરુપણ પૂર્ણ થયા બાદ 'तदिदमागमप्रमाणं सर्वत्र विधिप्रतिषेधाभ्यां स्वार्थमभिदधानं सप्तभङ्गीमनुगच्छति, तथैव परिपूर्णार्थप्रापकत्वलक्षणतात्त्विकप्रामाण्यनिर्वाहात्' ઇત્યાદિ ગ્રન્થથી એ વાત સ્પષ્ટ કરાઈ હતી કે સકલાદેશ-સ્વભાવવાળી સપ્તભંગી સંપૂર્ણાર્થપ્રાપક હોવાથી 'પ્રમાણવાક્ય'રૂપ છે. આ જ રીતે નયવાક્ય પણ સ્વવિષયમાં પ્રવર્તમાન થઈને વિધિ અને પ્રતિષેધ દ્વારા સપ્તભંગી રચે છે. નયવાક્ય પર આશ્રિત સપ્તભંગી પ્રસિદ્ધ થતા પ્રમાણ સપ્તભંગીથી આનો ભેદ (તફાવત) શું છે ? એ જિજ્ઞાસા થવી સહજ છે તેથી ગ્રન્થકારશ્રી એ બે પ્રકારની સપ્તભંગી વચ્ચેનો ભેદ જણાવે છે. નયવાક્ય વિકલાદેશાત્મક છે તેથી તેના આધારે થતી સપ્તભંગી પણ વિકલાદેશાત્મક જ રહે છે જ્યારે પ્રમાણવાક્ય સકલાદેશાત્મક છે તેથી તેના આધારે થતી સપ્તભંગી પણ સકલાદેશાત્મક હોય છે. આ જ પ્રમાણવાક્ય કરતા નયવાક્યની વિશેષતા (ભિન્નતા) છે. (જ્યારે કાલાદિ આઠ દ્વારા અનેક ધર્મોનો અભેદ સિદ્ધ કરીને વસ્તુનું પ્રતિપાદન કરાય તે સકલાદેશ કહેવાય અને કાલાદિ આઠ દ્વારા વસ્તુગત ધર્મો વચ્ચે ભેદ સિદ્ધ કરીને વસ્તુનું પ્રતિપાદન કરાય તે વિકલાદેશ કહેવાય.)

## * નયાભાસ નિરૂપણ *

અહીં પ્રાયઃ દરકે નયાભાસનું હેતુમુખે વિશેષણ મુકીને તે તે અભિપ્રાય નયાત્મક ન રહેતા નયાભાસાત્મક કેમ બને છે તે જણાવાયું છે. નયસામાન્યના લક્ષણમાં જ આપણે જોઈ ગયા કે દરેક નય સ્વવિષયનું પ્રાધાન્ય જણાવે પરંતુ ઈતરાંશનો પ્રતિક્ષેપ કરતો નથી અન્યથા તે દુર્નય (= નયાભાસ) બની જાય. હવે નયાભાસના નિરૂપણમાં આ વાત સ્પષ્ટ થશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**परमेतद्वाक्यस्य प्रमाणवाक्याद्विशेष इति द्रष्टव्यम् ।**

## २. नयाभासानां निरूपणम् ।

**अथ नयाभासाः । तत्र द्रव्यमात्रग्राही पर्यायप्रतिक्षेपी द्रव्यार्थिकाभासः । पर्यायमात्रग्राही**

---

देशस्वभावा हि नयसप्तभङ्गी वस्त्वंशमात्रप्ररूपकत्वात्, सकलादेशस्वभावा तु प्रमाणसप्तभङ्गी सम्पूर्णवस्तुस्वरूपप्रकाशकत्वात् ।

**अथ नयाभासः** इति → अनेकधर्मपरीतार्थग्राहिका बुद्धिः प्रमाणं, तद्द्वाराऽऽयातः पुनरेकधर्मनिष्ठार्थसमर्थनप्रवणः परामर्शः शेषधर्मस्वीकारतिरस्कारपरिहारद्वारेण वर्तमानो नयः । स च धर्माणामानन्त्यादनन्तभेदस्तथापि सर्वसङ्ग्राहकाभिप्रायपरिकल्पनमुखेनैव सप्तभेदो दर्शितः । अयमेव च स्वाभिप्रेतधर्मावधारणात्मकतया शेषधर्मतिरस्कारद्वारेण प्रवर्तमानः परामर्शो नयाभाससञ्ज्ञामश्नुते । तद्बलप्रभावितसत्ताका खल्वेते परप्रवादाः । यदुक्तं प्रकृतग्रन्थका**रेणैव नयोपदेशे** - *'अभिनिवेशान्वितनयत्वस्यैव परसमयबीजत्वाद्'* इति । **ननु** कथमेतेऽवधारणद्वारेण स्वकमर्थं समर्थयन्तस्तद्विपरीतं निराकुर्वाणा नयाभासत्वं प्रतिपद्यन्ते इति चेद्, **अत्रोच्यते** - एवं प्रवृत्तौ निर्गोचरत्वात्, निर्गोचरस्य च नयत्वायोगात् ।

अथ क्रमशो नयाभासाः सोदाहरणं निरूप्यन्ते, '**धर्मिधर्मादीनामि**'त्यादिना - धर्मिणोरेकान्तेन भेदावगाह्यभिप्रायविशेषो यथा 'घटपटावत्यंतभिन्नावि'ति, धर्मयोरेकान्तेन भेदग्राह्यभिप्रायविशेषो यथा सामान्यविशेषौ विभिन्नावेवेति, धर्मधर्मिणोरैकान्तिकभेदावगाहनप्रवणोऽध्यवसायविशेषो यथाऽवयवावयविनौ, गुणगुणिनौ, क्रियाक्रियावन्तौ, जातिव्यक्ती, नित्यद्रव्यविशेषावत्यंतभिन्नावेवेति सर्वोऽपि नैगमाभासः । घटपटयोः धर्मिणोः भिन्नतयोपलब्धावपि द्रव्यत्वादिरूपेणाभिन्नत्वान्न तयोरेकान्तभेदः, सामान्यविशेषयोरपि धर्मयोः द्रव्यपर्यायरूपतया नैकान्तिकभेदो यथा **वैशेषिकादयः** प्राहुः । **तथा च तन्मतम्** - बहुषु घटेषु परस्परं भिन्नेष्वपि 'घटोऽयम्' 'घटोऽयमि'ति योऽनुगतप्रत्ययः समुल्लसति स घटत्वाख्यसामान्यहेतुक इति पृथक् सामान्यं द्रव्यादिति

---

કેવળ દ્રવ્યનું ગ્રહણ કરે અને પર્યાયોનો પ્રતિક્ષેપ કરે તે દ્રવ્યાર્થિકાભાસ. એમ, કેવળ પર્યાયનું ગ્રહણ કરે અને દ્રવ્યનો પ્રતિક્ષેપ કરે તે પર્યાયાર્થિકાભાસ.

**નૈગમાભાસ :** ધર્મી અને ધર્મ વચ્ચે એકાન્તે ભેદ જ છે અથવા એક ધર્મીના બે ધર્મો વચ્ચે એકાન્તે ભેદ છે એવો અભિપ્રાય નૈગમાભાસ કહેવાય છે. જેમ કે નૈયાયિક-વૈશેષિક દર્શનની માન્યતા. તે બન્ને દર્શનોના મતે અવયવ-અવયવી વચ્ચે (= પટ અને તન્તુ વચ્ચે), ગુણ અને ગુણવાન વચ્ચે (= જ્ઞાન અને આત્મા વચ્ચે), ક્રિયા અને ક્રિયાવાન્ વચ્ચે (= પતન ક્રિયા અને ફળ વચ્ચે), જાતિ અને વ્યક્તિ વચ્ચે (= ઘટત્વ અને ઘટ વચ્ચે) અત્યંત ભેદ માને છે પરંતુ આ માન્યતા ખોટી છે કારણ કે જેમ ઘટ અને પટ વચ્ચે સ્પષ્ટ ભેદ પ્રતીત થાય છે એવી પ્રતીતિ ઘટ અને કપાલ વચ્ચે થતી નથી માટે ધર્મ-ધર્મી માટે કથંચિદ્ અભેદ માનવો જ ઘટે. અને જ્યારે ધર્મ-ધર્મી વચ્ચે એકાન્ત ભેદ ન હોય ત્યારે એક ધર્મીના અનેક ધર્મો વચ્ચે પણ એકાન્તભેદ ન હોઈ શકે. આત્મા અને જ્ઞાન વચ્ચે જો કથંચિદ્ અભેદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**द्रव्यप्रतिक्षेपी पर्यायार्थिकाभासः । धर्मिधर्मादीनामैकान्तिकपार्थक्याभिसन्धिर्नैगमाभासः, यथा नैयायिकवैशेषिकदर्शनम् । सत्ताऽद्वैतं स्वीकुर्वाणः सकलविशेषान्निराचक्षाणः संग्रहाभासः यथाऽखिलान्यद्वैतवादिदर्शनानि सांख्यदर्शनं च । अपारमार्थिकद्रव्यपर्यायविभागाभिप्रायो व्य-**

---

स्थितम् । घटपटयोः घटयोर्वा 'अयमस्मात् पृथगि'ति यो भेदावगाही प्रत्ययः स तदीयावयवभेदलक्षितभेद-पारम्पर्येण तत्परमाणुनिष्ठविशेषभेदनिबन्धन इति पृथग् विशेषः सिद्ध्यति द्रव्यसकाशात् । **तन्मन्दम्,** यतः स्वभाव एव हि सर्वभावानां यदनुवृत्तिव्यावृत्तिप्रत्ययौ स्वत एव जनयन्ति, न हि तादृक्प्रतीत्यै ते सामान्यविशेषादिलक्षणं पदार्थान्तरं स्वस्मात् सर्वथा भिन्नमप्यपेक्षन्ते । **तथाहि** - घट एव हि तावत् पृथु-बुध्नोदराद्याकारवान् प्रतीतिविषयीभवन् अन्यानपि तदाकृतिभृतः पदार्थान् घटरूपतया घटैकशब्दवाच्यतया च प्रत्याययन् सामान्याभिधां लभते । स एव चेतरेभ्यः सजातीयविजातीयेभ्यो द्रव्यक्षेत्रकालभावैरात्मानं व्यावर्तयन् विशेषव्यपदेशमश्नुते । **तथाहि** - स्वकीयोत्पत्तिस्थितिनाशानां भिन्नमृत्पिण्डलक्षणद्रव्ये भवनाद् भवति द्रव्यतो द्रव्यान्तराद् भेदः । एवं भिन्नक्षेत्रे काले च भवनाद् भिन्नवर्णादिलक्षणभावे वर्तनात् क्षेत्रतः कालतः भावतोऽपि भेदो भाव्य इति न सामान्यविशेषयोः पृथक्पदार्थान्तरत्वकल्पनं न्याय्यम् । पदार्थधर्मत्वेनैव तयोः प्रतीयमानत्वात् । न च धर्मा धर्मिणः सकाशादत्यंतं व्यतिरिक्ता, एकान्तभेदे विशेषणविशेष्यभावानुपपत्तेः करभरासभयोरिव धर्मधर्मिव्यपदेशाभावप्रसङ्गाच्च । धर्माणामपि च पृथक्पदार्थान्तरत्वकल्पन एकस्मिन् वस्तुनि पदार्थानन्त्यप्रसङ्गः, वस्तुनोऽनन्तधर्मकत्वात् । **किञ्च,** सामान्यविशेषयोः पदार्थान्तरत्वं प्रतिपत्तृभिस्त-त्सम्बन्धनाय समवायाख्यपदार्थान्तरकल्पनाऽपि कर्तव्या स्यादित्येकानृतरक्षायै अनृतान्तरानुसरणम्। समवायसम्बन्धने पुनः सम्बन्धान्तरकल्पनाद्वारेण अनवस्थाभिया वस्तुन एव स्वरूपं सम्बन्धतया स्वीक्रियते । तत्किमर्थं पुनः प्रारम्भत एव वस्तुस्वरूपात्मकावेव सामान्यविशेषौ अपृथग्भावसम्बन्धेन च सम्बद्धौ न स्वीक्रियत इत्यलं प्रसङ्गेन । विस्तरार्थिना अन्यत्रावलोकनीयम् ।

सङ्ग्रहाभासं निरूपयति **'सत्ताद्वैतमि'**त्यादिना - उपलक्षणाद् ज्ञानाद्वैत-शब्दाद्वैतादीनामपि ग्रहः । तमुदाहरति **यथे**त्यादिना - अखिलान्यद्वैतवादिदर्शनानीत्यपरसङ्ग्रहोदाहरणं, साङ्ख्यदर्शनमिति तु परसङ्ग्र-होदाहरणम् । **अद्वैतवादश्चायम्** - घटपटादिरूपः प्रपञ्चो मिथ्यारूपः प्रतीयमानत्वात्, शुक्तिकायां रजतत्व-वदिति । न शुद्धब्रह्मण ऋते किञ्चन वास्तवमस्ति, **यदाह** - *'ब्रह्म सत्यं जगन्मिथ्ये'*ति । **तन्न,** प्रतीय-

---

હોય તો જ્ઞાન અને સત્ત્વ વચ્ચે પણ કથંચિદ્ અભેદ માનવો પડે કારણ કે 'तदभिन्नाभिन्नस्य तदभिन्नत्वनियमः' એવો નિયમ છે કે आ અને ब વચ્ચે, તથા अ અને क વચ્ચે અભેદ હોય તો ब અને क વચ્ચે પણ અભેદ માનવો પડે. આત્મા અને જ્ઞાન વચ્ચે, તથા આત્મા અને સત્ત્વ વચ્ચે અભેદ હોય એટલે જ્ઞાન અને સત્ત્વ વચ્ચે પણ કથંચિદ્ અભેદ માનવો ઘટે. માટે ધર્મ-ધર્મી વચ્ચે એકાંતે ભેદ માનવો તે નૈગમાભાસ છે.

**સંગ્રહાભાસ :** 'સત્તાદ્વૈત છે' (= માત્ર મહાસામાન્ય જ સત્ છે.) એવી માન્યતા અર્થાત્, 'સત્તા જ સત્ છે કારણ કે સત્તાથી ભિન્ન વિશેષો ઉપલબ્ધ થતા નથી' આવો અભિપ્રાય તે સંગ્રહાભાસ. જેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**वहाराभासः, यथा चार्वाकदर्शनम् चार्वाको हि प्रमाणप्रतिपन्नं जीवद्रव्यपर्यायादिप्रविभागं कल्पनारोपितत्वेनापह्नुतेऽविचारितरमणीयं भूतचतुष्टयप्रविभागमात्रं तु स्थूललोकव्यवहारानुयायि-**

मानत्वं हेतुर्ब्रह्मात्मना व्यभिचारी, तस्य प्रतीयमानत्वेऽपि सत्यरूपत्वाभ्युपगमादप्रतीयमानत्वे त्वस्य तद्विषयकवचसामप्रवृत्तेर्मूकतैव तेषां श्रेयस्करी । साध्यविकलश्च दृष्टान्तः शुक्तिकारजतयोरपि प्रपञ्चान्तर्गतत्वेन तत्र मिथ्यात्वस्य साध्यमानत्वात् । **किञ्च**, प्रपञ्चबाधकमिदमनुमानं प्रपञ्चाद् भिन्नमभिन्नं वा ? यदि भिन्नं तर्हि सत्यमसत्यं वा ? यदि सत्यं तर्हि तद्वदेव प्रपञ्चस्यापि सत्यत्वं स्यात्, तथा च भग्नोऽद्वैतवादप्राकारः। अथासत्यम्, तर्हि तस्यावस्तुत्वादेव न तेन किञ्चित् साधयितुं शक्यम् । अभिन्नं चेत्, प्रपञ्चस्वाभाव्यात्तस्यापि मिथ्यारूपतया न स्वसाध्यसाधनसामर्थ्यमिति नाद्वैतवादस्तत्त्वतस्तात्त्विकः ।

'**प्रमाणप्रतिपन्नमि**'ति - अहं सुखी दुःखी वेत्यादि प्रत्यक्षमेव तावद् देहातिरिक्तात्मद्रव्यलक्षणविषयमन्तरेण नोपपद्यते । **न च** तत्रत्याहम्प्रत्ययो देहालम्बन इति **वाच्यम्**, अन्धकारादौ बाह्यशरीरेण सहालोकादिसापेक्षचक्षुरिन्द्रियस्य स्वविषयग्राहकस्य सन्निकर्षलक्षणव्यापाराभावेऽप्युपजायमानस्य 'अहं सुखी'त्यादि प्रत्यक्षस्य चाक्षुषत्वासम्भवात्, मानसस्य च तस्य बहिरिन्द्रियसहकारेण जायमानस्य बहिर्देहादिविषयकत्वासम्भवेऽन्तर्व्यवस्थितात्मविषयकत्वमेवाभ्युपगन्तव्यमिति प्रत्यक्षप्रमाणसिद्ध आत्मा । अस्ति चानुमानप्रमाणमपि **तथाहि** - इन्द्रियं सकर्तृकं करणत्वात् वास्यादिवत्, **न च** शरीरमेव तत्र कर्ता इति **वाच्यम्** बाल्यशरीरत्यागेन यौवने बाल्यकालानुभूतस्य स्मरणं न स्याद् अनुभवस्मरणयोः सामानाधिकरण्यप्रत्यासत्त्योत्पादनियमादन्यथा अन्यदृष्टस्य स्मरणमन्यस्य स्यादिति । शरीरभिन्न आत्मा एव कर्तृत्वेनऽभ्युपेयः। **किञ्च**, ज्ञानादयः साश्रया गुणत्वाद् रूपादिवद् इत्यप्यनुमानं द्रष्टव्यम् । न च शरीरमेवाश्रय इति कल्पयितुं न्याय्यम्, तथा सति स्थूलदेहस्य ज्ञानाधिक्यं, कृशशरीरस्य च मतिमान्द्यं स्यात्, न चैतद् दृष्टमिष्टं वा, अन्यथाऽपि दर्शनादिति शरीरव्यतिरिक्तो जीव एवाश्रयत्वेन कल्प्यते। शब्दप्रमाणमपि अत्र प्रवर्तते **तथाहि**- शब्दकोशे तावत् जीवप्रतिपादनपराश्चेतन-आत्मा-इत्यादिशब्दा देहप्रतिपादनपरात् शरीर-काया-देहादि-लक्षणाच्छब्दाद् भिन्नार्थतया

---

કે સમસ્ત અદ્વૈતવાદિ દર્શનો (વેદાન્ત વગેરે)ની માન્યતા તથા સાંખ્યદર્શનની (માત્ર પ્રકૃતિ જ મૂળતત્ત્વ છે એવી) માન્યતા.

**વ્યવહારાભાસ :** દ્રવ્ય-પર્યાયોના અપારમાર્થિક વિભાગને જે માને તે અભિપ્રાયને વ્યવહારાભાસ જાણવો. જેમ કે ચાર્વાકદર્શનની માન્યતા. સામાન્યથી (= સ્થૂલ રીતે) જોઈએ તો બાહ્ય ઈન્દ્રિયો દ્વારા પ્રત્યક્ષ અનુભવાતા પદાર્થોની સત્તા જ લોકમાં મનાય છે અને લોકવ્યવહાર પણ તેના આધારે જ ચાલે છે અને આ વ્યવહાર યથાર્થ પણ છે. પરંતુ 'ઈન્દ્રિયપ્રત્યક્ષ હોય એટલું જે માનીએ બાકી ઈન્દ્રિયોથી અગમ્ય કોઈ પદાર્થો છે જ નહીં' આવું કોઈ માને ત્યારે એ માન્યતા વ્યવહારાભાસરૂપ બની જાય છે. ચાર્વાકદર્શન અતીન્દ્રિય એવા જીવ-પુણ્ય-પાપ-સ્વર્ગ-નરક-મોક્ષાદિ પદાર્થોને માનતું નથી. પ્રમાણ દ્વારા સિદ્ધ થયેલા એવા જીવ અને તેના જ્ઞાનાદિરૂપ પર્યાયોને તે લોકો માનતા નથી અને 'દેખ્યું એટલુ સાચું' ના સ્થૂલ લોકવ્યવહારને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तया समर्थयत इति । वर्तमानपर्यायाभ्युपगन्ता सर्वथा द्रव्यापलापी ऋजुसूत्राभासः, यथा**

दृश्यन्ते । **किञ्च**, ममोदरं तुदतीत्यादौ षष्ठ्या भेदबोधनात् आत्मा सिद्ध्यति, अन्यथा अहं तुदामीति प्रयोगापत्तिः स्यादिति प्रमाणप्रतिपन्नो जीवः । **उपलक्षणादिदमपि द्रष्टव्यम्** → लोकव्यवहारमार्गाननुसारितया परमाणुमनभ्युपगन्त्रभिप्रायोऽपि व्यवहाराभासः। न च यदेव, साक्षान्न विशददर्शने चकास्ति तत्सर्वमपलप्यते, घटादिवस्तुनोऽप्यर्वाग्भागवर्तित्वडमात्रप्रतिभासितया मध्यपरभागादीनामपलापप्रसङ्गात्। तथा च लोकव्यवहारोऽपि विशीर्येत। अथात्रानुमानबलेन व्यवहारक्षमसम्पूर्णवस्तुसाधनम्, एवं तर्हि परमाणुसाधनमपि कुरु, को वारयिता? अनुमानप्रयोगश्च एवं- परिमाणं जघन्योत्कृष्टविश्रान्तिस्थानवत् तरतमभावापन्नत्वात् ज्ञानवत्। यथा च तारतम्यवज्ज्ञानं जघन्यतः सूक्ष्मनिगोदापर्याप्तकजीवे, उत्कर्षतस्तु केवलिनि विश्रान्तं तथैव परिमाणमपि उत्कर्षत आकाशादिषु विश्रान्तं सत् जघन्यतोऽपि कुत्रचिद्विश्रान्तमिति वाच्यम्, तदेव हि परमाणुरभिधीयते। **यथा**, द्व्यणुकरादिस्कन्धो भेद्यो, मूर्तत्वे सति सावयवत्वात्, कुम्भवत् । सावयवैराकाशादिभिर्व्यभिचारपरिहारार्थं सत्यन्तं हेतुविशेषणम् । ये च द्व्यणुकादिभेदानन्तरमंशाः समुत्पद्यन्तेऽवयवास्ते परमाणवः। **किञ्च**, सन्ति परमाणवः स्थूलावयविनिष्पत्त्यन्यथानुपपत्तेः, इत्यन्तर्व्याप्त्यापि परमाणुसिद्धिः ।

'**सर्वथा द्रव्यापलापी ऋजुसूत्राभास**' इति - 'वार्तमानिकमेव वस्तु, न तु त्रैकालिकावस्थानुयायि मौक्तिककणनिकरानुस्यूतैकसूत्रवदेकं द्रव्यमि'ति **ऋजुसूत्राभासाभिप्रायः । अयम्भावः** - अयं हि **बौद्ध**मतः यद् 'घटादि वस्तु न स्थायिभावं भजते, प्रतिक्षणं विनाशसद्भावात् । **न च** 'स एवायमि'त्यादिलक्षणा प्रत्यभिज्ञा विशीर्येतेति **वाच्यम्**, निरन्तरसदृशापरापरक्षणोत्पादाद् अविद्यानुबन्धाच्च सोपपद्यते। पूर्वक्षणविनाशकाल एव तत्सदृशं क्षणान्तरमुदयते । तेनाकारविलक्षणत्वाभावादव्यवधानाच्च निरन्वयनाशेऽपि 'स एवायम्' इत्यभेदाध्यवसायी प्रत्ययः प्रसूयते । तत्त्वतः स भ्रान्त एव, लूनोत्पन्नकुशकेशादिषु दृश्यमान 'स एवायमि'ति प्रत्ययवत्। ततश्च यत्सत्तत्क्षणिकमिति तदभिप्रायः। अस्मिन् मते पूर्वक्षण एवोत्तरक्षणस्योपादानमिति। आत्माऽपि **बौद्ध**मते विज्ञानक्षणपरम्परामात्रमेव न पुनर्भवान्तरानुयायी शाश्वतद्रव्यरूपः कश्चन सिद्ध्यति। **तन्न** सम्यक्, अनेकदोषकदम्बकलङ्कितत्वात् क्षणिकवादस्य। **तथाहि** - येन ज्ञानक्षणेन सदनुष्ठानमसदनुष्ठानं वाऽनुष्ठितं तस्य तु निरन्वयविनाशान्न तत्फलोपभोगः । यस्य च फलोपभोगो, न तेन तत्कर्म कृतमिति **भीमशकुनिआहारनीहारवार्तावत्** प्राच्यज्ञानक्षणस्य कृतकर्मप्रणाशो दोषः स्वकृतकर्मफलानुपभोगात्, उत्तर-

---

અવલંબીને પૃથ્વી-જલ-તેજ-વાયુરૂપ ભૂતચતુષ્ટયને જ માને છે અર્થાત્ સમગ્ર જગતને પ્રત્યક્ષ દેખાતા એવા ભૂતચતુષ્ટયાત્મક માને છે.

**ઋજુસૂત્રાભાસ :** વર્તમાનકાળના પર્યાયને જ સ્વીકારનારો અને (એ પર્યાય જેનો છે એવા સ્થાયિ) દ્રવ્યનો સર્વથા નિષેધ કરનારો અભિપ્રાય તે ઋજુસૂત્રાભાસ. જેમ કે તાથાગત (= બૌદ્ધ) મત. ત્રૈકાલિક દ્રવ્ય સાથે પર્યાયોનો સંબંધ અનુભવસિદ્ધ છે. 'હું નાનો હતો, હું યુવાન છું, હું ઘરડો થઈશ' અહીં ત્રણ જુદા જુદા પર્યાયોની પ્રતીતિઓમાં પણ 'હું' ની એકસરખી પ્રતીતિ થાય છે. પરંતુ બૌદ્ધ મત તો વર્તમાનક્ષણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ताथागतं मतं । कालादिभेदेनार्थभेदमेवाभ्युपगच्छन् शब्दाभासः, यथा बभूव भवति भवि-**

ज्ञानक्षणस्य चाकृतकर्मभोगः, स्वयमकृतस्यापि परकृतकर्मणो फलोपभोगात् ।

**किञ्च,** मतेऽस्मिन् परलोकाभावप्रसङ्गः, परलोकिनः कस्यचिदभावात् । यच्च **मोक्षाकरगुप्तेन** *'यच्चित्तं तच्चित्तान्तरं प्रतिसन्धत्ते, यथेदानीन्तनं चित्तं, चित्तं च मरणकालभावि'* इति भवपरम्परासिद्धये प्रमाणप्रदर्शनप्रयासः कृतः तदपि आयासमात्रम्, निरन्वयनाशिचित्तक्षणानां चित्तान्तरप्रतिसन्धानायोगात्, प्रतिसन्धानं हि द्वयोरवस्थितयोरुभयानुगामिना केनचित् क्रियते । यश्चानयोः प्रतिसन्धाता, स तेन नाभ्युपेयते, स ह्यात्मान्वयी इति यत्किञ्चिदेतत् । परलोकाभावदोषवत् मोक्षाभावोऽपि स्यादेव । कः प्रेत्य सुखीभवनार्थं यतिष्यते ? ज्ञानक्षणोऽपि संसारी कथमपरज्ञानक्षणसुखीभवनार्थं घटिष्यते । न हि दुखितो देवदत्तो यज्ञदत्तसुखाय चेष्टमानो दृष्टः । तथा च स्फुट एव मोक्षाभावः । **अपि च** स्मरणाभावदोषोऽपि समापतति । पूर्वज्ञानक्षणानुभूतार्थविषयिणी स्मृतिर्नोत्तरवर्तिज्ञानक्षणानां सम्भवति, अनुभवस्मरणयोः समानाधिकरणप्रत्यासत्त्योत्पत्तिनियमादित्यहमहमिकया बहवो दोषकीटका प्रविशन्ति। ततश्च जर्जरितोऽयं क्षणिकवादोऽपि क्षणिक एवेति न प्रामाणिकसदसि क्षणमप्यवस्थातुमलम् ।

**अयमत्र विवेकः** - यद् बुद्धेन 'सर्वं क्षणिकं क्षणिकं, सर्वं दुःखं दुःखं, सर्वं स्वलक्षणं स्वलक्षणं, सर्वं शून्यं शून्यमि'ति भावनाचतुष्टयमभ्यधायि, तत्तु अनादिप्ररूढजडरागसंस्कारोच्छित्त्यै वैराग्यवृद्धयै चोपयोगीति नात्र विवदामः, यदस्मदीयग्रन्थेऽपि *'कुशशिरसि नीरमिव गलदनिलकम्पितं विनय ! जानीहि जीवितमसारं'* **(शांतसुधारस)** इत्यादिकं बहुश उक्तमेव । वासनाया विपरीतभावनानाश्यत्वनियमात् । किन्तु एवं सति नैव भवदीयः क्षणिकवादो वास्तविकः । नहि औषधरुपेण वैद्येन प्रदीयमानं वस्तु आहारतयोपादातुं शक्यमुचितं वा । न हि जीवनस्य जलबिन्दुचञ्चलत्वं शास्त्रोपनिबद्धमपि निशम्य जातमात्रस्य बालकस्य अन्त्यसंस्कारः कर्तुमुचितमिति क्षणिकवादोऽपि इत्थमापेक्षिकतया भावनाविषयत्वेन स्वीक्रियमाणो न दोषावह इतरथा तु स्यादेवेत्**युत्पश्यामः ।**

**उपलक्षणादिदमप्यवगन्तव्यम्** - ऋजुसूत्रो दृष्टापलापेनादृष्टमेव क्षणक्षयिपरमाणुलक्षणं वस्तुस्वरूपं परमार्थतया समर्थयमानोऽपि दुर्नयतामास्कन्दति। स हि स्वावयवव्यापिनं कालान्तरसञ्चरिष्णुमाकारं साक्षाल्लक्षयन् पश्चात् कुयुक्तिबलेन विवेचयेद्, यदुतैष स्थिरस्थूरो दृश्यमानः खल्वाकारो न घटामियर्ति, विचाराक्षमत्वादित्यादिना। न तेऽवयविनं कञ्चनमभ्युपेयते, परमाणुपुञ्जात्मकं घटादिवस्तु च मन्यते। **तन्न**

વિદ્યમાન પર્યાયને જ માને છે. અતીત કે અનાગત કાળની કોઈ વસ્તુને તેઓ માનતા નથી માટે આ ઋજુસૂત્રાભાસ છે.

**શબ્દાભાસ :** કાળ આદિના ભેદથી શબ્દથી અર્થમાં એકાંતે ભેદ માનનાર તે શબ્દાભાસ. જેમ કે 'સૂમેરુ હતો, છે અને રહેશે' વગેરે સ્થળોએ ભિન્નભિન્ન કાળવાચી શબ્દો ભિન્ન ભિન્ન અર્થનું જ પ્રતિપાદન કરે છે કારણ કે તેઓ ભિન્ન કાળવાચી શબ્દો છે. જેમ કે ભિન્નઅર્થપ્રતિપાદક ભિન્નકાળવાચી અન્યશબ્દો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ष्यति सुमेरुरित्यादयः शब्दा भिन्नमेवार्थमभिदधति, भिन्नकालशब्दत्वात्तादृक्सिद्धान्यशब्दवदिति । पर्यायध्वनीनामभिधेयनानात्वमेव कक्षीकुर्वाणः समभिरूढाभासः, यथा इन्द्रः शक्रः पुरन्दर इत्यादयः शब्दा भिन्नाभिधेया एव, भिन्नशब्दत्वात्, करिकुरङ्गशब्दवदिति । क्रियानाविष्टं वस्तु शब्दवाच्यतया प्रतिक्षिपन्नेवम्भूताभासः, यथा विशिष्टचेष्टाशून्यं घटाख्यं वस्तु न घटशब्दवाच्यं, घटशब्दप्रवृत्तिनिमित्तभूतक्रियाशून्यत्वात्, पटवदिति । अर्थाभिधायी शब्दप्रतिक्षेपी**

---

**सम्यक्**, स्थूलावयविनः प्रत्यक्षादिप्रमाणसिद्धत्वात्, तत्सिद्धिप्रकारश्च ग्रन्थान्तरादेव ज्ञातव्यः ।

शब्दनयाभासं निरूपयति '**कालादिभेदेने**'त्यादि आदिपदेन भिन्नलिङ्गकारकवचनादिग्रहः । कालादिभेदेन सर्वथाऽर्थभेदाभ्युपगमो हि शब्दाभास उच्यते। न पुनरयं नियमो यथायमस्यैव वाचको नान्यस्य, देशकालपुरुषसङ्केतादिविचित्रतया शब्दानामपरापरार्थाभिधायकत्वोपपत्तेः, अर्थानामप्यनन्तधर्मत्वादेवापरापरशब्दवाच्य-

---

એટલે ભૂતકાળના મેરુથી વર્તમાનનો મેરુ એકાન્તે ભિન્ન છે અને ભવિષ્યકાળનો મેરુ તે બન્નેથી એકાંતે ભિન્ન છે.

**સમભિરૂઢાભાસ** : પર્યાયવાચી શબ્દોના અર્થોમાં સર્વથા ભેદ છે એવું માનવું તે સમભિરૂઢાભાસ. જેમ કે 'ઈન્દ્ર, શક્ર, પુરન્દર વગેરે શબ્દો ભિન્ન અર્થના જ પ્રતિપાદક છે કારણ કે તે બન્ને શબ્દો ભિન્ન છે. જેમ કે કરિ, કુરંગ, તુરંગ વગેરે શબ્દો ભિન્ન હોવાથી ભિન્ન અર્થના જ પ્રતિપાદક છે તેમ.'

**એવંભૂતાભાસ** : જ્યારે પદાર્થ, શબ્દની પ્રવૃત્તિમાં હેતુભૂત એવી ક્રિયાથી રહિત હોય છે ત્યારે તે પદાર્થ, તે શબ્દના વાચ્યાર્થથી (= ક્રિયાયુક્ત પદાર્થથી) એકાંતે ભિન્ન છે એવું માનનાર એવમ્ભૂતાભાસ છે. જેમ કે 'વસ્તુ જ્યારે પાણી લાવવાના સમયે સ્ત્રીના મસ્તક પર વિશિષ્ટ ચેષ્ટામાં રહેવારૂપ ક્રિયાથી યુક્ત હોતી નથી, ત્યારે તે 'ઘટ' શબ્દથી વાચ્ય બને નહીં કારણ કે તે વસ્તુ અત્યારે 'ઘટ' શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત બનતી ક્રિયાથી રહિત છે. જેમ કે પટ. પટ, 'ઘટ' શબ્દની વ્યુત્પત્તિમાં નિમિત્તભૂત એવી ક્રિયાથી શૂન્ય હોવાથી 'ઘટ' શબ્દથી વાચ્ય બનતો નથી તેમ અહીં સમજવું.' આવા અભિપ્રાયને એવમ્ભૂતનયાભાસ જાણવો.

**અર્થનયાભાસ** : અર્થને જણાવનારા અને શબ્દનો નિષેધ કરનારા અભિપ્રાય તે અર્થનયાભાસ.

**શબ્દનયાભાસ** : શબ્દને જણાવનારા અને અર્થનો નિષેધ કરનારા અભિપ્રાય તે શબ્દનયાભાસ.

**અર્પિતનયાભાસ** : અર્પિતને (= વિશેષને) સ્વીકારનાર તથા અનર્પિતને (= સામાન્યનો) નિષેધ કરનાર અભિપ્રાય તે અર્પિતનયાભાસ. જેમ કે બૌદ્ધમત.

**અનર્પિતનયાભાસ** : અનર્પિતને સ્વીકારનાર તથા અર્પિતનો નિષેધ કરનાર અભિપ્રાય તે અનર્પિતનયાભાસ. જેમ કે સાંખ્યમત, વેદાન્તમત વગેરે.

**વ્યવહારાભાસ** : લોકવ્યવહારને સ્વીકારીને તત્ત્વનો નિષેધ કરનાર અભિપ્રાય તે વ્યવહારાભાસ. જેમ કે ચાર્વાકમત.

**નિશ્ચયાભાસ** : માત્ર તત્ત્વને સ્વીકારીને વ્યવહારનો નિષેધ કરનાર તે નિશ્ચયાભાસ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**अर्थनयाभासः । शब्दाभिधाय्यर्थप्रतिक्षेपी शब्दनयाभासः । अर्पितमभिदधानोऽनर्पितं प्रतिक्षिपन्नर्पितनयाभासः । अनर्पितमभिदधदर्पितं प्रतिक्षिपन्ननर्पिताभासः । लोकव्यवहारमभ्युपगम्य तत्त्वप्रतिक्षेपी व्यवहाराभासः । तत्त्वमभ्युपगम्य व्यवहारप्रतिक्षेपी निश्चयाभासः । ज्ञानमभ्युपगम्य क्रियाप्रतिक्षेपी ज्ञाननयाभासः । क्रियामभ्युपगम्य ज्ञानप्रतिक्षेपी क्रियानयाभास इति ।**

**इति जैनतर्कभाषायां नयपरिच्छेदः ।**

---

त्वाविरोधात्, तथैव च व्यवहारदर्शनात्, यथा महाराष्ट्रादिराज्यप्रसिद्धमराठीभाषायां 'राग'शब्दः क्रोधाभिधायकतया प्रयुज्यते स्वसमयपरिभाषायां गुर्जरादिगिरायां च पुनरयमेव शब्दोऽभिष्वङ्गार्थबोधकतया प्रयुज्यते इति । **किञ्च**, अभिलाप्यभावानामानन्त्यादक्षरसंयोगानां पुनः सङ्ख्येयकत्वादपि शब्देऽनेकार्थाभिधायकत्वं स्वीकार्यमेव, धातूनामनेकार्थकत्वोक्तिरपि तथैव सङ्गच्छतीति सर्वध्वनयो योग्यतया सर्वार्थवाचकाः देशक्षयोपशमाद्यपेक्षया तु क्वचित् कथञ्चित् प्रतीतिं जनयन्ति । ततश्च क्वचिदनपेक्षितव्युत्पत्तिनिमित्ता रूढितः प्रवर्तन्ते, क्वचित्, सामान्यव्युत्पत्तिसापेक्षाः, क्वचित्तत्कालवर्तिव्युत्पत्तिनिमित्तापेक्षयेति न तत्र प्रामाणिकपुरुषेण प्रतिनियतार्थाग्रहो विधेयः । एवं हि समभिरुढैवम्भूतयोरपि आभासत्वबीजं दर्शितप्रायमेव । **समाप्तञ्च नयपरिच्छेदविवरणम् ।**

---

**જ્ઞાનનયાભાસ :** જ્ઞાનને સ્વીકારતો અને ક્રિયાનો નિષેધ કરતો (અર્થાત્ ક્રિયાને સાવ નિરર્થક ગણતો) અભિપ્રાય તે જ્ઞાનનયાભાસ (જેમ કે કાનજી મત વગેરે...)

**ક્રિયાનયાભાસ :** ક્રિયાને સ્વીકારીને જ્ઞાનનો નિષેધક અભિપ્રાય તે ક્રિયાનયાભાસ. આ રીતે નયાભાસનું નિરુપણ પૂર્ણ થયું. (**ઉપસંહાર :** સમગ્ર નય પરિચ્છેદનો સાર એટલો જ છે કે અભિપ્રાયમાં જ્યાં સુધી સ્વવિષયનું પ્રાધાન્ય રહે ત્યાં સુધી તેને નયસ્વરૂપ રહેવામાં કે માનવામાં વાંધો નથી. પરંતુ એ પ્રાધાન્ય જ્યારે ઝનુની બને અર્થાત્, 'આ આમ જ, આમ નહીં જ' ઈત્યાદિ રૂપે અભિનિવિષ્ટ થઈને ઇતરાંશનો પ્રતિક્ષેપ કરે ત્યારે તે નયસ્વરૂપ ન રહેતા દુર્નય (= નયાભાસ) રૂપ બની જાય છે. (નયવિષયક અતિસૂક્ષ્મવિવરણ જેમાં ઉપલબ્ધ છે એવા **નયોપદેશ** ગ્રન્થમાં ગ્રન્થકાર **મહો.શ્રી યશોવિજયજી** મહારાજે એક માર્મિક વાત કહી છે - 'अभिनिवेशान्वितनयत्वस्यैव परसमयलक्षणत्वात्' = 'મારું કથન જ સાચું, બાકી બધું ખોટું.' આવા અભિનિવેશથી જે નય અન્યનયોની વક્તવ્યતાને જુઠી ઠેરવે ત્યારે તે દુર્નય બની જવાથી સ્વ-આગમ માન્ય ન રહેતા પર-આગમરૂપ બની જાય છે કારણ કે 'અભિનિવેશયુક્તનયત્વ' એ જ પર આગમનું લક્ષણ છે.) જૈનદર્શનમાં અનેકાન્તવાદની કેટલી મહત્તા છે તે નય અને દુર્નય વચ્ચેની ભેદરેખા બતાવીને આ પરિચ્છેદ સ્પષ્ટ જણાવે છે. **અહીં નયપરિચ્છેદ નામના દ્વિતીય પરિચ્છેદનું નિરૂપણ પૂર્ણ થયું.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ३. निक्षेपपरिच्छेदः ।

### (१. नामादिनिक्षेपनिरूपणम् ।)

**नया निरूपिताः । अथ निक्षेपा निरूप्यन्ते । प्रकरणादिवशेनाप्रतिपत्त्यादि-**

---

'**नया निरूपिता अथ निक्षेपाः**' इति → ननु उपक्रम-निक्षेप-अनुगम-नयलक्षणे प्रवचनप्रसिद्ध-व्याख्याक्रमचतुष्टये निक्षेपस्य नयात्प्रागुपन्यासः, **तत्त्वार्थसूत्रे**ऽपि निक्षेपस्य प्रमाणनयाभ्यां प्रागुपन्यासो दृष्टो निक्षेपस्य व्यापकत्वात् यदुक्तं **श्रीहरिभद्रसूरिभिः तत्त्वार्थवृत्तौ** *'अत्र च व्यापकत्वान्नामादीनामादावेभिर्निरूपयन्नाह 'नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः'* (१/५) इति । अत्र च प्रमाणनयानन्तरं निक्षेपनिरूपणमिति किंकृतः क्रमव्यत्यय इति **चेत्, अत्रोच्यते अनुयोगद्वारादिसूत्रे** व्याख्याया पद्धतिरभिधातुमिष्टा सा च क्रमाभिहितैव स्फुटबोधजनिका भवेत् । ततश्च तत्र निक्षेपस्य प्रागुपन्यासो, यतोऽनिक्षिप्तस्य कुतः प्रमाणनयैर्विचारणा ? यदुक्तं **तत्त्वार्थभाष्ये** - *'जीवादीनां तत्त्वानां यथोद्दिष्टानां नामादिभिर्न्यस्तानां प्रमाणनयैर्विस्तराधिगमो भवतीति'* । ततश्च व्याख्याक्रमेऽभिधीयमाने एवंविधः क्रम एव सम्यक्, सम्यक्प्रतिपत्तिसाधनत्वात् । प्रकृतग्रन्थे तु न व्याख्याक्रमोऽभिधातुमिष्टः । किं तर्हि ? वस्तुग्राहकं प्रमाणं, तदनन्तरं तत्साम्यान्नया, निक्षेपस्तु न वस्तुग्राहक इति प्रमाणनयवैधर्म्यादन्ते विवक्षितोऽपि न दोषावहः । यथा हि ज्ञानपञ्चकेऽभिधीयमाने 'मतिश्रुतावधिमनः परोक्षमभिधीयते तत्र च प्रत्यक्षपदेन अवध्यादीनां प्ररूपणास्ति, तदनन्तरं च परोक्षपदेन पुनः मतिश्रुतयोः प्रतिपादनेऽपि न दोषो यथा **नन्द्यादिसूत्रे**, तद्वदत्रापि बोध्यम् । भिन्नरूपावच्छेद्यत्वस्य क्रमभेदनियामकत्वादिति दिक् । **किञ्च**, अनुयोगद्वारचतुष्टये उपक्रमभेदप्रभेदादिक्रमेणायातस्य भावप्रमाणोपक्रमद्वारस्य प्रत्यक्षादिप्रमाणेन नयप्रमाणेन च युक्तत्वात् उपक्रमद्वारमेवान्तर्भूतप्रमाणनयद्वारकं सञ्जातमिति युक्तैव प्रमा-

---

### ❋ નિક્ષેપનું સામાન્ય લક્ષણ ❋

નયોનું નિરૂપણ પૂર્ણ થયા બાદ હવે નિક્ષેપના નિરૂપણનો પ્રારંભ કરાય છે. 'मानाधीना मेयसिद्धिः' એ ઉક્તિ પ્રમાણે તત્ત્વનિર્ણયમાં પ્રમાણ એક અત્યંત અનિવાર્ય ઘટક છે. માટે પ્રથમ પરિચ્છેદમાં પ્રમાણનું નિરૂપણ કર્યું. શ્રુતપ્રમાણની સાથે નયનો વિશેષ સંબંધ છે, અર્થાત્ શ્રુતનું વિવક્ષિત વાક્ય ક્યા નયની અપેક્ષાવાળું છે એ વાત પણ તત્ત્વનિર્ણયમાં જરૂરી છે માટે બીજા પરિચ્છેદમાં નયોનું નિરૂપણ કર્યું. નયની જેમ નિક્ષેપ પણ શ્રુતપ્રમાણ સાથે વિશેષરૂપે સંબંધ ધરાવે છે. આગમગ્રન્થોમાં પદે પદે નય અને નિક્ષેપ દ્વારા તે તે પદોના અર્થની વિચારણા કરાઈ છે. આ રીતે નિક્ષેપને પણ તત્ત્વનિર્ણયનું એક અગત્યનું અંગ કહી શકાય માટે આ ત્રીજા પરિચ્છેદમાં નિક્ષેપોનું નિરૂપણ કરાય છે. કોઈ પણ વસ્તુના નિરૂપણનો પ્રારંભ સામાન્યથી તેના નિર્દોષ લક્ષણકથન દ્વારા કરાય છે અને તેમાં ય નિરૂપણીય વસ્તુ અનેક ભેદવાળી હોય તો સૌપ્રથમ તેના દરેક ભેદોમાં ઘટે એવું સામાન્ય લક્ષણ કહી, પછી તેના પ્રત્યેક ભેદોના વિશેષલક્ષણો બતાવાય છે. સામાન્યથી આ એક વ્યાખ્યાપદ્ધતિ છે. તદનુસાર સૌપ્રથમ નિક્ષેપનું સામાન્ય લક્ષણ જણાવે છે.

**નિક્ષેપનું સામાન્યલક્ષણ :** પ્રકરણાદિને અનુસરીને અપ્રતિપત્તિ (= સંશય-વિપર્યય કે અનધ્યવસાય)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्यवच्छेदकयथास्थानविनियोगाय शब्दार्थरचनाविशेषा निक्षेपाः । मङ्गलादिपदार्थनिक्षेपान्नाम-मङ्गलादिविनियोगोपपत्तेश्च निक्षेपाणां फलवत्त्वम्, तदुक्तम् - "अप्रस्तुतार्थापाकरणात्**

णनयनिक्षेपक्रमव्यवस्थाऽपेक्षया तत्रापीति विचारणीयं। केवलं तत्र नयद्वारं चतुर्थं पुनरविशिष्टमिति ध्येयम्।

निक्षेपाणां साफल्यं व्युत्पादयति **'मंगलादिपदार्थ'** इत्यादिना → मङ्गलपदार्थनिक्षेपाः तावत्प्रथमतो विचार्यन्ते। यथा कस्यचित् पुंसः पदार्थस्य वा 'मङ्गल' इति नाम क्रियते तदा तन्नाममङ्गलमुच्यते 'मङ्गल' इति वर्णत्रयात्मकवर्णावलीमात्रं मङ्गलमुच्यते नाम च तन्मङ्गलं चेति व्युत्पत्तेः। अथवा मङ्गलनामवान् पदार्थ एव नाममङ्गलमुच्यते, नाम्ना नाममात्रेण वा मङ्गलमिति व्युत्पत्तेः । यत्र काष्ठादौ मङ्गलबुद्ध्या काचित्स्थापना स्वस्तिकनन्दावर्तालेखनादिकं वा क्रियते सा स्थापनामङ्गलमुच्यते । स्वभावतो हि यच्छुभवर्णगन्धादिगुणं स्वर्णमाल्यादि तद् द्रव्यमङ्गलमुच्यते, लोकव्यवहारेऽपि कलशस्वस्तिकाद्यष्टमङ्गलानीक्षु-दध्यादिद्रव्यं च मङ्गलमुच्यते। द्रव्यं च तद् मङ्गलं चेति तत्र समासविग्रहः। जिननमनादिकं हि भावमङ्गलमुच्यते। अथ अप्रतिपत्त्यादिव्यवच्छेदपूर्वकं यथास्थानविनियोगाय यथा च निक्षेपज्ञानमुपयोगि तथा विचार्यते ।

નિરાકરણ કરનાર જે યથાસ્થાનમાં વિનિયોગ, તે વિનિયોગ માટે શબ્દના અર્થની રચનાવિશેષ કરવી તે નિક્ષેપ.

## * નિક્ષેપની સફળતા તથા પ્રકારો *

સૂત્રસ્થ પદોના નિક્ષેપ કરવાથી શું લાભ થઈ શકે તે વાત જણાવે છે. શબ્દો અનેક અર્થવાળા હોય છે તેથી ક્યાં આગળ ક્યો શબ્દ ક્યા અર્થમાં વપરાયો છે તે અંગે સંશય-વિપર્યયાદિ થવાની પૂર્ણ સંભાવના છે. પરંતુ સૂત્રસ્થ વિવક્ષિત પદના નિક્ષેપો કરવાથી આ શબ્દના આટલા આટલા અર્થ સંભવી શકે છે એમ ખ્યાલ આવે છે. પછી પ્રકરણના સંદર્ભથી 'અહીં આ શબ્દ ક્યા અર્થમાં હોઈ શકે' તેનો નિર્ણય કરવામાં સરળતા રહે છે. દા.ત. સૂત્રસ્થ 'સૈન્ધવ' શબ્દના સંભવિત અનેક નિક્ષેપો કર્યા હોય જેથી ખ્યાલ આવે કે સૈન્ધવ શબ્દના અશ્વ, લવણ વગેરે આટલા અર્થો થઈ શકે છે. પછી શ્રોતા પ્રકરણના સંદર્ભમાં વિચારે કે 'અત્યારે ભોજન પ્રકરણ ચાલે છે એટલે અહીં સૈન્ધવ શબ્દનો અર્થ લવણ સમજવો જોઈએ' (અથવા, 'અહીં યાત્રા પ્રકરણ ચાલે છે તેથી 'સૈન્ધવ' શબ્દનો અર્થ અહીં 'અશ્વ' કરવો જોઈએ.) આ રીતે પ્રકરણાદિને અનુસારે સૈન્ધવ શબ્દના અન્ય અર્થો સંબંધી સંશયાદિને દૂર કરવાપૂર્વક તેને વિવક્ષિત અર્થમાં સમજવામાં સહાય થઈ તે નિક્ષેપને કારણે. આ રીતે નિક્ષેપ અર્થબોધમાં ઉપયોગી છે.

ગ્રન્થકાર સ્વયં નિક્ષેપનું ફળ ઉદાહરણપૂર્વક બતાવે છે. - 'મઙ્ગલ' વગેરે પદોના અર્થમાં નિક્ષેપ કરવાથી નામમંગલ આદિમાં ઉચિત વિનિયોગ થઈ શકે છે એ નિક્ષેપનું ફળ છે. મંગલ પદના ચાર નિક્ષેપો થાય છે.

(૧) **નામમંગલ :** સ્વયં મંગલ ન હોય પણ જે વસ્તુ કે વ્યક્તિનું નામ 'મંગલ' રાખવામાં આવ્યું હોય તે વસ્તુ કે વ્યક્તિને અને તે વસ્તુ કે વ્યક્તિના નામને 'નામમંગલ' કહેવાય છે.

(૨) **સ્થાપના મંગલ :** 'મ' વગેરે જે વર્ણો (= અક્ષરો)નો ઉચ્ચાર કરીને 'મંગલ' પદ બોલાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**प्रस्तुतार्थव्याकरणाच्च निक्षेपः फलवान्" (लघी० स्ववि० ७.२) इति । ते च सामान्यतश्चतुर्धा-नामस्थापनाद्रव्यभावभेदात् ।**

प्रकृतग्रन्थारम्भे **'एन्द्रवृन्दनतं नत्वे'**त्यादिना यन्मङ्गलं कृतं तद्भावमङ्गलं ज्ञेयं, कुत्रचिद् ग्रन्थविशेषे प्रारम्भिकेन 'अथ' शब्देन मङ्गलार्थो व्यज्यते, *'अथशब्दः प्रक्रियाप्रश्नानन्तर्यमंगलोपन्यासनिर्वचनसमुच्चयेषु'* इति वचनात्, तत्र नाममङ्गलं बोध्यम्, क्वचिदवसरविशेषे प्रयाणकादिलक्षणे दध्याचमनादिकं यत् क्रियते मङ्गलबुद्ध्या, तद् द्रव्यमङ्गलमवगन्तव्यम् । मङ्गलत्वाविशेषेऽपि नामादिमङ्गलभेदेन यथास्थानविनियोगश्च कथं निक्षेपावबोधं विना संभवी ? इत्थं च निक्षेपः फलवान् ।

છે અથવા જે વર્ણોને લખીને 'મંગલ' પદ લખાય છે તે વર્ણોના સમૂહને (વર્ણાવલીને) સ્થાપનામંગલ કહેવાય છે.

(૩) **દ્રવ્યમંગલ :** અક્ષત-રત્ન-દહીં, કંકુ આદિ પદાર્થોને દ્રવ્યમંગલ કહેવાય છે. સ્વસ્તિકાદિ અષ્ટમંગલનું ચિત્ર, લોકમાં મંગલ કહેવાય છે. તે પણ દ્રવ્યમંગલ.

(૪) **ભાવમંગલ :** જિનનમન-સ્મરણાદિ ક્રિયા ભાવમંગલ છે.

'મંગલ' શબ્દના નિક્ષેપોનું જ્ઞાન હોય તે પ્રકરણજ્ઞાન થવામાં એટલે કે અહીં નામમંગલ ઈષ્ટ છે કે સ્થાપનામંગલ ? ઈત્યાદિ જાણવામાં સહાયક બને છે અને તે દ્વારા ક્યા વાચ્યાર્થને જણાવવા માટે વક્તાએ પ્રસ્તુત શબ્દનો પ્રયોગ કર્યો છે તે શીઘ્ર અને સરળતાથી જણાય છે.

તાત્પર્ય એ છે કે ગ્રન્થપ્રારંભમાં મંગલ કર્યું હોય તો ગ્રન્થકર્તાને નામાદિમંગલમાંથી કયું મંગલ ઈષ્ટ છે તે મંગલ શબ્દના નિક્ષેપના જ્ઞાનથી જણાય છે. આ વાતને કેટલાક ઉદાહરણો દ્વારા સમજીએ.

(૧) પ્રસ્તુત ગ્રન્થના જ પ્રારંભમાં 'ऐन्द्रवृन्दनतं नत्वा' આ પદોથી મંગલ કરાયું છે.

(૨) ક્યાંક 'अथ' શબ્દથી જ ગ્રન્થપ્રારંભ થયો હોય છે. ગ્રન્થમાં ટીકાકારે જણાવ્યું છે કે અહીં અથ શબ્દનો અર્થ 'મંગલ' થાય છે. (કહ્યું પણ છે કે - 'अथशब्दः प्रक्रियाप्रश्नानन्तर्यमंगलोपन्यासनिर्वचनसमुच्चयेषु' અથ શબ્દનો પ્રક્રિયા-પ્રશ્ન-આનંતર્ય-મંગલ-ઉપન્યાસ-નિર્વચન અને સમુચ્ચય આટલા અર્થોમાં પ્રયોગ થાય છે.

(૩) કોઈ એમ કહે કે હું દહીં ખાઈને (= મંગલ કરીને) જ પરીક્ષા આપવા ગયેલો.

મંગલ શબ્દના નિક્ષેપોનો જાણકાર અહીં જાણી શકે કે પહેલા પ્રસંગમાં ભાવ-મંગલની વાત છે, બીજા પ્રસંગમાં નામમંગલની વાત છે, ત્રીજા પ્રસંગમાં દ્રવ્યમંગલની વાત છે. આના પરથી વક્તાના અભિપ્રાયને સુસ્પષ્ટ કરવામાં નિક્ષેપ કેટલા સહાયક છે તે સ્પષ્ટ જણાય છે.

'लधीयस्त्रयी' નામના ગ્રન્થના સ્વકીય વિવરણમાં પણ નિક્ષેપ શી રીતે સફળ છે એ વાત જણાવતા ગ્રન્થકારશ્રીએ કહ્યું છે કે 'અપ્રસ્તુત (= વક્તાને અનભિમત હોય તેવા) અર્થ અંગે પડતી શંકાને દૂર કરીને જે અર્થ પ્રસ્તુત (= વક્તાને અભિમત) હોય તેવા અર્થનો નિર્ણય કરાવતો હોવાથી નિક્ષેપ સફળ છે.'

આ નિક્ષેપના ઘણા ભેદો પડી શકે છે. કો'ક વસ્તુના ચાર, છ, દશ નિક્ષેપ થઈ શકતા હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तत्र प्रकृतार्थनिरपेक्षा नामार्थान्यतरपरिणतिर्नामनिक्षेपः । यथा सङ्केतितमात्रेणान्यार्थस्थितेनेन्द्रादिशब्देन वाच्यस्य गोपालदारकस्य शक्रादिपर्यायशब्दानभिधेया परिणतिरियमेव वा**

**'तत्र प्रकृतार्थनिरपेक्षे'ति** → नामनिक्षेपलक्षणं च आगमे इत्थं वर्तते - *"यद्वस्तुनोऽभिधानं स्थितमन्यार्थे तदर्थनिरपेक्षम्, पर्यायानभिधेयं च नाम यादृच्छिकं च तथा"*। अस्या आर्याया व्याख्या= यद्वस्तुनः = इन्द्रादेः 'अभिधानम्' वाचकं, कथम्भूतं तन्नामेत्याह- 'स्थितमन्यार्थे' मुख्यार्थापेक्षया अन्यश्चासावर्थश्चान्यार्थः गोपालदारकादिलक्षणः तत्र स्थितम्, अन्यत्रेन्द्रादावर्थे सान्वर्थतया प्रसिद्धं सदन्यत्र गोपालदारकादौ सङ्केतमात्रेण यदारोपितमित्यर्थः। अत एव आह 'तदर्थनिरपेक्षम्' इति, इन्द्रादिनाम्नो योऽर्थः परमैश्वर्यादिरूपस्तदर्थः, तस्य निरपेक्षं, गोपालदारकादौ निरुक्ततदर्थस्याभावात् । पुनः किम्भूतं तदित्याह 'पर्यायानभिधेय'मिति सङ्केतबलाद् इन्द्रपदाभिधेयोऽपि स गोपालदारको न इन्द्रपदपर्यायैः शक्रशचीपत्यादिलक्षणैरभिधेयो भवति। **अत्रेदं चिन्त्यम्** - व्यवहारे शास्त्रेऽपि च क्वचित् नाम्नि पर्यायाभिधेयत्वं दृश्यते यथा विक्रमादित्यो 'विक्रमार्क'पदेन अभिधीयते । न चैतदनागमिकं, अष्टमतीर्थकर चन्द्रप्रभस्वामिनोऽपि 'शशिप्रभ' इत्याख्यया **आवश्यकनिर्युक्तौ** व्यपदिष्टत्वात् । यदुक्तं *'ससि[1] पुप्फदंत सीअल'* इत्यादि **(आव.नि.गाथा३७०)** तत्कथं समाधेयम् ?। **अत्र केचित्** → चन्द्र इव प्रभा यस्य स हि 'चन्द्रप्रभ' उच्यते । अष्टमतीर्थकरस्तु शुक्लवर्णतया तस्य भावनिक्षेप एवेति तत्र 'पर्यायानभिधेयत्वस्यातन्त्रत्वादेव न दोषः । तन्न सम्यक् प्रतिभाति, यत एवं हि सुविधिनाथाख्यो नवमतीर्थकरोऽपि शुक्लवर्णत्वादेव

**અનુયોગદ્વારાદિ** આગમસૂત્રોમાં તેનું વિસ્તૃત વિવરણ કરાયું છે. સામાન્યથી (= સર્વસાધારણ રીતે) કહીએ તો સર્વ વસ્તુના ચાર નિક્ષેપ તો થાય જ છે. નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ, ભાવનિક્ષેપ.

### * નામનિક્ષેપનું નિરૂપણ *

આમાંથી સૌપ્રથમ નામનિક્ષેપનું લક્ષણકથનાદિ દ્વારા નિરૂપણ કરે છે-

શબ્દના મુખ્યાર્થથી નિરપેક્ષ રીતે નામ કે અર્થની પરિણતિ તે નામનિક્ષેપ. ઈન્દ્ર શબ્દનો મુખ્યાર્થ તો 'સ્વર્ગનો અધિપતિ ઈન્દ્ર' એવો થાય. પરંતુ આ મુખ્યાર્થ ન હોય તો પણ ગોવાળિયાના પુત્રને વિશે 'ઈન્દ્ર' પદનો સંકેત કરેલ હોય તો પછી તે 'ઈન્દ્ર' પદ ગોવાળિયાના પુત્રનો બોધ કરાવે છે. આ વખતે ગોપાલદારકની ઈન્દ્રપદવાચ્ય રૂપે પરિણતિ થાય છે. 'ઈન્દ્ર' એવા નામની અથવા ઈન્દ્ર નામવાળા ગોપાલદારકરૂપ અર્થની આ પરિણતિને નામનિક્ષેપ કહેવાય છે. આ નામાર્થાન્યતરપરિણતિ મુખ્યાર્થનિરપેક્ષ છે. જો મુખ્યાર્થને સાપેક્ષ પરિણતિ હોત તો નામેન્દ્ર એવો ગોપાલદારક વાસ્તવિક ઈન્દ્રની જેમ તેના પર્યાયવાચી શક્ર-વાસવ વગેરે શબ્દોથી પણ વાચ્ય બની જાત, પરંતુ એવું નથી. માત્ર 'ઈન્દ્ર' પદ અને તે પદનો 'નામ કે અર્થની પ્રસ્તુતાર્થની નિરપેક્ષ એવી પરિણતિને નામનિક્ષેપ કહેવાય છે.'

**પ્રશ્ન :** ઈન્દ્રાદિ શબ્દોના અર્થ તો કોશાદિ દ્વારા નિશ્ચિત થયેલા જ હોય છે પછી તે ઈન્દ્રાદિ શબ્દોમાં

१. शशी पुष्पदन्तः शीतल ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**यथान्यत्रावर्तमानेन यदृच्छाप्रवृत्तेन डित्थडवित्थादिशब्देन वाच्या । तत्त्वतोऽर्थनिष्ठा उपचारतः**

चन्द्रप्रभपदव्यपदेश्यः प्राप्नोति, चन्द्रप्रभभावनिक्षेपत्वस्य तत्राप्यबाधितत्वात् । **वस्तुतस्तु** समासस्थले प्रकरणादिवशात् सुखावबोधस्थलेऽपि वाऽन्यतरपदपर्यायप्रयोगे न क्षतिः । **यद्वा**, 'विक्रमार्कः' 'शशिप्रभः' इत्यादि नामान्तरमेव ज्ञेयमिति न कश्चिद् दोषः इति विचारणीयमत्र विचक्षणैः ।

अथ प्रकारान्तरेण नाम्नो लक्षणमाह - **'यादृच्छिकं च तथे'**ति तथाविधव्युत्पत्तिशून्यं डित्थडवित्थादिरूपं आधुनिकं च 'चिन्टु-पिन्टु-मोन्टु' इत्यादिरूपं यत् कुत्रचिद् वस्तुनि व्यक्तौ वा केनचित् प्रयोक्त्रा तदर्थान्वेषणनिःस्पृहेण स्वेच्छयैव सङ्केतितं तद् यादृच्छिकमभिधीयते । तदपि नामनिक्षेप उच्यते इत्यर्थः। तदेवं प्रकारद्वयेन नाम्नः स्वरूपमत्रोक्तं । एतच्च तृतीयप्रकारस्योपलक्षणं, पुस्तकपत्रचित्रादिलिखितस्य वस्त्वभिधानभूतस्य इन्द्रादिवर्णावलीमात्रस्याप्यन्यत्र नामत्वेनोक्तत्वात् । अथवा श्लोकादेव प्रकारत्रयलाभाय पूर्वोक्तगाथा अन्यथा विचार्यते → 'यद्वस्तुनोऽभिधानं = 'इन्द्र' इत्यादिवर्णावलीमात्रं, यत्तदोः नित्याभिसम्बन्धात्

---

પોતાના મુખ્યાર્થથી નિરપેક્ષ એવી પરિણતિ શી રીતે ઊભી થાય ?

**ઉત્તર** : संकेतितमात्रेण... ઇત્યાદિ ગ્રન્થથી ગ્રન્થકાર સ્વયં આનું સમાધાન આપે છે. કોશાદિ દ્વારા ઈન્દ્રાદિ શબ્દોનો અમુક નિશ્ચિત અર્થમાં સંકેત કરાયો હોય છે તેથી તે અર્થ ઈન્દ્રાદિ શબ્દોનો મુખ્યાર્થ કહેવાય છે. પરંતુ ગોપાલદારકાદિમાં પણ કોઈ 'ઈન્દ્ર' પદનો સંકેત કરી દે તો પછી સ્વર્ગાધિપતિ જેવા અન્ય અર્થમાં સ્થિત એવું પણ તે 'ઈન્દ્ર' પદ હવે ગોપાલદારકાદિમાં સંકેતિત થયું હોવાથી તે ગોપાલદારકાદિમાં ઈન્દ્રપદવાચ્યત્વ રૂપ પરિણતિ ઊભી થાય છે. આ પરિણતિનું ગ્રન્થકારે 'પર્યાયશબ્દાનભિધેયા' એવું એક વિશેષણ મૂક્યું છે એટલે કે ગોપાલદારકાદિમાં ઉક્ત પરિણતિ સંકેતવશાત્ ઊભી થઈ છે. પરંતુ માત્ર આવો નવો સંકેત ગોપાલદારકાદિમાં થયેલો હોવાથી શક્રાદિ પદો ગોપાલદારકના વાચક બનતા નથી, અર્થાત્, ગોપાલદારકાદિમાં 'શક્રાદિપદવાચ્યત્વ' રૂપ પરિણતિ ઊભી થઈ નથી. તેથી, ગોપાલદારકાદિમાં 'ઈન્દ્રપદ-વાચ્યત્વરૂપ' જે પરિણતિ ઊભી થઈ છે તે પર્યાયશબ્દાનભિધેયા (= શક્રાદિપદાનભિધેયા) છે. (અર્થાત્, ગોપાલદારકાદિમાં ઊભી થયેલી પરિણતિ શક્રાદિપર્યાયશબ્દાનભિધેયત્વવિશિષ્ટ ઈન્દ્રપદાભિધેયત્વ રૂપ છે.)

હવે 'इयमेव वा यथा' ઇત્યાદિ ગ્રન્થથી અન્ય રીતે નામનિક્ષેપને જણાવે છે -

ઈન્દ્રાદિ પદોનો ઐશ્વર્યાદિગુણયુક્ત સ્વર્ગાધિપતિ રૂપ મુખ્યાર્થ છે અને આ મુખ્યાર્થની અપેક્ષા વિના જ તેનો ગોપાલદારકાદિમાં સંકેત થાય તો ગોપાલદારકાદિમાં ઈન્દ્રપદવાચ્યત્વરૂપ પરિણામ ઊભો થાય છે. આમાં 'ઈન્દ્ર' પદ વ્યુત્પત્તિ અનુસાર અન્ય અર્થમાં પ્રસિદ્ધ છે અને નવા સંકેત દ્વારા તેને અપ્રસિદ્ધ અર્થમાં સંકેતિત કરાયું છે. પરંતુ 'ડિત્થ-ડવિત્થ' વગેરે પદો એવા છે કે તેનો કોઈ જ પ્રસિદ્ધ વાચ્યાર્થ કે વ્યુત્પત્તિ નથી. અર્થાત્, 'ડિત્થ-ડવિત્થ' વગેરે પદોનો અનાદિતાત્પર્યમૂલક સંકેત ક્યાંય રહ્યો નથી અને આ પદોના કોઈ પર્યાયવાચી પણ નથી. આવા અર્થશૂન્ય પદોનો પણ કોઈ વ્યક્તિ પોતાની મરજી મુજબ અમુક વસ્તુમાં સંકેત કરીને પ્રયોગ કરવા માંડે તો તે વસ્તુમાં પણ 'ડિત્થાદિપદવાચ્યત્વ' રૂપ પરિણતિ ઊભી થાય છે. આવી પરિણતિ પણ નામનિક્ષેપ છે. આ બે પ્રકારોમાં ભેદ એટલો છે કે પહેલા પ્રકારમાં અન્ય અર્થમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**शब्दनिष्ठा च। मेर्वादिनामापेक्षया यावद्द्रव्यभाविनी, देवदत्तादिनामापेक्षया चायावद्द्रव्यभाविनी,**

---

तन्नाम इति योजना कार्या इति एकः प्रकारः । 'स्थितमन्यार्थे तदर्थनिरपेक्षं पर्यायानभिधेयं च' तदपि नाम इति द्वितीयः प्रकारः । 'यादृच्छिकं च नाम' तदपि नामनिक्षेपो भवतीति तृतीयः प्रकारः । चकारौ हि प्रथमप्रकारतो नाम्नः प्रकारान्तरत्वसूचकौ । व्याख्यानमिदं प्रकृतग्रन्थकृतोऽपीष्टमेव, अत एव ग्रन्थकृता नामनिक्षेपे दृष्टान्तत्रैविध्योपदर्शनमादृतम् । अमुमेवार्थं प्रकृतग्रन्थकृदाह - '**प्रकृतार्थनिरपेक्षे**'ति । श्लोकस्य तदर्थनिरपेक्षपदव्याख्यानादेव व्याख्यातप्रायो नामनिक्षेप उक्तो भवति ।

**नन्व**त्रायावद्द्रव्यभावि परिणतेरपि नामत्वेन विवक्षायां आगमविरोधः स्यात् तथा चोक्तम् **अनुयोगद्वारसूत्रे** [1]*''नामट्ठवणाणं को पइविसेसो ? णामं आवकहिअं, ठवणा इत्तरिआ वा होज्जा आवकहिआ वा'* (सूत्र ११) इति **चेत्**, **न**, तत्र मेरु-द्वीप-समुद्रादिप्रतिनियतजनपदसञ्ज्ञामाश्रित्यैव नाम्नो यावत्कथिकत्वोक्तिः, न तु सार्वत्रिकी, क्वचिदनेकनामपरावृत्तिदर्शनाद् । **न च** अभिधानान्तरेऽपि प्रागभिधानवाच्यत्वेन न यावत्कथिकत्वहानिरिति **वाच्यम्**, क्वचिद् दीक्षादिप्रसङ्गे दिग्बन्धनावसरे नामान्तरकरणतः प्राक्तनाभिधानवाच्यत्वप्रच्युतिदर्शनात् । अत एव **भाष्यकारेण** प्रायःपदघटितमेव नाम्नो लक्षणमभ्यधायि *'जावदव्वं च पाएण'* इति **(विशेषावश्कभाष्य श्लोक-२५) आवश्यकनिर्युक्तिवृत्तौ श्रीहरिभद्रसूरिणाऽपि** च *'यत्तु "णामं आवकहियं" तत् प्रतिनियतजनपदादिसञ्ज्ञामाश्रित्ये'*ति उक्तं, **अनुयोगद्वारसूत्रवृत्तिकारेणापि** प्रायोग्रहणपूर्वकमेव नाम्नो यावत्कथिकत्वोक्तिर्व्याख्याता । क्वचिदन्यथोपलम्भस्तु अल्पत्वाद् मूलसूत्रकारेण न विवक्षित इत्यदोषः । नामस्थापनयोश्च प्रतिविशेषोऽनेकप्रकारेण समर्थितः समर्थयिष्यते चात्रापि प्रकारान्तरेणेति शान्तं तिष्ठतु ।

---

પ્રસિદ્ધ પદોનો અપ્રસિદ્ધાર્થમાં સંકેત કરાય છે જ્યારે બીજા પ્રકારમાં અર્થશૂન્ય કે વ્યુત્પત્તિશૂન્ય પદોનો ક્યાંક સંકેત કરાય છે. પહેલા પ્રકારમાં 'संकेतितमात्रेणान्यार्थस्थितेन इन्द्रादिशब्देन' કહ્યું છે, જ્યારે બીજા પ્રકારમાં 'अन्यत्रावर्तमानेन यदृच्छाप्रवृत्तेन डित्थडवित्थादिशब्देन' કહ્યું છે. આના ઉપરથી બે પ્રકાર વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ કરાઈ છે. એટલો ભેદ હોવા છતાં પણ શબ્દના મુખ્યાર્થની અપેક્ષા વિના જ અપ્રસિદ્ધાર્થમાં સંકેતિત થવું એ બન્ને પ્રકારે સમાન છે. હવે અહીં એક શંકા ઊભી થઈ શકે છે કે-

અભિનવ સંકેત થવાથી 'ઈન્દ્રપદવાચ્યત્વ' રૂપ પરિણતિ તો માત્ર ગોપાલદારક રૂપ અર્થમાં જ રહેશે 'ઈન્દ્ર' નામમાં તો આ 'ઈન્દ્રપદવાચ્યત્વ' રૂપ પરિણતિ રહેવાનો સંભવ જ નથી. તો પછી નામનિક્ષેપના લક્ષણમાં 'નામાર્થાન્યતરપરિણતિ' કહીને 'નામ'નો પણ અન્યતર શબ્દથી સમાવેશ શા માટે કર્યો ? આનો સમાવેશ કરવો વ્યર્થ છે કારણ કે ઉક્ત પરિણતિ માત્ર અર્થમાં જ રહી શકે એવી છે, નામમાં તે રહી શકતી નથી. આનું સમાધાન ગ્રન્થકારશ્રી 'तत्त्वतोऽर्थनिष्ठा' ઈત્યાદિ ગ્રન્થથી આપે છે. આશય એ છે કે ઉક્ત પરિણતિ વાસ્તવમાં તો અર્થનિષ્ઠ જ હોય છે પરંતુ નામ-નામવાનની અભેદ વિવક્ષાથી અર્થનિષ્ઠ એવી પણ ઈન્દ્રપદવાચ્યત્વ રૂપ પરિણતિને ઉપચારથી નામનિષ્ઠ (ઈન્દ્રપદનિષ્ઠ) પણ માનવામાં આવી છે માટે આ રીતે 'નામાર્થાન્યતરપરિણતિ' કહેવામાં કોઈ દોષ નથી.

---

१. नामस्थापनयोः कः प्रतिविशेषः ? नाम यावत्कथिकं स्थापना इत्वरिका वा स्याद् यावत्कथिका वा ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**यथा वा पुस्तकपत्रचित्रादिलिखिता वस्त्वभिधानभूतेन्द्रादिवर्णावली ।**

अथ इन्द्रादिपदाभिधेयत्वलक्षणा परिणतिः सङ्केतवशाद् गोपालदारकादिलक्षणस्य अर्थस्यैव भवितुमुचिता तत्कथं 'अन्यतर'पदप्रयोगेण शब्दस्यापि सा सङ्गृहीता, एकमात्रनिष्ठत्वेऽप्यन्यतरनिष्ठत्वसम्भवेऽपि शब्दनिष्ठत्वस्याभावतस्तस्य अन्यतरत्वेन सङ्ग्रहो निष्प्रयोजन एवेत्यत आह '**तत्त्वतो**' इत्यादि । परमार्थतस्तु यो नामयुक्तपिण्डगतधर्म इन्द्रादिपदाभिधेयत्वलक्षणः स नाम्नि इन्द्रादिलक्षण उपचारत एव वर्तते । **ननु** एवं स्थिते सकलनामराशावेतादृश उपचारस्य समानत्वात् 'अन्यतर'पदत्यागेन 'नामार्थोभयपरिणति'रेव नामनिक्षेपत्वेन विवक्ष्यतामिति **चेत्, अत्र केचित्**, यादृच्छिकपदानां डित्थडवित्थादिरूपाणाम् अर्थ एव न विद्यते यत्र तत्त्वतः इयं परिणतिः स्थास्यति, अतस्तत्र पदनिष्ठा उपचरिता एकैव परिणतिर्लभ्या । अत एव नामार्थोभयपरिणतिरित्यनुक्त्वा नामार्थान्यतरपरिणतिरित्यभिहितम् । **तन्न** मनोरमं, यतो यत्र कुत्रचित् पुरुषादिके डित्थादिकयादृच्छिकपदानां सङ्केतः क्रियते केनचित्तत्र अर्थनिष्ठायाः परिणतेरपि सम्भवात् । **अत्र केचित्**- डित्थादिपदस्य वाच्यार्थः कुत्रचिद् दृश्यतेऽतः व्युत्पत्तिशून्यत्वमस्तु तादृशपदानां अर्थशून्यत्वं तु नास्तीति वदन्ति । **वस्तुतस्तु** - अन्यतरपदत्यागेन नामार्थोभयपरिणतेर्नामनिक्षेपत्वोक्तौ स्वातंत्र्येण पदस्य तद्वाच्यस्य वा नामनिक्षेपत्वं न स्यात्, उभयत्वस्योभयत्रैव पर्याप्तत्वात् । अत इन्द्रादिपदस्य

---

શબ્દ કે અર્થ અન્યતરનિષ્ઠ પરિણતિને નામનિક્ષેપ કહેલ છે. આ પરિણતિ (= નામનિક્ષેપ) બે પ્રકારે છે -

(૧) યાવદ્ દ્રવ્યભાવિની પરિણતિ અર્થાત્ યાવદ્દ્રવ્યભાવી નામનિક્ષેપ :

(૨) અયાવદ્ દ્રવ્યભાવિની પરિણતિ અર્થાત્ અયાવદ્દ્રવ્યભાવી નામનિક્ષેપ :

મેરુ વગેરે નામોની અપેક્ષાએ યાવદ્દ્રવ્યભાવી નામનિક્ષેપ કહેવાય અને દેવદત્તાદિ નામોની અપેક્ષાએ અયાવદ્દ્રવ્યભાવિ નામનિક્ષેપ કહેવાય.

**શંકા :** 'યાવદ્દ્રવ્યભાવિ' પદનો અર્થ 'વસ્તુ ટકે ત્યાં સુધી ટકનાર' આવો થાયછે. જેમ મેરુનું નામ યાવદ્દ્રવ્યભાવિ છે એ રીતે દેવદત્તાદિના નામો પણ યાવદ્દ્રવ્યભાવિ છે કારણ કે દેવદત્તના મરણ સુધી તેનું નામ ટકે છે અને મરણ પછી તો જ્યારે વસ્તુ જ વિદ્યમાન નથી ત્યારે તેનું નામ વિદ્યમાન ન હોય તો પણ કોઈ વાંધો નથી. માટે દેવદત્તાદિ નામો પણ યાવદ્દ્રવ્યભાવિ કેમ ન કહેવાય ?

**સમા. :** દેવદત્તાદિનું તો (દીક્ષાદિ થવાથી અથવા બીજા કોઈ પણ કારણથી) નામાંતર પણ થઈ શકે છે માટે દેવદત્તાદિ નામોને યાવદ્દ્રવ્યભાવિ ન કહેવાય.

**શંકા :** એ રીતે તો કદાચ કોઈ મેરુ પર્વતાદિનું પણ નામાંતર કરી દેશે તો એ રીતે તો મેરુ વગેરે નામો ય યાવદ્દ્રવ્યભાવિ નહિં રહે.

**સમા. :** ના, એવું નથી, 'મેરુ' વગેરેનું કોઈ નામાંતર કરે તો જુનું નામ તો ઉભું જ રહેવાનું, ઉપરાંતમાં થયેલી નવી સંજ્ઞા પણ પ્રવર્તમાન થશે. વળી, ઐરાવત, મહાવિદેહાદિ અન્ય ક્ષેત્રોમાં પણ 'મેરુ' નામનો વ્યવહાર થયા જ કરવાનો. માટે મેરુ આદિ નામો યાવદ્દ્રવ્યભાવિ છે અને દેવદત્તાદિ નામો અયાવદ્દ્રવ્યભાવિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**यत्तु वस्तु तदर्थवियुक्तं तदभिप्रायेण स्थाप्यते चित्रादौ तादृशाकारम्, अक्षादौ च निरा-**

---

गोपालदारकादेश्चापि नामत्वलाभाय अन्यतरत्वाभिधानं, अन्यतरत्वस्य प्रत्येकस्मिन्नपि संभवादिति हृदयम्।

**यत्तु वस्त्वि'त्यादि** स्थापनालक्षणं चागम इत्थमभिहितम् → *'यत्तु तदर्थवियुक्तम् तदभिप्रायेण यच्च तत्करणि लेप्यादिकर्म तत्स्थापनेति क्रियतेऽल्पकालं च'* अयमेवार्थो प्रकृतग्रन्थपङ्क्त्याऽभिहितः । अत अन्यतरव्याख्याने कृते व्याख्यातमेवान्यदिति । 'यद्' = वस्तु लेप्यादिलक्षणं तदर्थः = परमैश्वर्यादिलक्षण इन्द्रपदार्थस्तेन वियुक्तं रहितं यद्वस्तु, तस्मिन्नभिप्रायस्तदभिप्रायः अभिप्रायो बुद्धिः, तद्बुद्ध्येत्यर्थः, तदभिप्रायेण यच्च तत्करणि = तदाकृतिः, अथवा तेन सह करणिः सादृश्यं यस्य तत् तत्करणिः = तत्सदृशमित्यर्थः चकारस्तदकरणिवस्तुनोऽक्षादेः समुच्चायकः । किम्भूतं तद्वस्तु इत्याह 'लेप्यादिकर्मेति' लेप्यपुत्तलिकादि, आदिना काष्ठपुत्तलिकादिग्रह अक्षादि वाऽनाकारं वस्तु गृह्यते; कियन्तं कालं तत् क्रियत इत्याह अल्पः कालो यस्य तदल्पकालमित्वरकालमित्यर्थः । चशब्दाद् यावत्कथिकं च शाश्वतप्रतिमादि । यत्पुनर्भावेन्द्राद्यर्थरहितं साकारं वाऽनाकारं, इत्वरकालं यावत्कथिकं वा तदभिप्रायेण क्रियते तत्स्थापनेति भावः । चित्रकाष्ठादिनिर्मितं पाषाणमयं वा जिनबिम्बादिकं साकारमित्वरकालिकं स्थापना भावजिनेश्वरस्य, नन्दीश्वरद्वीपादिवर्तिशाश्वतप्रतिमा तु साकारं यावत्कथिकं च, अञ्जनशलाकादिविधानार्थं मन्त्रोच्चारादिपूर्वं क्रियमाणा इन्द्रादिस्थापना हि साकार इत्वरकालिकी च ज्ञेया, अक्षादिषु क्रियमाणा गुरुस्थापना हि निराकार इत्वरकालिकी च ज्ञेया, तूलिकारूढो बाल अश्वमेव मन्यते ताम्, अतस्तदपेक्षया सा तूलिका अश्वस्य निराकारा इत्वरकालिकी च स्थापना । इत्थमेव च प्रवचनप्रसिद्धं स्थापनासत्यमपि सङ्गच्छते । **इदं त्ववधेयम्** → इकारादिवर्णानाम् आकारविशेषोऽपि इन्द्रस्थापनोच्यते। आनुपूर्वीरूपा इकारादिवर्णावली नामेन्द्रत्वेन उक्ता, स्थापनायां चाकारोगृह्यते

---

છે. (ટૂંકમાં, શાશ્વત પદાર્થના નામોને યાવદ્દ્રવ્યભાવિ અને અશાશ્વત પદાર્થોના નામોને અયાવદ્દ્રવ્યભાવિ જાણવા.) અથવા, ત્રીજી રીતે નામનિક્ષેપનું ઉદાહરણ જણાવે છે કે પુસ્તક, ચિત્ર વગેરેમાં વસ્તુનું અભિધાન જે લખાયું હોય તે 'ઈન્દ્ર' વગેરે વર્ણાવલીને પણ ઈન્દ્રાદિનો નામનિક્ષેપ કહેવાય.

## ✻ સ્થાપનાનિક્ષેપનું નિરૂપણ ✻

હવે ક્રમપ્રાપ્ત સ્થાપનાનિક્ષેપનું નિરૂપણ કરાય છે. જે વસ્તુ તે અર્થથી રહિત હોય અને તેના અભિપ્રાયથી સ્થાપિત હોય તેને સ્થાપનાનિક્ષેપ કહેવાય છે. આ સ્થાપના બે પ્રકારે થતી હોય છે.

(૧) સ્થાપ્યમાન વસ્તુનો આકાર જેમાં સ્પષ્ટ જણાતો હોય તેને સાકાર (અથવા સદ્ભાવ) સ્થાપના કહેવાય છે. (૨) જેમાં સ્થાપ્યમાન વસ્તુનો આકાર જણાતો ન હોય તેને નિરાકાર (અથવા અસદ્ભાવ) સ્થાપના કહેવાય છે. અથવા, અન્ય રીતે પણ સ્થાપનાના બે પ્રકાર છે.

(૧) જે સ્થાપના મર્યાદિત કાળ પૂરતી હોય તેને ઈત્વરકાલિક સ્થાપના કહેવાય છે. (૨) જે સ્થાપના શાશ્વતી હોય તેને યાવત્કથિક કહેવાય છે. આ દરેક ભેદની વધુ સ્પષ્ટતા ઉદાહરણો ઉપરથી થશે.

- ચિત્રમાં રહેલા જિન કે કાષ્ઠાદિમાં કોતરાયેલા જિન કે પાષાણાદિમાંથી ઘડાયેલી જિનપ્રતિમા આ બધાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कारम्, चित्राद्यपेक्षयेत्वरं नन्दीश्वरचैत्यप्रतिमाद्यपेक्षया च यावत्कथिकं स स्थापनानिक्षेपः, यथा जिनप्रतिमा स्थापनाजिनः, यथा चेन्द्रप्रतिमा स्थापनेन्द्रः ।**

---

इति तद्भेदः ।

इदमत्र बोध्यम् - यत्रेत्वरकालिकी स्थापना तत्र 'स्थाप्यत इति स्थापना' इति व्युत्पत्तिः यावत्कथिकीस्थापनास्थले हि 'तिष्ठतीति स्थापना' इति, तस्याः शाश्वतत्वेन केनापि स्थाप्यमानत्वाभावात् । **अथ** तत्त्वभेदपर्यायैर्व्याख्या क्रियत इति सामान्यतो व्याख्यापद्धतिर्दृश्यते । तत्त्वपदेन लक्षणं प्रतिपाद्यते। लक्षणवचनानन्तरमभिधातुमुचितं विभागवचनम्, अत्र तु लक्षणवचन एव तदभिहितमिति अनुचितमिति **चेत्, अस्तु** तर्हि 'यत्तु वस्तु तदर्थवियुक्तं तदभिप्रायेण स्थाप्यते स स्थापनानिक्षेपः' इत्येतावदेव लक्षणवचनं, शेषं तु विभागवचनभिति विवेकः। **न चायमपि** अनुचितो, लक्षणवाक्येऽपि विभागवचनस्य *'इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम्'* इति **गौतमीयसूत्रे** दृष्टत्वात्, तत्र हि इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं

---

જિનના ઇત્વરકાલિક સાકાર સ્થાપના નિક્ષેપ કહેવાય. (નાશવંત હોવાથી ઇત્વરકાલિક અને આકારવાળી સ્થાપના હોવાથી સાકાર).

- નન્દીશ્વરદ્વીપના જિનાલયાદિમાં રહેલા જિનપ્રતિમાજીઓ શાશ્વત છે માટે તેને જિનનો યાવત્કથિક સાકાર સ્થાપના નિક્ષેપ કહેવાય.
- ઈન્દ્રની પ્રતિમા, પ્રતિકૃતિ આદિને ઇન્દ્રનો ઇત્વરકાલિક સાકાર સ્થાપનાનિક્ષેપ કહેવાય. (અંજનશલાકા વિધાન વખતે ઇન્દ્ર-ઇન્દ્રાણી આદિની જે મંત્રોચ્ચારાદિપૂર્વક સ્થાપના કરાય છે તેને પણ ઈન્દ્રનો ઇત્વરકાલિક સાકાર સ્થાપનાનિક્ષેપ કહેવાય.)
- ગુરુમૂર્તિ એ ગુરુની ઈત્વરકાલિક સાકાર સ્થાપના છે જ્યારે અક્ષ વગેરેમાં ગુરુની થતી સ્થાપના (= સ્થાપનાચાર્ય) એ ઈત્વરકાલિક નિરાકાર સ્થાપના કહેવાય.
- ચિત્ર-કાષ્ઠાદિમાં રહેલા અશ્વાદિને ઇત્વરકાલિક સાકાર સ્થાપના કહેવાય. નાના બાળકો પોતાના પિતા વગેરેને વાંકા નમાવી પીઠ ઉપર ચડીને અથવા તકિયા ઉપર બેસીને 'ઘોડો-ઘોડો' રમતા હોય છે. અહીં તકિયા વગેરેમાં ઘોડાની થયેલી સ્થાપના, ઈત્વરકાલિક નિરાકાર સ્થાપના કહેવાય છે.

## * દ્રવ્યનિક્ષેપનું નિરૂપણ *

ભૂતકાળના કે ભવિષ્યકાળના પર્યાયનું જે કારણ હોય તેને દ્રવ્યનિક્ષેપ કહેવાય. જેમ કે જે ઘડામાં પૂર્વે ઘી ભરેલું હતું અથવા તો જે ઘડામાં ભવિષ્યમાં ઘી ભરવાનું છે તે ઘડો વર્તમાનકાળે ઘી રહિત હોવા છતાં પણ તે ઘડા માટે ઘૃતઘટ (= ઘીનો ઘડો) એવો શબ્દપ્રયોગ થાય છે. ઘૃતાધારત્વ એક પર્યાય છે અને આ પર્યાય ઘટ વિના ઉત્પન્ન થઈ શક્તો નથી કે થયેલો હોતો નથી માટે ભૂતકાળના કે ભવિષ્યકાળના ઘૃતાધારત્વ પર્યાયનું કારણ હોવાથી વર્તમાનકાળના રિક્ત ઘટને પણ ઘૃતઘટ કહેવાય છે. આ રિક્તઘટ, ઘૃતઘટનો દ્રવ્યનિક્ષેપ છે.

**પ્રશ્ન :** ઘૃતઘટ પર્યાય માટે જેમ ઘડો એ કારણ છે તેમ ઘૃત પણ કારણ છે તો પછી ઘૃતને દ્રવ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भूतस्य भाविनो वा भवस्य कारणं यन्निक्षिप्यते स द्रव्यनिक्षेपः, यथाऽनुभूतेन्द्रपर्यायोऽनुभविष्यमाणेन्द्रपर्यायो वा इन्द्रः, अनुभूतघृताधारत्वपर्यायेऽनुभविष्यमाणघृताधारत्वपर्याये च घृतघटव्यपदेशवत्तत्रेन्द्रशब्दव्यपदेशोपपत्तेः । क्वचिदप्राधान्येऽपि द्रव्यनिक्षेपः प्रवर्तते, यथाऽङ्गार-**

---

ज्ञानमिति लक्षणं, प्रत्यक्षमिति लक्ष्यनिर्देशः, तस्य निर्विकल्पकसविकल्पकप्रमाप्रत्यक्षभेदेन द्वैविध्योपदर्शकमव्यपदेश्यमव्यभिचारिव्यवसायात्मकमिति तथा विवेकस्तद्वदत्रापीत्यलं विस्तरेण ।

**'भावस्ये'**ति पर्यायस्य अतीतस्याऽनागतस्य वा कारणम् = उपादानलक्षणं यन्निक्षिप्यते = स चास्य इन्द्रादेर्द्रव्यनिक्षेपो ज्ञेयः । आगमोक्तद्रव्यनिक्षेपलक्षणमपि अभिहितार्थाभिधायकमेव, **तथा हि** - *"भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके, तद्द्रव्यं तत्त्वज्ञैः सचेतनाचेतनं कथितं"*।

द्रवति = गच्छति तांस्तान् पर्यायान् क्षरति चेति द्रव्यमुच्यते । **गच्छतीति** पक्षाश्रयणे खलु अनुभविष्यमाणेन्द्रपर्यायो दृष्टान्तः, **क्षरतीति** पक्षाश्रयणे हि अनुभूतेन्द्रपर्यायो दृष्टान्तः । **भरतचक्रिणा** वन्दितो **मरीचिरपि श्रीवर्धमानस्वामिनो** द्रव्यनिक्षेपो ज्ञेयः । **शक्रस्तवे** *'जे अ अइया सिद्धा जे अ भविस्संति णागयकाले'* इत्यादिनाऽर्हतो द्रव्यनिक्षेपः संस्तुतः, 'संपइ य वट्टमाणा' इत्यादिना पुनर्भावनिक्षेपः।

---

ઘૃતઘટ કેમ ન કહેવાય ? કારણ કે 'भूतस्य भाविनो वा भावस्य (= घृतघटस्य) कारणं' તરીકે ઘૃત પણ આવી શકે ને !

**ઉત્તર** : અહીં 'કારણ' પદથી ઉપાદાન (= પરિણામી) કારણ વિવક્ષિત છે. રિક્ત ઘટ પોતે જ ઘૃતઘટ રૂપે પરિણમેલો હતો. અથવા ભવિષ્યમાં પરિણમતો હોવાથી અહીં રિક્તઘટને જ ઘૃતઘટનો દ્રવ્યનિક્ષેપ કહેવાય. ઘૃત એ ઘૃતઘટનું ઉપાદાનકારણ નથી માટે તેને ઘૃતઘટનો દ્રવ્યનિક્ષેપ ન કહેવાય.

આ રીતે ભૂતકાળના કે ભવિષ્યકાળના ઘૃતઘટની અપેક્ષાએ વર્તમાનકાળમાં રિક્તઘટનો પણ 'ઘૃતઘટ' એવો વ્યવહાર થાય છે એ જ રીતે ભૂતકાળમાં (ગયા ભવમાં) જે ઈન્દ્ર થયેલો હતો અથવા ભવિષ્યકાળમાં (= આવતા ભવમાં) ઈન્દ્ર થનાર હોય તેવા મનુષ્યાદિને દ્રવ્ય ઈન્દ્ર કહેવાય. ભરત ચક્રવર્તીએ મરીચિને વંદન કરેલા ત્યાં પ્રભુ મહાવીરના દ્રવ્યનિક્ષેપના અભિપ્રાયથી વંદન કરેલું. દ્રવ્યનિક્ષેપના કેટલાક વ્યાવહારિક ઉદાહરણો પણ જોઈએ -

- રમેશભાઈ ગામમાં રહેલા પોતાના ઘરને છોડીને અન્યને વેંચીને સોસાયટીના બંગલામાં રહેવા ગયા છતાં ક્યારેક પેલા જૂનાં ઘર માટે 'રમેશભાઈનું ઘર' એવો પ્રયોગ થાય છે.
- પિતાના ઝભ્ભામાંથી પુત્રનો ઝભ્ભો બનાવાયો હોય ત્યારે તે ઝભ્ભા વિશે પણ 'આ તો પિતાજીનો ઝભ્ભો છે' એવો પ્રયોગ ક્યારેક થાય છે.
- છગનકાકાને ભેટ આપવા માટે મિત્ર દ્વારા બજારમાંથી ખરીદીને લવાયેલા નવા જ ધોતિયા વિશે (છગનકાકાને તે ધોતિયું અપાય તે પૂર્વે જ) 'આ તો છગનકાકાનું ધોતિયું છે' એવો વ્યવહાર થાય છે.

અહીં પહેલા ઉદાહરણમાંનું ખાલી ઘર એ 'રમેશગૃહ'નો દ્રવ્યનિક્ષેપ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मर्दको द्रव्याचार्यः, आचार्यगुणरहितत्वादप्रधानाचार्य इत्यर्थः । क्वचिदनुपयोगेऽपि, यथाऽनाभोगेनेहपरलोकाद्याशंसालक्षणेनाविधिना च भक्त्यापि क्रियमाणा जिनपूजादिक्रिया द्रव्यक्रियैव, अनुपयुक्तक्रियायाः साक्षान्मोक्षाङ्गत्वाभावात् । भक्त्याऽविधिनापि क्रियमाणा सा पारम्पर्येण मोक्षाङ्गत्वापेक्षया द्रव्यतामश्नुते, भक्तिगुणेनाविधिदोषस्य निरनुबन्धीकृतत्वादित्याचार्याः ।**

---

**क्वचिदप्राधान्येऽपीति** समयपरिभाषायां द्रव्यपदं सामान्यतस्त्रिधा प्रवर्तते → कारणतायां, अप्राधान्येऽनुपयोगे चेति । प्रथमप्रकारे हि 'भूतस्य भाविनो वे'त्यादिना व्याख्यात उदाहृतश्चा'नुभूतेन्द्रपर्याय' इत्यादिना । **अथ** द्रव्यपदप्रवृत्तेः प्रकारान्तरं दर्शयति '**क्वचिदप्राधान्येऽपि**' इत्यादिना । अङ्गारमर्दकसञ्ज्ञक आचार्यविशेषस्तद्गुणरहितत्वाद् द्रव्याचार्योऽभिधीयते । क्वचिदनुपयोगेऽपीति → अथानुपयोगार्थकं द्रव्यपदमुदाह्रियते । → अनाभोगेन, इहपरलौकिकाऽऽशंसालक्षणाविधिना भक्तियुताऽपि क्रियमाणा जिनपूजनादिक्रिया द्रव्याक्रियैव । द्रव्यत्वं च साक्षान्मोक्षकारणत्वाभावात् । **अयम्भावः** जिनपूजादिक्रिया द्रव्यमभावभेदभिन्ना स्यात्, **यदुक्तं→** *द्रव्यतो भावतश्चैव प्रत्याख्यानं द्विधा मतम्, अपेक्षादिकृतं ह्याद्यमतोऽन्यच्चरमं मतम् ।।* **(अष्टकप्रकरण** ८/१) प्रत्याख्यानोपलक्षणादशेषधर्मक्रियाग्रहणं । यत्र त्वेतदपेक्षादिकं भक्तिबहुमानप्रभावाद् बाध्यमानं भवेत् सा प्रधानद्रव्यक्रिया भावक्रियाकारणीभूतत्वाद्, **यदुक्तं-** *जिनोक्तमिति सद्भक्त्या ग्रहणे द्रव्योऽप्यदः, बाध्यमानं भवेद् भावप्रत्याख्यानस्य कारणम् ।* **(अष्टकप्रकरण** ८/८) यत्र तु एतादृशी सद्भक्तिर्नाऽस्ति

---

બીજા ઉદાહરણમાંનો ઝભ્ભો એ 'પિતાના ઝભ્ભો'નો દ્રવ્યનિક્ષેપ છે.

ત્રીજા ઉદાહરણમાંનું ધોતિયું એ 'છગનકાકાના ધોતિયા'નો દ્રવ્યનિક્ષેપ છે.

### * અનુપયોગ-અવિધિથી કરાતી ક્રિયા પણ દ્રવ્યક્રિયા *

ભૂતકાળના અથવા ભવિષ્યકાળના પર્યાયના કારણને દ્રવ્યનિક્ષેપ કહીને હવે ક્યારેક અપ્રાધાન્ય કે અનુપયોગ અર્થમાં પણ 'દ્રવ્યનિક્ષેપ' કહેવાય છે એ જણાવે છે. ક્યાંક અપ્રાધાન્ય અર્થમાં પણ 'દ્રવ્યનિક્ષેપ' કહેવાય છે. જેમ કે અંગારમર્દક આચાર્ય દ્રવ્યાચાર્ય (= અપ્રધાનાચાર્ય) હતા. કારણ કે આચાર્યના ગુણોથી રહિત હતા. અહીં 'અપ્રધાન' અર્થમાં દ્રવ્યનિક્ષેપ કહેવાયો છે.

સૂત્રમાં કહ્યું છે 'अणुवओगो दव्वं' (અનુયોગદ્વાર) તેને અનુસરીને ગ્રન્થકાર જણાવે છે કે ક્યારેક 'અનુપયોગ' અર્થમાં પણ 'દ્રવ્ય' શબ્દ વપરાય છે. જેમ કે - અનાભોગથી અથવા ઈહલોક-પરલોકાદિની ભૌતિક આશંસા રૂપ અવિધિથી ભક્તિપૂર્વક પણ કરાતી ક્રિયા 'દ્રવ્યક્રિયા' જ છે. કારણ કે ઉપયોગશૂન્ય ક્રિયા સાક્ષાત્ મોક્ષનું કારણ બનતી નથી તેમ ભક્તિપૂર્વકની પણ ક્રિયા જો અવિધિપૂર્વક કરાતી હોય તો તે ક્રિયા પરંપરાએ મોક્ષફળસાધક બની શકે છે. પરંતુ સાક્ષાત્ તેવું ફળ આપતી નથી. આ અપેક્ષાએ તે ક્રિયાને (= અવિધિથી કરાતી ભક્તિપૂર્વકની ક્રિયાને) દ્રવ્યક્રિયા કહી છે.

**પ્રશ્ન :** ક્રિયા જ્યારે અવિધિવાળી હોય, પછી તે ભક્તિથી કરાતી હોય તો પણ મોક્ષાંગ શી રીતે બની શકે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विवक्षितक्रियानुभूतिविशिष्टं स्वतत्त्वं यन्निक्षिप्यते स भावनिक्षेपः, यथा इन्दनक्रियापरिणतो भावेन्द्र इति ।**

**ननु भाववर्जितानां नामादीनां कः प्रतिविशेषस्त्रिष्वपि वृत्त्यविशेषात् ?, तथाहि - नाम तावन्नामवति पदार्थे स्थापनायां द्रव्ये चाविशेषेण वर्तते । भावार्थशून्यत्वं स्थापनारूपमपि**

न तद् भावप्रत्याख्यानीभवति यथाऽभव्यादीनाम्, अतः सा क्रियाऽप्रधानद्रव्यरूपा गीयते । अत्राऽर्थे बहु वक्तव्यं, तत्तु नोच्यते ग्रन्थविस्तरभयात्, सुधिया माध्यस्थ्यमवलम्ब्यान्यतोऽवसेयम् । **ननु** विध्यभावे कथं ततः परम्परयाऽपि फलप्रसूतिरिति **चेत्, उच्यते,** भक्त्यभावविशिष्टाविधेरेव वस्तुतः प्रतिबन्धकत्वं, भक्तिगुणेनाविधिदोषस्य निरनुबन्धीकृतत्वात्, भक्तेर्विधिसमाकर्षकक्षयोपशमाऽऽधायकत्वादिति भावः ।

'**विवक्षितक्रियानुभूतिविशिष्टमि**'ति → **अयम्भावः** भवनं = विवक्षित रूपेण परिणमनं भावः, अथवा भवति = विवक्षितरूपेण सम्पद्यत इति भावः । वक्तुर्विवक्षिता या इन्दन-ज्वलन-जीवनादिका क्रिया, तस्या अनुभूतिरनुभवनं तया विशिष्टं इन्द्रादिलक्षणवस्तुस्वरूपं यन्निक्षिप्यते = स्वर्गाधिपत्यादिलक्षणैश्वर्यादियुक्ततयाऽ-

**ઉત્તર :** ભક્તિના કારણે અવિધિનો દોષ નિરનુબન્ધ બની જાય છે, અર્થાત્ - ક્રિયા પ્રત્યેની અથવા ક્રિયોપદેશક પ્રત્યેની હાર્દિક ભક્તિની આ તાકાત છે કે અજ્ઞાનાદિ કારણે કદાચ ક્રિયામાં અવિધિ થઈ જાય તો પણ તે અવિધિદોષ અનુબન્ધ વગરનો (= તાકાતહીન) બની જાય છે જેથી કરીને ક્રિયાગત પેલો અવિધિદોષ, આગળ પણ સદોષક્રિયાઓ જ કરાવે રાખે એવું પછી બનતું નથી. ક્રિયાગત અવિધિદોષ જ તે ક્રિયાને દ્રવ્યક્રિયા બનાવે છે, પણ સાથે જે ક્રિયા પ્રત્યેની ભક્તિ છે તેનાથી તે અવિધિદોષ દૂર થતો આવે છે અને આગળ જતા વિધિપૂર્વકની ક્રિયા દ્વારા મોક્ષફળ પણ પ્રાપ્ત કરી શકાય છે. એવું આચાર્ય ભગવંતોનું કહેવું છે.

## * ભાવનિક્ષેપનું નિરૂપણ *

દરેક વસ્તુ પોતપોતાની કોઈ ને કોઈ અસાધારણ અર્થક્રિયા ધરાવતી હોય છે. તે વિવક્ષિત અર્થક્રિયાની અનુભૂતિથી વિશિષ્ટ એવું વસ્તુનું સ્વતત્ત્વ (= અસાધારણ સ્વરૂપ): જણાવાતું હોય ત્યારે તેને (તે વસ્તુનો) ભાવનિક્ષેપ કહેવાય છે. અર્થાત્ પ્રતિપાદક શબ્દ જે પર્યાયને જણાવતો હોય તે પર્યાયને અનુભવતી વસ્તુ ભાવનિક્ષેપ કહેવાય છે. જેમ કે ઈન્દનક્રિયા રૂપે પરિણત થયેલા પદાર્થને ભાવેન્દ્ર કહેવાય છે.

હવે નામ-સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપોમાં પરસ્પર શું ભેદ અને વિશેષતાઓ રહી છે તે જણાવે છે-

## * નામ-સ્થાપના-દ્રવ્ય નિક્ષેપો વચ્ચે અભેદની શંકા - પૂર્વપક્ષ *

**પૂર્વપક્ષ :** ભાવ સિવાયના નામાદિ ત્રણ નિક્ષેપમાં શું ભેદ છે ? કારણ કે નામાદિ ત્રણેમાં નામની પ્રવૃત્તિ અંગે સમાનતા જણાય છે. તે આ રીતે - નામવાન્ પદાર્થમાં, તેની સ્થાપનામાં અને દ્રવ્યનિક્ષેપમાં, ત્રણેમાં નામનો સંબંધ તો છે જ. જો નામનું સ્વરૂપ સ્થાપના અને દ્રવ્ય કરતા જુદું હોત તો સ્થાપના અને દ્રવ્યમાં નામનો સંબંધ ન હોત. (યદ્યપિ ભાવેન્દ્રમાં પણ નામનો સંબંધ તો છે જ, પરંતુ ભાવેન્દ્રનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**त्रिष्वपि समानम्, त्रिष्वमि भावस्याभावात्, द्रव्यमपि नामस्थापनाद्रव्येषु वर्तत एव, द्रव्यस्यैव नामस्थापनाकरणात्, द्रव्यस्य द्रव्ये सुतरां वृत्तेश्चेति विरुद्धधर्माध्यासाभावान्नैषां भेदो युक्त इति चेत्; न; अनेन रूपेण विरुद्धधर्माध्यासाभावेऽपि रूपान्तरेण विरुद्धधर्माध्यासाद् भेदोपपत्तेः। तथाहि-नामद्रव्याभ्यां स्थापना तावदाकाराभिप्रायबुद्धिक्रियाफलदर्शनाद् भिद्यते, यथा हि स्था-**

'यमिन्द्र' इत्येवं रूपेण इन्द्रशब्दवाच्यतया व्यवह्रियते स इन्द्रादिर्भावनिक्षेपः । आगमोक्तं भावनिक्षेपलक्षणमपि

જે વર્તમાન પર્યાય છે તે નામ-સ્થાપના કે દ્રવ્યમાં નથી માટે 'ભાવ' જુદો તરી આવે છે.) આ જ રીતે સ્થાપના નિક્ષેપનું સ્વરૂપ પણ કાંઈ અસાધારણ લાગતું નથી. ભાવાર્થશૂન્યત્વ એ સ્થાપનાનું સ્વરૂપ છે પણ નામ અને દ્રવ્યનિક્ષેપ પણ ભાવાર્થશૂન્ય તો છે જ. (અન્યથા ભાવનિક્ષેપમાં જ નામાદિનો સમાવેશ થઈ જાત.) દ્રવ્યનિક્ષેપમાં પણ આ જ તકલીફ છે. દ્રવ્યનું જ નામ પડાય છે, દ્રવ્યની જ સ્થાપના કરાય છે અને દ્રવ્ય પોતે તો દ્રવ્ય છે જ તેથી આ ત્રણેનો ભેદ પાડી શકાતો નથી. અર્થાત્, જ્યાં વિરુદ્ધધર્માધ્યાસ હોય ત્યાં પરસ્પર ભેદ હોય પરંતુ અહીં તો નામ-સ્થાપના-દ્રવ્યનું વ્યક્તિરૂપે જણાવાતું સ્વરૂપ પણ અન્ય બન્નેમાં રહ્યું જ છે. નામ કે નામવાન્‌ને નામનિક્ષેપ કહ્યો છે પણ નામનો સંબંધ તો સ્થાપના અને દ્રવ્યમાં પણ છે જ. દ્રવ્યરૂપ પણ ત્રણે ય છે જ. આમ જ્યારે પરસ્પરના સ્વરૂપનું સાંકર્ય થતું હોય ત્યારે ત્રણેયને ભિન્ન શી રીતે માનવા ?

### ✻ નામાદિ ત્રણ વચ્ચે ભિન્નતાની સિદ્ધિ - ઉત્તરપક્ષ ✻

**ઉત્તરપક્ષ :** પહેલી વાત તો એ બરાબર સમજી રાખવા જેવી છે કે જે પદાર્થોમાં પરસ્પર વિરોધી ધર્મ રહેતા હોય તે પદાર્થોમાં કોઈ કોઈ સમાન ધર્મો પણ રહ્યા હોવા માત્રથી તે તે પદાર્થો વચ્ચેનો ભેદ ભુંસાઈ જતો નથી. તમે જણાવ્યું એ રીતે નામાદિ ત્રણમાં વિરુદ્ધ ધર્માધ્યાસ ભલે ન હોય પરંતુ અન્ય રીતે વિરુદ્ધધર્માધ્યાસ છે અને તેથી નામાદિ ત્રણ વચ્ચે પરસ્પર ભેદ પણ ઘટે છે. જલ અને અગ્નિ ભિન્ન વસ્તુઓ છે. તેમ છતાં પણ દ્રવ્યત્વાદિ ધર્મો તો બન્નેમાં છે જ. પરંતુ એટલા માત્રથી તે બે વચ્ચેનો ભેદ મિટાવી શકાતો નથી. એક રીતે સમાનતા મળવા છતાં અન્ય રીતે વિષમતા છે જ.

તે આ રીતે - જ્યાં કાષ્ઠાદિમાં ઈન્દ્રની આકૃતિ કોતરીને સ્થાપના કરવામાં આવે છે તેમાં હજાર આંખ, હાથમાં વજ્ર આદિ આકાર હોય છે. સ્થાપના કરનાર 'આ ઈન્દ્ર છે' એવા અભિપ્રાયથી જ સ્થાપના કરે છે. સ્થાપના ઈન્દ્રના દર્શન કરનારાઓને, તે આકાર-રૂપાદિ જોવાથી 'આ ઈન્દ્ર છે' એવી બુદ્ધિ થાય છે અને તેથી ભક્તિવાળા લોકો તે સ્થાપના ઈન્દ્રને નમસ્કાર-સ્તુતિ-પૂજા-સત્કારાદિ કરતા પણ જોવા મળે છે. અરે ! એ સ્થાપના ઈન્દ્રની ભક્તિના પ્રતાપે ભક્તોને ઈષ્ટ ફળ મળતું પણ દેખાય છે. નામેન્દ્ર કે દ્રવ્યેન્દ્રને વિશે આવું દેખાતું નથી. ઈન્દ્ર નામવાળા ગોપાલદારકાદિ (= નામેન્દ્ર) ની પૂજાસ્તવના, તેના દર્શન દ્વારા ઈન્દ્રની બુદ્ધિ, તે ગોપાલદારકાદિની ભક્તિથી ફલપ્રાપ્તિ આદિ થતું દેખાતું નથી. આવું જ દ્રવ્યેન્દ્રની બાબતમાં પણ છે. માટે નામ અને દ્રવ્ય કરતા સ્થાપનાના આકાર, અભિપ્રાય, જ્ઞાન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पनेन्द्रे लोचनसहस्राद्याकारः, स्थापनाकर्तुश्च सद्भूतेन्द्राभिप्रायो, द्रष्टुश्च तदाकारदर्शनादिन्द्रबुद्धि, भक्तिपरिणतबुद्धीनां नमस्करणादिक्रिया, तत्फलं च पुत्रोत्पत्त्यादिकं संवीक्ष्यते, न तथा नामेन्द्रे द्रव्येन्द्रे चेति ताभ्यां तस्य भेदः । द्रव्यमपि भावपरिणामिकारणत्वान्नामस्थापनाभ्यां भिद्यते, यथा ह्यनुपयुक्तो वक्ता द्रव्यम्, उपयुक्तत्वकाले उपयोगलक्षणस्य भावस्य कारणं भवति, यथा वा साधुजीवो द्रव्येन्द्रः सद्भावेन्द्ररूपायाः परिणतेः, न तथा नामस्थापनेन्द्राविति । नामापि स्थापनाद्रव्याभ्यामुक्तवैधर्म्यादेव भिद्यत इति । दुग्धतक्रादीनां श्वेतत्वादिनाऽभेदेऽपि माधुर्यादिना भेदवन्नामादीनां केनचिद्रूपेणाभेदेऽपि रूपान्तरेण भेद इति स्थितम् ।**

---

गतार्थकमेव, **तथा हि** *"भावो विवक्षितक्रियानुभूतियुक्तो हि वै समाख्यातः, सर्वज्ञैरिन्द्रादिवदिहेन्दनादिक्रियाऽनुभवात्"* ।

---

ક્રિયા, ફળ આદિ જુદા હોવાથી સ્થાપના, અન્ય બે કરતા ભિન્ન છે એ સિદ્ધ થાય છે.

સ્થાપનાનો નામ-દ્રવ્ય કરતા ભેદ બતાવીને હવે દ્રવ્યનો નામ-સ્થાપના કરતા ભેદ બતાવે છે. ભાવરૂપે પરિણમનાર હોવાથી તેના પરિણામી કારણને કાર્યાત્મક 'ભાવ' નું 'દ્રવ્ય' (= કારણ) કહેવાય છે. નામ કે સ્થાપના ભાવ રૂપે ક્યારે ય પરિણમતા નથી જ્યારે દ્રવ્યનિક્ષેપ ભાવનિક્ષેપનું પરિણામી કારણ છે માટે નામ-સ્થાપના કરતા દ્રવ્યનિક્ષેપનો ભેદ સ્પષ્ટ છે. મૃત્પિંડ ઘટરૂપે પરિણમે છે માટે તેને દ્રવ્યઘટ કહેવાય છે પરંતુ 'ઘટ' નામ (કે 'ઘટ' નામવાળી વ્યક્તિ) અથવા સ્થાપનાઘટ ક્યારેય ઘટરૂપે પરિણમતા નથી. આ જ વાતને ગ્રન્થકારશ્રી બે ઉદાહરણો દ્વારા સમજાવે છે. (૧) અનુપયુક્ત વક્તાને દ્રવ્ય કહેવાય છે. ઉપયોગ પરિણામ એ જ 'ભાવ' છે. ઉપયોગ એ આત્માનો ધર્મ હોવાથી કાલાન્તરે એ આત્મા જ ઉપયોગવાળો થતા 'ભાવ' બનશે. આમ ઉપયોગ સ્વરૂપ ભાવનું કારણ હોવાથી અત્યારે અનુપયુક્ત વક્તાને 'દ્રવ્ય' કહેવાય છે. એ 'દ્રવ્ય' જ 'ભાવ' રૂપે પરિણમશે. પણ નામ-સ્થાપના 'ભાવ' રૂપે પરિણમતા નથી. માટે દ્રવ્યનિક્ષેપ, નામ સ્થાપના કરતા ભિન્ન છે.

(૨) આગામી ભવમાં ઈન્દ્ર થનારા વર્તમાનના સાધુના જીવને દ્રવ્ય ઈન્દ્ર કહેવાય છે. એ જ સાધુનો આત્મા (દ્રવ્યનિક્ષેપ) કાલાન્તરે ઈન્દ્ર પરિણામને (ભાવનિક્ષેપને) પામશે માટે તે આત્માને દ્રવ્યઈન્દ્ર કહેવાય છે. આ રીતે નામઈન્દ્ર કે સ્થાપનાઈન્દ્ર, ભાવેન્દ્રરૂપે પરિણમતા નથી. આના પરથી પણ નામ-સ્થાપના અને દ્રવ્યનિક્ષેપ વચ્ચેનો ભેદ સ્પષ્ટ પ્રતીત થાય છે.

સ્થાપનાનિક્ષેપ અને નામનિક્ષેપના જે વિલક્ષણ ધર્મો પૂર્વે બતાવ્યા છે તેનું વૈધર્મ્ય નામનિક્ષેપમાં છે તેથી નામનિક્ષેપ પણ સ્થાપનાનિક્ષેપ અને દ્રવ્યનિક્ષેપ કરતા ભિન્ન છે. સ્થાપનાનિક્ષેપમાં વિશિષ્ટઆકારવત્ત્વ, વિશિષ્ટઅભિપ્રાયવત્ત્વ, બુદ્ધિવિશેષજનકત્વ, નમસ્કારાદિવિષયત્વ, ફલદાયકત્વ આદિ ધર્મો રહ્યા છે. દ્રવ્યનિક્ષેપમાં પરિણામિત્વ ધર્મ રહ્યો છે. સ્થાપનાગત અને દ્રવ્યગત આ ધર્મો નામનિક્ષેપમાં રહ્યા નથી માટે નામનિક્ષેપમાં સ્થાપના અને દ્રવ્યનું વૈધર્મ્ય છે. માટે નામનિક્ષેપ પણ સ્થાપના અને દ્રવ્ય કરતા ભિન્ન છે તે સિદ્ધ થાય છે.

દૂધ અને છાશ બન્નેનો વર્ણ શ્વેત હોવાથી તે રૂપે બન્ને વચ્ચે અભિન્નતા હોવા છતાં પણ અન્યરૂપે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ननु भाव एव वस्तु, किं तदर्थशून्यैर्नामादिभिरिति चेत्; न; नामादीनामपि वस्तुपर्यायत्वेन सामान्यतो भावत्वानतिक्रमात्, अविशिष्टे इन्द्रवस्तुन्युच्चरिते नामादिभेदचतुष्टयपरामर्शनात्प्रकरणादिनैव विशेषपर्यवसानात् । भावाङ्गत्वेनैव वा नामादीनामुपयोगः जिननामजिनस्था-**

---

सान्वर्थतया भावस्यैव वस्तुत्वमित्याशङ्कते '**नन्वि**'त्यादिना → अत्र शङ्काकर्तुरनुमानप्रयोगश्चायं दृष्टव्यः 'भावनिक्षेप एव वस्तु, स्वकार्यप्रसाधकत्वात् जलाहरणादिकार्यसमर्थभावघटवत् । उत्तरयति '**ने**'त्यादिना प्रत्युत्तरप्रयोगश्चायं द्रष्टव्यः 'नामादयोऽपि वस्तुरूपा वस्तुपर्यायत्वाद् रूपादिवत्' ।

---

બન્ને વચ્ચે ભિન્નતા પણ છે. જેમ કે દૂધમાં મધુરરસ હોય છે. જ્યારે છાશમાં આમ્લરસ હોય છે. આજ રીતે નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપો વચ્ચે અમુક અપેક્ષાએ અભેદ હોવા છતાં પણ અન્ય અપેક્ષાએ ભેદ પણ અબાધિત છે. તેથી 'નામાદિ ત્રણે નિક્ષેપના સ્વરૂપમાં સાંકર્ય છે અને ત્રણે વચ્ચે વિલક્ષણતા ભિન્નતા નથી.' ઈત્યાદિ પૂર્વપક્ષીનું કથન નિરસ્ત જાણવું.

હવે, માત્ર ભાવનિક્ષેપને જ વસ્તુરૂપ માનવા જોઈએ એવી શંકા કરીને ચારે ય નિક્ષેપોમાં વસ્તુરૂપતા (= કથંચિદ્ ભાવરૂપતા)ની સિદ્ધિ કરે છે.

### * નામાદિ ચારે નિક્ષેપોમાં કથંચિદ્ ભાવરૂપતાની સિદ્ધિઃ *

**શંકા :** કારણભૂત દ્રવ્ય જ્યારે વિવક્ષિતપર્યાયથી યુક્ત હોય છે ત્યારે તેના દ્વારા કાર્ય થઈ શકે છે. ભાવરૂપ પદાર્થ દ્વારા જે કાર્ય થઈ શકે તે તેના નામાદિ દ્વારા થઈ શકતું નથી. દા.ત. મૃત્પિંડમાંથી નિષ્પન્ન થયેલો ભાવઘટ જ્યારે જલધારકત્વાદિ પર્યાયથી યુક્ત હોય છે ત્યારે તેનાથી જલાહરણાદિ ક્રિયાઓ થઈ શકે છે પરંતુ 'ઘટ' એવા નામથી, ઘટના ચિત્રથી કે ઘટના કારણભૂત મૃત્પિંડ દ્વારા આવી ક્રિયા થઈ શકતી નથી. તેથી 'ઘટ' શબ્દનો વાચ્યાર્થ વાસ્તવમાં તો મૃત્પરિણામાત્મક ભાવઘટ જ છે. નામ ઘટાદિ 'ઘટ' શબ્દના વાચ્યાર્થ નથી. તો પછી 'ઘટ' શબ્દના અર્થથી યુક્ત 'ભાવ'ને જ વસ્તુ માનો. 'ભાવ' ના અર્થથી શૂન્ય એવા નામાદિને વસ્તુ માનવાથી સર્યું.

**સમા. :** નામ-સ્થાપનાદિ પણ વસ્તુના (= 'ભાવ'ના) જ પર્યાયરૂપ હોવાથી કથંચિદ્ ભાવરૂપ છે. વળી, સામાન્યરૂપે (અર્થાત્, નામ ઈન્દ્રની, સ્થાપના ઈન્દ્રની કે એવી કોઈ વિશેષ વિવક્ષા વિના જ) 'ઈન્દ્ર' એવું પદ બોલવામાં આવે તો શ્રોતાને નામાદિ ચારેય નો બોધ થઈ શકે છે. 'ઈન્દ્ર' પદ સાંભળતા જ 'ઈન્દ્ર નામની કોઈ વ્યક્તિ આવી લાગે છે' ઈત્યાદિ રીતે નામેન્દ્ર વિષયક પરામર્શ થઈ શકે છે. મૂર્તિ વિશે 'આ ઈન્દ્ર છે' ઇત્યાદિ રીતે સ્થાપના ઈન્દ્ર વિષયક બોધ પણ થઈ શકે છે. મરીને ઈન્દ્ર થનાર વ્યક્તિ વિશે 'આ ઈન્દ્ર આવ્યો' ઇત્યાદિ રીતે દ્રવ્યેન્દ્ર વિષયક બોધ પણ થઈ શકે છે. 'આવી ઋદ્ધિવાળાને ઈન્દ્ર કહેવાય' ઇત્યાદિ રીતે ભાવેન્દ્રવિષયક બોધ પણ થઈ શકે તેમ છે.

**પ્રશ્ન :** 'ઈન્દ્ર' પદનું ઉચ્ચારણ થતા જ જો આ રીતે નામાદિ ચારે ય નિક્ષેપનો પરામર્શ થઈ શકતો હોય તો પછી અહીં ભાવેન્દ્રની વાત છે અથવા દ્રવ્યેન્દ્રની વાત છે ઈત્યાદિ રૂપ નિયતવિશેષબોધ શી રીતે થશે ?

**ઉત્તર :** 'ઈન્દ્ર' પદના શ્રવણથી નામાદિ ચારે ય ભેદોનો પરામર્શ થઈ શકે છે અને વિશેષબોધ તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पनापरिनिर्वृतमुनिदेहदर्शनाद्भावोल्लासानुभवात् । केवलं नामादित्रयं भावोल्लासेऽनैकान्तिकमनात्यन्तिकं च कारणमिति ऐकान्तिकात्यन्तिकस्य भावस्याभ्यर्हितत्वमनुमन्यन्ते प्रवचनवृद्धाः । एतच्च भिन्नवस्तुगतनामाद्यपेक्षयोक्तम् । अभिन्नवस्तुगतानां तु नामादीनां भावाविनाभूतत्वादेव**

---

नामादीनां वस्तुपर्यायत्वमुपपादयति **'अविशिष्टे'** इत्यादिना - अविशिष्टे = अभिप्रायविशेषासम्बद्धत्वेन इन्द्रादिपद उच्चरिते सति, उच्चरितमात्रमेव तदिन्द्रादिवस्तु नामादिभेदचतुष्टयं प्रतिपद्यते, भेदाश्च पर्याया एवेति वस्तुपर्यायत्वाद् नामादयोऽपि वस्तुतां प्राप्नुवन्ति ।

नामादीनां वस्तुत्वोपपादने युक्त्यन्तरमाह **'भावाङ्गत्वेनैवे'**त्यादिना । अत्र भावपदेन हृद्वर्त्याह्लादादिलक्षणोऽनुभवो बोध्यो, न तु भावनिक्षेपः ।

**'भावोल्लासेऽनैकान्तिकमनात्यन्तिकं चेति'** → अत्र भावोल्लासे भावनिक्षेपस्यैकान्तिकत्वात्यंतिकत्वो-

---

પ્રકરણ (= સંદર્ભ) દ્વારા થઈ જાય છે. દા.ત. 'કોણ આવ્યું ?' એવા પ્રશ્નના ઉત્તરમાં કોઈ 'ઈન્દ્ર' પદ બોલે તો પ્રકરણ દ્વારા સમજી શકાય છે અહીં નામેન્દ્રની વાત પ્રસ્તુત છે. ચિત્રમાં રહેલી આકૃતિવિશેષને જોઈને કોઈ પૂછે કે 'આ કોણ છે' ત્યારે ઉત્તરરૂપે 'ઈન્દ્ર' પદ બોલતા પ્રકરણ દ્વારા જણાય છે કે 'અહીં સ્થાપના ઈન્દ્રની વાત છે.' આ રીતે દ્રવ્ય અને ભાવનિક્ષેપના બોધ અંગે પણ યથાયોગ્ય જાણવું. આ રીતે નામાદિ ત્રણે ભાવપદાર્થના, અર્થાત્, વસ્તુના જ પર્યાયરૂપ હોવાથી નામાદિ ત્રણે પણ વસ્તુરૂપ છે.

અથવા તો બીજી રીતે પણ નામાદિ ત્રણ નિક્ષેપમાં વસ્તુત્વ માની શકાય છે. નામ સ્થાપના કે દ્રવ્યનિક્ષેપનો ઉપયોગ ભાવના સાધન તરીકે જ થાય છે. 'ભાવાંગત્વેન' પદમાંના ભાવ પદનો અર્થ ભાવનિક્ષેપ નથી, કિન્તુ 'ભાવોલ્લાસ' એવો અર્થ સમજવો. અર્થાત્, નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપ પણ ભાવનિક્ષેપના (સ્મરણાદિમાં) કારણ બનવા દ્વારા ભાવોલ્લાસ જન્માવે છે. આ વસ્તુ અનુભવસિદ્ધ છે. દા.ત. કોઈ છોકરાને પૂછીએ કે 'તારૂં નામ શું છે ?' પેલો કહે 'જિનેન્દ્ર ! તો તરત જ એ સાંભળતા આનંદ અને ભાવોલ્લાસ અનુભવાય છે અને એને સૂચવતા શબ્દો પણ સહસા મુખમાંથી સરી પડે કે ! 'ઓહો ! બહુ સુંદર નામ છે.' (આવી પ્રતીતિ થવાનું કારણ એ છે કે જિનેન્દ્ર એવું નામ (= નામનિક્ષેપ) પણ ભાવજિનની સ્મૃતિ કરાવે છે માટે હૃદયમાં ભાવોલ્લાસ પ્રગટ થાય છે.) આવી જ રીતે, સૌમ્ય, નિર્વિકારિતા અને નીતરતી વીતરાગતા જેમાં સ્પષ્ટ જણાય છે એવી જિનપ્રતિમા (= સ્થાપનાનિક્ષેપ)ને જોતા પણ અનેરો આહ્લાદ અને ભક્તિ અનુભવાય છે અને મનમાં એવા શુભ વિચારો આવે છે કે 'અહો ! કેવી નિર્વિકારિતા ! કેવી અનુપમ સૌમ્યતા !' (આમાં પણ ભાવજિન (ના સ્વરૂપ)નું સ્મરણ થયેલું જણાય છે અને એટલે જ હૃદયમાં ભક્તિભાવ ઊભરાય છે.) આ રીતે નિર્વાણ પામેલા મુનિશરીર (= દ્રવ્યનિક્ષેપ)ને જોતા પણ ભાવોલ્લાસ પ્રગટે છે. 'અહો ! ધન્ય છે જેઓએ ઉગ્ર સાધના દ્વારા પોતાનું કામ કાઢી લીધું' ઈત્યાદિ ભાવો હૃદયમાં પ્રગટે છે. આ રીતે ભાવોલ્લાસનું કારણ બને છે માટે નામાદિ પણ વસ્તુરૂપ જ છે. હા, નામાદિ ત્રણ નિક્ષેપ અને ભાવનિક્ષેપમાં એટલો ફરક જરૂર પડે કે નામાદિ ત્રણે નિક્ષેપો ભાવોલ્લાસ પ્રગટાવવા અનૈકાન્તિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**वस्तुत्वम्, सर्वस्य वस्तुनः स्वाभिधानस्य नामरूपत्वात् स्वाकारस्य स्थापनारूपत्वात्, कारण-**

---

क्तिस्तु बाहुल्यख्यापकं ज्ञेयं, अभव्यानां विचित्रकर्मोदयाद्यभिभूतानां **हालिककर्षकादि**नां वा भावजिनदर्शनेऽपि भावोल्लासानुत्थानस्य विपरीतभावोत्थानस्य वा दर्शनाद् । अतो योग्यजीवानां भावोल्लासोत्थाने नामादित्रयेभ्यो भावोऽधिकतरशक्यताको, नामादित्रयजनितभावोल्लासे अधिकोत्कर्षजनको वा ज्ञेयः । एष एवात्र ऐकान्तिकात्यंतिकपदैदम्पर्यम् ।

**अयमत्राभिप्रायः** भावस्य तावद् वस्तुरूपत्वे न काचिद् विप्रतिपत्तिः, अतो नामादिषु एव सा सम्भवन्ती निराक्रियते । तत्रापि भावस्य वस्तुरूपत्वेऽभ्युपगम्यमाने तस्यैव परिणामिकारणरूपस्य द्रव्यस्य वस्तु-

---

અને અનાત્યંતિક છે જ્યારે ભાવનિક્ષેપ આ બાબતમાં ઐકાન્તિક અને આત્યંતિક છે. અર્થાત્, નામજિનાદિ ત્રણ ભાવોલ્લાસ જન્માવે પણ ખરા અને ક્યારેક એમાં અસફળ રહે જ્યારે ભાવજિન બહુધા ભાવોલ્લાસ અવશ્ય જન્માવે છે. માટે નામાદિ ત્રણ નિક્ષેપો કરતા અભ્યર્હિત (= ચડિયાતો) છે એમ **વિશેષાવશ્યકભાષ્યકારાદિપ્રવચનવૃદ્ધોનું** (પ્રાચીન આચાર્ય ભગવંતોનું) માનવું છે. (જો કે એમ તો અભવ્યાદિ અયોગ્ય જીવો માટે તો ભાવનિક્ષેપ પણ ભાવોલ્લાસનું કારણ નથી બનતું તેથી 'ભાવનિક્ષેપ ભાવોલ્લાસ પ્રગટાવવામાં ઐકાન્તિક અને આત્યંતિક છે' એવું કથન અસંગત લાગશે.પરંતુ અહીં તાત્પર્યાર્થ એટલો જ છે કે - જે યોગ્ય જીવોને ભાવોલ્લાસ પ્રગટી શકે છે એમાં ભાવનિક્ષેપથી ભાવોલ્લાસ પ્રગટાવવામાં નામાદિ ત્રણ નિક્ષેપો કરતા ઘણી અધિક શક્યતા છે અને ભાવનિક્ષેપથી પ્રગટ થતા ભાવોલ્લાસમાં બહુધા નામાદિનિક્ષેપજન્ય ભાવોલ્લાસ કરતા ઉત્કર્ષ પણ ઘણો હોય છે. અર્થાત્, કોઈને નામાદિ ત્રણ નિક્ષેપથી ભાવોલ્લાસ પ્રગટે છે તેઓને બહુધા ભાવનિક્ષેપથી વિશેષ અધિક ભાવોલ્લાસ પ્રગટે છે. આ રીતે ભાવનિક્ષેપમાં ભાવોલ્લાસને ઉત્પન્ન કરવા અંગેની ઐકાન્તિકતા અને આત્યંતિકતાનો અર્થ આવો જાણવો.) આ રીતે ભાવના કારણ હોવા રૂપે નામાદિ ત્રણ નિક્ષેપને જે વસ્તુરૂપ કહ્યા છે તે સર્વત્ર નથી. કિન્તુ ભાવનિક્ષેપ કરતા ભિન્ન વસ્તુમાં રહેનારા નામાદિનિક્ષેપની અપેક્ષાએ જાણવું. (અર્થાત્, 'ઈન્દ્ર' નામવાળા ગોપાલદારકાદિને પણ નામેન્દ્ર કહેવાય છે, ઈન્દ્રની પ્રતિમાને સ્થાપના ઈન્દ્ર કહેવાય છે. ભાવિમાં ઈન્દ્ર થનાર વ્યક્તિને દ્રવ્યેન્દ્ર કહેવાય છે, અને દેવલોકમાં રહેલા ઈન્દ્રને ભાવેન્દ્ર કહેવાય છે. અહીં જણાય છે કે ભાવેન્દ્ર કરતા ભિન્ન એવા ગોપાલદારકાદિ પદાર્થોમાં નામેન્દ્રત્વાદિ રહ્યું છે. તેથી આવા સ્થળો માટે ઉક્ત સમાધાન જાણવું.)

જ્યાં એક જ પદાર્થમાં નામાદિ ચારે નિક્ષેપ થતા હોય ત્યાં આગળ તો ભાવપદાર્થથી અવિનાભૂત (= ભાવપદાર્થાત્મકઃ હોવાથી જ નામાદિ ત્રણે વસ્તુરૂપ છે.

**પ્રશ્ન :** નામાદિ ચારે ય નિક્ષેપો એક જ વસ્તુમાં શી રીતે સંભવે ?

**ઉત્તર :** દરેક પદાર્થનું પોતાનું નામ એ જ તો તેનો નામનિક્ષેપ છે, દરેક વસ્તુનો પોતાનો આકાર એ તેનો સ્થાપનાનિક્ષેપ છે. દરેક વસ્તુ પોતાના ઉત્તર પર્યાયોની ઉત્પત્તિમાં કારણ બને છે માટે તે દરેક વસ્તુઓમાં રહેલી સ્વોત્તરપર્યાયોની કારણતા એ તેનો દ્રવ્યનિક્ષેપ છે અને તે તે પર્યાયરૂપે (= કાર્યરૂપે) પરિણત થયેલું વસ્તુનું સ્વરૂપ એ તેનો ભાવનિક્ષેપ છે.

**તાત્પર્ય :** ભાવનિક્ષેપ વસ્તુરૂપ છે એમાં તો કોઈ વિવાદ નથી. જે શંકા છે તે માત્ર નામાદિ ત્રણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तायाश्च द्रव्यरूपत्वात्, कार्यापन्नस्य च स्वस्य भावरूपत्वात् । यदि च घटनाम घटधर्मो न भवेत्तदा ततस्तत्सम्प्रत्ययो न स्यात्, तस्य स्वापृथग्भूतसम्बन्धनिमित्तकत्वादिति सर्वं नामात्मक-**

रूपत्वमर्थापत्त्यैव सिद्ध्यति । न हि अवस्तु वस्तुरूपतया कदाचिदपि परिणमते, शशशृङ्गादिकस्यापि कदाचित्परिणतिप्रसङ्गात्। अतो नामस्थापनयोरेव वस्तुत्वस्थापनमवशिष्टम्। यथा खलु भावेन्द्र इन्द्रपदवाच्यस्तथैव गोपालदारकोऽपि इन्द्रस्थापनाऽपि च, 'अर्थाभिधानप्रत्ययानां तुल्यनामधेयत्व'नियमात्। अतः सिद्धं, नामाकारयोरपि वस्तुपर्यायता, त्वं वस्तुपर्यायत्वेन भावाविनाभूतत्वम्, तेनैव च वस्तुत्वमिति सर्व सुस्थम्।

नामादीनां भाववस्तुना सह धर्मधर्मिभावे सिद्धे सत्येव तदाक्षिप्तसम्बन्धविशेषबलाद्वस्तुत्वसिद्धिरितितयोर्धर्मधर्मिभावमुपपादयति **'यदि च घटनाम्'**इत्यादिना । **एतदुक्तं भवति** नाम वस्तुनः स्वरूपं, तत्प्रतीतिहेतुत्वात् स्वधर्मवत्, यो यस्य प्रतीतिहेतुः स तस्य धर्मः, यथा घटस्य स्वधर्मा रुपादयाः, यो यस्य धर्मो न भवति न स तदीयप्रतीतिहेतुः यथा घटस्य धर्माः पटस्य, जायते च घटाभिधानाद् घटविषयकप्रतीतिः

નિક્ષેપોને વસ્તુરૂપ માનવા અંગે જ છે. 'ભાવ'ને વસ્તુરૂપ માનો એટલે તેના પરિણામી કારણ એવા દ્રવ્યને પણ વસ્તુરૂપ માનવમાં કોઈ શંકા રહેતી નથી. મૃત્પિંડ ઘડારૂપે પરિણત થાય છે. આને ભાવઘટ કહેવાય છે અને મૃત્પિંડને દ્રવ્યઘટ કહેવાય છે. આ ભાવઘટ જો વસ્તુરૂપ હોય તો જે મૃત્પિંડ ભાવઘટ રૂપે (= વસ્તુરૂપે) પરિણમે છે તે મૃત્પિંડ (= દ્રવ્યઘટ)ને પણ અવશ્ય વસ્તુરૂપ જ માનવો પડે કારણ કે અવસ્તુ ક્યારેય વસ્તુરૂપે પરિણમી શકે નહીં તેથી હવે માત્ર નામ-સ્થાપના નિક્ષેપોને વસ્તુ માનવામાં જ શંકા ઊભી રહી. એમાં પણ ઈન્દ્ર નામના દરિદ્ર બાળકને નામેન્દ્ર કહીએ કે કાષ્ઠ અથવા પત્થરની ઇન્દ્રપ્રતિમાને સ્થાપના ઈન્દ્ર કહીએ ત્યારે તેને વસ્તુરૂપ માનવા અંગે પ્રશ્ન ઉભો થાય કે ભાવ ઈન્દ્ર કરતા સાવ ભિન્ન દેખાય છે. માટે આવા ભિન્ન વસ્તુમાં રહેલા નામ-સ્થાપનાને તો ભાવોલ્લાસના કારણ હોવાથી વસ્તુરૂપે સિદ્ધ કરી દીધા. પરંતુ એક જ વસ્તુમાં રહેલા નામ-સ્થાપના તો ભાવથી (= વસ્તુથી) જ કથંચિદ્ અભિન્ન છે અને માટે વસ્તુરૂપ છે. જેમ ભાવઘટને ઘટ કહેવાય છે તેમ 'ઘટ' પદને પણ ઘટ કહેવાય છે માટે વસ્તુરૂપ છે. જેમ ભાવઘટને ઘટ કહેવાય છે તેમ 'ઘટ' પદને પણ ઘટ કહેવાય છે માટે 'ઘટ' નામ પણ વસ્તુ છે. આકાર પણ ઘટમાં પ્રતીત થાય છે માટે એ પણ વસ્તુ છે.

(નામાદિ ત્રણ તો ભાવથી કથંચિદ્ અભિન્ન છે અને માટે વસ્તુરૂપ છે. જ્યારે ભાવપદાર્થ પોતે તો સાક્ષાત્ ભાવરૂપ છે માટે જ વસ્તુરૂપ છે. નામાદિ ત્રણ કરતા ભાવની આ વિશેષતા જણાવવા માટે 'कार्यापन्नस्य च स्वस्य' અહીં 'સ્વ' પદ વાપર્યું છે.)

**શંકા :** ભાવપદાર્થ સાથે નામાદિ ત્રણેનો જો ધર્મધર્મીભાવ સિદ્ધ થાય તો એ બન્ને વચ્ચે કથંચિદ્ અભેદ હોવાથી ભાવની જેમ નામાદિ ત્રણમાં પણ વસ્તુની સિદ્ધિ થઈ. પરંતુ નામાદિ ત્રણેનો ભાવપદાર્થ સાથે ધર્મધર્મીભાવ જ ક્યાં સિદ્ધ થયો છે.

**સમા. :** નામાદિ ત્રણેનો ભાવપદાર્થ સાથે જે ધર્મધર્મીભાવ છે તેની સિદ્ધિ આ રીતે થાય છે. 'ઘટ' નામ બોલવાથી પટાદિના વ્યવચ્છેદપૂર્વક ઘટ પદાર્થની જ પ્રતીતિ થાય છે. જે જેની પ્રતીતિનો હેતુ હોય તે તેનો ધર્મ કહેવાય. જેમ કે ઘટરૂપ ઘટની પ્રતીતિમાં હેતુ છે તો ઘટરૂપ એ ઘટનો ધર્મ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**मेष्टव्यम् । साकारं च सर्वं मति-शब्द-घटादीनामाकारवत्त्वात्, नीलाकारसंस्थानविशेषादीनामाकाराणामनुभवसिद्धत्वात् । द्रव्यात्मकं च सर्वं, उत्फणविफणकुण्डलिताकारसमन्वितसर्पवत्**

ततस्तत् तस्य धर्मः, इति निराकृता असिद्धत्वशङ्का, घटशब्दात्, पटादिव्यवच्छेदेन 'घट' इति प्रतिपत्तेरनुभवसिद्धत्वात् । घटनामतो घटप्रतीतेः स्वापृथग्भूतसम्भन्धनिमित्तकत्वात् सिद्धं घटनाम घटधर्म इति ।

स्थापनाया भावाविनाभूतत्वमुपपादयति **'साकारं च सर्व'**मित्यादिना → **ननु** मतेश्च ज्ञानरूपत्वात् तस्य चामूर्तत्वात्कथं साकारता ? अमूर्तत्वसाकारत्वयोः विरोधादिति **चेत्, न,** यथा ह्यमूर्तस्यापि आत्मद्रव्यस्य मूर्तशरीराभिन्नत्वात् शरीराकारता तद्वज्ज्ञेयाकारग्रहणपरिणतत्वादाकारवती मतिः स्वीक्रियते । तदनाकारवत्त्वे तु 'नीलस्येदं संवेदनं न पीतादेरि'ति नैयत्यं न स्याद् नियामकाभावात् । नीलाद्याकारो हि नियामकः, तदन्तरा 'नीलग्राहिणीयं मतिः, न पीतादिग्राहिणी' इति व्यवस्थापनं दुर्घटम्, विशेषाभावात् । तस्मादाकारवती एव मतिरभ्युपगन्तव्या । **किञ्च,** अमूर्तत्वसाकारत्वयोः विरोधोऽपि न घटते, मुक्तावस्थायां शरीरविनिर्मुक्तेऽपि शुद्धात्मद्रव्ये संस्थानविशेषस्य आगमे प्रतिपादितत्वादिति यत्किञ्चिदेतत् ।

शब्दोऽपि आकारवानेव, पौद्गलिकत्वादेव तत्र साकारत्वसिद्धेः, पौद्गलिकत्वं च तस्य पूर्वं साधितमेव। घटादिकं वस्तु हि आकारवत्त्वेन प्रत्यक्षसिद्धमेव । तस्माद् यदस्ति तत् सर्वं आकारमयमेव,

તેમ અહીં 'ઘટ' નામ પણ પટાદિના વ્યવચ્છેદપૂર્વક ઘટની પ્રતીતિમાં હેતુ હોવાથી ઘટનો ધર્મ છે. ઘટની પ્રતીતિ ઘટપદ અને ઘટપદાર્થ વચ્ચેના વાચ્ય-વાચકભાવ સંબંધના નિમિત્તે થાય છે અને આ સંબંધ ઘટનામ અને ઘટપદાર્થથી અપૃથગ્ભૂત છે.

**તાત્પર્ય :** ઘટનામ એ ઘટપદાર્થનો ધર્મ છે એટલું સિદ્ધ થતા જ એ બે વચ્ચે કથંચિદ્ અભેદ સિદ્ધ થાય છે. કારણ કે ધર્મ-ધર્મી વચ્ચે અભેદ છે અને સંબંધ-સંબંધિ વચ્ચે પણ કથંચિદ્ અભેદ છે તેથી સંબંધ પણ ઘટપદ અને ઘટ પદાર્થથી કથંચિદ્ અભિન્ન છે. આ રીતે નામનો ભાવપદાર્થ સાથે સંબંધ સિદ્ધ કર્યો. હવે સ્થાપનાનો ભાવપદાર્થ સાથ સંબંધ સિદ્ધ કરે છે.

જગતમાં જે છે તે બધુ આકારયુક્ત જ છે. જ્ઞાન, શબ્દ, ઘટાદિ પણ આકારવાન્ છે. તે આ રીતે- જ્ઞાન પોતે જ્ઞેયાકારરૂપે પરિણત થયેલ હોવાથી વિષયાકારરૂપ જ હોય છે. જો જ્ઞાનમાં જ્ઞેયાકાર ન માનો તો આ જ્ઞાન અમુક વિષયનું જ છે, અમુકનું નહીં એવું નિયમન શાના આધારે થાય ? જ્ઞાનની જ્ઞેયાકારરૂપે પરિણતિ જ આવું નિયમન કરનાર નિયામક છે. શબ્દ પણ પૌદ્ગલિક છે એટલે એનો પણ આકાર હોય જ. આકારવાળા વર્ણો જ્યારે અમુક ક્રમથી આવે. દા.ત. 'घ्' પછી अ, પછી ट्, પછી अ નું ઉચ્ચારણ ક્રમથી થાય તો 'ઘટ' પદનો એક આકાર પ્રગટ થાય છે. 'પટ' આદિ પદોમાં વર્ણક્રમ અન્ય રીતે છે તેથી તેના આકાર પણ અન્ય રીતે છે. આ જ રીતે વાચ્ય એવા પદાર્થોના પણ અમુક આકાર હોય છે જે પ્રત્યક્ષસિદ્ધ છે. વસ્તુ અને તેના આકાર વચ્ચે અત્યંત ભેદ ન હોવાથી વસ્તુની જેમ તેનો આકાર પણ વસ્તુરૂપ જ છે.

આ જ રીતે જગતની તમામ વસ્તુઓ દ્રવ્યાત્મક છે. તે આ રીતે -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**विकाररहितस्याविर्भावतिरोभावमात्रपरिणामस्य द्रव्यस्यैव सर्वत्र सर्वदानुभवात् । भावात्मकं च सर्वं परापरकार्यक्षणसन्तानात्मकस्यैव तस्यानुभवादिति चतुष्टयात्मकं जगदिति नामादिनय-समुदयवादः ।**

---

यत्त्वनाकारं तन्नास्त्येव वन्ध्यापुत्रादिकल्पत्वात्तस्य ।

अशेषपदार्थसार्थस्य द्रव्यात्मकत्वं व्यवस्थापयति '**द्रव्यात्मकं च सर्व**'मित्यादिना - यथा हि उत्फ-णविफणादयो न सर्पात्तत्त्वान्तरं, तथा पर्याया अपि द्रव्यमेवेति द्रव्यात्मकं सर्वमिति हि द्रव्यार्थिकनयवक्तव्यं ज्ञेयं ।

सकलस्य वस्तुस्तोमस्य भावात्मकत्वमुपपादयति '**भावात्मकं चे**'त्यादिना येन केनापि पर्यायात्मनैवा वस्तुनो ज्ञायमानत्वात्, तत्तत्क्षणभाविपर्यायपरम्परालक्षणमेव वस्त्वभिधीयतेऽतः सिद्धं भावात्मकं जगत्त्रयम्। '**सन्तानात्मकस्यैवे**'त्यत्र एवकारोपादानं पर्यायार्थिकनयमाश्रित्य बोध्यम् ।

स्वतन्त्रं नामादिनयवक्तव्यतामभिधाय तत्सापेक्षतामवलम्ब्य आह '**चतुष्टयात्मकं जगदिति**' - घटपटादिकं यत्किमपि वस्त्वस्ति लोके तत्सर्वं प्रत्येकमेव निश्चितं चतुष्पर्यायम् । अनेन निक्षेपचतुष्टयस्य सर्वव्यापकत्वं सूचितं, यदुक्तमागमे - [1]*'जत्थ य जं जाणेज्जा निक्खेवं निक्खिवे निरवसेसं, जत्थ वि य न जाणेज्जा चउक्कयं निक्खिवे तत्थ'* (**अनुयोगद्वार सूत्र ७**)। सर्वस्य वस्तुनश्चतुष्टयात्मकत्वोक्तिरेव खलु प्रमाणवीथिमवतरति, न पुनर्यथा नामादिनयाः प्राहुः-यथा केवलनाममयं वा, केवलाकाररूपं वा, केवलद्रव्यताश्लिष्टं वा, केवल-भावात्मकं वा सर्वं । अत्रायं प्रयोगः 'यत् शब्दार्थबुद्धिपरिणामवत् तत् सर्वं चतुष्टयात्मकं, चतुष्टयात्मकत्वाभावे शब्दादिपरिणामसद्भावोऽपि न दृष्टः, यथा शशशृङ्गे, तस्माच्छब्दादिपरिणामसद्भावे सर्वत्र चतुष्टयात्मकत्वं

---

જગતમાં જે કોઈ વસ્તુઓ છે તે બધી એક અનુગત આકારવાળી રહે છે માટે તે દ્રવ્યાત્મક જ છે. જેમ કે સર્પરૂપ દ્રવ્ય ક્યારેક ઊંચી પ્રસારેલી ફણાવાળો હોય છે, ક્યારેક સંકોચાયેલી ફણાવાળો હોય છે તો ય ક્યારેક કુંડલિત આકારવાળો (ગોળાકારવાળો) હોય છે. પણ આ દરેક અવસ્થાઓમાં સર્પ તો અનુગત છે. સર્પદ્રવ્યને આશ્રયીને જે આ પર્યાયો જણાય છે. તે પણ કાંઈ નવા ઉત્પન્ન નથી થતા કે નાશ પણ નથી પામતા. કિન્તુ સર્પદ્રવ્યમાં તેમના માત્ર આવિર્ભાવ-તિરોભાવ થયા કરે છે. આવું જ દરેક દ્રવ્ય માટે જાણવું. દરેક દ્રવ્યમાં પર્યાયોના આવિર્ભાવ-તિરોભાવ થયા કરે છે પણ નવું કશું ઉત્પન્ન થતું નથી કારણ કે દ્રવ્ય તો વિકારરહિત છે અને તે મૂળ દ્રવ્ય તો દરેક અવસ્થામાં અનુગત રહેતું દેખાય છે માટે જગતની તમામ વસ્તુઓ દ્રવ્યાત્મક છે.

જગત્‌ની તમામ વસ્તુઓ ભાવાત્મક છે - કારણ કે જ્યારે પણ કોઈ વસ્તુ જણાય તે કોઈને કોઈ પર્યાયરૂપે જ જણાય છે. અર્થાત્, વસ્તુ (ક્ષણ) માં થનારા તે-તે કાર્યો (પર્યાયો) ની પરંપરા રૂપે જ દરેક વસ્તુ જણાયછે. દરેક વસ્તુ જ્યારે પર્યાયોની એક સળંગ પરંપરા રૂપ છે ત્યારે તે વસ્તુ કોઈને કોઈ

---

१. यत्र च यान् जानीयात् निक्षेपान् निक्षिपेन्निवरशेषान् । यत्रापि च न जानीयाच्चतुष्ककं निक्षिपेत्तत्र ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## २. निक्षेपाणां नयेषु योजना ।

अथ नामादिनिक्षेपा नयैः सह योज्यन्ते । तत्र नामादित्रयं द्रव्यास्तिकनयस्यैवाभिमतम्, पर्यायास्तिकनयस्य च भाव एव । आद्यस्य भेदौ सङ्ग्रहव्यवहारौ, नैगमस्य यथाक्रमं सामान्यग्राहिणो विशेषग्राहिणश्च अनयोरेवान्तर्भावात् । ऋजुसूत्रादयश्च चत्वारो द्वितीयस्य भेदा इत्याचार्यसिद्धसेनमतानुसारेणाभिहितं जिनभद्रगणिक्षमाश्रमणपूज्यपादैः -

[१]"नामाइतियं दव्वट्ठियस्य भावो अ पज्जवणयस्स ।
संगहववहारा पढमगस्स सेसा उ इयरस्स ।।" (७५)

इत्यादिना विशेषावश्यके । स्वमते तु नमस्कारनिक्षेपविचारस्थले -

"भावं चिय सद्दणया सेसा इच्छन्ति सव्वणिक्खेवे" (२८४७)

इति वचसा त्रयोऽपि शब्दनयाः शुद्धत्वाद्भावमेवेच्छन्ति ऋजुसूत्रादयस्तु चत्वारश्चतुरोऽपि

---

निश्चितमिति भावः । **अयम्भावः**- अन्योन्यसंवलितनामादिचतुष्टयात्मक एव वस्तुनि घटादिशब्दस्य तदभिधायकत्वेन परिणतिर्दृष्टा, अर्थस्यापि पृथुबुध्नोदराकारस्य नामादिचतुष्टयात्मकतयैव परिणामः समुपलब्धः, बुद्धेरपि तदाकारग्रहणरूपतया परिणतिस्तदात्मन्येव वस्तुन्यवलोकिता । न चेदं दर्शनं भ्रान्तं, बाधकाभावाद् ।

---

પર્યાયરૂપે (ભાવરૂપે) જ જણાય એ સ્પષ્ટ છે. આમ સમગ્ર જગત્ નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એમ ચતુષ્ટયાત્મક છે એ વાત સિદ્ધ થાય છે. જગત્‌ને 'ચતુષ્ટયાત્મક' કહેવા દ્વારા એ વાત પણ સ્પષ્ટ કરાઈ છે કે નામાદિ નયો સ્વતંત્રપણે જે કહે છે કે બધી વસ્તુઓ માત્ર નામમય છે, કે માત્ર આકારમય છે... ઈત્યાદિ તે વાત સંપૂર્ણ સત્ય નથી. દરેક વસ્તુ નામાદિચતુષ્ટયાત્મક છે જ એ વાત સિદ્ધ થાય છે. (આની વિશેષ સમજ માટે **વિશેષાવશ્યકભાષ્ય**ના ૭૩મા શ્લોકની ટીકા જોવી) આ રીતે નામાદિ નયોનો સમુદયવાદ (દરેક વસ્તુ નામાદિ ચારેયના સમુદાયરૂપ છે એવો વાદ) પૂર્ણ થયો. હવે નામાદિ નિક્ષેપોની સાત નયો સાથે યોજના કરે છે.

### * નિક્ષેપોની નયો સાથે યોજના *

દ્રવ્યાસ્તિક નયો નામ-સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ નિક્ષેપો માને છે. જ્યારે પર્યાયાસ્તિક નયો માત્ર ભાવનિક્ષેપને જ માને છે. અહીં માત્ર સંગ્રહ અને વ્યવહાર આ બે નયોને જ દ્રવ્યાસ્તિક નય તરીકે લીધા છે. નૈગમનય જ્યારે સામાન્યગ્રાહી હશે ત્યારે સંગ્રહનયમાં તેનો સમાવેશ થઈ જશે અને જ્યારે તે વિશેષગ્રાહી હશે ત્યારે તેનો વ્યવહારનયમાં સમાવેશ થઈ જશે. માટે અહીં તેને જુદો ગણ્યો નથી.

ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત એ ચારે ય નયો પર્યાયાસ્તિક નય છે. દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિકના બે અને ચાર એવા જે વિભાગ પાડ્યા છે તે **આચાર્યશ્રીસિદ્ધસેનદિવાકરસૂરિમહારાજના** મત પ્રમાણે જ

---

૧. नामादित्रयं द्रव्यार्थिकस्य भावश्च पर्यायनयस्य, सङ्ग्रहव्यवहारौ प्रथमकस्य शेषास्त्वितरस्य ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**निक्षेपानिच्छन्ति अविशुद्धत्वादित्युक्तम् । 'ऋजुसूत्रो नामभावनिक्षेपावेवेच्छतीत्यन्ये; तन्न; ऋजुसूत्रेण द्रव्याभ्युपगमस्य सूत्राभिहितत्वात्, पृथक्त्वाभ्युपगमस्य परं निषेधात्। तथा च सूत्रम्**

---

दर्शनादर्शनकृतो हि निश्चयोऽतः एकत्वपरिणत्यापन्ननामादिभेदेष्वेव शब्दादिपरिणतिदर्शनात् सर्वं चतुष्पर्यायं वस्त्विति स्थितमिति खलु **भाष्य**कारोक्त्यनुसारिणी दिग् ।

प्रमाणवाक्यस्य सकलादेशरूपतया सर्वं वस्तु चतुष्पर्यायमिति हि प्रमाणवादः । नयानां तु विकलादेशस्वाभाव्यान्नाशेषनया अशेषनिक्षेपानिच्छन्ति इत्यतः को निक्षेपः कस्य नयस्य विषयवीथ्यामवतरतीति-जिज्ञासाविनिवृत्तये निक्षेपाणां नयैः सह संवेधमारचयन्नाह **'अथे'**त्यादिना ।

**शब्दनयास्तु शुद्धत्वाद् भावमेवेच्छन्ति, ऋजुसूत्रादयस्तु चत्वारश्चतुरोऽपि निक्षेपानिच्छन्ती'ति** → 'जात्याकृतिविशिष्टव्यक्तावेव शब्दार्थत्वमि'ति शब्दनया एव मन्यन्ते नैगमादयस्तु ऋजुसूत्रान्ताः अपि एतन्मन्वते नवरं अवधारणं तत्र निषिध्यते, केवलायामाकृतौ नाम्नि वा केवलेऽपि शब्दार्थत्वाभ्युपगन्तृत्वात् तेषामित्यपि पर्यालोचयामः । तथा च **'ऋजुसूत्रादय'** इत्यत्र आदिपदोक्तिः पश्चानुपूर्व्या व्याख्येया । तथा च व्यवहारसंग्रहनैगमानां आदिपदग्राह्यत्वं बोध्यम् । 'नैगमादय' इत्येवं वक्तव्ये सति यदेवमभिधानं तद् ऋजुसूत्रस्य द्रव्यार्थिकत्वस्पष्टप्रतिपत्तये । **ननु** नैगमादिभिर्नामादिचतुष्टयाभ्युपगमे तेषां द्रव्यार्थिकत्वहानिः स्यात्, द्रव्यमात्राभ्युपगमपरत्वाद् द्रव्यार्थिकस्य । **न च** 'द्रव्यं प्रधानतया, पर्यायं च गौणतया मन्वानो द्रव्यार्थिकोऽपि भावनिक्षेपसह' इति **वाच्यम्**, इत्थं सति पर्यायं प्रधानतया द्रव्यं च गौणतया मन्वानानां शब्दनयानामपि द्रव्यनिक्षेपसहत्वं स्यात् । तथा च 'भावं चिय सद्दनया' इत्यादि **भाष्यो**क्तव्यवस्थाविप्लवप्रसंगा-

---

**શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે વિશેષાવશ્યકભાષ્ય**માં કહ્યું છે. **વિશેષાવશ્યકભાષ્ય**ના શ્લોકમાં **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે આચાર્યશ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ**ના મત પ્રમાણે કહ્યું છે કે – 'દ્રવ્યાસ્તિક નય નામાદિ ત્રણ નિક્ષેપોને માને છે જ્યારે પર્યાયાસ્તિકનય માત્ર ભાવનિક્ષેપને માને છે. સંગ્રહ અને વ્યવહાર એ બે દ્રવ્યાસ્તિકનયના ભેદ છે. જ્યારે શેષ ઋજુસૂત્રાદિ ચાર નયો પર્યાયાસ્તિક નયના ભેદો છે.'

**શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે** પોતાનો અભિપ્રાય **વિશેષાવશ્યકભાષ્ય** ગ્રન્થના ૨૮૪૭મા શ્લોકમાં નમસ્કારના નિક્ષેપનો વિચાર કરતી વખતે જણાવ્યો છે – 'શબ્દ નયો (શબ્દ-સમભિરૂઢ-એવંભૂત) માત્ર ભાવનિક્ષેપને માને છે જ્યારે શેષ નયો (= નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર નયો) ચારે ય નિક્ષેપોને માને છે.' ત્રણે શબ્દનયો, શુદ્ધ હોવાથી માત્ર ભાવનિક્ષેપને માને છે અને શેષ નયો અવિશુદ્ધ હોવાથી ચારેય નિક્ષેપોને માને છે એમ કહેવાયું છે. એટલે કે તેમના મતે ઋજુસૂત્ર નય દ્રવ્યાર્થિક છે.

## * ઋજુસૂત્રનય મતે નિક્ષેપ ચતુષ્ક સ્થાપન *

ઋજુસૂત્રનય નામનિક્ષેપ અને ભાવનિક્ષેપને જ માને છે એવું કેટલાક બીજાઓ કહે છે પરંતુ તેઓની વાત આગમવિપરીત છે કારણ કે **શ્રીઅનુયોગદ્વારસૂત્ર**માં 'ઋજુસૂત્રનય પણ દ્રવ્યને સ્વીકારે છે એવું કહેવાયું છે. હા, આ નય પૃથક્ત્વ (= જુદા જુદા અનેક દ્રવ્યાવશ્યકો) માનતો નથી' એટલું ખરૂં. આ વાતની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**- "[1]उज्जुसुअस्स एगे अणुवउत्ते आगमओ एगं दव्वावस्सयं, पहुत्तं नेच्छइ त्ति" (अनुयो०सू० १४) । कथं चायं पिण्डावस्थायां सुवर्णादिद्रव्यमनाकारं भविष्यत्कुण्डलादिपर्यायलक्षणभाव-**

दिति **चेत्, अत्रोच्यते**, - अविशुद्धानां नैगमादिभेदानां नामादित्रयाभ्युपगममात्रप्रवणत्वेऽपि विशुद्धनैगमादिभेदस्य द्रव्यविशेषणतया पर्यायाभ्युपगमान्न तत्र भावनिक्षेपानुपपत्तिः । न चैवं पर्यायार्थिकत्वापत्तिः, इतरा-विशेषणत्वरूपप्राधान्येन पर्यायानभ्युपगमात् । शब्दादीनां पर्यायार्थिकनयानां तु नैगमादिवदविशुद्ध्यभावान्न नामादित्रयाभ्युपगन्तृत्वम्। अत एव 'जीवो वा सामायिकं गुणो वा सामायिकमि'ति चिन्तायामाह **भगवान् भद्रबाहुः** [2]*'जीवो गुणपडिवन्नो णयस्स दव्वट्ठियस्य सामाइयं, सो चेव पज्जवणयट्ठियस्स जीवस्स एस गुणो'* **(आव.निर्यु.गाथा** ७९२) द्रव्यार्थिकेन द्रव्यविशेषणतया पर्यायाभ्युपगमपरेण सम्यक्त्वादिगुणप्रतिपन्नजीवद्रव्यमेव सामायिकमभिहितं, पर्यायार्थिकेन गुणः सामायिकमभिहितम् । **न च** इतरविशेषणतयाऽपि पर्यायाभ्युगमे 'द्रव्याभ्युपगमपरतया द्रव्यार्थिकः नैगमादिः पर्यायाभ्युपगमपरतया च पर्यायार्थिकः शब्दादिरित्येवं यो विभागः तद्व्याघातः स्यादिति **वाच्यम्,** द्रव्यभिन्नस्य पर्यायस्य नैगमादिना कल्पितस्यैव स्वीकारादवास्तवतद्विषयत्वं तु नोक्तविभागव्याघातकृदिति प्रपञ्चितं **नयरहस्ये । एतदुक्तं भवति** पर्यायाभ्युपगममात्रतया न द्रव्यार्थिकत्वस्य द्रव्याभ्युपगममात्रतया पर्यायार्थिकत्वस्य व्याहतिस्तन्मात्रस्य तद्धानिप्रयोजकत्वाद्, अनुपचरिततदभ्युपगम एव तद्धानिप्रयोजकः । द्रव्ये विशेषणतया पर्यायमभ्युपगच्छन्नपि द्रव्यार्थिको न वास्तवं द्रव्यभिन्नं कञ्चन पर्यायमिच्छति द्रव्यव्यतिरेकेण तदनवगमात्, द्रव्यभिन्नपर्यायप्रतीतिमपि चित्रे निम्नोन्नतादिभिन्नप्रतीतिवद् भ्रान्तिरूपैव मन्वते इति दिक् ।

**उज्जुसुअस्स** → तद्व्याख्या चेयम् → ऋजुसूत्रो हि प्राग्निरुक्तार्थो वर्तमानकालभाव्येव वस्त्वभ्यु-पगच्छति, नातीतं विनष्टत्वात्, नाप्यनागतमनुत्पन्नत्वात् । वर्तमानमपि स्वकीयमेव मन्यते स्वकार्यसाधकत्वात्

સાક્ષી રૂપે **શ્રીઅનુયોગદ્વાર**નું સૂત્ર અપાયું છે. એના પરથી આ વાત વધુ સ્પષ્ટ થાય છે. 'ઋજુસૂત્રનય મતે દેવદત્તાદિ એક અનુપયુક્ત પુરુષરૂપ એક જ આગમથી દ્રવ્યાશ્યક' છે. આ નય પૃથક્ત્વ (અનેકતા) માનતો નથી.'

**વિશેષાર્થ : શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં** દ્રવ્યનિક્ષેપના બે ભેદ બતાવાયા છે. આગમતઃ દ્રવ્યનિક્ષેપ અને નોઆગમતઃ દ્રવ્યનિક્ષેપ. પદાર્થના જ્ઞાનને અહીં 'આગમ' કહેવાય છે. પદાર્થજ્ઞાનના અભાવને નોઆગમ કહેવાય છે. જે પુરુષ 'આવશ્યક'નો જ્ઞાતા હોય પણ અત્યારે તેમાં તેનો ઉપયોગ નથી તો આવા જ્ઞાતા અનુપયુક્ત પુરુષને આગમતઃ દ્રવ્યાવશ્યક કહેવાય છે. (અહીં આવશ્યક પદાર્થનું જ્ઞાન ક્ષયોપશમ રૂપે એ આત્મામાં રહ્યું છે માટે 'આગમ' કહેવાય અને ઉપયોગ નથી માટે 'अणुवओगो दव्वं' એ સૂત્ર પ્રમાણે દ્રવ્ય કહેવાય છે.) ઋજુસૂત્ર નય માત્ર વર્તમાનકાલીન અને સ્વકીય વસ્તુને જ માને છે માટે આ નય તો કહે છે કે જગત્માં અનુપયુક્ત-જ્ઞાતા દેવદત્તાદિ રૂપ એક જ આગમતઃ દ્રવ્યાવશ્યક છે. (આ નય

१. ऋजुसूत्रस्यैकोऽनुपयुक्त आगमत एकं द्रव्यावश्यकम्, पृथक्त्वं नेच्छतीति ।।

२. जीवो गुणप्रतिपन्नो नयस्य द्रव्यार्थिकस्य सामायिकं, स एव पर्यायनयस्य जीवस्यैष गुणः ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**हेतुत्वेनाभ्युपगच्छन् विशिष्टेन्द्राद्यभिलापहेतुभूतां साकारमिन्द्रादिस्थापनां नेच्छेत् ?, न हि दृष्टेऽनुपपन्नं नामेति । किञ्च, इन्द्रादिसञ्ज्ञामात्रं तदर्थरहितमिन्द्रादिशब्दवाच्यं वा नामेच्छन् अयं भावकारणत्वाविशेषात् कुतो नामस्थापने नेच्छेत् ?। प्रत्युत सुतरां तदभ्युपगमो न्याय्यः।**

---

स्वधनवत्, परकीयं तु नेच्छति स्वकार्याप्रसाधकत्वात् परधनवत् । तस्मादेको देवदत्तादिरनुपयुक्तोऽस्य मते आगमत एकं द्रव्यावश्यकमस्ति, '**पुहुत्तं नेच्छइ त्ति**' अतीतानागतभेदतः परकीयभेदतश्च पृथक्त्वं = पार्थक्यं नेच्छत्यसौ । किं तर्हि ? वर्तमानकालिकं स्वगतमेव चाभ्युपैति तच्चैकमेवेति भावः । इत्थं च ऋजुसूत्रस्य द्रव्यनिक्षेपाभ्युपगम आगमवचनप्रामाण्यात्स्फुटीकृतः । **अथ** स्थापनाभ्युपगन्तृत्वं व्यवस्थापयन्नाह '**कथं चे**'त्यादिना → **अयं भावः** - यो ह्यनाकारमपि भावहेतुत्वाद् द्रव्यमिच्छति ऋजुसूत्रः, स साकारामपि विशिष्टेन्द्रादिभावहेतुत्वात् स्थापनां किमिति नेच्छेत् ? भावहेतुत्वाविशेषात्, प्रत्युत सामान्यतः साकारस्य अभिलापहेतुत्वेऽधिकौपयिकतया सुतरां तामिच्छेदेव, नात्र संशयलेशोऽपि विद्यते ।

उपपत्त्यन्तरेणापि द्रव्यस्थापनाभ्युपगन्तृत्वमस्य व्यवस्थापयति '**किञ्चे**'त्यादिना → नामाभ्युपगन्तृत्वं नाम निर्विवादमेव ऋजुसूत्रस्य । तच्च नाम इन्द्रादिसञ्ज्ञामात्रं वा भवेत्, इन्द्रार्थरहितं वा गोपालदारकादि वस्तु भवेदिति द्वयी गतिः । इदं चोभयरूपमपि नाम भावकारणमिति कृत्वा इच्छन्नसौ ऋजुसूत्रो द्रव्यस्थापने कथं नेच्छेत् ? भावकारणत्वाविशेषादिति भावः । **अथ** इन्द्रादिकं नाम भावेन्द्रेऽपि सन्निहितमतस्तदिच्छतीति **चेत्**, जातस्तर्हि जयजयारवोऽस्माकम्, द्रव्यस्थापनेऽपि भावेन्द्रस्य आसन्नतरौ हेतू, शब्दस्तु तन्नामलक्षणो बाह्यतर इति। **अयं भावः** इन्द्रमूर्तिलक्षणं द्रव्यं, विशिष्टतदाकाररूपा तु स्थापना। एते द्वे अपि इन्द्रपर्यायस्य सन्निहिततरे, तादात्म्येनावस्थिततत्वात्, शब्दस्तु नामलक्षणो बाह्यतरो, वाच्यवाचकभावसम्बन्धमात्रेणैव स्थित-

---

વર્તમાનકાલીન અને સ્વકીય વસ્તુને જ માને છે માટે યજ્ઞદત્તાદિ રૂપ દ્રવ્યાવશ્યક, જે દેવદત્ત માટે પરકીય છે તેને આ નય માનતો નથી. માટે આ નય પ્રમાણે આગમતઃ દ્રવ્યાવશ્યક એક જ છે. આના પરથી સિદ્ધ થાય છે કે ઋજુસૂત્રનય દ્રવ્યનિક્ષેપને પણ માને છે અને તેમાં પૃથક્ત્વ(અનેકતા) માનતો નથી.

ઋજુસૂત્રનયમતે દ્રવ્યનિક્ષેપ સિદ્ધ થયા પછી સ્થાપનાનિક્ષેપ પણ અવશ્ય સ્વીકાર્ય બની જાય છે. પિંડ અવસ્થામાં (લગડી રૂપે) રહેલ સુવર્ણ, કુંડલાદિના આકારથી રહિત છે છતાં પણ ઋજુસૂત્રનય આવા સુવર્ણને દ્રવ્યકુંડલ માને છે કારણ કે આવું સુવર્ણ પણ કુંડલાદિરૂપ પર્યાય (= ભાવ) નો હેતુ છે. જો કુંડલના આકાર રહિત એવા સુવર્ણને પણ ઋજુસૂત્રનય માની શકતો હોય તો પછી ઈન્દ્રાદિનો આકાર જેમાં છે એવી ઈન્દ્રાદિની પ્રતિમા (= સ્થાપના) ને તે કેમ ન માને ? અર્થાત્, માને જ !

વળી, પિંડ અવસ્થામાં રહેલ સુવર્ણને વિશે 'કુંડલાદિ'નો શબ્દપ્રયોગ પણ થતો નથી જ્યારે ઈન્દ્રાદિની સ્થાપના વિશે તો 'ઈન્દ્રાદિ' શબ્દોનો પ્રયોગ પણ થાય છે. જો નિરાકાર એવા સુવર્ણને ભવિષ્યના કુંડલ પર્યાયના હેતુ હોવાના કારણે ઋજુસૂત્રનય માનતો હોય તો પછી 'ઈન્દ્ર' વગેરે રૂપ વિશિષ્ટ શબ્દપ્રયોગમાં હેતુભૂત એવી સાકાર સ્થાપનાને આ નય કેમ ન માને ? અર્થાત્, માને જ. ઈન્દ્રાદિની પ્રતિમા સાકાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**इन्द्रमूर्तिलक्षणद्रव्य-विशिष्टतदाकाररूपस्थापनयोरिन्द्रपर्यायरूपे भावे तादात्म्यसम्बन्धेनावस्थितत्वात्तत्र वाच्यवाचकभावसम्बन्धेन सम्बद्धान्नाम्नोऽपेक्षया सन्निहिततरकारणत्वात् । सङ्ग्रह-**

---

त्वात् । अतो भावसन्निहितत्वात् नामनिक्षेपमिच्छन्नृजुसूत्रो द्रव्यस्थापने सन्निहिततरत्वात् सुतरामिच्छेदिति भावः । इत्थञ्च व्यवस्थापिते नामादिचतुष्टयाभ्युपगमे ऋजुसूत्रस्य, तस्य पर्यायार्थिकत्ववादिनां मते पूर्वोक्तानुयोगद्वारसूत्रविरोध आपतद् द्रष्टव्यः। ऋजुसूत्रस्य पर्यायार्थिकत्वं समर्थयद्भिश्चैतत्सूत्रविरोध एवं निवार्यते - '**पुहुत्तं नेच्छइ त्ति**' = अतीतानागतपरकीयभेदरूपं पृथक्त्वं नेच्छति ऋजुसूत्र इत्येवमर्थो बोद्धव्यः । **ननु** तथापि 'उज्जुसूअस्स एगं दव्वावस्सयं' इत्यत्रत्यद्रव्यपदं कथं समाधेयमिति **चेत्**, तत् समाधीयते, समाहितचेता भवतु, मा त्वरिष्ठाः । अथ उक्तसूत्रस्य पूर्वार्धो विचार्यते - द्रव्यपदप्रवृत्तिश्च समयपरिभाषायां त्रिधा वर्तते- अप्राधान्यार्थे, कारणतायां, अनुपयोगे चेत्युक्तं प्राग् । परकीयवस्तुत्वे च स्वकार्यकरणसामर्थ्यवैकल्यादप्रधानमेव तच्च ऋजुसूत्रो नेच्छतीति न कस्यापि विवादः । अतीतमनागतमपि वस्तु वस्तुतोऽवस्त्वेवेति तन्मतमपि उभयसम्मतमेव । अतः असद्भूतो भूतो भविष्यन् वा पर्यायः ऋजुसूत्रमते । अतः असद्भूतभाविपर्याय-कारणत्वरूपं द्रव्यनिक्षेपं *'भूतस्य भाविनो वा कारणं तु यल्लोके'* इत्यादिना प्राग्निरूपितशब्दार्थं अयं नेच्छतीत्यत्रापि को विवाद आवयोः ? अतः कारणतार्थकमप्राधान्यार्थकं वा द्रव्यपदं ऋजुसूत्रस्तावन्नेच्छति इति सिद्धं । अथ अवशिष्टं अनुपयोगार्थकं तद् विचार्यते । वर्तमाने आवश्यकपर्यायेऽनुपयोगो यदि वर्तते तदा तदनुपयोगांशमादायैव *'अणुवओगो दव्वमि'*ति कृत्वा लब्धप्रसरा द्रव्यपदप्रवृत्तिस्तत्र ज्ञेया। एवम्भूता च द्रव्यपदप्रवृत्तिरुपचरिता एवातो न कश्चिद्विरोध इति परिहारः। एतच्च न समीचीनं भाति यतो नामादिनिक्षेपत्रयवदनुपचरितद्रव्यनिक्षेपप्रदर्शनपरमेवोक्तसूत्रं। किं प्रमाणमिति **चेत्**, सूत्रप्रस्ताव एव, तथाहि द्रव्यावश्यकविचारे प्रक्रान्तेऽ**नुयोगद्वारसूत्रे**ऽशेषनयैस्तद्विचारितं, तत्र नैगमे तावद् एकं वा द्वे वा, त्रीणि वा यावद् यावन्तोऽनुपयुक्ता देवदत्तादयस्ते सर्वेऽपि द्रव्यावश्यकत्वेन निर्दिष्टा तदनु एव च दृश्यते *'उज्जुसूअस्स'* इत्यादि

---

છે અને ઈન્દ્રાદિ સ્વરૂપ વિશિષ્ટ અભિલાપમાં હેતુભૂત છે એ વાત તો પ્રત્યક્ષસિદ્ધ છે અને જે વાત પ્રત્યક્ષ હોય તેમાં કોઈ અસંગતિ હોઈ શકે નહીં.

હજી બીજી રીતે પણ તર્ક આપીને ઋજુસૂત્રનય દ્રવ્ય અને સ્થાપના નિક્ષેપને માને છે એ વાત સ્પષ્ટ કરે છે. - ઋજુસૂત્રનય નામનિક્ષેપને સ્વીકારે છે એ વાત તો બધા જ સ્વીકારે છે. નામનિક્ષેપ બે રીતે છે. 'ઈન્દ્ર' એવો શબ્દ પણ નામેન્દ્ર કહેવાય છે અને ઈન્દ્રના મુખ્યાર્થથી રહિત ગોપાલદારક આદિ જેનું 'ઈન્દ્ર' એવું નામ હોય, તે વ્યક્તિને પણ નામેન્દ્ર કહેવાય છે. ઋજુસૂત્ર નામનિક્ષેપને માને છે કારણ કે નામ એ ભાવનું (ભાવોલ્લાસનું) કારણ છે. આ તર્ક તો સ્થાપના અને દ્રવ્યનિક્ષેપમાં પણ સમાન જ છે. કારણ કે જેમ 'ઈન્દ્ર' નામ સાંભળતા ભાવોલ્લાસ પ્રગટ થાય છે તેમ ઈન્દ્રની પ્રતિમા કે આકાર જોતા પણ ભાવોલ્લાસ પ્રગટ થાય છે તેથી નામનિક્ષેપ જો ઋજુસૂત્ર સ્વીકારતો હોય તો પછી દ્રવ્ય અને સ્થાપના નિક્ષેપને કેમ ન સ્વીકારે ? અર્થાત્, સુતરાં સ્વીકારે. બીજી એ વાત પણ સમજવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**व्यवहारौ स्थापनावर्ज्जांस्त्रीन्निक्षेपानिच्छत इति केचित्; तन्नानवद्यं, यतः सङ्ग्रहिकोऽसङ्ग्रहि-**

सूत्रोपनिपातोऽतस्तत्रापि अनुपचरितमेव द्रव्यनिक्षेपाभ्युपगन्तृत्वं ऋजुसूत्रस्याभ्युपगन्तव्यमन्यथा नैगमादिनापि उपचरितमेव द्रव्यमभ्युपगम्यते इति स्वीकार्यं स्यात्, समानप्रस्तावेऽभिहितत्वात्, तच्च नेष्टं, अनागमिकत्वात्। अतः 'समानप्रस्तावपतितोऽपि नैगमादेर्द्रव्याभ्युपगमोऽनुपचरित ऋजुसूत्रस्य तूपचरित' इत्यर्धजरतीयं परित्यज्य यथागममेव भाव्यम् । **किञ्च,** यद्युपचारत एव ऋजुसूत्रस्य द्रव्याभ्युपगमो तत्राभिप्रेतः स्यात्तदा किमपराद्धं शब्दादिनयैः ? तत्रापि भवदुक्तयुक्त्या उपचरितो द्रव्याभ्युपगमो दर्शितः स्यात् किन्तु नैवं वर्तते, तत्सूत्रे एव [1]'*तिण्हं सद्दनयाणं जाणए अणुवउत्ते अवत्थु... तम्हा णत्थि आगमओ दव्वावस्सयमि*'त्यादिना द्रव्याभ्युपगमस्य स्पष्टं निषिद्धत्वात् । इत्थं च ऋजुसूत्रस्य पर्यायार्थिकत्ववादिमते उक्तसूत्रविरोधव्याधिरद्यापि अनुपशान्तैवेति दिग् ।

ऋजुसूत्रस्य निक्षेपचतुष्टयाभ्युपगन्तृत्वं प्रसाध्य सङ्ग्रहव्यवहारयोरपि तत्साधयन् परोपन्यस्तं चोन्मूलयन्नाह '**तन्नानवद्यमि**'ति → इह सङ्ग्रहिकोऽसङ्ग्रहिकः सम्पूर्णो वा नैगमस्तावद् निर्विवादं स्थापनामिच्छत्येव । तत्र सङ्ग्रहिको नाम सङ्ग्रहमतावलम्बी सामान्यवादीत्यर्थः, असङ्ग्रहिकस्तु व्यवहारनयमतशिष्यत्वं भजन्, विशेषवादीत्यर्थः, सम्पूर्णस्तु समुदित, उभयवादीत्यर्थः । ततश्च यदि सङ्ग्रहिकः स्थापनामिच्छति तर्हि तत्समानमततया सङ्ग्रहोऽपि किमिति स्थापनां नेच्छेत् ? इच्छेदेवेत्यर्थः । यदि चासङ्ग्रहिकस्तामिच्छति तर्हि तदविशिष्टत्वेन व्यवहारोऽपि स्थापनामिच्छेदेव । अथ सम्पूर्णो नैगमः स्थापनामिच्छति, न तु सङ्ग्रहिकोऽसङ्ग्रहिको वेति पक्षस्तर्हि निरपेक्षयोः सङ्ग्रहव्यवहारयोर्मा भूत् स्थापनाभ्युपगमः, समुदितयोस्तयोः परिपूर्णनैगमरूपत्वात् तदभ्युपगमः केन वार्यते ? **अयम्भावः** सामान्याभ्युपगमाख्यस्य नैगमैकभागस्य सङ्ग्रहेण, विशेषाभ्युपगमाख्यस्य च नैगमैकभागस्य व्यवहारेणाऽऽश्रयणादन्योन्यनैरपेक्ष्येण ताभ्याम् स्वतन्त्रनयत्वभजनेऽपि समुदितयोस्तयोः परिपूर्णनैगमरूपत्वं । एवं च सङ्ग्रहव्यवहारौ नैगमान्तर्भूतावेव । तथा च नैगमस्य

જેવી છે કે 'નામ' તો ઈન્દ્રપર્યાયરૂપ તેના ભાવનિક્ષેપમાં વાચ્ય-વાચકભાવથી સંબદ્ધ છે જ્યારે ઈન્દ્રની મૂર્તિ રૂપ દ્રવ્ય અને તેના આકારરૂપ સ્થાપના તો ઈન્દ્રપર્યાયરૂપ ભાવનિક્ષેપમાં તાદાત્મ્યસંબંધથી સંબદ્ધ છે તેથી નામ કરતા સંનિહિતતર હોવાથી ભાવનિક્ષેપનું વધુ નિકટનું કારણ છે. તેથી નામને જો ઋજુસૂત્ર સ્વીકારતો હોય તો સંનિહિતતર એવા દ્રવ્ય અને સ્થાપનાને સુતરાં સ્વીકારે.

### ✻ સંગ્રહ-વ્યવહાર નયમતે નિક્ષેપ ચતુષ્કની સિદ્ધિ ✻

સંગ્રહ અને વ્યવહાર આ બે દ્રવ્યાર્થિક નયો સ્થાપના સિવાયના ત્રણ (= નામ, દ્રવ્ય, ભાવ) નિક્ષેપને માને છે. એવું કેટલાક માને છે. પરંતુ તે વાત બરાબર નથી. તેનું કારણ એ છે કે સંગ્રહ-વ્યવહાર સિવાયના દ્રવ્યાર્થિકનય તો સ્થાપનાને માને છે એ વાત તો નિર્વિવાદ છે કારણ કે સંગ્રહ-વ્યવહાર સિવાય બીજા કોઈ દ્રવ્યાર્થિક નય 'સ્થાપના માનતા નથી' એવું કહેવાયું નથી. માત્ર સંગ્રહ-વ્યવહાર નય અંગે જ સ્થાપનાનું

१. त्रयाणां शब्दनयानां ज्ञाताऽनुपयुक्तोऽवस्तु... तस्मान्नास्त्यागमतो द्रव्यावश्यकम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कोऽनर्पितभेदः परिपूर्णो वा नैगमस्तावत् स्थापनामिच्छतीत्यवश्यमभ्युपेयम्, सङ्गहव्यवहारयोरन्यत्र द्रव्यार्थिके स्थापनाभ्युपगमावर्जनात् । तत्राद्यपक्षे सङ्ग्रहे स्थापनाभ्युपगमप्रसङ्गः, सङ्ग्रहनयमतस्य सङ्ग्रहिकनैगममताविशेषात्। द्वितीये व्यवहारे तदभ्युपगमप्रसङ्गः, तन्मतस्य व्यवहारमतादविशेषात् । तृतीये च निरपेक्षयोः सङ्ग्रहव्यवहारयोः स्थापनानभ्युपगमोपपत्तावपि समुदितयोः सम्पूर्णनैगमरूपत्वात्तदभ्युपगमस्य दुर्निवारत्वम्, अविभागस्थान्नैगमात्प्रत्येकं तदेकैकभागग्रहणात् । किञ्च, सङ्ग्रहव्यवहारयोर्नैगमान्तर्भावात्स्थापनाभ्युपगमलक्षणं तन्मतमपि**

---

यन्मतं स्थापनाभ्युपगमलक्षणं तदपि सङ्ग्रहव्यवहारान्तर्गतमेव मन्तव्यम्, यतोऽविभागस्थात् = सम्पूर्णाद् नैगमादेव गृहीतैकैकांशौ सङ्ग्रहव्यवहारौ । अतश्च तन्मतमपि ताभ्याम् गृहीतमेव मन्तव्यम् । नवरं स्थापनासामान्यमेव सङ्ग्रहः स्वीकुर्यात् तद्विशेषमेव च व्यवहार इत्यन्यदेतत् ।

---

વર્જન કરાયું છે. માટે સંગ્રહિક નૈગમ, અસંગ્રહિક નૈગમ અથવા સંપૂર્ણ નૈગમ. - નૈગમના આ ત્રણ ભેદોમાંથી કોઈક ભેદમાં તો સ્થાપનાનિક્ષેપ અવશ્ય સ્વીકારવો જ પડશે. જો સંગ્રહિક નૈગમ નય સ્થાપનાને માને છે એવું સ્વીકારો તો સંગ્રહનય પણ સ્થાપનાને માને છે એવું માનવું પડશે. કારણ કે સંગ્રહિકનૈગમ અને સંગ્રહનયના અભિપ્રાય એકસરખા જ છે. તાત્પર્ય એ છે કે, નૈગમનયના અનેક દષ્ટિકોણ છે. તેમાંથી સામાન્યવાદી નૈગમનયને સંગ્રહિકનૈગમ કહેવાય છે. વિશેષવાદી નૈગમનયને અસંગ્રહિક નૈગમ કહેવાય છે અને સામાન્ય-વિશેષ ઉભયવાદી નૈગમનયને સંપૂર્ણ નૈગમ કહેવાય છે. સંગ્રહિકનૈગમ અને સંગ્રહ નયની માન્યતા વચ્ચે કોઈ તફાવત નથી અને અસંગ્રહિક નૈગમ તથા વ્યવહારનયની માન્યતા વચ્ચે કોઈ તફાવત નથી. માટે જો અસંગ્રહિક નૈગમનય સ્થાપનાને માને છે એવો બીજો વિકલ્પ સ્વીકારે તો વ્યવહારનયમાં પણ સ્થાપનાસ્વીકાર માનવો પડે જે સામા પક્ષને અસંમત છે.

જો તમે ત્રીજો વિકલ્પ સ્વીકારો કે સંપૂર્ણ નૈગમનય જ સ્થાપના માને છે તો યદ્યપિ પરસ્પર નિરપેક્ષ એવા સ્વતંત્ર સંગ્રહ કે વ્યવહારનયમાં સ્થાપના-સ્વીકાર નહીં થાય કારણ કે સંપૂર્ણ નૈગમ કરતા સ્વતંત્ર સંગ્રહનય અને સ્વતંત્ર વ્યવહારનય વિલક્ષણ છે. છતાં પણ અન્ય રીતે તો સંગ્રહ-વ્યવહાર નયોમાં પણ સ્થાપના-સ્વીકાર કરવો જ પડશે કારણ કે સંગ્રહ અને વ્યવહારનય સમુદિત રૂપે (= ભેગા મળીને) સંપૂર્ણ નૈગમરૂપ બને છે અને આ સંપૂર્ણ નૈગમનયના સામાન્યગ્રાહિત્વ રૂપ એક અંશને લઈને જ સંગ્રહનય બને છે જ્યારે સંપૂર્ણ નૈગમનયના વિશેષગ્રાહિત્વરૂપ અન્ય અંશને લઈને વ્યવહારનય બને છે. તેથી વિભાગ વગરના સંપૂર્ણ નૈગમનયના સ્થાપના-સ્વીકારરૂપ મતને પણ તે બે સ્વતંત્ર નયો સ્વીકરશે જ. અર્થાત્, સંપૂર્ણ નૈગમનો સ્વતંત્ર સંગ્રહ-વ્યવહાર આ બે નયોમાં અંતર્ભાવ થઈ જાય છે તેથી સંપૂર્ણ નૈગમનો સ્થાપનાસ્વીકાર રૂપ મત પણ એ બે નયોમાં અંતર્ભૂત થશે જ. (વિશેષાવશ્યકભાષ્યની ગાથા ૨૮૫૪ માં આ વાત કરી છે - जं च पवेसो नेगमनयस्स दोसु बहुसो समक्खाओ

तो तम्मयं पि भिण्णं मयमियरेसिं विभिन्नाणं ।।

**અર્થ :** પૂર્વે અનેકવાર નૈગમનયનો સંગ્રહ-વ્યવહાર એ બે નયોમાં અંતર્ભાવ જણાવ્યો છે તેથી નૈગમનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**तत्रान्तर्भूतमेव, उभयधर्मलक्षणस्य विषयस्य प्रत्येकमप्रवेशेऽपि स्थापनालक्षणस्यैकधर्मस्य प्रवेशस्य सूपपादत्वात्, स्थापनासामान्यतद्विशेषाभ्युपगममात्रेणैव सङ्ग्रहव्यवहारयोर्भेदोपपत्तेरिति यथागमं भावनीयम् । एतैश्च नामादिनिक्षेपैर्जीवादयः पदार्था निक्षेप्याः ।**

**३. जीवविषये निक्षेपाः ।**

**तत्र यद्यपि यस्य जीवस्याजीवस्य वा जीव इति नाम क्रियते स नामजीवः, देवतादिप्रतिमा च स्थापनाजीवः, औपशमिकादिभावशाली च भावजीव इति जीवविषयं निक्षेपत्रयं**

---

'**न तु द्रव्यनिक्षेपः**' अत्र **मनाग्मीमांसामहे → ननु** नामादीनां सर्ववस्तुव्यापित्वमुपगम्यते न वा ? आद्ये व्यभिचारः, अनभिलाप्यभावेषु नामनिक्षेपाप्रवृत्तेः, तत्प्रवृत्तौ चानभिलाप्यत्वव्याहतेः । **न चाभिलाप्य**भावापेक्षयैव नामादीनां व्यापकत्वमिति **वाच्यम्**, इत्थमपि द्रव्यजीव-द्रव्यद्रव्याद्यप्रसिद्ध्या व्यभिचारानतिक्रमात्, तथाहि - गुणपर्यायवदेव हि द्रव्यमुच्यते *'गुणपर्यायवद् द्रव्यमिति'* **(तत्त्वार्थ ५/३७)** वचनप्रामाण्यात् । तच्च द्रव्यस्य भावनिक्षेपः, द्रव्यनिक्षेपो हि स भवेद् यो गुणपर्यायविकलः सन्नायत्यां ताभ्याम् युक्तोऽभविष्यत् । न च तत्सम्भवति, गुणपर्यायविकलस्य द्रव्यत्वायोगात् । तथा च विलुप्तो द्रव्यस्य द्रव्यनिक्षेपः जगत्त्रयेभ्यः। एवमेव खलु द्रव्यजीवासिद्धिरपि भावनीया, अचेतनस्य सतः कदाचिदपि चेतनत्वेनापरिणमनादिति । अन्त्ये- [1]*"जत्थ य ण जाणिज्जा चउक्कयं णिक्खिवे तत्थ'* **(अनु.द्वार सू.७)**

---

સ્થાપના-સ્વીકાર રૂપ અભિપ્રાય પણ તે બે નયોમાં અંતર્ભાવ પામશે. હા, સંગ્રહ-વ્યવહારના મત વચ્ચે એટલી ભિન્નતા રહેશે કે સંગ્રહનય સ્થાપના-સામાન્યને સ્વીકારશે અને વ્યવહારનય સ્થાપના-વિશેષને સ્વીકારશે. સંપૂર્ણ નૈગમનો જે વિષય છે તે તો સામાન્યવિશેષ ઉભયાત્મક છે. ઉભયધર્માત્મક આ વિષયનો પ્રવેશ સંગ્રહ કે વ્યવહાર પ્રત્યેકમાં થઈ શકે તેમ નથી (કારણ કે સંગ્રહ સામાન્યગ્રાહી છે જ્યારે વ્યવહાર વિશેષગ્રાહી છે.) છતા પણ સંપૂર્ણ નૈગમનયનો સ્થાપનારૂપ એક ધર્મનો પ્રવેશ સંગ્રહ-વ્યવહારમાં કોઈ બાધ વગર થઈ શકે છે.

**શંકા :** સંગ્રહ-વ્યવહાર બન્ને જો સ્થાપનાને માનશે તો તે બે નયોમાં ભેદ નહીં રહે.

**સમા. :** સંગ્રહનય સ્થાપનાસામાન્યને માનશે જ્યારે વ્યવહારનય સ્થાપનાવિશેષને માનશે. આ રીતે બન્ને નયો વચ્ચે ભેદ રહેશે. આ વાત આગમાનુસારે વિચારવા જેવી છે.

ચારેય નિક્ષેપોનું નિરૂપણ અને નયોમાં નિક્ષેપયોજના કર્યા બાદ હવે 'જીવ' પદાર્થ વિશે નિક્ષેપયોજના કરે છે.

## * જીવ પદાર્થ વિશે નામાદિ નિક્ષેપની સંયોજના *

નામાદિ ચાર નિક્ષેપો દ્વારા હવે જીવાદિ પદાર્થોના નિક્ષેપ કરાય છે. જે કોઈ પણ જડ કે ચેતન

---

१. यत्रापि च न जानीयाच्चतुष्ककं निक्षिपेत्तत्र ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इत्यादि सूत्रविरोधस्तत्र यत्तत्पदाभ्यां व्याप्त्युपस्थितेरिति **चेत्** ?

**अत्र वदन्ति**- तत्तद्व्यभिचारस्थानान्यत्वविशेषणान्न दोषः। तथा च वृद्धोक्ति *'र्यद्यत्रैकस्मिन्न सम्भवति नैतावता भवत्यव्यापितेति'*, यथा हि मैथुनव्रतस्य निरपवादस्पदत्वेऽपि न [1]*"जावइया उस्सग्गा तावइया*

પદાર્થનું 'જીવ' એવું નામ કરાયું હોય તે વસ્તુને નામજીવ કહેવાય છે. દેવતા-મનુષ્ય વગેરે કોઈ પણ વ્યક્તિના પ્રતિમા-આકૃતિ-પ્રતિકૃતિ કે સ્થાપના (= અસદ્ભાવ સ્થાપના) કરાય તો તેને સ્થાપના જીવ કહેવાય છે. ભાવજીવની વાત કરતા પૂર્વે થોડી વિશેષ વાતો જાણી લઈએ.

**ઔપશમિકાદિ ભાવોની સમજણ**

(૧) **ઔપશમિક ભાવ :** મોહનીય કર્મના સર્વથા દબાઈ જવાથી (એટલે કે મોહનીયના વિપાકોદય અને પ્રદેશોદય એ બન્ને પ્રકારના ઉદયના ઉપશમથી (= અભાવથી) પ્રગટ થયેલો જે જીવસ્વભાવ તે ઔપશમિક ભાવ. દા.ત. ઔપશમિક સમ્યક્ત્વ, ઔપશમિક ચારિત્ર.

(૨) **ક્ષાયિક ભાવ :** તે તે કર્મનો સર્વથા ક્ષય થવાથી પ્રગટ થયેલો જીવપરિણામ. દા.ત. કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક ચારિત્ર, ક્ષાયિક સમ્યક્ત્વ વગેરે.

(૩) **ક્ષાયોપશમિક ભાવ :** ઉદયમાં આવેલા કર્મના રસનો ક્ષય અને અનુદીર્ણ (= સત્તાગત) કર્મના રસનો ઉપશમ થવાથી પ્રગટતો જીવપરિણામ. દા.ત. મત્યાદિ ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચાર દર્શન, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ વગેરે.

(૪) **ઔદયિક ભાવ :** તે તે કર્મના ઉદયથી પ્રગટ્ થયેલો જીવપરિણામ. દા.ત. મનુષ્યાદિ ચાર ગતિ, પુરુષાદિ ત્રણ વેદ, ક્રોધાદિ ચાર કષાય, છ લેશ્યા, મિથ્યાત્વ, અસંયમ, અજ્ઞાન, અસિદ્ધત્વ.

(૫) **પારિણામિક ભાવ :** કર્મના ઉદય-ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષયથી નિરપેક્ષ એવો સ્વાભાવિક જીવપરિણામ. દા.ત. ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ.

જીવનો દ્રવ્યનિક્ષેપ ત્યારે સંભવે કે જો કોઈ અજીવ પદાર્થ ભવિષ્યમાં જીવ રૂપ બની જાય. કારણ કે વસ્તુના અમુક પર્યાયના કારણભૂત પદાર્થને તે પર્યાયનો દ્રવ્યનિક્ષેપ કહેવાય છે. જેમ કે વર્તમાનની કોઈ વ્યક્તિ ભવિષ્યમાં દેવ થવાની હોય તો તેને વર્તમાનમાં દ્રવ્યદેવ કહેવાય છે. પરંતુ કોઈ અજીવ ભવિષ્યમાં જીવ બની જાય એવું ક્યારેય બનતું નથી. ધર્માસ્તિકાયાદિ પાંચે અસ્તિકાયોને શાસ્ત્રોમાં 'ઇતર-અપ્રવેશી' કહ્યા છે. એટલે કે ધર્માસ્તિકાય દ્રવ્ય ક્યારેય અધર્માસ્તિકાયાદિ રૂપ ન બને. એ જ પ્રમાણે જીવદ્રવ્ય પણ ક્યારે ય અન્ય જડદ્રવ્યાત્મક ન બને કે કોઈ જડદ્રવ્ય જીવદ્રવ્યાત્મક ન બને કારણ કે 'જીવત્વ' એ જીવનો અનાદિ-અનંત (આદિ અને અંત વિનાનો) પારિણામિક ભાવ (= સ્વભાવ) છે. તેથી જીવનો દ્રવ્યનિક્ષેપ મળી શકે તેમ નથી.

કેટલાક એમ કહે છે કે 'ગુણ અને પર્યાયથી રહિત દ્રવ્ય તો ક્યારે પણ ક્યાંય મળી શકતું નથી છતાં પણ ગુણપર્યાયોથી સાવ રહિત અને અનાદિપારિણામિકભાવ (જીવત્વ)થી રહિત એવા પદાર્થની બુદ્ધિથી કલ્પના કરવાની. બસ, કલ્પનામાં રહેલો આ ગુણપર્યાયરહિત જીવ એ જ જીવનો દ્રવ્યનિક્ષેપ છે.' પરંતુ આ વાત બરાબર નથી. કારણ કે વિદ્યમાન એવા ગુણ પર્યાયોને બુદ્ધિથી ખસેડી નાખવા શક્ય નથી.

१. यावन्त उत्सर्गास्तावन्तोऽपवादाः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**सम्भवति, न तु द्रव्यनिक्षेपः । अयं हि तदा सम्भवेत्, यद्यजीवः सन्नायत्यां जीवोऽभविष्यत्, यथाऽदेवः सन्नायत्यां देवो भविष्यन् द्रव्यदेव इति । न चैतदिष्टं सिद्धान्ते, यतो जीवत्वमनादिनिधनः पारिणामिको भाव इष्यत इति । तथापि गुणपर्यायवियुक्तत्वेन बुद्ध्या कल्पितोऽनादि-**

---

*अववाया'* इति व्याप्तेर्भङ्गस्तद्वदत्रापीति तेषामाशयः प्रतिभाति। **अपरे त्वाहुः**- अनभिलाप्यभावे नाम्नो व्यापकत्वलाभाय केवलीप्रज्ञारूपमेव तत्र नामनिक्षेपोऽवगन्तव्य इति, द्रव्यजीवश्च मनुष्यादिरेव, भाविदेवादिजीवपर्यायहेतुत्वात्। **न च** तथा भावदेवत्वद्रव्यजीवत्वयोरेकत्रावस्थानं कथं संगच्छेदिति **वाच्यम्,** मृत्तिकायां भावमृत्तिकात्वद्रव्यघटत्वयोरिव तत्संगतिसम्भवात्। द्रव्यद्रव्यमपि मृदादिरेव, द्रव्यार्थिकनयादेशादादिष्टद्रव्यत्वानां घटादिपर्यायाणां हेतुत्वात्। एतच्च मतं नातिरमणीयम्- द्रव्यार्थिकेन पुद्गलात्मकस्यैव नाम्नोऽभ्युपगमात्, उच्चरितस्य लिखितस्य वा नाम्नः नामवतश्च वस्तुन एव पुद्गलरूपतया नामत्वाविरोधात्, प्रज्ञारूपं च तज्ज्ञानात्मकत्वेन न पौद्गलिकं, अतो न तस्य नामरूपत्वं घटते । मनुष्यादीनां द्रव्यजीवत्वे च सिद्धस्यैव भावजीवत्वं स्यात्। अतः **तत्त्वार्थटीकाकृतस्तु** तन्मतं नानवद्यं मन्यन्ते यत इत्थमपि सिद्धजीवे 'द्रव्यजीव' इति निक्षेपस्य संसारिजीवे च 'भावजीव' इति निक्षेपस्याघटनाद्, नामादीनामव्यापिताया अवारणात् । न हि पार्थिवविशेषं घटं प्रति कारणीभूतस्य मृत्पिण्डस्य 'द्रव्यघट' इति व्यपदेशवत् 'द्रव्यपार्थिव' इत्यपि व्यपदेशो भवति । प्रकृतग्रन्थकृतस्तु एनं दोषावहमपश्यन्नेव स्वकीयवक्तव्यमाह - **'इदं पुन'**रित्यादिना - तेषामयमाशयः इत्थं

---

અર્થાત્, આવી કલ્પના કરવા માત્રથી કોઈ જીવ ગુણપર્યાયરહિત બની જતો નથી કારણ કે પદાર્થની પરિણતિ જ્ઞાનને આધીન નથી. પરંતુ પદાર્થ જે જે રીતે પરિણમે તે તે રીતે જ તેનું જ્ઞાન થાય છે.

## * નામાદિ નિક્ષેપચતુષ્ટયની સર્વવ્યાપિતાના ભંગની શંકા * અને તેનું સમાધાન-

**શંકા :** શ્રી **અનુયોગદ્વાર** નામક આગમ ગ્રન્થમાં કહ્યું છે કે -

**जत्थ य जं जाणेज्जा, निक्खेवं निक्खिवे निरवसेसं**

**जत्थ वि य न जाणेज्जा, चउक्कयं निक्खिवे तत्थ ।**

**અર્થ :** જે પદાર્થમાં જેટલા નિક્ષેપ સંભવતા હોય એટલા કરવા, જે પદાર્થમાં અધિક નિક્ષેપો ન જણાય તો પણ નામાદિ ચાર નિક્ષેપ તો કરી જ દેવાના. અર્થાત્, દરેક વસ્તુના આ ચાર નિક્ષેપો તો થાય જ. આ પ્રમાણે તો નામાદિનિક્ષેપચતુષ્ટય સર્વવસ્તુના કહ્યા છે પણ જીવનો દ્રવ્યનિક્ષેપ મળતો નથી. તેથી નામાદિ નિક્ષેપચતુષ્ટયની વ્યાપકતાનો ભંગ થશે અને એવી જ રીતે દરેક ઉક્ત આગમવચનનો વિરોધ આવશે.

**સમા. :** કોઈ વસ્તુવિશેષમાં એકાદ નિક્ષેપ ન મળવા માત્રથી નામાદિનિક્ષેપ ચતુષ્ટયની વ્યાપકતા હણાતી નથી. કારણ કે પ્રાયઃ અન્ય સર્વ પદાર્થોને વિશે તો નામાદિ ચારેય નિક્ષેપ સંભવે જ છે. આવું વૃદ્ધ પુરુષોનું (પૂર્વાચાર્યોનું) કથન છે. **શ્રીવિશેષાવશ્યકભાષ્ય, તત્ત્વાર્થભાષ્ય** આદિ ગ્રન્થોમાં આ વાતનું પ્રતિપાદન કરાયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**पारिणामिकभावयुक्तो द्रव्यजीवः, शून्योऽयं भङ्ग इति यावत्, सतां गुणपर्यायाणां बुद्ध्यापनयनस्य कर्तुमशक्यत्वात् । न खलु ज्ञानायत्तार्थपरिणतिः, किन्तु अर्थो यथा यथा विपरिणमते तथा तथा ज्ञानं प्रादुरस्तीति । न चैवं नामादिचतुष्टयस्य व्यापिताभङ्गः, यतः प्रायः सर्वपदार्थेष्वन्येषु तत् सम्भवति । यद्यत्रैकस्मिन्न सम्भवति नैतावता भवत्यव्यापितेति वृद्धाः। जीव-**

---

संसारिजीवे द्रव्यजीवत्वसिद्धावपि न सर्वथा भावजीवत्वविरोधो तथा **तत्त्वार्थवृत्तिकृतोक्तो**, यतः कारणत्वमपेक्ष्य द्रव्यत्वमप्यस्तु, कार्यापन्नत्वात् भावत्वमप्यस्तु नास्त्यत्र किञ्चित्प्रातिकूल्यं यतो नामादीनामेकवस्तुगतानां भावाविनाभूतत्वमपि शास्त्रोक्तमेव । तदेव **भाष्योक्त्या** समर्थयति '**अहवा**' इत्यादिना । एवं च 'सिद्ध एव भावजीवः स्यादि'ति कौतस्कुत्यमेतद् ? दोषस्यानवकाश एवेति हृदयम् । तत्र दोषमुद्भावयन्नाह '**केवलमि**'त्यादिना - **अयम्भावः** - इत्थं च सिद्ध्यमानोऽपि द्रव्यजीवनिक्षेपो विशेषणोपरक्तजीवम्प्रत्येव उपपादितः स्यात्, निर्विशेषं जीवम्प्रति मनुष्यजीवस्याकारणत्वात् पार्थिवविशेषं घटलक्षणं प्रति मृत्पिण्डनिष्ठं कारणत्वमादाय विशेषणोपरक्तपार्थिवम्प्रति 'द्रव्यपार्थिव' इति व्यपदेशोऽदुष्ट एवेति दिग् ।

गुणपर्यायावियुक्तत्वेन प्रज्ञास्थापितो द्रव्यजीवः सिद्ध्येदित्ये**केषां मतम्**, एतत्तु न सूक्ष्मम्, कल्पनामात्ररूपत्वात्तादृग्जीवस्य, सतां गुणपर्यायाणां बुद्ध्याऽपनेतुमशक्यत्वात्। न हि यादृच्छिकज्ञानायत्ताऽर्थपरिणतिरस्ति। जीवपदार्थज्ञस्तत्रानुपयुक्तो जीवपदार्थज्ञस्य वा शरीरं जीवरहितं द्रव्यजीव इति नाव्यापकत्वमित्यपि वदन्ति।

---

### * જીવના દ્રવ્યનિક્ષેપ અંગે મતાન્તરો અને તેનું નિરાકરણ *

નામાદિ ચારે ય નિક્ષેપોની વ્યાપકતાને સિદ્ધ કરવાની ઈચ્છાવાળા કેટલાક શાસ્ત્રની પરિભાષાનો આશ્રય લઈને જીવના દ્રવ્યનિક્ષેપનું નિરૂપણ કરતા કહે છે કે - ''જે 'જીવ' શબ્દના અર્થને જાણતો હોય પરંતુ તે કાળે જીવને વિશે ઉપયોગથી શૂન્ય છે, એવો પુરુષ દ્રવ્યજીવ કહેવાય છે.' ('अणुवओगो दव्वं' આ શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે આ અર્થની તારવણી કરાઈ છે.) પરંતુ આ સમાધાનમાં ગ્રન્થકારશ્રીનો અસ્વરસ છે તે 'आहुः' પદથી જણાય છે. અસ્વરસનું બીજ એ છે કે - શાસ્ત્રોમાં તો 'द्रव्य' પદ અનેક અર્થમાં વપરાતું હોય છે અને દરેક વખતે તે જે અર્થમાં વપરાયું હોય તે પ્રમાણેની જ પરિભાષા લેવી જોઈએ. દા.ત. શાસ્ત્રોમાં મુખ્યત્વે 'द्रव्य' પદની ત્રણ પરિભાષાઓ મળે છે - (૧) गुणपर्यायवद् द्रव्यम् - ગુણપર્યાયોથી યુક્ત હોય તેને દ્રવ્ય કહેવાય. (૨) अणुवओगो दव्वं - અનુપયોગને દ્રવ્ય કહેવાય. અને (૩) भूतस्य भाविनो वा भावस्य यत्कारणं तद् द्रव्यम् - ભૂતકાળના કે ભવિષ્યકાળના ભાવ (= પર્યાય) નું જે કારણ હોય તેને દ્રવ્ય કહેવાય. નિક્ષેપ પ્રકરણમાં અહીં સામાન્યથી ત્રીજી પરિભાષા લેવાઈ છે. દ્રવ્યનિક્ષેપનું લક્ષણ પણ એવું જ આપ્યું છે માટે પરિણામી કારણને જ કાર્યરૂપ પરિણામનો દ્રવ્યનિક્ષેપ કહેવો ઉચિત છે અને આવો દ્રવ્યનિક્ષેપ જીવનો મળતો નથી.

બીજા કેટલાક એમ કહે છે કે - 'અત્યારે હું મનુષ્ય છું પણ કાલાંતરમાં દેવજીવરૂપે સ્વર્ગમાં ઉત્પન્ન થનાર હોઉં તો અત્યારે હું દ્રવ્યજીવ કહેવાઉં કારણ કે મનુષ્યજીવ (= હું) જ દેવજીવરૂપ કાર્યનું કારણ

**शब्दार्थज्ञस्तत्रानुपयुक्तो द्रव्यजीव इत्यप्याहुः । अपरे तु वदन्ति - अहमेव मनुष्यजीवो (द्रव्यजीवो)ऽभिधातव्यः उत्तरं देवजीवमप्रादुर्भूतमाश्रित्य अहं हि तस्योत्पित्सोर्देवजीवस्य कारणं भवामि, यतश्चाहमेव तेन देवजीवभावेन भविष्यामि, अतोऽहमधुना द्रव्यजीव इति। एतत्कथितं तैर्भवति - पूर्वः पूर्वो जीवः परस्य परस्योत्पित्सोः कारणमिति । अस्मिंश्च पक्षे सिद्ध एव**

अनभिलाप्यभावविषये नाम्नो यदव्यापकत्वमाशङ्कितं तत्रेदं चिन्त्यते न ह्यनभिलाप्यभावानां सर्वथाऽनभिलाप्यत्वम्, 'अनभिलाप्य'पदेन तदभिलापसम्भवात्, इत्थं हि 'स्यादवक्तव्यमि'ति चतुर्थभंगे स्यात्पदमप्युपपद्यते अवक्तव्यपदेन तस्य वक्तव्यत्वात् । ततश्चास्तु 'अनभिलाप्य' एव तन्नाम । अभिलाप्यनामापेक्षयैव नामनिक्षेपव्यवस्थेति **चेत्**, अस्त्वेवम्, 'अनभिलाप्य'पदं तु अभिलाप्यमेवेत्यपि न विस्मर्तव्यं, अथवा, अनभिलाप्यभावानामपि द्रव्यपर्यायरूपतया कथञ्चिद् द्रव्यात्मकत्वमेवेति 'द्रव्यादि'पदमेवास्तु तन्नामनिक्षेपः । यथा हि काष्ठचित्रादिस्थमुनिस्थापना आवश्यकस्य स्थापनानिक्षेपत्वेन प्रवचनप्रसिद्धा, आवश्यकस्य स्थाप्यमानमुनेः अभेदात्, तद्वदत्रापि किमिति न विचार्यते इति न नाम्नोऽप्यव्यापितेति पर्यालोच्यतामिदं सुधीभिः । वस्तुतस्तु अभिलाप्यभावानाश्रित्यैव निक्षेपचतुष्टयव्याप्तिः, शब्दार्थविशेषरुपत्वान्निक्षेपाणां अनभिलाप्यभावानां तदविषयत्वादिति पर्यालोचयामः ।

**ननु** भवतु नाम नामद्रव्ययोः व्यापकत्वम्, स्थापनायास्तु न तथात्वं, अमूर्तस्य आकारायोगेन स्थापनाऽघटनादिति **चेत्**, **न**, निराकारस्थापनाऽपि दर्शितैवेति किं विस्मृतं ? किञ्च, अमूर्तस्याऽऽकारायोगादित्यपि कुतः? अदृश्यत्वादिति **चेत्**, न, असिद्धेः, अदृश्यस्यापि पिशाचस्य अञ्जनचूर्णादिनाऽवाप्तादृश्यत्वस्य कस्यचित् पुंसोऽपि वा साकारत्वादिति न अदृश्यत्वव्यापकं निराकारत्वमिति स्फुटैव असिद्धिः। अमूर्तस्यापि मुक्तजीवस्य धर्मास्तिकायादेश्च साकारता सूत्रसिद्धा इति न स्थापनायाः सर्वव्यापिताभङ्गः । **ननु** यथा कम्बुग्रीवादिमदर्थे 'घटोऽयमि'ति व्यवहारः सम्प्रवर्तते तद्वद् नामादिघटेष्वपि तत्प्रवर्तत एव। घटपद उच्चरिते, घटाकारे विलोकिते, घटकारणीभूतमृत्पिण्डे वा 'किमिदमि'ति 'किमत्रोत्पद्यते' इति वा पृष्टे एक एव उत्तरः सर्वत्रान्वेति 'घट' इति। तथा च घटव्यवहाराविशेषात्किमिति शब्दादिनया नामादिघटं नाभ्युपेयन्ति, प्रयोगस्त्वेवम्-

છે. કાર્ય કરતા પૂર્વકાળમાં કારણ હાજર હોય છે.દેવજીવ ઉત્તરકાળમાં થનાર છે અને મનુષ્યજીવ તેના કરતા પૂર્વકાળમાં છે તેથી આ બન્ને વચ્ચે કાર્ય-કારણભાવ સંભવી શકે છે અને કારણને તો દ્રવ્યનિક્ષેપ કહેવાય જ છે. તેથી ભાવિ દેવજીવનું કારણ હોવાથી વર્તમાન મનુષ્યજીવને દ્રવ્યજીવ કહેવાય. આવું કેટલાકનું કથન છે પરંતુ આ પક્ષમાં **તત્ત્વાર્થાધિગમસૂત્રના ટીકાકાર**ના મંત્રવ્ય મુજબ દોષ આવે છે.

તે આ રીતે - જો આ રીતે દ્રવ્યજીવની સિદ્ધિ કરવામાં આવે તો પછી માત્ર સિદ્ધ ભગવંતોને જ ભાવજીવ કહી શકાશે. કારણ કે દરેક સંસારીજીવ ભવાંતરીય જીવનું કારણ હોવાથી દ્રવ્યજીવ જ બની જાય છે. માટે આ ઉપરોક્ત સમાધાન નિર્દોષ નથી. જો કે ગ્રન્થકાર આ પક્ષમાં ધ્યાન દેવા યોગ્ય વાત કરે છે કે ઉપરોક્ત રીતે સંસારી જીવને દ્રવ્યજીવ કહી દો તો પણ તેમાં ભાવજીવત્વ વિરુદ્ધ નથી કારણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**भावजीवो भवति, नान्य इति - एतदपि नानवद्यमिति तत्त्वार्थटीकाकृतः ।**

**इदं पुनरिहावधेयं - इत्थं संसारिजीवे द्रव्यत्वेऽपि भावत्वाविरोधः, एकवस्तुगतानां नामादीनां भावाविनाभूतत्वप्रतिपादनात् । तदाह भाष्यकारः -**

**[1]"अहवा वत्थूभिहाणं, नामं ठवणा य जो तयागारो ।**

'नामादिघटा अपि घटा एव घटत्वप्रकारकव्यवहारविषयत्वात् भावघटवत्'। **अत्रोच्यते**- व्यवहारस्तु शब्दाभिलापरूपः, प्रवृत्तिरूपो वेति द्विधा । तत्र शब्दाभिलाभरूपव्यवहारस्तु नामादिघटे सम्प्रवर्तत एव किन्तु शब्दगतविवक्षितघटाद्यर्थवाचकतास्वभावनियम्यः तादृशो व्यवहारो न स्वविषये घटत्वादि प्रयोजकः। शब्दाभिलापात्मकव्यवहारो व्यवहार्यविषयस्वरूपनिर्णये न तन्त्रमित्यर्थः । किं तर्हि ? प्रवृत्तिलक्षणव्यवहार एव तथा, स च नामादिघटे न सम्भवति तेषां जलाहरणाद्यर्थक्रियासामार्थ्यविकलत्वात् । **ननु** घटशब्दार्थत्वाविशेषेऽपि नामादिघटचतुष्टये, भावघटे एव घटत्वं नापरत्रेत्यत्र किं नियामकमिति **चेत्** ? अर्थक्रियैवेति गृहाणेति शब्दनयाभिप्रायः । ततश्च नेच्छत्येव भावनिक्षेपादपरं शब्दनयः, समभिरूढ-एवम्भूतौ तु तत्तोऽपि विशुद्धतरतया नेच्छत एव नामादित्रयमिति । अत एवानुपचरितं घटशब्दार्थत्वम् भावघटे एव, अन्यत्र तूपचरितमिति विशेषोऽपि गीयते, इत्थं च घटशब्दार्थत्वाविशेषेऽपि' इत्यादिकमपि निरस्तं द्रष्टव्यम् । **अयम्भावः** 'घट चेष्टायाम्' इति वचनात् चेष्टार्थकधातुनिष्पन्नो घटशब्दः, स च कथं जलाहरणाद्यर्थक्रियाविकले नामादिघटे उपचारव्यतिरेकेण प्रवर्तेत ततश्चोपचरितमेवायातं घटशब्दार्थत्वं नामादिघटे, भावघट एव च तदनुपचरितं तस्यार्थक्रियासमर्थत्वात्, इति स्फुट एव विशेष उभयत्रत्यघटशब्दार्थत्वस्येति **नयरहस्योक्त**संक्षेपः । इत्थं च 'अर्थाभिधानप्रत्ययानां तुल्यत्वं न वस्तुतः शब्दादिनयसंमतमुपचारतस्तु स्यादपीति । अत एव नामनिक्षेपप्रतिपादनावसरे नामनिष्ठनामवाच्यत्वलक्षणा परिणति उपचारतः एव दर्शिता ।

**इति निक्षेपपरिच्छेदविवरणम् ।**

કે એક જ વસ્તુમાં રહેલ નામ-સ્થાપના અને દ્રવ્યએ ત્રણે, ભાવને અવિનાભાવી છે એવું **શ્રીવિશેષાવશ્યકભાષ્ય**માં કહેવાયું છે. આ જુઓ - 'વસ્તુના અભિધાનને નામ કહેવાય છે, વસ્તુના આકારને સ્થાપના કહેવાય છે, વસ્તુમાં પોતાના જ ભાવિ પર્યાયની જે કારણતા રહી છે તેને દ્રવ્ય કહેવાય છે અને અમુક કાર્યદશાને પામેલી તે વસ્તુ પોતે જ ભાવ કહેવાય છે.' આ શ્લોક એક જ વસ્તુમાં ચારે ય નિક્ષેપોનું પ્રતિપાદન કરે છે તેથી જે નામ-સ્થાપના કે દ્રવ્યરૂપ છે એ જ વસ્તુ માત્ર વિવક્ષા બદલતા જ ભાવરૂપ કહેવાય છે. (આ જ પ્રકરણમાં પણ આ વાત 'अभिन्नवस्तुगतानां नामादीनां भावाविनाभूतत्वादेव वस्तुत्वम्' ઇત્યાદિ ગ્રન્થથી પૂર્વે કહેવાઈ ગઈ છે.)

એટલે આ રીતે માત્ર સિદ્ધના જીવોમાં જ નહીં કિન્તુ સંસારી જીવમાં દ્રવ્યજીવત્વની સાથે ભાવજીવત્વ પણ સંગત થાય છે. હા, એટલું ખરું કે જે દ્રવ્યજીવત્વ સિદ્ધ થયું તે જીવ સામાન્યની અપેક્ષાએ તો

૧. अथवा वस्त्वभिधानं नाम स्थापना च यस्तदाकारः, कारणता तस्य द्रव्यं कार्यापन्नं तकं भावः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**कारणया से दव्वं, कज्जावन्नं तयं भावो ।।१।।"**

**इति केवलमविशिष्टजीवापेक्षया द्रव्यजीवत्वव्यवहार एव न स्यात्, मनुष्यादेर्देवत्वादिविशिष्टजीवं प्रत्येव हेतुत्वादिति अधिकं नयरहस्यादौ विवेचितमस्माभिः ।।**

**विवरणकर्तुः प्रशस्तिः**

प्रवचनाग्रिम**प्रेमसूरीश्वरो**, मुनिवरत्रिशताधिकनायकः
चरणसद्गुणराशिविराजितो, जगति जीवति कीर्तिकलेवरः ।।१।।
सकलसङ्घहितैकविधायको, युगप्रधान इव कथितोऽपरः
सकलसूरिवराग्रिम आप्तको, **भुवनभानु**रिति प्रथितोऽभवत् ।।२।।
यत्कृपालेशमात्रेण मूको वाचस्पतीयति, **जयघोषसूरि**र्जीयात् सङ्घवात्सल्यवारिधिः ।।३।।
स्वर्गस्थो धर्मजित्सूरिस्तत्सतीर्थ्यो हि कोविदः, **जगद्वल्लभ**नामा हि तच्छिष्योऽस्ति प्रभावकः ।।४।।
तपस्वी खलु तच्छिष्यो **विजयो मेघवल्लभः**, तत्पुत्रशिष्यरचिता कृतिर्दद्याद् मुदं सदा ।।५।।
यशःसाहित्यसदने तर्कभाषा प्रवेशनम्, तत्तालोद्घाटने कुञ्चिकाकल्पा स्यादियं मता ।।६।।
सूरिमन्त्रैकसन्निष्ठ **आचार्यो जयशेखर**स्तच्छिष्यमुख्य**गणिनाऽभयशेखर**धूरिणा ।।७।।
मद्विद्यागुरुवर्येण चर्यायां सत्त्वशालिना, प्रायशः शोधितो ग्रन्थः करुणारसवारिणा ।।८।। (युग्मम्)
प्रमादतो वा मतिमान्द्यतो वा, स्यादत्र किञ्चित्स्खलितं मदीयम्
तच्छोधनेऽनुग्रहशालिनो ये, सन्तु प्रसन्ना मयि सज्जनास्ते ।।९।।
सम्प्रति दृश्यते लोको विलासविभ्रमान्वितः, हिंसादिकश्च प्रचुरस्तेन दह्यते मे मनः ।।१०।।
यन्मयोपार्जितं पुण्यं तर्कभाषाविवेचनात्, तेन विभ्रमनिवृत्त्या लोकः सन्मार्गमाप्नुयात् ।।११।।

**विक्रमीय २०५३ तमे वर्षे ज्ञानपञ्चम्यां साबरमती-रामनगरमंडनश्रीचिन्तामणिपार्श्वनाथानुग्रहेण गच्छाधिपश्रीविजयजयघोषसूरिनिश्रायां सानन्दं समाप्तमिदं विवरणमिति शुभं भूयात् श्रीश्रमणप्रधानचतुर्विधसङ्घस्य।**

---

દ્રવ્યજીવનો વ્યવહાર જ નહીં થાય. અર્થાત્, મનુષ્યજીવ એ કારણ હોવાથી મનુષ્યજીવ (= જીવ વિશેષ) ને જ દ્રવ્યજીવ કહેવો પડશે. કારણ કે મનુષ્યાદિપર્યાયવિશિષ્ટ જીવ દેવત્વાદિપર્યાયવિશિષ્ટજીવ પ્રત્યે જ કારણ બને છે. જેમ ઘટનું કારણ હોવાથી મૃત્પિંડને દ્રવ્યઘટ જ કહેવાય છે, દ્રવ્યપૃથ્વી નથી કહેવાતું, તેમ દેવપર્યાયનું કારણ હોવાથી મનુષ્યને દ્રવ્યદેવ જ કહેવાય પણ દ્રવ્યજીવ કહેવાતું નથી. મનુષ્ય અને દેવ વચ્ચેનો કાર્યકારણભાવ એ જીવવિશેષ વચ્ચેનો કાર્યકારણભાવ છે, એના પરથી સામાન્યજીવની અપેક્ષાએ કોઈ પદાર્થ સાથેનો કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી; તેથી સામાન્યજીવની અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપ નથી એ વાત સ્વીકારવી જોઈએ. આ જ રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનો પણ દ્રવ્યનિક્ષેપ નથી. પરંતુ કેટલાક પદાર્થોમાં કોઈક નિક્ષેપ ન મળે એટલા માત્રથી નિક્ષેપચતુષ્ટયની સર્વવ્યાપિતાનો ભંગ નથી થતો કારણ કે પ્રાયઃ અન્ય સર્વ પદાર્થોમાં નિક્ષેપચતુષ્ટયની વ્યાપકતા રહેલી જ છે એમ જાણવું. આ વાતનો અધિક વિસ્તાર ગ્રન્થકારશ્રીએ સ્વરચિત **નયરહસ્ય,** વગેરે ગ્રન્થોમાં કર્યો છે. વિશેષ જિજ્ઞાસુઓને તે ગ્રન્થો જોવા ભલામણ છે. પ્રાથમિક તબક્કાનો ગ્રન્થ હોવાથી અહીં લાંબું વિવેચન કરાયું નથી. **નિક્ષેપ-પરિચ્છેદનું વિવરણ અહીં પૂર્ણ થયું.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

।। इति महामहोपाध्याया श्रीकल्याणविजयगणिशिष्यमुख्यपण्डितश्रीलाभविजयगणिशिष्यावतंसपण्डित-श्रीजीतविजयगणिसतीर्थ्यपण्डितश्रीनयविजयगणिशिष्येण पण्डितश्रीपद्मविजयगणिसोदरेण पण्डितयशोविजय-गणिना विरचितायां जैनतर्कभाषायां निक्षेपपरिच्छेदः सम्पूर्णः, तत्सम्पूर्त्तौ च सम्पूर्णेयं जैनतर्कभाषा ।।

## अथ प्रशस्तिः

सूरिश्रीविजयादिदेवसुगुरोः पट्टाम्बराहर्मणौ,
सूरिश्रीविजयादिसिंहसुगुरौ शक्रासनं भेजुषि ।
तत्सेवाऽप्रतिमप्रसादजनितश्रद्धानशुद्ध्या कृत,
ग्रन्थोऽयं वितनोतु कोविदकुले मोदं विनोदं तथा ।।१।।

यस्यासन् गुरवोऽत्र जीतविजयप्राज्ञाः प्रकृष्टाशयाः,
भ्राजन्ते सनया नयादिविजयप्राज्ञाश्च विद्याप्रदाः ।
प्रेम्णां यस्य च सद्म पद्मविजयो जातः सुधीः सोदरः ।
तेन न्यायविशारदेन रचिता स्तात्तर्कभाषा मुदे ।।२।।

तर्कभाषामिमां कृत्वा मया यत्पुण्यमर्जितम् ।
प्राप्नुयां तेन विपुलां परमानन्दसम्पदम् ।।३।।

पूर्वं न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधैः
न्यायाचार्यपदं ततः कृतशतग्रन्थस्य यस्यार्पितम् ।
शिष्यप्रार्थनया नयादिविजयप्राज्ञोत्तमानां शिशुः
तत्त्वं किञ्चिदिदं यशोविजय इत्याख्याभृदाख्यातवान् ।।४।।

## * ગ્રન્થકારની પ્રશસ્તિ *

એવો લોકસ્વભાવ પ્રસિદ્ધ છે કે જો ગ્રન્થકર્તા અંગે વિશુદ્ધ સમ્પ્રદાયાનુગામિતાનું જ્ઞાન થાય તો ગ્રન્થના અધ્યયનાદિમાં સોલ્લાસ અને નિઃશંક પ્રવૃત્તિ થાય છે. આથી જ ગ્રન્થકર્તા ગ્રન્થની આદિ/અન્તમાં સ્વકીય શુદ્ધ પરંપરાની પ્રશસ્તિ કરે છે. ઘણાખરા ગ્રન્થોમાં આ પ્રણાલિ દેખાય છે. તદનુસાર ગ્રન્થને પૂર્ણ કરીને મહો.યશોવિજયજી મહારાજ પણ સ્વપરમ્પરામૂલક પદ્યને ગ્રન્થમાં સમાવિષ્ટ કરે છે.

ચરમતીર્થપતિ મહાવીરસ્વામી ભગવાનની ૬૦મી પાટે આવેલા શ્રી વિજયદેવસૂરિ મહારાજની પાટરૂપી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આકાશમાં સૂર્ય જેવા તેજસ્વી શ્રી વિજયસિંહસૂરિ મ. થઈ ગયા. તેઓ સ્વર્ગવાસ પામી ગયા બાદ આ ગ્રન્થ રચાયો હતો. તેઓની કરેલી સેવા થકી મળેલા અનુપમ પ્રસાદ (કૃપા) ને લીધે થયેલી સમ્યગ્દર્શનની શુદ્ધિથી રચાયેલો આ ગ્રન્થ વિદ્વાનોના કુળ (સમૂહ) માં આનંદ અને વિનોદને ફેલાવનારો બનો. (આ પદ્યમાં બે મહત્ત્વની વાત જણાવી છે. (૧) ગુરુજનસેવા અને સમ્યકત્વની શુદ્ધિનું કારણ છે. (૨) '**श्रद्धानशुद्ध्याकृतः**' પદોથી ગ્રન્થ રચનામાં સામર્થ્યનો અંતરંગ હેતુ જણાવાયો છે.)

'**सारस्वताः**', '**कान्यकुब्जाः**', '**गौडमैथिलउत्कलाः**' ઈત્યાદિ વચનાનુસાર જેમ 'સારસ્વત' આદિ શબ્દોથી બ્રાહ્મણોના વિભાગ મનાય છે તે રીતે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન પરમ્પરામાં પણ 'તપાગચ્છ', 'ખરતરગચ્છ', ઈત્યાદિ ગચ્છાન્ત શબ્દથી ગચ્છવિભાગો મનાય છે. પ્રસ્તુત ગ્રન્થકર્તા તપાગચ્છ પરંપરામાં થયા હતા એ વાત પ્રસિદ્ધ છે માટે 'તપાગચ્છ'નું સૂચક '**अत्र**' પદ આ પદ્યમાં વપરાયું છે. આ તપાગચ્છમાં ગ્રન્થકારના બે વિદ્યાગુરુ હતા કે જેમની પાસેથી ગ્રન્થકારશ્રીને વિદ્યાપ્રાપ્તિ થઈ હતી. એ બન્ને ગુરુઓના નામ ગ્રન્થકારે અહીં જણાવ્યા છે. આ ગ્રન્થની સમાપ્તિકાળે શ્રીજીતવિજયજી મહારાજનો સ્વર્ગવાસ થઈ ચુકેલો હતો. આ વાત ભૂતકાલિક '**आसन्**' પદથી સૂચિત કરેલ છે. પોતાના સાક્ષાત્ ગુરુ નયવિજયજી એ કાળે વિદ્યમાન હતા એ વાતને વર્તમાનકાલિક '**भ्राजन्ते**' પ્રયોગથી સૂચિત કરેલ છે. 'શ્રીજીતવિજયજી' મ. માટે 'પ્રાજ્ઞ' તથા 'પ્રકૃષ્ટાશય' એવા બે વિશેષણો લગાવ્યા છે. પ્રથમ વિશેષણથી,તેઓ સ્વ-પર સિદ્ધાન્તોના પ્રખર જ્ઞાતા હતા એવું સૂચિત કરાયું છે અને બીજા વિશેષણથી,તેઓ ઉદારચરિત હતા ('**प्रकृष्टः आशयो यस्य**' એ વ્યુત્પત્તિ) એવું સૂચિત કરાયું છે. (ઉદારચરિત ગુરુવર્યો યોગ્ય શિષ્યોને શાસ્ત્રીય રહસ્યવસ્તુ આપવાના સ્વભાવવાળા હોય છે. આથી મહો.જીને પણ સકલસિદ્ધાન્તરહસ્યની પ્રાપ્તિ સૂચિત થાય છે.) બીજા સાક્ષાત્ ગુરુ શ્રીનયવિજયજી હતા. જેમના હસ્તે ગ્રન્થકર્તાને દીક્ષા અને વિદ્યા બન્ને મળ્યા હતા. (શ્રીનયવિજયજી મ., શ્રી જીતવિજયજી મ. ના સતીર્થ્ય (ગુરુભ્રાતા) હતા.) દેહલીદીપકન્યાયે '**प्रकृष्टाशया**' આ વિશેષણ 'નયવિજયા' આ વિશેષ્ય સાથે પણ યોજી શકાય છે. '**सनया**' એવું તેમનું સાક્ષાત્ વિશેષણ એ સૂચિત કરે છે કે શ્રી નયવિજયજી મ. નીતિકુશળ (નયનિપુણ) હતા. ('**गुरुवः**' એવો માનાર્થક બહુવચન પ્રયોગ કરીને ગ્રન્થકારે પોતાના ગુરુવર્યો પ્રત્યેનું બહુમાન પ્રદર્શિત કરેલ છે જેથી ગુરુસ્તુતિ સૂચિત થાય છે. ) (આ પદમાં કૃતજ્ઞભાવે સ્વવિદ્યાદાતાઓનું સ્મરણ કરવા ઉપરાંત ગ્રન્થરચનાસામર્થ્યનો બાહ્યહેતુ પ્રદર્શિત કરાયો છે.) એ પછી આ પદ્યમાં શ્રીપદ્મવિજયજીનો ઉલ્લેખ કરાયો છે. તેમના માટે મુકાયેલા ત્રણ વિશેષણો (**प्रेम्णां सद्म, सुधी** અને **सोदरः**) એવી સૂચના કરે છે કે - તેઓ પ્રેમાળ હતા, પંડિત હતા અને ગ્રન્થકારના ગૃહસ્થાવસ્થાના સગા ભાઈ હતા. ત્યારબાદ ગ્રન્થકારે પોતાના માટે 'ન્યાયવિશારદ' એવું વિશેષણ વાપર્યું છે એના પરથી જણાય છે કે ગ્રન્થકાર સ્વયં જૈન ન્યાય સિવાય ગૌતમીયન્યાય (પ્રાચીન અને નવ્ય), બૌદ્ધન્યાય આદિ સર્વન્યાય (= તર્ક) શાસ્ત્રોમાં પૂર્ણકુશળ હતા કારણ કે અહીં 'ન્યાય' એવો સામાન્યવાચક શબ્દ જ પ્રયુક્ત છે. આમ, પ્રાજ્ઞપ્રકૃષ્ટાશય નીતિકુશળ ગુરુ પાસેથી વિદ્યા પ્રાપ્ત કરીને વત્સલ અને વિદ્વાન સ્વલઘુભ્રાતા શ્રીપદ્મવિજયજી. મ. સાથે સહવાસ દ્વારા પ્રાપ્ત વિદ્યાઓને દઢ કરીને ન્યાયવિશારદ શ્રીયશોવિજયજી મ. એ આ ગ્રન્થની રચના કરી છે તેથી 'તર્કભાષા' ગ્રન્થ અત્યંત ઉપાદેય સિદ્ધ થાય છે.

આ 'તર્કભાષા'ની રચના કરવા દ્વારા મે જે પુણ્ય ઉપાર્જિત કર્યું હોય તેના થકી હું (યશોવિજય)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ આનંદની સંપત્તિ (= મોક્ષ) ને પામું. (આ પદ્યમાં ગ્રન્થકારનો તીવ્ર સંવેગભાવ વ્યક્ત થાય છે.)

સ્વકીય વિશુદ્ધ પરંપરાની પ્રશસ્તિ કર્યા બાદ અન્ય શ્લોકમાં ગ્રન્થકાર પોતાની ઓળખાણ આપે છે. પ્રસ્તુત ગ્રન્થરચના પૂર્વે કાશીમાં ત્યાંના વિદ્વાન્ બ્રાહ્મણ પંડિતો દ્વારા ગ્રન્થકારને 'ન્યાયવિશારદ'નું બિરુદ અપાયું હતું. ત્યારપછી એકસો ગ્રન્થની રચના પૂર્ણ થતા તેઓશ્રીને 'ન્યાયાચાર્ય'નું પદ પણ અર્પિત કરાયું હતું. ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય એવા, શ્રી નયવિજયજી મ. ના શ્રી યશોવિજય નામના શિષ્યે, પોતાના શિષ્યોની પ્રાર્થના થવાથી આ તત્ત્વનું કંઈક સંક્ષિપ્ત વિવેચન કર્યું છે. ('શિષ્યપ્રાર્થનયા' પદથી ગ્રન્થની ઉત્પત્તિનું બીજ જણાવાયું છે.)

કર્મસાહિત્યનિષ્ણાત, સચ્ચારિત્રચૂડામણિ, સિદ્ધાન્તમહોદધિ સ્વ.આ.ભગ. શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટપ્રભાવક, વર્ધમાન તોપનિધિ, ન્યાયવિશારદ સંઘહિતૈષી સ્વ.આ.ભગ. શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**ના તથા તચ્છિષ્ય અધ્યાત્મરસિક સિદ્ધાન્તમર્મજ્ઞ સ્વ.આ.ભગ. શ્રીમદ્ વિજય **ધર્મજિત્સૂરીશ્વરજી મહારાજા**ની દિવ્યકૃપાથી.

સિદ્ધાન્તદિવાકર ગીતાર્થાગ્રણી વર્તમાન ગચ્છાધિપતિ આ.ભગ.શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ની તથા સૂરિમન્ત્રપ્રસ્થાનપંચકસમારાધક આ.ભગ.શ્રીમદ્વિજય **જયશેખરસૂરીશ્વરજી મહારાજા**ની પાવની પ્રેરણાથી,

ભવોદધિતારક મહોપકારી પંન્યાસપ્રવર **શ્રી જગવલ્લભવિજયજી મ.**ના આશિષે, વર્ધમાનતપોરત ગુરુદેવ મુનિરાજ **શ્રી મેઘવલ્લભવિજયજી મ.**ના શિષ્યાણુ મુનિ **ઉદયવલ્લભવિજયે જૈન તર્કભાષા** ગ્રન્થનો કરેલો આ ગુર્જર ભાવાનુવાદ સાનંદ સમ્પૂર્ણ થયો. જિનાજ્ઞા-ગ્રન્થકારના આશયનિરપેક્ષ કાંઈ લખાયું હોય તો તેનું શતશો मिच्छा मि दुक्कडम्. તેમજ ગીતાર્થ બહુશ્રુતોને ત્રુટિસમ્માર્જન કરવા નમ્ર વિજ્ઞપ્તિ. આ ગ્રન્થનો ભાવાનુવાદ કરતા જે પુણ્યપ્રાગ્ભારનું ઉપાર્જન થયું હોય તેના પ્રભાવે ભવ્યજીવો પ્રમાણ-નયપ્રસિદ્ધ મોક્ષના ભાવનિક્ષેપના પ્રાપક બનો.

**शुभं भवतु श्रीश्रमणप्रधानचतुर्विधसङ्घस्य... (वि.सं. २०५३)**

**इति श्रीजैनतर्कभाषागुर्जरभावानुवादः**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# जैनतर्कभाषागतानामवतरणानां सूचिः

| पाठः | ग्रन्थ | पृष्ठांकम् |
|---|---|---|
| अप्रस्तुतार्थापाकरणात् | (लघी. स्वविव. ७.२) | २१० |
| असतो नत्थि णिसेहो | (विशेषा. भा. गा. १५७४) | १२८ |
| अहवा वत्थूभिहाणं | (विशेषा. भा. गा. ६०) | २४१ |
| उज्जुसुअस्स एगे | (अनुयो. सू. १४) | २३१ |
| च्यवमानो न जानाति | | ४३ |
| ततोऽर्थग्रहणाकारा | (तत्त्वार्थश्लोकवा. १/१/२२) | १९ |
| तस्माद् यत् स्मर्यते तत्स्यात् | (श्लोकवा. उप. श्लो. ३७-३८) | ९० |
| तेण सद्देति उग्गहिए | (नंदिसूत्र) | ४६ |
| धूमधीर्वह्निविज्ञानम् | | १०४ |
| नामाइतियं दव्वट्ठियस्स | (विशेषा. भा. गा.७५) | २२९ |
| नासिद्धे भावधर्मोऽस्ति | (प्रमाणवा. १.१९२) | १२४ |
| पक्षीकृत एव विषये | (प्र.न.त. ३.३८) | ११३ |
| पयोऽम्बुभेदी हंसः स्यात् | | ९३ |
| भावं चिय सद्दनया | (विशे.भा.गा. २८४७) | २२९ |
| विकल्पसिद्धे तस्मिन् | (परी. ३.२३) | १२३ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# जैनतर्कभाषाविवरणगतानां साक्षिपाठानां सूचिः

| पाठः | ग्रन्थः | पृष्ठाङ्कम् |
|---|---|---|
| अक्षार्थयोगे सति | પ્ર૦મી૦૧।૧।૨૬ વૃત્તિ | ૫૪ |
| अक्षार्थयोगो दर्शन.. | પ્ર૦મી૦૧।૨।૨૬ | ૫૩ |
| अणुवओगो दव्वं | અનુ.દ્વાર | ૨૩૩ |
| अत्र च व्यापक... | તત્ત્વા.હારિ.વૃત્તિ | ૨૦૯ |
| अत्र ज्ञानमिति... | ષડ્દર્શન સમુ. વૃત્તિ | ૬ |
| अथशब्दः प्रक्रिया... | | ૨૧૧ |
| अनधिगततथाभूत... | શાસ્ત્રદીપિકા | ૫ |
| अनुभवप्रमात्व... | ન્યા૦કુસુ૦ ૪/૧ | ૮૦ |
| अन्तर्व्याप्त्या... | પ્ર૦ ન૦ ત૦ ૩।૩૭ | ૧૧૪ |
| अन्यथानुपपन्नत्वं... | સ્યા૦ રત્ના૦ | ૧૧૬ |
| अप्रयोजको हेतुः | ન્યા૦ દી૦ | ૧૫૭ |
| अभिनिवेशान्वित... | નયોપદેશ | ૨૦૨ |
| अर्थसारूप्यमस्य... | ન્યા૦ બિંદુ | ૧૮ |
| अवग्रहादीनां वा... | પ્ર૦ મી૦ ૧।૧।૩૭ | ૧૨ |
| अविसंवादिज्ञानं | પ્ર૦ વા૦ ૨।૧ | ૫ |
| अव्यक्तं यथास्व... | ત૦ ભાષ્ય | ૫૩ |
| अव्यभिचारिणीम् | ન્યા૦ મં૦ | ૪ |
| अशश् व्याप्तौ | ધાતુપાઠ | ૨૬ |
| अहवा छउमत्थस्स | નંદિસૂત્રચૂર્ણિ | ૭૪ |
| अहवा पच्चुप्पन्नो | વિશે૦ ભા૦ ગા૦ ૨૨૩૧ | ૨૦૦ |
| आदावन्ते च... | | ૧૮૩ |
| आभिनिबोहियनाणे | | ૫૫ |
| इच्छइ विसेसियतरं | અનુ૦ સૂ૦ ૧૫૨ | ૧૮૮ |
| इन्द्रियनिर्वृति... | ત૦ શ્લો૦ વા૦ વૃત્તિ | ૨૧ |
| इन्द्रियं... | પાણિની-૫।૨।૯૬ | ૧૮ |
| इन्द्रियार्थ | ન્યા૦ સૂ૦ ૧।૧।૪ | ૩૦-૨૧૭ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| इहिज्जइ | વિશે૦ ભા૦ ગા૦ ૨૯૬ | ૬૧ |
| उपकरणेन्द्रिय | નન્દિ૦ વૃત્તિ (પૃ૦ ૧૬૯) | ૩૪ |
| उपयोगश्च | ઈન્દ્રિયવાદ | ૨૧ |
| उपयोगः पुन... | લઘીય૦ સ્વ વિવ૦ ૧૫ | ૧૯ |
| उपलब्धिहेतुः... | ન્યા૦ સૂ૦ ભા૦ ૨।૧।૧૧ | ૪ |
| उभयत्र तदेव... | ન્યા૦ પ્ર૦ વૃત્તિ | ૧૭ |
| उवएसो सो णओ... | આવ૦ નિર્યુ૦ ૧૦૫૪ | ૧૭૬ |
| एवं च पञ्चलक्षण... | સ્યા૦ રત્ના૦ ૩।૧૩ | ૧૧૫ |
| एवं जीवं जीवो... | વિશે૦ ભા૦ ગા૦ ૨૨૫૬ | ૧૯૩ |
| कत्थइ पंचावयवं... | દશવૈ૦ નિર્યુ૦ ૫૦ | ૧૪૪ |
| करणं हि द्विविधं... | | ૧૬ |
| कर्मस्था क्रियाफलं... | પ્ર૦ મી૦ ૧।૧।૩૫-૩૬ | ૧૫ |
| कर्मोन्मुखो... | પ્ર૦ મી૦ વૃત્તિ | ૧૫ |
| कल्पनापोढं... | ન્યા૦ બિંદુ | ૨૯ |
| कवर्गाय स्वाहा | સિદ્ધ૦ પૂજન | ૬૫ |
| किमितयालोचन... | પ્ર૦ ન૦ ત૦ ૧।૧૪ | ૮ |
| कुशशिरसि नीरमिव... | શાંતસુધા૦ | ૨૦૬ |
| केवलस्य सुखोपेक्षे... | ન્યાયા૦ ગા૦ ૨૮ | ૧૩ |
| क्रियैव फलदा... | | ૧૯૬ |
| गीयत्थो य विहारो... | | ૧૯૫ |
| गुणपर्यायवद्द्रव्यम् | તત્ત્વા૦ ૫।૩૭ | ૨૩૬ |
| चक्षुः श्रोत्रमनसा... | | ૩૮ |
| च्यवमानो न... | | ૪૩ |
| जत्थ य जं जाणेज्जा... | અનુ૦ (સૂ૦ ૭) | ૨૨૮ |
| जत्थ य ण जाणिज्जा... | અનુ૦ (સૂ૦ ૭) | ૨૩૬ |
| जहा खरो... | ઉપ૦ માલા ગા૦ ૪૨૬ | ૧૯૬ |
| जाणइ बज्झेणुमाणेणं | વિશેષા૦ ભા૦ ગા૦ ૮૧૪ | ૭૩ |
| जावइया वयणपहा... | સં.તર્ક ૩।૪૭ | ૧૭૫ |
| जाव दव्वं च... | વિશે૦ ભા૦ ગા૦ ૨૫ | ૨૧૪ |
| जिनोक्तमिति... | અષ્ટકપ્રક૦ ૮।૮ | ૨૧૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| जीवादीनां तत्त्वानां... | તત્ત્વા૦ ભાષ્ય | ૨૦૯ |
| जीवो गुणपडिवन्नो | આવ૦ નિર્યુ૦ (ગા૦ ૭૯૨) | ૨૩૧ |
| जे अ अइया... | શક્રસ્તવ | ૨૧૮ |
| जो एगं जाणइ... | આચારાંગસૂત્ર | ૧૬૧ |
| जं अन्नाणी कम्मं... | | ૧૯૫ |
| ज्ञानमिति... | સ્યા૦ રત્ના૦ | ૬ |
| णमो बंभीए लिवीए | ભગ૦ સૂત્ર | ૬૫ |
| णामं आवकहियं... | અનુ૦ સૂત્ર | ૨૧૪ |
| ततश्चेहाफला... | પ્ર૦ મી૦ વૃત્તિ | ૧૨ |
| तत्र लब्धिस्वभावं | પ્ર૦ મી૦ વૃત્તિ | ૨૧ |
| तदनन्तरं गवयो | ન્યા૦ સિ૦ મુક્તા૦ | ૯૩ |
| तिण्हं सद्दनयाणं... | અનુ૦ | ૨૩૪ |
| दव्वाण सव्वभावा... | ઉત્તરા૦ ૨૮। | ૧૭૪ |
| द्रव्यतो भावतश्चैव... | અષ્ટકપ્રક૦ ૮।૧ | ૨૧૯ |
| द्वन्द्वैकत्वा... | લિંગાનુ૦ (૫૯) | ૨૫ |
| द्विविधं सम्यग्ज्ञानं... | ન્યા૦ બિંદુ | ૫ |
| द्विष्ठसंबन्ध... | | ૧૭ |
| न तुल्यका(ल)लः... | અન્યયો૦ વ્ય૦ દ્વા૦ (ગા૦ ૧૬) | ૧૮ |
| ननूपेक्षावत्... | સ્યા૦ રત્ના૦ ૬।૪ વૃત્તિ | ૧૩ |
| न सोऽस्ति... | વાક્યપદીય | ૧૮૭ |
| न स्मृतेरप्रमाणत्वं... | ન્યા૦ મં૦ | ૮૧ |
| न हि अंतरङ्ग | ત૦ શ્લો૦ વા૦ વૃત્તિ | ૧૯ |
| नाणमवाय... | વિશે૦ ભા૦ ગા૦ ૫૩૬ | ૫૫ |
| नामठवणाणं... | અનુ૦ (સૂ૦ ૧૧) | ૨૧૪ |
| नामस्थापना... | તત્ત્વા૦ ૧।૫ | ૩૬ |
| नायं वस्तु... | ત૦ શ્લો૦ વા૦ (શ્લો૦ ૫-૬. પૃ૦ ૧૧૮) | ૧૭૪ |
| निर्गुणा गुणाः | તત્ત્વા૦ ૫।૪ | ૭૩ |
| निर्वृत्याश्रयत्वा... | તત્ત્વા૦ હારિ૦ વૃત્તિ | ૨૧ |
| निर्वृत्युपकरणे... | તત્ત્વા૦ ૧।૧૭ | ૧૯ |
| नीलनिर्भासं... | ન્યા૦ બિંદુવૃત્તિ | ૧૮ |
| पक्षीकृत एव... | પ્ર૦ ન૦ ત૦ ૩/૩૮ | ૧૧૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| पच्चुप्पण्णग्गाही... | અનુ૦ (સૂ૦ ૧૫૨) | ૧૮૫ |
| प्रतिज्ञाहेतूदादरण... | ન્યા૦ સૂ૦ ૧।૧।૩૨ | ૧૪૨ |
| प्रत्येकस्मिन्... | | ૩૫ |
| प्रमाणनयै... | તત્ત્વા૦ ૧।૬ | ૧૭૪ |
| प्रमाणमविसंवादि... | પ્ર૦ વા૦ ૧।૩ | ૧૦૪ |
| प्रमाणं स्वपरा... | ન્યાયા૦ (ગા૦ ૧) | ૭ |
| प्रमाणं स्वार्थ... | સં૦ તર્કવૃત્તિ (પૃ૦ ૫૧૮) | ૭ |
| प्रमाणस्य फलं... | ન્યાયા૦ (ગા૦ ૨૮) | ૧૦૮ |
| फलमर्थप्रकाशः | પ્ર૦ મી૦ ૧।૧।૩૪ | ૧૪ |
| ब्रह्म सत्यं... | | ૨૦૩ |
| भावो विवक्षितः... | | ૨૨૨ |
| भावं चिय सद्दनया... | વિશે૦ ભા૦ ગા૦ ૨૮૪૭ | ૧૯૯ |
| भूतस्य भाविनो वा | | ૨૧૮-૨૩૩ |
| यच्चित्तं तच्चित्तान्तर | | ૨૦૬ |
| यतो मतिज्ञान... | વ્યા૦ પ્ર૦ વૃત્તિ (શ૦ ૮।ઉ૦ ૨) | ૫૫ |
| यत्तु तदर्थ... | | ૨૧૬ |
| यथा गच्छतृण... | પ્ર૦ ન૦ ત૦ ૧।૧૫ | ૮ |
| यथाऽयं स्थाणुर्वा... | પ્ર૦ ન૦ ત૦ ૧।૧૩ | ૮ |
| यथा शुक्तिका... | પ્ર૦ ન૦ ત૦ ૧।૧૧ | ૭ |
| यथांऽशिनि... | ત૦ શ્લો૦ વા૦ શ્લો૦ ૧૮ (પૃ૦ ૧૨૩) | ૧૭૪ |
| यदपि दग्ध... | સૂત્રકૃ૦ વૃત્તિ | ૭૮ |
| यद्यत्रैकस्मिन्न... | | ૨૩૭ |
| यद्वस्तुनोऽभिधान... | | ૨૧૨ |
| यद्वा स घटः | ત૦ ચિંતા૦ (પ્ર૦ ખંડ) | ૭૯ |
| युगपज्ज्ञाना... | ગૌ૦ સૂત્ર ૧।૧।૪ | ૭૬ |
| रूपिष्ववधेः | તત્ત્વા૦ ૧।૨૮ | ૭૦ |
| लध्वक्षरा... | સિ૦ હૈ૦ ૩।૧।૬૦ | ૩ |
| लब्ध्युपयोगौ... | તત્ત્વા૦ ૧।૧૮ | ૧૯ |
| लम्भनं लब्धिः | લઘીય૦ સ્વવિવ૦ ૧।૫ | ૧૯ |
| लम्भनं लब्धिः... | પ્ર૦ મી૦ વૃત્તિ | ૨૧ |
| लिङ्गं केवलमेव... | સ્યા૦ રત્ના૦ (શ્લો૦ ૫૧૧) | ૧૪૫ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| लोकव्यवहार | નયરહસ્ય | ૧૮૪ |
| लौकिकसम | તત્ત્વા૦ ભા૦ | ૧૮૪ |
| वासनोद्बोध | પ્ર૦ મી૦ ૨।૩ | ૭૮ |
| विज्ञप्तिः फलदा | | ૧૯૫ |
| विपरीतैककोटि... | પ્ર૦ ન૦ ત૦ ૧।૧૦ | ૭ |
| विशुद्ध्यप्रतिपाताभ्यां... | તત્ત્વા૦ ૧।૨૫ | ૭૩ |
| विषयनिरूप्यं... | | ૧૪ |
| विषयविषयि... | પ્ર૦ ન૦ ત૦ ૨।૭ | ૫૩ |
| शक्तिग्रहो... | | ૬૭ |
| श्रोत्रादिवृत्तिः... | | ૩૦ |
| सण्णिणा मणत्तेणं... | નંદિસૂત્ર ચૂર્ણિ | ૭૪ |
| सतां साम्प्रतानां... | ત૦ ભા૦ ગા૦ ૨૨૫૬ | ૧૮૫ |
| सत्संप्रयोगे... | | ૩૦ |
| सन्निपंचिन्दियाणं... | નંદિસૂત્ર (પૃ૦ ૧૦૮) | ૭૪ |
| सम्यगर्थ... | પ્ર૦ મી૦ ૧।૧।૨ | ૭-૧૪ |
| सम्यग्दर्शनज्ञान... | તત્ત્વાર્થ ૧।૧ | ૩-૧૯૭ |
| सव्वजीवाणंपि य | નંદિસૂત્ર | ૬૪-૬૭ |
| ससि पुप्फदंत... | આવ૦ નિર્યુ૦ ગા૦ ૩૭૦ | ૨૧૨ |
| साधकबाधक... | પ્ર૦ ન૦ ત૦ ૧।૧૨ | ૭ |
| साध्यसाधन... | ન્યા૦ દીપિકા | ૧૦૭ |
| सामान्यतस्तावद्... | સ્યા૦ રત્ના૦ (પૃ. ૩૫૩) | ૬૩ |
| सुखं वैषयिक... | ન્યાયા૦ વૃત્તિ | ૧૩ |
| सुखादेर्ज्ञानरूपत्वे... | સં૦ તર્ક વૃત્તિ | ૧૩ |
| सुबहुंपि सुय... | | ૧૯૬ |
| से जहानामए... | નંદિસૂત્ર | ૪૬ |
| संस्कारप्रबोध... | પ્ર૦ ન૦ ત૦ ૩।૩ | ૭૯ |
| स्पर्शरसगंध | તત્ત્વા૦ ૫।૨૩ | ૧૪૮ |
| स्वनिर्णय... | પ્ર૦ મી૦ ૧।૧।૪ | ૧૦ |
| स्वपरव्यवसिति... | પ્ર૦ ન૦ ત૦ ૬।૧૬ | ૧૪ |
| स्वप्रकाशनं... | પ્ર૦ મી૦ ૧।૧।૩ | ૧૪ |
| हेतुरेव हि... | પ્ર૦ વા૦ ૧।૨૮ | ૧૪૩ |
| हंसलिवीभूयलिवी... | વિશેષા૦ ભા૦ (ગા૦ ૪૬૪ વૃત્તિ) | ૬૫ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org